જ્ઞાનપ્રદીપ

પ્રકાશક—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નં. ૫૨ ૭૯

શ્રી જ્ઞાનપ્રદીપ

[બોધસુધા સહિત]

લેખક

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીજી.

ઝવેરી ચીમનલાલભાઈ માનચંદની

આર્થિક સહાયતાવડે છપાવી પ્રસિદ્ધકર્તા

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

કિંમત : અમૂલ્ય.

પ્રથમાવૃત્તિ
વિ. સં. ૧૯૯૯
આત્મ સં. ૪૭
વીર સં. ૨૪૬૯



અર્પણ

પંજાબ, ગુજરાત, કાઠિયાવાડ વગેરે દેશોમાં સ્થળે સ્થળે વિચરી, ધર્મપ્રભાવના–જિનમંદિરો, ગુરુકુળ, કૉલેજ, લાંબ્રેરીઓ અને શિક્ષણ વિગેરે કેળવણીની અનેક સંસ્થાઓના સંસ્થાપક–જન્મદાતા, અજ્ઞાનતિમિરતરણી, પંજાબ દેશોદ્ધારક, શાસન-શિરોમણી પ્રાતઃસ્મરણિય, પવિત્ર, ચારિત્રચૂડામણિ, પૂજ્યપાદ આચાર્ય ભગવાન **શ્રી વિજયવલ્લભ-સુરીશ્વરજી** મહારાજના કરકમળમાં–

આજ્ઞાંકિત –

કસ્તૂરવિજયની

વંદના.

કોઇપણ વિદ્વાન વક્તા પોતાનું વક્તવ્ય શ્રોતાસ-મુખ રજૂ કરે છે ત્યારે તેની અસર જેટલો વખત રહે છે, તે કરતાં વિદ્વાન લેખક પોતાની લેખિનીદ્વારા કોઇ પુસ્તક કે વિષય લખે છે ત્યારે તેની અસર વાચકો ઉપર વિશેષ વખત રહે છે. ગુરૂગમદ્વારા મેળવેલ જ્ઞાન સાથે પૂર્વે'નો ક્ષયોપશમ થયેલ હોય તેવા જ્ઞાની–અભ્યાસી અને જેમના આત્મામાં જ્ઞાનનો પરિપાક થયેલો હોય તેવા વિદ્વાન પુરૂષોનું લખાણ તો જ્યારે જ્યારે વાંચવામાં આવે ત્યારે ત્યારે આત્માને આનંદ થતાં તેનું વિશેષ વિશેષ સ્મરણ થતાં–મનન થતાં વાચકોને તે તે વિષયોનું જ્ઞાન થાય છે.

આ ગ્રંથમાં આવેલા ૫૦ જુદા જુદા ઉપદેશક લેખો છે. તેના લેખક શ્રી ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય **શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી** મહારાજના સદ્ગત શિષ્ય મુનિશ્રી **ઉદ્યોતવિજયજી** મહારાજના વિદ્વાન સુશિષ્ય **શ્રી વિજયકસ્તૂરસૂરિજી** મહારાજ છે. આ તમામ લેખો જ્યારે આ સભાની વિનંતિથી આચાર્ય મહારાજે મોકલ્યા અને 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિ-કમાં પ્રગટ થયા, બાદ આ લેખોની પ્રશંસા થતાં સાથે આચાર્ય મહારાજના અન્ય લેખો પણ 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં નિરંતર

પ્રકટ થતાં તે માટે વાચક બંધુઓની રુચિ વધતી જતી હતી, તેમ વાચકોના પત્રોદ્વારા અમારા જાણવામાં આવ્યું. શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં જે જે લેખો પ્રગટ થયાં હતાં તે તે લેખોનો સંગ્રહ આ ગ્રંથમાં છે. લેખો ધાર્મિક જ છે તેમ નહિ; પરંતુ જિજ્ઞાસુ દૃષ્ટિએ સામાજિક પણ છે. લેખોની ભાષા સરલ, સાદી, રોચક અને આબાલવૃદ્ધ સર્વને હૃદયસ્પર્શી થવા સાથે, મનનપૂર્વક વાચનારને તો બોધપ્રદ થવા સાથે આત્મિક આનંદ પણ થાય તેમ છે.

'શ્રી આત્માનંદ પ્રકાશ'માં તે લેખો પ્રકટ થયા પછી તે પુસ્તકરૂપે પ્રકટ થાય તો જનસમૂહને ઘણો જ લાભ થાય તેવો સંભવ છે, અને બાલકબાલિકાઓની શાળાઓમાં માસ્તરદ્વારા તેનું વિવેચન કરવામાં આવે તો બાલકો સુસંસ્કારી થાય તેવું પણ છે એમ અમોને જણાયું, દરમ્યાન આ સભાને વાચકો તરફથી તમામ લેખો પુસ્તકરૂપે પ્રગટ કરવાના પત્રો મળ્યા અને તે ઉપર આ સભાનું ખાસ લક્ષ ખેંચાયું. દરમિયાન પાલનપુરનિવાસી જૈનબંધુ ઝવેરી **ચીમનલાલભાઈ** માનચંદ જેઓ મુંબઇમાં ઝવેરાતનો ધંધો કરે છે અને દેવગુરુધર્મની શ્રદ્ધાવાળા છે તેમના પુણ્યયોગે તેઓશ્રીની તેવી ઇચ્છા થતાં આ સભાને સદરહુ લેખો પુસ્તકરૂપે પ્રગટ કરવાની ઇચ્છા પત્રદ્વારા વ્યક્ત કરી. સભાએ તે સ્વીકારી લીધી અને હાલ (કાગળ, છપાઇ, ચિત્રો, બાઇન્ડીંગ વગેરેની સખ્ત મોંઘવારી છતાં) જેમને સુકૃતની લક્ષ્મી પ્રાપ્ત થઇ છે અને પૂર્વના પુણ્યનો ઉદય છે તે ઝવેરી ચીમનલાલભાઇએ ઉદારતાથી આ ગ્રંથનો કુલ ખર્ચ આપવા જણાવ્યું. સાથે તમામ બુકો યોગ્ય સ્થળે ભેટ જ આપવી એમ ઇચ્છા જણાવતાં આ સભાએ આનંદ સાથે સ્વીકારી તે કામ શરૂ કર્યું અને ઝવેરી ચીમનલાલભાઇનો તે માટે આભાર પણ માનવામાં આવ્યો.

ઝવેરી ચીમનલાલભાઇ દીર્ઘાયુ થઇ આવા સાહિત્યપ્રકાશન,





ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય

મુનિ શ્રી ઉદ્યોતવિજયજી મહારાજ

જ્ઞાનોદ્ધારના માંગલિક કાર્યો વિશેષ વિશેષ કરવા ભાગ્યશાળી થાય તેમ આ સભા અંતઃકરણથી ઇચ્છે છે.

આ ગ્રંથના બીજા વિભાગમાં **બોધસુધા** નામનો એક લઘુ ગ્રંથ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજે લખેલો-છપાયેલો છે, તેમાંથી પણ ઉપયોગી ભાગ છેવટે દાખલ કરવામાં આવ્યો છે; તે પણ શ્રવણ, મનન કરવા જેવો છે.

પૂજ્ય આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજનો તો આ સભા જેટલો આભાર માને તેટલો ઓછો છે; કારણ કે સભાની વિનંતિથી તેઓ સાહેબ જ્યારથી લેખો, 'શ્રી આત્માનંદ પ્રકાશ'માં મોકલે છે ત્યારથી તે લેખોવડે આત્માનંદ પ્રકાશની કેટલેક અંશે સારા લેખો માટે પ્રશંસા પણ વધી છે અને તે દ્વારા પણ જનસમાજ ઉપર ઉપકાર કરી મુનિપણાનું કર્તવ્ય બજાવે છે-તે સાથે આ સભા કે જે તેઓ સાહેબના દાદાગુરુ શ્રી આત્મારામજી મહારાજના નામની છે તે દ્વારા ગુરુભક્તિ પણ કરી રહ્યા છે.

આ ગ્રંથમાં દૃષ્ટિદોષ કે છાપકામમાં-પ્રેસદોષ કે બીજી રીતે સ્ખલના રહી હોય તો ક્ષમા કરી સજ્જનો સુધારી વાંચશો એવી નમ્ર વિનંતિ છે.

આત્માનંદ ભવન,
ભાવનગર.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.

અનુક્રમણિકા.

૧. તીર્થ ૧
૨. માનવજીવનની મહત્ત્વતા . ૭
૩. મહાવીર નર્વાણ . . ૧૪
૪. આપણું અપૂર્વ સાહસ . ૨૦
૫. સુખની શોધમાં . . ૨૬
૬. ક્ષમા–સહિષ્ણુતા . . ૩૭
૭. દ્વેષદૃષ્ટિ થવાથી મુક્તિ . ૪૯
૮. દુઃખ કયાંથી આવે છે? . ૫૫
૯. સ્વાર્થમય સંસાર . . ૬૦
૧૦. ક્ષણિક પદાર્થોમાં ન લલચાશો ૮૦
૧૧. મૃત્યુ એટલે મુક્તિ: પરમ સુખ ૯૦
૧૨. દિવાળી ૯૪
૧૩. વિચારશ્રેણી ૯૮
૧૪. જ્ઞાનની મહત્ત્વતા . . ૧૩૧
૧૫. વાચક અને શ્રોતાને સૂચના ૧૩૭
૧૬. સ્નેહ એ દુઃખનું મૂળ છે . ૧૪૫
૧૭. જગતની ભિન્ન ભિન્ન પ્રિયતા ૧૫૧
૧૮. વિકાસના બાધક કોણ? . ૧૫૭
૧૯. શું દેવતા સુખી કરી શકે? ૧૬૫
૨૦. સુખ સમીક્ષા . . . ૧૭૧
૨૧. દુઃખ ભોગવતી દુનિયા . ૧૭૯
૨૨. સુખદુઃખ સમીક્ષા . . ૧૮૮
૨૩. સત્સંગ ૧૯૯
૨૪. ગુણાનુરાગ ૨૦૯
૨૫. જીવનમીમાંસા . . . ૨૧૯
૨૬. મૃત્યુ સમીક્ષા . . . ૨૨૮
૨૭. પાપના પંથે . . . ૨૩૭
૨૮. સાવધાન સદા સુખી . . ૨૪૮
૨૯. ધર્મ સ્વરૂપ ૨૫૩
૩૦. તાત્ત્વિક વિચારણા . . ૨૬૦
૩૧. સુખદુઃખ વિચારણા . ૨૬૬
૩૨. વિકાસના પંથે . . . ૨૭૨
૩૩. ભાવનાબળ શું ન કરી શકે? ૨૮૧
૩૪. વિવેકના પંથે . . . ૨૮૭
૩૫. સાચું જીવન . . ૨૯૨
૩૬. સાચી સ્વાધીનતામાં જ સુખ છે ૨૯૬
૩૭. મેળવો, કમાશો નહિ . ૩૦૩
૩૮. વિકાસનું કિરણ . . ૩૦૭
૩૯. સાચો પ્રકાશ . . . ૩૧૧
૪૦. સંયોગવિયોગ સુખદ નથી ૩૧૫
૪૧. નિરાશામાં મુક્તિ . . ૩૧૯
૪૨. સાધન ધર્મ નથી . . ૩૨૪
૪૩. સાચી ક્ષમા . . . ૩૨૮
૪૪. વિકાસના વિયોગીને આશ્વાસન ૩૩૧
૪૫. સંસારનું મૂળ . . . ૩૩૫
૪૬. મમતાની કૂચી . . . ૩૩૯
૪૭. નિરપરાધી બનો . . ૩૪૫
૪૮. આત્મમીમાંસા . . . ૩૫૧
૪૯. કર્મમીમાંસા . . . ૩૫૯
❀ બોધસુધા . . . ૩૬૬

આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

પ્રાસંગિક.

માનવી માને છે કે મેં ઘણું વાંચ્યું છે અને ઘણું સાંભળ્યું છે માટે હું સારી રીતે જાણું છું–સમજું છું, પણ તે એક ભ્રમણા છે. જ્યાં સુધી અનુભવજ્ઞાન ન થાય ત્યાં સુધી સાચું ન જણાય–ન સમજાય. અક્ષરજ્ઞાન, વસ્તુજ્ઞાન અને અનુભવજ્ઞાન એમ જ્ઞાન ત્રણ પ્રકારના છે. પુસ્તકોમાં કોઇપણ ભાષામાં લખેલા સંકેતો માત્ર જાણવા તે અક્ષરજ્ઞાન અને સંકેતવાળી વસ્તુ જાણવી તે વસ્તુજ્ઞાન અને વસ્તુનું સાચું સ્વરૂપ જાણવું તે અનુભવજ્ઞાન. જેમકે ઘડો માત્ર એટલું જાણવું તે અક્ષરજ્ઞાન અને પાણી ભરવાની માંહેથી પોલી ગોળ આકૃતિવાળી વસ્તુ જાણવી તે વસ્તુજ્ઞાન અને તેની ક્ષણવિનશ્વરતા જાણવી તે અનુભવજ્ઞાન. આવી રીતે વસ્તુના સાચા સ્વરૂપને જાણવું તે અનુભવજ્ઞાન કહેવાય છે.

ઘણાખરા માનવીઓ અક્ષરજ્ઞાનવાળા હોય છે, વસ્તુજ્ઞાનવાળા તેનાથી પણ ઘણા જ થોડા હોય છે પણ અનુભવજ્ઞાનવાળા તો કોઇ જવલ્લેજ હોય છે. પુસ્તકો વાંચ્યા પછી કે તેમાંનું લખેલું સાંભળ્યા પછી સંસારમાં રહેલા પદાર્થોમાં દૃષ્ટિ આપવાથી જ વસ્તુ-જ્ઞાન થાય છે; પણ વસ્તુના યથાર્થ બોધરૂપ અનુભવજ્ઞાન મેળવવાને માટે તો મોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમની અત્યંત

આવશ્યકતા રહે છે. તે સિવાય વસ્તુ તો જણાય પણ તેનું સાચું સ્વરૂપ જણાતું નથી, જેથી કરીને માનવી તે વસ્તુનો યોગ્ય ઉપયોગ કરીને સાચું ફળ મેળવી શકતો નથી.

વસ્તુનો વિપરીત બોધ તે અજ્ઞાનતા કહેવાય છે અને તે અનુભવજ્ઞાનમાં હોતી નથી. અનુભવજ્ઞાનશૂન્ય માનવી અજ્ઞાની હોવાથી આગમશાસ્ત્રો જાણવા છતાં પણ કષાયને ઉપશમાવી શકતો નથી અને વિષયથી વિરક્ત બનીને સ્વપરનું શ્રેય સાધી શકતો નથી; તેમજ સાચાં સુખ, શાંતિ અને આનંદ પોતે પ્રાપ્ત કરીને બીજાને પ્રાપ્ત કરાવી શકતો નથી. અક્ષરજ્ઞાન કે વસ્તુજ્ઞાન માત્રથી ધર્મ, મુક્તિ, મૃત્યુ, જન્મ, ગુણ, દોષ, સુખ, શાંતિ, આનંદ, સત્, અસત્ વગેરે વગેરે વસ્તુઓનું સાચું સ્વરૂપ સમજાતું નથી અને સાચું સ્વરૂપ ન સમજવાથી સમભાવ પ્રાપ્ત કરી શકાતો નથી; જેથી કરી સંસારનું ભ્રમણ ટાળી શકાતું નથી. વસ્તુના યથાર્થ બોધ વગરના માનવી કાલ્પનિક જગતમાં ભ્રમણ કરવાવાળા હોય છે. જો કે કાલ્પનિક વસ્તુઓ આકાશપુષ્પની જેમ અસત્ હોય છે, છતાં અજ્ઞાની જીવને સત્ જેવી ભાસે છે. સત્ જેવી ભાસે છે ખરી પણ સત્ વસ્તુનું ફળ આપવાવાળી હોતી નથી, જેનો પરિણામે સર્વને અનુભવ થાય છે.

કાલ્પનિક પણ મનગમતાં શાંતિ, સુખ, આનંદ આદિ મેળવવાને નિરંતર ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરતી, અથવા તો આ બધું ય મેં મેળવ્યું છે એમ માનીને અત્યંત હર્ષપૂર્વક મદ્યેલી બનીને માર્ગભૂલેલી ડાહી અને બુદ્ધિશાળી કહેવાતી માનવજાતિ સત્ તથા અસત્ પદાર્થોથી અજ્ઞાત હોવાથી અસત્ વસ્તુઓમાં જ આનંદ મનાવી રહી છે. સાચા સત્યને ઓળખવાને સંકલ્પ સરખો ય કરતી નથી; કારણ કે અસત્ પદાર્થોમાં જ સત્યાસત્યની ગવેષણા કરીને સત્યનો

સ્વીકાર અને અસત્યનો ત્યાગ કરવા ટેવાઇ ગઈ છે. સુખદુઃખ, શાંતિઅશાંતિ, ગુણઅવગુણ, જીવનમૃત્યુ વગેરે વગેરે બાબતોનો નિર્ણય કરવામાં જડના વિકારોને જ પ્રધાનતા આપી રહી છે.

માનવીને પાંચ વસ્તુઓ જોઇએ છેઃ સુખ, શાંતિ, આનંદ, માન અને સત્તા. આ બધું ય ત્યાગથી મળે છે અને ભોગથી ય મળે છે. ફરક એટલો જ છે કે ત્યાગથી મળેલાં સુખશાંતિ વગેરે સાચાં હોય છે અને ભોગથી મળેલાં કૃત્રિમ–કાલ્પનિક હોય છે. સાચાં સુખશાંતિ આદિથી અપરિચિત માનવસમાજ પૌદ્ગલિક વસ્તુઓના ઉપભોગથી જ શાંતિ મેળવવા પ્રયાસ કરી રહ્યો છે. ઉપરથી બધું ય છોડયું હોય છતાં મિથ્યાસુખથી વાસિત આત્માઓ જડાસક્ત હોવાથી સુખશાંતિ માટે જડનો ઉપયોગ કરે છે અને દેવેંદ્ર તથા નરેંદ્રની પદવી માટે જ જપ, તપ આદિ ચારિત્રના અનુષ્ઠાનોનો આદર કરે છે. જેઓ સુખશાંતિ તથા આનંદ માટે જડના વિકારરૂપ વિષયોનું આલંબન લે છે અને માન તથા સત્તાને માટે કષાયોનો આદર કરે છે તેમને માનવા પૂરતો સંતોષ મળે છે, પણ પરિણામે વિપરીત અનુભવ થવાથી નિરાશ થવું પડે છે અને સુખ, શાંતિ વગેરેની દરિદ્રતા દૂર થતી નથી તેમજ અપમાન તથા તિરસ્કારના આશ્રિત થવું પડે છે. અનાદિ કાળથી ચાલી આવતી સુખ, શાંતિ આદિ મેળવવાની પદ્ધતિને શ્રદ્ધાપૂર્વક અનુસરનારાઓ પર–પૌદ્ગલિક વસ્તુઓની સહાયતા સિવાય કાલ્પનિક કાંઇપણ મેળવી શકતા નથી. સાચી વસ્તુથી અજ્ઞાત તથા અનુભવશૂન્ય હોવાથી કાલ્પનિક વસ્તુમાં સાચાનો આરોપ પણ કરી શકતા નથી. અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ મેળવ્યા પછી સાચાં સુખશાંતિ મેળવવાના મહાપુરુષોએ ઉપયોગમાં લઇને બતાવેલા સાધનોનો ઉપયોગ કરતા નથી. અનાદિ કાળથી જડાસક્ત જીવોએ માનેલાં સુખ, શાંતિને જ

સાચાં માનીને તેમની જેમ તેમને મેળવવા આદરેલા માર્ગનું અનુકરણ કરે છે અને મહાપુરુષોએ આદરેલા માર્ગનો અનાદર કરે છે.

દેહધારીઓના દેહનો ઉપયોગ કર્યા સિવાય પૌદ્ગલિક સુખ, શાંતિ, આનંદ મળી શકતાં નથી. પુદ્ગલાનંદિ જીવો આત્માને થતી પીડાની અવગણના કરીને જીવવાને અથવા તો સુખશાંતિ મેળવવાને અનેક જીવોને દેહથી મુક્ત કરે છે અને પરિણામે દુઃખ તથા અશાંતિ જ મેળવે છે, છતાં લૌકિક સુખ, શાંતિથી વાસિત થયેલા હોવાથી સુખશાંતિ મેળવવાના લૌકિક માર્ગથી વિરામ પામતા નથી અને અનેક જીવોને અશાંતિ તથા દુઃખના કારણભૂત પાંચે ઇંદ્રિયોના અનુકૂળ વિષયોને મેળવવા કિંમતી જીવનનો દુરુપયોગ કરે છે.

સુખ, શાંતિ, આનંદ, જીવન વગેરે આત્માના ધર્મ છે અને તે સ્વરૂપથી જ આત્મામાં રહે છે માટે તે ચૈતન્યસ્વરૂપ છે. અને પાંચે ઇંદ્રિયો તથા વિષયો આત્માથી ભિન્ન છે અને તે જડના ધર્મ છે માટે તે જડસ્વરૂપ છે. જડ તથા જડના ધર્મો ચૈતન્યસ્વરૂપ સુખશાંતિ વગેરે આત્માના ધર્મોને વિકાસમાં લાવી શકતા નથી તેમજ તેને પ્રાપ્ત કરાવી શકતા નથી; પરંતુ અનાદિ કાળની મિથ્યા વાસનાને લઇને જડાસક્ત જીવો વિષયરૂપ જડના ધર્મોથી સુખશાંતિ માને છે પણ તે એક પ્રકારની ભ્રમણા જ છે. જો ઇંદ્રિયોના વિષયરૂપ જડ પદાર્થોનો દેહની સાથે સંસર્ગ થવાથી દેહાધિષ્ઠિત આત્માને સુખશાંતિ મળતી હોય તો પછી તે જડનો ધર્મ હોવાથી ચૈતન્યને જડ અને જડને ચૈતન્ય બની જવાનો પ્રસંગ આવી જશે અને જડ ચૈતન્યની અવ્યવસ્થા થઇ જશે. અનુકૂળ વિષયના સંયોગથી સુખ અને વિયોગથી દુઃખ. પ્રતિકૂળ વિષયના સંયોગથી દુઃખ અને વિયોગથી સુખ આ સુખદુઃખને જો સાચાં જ માનવામાં આવે તો પછી મુક્તાત્મામાં જ્ઞાનસ્વરૂપ

સુખનો સર્વથા અભાવ થવાથી પાષાણવત્ બની જશે અને ચૈતન્ય સ્વરૂપ આત્મતત્ત્વ નષ્ટ થઈ જશે, માટે પૌદ્ગલિક વસ્તુઓના ભોગથી થવાવાળું સુખ ખોટું છે, પણ, પૌદ્ગલિક વસ્તુઓના ત્યાગથી થવાવાળું સુખ તે એક આત્માનો ધર્મ છે અને તે જ સાચું છે. શાંતિ તથા આનંદ પણ આત્માના જ ધર્મ છે અને તેને મેળવવાને કોઈ પણ ક્ષણિક તથા નાશવાન જડ વસ્તુની જરૂરત નથી, પણ અનાદિકાળથી આત્માની સાથે સંબંધ ધરાવવાવાળી ક્ષણવિનશ્વર જડ વસ્તુઓનો સર્વથા વિયોગ થવાથી જ મળી શકે છે.

પરપૌદ્ગલિક વસ્તુઓનો ઇંદ્રિયો સાથે સંબંધ થવાથી સકર્મક આત્મામાં અનેક પ્રકારની વિકૃતિઓ ઉત્પન્ન થાય છે જેને જીવાત્માઓ સુખદુઃખની કલ્પના કરે છે, શાંતિ તથા આનંદ માની સંતોષ માને છે, પરંતુ વિકૃતિ સુખશાંતિ કે આનંદના સ્વરૂપને પ્રાપ્ત કરી શકતી નથી; કારણ કે વિકૃતિ દોષસ્વરૂપ છે અને ભિન્ન જાતિગુણ તથા ધર્મવાળી ભિન્ન વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થવાવાળી વસ્તુમાત્ર અસત્ છે-કૃત્રિમ છે. જે વસ્તુની ઉત્પત્તિ છે તેનો વિનાશ પણ છે જ, માટે વિકૃતિસ્વરૂપ ક્ષણિક સુખદુઃખ સાચાં હોઈ શકતાં નથી.

સુખ, શાંતિ અને આનંદ એ ગુણ છે પણ દોષ નથી; માટે જ પૌદ્ગલિક સંયોગથી ઉત્પન્ન થવાવાળી વિકૃતિ દોષસ્વરૂપ હોવાથી સુખ આદિ હોઇ શકતા નથી. ગુણ તે પ્રકૃતિ છે અને દોષ તે વિકૃતિ છે. પૌદ્ગલિક વિયોગથી થવાવાળો આત્માના ગુણનો વિકાસ તે જ પ્રકૃતિ છે અને તે જ સુખસ્વરૂપ છે. પ્રકૃતિસ્વરૂપ સુખ મેળવવાને કોઈ પણ પૌદ્ગલિક વસ્તુના ઉપભોગની આવશ્યકતા નથી; પરંતુ સર્વથા પૌદ્ગલિક વસ્તુના ઉપભોગના ત્યાગથી પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી પૌદ્ગલિક વસ્તુનો ઉપભોગ હોય છે

ત્યાં સુધી વિકૃતિસ્વરૂપ દોષ ટળી શકતો નથી.

અનાદિકાળની વાસનાને લઈને જીવો વિકૃતિસ્વરૂપ દોષમાં સુખશાંતિ માનતા આવ્યા છે, તે સુખશાંતિ સાચી તથા ચિરસ્થાયી હોતી નથી; જેથી કરી જીવોની સુખની ભૂખ ટળી શકતી નથી. જે સુખશાંતિ અને આનંદમાં જીવોને અત્યંત હર્ષપૂર્વક એવી સ્ફુરણાઓ થાય છે કે હું સુખી છું, આનંદમાં છું, મને બહુ શાંતિ છે એ બધો યે કર્મનો વિકાર છે અને તે અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓના સંયોગથી થાય છે, માટે તે સુખ આદિ સાચાં નથી પણ કલ્પના માત્ર છે.

વિકૃત થવાનો સ્વભાવ પુદ્ગલનો છે પણ આત્માનો નથી. આત્મા તો સ્ફટિક જેવો સ્વચ્છ છે. સ્ફટિકમાં જેમ ભિન્ન જાતિવાળી વસ્તુના સંયોગથી વિકૃતિ જણાય છે, તે વિકૃતિ સંયોગવાળી વસ્તુની છે, સ્ફટિકની નથી. સ્ફટિક સ્વચ્છ હોવાથી તેમાં પ્રતિભાસ થાય છે તેવી જ રીતે આત્માની અંદર જે વિકૃતિ જણાય છે તે કર્મસ્વરૂપ જડની છે પણ આત્માની નથી. આત્મા સ્વચ્છ હોવાથી વિકૃતિનો તેમાં આભાસ માત્ર થાય છે. આત્માની સાથે નહીં સંબંધ ધરાવવાવાળા પુદ્ગલોમાં સંયોગવિયોગરૂપ વિકૃતિઓ થયા કરે છે પણ તે જણાતી નથી. આવા વિકૃતિવાળા પુદ્ગલોનો આત્માની સાથે જ્યારે સંબંધ થાય છે ત્યારે વિકૃતિ જણાય છે. લાઇટ વગરની ફિલ્મ કરવામાં અનેક પ્રકારની વિકૃતિઓ થાય છે, પણ તે જણાતી નથી પણ જ્યારે લાઇટ ફેંકવામાં આવે છે ત્યારે જ ફિલ્મમાંની વિકૃતિઓ લાઇટમાં જણાય છે પણ તે લાઇટની વિકૃતિ હોતી નથી, પણ ફિલ્મની હોય છે. તેવી રીતે આત્મામાં જણાતી વિકૃતિઓ કર્મની છે પણ આત્માની નથી. જેમ ફિલ્મમાં અનેક પ્રકારના દૃશ્યો જેવા કે: મકાનો, માણસો,

પશુઓ, એમના બોલવા આદિની ક્રિયાઓ વગેરે જેમ દેખાય છે તેવી રીતે આત્માની સાથે થયેલા કર્મના સંયોગથી અનેક પ્રકારના સંકલ્પો, વિકલ્પો અને માન્યતાઓ આત્મામાં જણાય છે પણ તે બધું ય ફિલ્મની જેમ અસત્ છે. સાચું સુખ સ્ફુરણાત્મક હોતું નથી, સંકલ્પવિકલ્પ સ્વરૂપ હોતું નથી. સાચું સુખ કોઈપણ વસ્તુની અસર થવાથી થતું નથી, તે તો આત્માનો સ્વભાવ છે, અરૂપી છે. સાચા સુખને પાંચ ઇંદ્રિયો કે મન ગ્રહણ કરી શકતાં નથી. ઇંદ્રિયો અને મનની મારફત આત્માને થવાવાળાં સુખ, શાંતિ અને આનંદ બોટાં છે, માટે જ સમ્યગ્જ્ઞાન વગરના સંસારી જીવો સાચા સુખને મેળવી શકયા નથી. લોકસંજ્ઞા પ્રમાણે ભ્રાન્તિજન્ય સુખને જ સુખ માની સંતોષ ધારણ કરી રહ્યા છે.

માનવી જે જીવનમાં જીવી રહ્યા છે અને જે નામથી ઓળખાઇ રહ્યા છે તેની મહત્ત્વતા વધારી માન મેળવવાને હમેશાં ઇચ્છાવાળા રહ્યા કરે છે અને તે માન પરપૌદ્ગલિક વસ્તુઓની પ્રાપ્તિથી મળે છે એવી માન્યતાવાળા હોવાથી, બીજાને ગમે તેવી પૌદ્ગલિક વસ્તુઓનો સંગ્રહ કરવાને અનેક પ્રકારના કષ્ટસાધ્ય પ્રયત્નો કરે છે. જેમકેઃ શ્રીમંતનું માન મેળવવાને દ્રવ્ય ઉપાર્જન કરવા ઘણાં કષ્ટો સહન કરે છે, લોકને ગમે તેવા બાગબંગલા વગેરે વસ્તુઓનો સંગ્રહ કરે છે, લોકોઓ માનેલી શ્રીમંતાઇને છાજે તેવી પ્રવૃત્તિ કરે છે અને મહાકષ્ટે મેળવેલા દ્રવ્યનો વ્યય કરીને અનેક પ્રકારની ડિગ્રીઓ લે છે. નિર્ગુણી હોવા છતાં સદ્ગુણી કહેવડાવવાને બોટો ડોળ-આડંબર કરે છે. અવગુણ ઉપર ગુણનો ઓપ ચડાવે છે.

પૌદ્ગલિક વસ્તુઓનો સંગ્રહ કરી તેના ઉપભોગથી પુદ્ગલા-

નંદી જીવોની દૃષ્ટિમાં ભલે માન મેળવો પણ તે સાચું અને સ્થિર રહેવાવાળું નથી. આ માન એક જ જીવનમાં મેળવી શકે છે. મૃત્યુ પછીના જીવનમાં એનો અંશ માત્ર પણ હોતો નથી, કારણ કે માત્ર દેહને આશ્રયીને માન મેળવવા પ્રયાસ કરેલો હોય છે અને તે દેહ છૂટી ગયા પછી આત્માને તેમાંનું કશું પણ મળતું નથી. જીવન દરમિયાનમાં અનેક પ્રકારના કાર્યો કરે છે. દ્રવ્ય એકઠું કરે છે, મકાનો બંધાવે છે, અનેક જીવોને કષ્ટ આપી મોજશોખનાં સાધનો એકઠા કરી તેનો ઉપયોગ કરે છે અને જગતમાં મોટા તરીકેની કીર્તિ મેળવે છે; પરંતુ તે દેહની સાથે નાશ પામી જાય છે. પરલોકમાં તેમાંનું આત્માની પાસે કશું ય રહેતું નથી; એટલું જ નહિ પણ જન્માંતરમાં આત્મા અપમાનનું પાત્ર બને છે, માટે દેહને આશ્રયીને મેળવેલાં માન, પ્રતિષ્ઠા સાચાં નથી. નામધારી દેહની પ્રસિદ્ધિ થવાથી આત્માની પ્રસિદ્ધિ થતી નથી; કારણ કે નામધારી દેહ આત્માથી જુદો છે અને તેની પ્રસિદ્ધિ પૌદ્ગલિક વસ્તુઓના સંયોગથી થાય છે. પૌદ્ગલિક વસ્તુઓના ગુણ-ધર્મ પુદ્ગલસ્વરૂપ દેહને વિકાસમાં લાવી શકે છે, પણ આત્માને વિકાસમાં લાવી શકતા નથી. આત્માને વિકાસમાં લાવી તેની મહત્ત્વતા વધારનાર તો સમ્યગ્જ્ઞાન દર્શનાદિ ગુણો જ છે અને તે પૌદ્ગલિક વસ્તુઓના ત્યાગથી પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાનાદિ ગુણો પ્રગટ થવાથી આત્મા સાચી મહત્ત્વતા મેળવી શકે છે કે જે સાચી અને ચિરસ્થાયી હોય છે; કારણ કે સમ્યગ્જ્ઞાનાદિ પ્રાપ્ત થયા પછી આત્મા જન્મમરણમાંથી મુક્તિ મેળવે છે, કે જેને મેળવ્યા પછી પોતાની મહત્ત્વતા શાશ્વતી બનાવે છે.

પોતાની સત્ય અને શાશ્વતી વસ્તુનું માન મેળવવા પ્રયાસ કરનાર સંસારમાં મહાન બની સર્વનો પૂજ્ય બની શકે છે, કારણ કે તે પરને (દેહને) માન મળવાથી રાજી થતો નથી તેમજ

પરને (દેહને) માન મેળવી આપવા પ્રયાસ પણ કરતો નથી. જેમ કોઇ બીજા માણસને દરેક પ્રકારે માન મળતું જોઇને તેનાથી ભિન્ન વ્યક્તિ ખુશી થઈને રાજી થતો નથી, કારણ કે તે પોતાને એમ માને છે કે બીજાને માન મળવાથી મને શું લાભ ? તેવી જ રીતે નામધારી દેહાદિને માન મળવાથી તેનાથી ભિન્ન આત્માને તે સંબંધી કાંઇ પણ ખુશી થતી નથી. આત્મા પોતે એમ સમજે છે કે જુદા ગુણ-ધર્મવાળો નામધારી દેહ મારાથી ભિન્ન છે, તો તેના ગુણ-ધર્મની પ્રશંસાથી મને શું લાભ ? ક્ષણવિનશ્વર ધર્મવાળા દેહની મહત્ત્વતાથી મારી કાંઇ મહત્ત્વતા વધી શકતી નથી; કારણ કે હું અવિનાશી ધર્મવાળો છું, નિત્ય જ્ઞાનાદિ ગુણોનો ધારણ કરવાવાળો છું, માટે દેહાદિની માન-મહત્ત્વતાથી મારા ગુણ-ધર્મનો વિકાસ થઇ શકતો નથી તો પછી મારે દેહાદિના માન-મહત્ત્વતા વધારવાને શા માટે પૌદ્ગલિક વસ્તુઓનો આશ્રય લેવો જોઇએ ? આવો સમ્યગ્જ્ઞાની આત્મા પૌદ્ગલિક વસ્તુઓનો પરિત્યાગ કરીને પોતાનું સત્ય સ્વરૂપ મેળવી શકે છે; જેથી કરીને સંસારમાં નિરંતર માનનું પાત્ર બની શકે છે, શાશ્વતા સુખ, શાંતિ તથા આનંદ મેળવી શકે છે. બીજાની પાસેથી માન મેળવવાની ઇચ્છા રાખવી તે પોતાને અપમાનિત થવા જેવું છે. પરની પાસેથી માન મેળવવાની ઇચ્છા રાખનારને અવશ્ય જડ વસ્તુઓના દાસ બનવું પડે છે અને જડના દાસ બનવું તે પોતાનું મોટું અપમાન કરવા બરાબર છે. અજ્ઞાત સંસાર પૌદ્ગલિક વસ્તુઓને જ માન આપનારો હોય છે. જેઓ પૌદ્ગલિક વસ્તુઓના આશ્રિત હોતા નથી તેની ઉપેક્ષા કરવાવાળો હોય છે, માટે સમ્યગ્જ્ઞાની પુરુષો અજ્ઞાત સંસારના માનની પરવા કરતા નથી, પણ વિકાસી પુરુષોની પ્રવૃત્તિનું અનુકરણ કરીને વિકાસી બનવાની ભાવનાવાળા હોય છે. આવા પુરુષો વિકાસ મેળવ્યા પછી જ્ઞાની સંસારની દૃષ્ટિમાં સદા સર્વદા માનનું

પાત્ર બને છે અને જે પછી કોઇ કાળે અપમાનિત થતા નથી. આને જ આત્મસન્માન કહેવામાં આવે છે. જેઓ પૌદ્ગલિક વસ્તુના આશ્રયથી માન મેળવે છે તેઓ તેનો વિયોગ થવાથી અપમાન મેળવે છે, માટે આ માન માન નથી પણ અપમાન જ છે અને તેને દેહસન્માન કહેવામાં આવે છે. દેહની સાથે પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ નિત્ય હોતો નથી, એટલા માટે જ આ સંયોગનો વિયોગ થવાથી નામધારી દેહનું અપમાન થાય છે માટે તે માન ખોટું છે. જ્ઞાની પુરુષો આવા માન માટે પ્રયત્ન કરતા જ નથી.

અનાદિકાળની અજ્ઞાનતાને લઇને જીવો પોતે પૌદ્ગલિક વસ્તુઓની સત્તા નીચે દબાયેલા હોવા છતાં પણ પૌદ્ગલિક વસ્તુઓને પોતાની સત્તામાં રાખવા પ્રયત્ન કરે છે; પરંતુ પરિણામે તેઓ સફળતા મેળવી શકતા નથી. આત્માની સત્તા પોતાના જ્ઞાનાદિ ગુણો ઉપર હોઇ શકે છે પણ પૌદ્ગલિક વસ્તુ પર હોઇ શકતી નથી. જડ તથા જડના વિકારોની પાસેથી અનેક પ્રકારના કાલ્પનિક પ્રસંગો મેળવવા પ્રયાસ કરવા છતાં પણ સફળતા મેળવી શકતા નથી, કારણ કે પૌદ્ગલિક વસ્તુઓ સ્વભાવથી જ એક સ્વરૂપે રહેવાવાળી હોતી નથી અને એટલા માટે જીવન, સુખ, શાંતિ, આનંદ આદિને ચિરસ્થાયી બનાવી શકતી નથી. આત્મા કર્મની સત્તાથી પૌદ્ગલિક વસ્તુઓને પોતાને સ્વાધીન તો કરે છે, પણ જે ક્ષણે આ વસ્તુઓ સ્વાધીન થાય છે તે ક્ષણે આત્માને કાલ્પનિક સુખશાંતિનો અનુભવ થાય છે, પણ બીજી ક્ષણે જ તે વસ્તુઓ આત્માની સત્તાનો અનાદર કરીને પોતાના સ્વરૂપને ફેરવી નાખે છે અને સ્વતંત્રપણે આત્માને અણગમતા પ્રસંગો ઉપસ્થિત કરે છે, જેથી કરી આત્માને અનિચ્છાએ પણ તેને તાબે થવું પડે છે અને છેવટે કંટાળીને તેની પરાધીનતામાંથી મુક્ત થવા તેનો ત્યાગ કરવો પડે છે. જેઓ પરિશ્રમથી મેળવેલી વસ્તુ કેમ છોડાય

એમ માનીને પૌદ્ગલિક વસ્તુઓને છોડતા નથી તેઓ જીવનપર્યંત તેના દાસ બન્યા રહે છે. પોતાની સત્તા નીચે રાખવાને બદલે પોતે તેની સત્તા નીચે દબાયેલા રહે છે. જેમકેઃ કાલ્પનિક સુંદર બાગ, બંગલા, ઘરેણાં, વસ્ત્ર વગેરે વગેરે પૌદ્ગલિક વસ્તુઓને પોતાની સત્તામાં રાખીને પોતાના કાલ્પનિક સુખ, શાંતિ, આનંદ માટે હમેશાં એ વસ્તુઓને નવી બનાવી રાખવા પ્રયાસ કરે છે, છતાં જીર્ણશીર્ણ થઇ જાય છે; જેથી કરી પોતાની સુખની ઇચ્છા સફળ કરી શકતા નથી તેમજ તેને છોડી શકતા નથી અને તેની સેવા કર્યે જાય છે. દેહના બળ, શક્તિ અને વીર્યને પોતાની સત્તાથી જાળવી રાખવા ઘણા પ્રયાસો કરે છે છતાં દેહ તેનો અનાદર કરે છે. બળ વગેરેમાં ક્ષીણતા થઇ જાય છે અને દેહની સેવા જ માત્ર માથે પડે છે.

જ્ઞાની પુરુષો વસ્તુસ્વરૂપને જાણતા હોવાથી જ્ઞાનાદિ ગુણો ઉપર આત્મસત્તા વાપરીને પોતાનાં સાચાં અને શાશ્વતાં સુખ, શાંતિ અને આનંદ મેળવે છે. તેઓ સારી રીતે જાણે છે કે પૌદ્ગલિક વસ્તુઓ ઉપર સત્તા જમાવવા જતાં પોતાને જ તેની સત્તામાં રહેવું પડે છે, જેથી કરી પોતાનાં સાચાં સુખ, શાંતિ અને આનંદનો વ્યય કરીને કાલ્પનિક તથા ક્ષણિક સુખશાંતિથી સંતોષ માનવો પડે છે. આમ સમજીને જ જ્ઞાની પુરુષો પૌદ્ગલિક વસ્તુઓ ઉપર સત્તા સ્થાપવાનું સાહસ કરતા નથી પણ પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ કરીને પોતાની સાચી સત્તાનો વિકાસ કરવા પ્રયાસ કરે છે.

સકર્મક જીવો અજ્ઞાનતાને લઇને જ જડ વસ્તુઓના સ્વામી બનવાનો દાવો કરે છે. તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં ભિન્ન જાતિવાળા જડનો જીવ સ્વામી થઇ શકતો જ નથી, પણ પોતાના સમ્યગ્

જ્ઞાનાદિનો સ્વામી બની શકે છે. સંસારમાં વસ્તુમાત્ર પોતપોતાના ગુણ-ધર્મની સ્વામી છે. વર્ણાદિ ધર્મનો સ્વામી જડ છે, પણ આત્મા નથી. સચેતન અથવા અચેતન પુદ્ગલોના સ્વામી માનવાની વાસનાથી જીવ અનાદિ કાળથી વાસિત થઈ રહ્યો છે પણ તે માન્યતા સર્વથા મિથ્યા છે, કારણ કે જેનો પોતાને સ્વામી માને છે તેનો પોતે દાસ છે. જે સ્વતંત્ર છે તે જ સ્વામી હોઇ શકે છે. જ્યાં સુધી જીવ કર્મને આધીન છે ત્યાં સુધી તે સ્વામી બની શકતો નથી. જે વસ્તુનો જે સ્વામી હોય છે તે વસ્તુનો તે ભોક્તા હોય છે. સકર્મક જીવ જે વસ્તુનો પોતાને સ્વામી માને છે તે વસ્તુનો તે ભોક્તા નથી; કારણ કે આત્માનું ભોક્તાપણું એટલે વસ્તુનું યથાર્થ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું. જીવ જ્યાં સુધી કર્મને આધીન છે ત્યાં સુધી તે વસ્તુનું તે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. જ્યારે કેવળજ્ઞાન મેળવે છે અથવા તો સર્વ કર્મ ક્ષય કરીને મુક્તિ મેળવે છે ત્યારે સંપૂર્ણ જગતને યથાર્થપણે જાણી શકે છે. જેથી કરી તે આખાય સંસારનો સ્વામી કહી શકાય છે. અજ્ઞાની જીવ સ્વામીપણાનું તથા ભોક્તાપણાનું સાચું સ્વરૂપ સમજી શકતા નથી અને એટલા માટે જ તે સ્વામી અને ભોક્તા બનવા જતાં દુઃખ, અશાંતિ અને ક્લેશ મેળવે છે અને જ્યાં ત્યાં અપમાનનું પાત્ર બને છે.

જીવે માન મેળવ્યું પણ ત્યારે જ કહેવાય છે કે જ્યારે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતજીવન, અનંતસુખ અને અનંત વીર્યનો સ્વામી છે એવી દૃષ્ટિથી જોવાય અને પ્રશંસા કરાય. જડ અને જડના ધર્મોના સ્વામી તરીકે ઓળખાતો અને પ્રશંસા કરાતો જીવ પોતાને માન મળે છે એમ માનતો હોય તો તેની એક મિથ્યા ભ્રમણા છે. જે વસ્તુ ઉપર જેની સત્તા નથી તથા સ્વામીપણું નથી તે વસ્તુથી ઓળખાવું તે એક પોતાની મહત્ત્વતા ખોવા જેવું છે. સ્વસ્વરૂપે જ ઓળખાવામાં માન છે. પરસ્વરૂપે ઓળ-

ખાવામાં અપમાન છે. અજ્ઞાની જીવ વસ્તુસ્થિતિને ન સમજતો હોવાથી પરસ્વરૂપે ઓળખાવાને તથા પ્રશંસા કરાવવાને પ્રયાસ કરે છે જેથી કરીને પરિણામે અનેક આપત્તિવિપત્તિ ભોગવે છે. સ્વ-સ્વરૂપ મેળવ્યા સિવાય પરસ્વરૂપનો આશ્રિત હોઇને સ્વસ્વરૂપે ઓળખાવાને અને પ્રશંસા કરાવવાને ડોળ કરનાર અજ્ઞાની જીવને સ્વસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી પણ પરિણામે અધઃપાત થાય છે. જે વસ્તુનો જે સ્વામી તથા ભોક્તા હોય છે તે વસ્તુઓ ત્રણે કાળ-માં તેનાથી એક સમય પણ છૂટી પડી શકતી નથી અને જે વસ્તુઓ છૂટી પડી જાય છે તેનો તે સ્વામી તથા ભોક્તા નથી, તેમજ તેની ઉપર અંશમાત્ર પણ તેની સત્તા નથી; એટલા માટે જ તેઓ કાલ્પનિક સુખશાંતિ અને આનંદ કે જે દુઃખ, અશાંતિ અને કલેશરૂપ છે તેને ભલે મેળવો; પણ સાચા સુખ આદિ મેળવી શકવાના નથી.

સંપૂર્ણ વિકાસી વીતરાગ પ્રભુના માર્ગને અનુસરીને મારી સમજ પ્રમાણે મેં વસ્તુસ્થિતિ જાણવાને પ્રયાસ કર્યો છે, છતાં દર્શન મોહનીયના ક્ષયોપશમની મંદતાને લઇને કયાંય પણ સ્ખલના થઈ હોય તો મિથ્યા દુષ્કૃત થાઓ અને સાચી તથા સારી રીતે પ્રભુના માર્ગને જાણનારા ગુણી પુરૂષો સુધારી લેશો. એ જ અભ્યર્થના.

સંવત ૧૯૯૮
વિજયાદશમી
પાલણપુર

પં. શ્રી વિજયકસ્તૂરસૂરિજી

ખાસ વાંચવા લાયક ઉત્તમ ચરિત્રો

૧. શ્રી વિમલનાથ ચરિત્ર	રૂા. ૧-૧૨-૦
૨. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર	રૂા. ૧-૧૨-૦
૩. શ્રી તીર્થંકર ચરિત્ર	રૂા. ૦-૧૦-૦
૪. શ્રી મહાવીર ચરિત્ર	રૂા. ૩-૦—૦
૫. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર	રૂા. ૨-૮—૦
૬. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા.૨જો	રૂા. ૨-૮-૦
૭. શ્રી ચંપકમાળા ચરિત્ર	રૂા. ૦-૮—૦
૮. શ્રી સમ્યક્ત્વ કૌમુદી (ભાષાંતર)	રૂા. ૧-૦—૦
૯. શ્રી સુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા	૧-૦-૦
૧૦. શ્રી આદર્શ જૈન સ્ત્રીરત્નો	રૂા. ૧-૦—૦
૧૧. શ્રી દાન પ્રદીપ	રૂા. ૩-૦—૦
૧૨. શ્રી કુમારપાળ પ્રતિબોધ	રૂા. ૩-૧૨-૦
૧૩. શ્રી જૈન નરરત્ન 'ભામાશાહ'	રૂા. ૨-૦—૦
૧૪. સુકૃતસાગર (શ્રીપૃથ્વીકુમારચરિત્ર)	રૂા. ૧-૦--૦
૧૫. શ્રી પ્રભાવક ચરિત્ર	રૂા. ૨-૮—૦
૧૬. સતી સુરસુંદરી ચરિત્ર	રૂા. ૧-૮—૦

લખોઃ-શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

ઝવેરી ચીમનલાલ માનચંદના માતુશ્રી બાઇ ચુનીબાઈ

॥ ॐ नमोऽर्हद्भ्यो ॥

श्रीमद्विजयानंदसूरिपादपद्मेभ्यो नमः ।

જ્ઞાન પ્રદીપ.

'તીર્થ'

(૧)

तीर्यते अनेन इति तीर्थम्–જે વડે કરીને તરાય તે તીર્થ અર્થાત્ તરવાનું સાધન. આ તીર્થની વ્યાખ્યા બહુ જ પ્રસિદ્ધ અને પ્રચલિત છે. સ્થાવર અને જંગમ એમ બે પ્રકારના તીર્થ શાસ્ત્રોમાં વર્ણવ્યાં છે. ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ કહેવાય છે અને કલ્યાણકભૂમિયો, કેવળજ્ઞાન, નિર્વાણભૂમિયો અથવા તો સ્થાપનાભૂમિયો સ્થાવર તીર્થ કહેવાય છે. આ બંને પ્રકારના તીર્થો સ્થાપન કરવામાં તીર્થંકરો અનંતરથી અને પરંપરથી કારણભૂત હોય છે. કેવળજ્ઞાન થયા પછી સઘળા ય તીર્થંકરો જંગમ તીર્થની સ્થાપના કરે છે અને નિર્વાણ પામ્યા પછી જંગમ તીર્થ સ્થાવર તીર્થની સ્થાપના કરે છે. ત્યારપછી કલ્યાણક તથા

સ્થાપનાભૂમિયેા સ્થાવર તીર્થ તરીકે પ્રસિદ્ધિમાં આવે છે અને તે પ્રભુની હયાતી પછીના તરવાની ભાવનાવાળા ભવ્ય જીવેાને સંસારમાંથી તરવાનું અદ્વિતીય સાધન ગણાય છે. અનાદિ કાળથી કષાય-વિષયરૂપ અનુશ્રોત-પ્રવાહમાં ઘસડાતા જીવેાને પ્રતિશ્રોત-સામે પૂરે તરીને સંસારથી બહાર નીકળવામાં સ્થાવર તીર્થ અસાધારણ સહાયક થાય છે.

તીર્થ સ્પર્શનની આવશ્યકતા—

પ્રત્યેક ગામમાં સ્થાપનાતીર્થ હેાય છે, અને તેના દર્શન-પૂજન કરીને અનેક ગ્રામવાસિયેા ભાવનાનુસાર લાભ લે છે, છતાં તેમને પણ વિશિષ્ટ ભાવશુદ્ધિદ્વારા વિશિષ્ટ ફળ મેળવવાને તીર્થંકરેાની કલ્યાણકભૂમિ, સામાન્ય કેવળીઓની કેવળજ્ઞાન યા નિર્વાણભૂમિ અને વિશુદ્ધતર સ્થાપનાભૂમિયેાની સ્પર્શનાની અનિવાર્ય આવશ્યકતા ખરી. ભાવનાની મંદતા, શ્રદ્ધાની શિથિલતા, લેાભની તીવ્રતા અને વસ્તુસ્થિતિની અણજાણુતાના અંગે, પ્રતિમાઓ બધે ય સરખી જ છે, 'મન ચંગા તેા કથરેાટમાં ગંગા' વિગેરે વિગેરે વિચારેાને આધીન થઇને પવિત્ર ભૂમિયેાની ઉપેક્ષા કરવાથી સર્વોત્કૃષ્ટ લાભથી વંચિત રહી જવાય છે. સ્થાવર તીર્થની અનાવશ્યકતાનેા વિચાર લાવ્યા પહેલાં તીર્થસ્પર્શનાનેા વાસ્તવિક હેતુ જાણવાની અત્યંત આવશ્યકતા છે.

તીર્થ સ્પર્શનનેા હેતુ—

જેમ અનેક ઉપચારેા કરીને કંટાળી ગયેલેા રેાગી માણસ રેાગમુક્ત થવાને કેાઈ સારા વૈદ્ય કે ડૉકટરની દવા કરતેા હેાય અને તેઓ તેને સલાહ આપે કે તમારે સારા હવા-પાણીવાળા

સ્થળે રહેવાની જરૂર છે, માટે તમે પંચગિની, આબૂજી કે દાર્જિલિંગ જાઓ. આ પ્રમાણે વૈદ્ય-ડૉકટરની સમ્મતિથી બીમાર સારા હવા-પાણીવાળા સ્થળે જઇને રહેવાથી, અને કુપથ્ય ટાળવાપૂર્વક દવાનો ઉપચાર કરવાથી રોગથી મુક્ત થાય છે, તેવી જ રીતે ભાવ રોગી જીવોને ધન્વંતરી વૈદ્ય સમાન મહાપુરુષો ભાવરોગથી મુક્ત થવાથ માટે અનેક ચરમશરીરીઓ-પુરુષોત્તમોના પુનિત દેહોના સ્પર્શથી અત્યંત પવિત્ર થયેલી-પરમ શુધ્ધ વાતાવરણવાળી અને પરમ ભાવશુધ્ધિના કારણભૂત તીર્થભૂમિયોની સ્પર્શના કરવાની સલાહ આપે છે. તદનુસાર ભાવ રોગી જીવો અસમ્યગ્ જ્ઞાન-ક્રિયારૂપ કુપથ્ય ટાળીને સમ્યગ્જ્ઞાન-ક્રિયારૂપ પથ્યસેવનપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી પ્રભુની આજ્ઞારૂપ ઔષધોપચારદ્વારા તીર્થભૂમિની સ્પર્શના કરીને ભાવરોગથી મુક્ત થાય છે.

તીર્થ ભૂમીનો પ્રભાવ.

એક માણસ પોતાના ગામના દેરાસરમાં હંમેશાં જતો હોય અને પ્રભુની પૂજા-ભક્તિ કરતો હોય, તો યે તેની જોઇએ તેવી ભાવશુદ્ધિ થતી નથી અને હર્ષોત્કર્ષ પણ થતો નથી. તે જ માણસ પરમ પવિત્ર અનન્ય સાધારણ શત્રુંજય જેવા મહાતીર્થની યાત્રા કરવા નીકળ્યો હોય અને જ્યાં સુધી શત્રુંજયની ભૂમિમાં પગ પણ મૂકતો નથી; પરંતુ દૂરથી જ શત્રુંજય ગિરિના દર્શન કરે કે તરત જ તેનું હૃદય હર્ષથી ઉભરાઇ જાય છે, અને રોમાંચિત ગાત્ર બની હર્ષાશ્રુ વહેવડાવે છે. ક્રમશઃ તીર્થભૂમિની સ્પર્શના થયા પછી તેના જીવનક્ષણો પરમ શુદ્ધ દિશામાં વહેવા માંડે છે, ઐહિક જીવનની ચિંતાજાળમાંથી મુકાઈ જાય છે, પરિણામની પરમ શુદ્ધિથી સમ્યક્ત્વ ઉજ્જવળ બનાવે છે,

અને ન હોય તો લાવે છે. દ્રવ્ય–ધનથી કંગાળ હોય તો પણ ભાવ–ધનની પ્રાપ્તિથી પોતાને શ્રીમંત કરતાં પણ અધિકતર માને છે. તાત્પર્ય કે ભાવરોગથી મુક્ત થવાની ઇચ્છાવાળા શ્રદ્ધાળુને તીર્થભૂમિના રજકણો મહાન ઔષધિરૂપે પરિણમે છે અને રસાયણની જેમ તેના આત્માને સબળ અને પરમ સ્વચ્છ બનાવે છે.

તીર્થ ભૂમિના પુદ્ગલોમાં આત્મશોધન શક્તિ.

અનંતાનંત ચરમશરીરિયોના દેહના સ્પર્શથી વાસિત થયેલા અને તેમના જ દેહના પુદ્ગલોના મિશ્રણથી તદ્રૂપ બનેલા શત્રુંજય મહાતીર્થના રજકણોમાં, કર્મના રજકણોમાંથી આત્માને શુદ્ધ બનાવવાની–મુક્ત કરવાની શક્તિ રહેલી છે. આ પુદ્ગલોમાં શોધન કરવાની શક્તિ સ્વાભાવિક નથી પણ પવિત્ર આત્માઓના સંસર્ગથી થયેલી હોવાથી સાંસર્ગિકી છે. જો પુદ્ગલોમાં આત્મશુદ્ધિ કરવાની શક્તિ સ્વાભાવિકી હોય તો પછી દરેક સ્થળે રહેલા પુદ્ગલો આત્મશુદ્ધિ કરવાવાળા હોવાથી તીર્થભૂમિની સ્પર્શના કરવાની આવશ્યકતા જ ન રહે અને કર્મપુદ્ગલોથી આત્મિક ગુણોના ઘાતરૂપ અશુદ્ધિ થાય જ નહિ, તેમ જ દ્રવ્ય રોગીયોને પણ હવા–પાણી બદલવા ડૉકટરોને સલાહ આપવાની જરૂરત ન રહે; પરંતુ જેમ અપવિત્ર દેહધારિયોના આચાર, વિચાર અને ઉચ્ચારના તથા દેહના સંસર્ગથી આત્માને ભાવ રોગ ઉત્પન્ન કરવા તથા વધારવા શક્તિવાળાં થયેલા ભૂમિના રજકણોનો તથા વાતાવરણનો સંસર્ગ છોડી દઇ ચરમશરીરી પવિત્ર આત્માઓના આચાર, વિચાર અને ઉચ્ચાર તથા દેહના સંસર્ગથી આત્મશુદ્ધિ કરવા શક્તિ-

વાળા બનેલા રજકણોવાલી તીર્થભૂમિની સ્પર્શના કરી ભાવ રોગ મટાડવા માટેની મહાપુરુષો સલાહ આપે છે, તેમ જ અનેક પ્રકારની બિમારીયેાથી ગ્રસ્ત થયેલા માનવીયેાના તથા અશુદ્ધ પદાર્થના સંસર્ગથી રોગ ઉત્પન્ન કરનારા તથા રોગ વધારનારા હવા–પાણીવાળા સ્થળો છોડી દઇને વિવિધ પ્રકારની ઔષધિયેાના સંસર્ગથી નાશ કરવા તથા દેહશુધ્ધિ કરવા શકિત-વાળા બનેલા હવા–પાણીવાળા પાર્વાત્ય પ્રદેશોમાં દ્રવ્ય રોગ મટાડવા જવાની ડૉકટરો સલાહ આપે છે, માટે તીર્થભૂમિના રજકણોમાં ભાવ રોગ મટાડવાની, અને પાર્વાત્ય પ્રદેશોના હવા-પાણીમાં દ્રવ્ય રોગ મટાડવાની સાંસર્ગિકી શકિત રહેલી છે અને તે, તે ભૂમિયેાની સ્પર્શનાથી ભાવ રોગો તથા દ્રવ્ય રોગો મટે છે.

તીર્થભૂમિના રજકણોનો સંસર્ગ દેહને થાય છે અને તે દેહનો મન સાથે સંયેાગ થવાથી પરિણામોની શુધ્ધિ થાય છે. પરિણામની શુદ્ધિ થવાથી કર્મ તથા આત્માનો સંયેાગ શિથિલ થઇને બંનેનો પરસ્પર વિયેાગ થાય અને જે કર્મ બંધાય છે તે પરિણામના પુદ્ગલો શુભ હોવાથી શુભ બંધાય છે. પુદ્ગ-લોમાં પરસ્પર એક બીજાને વાસિત કરવાની શકિત હોય છે. શુભ હોય તો શુભ વાસના બેસાડે છે અને અશુભ હોય તો અશુભ વાસના બેસાડે છે. કસ્તૂરીનો સંસર્ગ જે વસ્તુની સાથે હોય તે વસ્તુ સુવાસવાળી થાય છે, અને લસણનો જે વસ્તુની સાથે સંસર્ગ થાય તે વસ્તુ દુર્વાસનાવાળી થાય છે, અને તેવી જ રીતે શુભ પરિણામના સંસર્ગથી કર્મપુદ્ગલો શુભ બંધાય છે અને અશુભ પરિણામના સંસર્ગથી અશુભ બંધાય છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણે સંસારમાં સર્વોચ્ચ દશાને પ્રાપ્ત થયેલા પરમપવિત્ર આત્માઓના સંસર્ગથી પરમ પવિત્ર થયેલી

શત્રુંજય મહાતીર્થભૂમિની સ્પર્શના આત્માનું સર્વ શ્રેય કરવા-વાળી હોવાથી નિઃશંકપણે શ્રદ્ધાપૂર્વક આત્મહિતેચ્છુઓએ અવ-શ્ય કરવી જોઇએ. તીર્થ–સ્પર્શનાનો હેતુ આત્મશુધ્ધિ સિવાય બીજો કોઇ પણ ન હોવો જોઇએ. તેમ જ આત્મશુધ્ધિના બાધક કષાયવિષયથી નિવૃત્ત થઇને સમભાવમાં રહેવું જોઇએ. પુદ્ગલોના નિરંતરના અનેક પ્રકારના વપરાશથી આત્મા ઝાંખો પડી ગયો છે તેને પાછો તેજોમય બનાવવા તપરૂપ અગ્નિમાં નાખવો જોઇએ અને પ્રભુગુણ સ્તવન– ચિંતવનનો ઓપ ચઢાવી ચકચકિત કરવો જોઇએ. આ પ્રમાણે વિધિપુર્વક જો તીર્થ-ભૂમિની સ્પર્શના કરવામાં આવશે તો અવશ્ય આત્મા પરમાત્મા બની, પૂર્ણ વિકાસીયોની પંક્તિમાં ભળી જઇને શાશ્વતું સુખ મેળવશે.



માનવ જીવનની મહત્ત્વતા.

(૨)

માનવ જીવનનો સમય અમૂલ્ય છે. સમયની કિંમત ન જાણવાથી જ મનુષ્યોનો સમય વ્યર્થ ચાલ્યો જાય છે, અને એટલા માટે જ મનુષ્યોના આત્મકલ્યાણમાં વિલંબ થઇ રહ્યો છે. વકીલ–બેરીસ્ટરો વિગેરે તો પોતાના સમયને નકામો જવા દેતા નથી, કારણ કે તેઓ કોઇ પણ સલાહ લેવા આવે તો તેની સાથે ફી લીધા સિવાય વાતચીત કરતા પણ નથી, તેની પાસેથી મિનિટે મિનિટના પૈસા લઈ લે છે, પણ પૈસાથી મનુષ્ય-જીવનની વાસ્તવિક સફળતા થઈ શકતી નથી.

જે માણસો પોતાના અમૂલ્ય સમયને પૈસાને માટે વેચી નાખે છે તેઓ પૈસાથી ભવિષ્યમાં થવાવાળા મોટાં પરિણામને સમજી શકતા નથી, અને પૈસો જ એકઠો કરવામાં પોતાનું આખું ય જીવન વેડફી નાખે છે. આવા માણસો માનવ જીવનમાં મેળવેલા પૈસાથી કાંઇક પૌદ્ગલિક સુખો પ્રાપ્ત કરી શકે છે; પરંતુ કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ થવાથી આત્માને દુર્ગતિના દુઃખો-માંથી બચાવી શકતા નથી.

ધનવાન માણસોને મરતી વખતે એકઠું કરેલું ધન છોડી જવું પડે છે જેથી કરી તેમને કોઈ પણ પ્રકારનો લાભ મળતો નથી. ઊલટું તે ધન તેમને ચિંતા તથા શોક વધારવાવાળું થાય છે. એટલા માટે જેઓ ધન તથા માન માટે પોતાના અમૂલ્ય જીવનને વેચી નાખે છે તેઓ ભલે પોતાને બુધ્ધિમાન સમજે, પણ તેમનામાં બુધ્ધિનો અંશ પણ હોતો નથી. બુધ્ધિમાન તો તેને જ કહી શકાય કે જે જીવનના અમૂલ્ય સમયને અમૂલ્ય કાર્યમાં ખરચે અને અમૂલ્ય કાર્ય પણ તે જ કહી શકાય જેનાથી અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થાય. આ અમૂલ્ય વસ્તુ વીતરાગભાષિત ધર્મનું આરાધન કરીને આત્મવિકાસ કરી પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરવી, અર્થાત વીતરાગદશા પ્રાપ્ત કરી મુકિત મેળવવી તે છે.

ખેદની વાત છે કે ઘણાખરા માણસો પોતાના અમૂલ્ય સમયને સોગઠાબાજી, પાના, શતરંજ આદિ રમતો રમવામાં, સિનેમા નાટક જોવામાં, સંસારના ભોગવિલાસમાં, નિદ્રામાં, આલસમાં અને પ્રમાદમાં વ્યર્થ ખોઇ નાખે છે. કેટલાક અજ્ઞાની જીવો ચોરી, વ્યભિચાર, અસત્ય તથા માયા-પ્રપંચ આદિ ખોટા કામોમાં વ્યતીત કરીને આ લોક તથા પરલોક બંધ લોકથી ભ્રષ્ટ થઇને ઘણા જ દુઃખી થાય છે અને કેટલાક માણસો મદ્ય-માંસાદિ અભક્ષ્ય વસ્તુઓ વાપરવામાં જ જીવનને સમાપ્ત કરીને નરકનાં દુઃખો ભોગવે છે. મનુષ્યોને ઉચિત તો એ છે કે પોતાના માનવ જીવનનો પ્રત્યેક સમય પરમાત્મસ્મરણમાં જ વ્યતીત કરવો જોઇએ. એક ક્ષણ પણ વ્યર્થ ન જવા દેવો જોઇએ. પાપ તથા પ્રમાદમાં સમય વ્યતીત કરવો એ અત્યંત અજ્ઞાનતા છે.

વાસ્તવિકમાં મનુષ્યો પૈસાનો જેટલો ઉપયોગ કરી જાણે છે

તેટલો ઉપયોગ સમયનો કરી જાણતા નથી. જો પૈસા જેટલુ કિંમતી અને ઉપયોગી માનવજીવનને સમજતા હોય તો એક ક્ષણ પણ પરમાત્માના સ્મરણ વગર ખાલી ન જવા દે.

આપણે દાખલા તરીકે પંદર રૂપિયાના હિસાબે મોટર ભાડે કરીને કોઈ મુસાફરીયે નીકળ્યા હોઇએ અને રસ્તામાં કોઈ સંબંધી સાથે ખાસ જરૂરી વાત કરવા મોટર ઊભી રાખવી પડે તો તે વખતે આપણે વાતને જલદીથી ટુંકાણુપાં પતાવવા માંગીએ છીએ. વાતોમાં વધુ સમય ગાળવા ઇચ્છતા નથી; કારણ કે તે વખતે આપણું ધ્યાન મોટરના ભાડાના પૈસા પર લાગેલું હોય છે. આ ઉપરથી આપણે જાણી શકીએ છીએ, કે આપણે પૈસાની જેટલી કિંમત અને ઉપયોગિતા સમજ્યા છીએ તેટલી કિંમત અને ઉપયોગિતા માનવ જીવનના સમયની સમજી શકયા નથી.

જેમ આપણું ધ્યાન મોટરમાં બેઠા પછી મોટર ઊભી રાખી કોઇની સાથે વાત કરતી વખતે પૈસામાં વળગ્યું રહે છે, તેવી જ રીતે સંસારના પ્રત્યેક કાર્ય કરતી વખતે આપણા અમૂલ્ય જીવનની પ્રત્યેક ક્ષણ મુખ્યપણે શ્રધ્ધા અને ભકિતપૂર્વક પરમાત્મસ્મરણમાં જ વળગી રહેવી જોઇએ.

જીવનની પ્રત્યેક ક્ષણમાં પરમાત્માનું સ્મરણ કરનારનો આત્મા શીઘ્ર પરમાત્મસ્વરૂપ બની શકે છે. અને પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાની ક્ષણો પરમ અમૂલ્ય ગણાય છે. જેટલી ક્ષણ આત્મવિકાસ કરવા પૂર્ણવિકાસી પરમાત્માના સ્મરણમાં વપરાય છે તેટલી જ ક્ષણો માનવ જીવનમાં ઉત્તમ અને કિંમતી કહી શકાય છે, માટે મનુષ્યોએ શ્રદ્ધા તથા પ્રેમપૂર્વક નિરંતર પરમાત્માનું સ્મરણ કરવાનો અભ્યાસ કરવો જોઇએ, જેથી

કરી માનવજીવન સફળ બની શકે. જો કે પ્રેમ અને શ્રધ્ધાની મંદતાને લઇને આખા ય માનવજીવનમાં પરમાત્માનું સ્મરણ કરવા છતાં પરમાત્મસ્વરૂપ ન બની શકાય તો પણ પરમાત્મ-સ્વરૂપનું અંતર તો ઓછું થાય છે-અર્થાત્ પરમાત્માની નજદીક તો થવાય જ છે.

અફસોસની વાત છે કે આપણે પરમાત્માના સ્મરણની કોડીયે જેટલી પણ કિંમત સમજતા નથી. ધારો કે એક માણસને વાર્ષિક આવક પચાસ હજાર રૂપીયાની છે, તો મહિને લગભગ સવા ચાર હજાર થયા. રોજના ચોવીસ કલાકના દોઢસો, એક કલાકના છ અને એક મિનિટના દસ પૈસા થયા. એક મિનિ-ટમાં ઓછામાં ઓછું સો વખત પરમાત્માનું નામ સ્મરણ થઈ શકે છે તો એક પૈસાના દશ પ્રભુનાં નામ થયાં, કેટલાં સસ્તાં ? આટલું સોંઘું પ્રભુનું નામ હોવા છતાં માણસો પૈસો મેળવવા પ્રયત્ન કરે છે, પણ પ્રભુનું નામસ્મરણ કરતાં નથી. તો પછી કોડીયે જેટલી પણ કિંમત પરમાત્માના નામની કયાં સમજાય છે ? માણસો કહે છે કે અમને પરમાત્મા ઉપર પૂર્ણ શ્રદ્ધા છે. પરમાત્માનું નામ અમૂલ્ય છે તે કેવી રીતે માની શકાય ? આ તો પચાસ હજારની આવકવાળાને માટે કહ્યું, પરંતુ એનાથી પણ ઓછી બે હજાર, હજાર કે સોની આવકવાળાં માટે પરમાત્માનાં નામ કેટલાં સસ્તા છે તે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઈ આવશે.

કંચન-કામિની, માન-મોટાઈ અને પ્રતિષ્ઠાની આસકિતમાં ફસાઇને જેઓ પોતાનો અમૂલ્ય સમય વ્યતીત કરે છે તેમનો સમય અને પરિશ્રમ નકામો જાય છે એટલું જ નહીં પણ તેમના આત્માનો અધઃપાત થાય છે. ધનની આસકિતમાં ફસાયલો લોભી માણસ અનેક પ્રકારનો અનર્થ કરીને ધન

કમાય છે, અને ધન કમાયા પછી ધનને હંમેશા કાયમ રાખવા ઘણો જ કલેશ અને પરિશ્રમ કરે છે. આવા ધનાસક્ત માણસને પુન્યમાર્ગે ધન વાપરતાં ઘણું જ દુઃખ થાય છે. છેવટે મરતી વખતે બધું ય છોડીને જવું પડે છે ત્યારે તો મરણથી પણ વધારે કષ્ટ અનિચ્છાએ ધન છોડતાં થાય છે. આવા ધનના આસકત થયેલાને સદ્ગતિ મળી શકતી નથી.

જેવી રીતે ધન કમાવાની તૃષ્ણા ધર્મહીન બનાવી આત્માનો અધઃપાત કરવાવાળી છે તેવી જ રીતે સ્ત્રીસંગની ઈચ્છા પણ તેનાથી વધારે આત્માનો અધઃપાત અને અકલ્યાણ કરવાવાળી છે, તો પછી પર સ્ત્રીગમનનું તો કહેવું જ શું ? પર સ્ત્રીગમન અત્યન્ત નિંદનીય અને આત્માને મલિન બનાવી ઘોર નરકમાં લઈ જનારું છે.

સ્વદારાસંતોષી સંસારી માણસ આસકિત રહિત થઈને જો સ્વસ્ત્રીનું સેવન કરે તો તે કાંઈક સ્વશ્રેય સાધી શકે ખરો, પણ અત્યંત આસકિતવાળો ગૃહસ્થ સ્વદારસંતોષી હોવા છતાં સ્વશ્રેય સાધી શકતો નથી. આ કાર્ય–મન, વચન અને કાયાથી વિષયત્યાગી બનવું ઘણું જ કઠણ છે, કારણ કે કેવળ આત્મશ્રેય કરવા સઘળું ય છોડી દઈને વિરકત બનેલા ત્યાગી પુરુષોનો મનને પણ ઇંદ્રિયો બળાત્કારે વિષયો તરફ ઘસડી જાય છે, તો પછી સંસારમાં રહેલા વિષયાસક્ત પામર પ્રાણીયોનું તો કહેવું જ શું ?

જેમ મૂર્ખ રોગી જીભના સ્વાદને વશ થઈને કુપથ્ય કરી મરી જાય છે, તેવી જ રીતે કામી પુરુષ અત્યંત વિષયાસકત થઈને સ્ત્રીનું અમર્યાદિત સેવન કરીને પોતાનો નાશ કરી નાંખે છે. વિલાસની બુદ્ધિથી સ્ત્રીનું સેવન કરવાથી કામની તીવ્રતા થાય છે,

અને કામનો વેગ વધવાથી બુદ્ધિનો નાશ થાય છે. કામથી મોહિત થયેલો બુધ્ધિહીન પુરુષ મનમાન્યું વિપરીત આચરણ કરીને પોતાના આલોક અને પરલોક સંબંધી સર્વ સુખોનો નાશ કરીને આત્માનું અત્યંત અશ્રેય સાધે છે,

સ્ત્રીનું સેવન કરવાથી બળ, વીર્ય, બુધ્ધિ, તેજ, ઉત્સાહ, સ્મૃતિ અને અન્ય સદ્‌ગુણોનો નાશ થાય છે. અને શરીરમાં અનેક પ્રકારના રોગોની વૃધ્ધિ થઈને મનુષ્ય મૃત્યુ પાસે પહોંચી જાય છે. આ લોકના સુખ, કીર્તિ અને ધર્મને ખોઈ નાંખીને માઠી ગતિમાં ચાલ્યા જાય છે એ જ આત્માનું અધઃપતન છે. એટલા જ માટે સાધુપુરુષો કંચન અને કામિનીનો મનોવૃત્તિમાંથી અને અહારથી સર્વથા ત્યાગ કરે છે. વાસ્તવિકમાં તો મનોવૃત્તિમાંથી ત્યાગ થવો તેનું જ નામ ત્યાગ છે. અને આવો વૃત્તિત્યાગ તો મમતા, અભિમાન અને આસક્તિથી રહિત થયેલો મનુષ્ય જ કરી શકે છે,

માન, મોટાઇ અને પ્રતિષ્ઠાની જાળમાં તો સંસાર છોડીને આત્મશ્રેય કરવાવાળા પુરુષો પણ ફસાઇ જાય છે. મોટા બનવાની અને જગતમાં પ્રસિધ્ધ થવાની ઇચ્છા તો આત્મસાધન કરનારાઓને પણ છોડતી નથી. માન, મોટાઈ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે ત્યારે તો તેમને ઘણું જ અમૃત જેવું મીઠું લાગે છે પણ પરિણામે તે જ માનસત્કાર તેમનું વિષથી પણ વધારે અનિષ્ટ કરવાવાળા થાય છે, કારણ કે વિષ તો કેવળદેહનો જ નાશ કરે છે, અને માન-મોટાઈ તેમના આત્માનો સર્વનાશ કરે છે. અજ્ઞાનતાથી કરવામાં આવતી માન-મોટાઇની સ્પૃહા સારા સારા માણસોના ચિત્તને પણ હલાવી નાખે છે, માટે

કંચન-કામિની, માન-મોટાઇના મોહમાં ફસાઈ જઇને પોતાના અમૂલ્ય માનવ જીવનને ન ગુમાવી આત્મશ્રેય કરવું જોઇએ.

મનુષ્ય જીવનનો પ્રત્યેક શ્વાસોચ્છવાસ ઘણો જ કિંમતી છે. તેની પ્રશંસા જ થઈ શકતી નથી, કારણ કે પૂર્વજન્મના પ્રબલ પુણ્યથી જ આર્ય દેશ, ઉત્તમ જાતિ, ઉચ્ચ કુળ આદિ સામગ્રી મળી છે જેનો સદુપયોગ કરી માનવી પોતાનું શ્રેય સાધી શકે છે. ચક્રવર્તીની સંપત્તિ આપવા છતાં પણ માનવ જીવન એક ક્ષણ પણ પ્રાપ્ત થઈ શકતું નથી માટે ધનની તૃષ્ણામાં અને જડાત્મક સુખમાં જેઓ પોતાના અમૂલ્ય સમયને ખોઈ નાંખે છે તેમને અંતે અવશ્ય પશ્ચાત્તાપ કરવો પડે છે.

માનવીઓએ મોહરૂપી મદિરાનો નિશો કરેલો હોવાથી ઉત્તમ-મહાપુરુષો વારંવાર ઉપદેશ આપી જગાડે છે છતાં જાગતા નથી, અને અનાદિકાળથી કરતા આવ્યા તે જ પ્રવૃત્તિઓમાં રાત્રિદિવસ વ્યતીત કરી રહ્યા છે, જેથી કરી આધિ-વ્યાધી, જન્મ, જરા, મરણના દુઃખોથી છૂટી શકતા નથી, માટે વીતરાગના વચનો ઉપર શ્રદ્ધા રાખી મોહનો નીસો ઉતારીને વીતરાગના માર્ગ ઉપર ચાલે તો અવશ્ય દુઃખોમાંથી છૂટી જઈ શાશ્વત સુખ મેળવે.

મહાવીર નિર્વાણ.

(૩)

સાગરોપમોની નહિં, પલ્યોપમોની નહિં અને લાખો વર્ષોની પણ નહિં આ, હમણાની જ વાત છે; તો પણ તેને ૨૪૬૪ વર્ષ વીતી ગયાં. આ જ ભારતવર્ષમાં જીવિત દિવ્યરશ્મિ પ્રકાશતો હતો. અનેક સચેતનોએ એ પ્રકાશથી પ્રકાશ મેળવ્યો, જડના આશ્રિત અનેક નિશ્રેતનો વંચિત રહી ગયા. પ્રકાશના પ્રતિસ્પર્ધી ઘૂકો વિચારચક્ષુ મીચી દઇને અજ્ઞાનતાના ભોંયરામાં પેસી ગયા છતાં ય એ અદ્વિતીય પ્રકાશે ભારતવર્ષમાંથી અજ્ઞાનતિમિરનું માર્જન કરીને ઘણોખરો પ્રદેશ પ્રકાશિત કર્યો. એ જીવિત દિવ્યરશ્મિ કોણ? ચરમ તીર્થંકર પ્રભુશ્રી **મહાવીર.**

ક્ષત્રિયકુંડ નગરના શાસનકર્તા સિદ્ધાર્થ ક્ષત્રિયના કુળરૂપનભસ્તલમાં આ દિવ્યરશ્મિનો ઉદય થયો ત્યારે સર્વ પ્રકારે વૃદ્ધિને પામેલા જ્ઞાત ક્ષત્રિયે પોતાના સ્વજન સંબંધી મેળાપક સમક્ષ એ ચરમશરીરીને વર્ધમાન કહીને બોલાવ્યા, અને ઓળખાવ્યા પરંતુ અતુલ, અનન્ય સાધારણ બળ-વીર્ય-પરાક્રમશાલી દેવેંદ્રે પોતાની સભામાં કરેલી અચિંત્ય શક્તિની કથાનો

અવિશ્વાસી દેવેંદ્રની સભાનો એક સભ્ય દેવ આ આત્મિક શક્તિના વિકાસની પરીક્ષા કરે છે; પણ છેવટે પોતાના અવિશ્વાસને દૂર કરીને એ નમી પડે છે ત્યારે દેવેંદ્ર ખુશી થઇને શ્રમણ ભગવાન મહાવીરના નામથી સંબોધે છે ત્યારથી એ વર્ધમાન પ્રભુને સમગ્ર સંસાર **મહાવીર**ના નામથી ઓળખે છે અને એ જ નામ આત્મવિકાસ માટે વાપરે છે.

એ પરમ કૃપાળુ દ્રવ્ય અને ભાવદયાના સાગર વિશ્વના દ્રવ્ય દારિદ્ર–દાવાનળને વાર્ષિક દાનની વૃષ્ટિથી ઓલવી નાંખે છે, અને પછી ભવવાસિયોનું ભાવ દારિદ્રય ભેદવાને બાર વર્ષ સુધી મૌન રહીને દેવેંદ્રે સંબોધેલા ગુણનિષ્પન્ન મહાવીરના નામને ચરિતાર્થ કરે છે. અનાદિઅનંત સંસારનો સમ્રાટ્, અનંત આત્માઓની ભાવવિભૂતિ લૂંટી લઇને તેમને પોતાની આણમાં વર્તાવનાર, મહામોહની અનેક પ્રકારની કનડગત હોવા છતાં મહાવીરતાથી અંતે તેનો પરાજય કરી, પોતાની ભાવવિભુતિ પાછી મેળવીને સ્વતંત્રપણે સ્વસંપત્તિ તરીકે અનેક ભવ્યાત્માઓને વિતરણ કરે છે. ભાવશત્રુને હંફાવી પોતાની ભાવવિભુતિ પાછી મેળવવા, અને પોતાના અનુભવોને આગળ કરીને ભવ્યાત્માઓને જાગૃત કરી સ્વતંત્ર બનાવવા અથકપણે બોધ કરે છે.

એ વિકાસી આત્માનો અંતિમ પ્રવાસ હતો, અંતિમ ધર્મ-તીર્થ સ્થાપવાનું હતું અને અંતિમ શરીર હતું. એ મહાવીર નામના દેહમાં, એ આત્માએ પરમોચ્ચ દશા પ્રાપ્ત કરી, નિરાવરણ બનીને શુદ્ધ સ્વરૂપ મેળવ્યું. સર્વ શુદ્ધ આત્માના સંયોગથી એ શરીર દેવેંદ્રોને પણ પરમપૂજ્ય બન્યું.

એ દિવ્યરશ્મિ—સંસારમાં ફરીને અનુદય થવાપણે—અસ્ત

થવાનો હતો–સંસારમાંથી છેલ્લી વિદાય લેવાની હતી. એ હેતુથી અનંતા કાળથી અનંતા ભવવાસિયોની સાથે અનેક પ્રકારના શરીરોમાં, અનેક પ્રકારના સંબંધોમાં રહીને અનેક પ્રકારની અણુજાણ દશાઓમાં કરેલા અનેક પ્રકારના અપરાધોની ક્ષમા માગી, અને અન્ય જીવોથી થયેલા અપરાધોની ક્ષમા આપી, જેઓની ઇચ્છા વૈરનો બદલો ક્ષમાથી નહીં પણ વૈરથી લેવાની હતી તેઓના કરેલા અનુકૂળ તથા પ્રતિકૂળ ઉપસર્ગોનો પ્રતિકાર કરવાને સમર્થ હોવા છતાં પણ અદીનપણે ખુશી થઇને સહન કર્યા અને તેઓના ઋણથી મુક્ત થયા.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પુદ્ગલપરાવર્તનોની અવધિ સમાપ્ત થઈ ગઈ હતી. પૌદ્ગલિક સંબંધોથી સર્વથા મુક્તિ મેળવવાની હતી; સંસારવાસિયોથી સદાસર્વદાને માટે વિયોગી થવાના હતા અને સંપૂર્ણ આવરણોથી અલગ થઈને અનંત જ્ઞાન, દર્શન, જીવન અને સુખ આદિ નિજ સ્વરૂપના પરિપૂર્ણ વિકાસી થઇ ચૂકયા હતા તે સમયે ચરમ શરીરથી છૂટા થયા, કર્મ અને સંસારના અનાદિ સંભોગથી મુક્તિ મેળવી નિર્વાણ પામ્યા.

સંસારની ચાર ગતિમાં વસવાવાળા વૈક્રિય તથા ઔદારિક દેહધારીઓનો દેહવિભોગ ચ્યવન તથા મરણના સંકેતથી ઓળખાય છે. વૈક્રિય શરીરવાળાના દેહવિયોગને ચ્યવન અને ઔદારિક શરીર વાળાના દેહવિયોગને મરણ પ્રાયઃ કહેવામાં આવે છે. આ ચ્યવન અને મરણ ફરીને દેહધારી થવાવાળા સંસારવાસી જીવોના દેહવિયોગને આશ્રયીને જ કહેવાય છે. બાકી તો તીર્થંકરનામકર્મ નિકાચન કરીને કેવળી થયેલા તથા સામાન્ય કેવળી થયેલા ચરમશરીરીઓનો દેહવિયોગ અંતિમ હોવાથી નિર્વાણના સંકેતથી

ઓળખાય છે; માટે પ્રભુ શ્રી મહાવીર દેવગત થયા, મરણ પામ્યા કે ચ્યવ્યા એમ ન કહી શકાય; પણ નિર્વાણ પામ્યા કહી શકાય.

પ્રભુના પાંચ કલ્યાણકોમાંથી નિર્વાણ, અંતિમ કલ્યાણક કહેવાય છે. કલ્યાણક એટલે સુખદ સમય. પ્રભુના ચ્યવન, જન્મ-દીક્ષા અને કેવળ આ ચાર કલ્યાણકો તો વિશ્વભરના ભવ્ય જીવોને સુખદ નિવડ્યાં પણ અંતિમ નિર્વાણ કલ્યાણ પ્રભુના ઉપર ઉત્કટ રાગ રાખનાર પરમ ભક્તોને માટે દુઃખદ નિવડ્યું. પ્રભુના નિર્વાણ પામવાથી દેવેન્દ્ર–નરેંદ્ર આદિ ભવ્ય પ્રાણીવર્ગ શોકસાગરમાં ડૂબી ગયો. પ્રભુના જ્યેષ્ઠ અંતેવાસી શ્રી ઇંદ્રભૂતિ અણગારે પ્રભુનો વિયોગ થવાથી પ્રભુ ઉપરના રાગના આવેશથી અતિશય વિલાપ કર્યો: " હે પ્રભો! આપ જીવિત દિવ્યરશ્મિના અસ્ત થવાથી ભારતવર્ષમાં સર્વત્ર સ્થળે અજ્ઞાનતમ છવાઇ ગયું. હવે તીર્થાન્તરીય ધુકોની ગર્જનાથી ભારતવર્ષ ગુંજી ઉઠશે, ઉત્પાતો અને ઉપદ્રવોથી ભારતવર્ષ સીદાસે વિગેરે વિગેરે.

પોતાનો આત્મવિકાસ સાધવા અદ્વિતીય સહાયકના વિયોગ-થી અથવા તો નિરવધિ પ્રભુ પ્રત્યે પ્રશસ્ત રાગ હોવાથી ભવવાસિયોને પ્રભુના નિર્વાણનો પ્રસંગ ભલે દુઃખદાયી નિવડ્યો હોય; પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રભુના પાંચે કલ્યાણક જીવમાત્રને સુખકારી જ છે. દીક્ષા, કેવળ અને નિર્વાણ-ના સાધનભૂત શરીરમાં અવધિજ્ઞાન અને તીર્થંકરનામકર્મ સહિત અવતર્યા માટે દેવગતિમાંથી ચ્યવન કલ્યાણક કહેવાયું. બાકીના દેવોનું ચ્યવન–ચ્યવીને મનુષ્ય દેહમાં અવતરી અનેક દેહ ધારણ કરવાના હો અથવા તો તે જ દેહમાં મુક્તિ મેળવી ચરમશરીરી થવાના હો કે તીર્થંકરના દેહમાં ઉત્પન્ન

થવાના હોા-કલ્યાણક કહેવાતું નથી; કારણ કે તીર્થંકરનામ-કર્મવાળા જ દેવો અથવા નારકીઓ ચ્યવીને જે માનવદેહમાં અવતરે છે ત્યાં તીર્થ સ્થાપે છે અને ધર્મનો પ્રચાર કરે છે. બાકીના સામાન્ય કેવળીઓ તીર્થ સ્થાપતા નથી, તેમજ સઘળા ય ઉપદેશ આપતા નથી. એટલા માટે તેમનામાં ઘણા ભેદો છે પણ તીર્થંકરોમાં કાંઈ પણ ભેદ હોતો નથી. કેવળજ્ઞાન મેળવ્યા પછી સઘળાની એક સરખી પ્રવૃત્તિ હોય છે.

પ્રભુનો જન્મ ભવ્યાત્માઓને તે સમયે અને ભાવીમાં આત્મહિત સાધવામાં કારણભૂત હોવાથી ચ્યવન, પછી જન્મ કલ્યાણક કહેવાય છે, ત્યારપછી ભવ્યાત્માઓને ચારિત્રમાર્ગના દર્શક અને કેવળજ્ઞાન મેળવવાને અચૂક ઉપાયસૂચક હોવાથી દીક્ષા કલ્યાણક અને પછી કર્મજન્ય અનેક પ્રકારના સંતાપોથી સંતપ્ત થયેલા ભવ્ય સંસારને ઉપદેશદ્વારા જાગૃત કરી પરમ શાંતિસ્વરૂપ મુક્તિની વાટે વાળ્યા માટે કેવળજ્ઞાન કલ્યાણક અને અંતે સર્વસંગથી મુકાઈ નિર્વાણ પામ્યા તે ભવ્યાત્માઓને શુદ્ધ સ્વરૂપના સંપૂર્ણ વિકાસનું બોધક હોવાથી નિર્વાણ પણ કલ્યાણક તરીકે કહેવાયું. આ પ્રમાણે પ્રભુની પાંચે અવસ્થા ઉત્તરોત્તર ક્રમિક આત્મવિકાસવાળી હોવાથી અને ભવભાસી ભવ્ય-જીવોને ક્રમિક આત્મિકવિકાસની બોધક અને સહાયક હોવાથી એકાંતિક, આત્યંતિક સુખદપણે કલ્યાણક તરીકે કહેવાય છે.

અદ્યપિ નિર્વાણ પછી સંપૂર્ણ વિકાસવાળી સિદ્ધાવસ્થામાં પ્રભુની સાદિઅનંત સ્થિરતા ભવ્ય સંસારને શોકપ્રદ હોય જ નહીં, અત્યંત હર્ષપ્રદ જ હોય છે; છતાં વિશ્વના સાચા હિતૈષી અને નિષ્કારણ બંધુનો હંમેશનો વિયોગ પ્રશસ્ત રાગી ભવ્યાત્મા-ઓને અસહ્ય થઈ પડવાથી વિયોગસ્વરૂપ નિર્વાણ શોકનું

કારણ બન્યું. જો નિર્વાણ સુખદ અને હર્ષનો હેતુ ન હોયને કેવળ શોકનું જ કારણ હોત તો શ્રી ગૌતમ પ્રભુને શોકના અંતે પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાનનું કારણ ન બનત.

જેમ દીપકના પાત્રમાંથી તેલ અને બત્તી બંને સર્વથા બળી જાય છે ત્યારે દીપક સર્વથા બુઝાઈ જાય છે, નિર્વાણ પામી જાય છે તેમ કાર્મણ તૈજસ શરીરરૂપે તેલ અને આયુષ્ય કર્મના ઉદયરૂપ બત્તી સર્વથા બળી જવાથી એ શાસનનાયક પરમકૃપાળુ શ્રી મહાવીર પ્રભુ સંસારમાં ફરીને ન અવતરવારૂપ નિર્વાણ પામ્યા. જેઓ, એ પરમોચ્ચ આત્માના અલૌકિક પરમપૂજ્ય દિવ્ય દેહના દર્શન કરીને પરમશાંતિનું પાત્ર બન્યા નથી અને એ વિકાસનાં વિકારનાશક વચનોમાંથી એક પણ વચન શ્રીમુખે સાંભળવારૂપ સદ્‌ભાગ્યને ભેટ્યા નથી તેવા આ વર્તમાન કાળના ભવવાસિયો માટે તો પ્રભુ નિર્વાણનો દિવસ કેવળ શોકપ્રદ જ ગણાય અને એ હેતુથી શોચસૂચક પ્રવૃત્તિ આદરી નિર્વાણ-દિન પાળવો જોઇએ.



આપણું અપૂર્વ સાહસ.

(૪)

તલને પીલીને તો સહુ કોઈ તેલ કાઢી શકે છે, કારણ કે તેમાં તેલ રહેલું છે; પણ જેમાં અંશમાત્ર પણ તેલ નથી એવી રેતીને પીલીને તેલ કાઢવાને પ્રયત્ન કરનારમાં કેટલું ડહાપણ હોવું જોઇએ અને તેને કેવા ઉપનામથી ઓળખવો જોઈએ ? અપૂર્વ સાહસીક.

વર્તમાન કાળમાં સુખ તથા આનંદ માટે વલખાં મારનારાઓ અપૂર્વ સાહસ ખેડી રહ્યા છે. સમર્થ વ્યક્તિયો જે કાર્ય કરવાને અસમર્થ નિવડી છે, તે કાર્ય કરવાને ચોવીશે કલાક પ્રયત્ન કરી રહ્યા છે. જે વસ્તુ સ્વભાવથી જ અશુચી છે તેને શુચી, અસ્થિરને સ્થિર, ક્ષણિકને અક્ષણિક અને અસારને સાર બનાવવામાં જ પોતાનું ઉત્તમ માનવ જીવન વેડફી રહ્યા છે.

રુધિર, હાડકાં, માંસ, ચરબી, મળ-મૂત્ર આદિથી બનેલા અપવિત્ર અને દુર્ગંધમય શરીરને પવિત્ર અને સુંગધીમય બનાવવાને માટે પાણીનો છૂટથી ઉપયોગ કરીને દિવસમાં બે ચાર વખત ધૂવે છે, તેમજ અત્તર કૂલેલ આદિ સુગંધી વસ્તુઓનું

વિલેપન કરે છે, મુખની દુર્ગંધ દૂર કરવાને એલચી આદિ સુગંધી વસ્તુઓ ખાય છે; છતાં સફળતા મેળવી શકયા નથી. વિષ્ટાથી ભરેલી કપડાની કોથળીને પવિત્ર અને સુગંધમય બનાવવા વારંવાર પાણીથી ધોનાર અને સુગંધી વસ્તુઓનું વિલેપન કરનાર કેવી રીતે સફળતા મેળવી શકે ?

યૌવન, ધન અને જીવનને સ્થિર રાખવાને માટે મનુષ્યો કાંઇ ઓછું સાહસ કરતા નથી. દેહમાં હમેશાં જુવાની દેખાય, અર્થાત્ બાલ ધોળા ન થાય, ચામડીમાં કરચલીયો ન પડે, માંસ સુકાઇ જઇને હાડકાં ઉપર ન આવે એટલા માટે અનેક પ્રકારના ઔષધોનો ઉપચાર કરે છે, અપૂર્ણ પૂન્યવાળા અનેક જીવોનો નાશ કરે છે અને અનેક પ્રકારના રસાયણિક પ્રયોગો કરે છે; પણ જે વસ્તુ સ્વભાવથી જ અસ્થિર છે તે સ્થિર કેવી રીતે રહી શકે ? યુવાવસ્થા ટકાવી રાખવા ધન તથા જીવન ખરચીને ચોવીશે કલાક કરેલી દેહની સેવા પરિણામે ફળવાળી થતી નથી. જે યુવાવસ્થા બાલ્યાવસ્થાની અસ્થિરતાજન્ય છે તે સ્થિર સ્વભાવવાળી ન જ હોઈ શકે. જેનું કારણ અસ્થિર છે તેનું કાર્ય સ્થિર ન જ થઈ શકે, અને જો સ્થિર થાય તો યુવાવસ્થા કદી આવે જ નહિં.

ધનને સ્થિર રાખવા લોઢાની તીજોરિયો બનાવી, તેમાં મૂકીને તાળાં વાસે છે, જમીન ખોદીને તેમાં દાટે છે, ધન લઈ જવાનો, નાશ કરવાનો કે સ્વામી બનવાનો જેના ઉપર વહેમ જાય છે તેનો નાશ કરવાને પ્રયત્ન કરે છે; તો પણ ધન ટકતું નથી અને જો ધન ટકે તો ધનવાન બની જ ન શકે, અર્થાત્ ધનવાન કંગાળ ન થાય, અને કંગાળ કદાપિ ધનવાન ન થાય; કારણ કે સ્થિર સ્વભાવવાળી વસ્તુ રૂપાંતર કે સ્થળાંતર કરી શકતી

નથી, અને એટલા જ માટે જેની પાસે ધન ન હોય તે હમેશાં ગરીબ જ રહે અને જેની પાસે ધન હોય તે ધનવાન જ રહે.

દેહ–જીવના સંયોગરૂપ જીવન અસ્થિર છે, વિયોગી સ્વભાવવાળું છે, છતાં અસ્થિર સ્વભાવવાળા સંયોગોને સ્થિર સ્વભાવવાળા બનાવવાને માટે માનવીઓ વધારે કાળજી અને પ્રયત્નવાળા હોય છે. અનેક જીવોના દેહ–સંયોગરૂપી જીવનનો વિનાશ કરે છે, અર્થાત્ પરના દેહ–જીવના સંયોગનો વિયોગ પોતાના દેહ–જીવના સંયોગને સ્થિર બનાવવા વાપરે છે, પણ તે વિયોગ, સંયોગને સ્થિર બનાવી શકતો નથી.

અસાર સંસારને સાર બનાવવા વલખાં મારનારાઓ છેવટે નિરાશ થઈને જ વિદાય થયા છે. બાગ, બંગલા, વસ્ત્ર, ઘરેણાં, નાટક, સિનેમા, મોટર, અનેક પ્રકારનાં મનગમતાં ભોજનો, અનેક પ્રકારનાં વિષયતૃપ્તિનાં સાધનો અને વખતોવખત બદલાતાં મોહના ઉદ્દીપક વેશ, ભાષા, તથા આકૃતિ–પ્રકૃતિયોની વિલક્ષણતા વિગેરે વિગેરે વસ્તુઓ અને ભાવો દ્વારા સંસારને સાર બનાવવા બુદ્ધિ તથા જીવન ખરચીને અથાગ પરિશ્રમ કરવા છતાં પણ આજ સુધીમાં કોઇએ પણ સફળતા મેળવી નથી.

જન્મ્યા પછી માતાપિતાએ ઓળખાણની ખાતર રાખેલાં બનાવટી નામોને શાશ્વતાં બનાવવા–અમર રાખવા–માટે પણ કાંઈ ઓછો પ્રયાસ સેવવામાં આવતો નથી. સમજુ કે અણસમજુ, ત્યાગી કે ભોગી, પ્રાયઃ આખો ય માનવસમાજ નામના–પ્રસિદ્ધિની ખાતર તનતોડ પ્રયત્ન કરી રહ્યો છે. ધનવાળા ધન, જીવનવાળા જીવન, સંયમવાળા સંયમ, ચારિત્રવાળા ચારિત્ર, જ્ઞાનવાળા જ્ઞાન, બોધવાળા બોધ, અને બુદ્ધિવાળા બુદ્ધિ, તાત્પર્ય કે પ્રાચ્ય પુન્યોદયથી જેને જે કાંઈ બક્ષીસ મળી

છે તેનો ઉપયોગ કલ્પિત, બનાવટી અને દેહવિલયની સાથે સાથે જ નષ્ટ થનારાં નામોને ચિરસ્થાયી અથવા તો યુગાન્ત સુધી રાખવાને માટે જ મોટે ભાગે કરવામાં આવે છે.

કલ્પના શિલ્પીએ દેહ ઉપર કોતરેલાં નામોને ચિરસ્થાયી બનાવવા પથરાઓ ઉપર કોતરાવી ધર્મસ્થળો અથવા તો સામાન્ય મકાનોની દીવાલોમાં ચોંટાડીને અમર નામ રાખવાનું સાહસ કરાય છે; પણ તે પથરાઓ કાળાંતરે નષ્ટ થતાંની સાથે જ નામ પણ નાશ પામી જાય છે, અને આ હેતુથી વાપરેલી પોતાની ધૃષ્ટ વસ્તુઓ નિષ્ફળ થાય છે. નાશવાન દેહને ઓળખવા માટે રાખવામાં આવેલાં નામોને વર્તમાન પદ્ધતિથી આજ સુધીમાં કોઇ પણ અવિનાશી બનાવી શકયું નથી.

ગુણશૂન્ય કેવળ નામ માત્રના ઉપચારથી કોઇ પણ વસ્તુ મહત્ત્વતા મેળવી શકતી નથી, છતાં વર્તમાન કાળમાં પ્રચારની પદ્ધતિને અનુસરીને મહાન બનવાનું સાહસ ઓછું ખેડાતું નથી. વિપિન, અરુણ, શરચ્ચંદ્ર, લક્ષ્મીપતિ, જગત્પૂજ્ય, સર્વતંત્ર-સ્વતંત્ર વિગેરે વિગેરે નામોપચાર દ્વારા ગુણ પ્રાપ્ત કરીને કોઇ પણ મહાન બની શકયું નથી, છતાં નામોપચારથી જ મહાન બનવાની પ્રવૃત્તિની પ્રતિદિન પ્રગતિ જોવામાં આવે છે, તે કાંઇ ઓછું સાહસ કહેવાય ? કેવળ નામ માત્ર ધારણ કરીને પરમેષ્ઠી પદ મેળવવા પ્રયત્ન કરવો તે પણ સાહસની પરાકાષ્ઠા જ કહી શકાય.

મહોત્પાદક નિમિત્તોથી વેગળા રહીને તો ઘણાઓએ મોહને જીત્યો છે; પણ મોહના ઘરમાં રહીને મોહને જીતવા પ્રયત્ન કરવો તે સર્વ સાહસોમાં પ્રધાન સાહસ જ ગણાય. સુંદર સુંદર વસ્ત્રો તથા આભૂષણોમાં સજ્જ થયેલી નવયૌવનવાળી સ્ત્રીઓના સહવાસમાં રહેવું, વાસમાં રહેવું અથવા તો વધુ પરિચયમાં

આવવું, મનને ખૂબ ગમે, પસંદ પડે, આંખોને બહુ જ સુંદર લાગે તેવા મકાનોમાં રહેવું, શરીરની શોભા વધારનારાં, સુખદ સ્પર્શવાળાં વસ્ત્રો વાપરવાં, જીભને બહુ જ ભાવે તેવાં ભોજન કરવાં, અને મોહના બળને વધારનાર ચિત્તાકર્ષક વસ્તુઓવાળા વાસસ્થળોમાં વસીને મોહવિજેતા તરીકે કહેવડાવવું કે ઓળખાવવું તે કાંઇ ઓછું સાહસ ન સમજવું. પ્રાચીન કાળના મહાસત્ત્વશાળી મહાપુરુષોની મોહની જીતવાની પદ્ધતિથી વર્તમાન કાળના માનવસમાજની પદ્ધતિની વિલક્ષણતા સ્પષ્ટ દૃષ્ટિગોચર થઇ રહી છે, અને તે ઉદ્દેશને કેટલી અનુકૂળ છે તે વર્તમાન કાળનો બુદ્ધિશાળી ધર્મીષ્ટ માનવસમાજ સારી રીતે સમજી શકે છે.

થોડાક સમયથી આત્મિક ધર્મ, વીતરાગતા અને સમભાવને વિકસાવવાને માટે નૂતન પદ્ધતિનો આવિષ્કાર થયો છે, અને તે વીતરાગ દશા પ્રાપ્ત કરનારા પૂર્વપુરુષોની પદ્ધતિથી પ્રાયઃ સર્વથા ભિન્ન ભાસે છે.

ધર્મને માટે અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીતરાગતા અને સમભાવના આદિ આત્મિક ગુણો માટે, જીવાત્માઓની સાથે વિરોધ કરવો, શત્રુતા ધારણ કરવી, આદર્શ જીવને હલકા પાડવા, હલકા વિચારો રાખવા, નીચ પ્રયત્નો આદરવા, અસત્ય, માયા-પ્રપંચનો અત્યંત આદર કરવો, જડ તથા જડના વિકારોમાં અત્યંત આસક્તિ રાખવી, ગુણવાનોની મહત્ત્વતાથી અંજાઇ જઇને અદેખાઇ-અસહિષ્ણુતાથી ગુણવાનો ઉપર જૂઠા આક્ષેપો કરવા વિગેરે વિગેરે પ્રવૃત્તિ આદરીને પોતાને ધર્મીના નામથી ઓળખાવીને, આત્મિક ગુણોના વિકાસ માટે સતત પ્રયત્ન કરવો તે આત્મવિકાસની નવીન શોધ પ્રમાણે અપૂર્વ સાહસ જ કહેવાય. રાગદ્વેષના સેવનને વીતરાગ દશા મેળવવાનું

સાધન કહેવું તે કેટલું બધું સાહસ? વિષયને જીતવાનું સાધન બનાવનાર ઓછા સાહસી ન કહેવાય. સિંહનું મોઢું–ચહેરો પહેરીને શ્વાન ભલે સિંહ બનવાનું સાહસ કરે પણ સિંહણના પેટે અવતરેલ સિંહ તો તે બની શકે જ નહીં. સિંહનો ચહેરો માત્ર જોઇને ભોળાં મેંઢા ભલે સિંહ માનીને ડરી જાય પણ હાથી જેવું ચતુર પ્રાણી તો ચહેરાની પાછળ રહેલી શ્વાનની વૃત્તિને ઓળખી શકે છે, અને એ તેનાથી ભય ન પામતા તેના સાહસને હસી કાઢે છે.

આ પ્રમાણે અને બીજી રીતે અનેક પ્રકારનાં સાહસો વર્તમાન કાળમાં ખેડાય છે, છતાં આજ સુધીમાં કોઇએ પણ સફળતા મેળવી નથી, માટે આવાં સાહસો છોડી દઇને પૂર્વે થઈ ગયેલા જ્ઞાની મહાપુરુષોના માર્ગમાં રહીને પ્રયત્ન કરવામાં આવે તો કેટલેક અંશે સફળતા મળી શકે ખરી.

સુખની શોધમાં.

(૫)

આનંદ તથા સુખ માટે જડ વસ્તુની સર્વથા આવશ્યકતા નથી.

આનંદ તથા સુખ શું વસ્તુ છે તેને જાણવાની અત્યંત આવશ્યકતા છે. આપણે જે વસ્તુ મેળવવી હોય તેનો સ્વભાવ, ગુણ તથા ધર્મ, તેમજ અનુકૂળતા તથા પ્રતિકૂળતા આદિ બાબતો સાચી રીતે અને સારી રીતે જાણતા હોઇએ તો જ તે વસ્તુ સાચી તથા સારી મેળવી શકીએ છીએ, જેથી કરી આપણી ઇચ્છા પૂર્ણ થવાથી આપણને સંતોષ મળે છે. અણજાણપણે અજ્ઞાનતાથી બહુ લોકમાર્ગને અનુસરીને દેખાદેખીથી ઝંપલાવવાથી આપણને લાભને બદલે નુકશાન થાય છે. આપણું અમૂલ્ય જીવન વિનાશ કરીને તુચ્છ તથા અસાર વસ્તુઓનો સંગ્રહ કરી લઇએ છીએ, કે જે વસ્તુઓ આપણું ઇચ્છિત સાધવાવાળી ન હોવાથી નિરાશાપૂર્વક છોડી દેવી પડે છે; અથવા તો તે વસ્તુઓ વિનાશી હોવાથી સ્વતઃ નષ્ટ થઇ જાય છે, માટે જ આનંદ તથા સુખનું સ્વરૂપ સાચી રીતે જાણ્યા પછી જ

તેને મેળવવા પ્રયત્ન કરવામાં આવે તો અંતે પશ્ચાત્તાપપૂર્વક નિરાશ ન થવું પડે.

સંસારમાં પ્રાણી માત્ર આનંદ તથા સુખના અભિલાષી છે; અને તે આનંદ તથા સુખ મેળવવા નિરંતર પ્રયત્નવાળા થઈને આખું ય માનવ જીવન તેના માટે વ્યતીત કરે છે; છતાં માનવીઓનો મોટો ભાગ આનંદ તથા સુખના માટે હતાશ થયેલો દૃષ્ટિગોચર થાય છે, તેનું કારણ તપાસીએ છીએ તો સ્પષ્ટ જણાઇ આવે છે કે, આનંદને ઇચ્છનારા મનુષ્યો અજ્ઞાની જીવોની સુખના માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓને અનુસરવાવાળા હોય છે, જેથી કરીને છેવટે તેમને આનંદ–સુખના માટે નિરાશા ભોગવવી પડે છે.

જીવોને અનાદિ કાળનો અભ્યાસ તથા જન્માંતરોના સંસ્કારોને લઈને સાચું સુખ તથા આનંદને પ્રાપ્ત કરવા અન્યને પ્રાપ્ત કરાવનાર મહાપુરુષોનો માર્ગ તથા વચનો તેને રુચતાં નથી, અને મિથ્યા આનંદ તથા સુખના પ્રવાહમાં તણાતા અજ્ઞાની જીવોની સાથે પોતે પણ તણાય છે, ને છેવટે આપત્તિ–વિપત્તિના સમુદ્રમાં ગોથાં ખાધા કરે છે. સાચા સુખનો માર્ગ પૂર્વે કોઈ પણ જન્મમાં જોયેલો ન હોવાથી તેમને સુખના માટે ભય તથા સંશય રહે છે. સુખ મળશે કે કેમ ? દેખીતું તો દુઃખ જણાય છે, ઇત્યાદિ વિકલ્પો થયા કરે છે.

જે વસ્તુ તરત જ અસર કરવાવાળી હોય, તત્કાળ ફળ આપવાવાળી હોય–ચાહે પછી તે ક્ષણિક–અસ્થિર કે અસાર કેમ ન હોય તે અજ્ઞાની જીવોને બહુ જ ગમે છે. દેખાવમાં ચિત્તાકર્ષક, ઉપભોગમાં આનંદ આપનારી કે ગુણ કરનારી હોવી જોઇએ. ઘડી પછી ભલે તેના રૂપ, રંગ કે ગુણ કેમ ન

બદલાઈ જાય, અજ્ઞાનીઓ તેને માટે તલસતા રહે છે.

ક્ષણિક આનંદ તથા ક્ષણિક સુખ જડ વસ્તુઓનો ઇન્દ્રિયો સાથે સંયોગ થવાથી ઉત્પન્ન થાય છે, અને તે જડ વસ્તુઓના વિયોગથી નષ્ટ થાય છે, જડનો સંયોગ બન્યો રહે અથવા તો નષ્ટ થાય તો પણ એક વખત થયેલા સંયોગ સ્મરણથી પણ જીવને ક્ષણિક આનંદ તથા સુખ મળે છે. જડ સંયોગના પ્રથમ ક્ષણમાં જે આનંદ અને સુખ જીવો ભોગવે છે, તે અનન્તર ક્ષણોમાં ઘણું જ ઓછું ઓછું થતું જાય છે, અને તે છેવટે દુઃખના રૂપમાં બદલાઈ જાય છે; અર્થાત્ જે જડ સંયોગ આનંદ તથા સુખ આપનાર હોય છે તે જ સંયોગ નિરાનંદતા તથા દુઃખ આપનારો થઈ જાય છે, જેથી કરીને જીવો તેવા સંયોગનો વિયોગ ઇચ્છયા કરે છે.

અનુકૂળ જડ વસ્તુઓનો સંયોગ થતાં વેંત જ તત્કાળ ક્ષણિક સુખ તથા આનંદ પ્રાપ્ત થાય છે. પણ સાચું સુખ તો જીવ ઉપર રહેલા આવરણોનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે. સાચા સુખને ન ઓળખી મિથ્યા સુખને જ સુખ માનનારા અજ્ઞાની જીવો અનુકૂળ જડ સંયોગ માટે જ નિરંતર પ્રયત્ન કર્યે જાય છે. પરંતુ અજ્ઞાનતાથી આવરણોના ક્ષય માટે લેશ માત્ર પણ પ્રયત્ન કરતા નથી, જેથી કરી તેમની સુખની ઇચ્છા પૂર્ણ થતી નથી.

આત્મા ઉપર જ્યાં સુધી આવરણો વિદ્યમાન છે ત્યાં સુધી લેશ માત્ર પણ સુખ જીવોને મળી શકતું નથી; કારણ કે સુખ આત્માનો સ્વભાવ છે, આત્માનું સ્વરૂપ છે. આવરણોના વિદ્યમાનપણામાં અનુકૂળ જડના સંયોગથી જીવો જે સુખ માને છે તે દુઃખમાં સુખની ભ્રાન્તિ છે–ભ્રાન્તિજન્ય સુખ છે, વાસ્તવિક

સુખ નથી, અને તેથી કરીને પરિણામે તે દુઃખના રૂપમાં બદલાઇ જાય છે અર્થાત્ પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. બે જડ વસ્તુઓના સંયોગનું નામ સુખ નથી; પણ આત્મા અને આત્માની સાથે મળેલા જડના વિયોગનું નામ સુખ છે. સુખ અને આત્મવિકાસ નામાંતર છે પણ અર્થાંતર નથી; તેવી જ રીતે દુઃખ અને આત્મવિનાશ પણ નામાંતર જ છે.

કોઇને પેટમાં મળ ભરાઇ રહેવાથી દરદ થતું હોય, અને વૈદ્ય પેટ ઉપર દવા ચોપડે કે તરત જ તે દવાની અસરથી પેટમાં દુઃખતું બંધ થઈ જાય છે; પણ તે દવાના પરમાણુઓ નષ્ટ થયા પછી દવાને અંગે મટી ગયેલ દરદ પાછું હતું તેવું થઇ જાય છે–ક્ષણિક જ આરામ રહે છે અને દવા ન ચોપડતાં જુલાબ આપી મળશુદ્ધિ કરવામાં આવે તો સર્વથા દરદનો નાશ થઈ જાય છે. મળના અભાવે લેશ માત્ર પણ દરદ રહેતું નથી, તેમજ પાછું થતું નથી. તેવી જ રીતે કર્મરૂપ મળને લઈને પીડાતા પ્રાણિયોને સુખના માટે–પીડા દૂર કરવા જડ વસ્તુઓના સંયોગરૂપ ઉપચાર કરવામાં આવે તો તે જડનો જ્યાં સુધી સંયોગ રહે છે ત્યાં સુધી પ્રાણિયો સુખ વેદે છે; પણ જડનો સંયોગ દૂર થવાથી પાછા હતા તેવા દુઃખી થઈ જાય છે. જો જ્ઞાની વૈદ્ય મળશુદ્ધિ સદૃશ ત્યાગ વૈરાગ્યનો જુલાબ આપી કર્મમળની શુદ્ધિ કરે તો પછી નિત્યસુખની પ્રાપ્તિ થાય છે. ફરીને આધિવ્યાધિનું દુઃખ ઉત્પન્ન થતું નથી. જીવો સુખી થવા માટે અનાદિ કાળથી વિવિધ પ્રકારના જડના વિકારોના સંયોગરૂપ ઉપચાર કરતા આવ્યા છે, છતાં કર્મમળના સદ્ભાવથી જન્મ, જરા તથા મરણ આદિના દુઃખો ભોગવી રહ્યા છે. જડાત્મક ક્ષણિક સુખમાં સંતોષ માનનારાઓ મુક્તિના

અભાવે સાચા સુખથી વંચિત રહીને દુઃખોથી છૂટી શકતા નથી.

સંયોગથી ઉત્પન્ન થવાવાળી વસ્તુ બનાવટી હોય છે, માટે જ તે વસ્તુ સાચી હોતી નથી; કારણ કે સંયોગનો વિયોગ થવાથી તરત જ તે વસ્તુનો નાશ થઇ જાય છે. ઇંટ, ચૂનો, પત્થર, લાકડાં, માટી આદિના સંયોગથી બનેલું મકાન આપણને આનંદ આપે છે, પણ તે મકાન પડી જઇ, ઇંટ વગેરે વસ્તુઓ છૂટી પડી ગયા પછી આપણને આનંદ આપી શકતું નથી. રંગબેરંગી તાંતણાઓથી વણાઈ તૈયાર થયેલું વસ્ત્ર આપણને સુંદર લાગી આનંદ આપે છે, તે જ વસ્ત્ર ફાટી જવાથી, તાંતણાઓ છૂટા પડી ગયા પછી આનંદ આપતું નથી. આવી જ રીતે જડ તથા જડના વિકારોથી બનેલી બનાવટી વસ્તુઓ આત્માને સાચું સુખ તથા સાચો આનંદ આપી શકતી નથી.

આનંદ તથા સુખ આત્માના ધર્મ છે અને તે આત્મામાં જ રહે છે. જેમ ફૂલની સુગંધ ફૂલમાં, સાકરની મીઠાશ સાકરમાં, દીવાનું અજવાળું દીવામાં રહે છે તેવી જ રીતે આત્માનો આનંદ તથા સુખ આત્માને છોડીને બીજી કોઈ પણ જડ વસ્તુમાં રહેતાં નથી. સાકરને મીઠાશ માટે, ફૂલને સુગંધી માટે અને દીવાને અજવાળા માટે બીજી વસ્તુઓની જરૂરત નથી તેવી જ રીતે આત્માને સુખ માટે આત્માથી ભિન્ન અન્ય વસ્તુની જરૂરત નથી, કારણ કે મીઠાશ, સુગંધી, પ્રકાશ અને આનંદ માટે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ તે વસ્તુઓ સાકર, ફૂલ, દીવો અને આત્મા જ હોય છે.

સંસારમાં રહેલા પદાર્થોમાં બે પ્રકારના ધર્મો હોય છેઃ એક તો સાધારણ ધર્મ અને બીજો અસાધારણ ધર્મ. સાધારણ ધર્મો ભિન્ન ભિન્ન વસ્તુઓમાં એક રૂપે રહેવાવાળા હોય છે અને

અસાધારણ ધર્મો અમુક અમુક વસ્તુઓમાં જ ખાસ રહેવાવાળા હોય છે, જેમકે પ્રકાશ અસાધારણ ધર્મ છે અને તે દીપકમાં રહે છે. મીઠાશ સાકરમાં જ રહે છે, ખારાશ મીઠામાં જ રહે છે, સુગંધ પુષ્પોમાં જ રહે છે, આનંદ આત્મામાં જ રહે છે. અને સાધારણ ધર્મ જેવા કે–રતાશ, લાલાશ આદિ વર્ણ, કઠણ, મૃદુ આદિ સ્પર્શ વિગેરે અનેક વસ્તુઓમાં રહેવાવાળા હોય છે. અસાધારણ ધર્મો પણ અન્ય વસ્તુના સંયોગથી અનેક વસ્તુઓમાં જણાય છે, પણ તે સંયોગ દૂર થવાથી તે ધર્મ પણ નષ્ટ થઈ જાય છે. જેમકે–પાણી શીતળ હોવા છતાં અગ્નિના સંયોગથી ઉષ્ણ થાય છે, દેહ જડ હોવા છતાં ચૈતન્યના સંયોગથી દેહમાં જ્ઞાન તથા ચેષ્ટા વિગેરે જણાય છે, પાણી આદિ ફીકી વસ્તુઓ સાકરના સંયોગથી મીઠી થાય છે, પણ અગ્નિ, ચૈતન્ય તથા સાકરનો વિયોગ થવાથી તે વસ્તુઓ પાછી પોતાના અસાધારણ ખાસ ધર્મવાળી જણાય છે. તાત્પર્ય કે અસાધારણ ધર્મ વસ્તુને ઓળખાવનાર હોઈ વસ્તુથી જુદો પડી શકતો નથી. અભેદપણે તે વસ્તુમાં જ રહે છે, અને સાધારણ ધર્મ અનેક વસ્તુઓમાં રહેતો હોવાથી વસ્તુને ઓળખાવી શકતો નથી અને બદલાતો રહે છે. કેરી કાચી હોય છે ત્યારે લીલી, કઠણ અને ખાટી હોય છે; પણ પાકે છે ત્યારે પીળી, નરમ અને મીઠી થાય છે. આત્માના ખાસ ધર્મ, જ્ઞાન, આનંદ તથા સુખ વિગેરે હોય છે તે કર્મરૂપ જડના સંયોગથી આધિ, વ્યાધિ, જન્મ, જરા, મરણ, મૂઢતા આદિ અન્ય ધર્મોનો આભાસ આત્મામાં થાય છે, કર્મનો સર્વથા વિયોગ થવાથી આત્માના ખાસ ધર્મો વિદ્યમાન રહે છે, અને બીજા સંયોગજન્ય ધર્મો નષ્ટ થઇ જાય છે; માટે જ આત્મામાં આધિ, વ્યાધિ કે દુઃખ જેવી વસ્તુઓ નથી. જે જણાય છે તે કર્મજન્ય હોવાથી સુખના

અભિલાષીઓએ કર્મનો નાશ કરવા, કર્મને આત્મામાંથી છૂટા પાડવા પ્રયત્ન કરવો જોઇએ પણ અન્ય જડનો સંયોગ ન ઇચ્છવો જોઇએ. જડના સંયોગથી કદાપિ સુખ મળી શકતું નથી. અગ્નિના સંયોગથી ઉનાં થએલા પાણીને શીતળ કરવાને અગ્નિ તથા અગ્નિ જેવા ઉષ્ણ પદાર્થોની આવશ્યકતા નથી પણ ઉષ્ણ પદાર્થોના વિયોગની જરૂરત છે, કાદવથી ખરડાએલા વસ્ત્રને ઉજળું કરવા કાદવની જરૂરત નથી પણ જે વસ્તુથી કાદવ દૂર થાય તેવી વસ્તુની જરૂરત છે. જો અગ્નિથી પાણી શીતળ થાય, કાદવથી વસ્ત્ર ઉજળું થાય તો જ જડ તથા જડના વિકારોથી આત્માને સુખ મળી શકે.

એક માણસ વગડામાં જન્મ્યો હોય, અને વગડો છોડીને બીજે કયાંય પણ ગયો ન હોય, જન્મથી જ કોઠા, બીલાં આદિ તુચ્છ ફળો ખાઈને આનંદ માનતો હોય તેવા માણસને શહેરમાં લાવીને સારામાં સારૂં મિષ્ટાન્ન જમાડીએ તો તેને તે મિષ્ટાન્ન ભાવશે નહીં, તેને મિષ્ટાન્ન ખાવાને રુચિ પણ નહિ થાય તો પછી તેને આનંદ તથા સુખતો કયાંથી જ મળે? તેને તો કોઠા તથા બીલાં જ ખાવાનું મન થયા કરશે, તેવી જ રીતે જે જીવોએ અનાદિ કાળથી જડ વસ્તુઓના સંયોગજન્ય ક્ષણિક સુખનો જ સ્વાદ ચાખ્યો છે તેને જડ વસ્તુના સર્વત્યાગથી ઉત્પન્ન થતા સાચા સુખ પ્રત્યે રુચિ નહિં જ થાય. તેને સાચું સુખ ગમશે જ નહિ; ક્ષણિક મિથ્યા સુખની જ અભિલાષા થયા કરશે.

ભોગજન્ય સુખ અને ત્યાગજન્ય સુખ, આ બંને પ્રકારના સુખમાં ઘણું જ અંતર રહેલું છે. ત્યાગજન્ય સુખ, ઉત્તમ પ્રકારનું અને ચિરસ્થાયી છે ત્યારે ભોગજન્ય સુખ કનિષ્ઠ અને ક્ષણિક છે. જેણે ત્યાગજન્ય સાચા સુખનો સ્વાદ

ચાખ્યો છે, તેને પછી ભોગજન્ય સુખ ભાવતું નથી, તેમ જ સરખાઈ–આનંદ પણ મળી શકતો નથી. મહાત્મા પુરુષો ત્યાગ-જન્ય સુખથી તૃપ્ત થએલા હોવાથી તેમની સરખાઇ વૃત્તિઓ ભોગ તરફ જતી નથી, કારણ કે તેઓ ભોગોને રોગો માને છે પણ સુખ માનતા નથી.

ભોગો ભોગવતા સુધી જ મીઠા લાગે છે, પણ પાછળથી તેનાં ફળ ઘણાં જ કડવાં હોય છે. ભોગો ભોગવ્યા પછી ભોગો-ના સુખનો અંશ પણ રહેતો નથી. તમે મિષ્ટાન્ન ખાઓ છો તેનો સ્વાદ જ્યાં સુધી જીભ પર હોય છે ત્યાં સુધી જણાય છે. પેટમાં ગયા પછી તેનો સ્વાદ લેશ માત્ર પણ જણાતો નથી એટલું જ નહિં પણ તે પછી કોઈ પણ દિવસ ખાધેલા મિષ્ટાન્ન-નો આનંદ મળી શકતો નથી. નાટક જોવામાં પણ જ્યાં સુધી જુઓ ત્યાં સુધી જ આનંદ, પછી તે આનંદનો અંશ પણ રહેતો નથી. આવી જ રીતે બીજી ઇંદ્રિયોના વિષયો પણ ભોગજન્ય હોવાથી ક્ષણિક અને મિથ્યા આનંદવાળા હોય છે.

સાચા આનંદ તથા સુખને માટે કોઈ પણ પ્રકારના ભોગોની જરૂરત રહેતી નથી, કારણ કે સુખ તથા આનંદને ભોગવનાર આત્મા છે. તે આત્માના અંદર રહેલા આનંદ ભોગરૂપી આવ-રણો ખસી જવાથી પ્રગટ થાય છે. તે સંપૂર્ણ પ્રગટ થયા પછી કોઇપણ કાળે જતો ન હોવાથી આત્માને તે આનંદના માટે ભોગોની આવશ્યકતા રહેતી નથી. જેમકે—કોઈ માણસ ગરીબ હોય અને તેને શ્રીમંત થવું હોય છે ત્યારે તે માણસ બીજા-ની પાસેથી વ્યાજે પૈસા લઇને વ્યાપાર કરે છે. જ્યારે તે વ્યાપાર-માં લાભ મેળવી સારો પૈસો કમાય છે ત્યારે તે વ્યાજે લીધેલા

પૈસા આપી દઈને પોતાના પૈસાથી વ્યાપાર કરે છે; તેને બીજાની પાસેથી પૈસા લેવાની જરૂર પડતી નથી. જ્યાં સુધી માણસ અશક્ત હોય છે ત્યાં સુધી જ લાકડીના ટેકાની જરૂરત રહે છે. શક્તિ આવ્યા પછી લાકડીના ટેકાની જરૂરત રહેતી નથી. તેવી જ રીતે જ્યાં સુધી આત્માને પોતાનું સાચું સુખ મળતું નથી ત્યાં સુધી જ ક્ષણિક આનંદ માટે પારકી વસ્તુઓની જરૂરત રહે છે, પણ જ્યારે સાચા સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે તે પારકી વસ્તુઓને ચ્હાતો નથી.

સંસારમાં જડ વસ્તુઓનો ઉપભોગ કરનારા બે પ્રકારના અધ્યવસાયવાળા હોય છે. એક તો જીવનનિર્વાહ માટે જડનો ઉપભોગ કરે છે, અને બીજા મોજશોખ માટે ઉપભોગ કરે છે. આ બંને પ્રકારના ઉપભોગ કરનારાઓમાંથી જેમનો આશય જીવનનિર્વાહનો છે તેમને તો ગમવું ન ગમવું, સારું નરસું ઇત્યાદિ માનસિક વિકૃતિથી થતો ભેદભાવ હોતો નથી, જેથી કરી તેમને કોઇપણ પ્રકારની અગવડતા નડતી નથી; પરંતુ જેઓ આનંદ અને સુખના માટે જડનો ઉપભોગ કરે છે તેમને સારા નરસાનો ભેદ રહેલો હોવાથી જ્યારે સારી વસ્તુ મળે છે ત્યારે તેમને આનંદ પ્રાપ્ત થાય છે અને નરસી વસ્તુ :મળે છે ત્યારે તેઓ ઘણા જ દુઃખી થાય છે.

જડ વસ્તુઓમાંથી આનંદને ખોળનારાઓ હંમેશાં અસંતોષી જ રહ્યા કરે છે, કારણ કે તેઓ મનને ગમતી, આંખોને ગમતી, જીભને ગમતી, કાનને ગમતી, નાકને ગમતી એવી પોતાને અનુકૂળ વસ્તુઓ મેળવવા માટે હમેશાં ચિંતાવાળા હોય છે. પોતાને અનુકૂળ વસ્તુઓ મળ્યા પછી તે વસ્તુના વિયોગને

ઇચ્છતા નથી પરંતુ જે વસ્તુનો સંયોગ હોય છે તેનો વિયોગ પણ અવશ્ય હોય છે. જેથી કરીને મળેલી વસ્તુનો વિયોગ થવાથી તેમને ઘણું જ દુઃખ થાય છે. પાછી તે વસ્તુને મેળવવાની ચિંતા રહેવાથી નિરંતર તેઓ સુખને બદલે દુઃખ જ ભોગવ્યા કરે છે.

જડ વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થનાર સુખને જ સુખ માનનારા માનવીઓના જીવનનો મોટો ભાગ દુઃખમાં જ વ્યતીત થાય છે, કારણ કે પ્રથમ તો જડાત્મક સુખ સાચું સુખ નથી પણ દુઃખમાં સુખની ભ્રાંતિ હોવાથી ભ્રાન્તિજન્ય સુખ છે, બીજું જડનો પણ સંયોગ વિયોગ થવાથી સુખનો પણ સંયોગ-વિયોગ–થવાનો જ. સંયોગો પણ અનેક પ્રકારના થતા હોવાથી અનુકૂળ સંયોગો તો કવચિત જ થાય છે. નહિ તો માનવજીવનમાં પ્રતિકૂળ સંયોગો ઘણા થાય છે. કોઈની પાસે ધન હોય છે, તો શરીર સારું નથી હોતું, શરીર સારું હોય તો ધન નથી હોતું; ધન, સ્ત્રી અને શરીર સારું હોય તો પુત્રનો સંયોગ નથી હોતો. આ પ્રમાણે સંસારમાં માનવીઓ અનુકૂળ સંયોગવાળા થોડા અને પ્રતિકૂળ સંયોગવાળા ઘણા હોય છે. એક જ વખતે અનુકૂળ સંયોગો એક બે હોય છે તો પ્રતિકૂળ સંયોગો પાંચ પચીસ હોય છે. એટલે એક બે બાબતની અનુકૂળતા પચીસ પ્રકારની પ્રતિકૂળતાને લઇ દબાઈ જવાથી સુખને બદલે દુઃખ જ અનુભવાય છે.

જડાશ્રિત માનવીઓ બધી વાતની પ્રતિકૂળતાને સહન કરી શકે છે, પણ ધનની પ્રતિકૂળતાને સહન કરી શકતા નથી. ફકત ધનની અનુકૂળતા મળે એટલે પોતાને પરમ સુખી માને છે. ભલે શરીર રોગગ્રસ્ત કેમ ન હોય, અથવા તો સ્ત્રી, પુત્ર, મિત્ર

કે સ્વજનાદિકની પ્રતિકૂળતા કેમ ન હોય, બધી બાબતની પ્રતિકૂળતા કેમ ન હોય, બધી બાબતની પ્રતિકૂળતાને કેવળ ધનની અનુકૂળતાથી જ અનુકૂળ બનાવી શકે છે. અથવા તો માની લે છે; છતાં પરિણામે સુખથી વંચિત જ રહે છે.

સંસારમાં જ્યાં સુધી જીવ કર્મોના આવરણોથી મૂકાતો નથી ત્યાં સુધી જડ વસ્તુઓના સંયોગોમાં રહેવાનો અને એક પછી એક અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોમાં સુખ અને દુઃખ માનવાનો જ. અનાદિકાળનો અભ્યાસ હોવાથી અનુકૂળ જડનો વિયોગ તો નહિં જ ઇચ્છવાનો અને તેથી કરીને જડના અનુકૂળ કે પ્રતિકૂળ સર્વ પ્રકારના સંયોગો આનંદ તથા સુખના બાધક છે એમ તો નથી જ માનવાનો. જેથી કરી જડ વસ્તુઓથી વિરક્ત તો નથી જ થવાનો નથી જ થવાનો, અને વિરક્ત થયા સિવાય સાચા નિત્યસુખનો સ્વાદ પણ નથી જ ચાખવાનો અને સાચા સુખના અભાવથી બનાવટી સુખ માટે અનેક પ્રકારના અપરાધો કરીને કરીને સંસારમાં ભટકવાનો.

ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઈ આવે છે કે સુખ તથા આનંદ માટે સર્વથા જડની આવશ્યકતા નથી જ. જડ સુખનું ઉત્પાદક નથી પણ સાચા સુખનું બાધક છે; એવી દૃઢ શ્રદ્ધાપૂર્વક જડ વસ્તુઓથી વિરક્ત બનીને તેનો ત્યાગ કરનારાઓ જ સુખ તથા આનંદ મેળવી શકે છે; કારણ કે સુખ તથા આનંદ સર્વથા જડના વિયોગને કહેવામાં આવે છે. સર્વથા સર્વ પ્રકારના જડથી મુક્ત થવું તે જ સુખ છે. જેમ સર્વ કાર્યથી મુક્ત થવું તે વિશ્રાન્તિ, સર્વ ચિંતાઓથી મુકત થવું તે શાંતિ, સર્વ ઇચ્છાઓથી મુક્ત થવું તે સુખ અને સર્વ પ્રકારના જડથી મુક્ત થવું તેનું નામ આનંદ છે.

ક્ષમા—સહિષ્ણુતા.

(૬)

જ્યારે માનવી મિથ્યાભિમાન, અદેખાઈ તથા ક્રોધ આદિ વિકારોથી ગ્રસ્ત થાય છે ત્યારે તેને માનસિક દુઃખ ઘણું જ થાય છે. આવા દુઃખની શાન્તિ માટે કાયિક તથા વાચિક વ્યાપારદ્વારા બીજો માનવી, કે જે તેની સાથે પ્રતિકૂળપણે વર્ત્યો હોય કે ન પણ વર્ત્યો હોય તેને માનસિક તથા શારીરિક દુઃખ ઉત્પન્ન કરીને, અને વૈરનાં બીજ વાવીને પોતે સંતોષ માને છે; છતાં બંનેમાંથી આપસઆપસમાંની વૈરવૃત્તિ તથા એક બીજાના પ્રતિનો અણગમો જતાં નથી. એક બીજાને જુએ અથવા તો એક બીજાનું નામ સાંભળે કે તરત જ માનસિક પીડાના ઉભરાથી અકળાય છે અને તેને દૂર કરવાને એક બીજાના અવર્ણવાદ બોલીને ઉભરાને શમાવી દે છે.

મિથ્યાભિમાન અને અદેખાઇ આ બંનેનો ગાઢ સંબંધ છે, અથવા તો અદેખાઈને ઉત્પન્ન કરનાર જ મિથ્યાભિમાન છે. અદેખાઇ અને અસહિષ્ણુતા નામાંતર છે પણ અર્થાંતર નથી, એક જ વિકારના સૂચક બંને નામો છે. બીજાની સુખસંપત્તિ

જોઇને જનતામાં અસહિષ્ણુતા ઉત્પન્ન થવાના પ્રસંગો ઘણાં જોવાય છે; પણ બીજાની આપત્તિ-વિપત્તિ જોઇને અસહિષ્ણુતા ઉત્પન્ન થવાનો પ્રસંગ કવચિત કદાચિત જ જણાય છે.

સંસારમાં સજ્જન અને દુર્જન એમ બે પ્રકારના માણસો હોય છે. આ બંને પ્રકારના માનવીયોને ઓળખવાના લક્ષણોમાં સાધારણ લક્ષણ છે, અને તે અસહિષ્ણુતા છે. લક્ષણ સરખું હોવા છતાં પણ ભાવોની ભિન્નતાથી માનવીઓમાં ભેદ દેખાડે છે. દુર્જન માણસો હંમેશાં બીજાના સુખ-સંપત્તિને જોઇને કે સાંભળીને સહન કરી શકતા નથી, એટલું જ નહિં પણ ગુણવાન પુરુષોની મોટાઈ, કીર્તિ કે ગુણસ્તવના થતી જોઇને મનમાં બળ્યા કરે છે. અને આવા પુરુષોને જનતામાં હલકા પાડવા નીચ પ્રયાસોનો આદર કરે છે. ત્યારે સજ્જનો બીજાની આપત્તિ-વિપત્તિ જોઇને સહને કરી શકતા નથી, મનમાં દુઃખી થાય છે અને તેને દૂર કરવાને પોતાની સુખ-સંપત્તિનો ભોગ આપી સંતોષ માને છે, ગુણી પુરુષોની ગુણસ્તવના કરીને આહ્લાદ પામે છે.

સંસારમાં આ બંને પ્રકારની અસહિષ્ણુતામાંથી બીજાની સુખ-સંપત્તિ, ગુણસ્તવના જોઇને કે સાંભળીને અથવા અન્યના પ્રતિકૂળ વર્તનથી ઉદ્ભવેલી અસહિષ્ણુતાના અંગે અનિષ્ટ ઉપાયોદ્વારા એક બીજાની લાગણી દુભાવી હોય, અને એક બીજાને શારીરિક અથવા માનસિક દુઃખ આપી પરસ્પર વૈર-વિરોધ વૃતિયો પોષી હોય તેના માટે ક્ષમા માંગવાનો, અર્થાત્ પોતાના પ્રતિકૂળ વર્તનથી બીજાને થયેલા સંતાપને શમાવી દઈ સહન કરવાને પ્રાર્થના કરવાનો રિવાજ ચાલ્યો આવે છે.

આ બાબત માટે ધર્મશાસ્ત્રો પણ કહે છે કે–હંમેશ ન બની શકે, અને દ્વેષની પરાધીનતાના અંગે કદાચ વિરોધવૃત્તિ ઘણા વખત સુધી લંબાય તો પણ વર્ષના અંતે તો દ્વેષવૃત્તિથી છુટકારો મેળવીને બીજાની પાસેથી ક્ષમા માંગી લેવી જ જોઇએ, આપણી ગેરવર્તણુક સહન કરવા પ્રાર્થના કરવી જ જોઇએ અને બીજાએ તેની પ્રાર્થના સ્વીકારીને ક્ષમા આપવી જ જોઇએ.

આ પ્રમાણે સંસારમાં દ્વેષથી થયેલી પ્રવૃત્તિયેાની ક્ષમા આપવા અને ક્ષમા લેવા (સહન કરવા-કરાવવા) પ્રાર્થના કરવાની પ્રથા પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવે છે; પણ તેની સ્વાર્થ તથા પરમાર્થ દૃષ્ટિથી તપાસ કરતા પરમાર્થ દૃષ્ટિયે શુદ્ધ આશયથી ક્ષમા આપનાર તથા લેનાર બહુ જ થોડા પ્રમાણમાં જણાય છે, કારણ કે જનતા, કાર્ય માત્રમાં સ્વાર્થ તથા પરમાર્થ એમ બંને દૃષ્ટિ વાપરે છે. તેમાં પણ પરમાર્થ દૃષ્ટિ કરતાં સ્વાર્થ દૃષ્ટિનેા પુષ્કળ ઉપયેાગ કરે છે. આનું કારણ તો ખુલ્લું જ છે કે જનતાનેા બહેાળેા ભાગ અજ્ઞાન હેાવાથી આ લેાક સંબંધી પૌદ્ગલિક સુખનેા જ લાલચુ હેાય છે; છતાં કેાઇ કદાચ ધર્મશાસ્ત્રોમાં દૈવી સંપત્તિ કે ચક્રવર્તીની સમૃદ્ધિ સાંભળીને કાંઇક શ્રદ્ધાથી તેને મેળવવાની લાલસાથી પરલેાક સંબંધી પૌદ્ગલિક સુખેાને લક્ષ્યમાં રાખીને ક્ષમા આપવા-લેવાની પ્રવૃત્તિ કરે છે તેા પણ તે પુદ્ગલાનંદી હેાવાથી સ્વાર્થ દૃષ્ટિનેા જ ઉપયેાગ કરનાર કહેવાય છે.

પુદ્ગલાનંદી જીવેાની જ્યાં સ્વાર્થદૃષ્ટિ હેાતી નથી ત્યાં તેમને ક્ષમા માંગતાં કે આપતાં મિથ્યાભિમાન આડું આવે છે અને તેથી તેઓ સહન કરવા કરાવવાને ચાહતા નથી. તેવી જ

રીતે પરમાર્થ દૃષ્ટિવાળા મધ્યમ કોટીના સજ્જન પુરુષો પણ ક્ષમા આપવા સહન કરવા ચાહતા નથી, પરંતુ મિથ્યાભિમાની સ્વાર્થ-દૃષ્ટિ, અને મહત્ત્વાકાંક્ષી પરમાર્થદૃષ્ટિ આ બંનેની અસહિષ્ણુતામાં મોટું અંતર રહેલું છે. ઉપર કહ્યા પ્રમાણે સજ્જન પુરુષો બીજાની આપત્તિ-વિપત્તિ જોઇને સહન કરી શકતા નથી, અને પરના પૌદ્ગલિક દુઃખો ટાળીને તેને ગમે તે ભોગે પણ પૌદ્ગલિક સુખ પ્રાપ્ત કરાવવા પ્રયત્ન કરે છે ત્યારે મિથ્યાભિમાની દુર્જન પુરુષો બીજાની સુખ-સંપત્તિ જોઇને સહન કરી શકતા નથી; અને તેમના પૌદ્ગલિક સુખનો નાશ અને ગમે તે ભોગે પણ તેને પૌદ્ગલિક દુઃખોની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. આ જ પ્રમાણે ઉચ્ચ કોટીના મહત્ત્વાકાંક્ષી સજ્જન પુરુષોમાં પણ એક પ્રકારની અસહિષ્ણુતા હોય છે, અને તે મધ્યમ કોટીના સજ્જન પુરુષો જેવી જ હોય છે. ફરક માત્ર એટલો જ છે કે મધ્યમ કોટીના સજ્જન પુરુષો અશુભ કર્મના કાર્યરૂપ પૌદ્ગલિક દુઃખોને દૂર કરી અવાસ્તવિક ક્ષણિક સુખો પ્રાપ્ત કરાવવા પ્રયાસ કરે છે, ત્યારે ઉત્તમ કોટિના સજ્જનો દુઃખોના કારણરૂપ કર્મનો સમૂળગો નાશ કરી વાસ્તવિક અખંડ સુખ પ્રાપ્ત કરાવવાના અધ્યવસાયવાળા હોય છે.

આ ચાલુ ક્ષમા-સહિષ્ણુતાના પ્રકરણમાં ક્ષમાના સ્વરૂપને કાંઇક વધુ સ્પષ્ટ કરવાવાળું અને કાંઇક સંબંધ ધરાવવાવાળું હોવાથી અક્ષમા-અસહિષ્ણુતાનું યત્કિંચિત્ હાર્દ દેખાડ્યું છે તો તે સર્વથા અપ્રાસંગિક તો નથી જ. અને અપ્રાસંગિક ન હોવાનું બીજું પણ એક કારણ છે કે આગળ વર્ણવવામાં આવેલી સર્વદેશીય ક્ષમાના સ્વરૂપમાં અનુકૂળ વર્તનથી ઉદ્ભવેલી અ-

સહિષ્ણુતા અને આ ઉપર વર્ણવેલી અસહિષ્ણુતા બંને રાગથી ઉત્પન્ન થાય છે.

ક્ષમા તથા અક્ષમાની આપ–લે બે વ્યક્તિઓને આશ્રયીને કરવામાં આવે છે. જો બંને વ્યક્તિ ઉત્તમ કોટીની હોય તો સનિમિત્ત અથવા નિર્નિમિત્ત થયેલી અક્ષમાના અંગે ઉત્પન્ન થયેલા સંતાપને શમાવવા પરસ્પર એક બીજાની પ્રતિ–ક્ષમા માંગી લે છે અને આપે છે; પરંતુ જો એક વ્યક્તિ ઉચ્ચ કોટીની હોય અને બીજી હલકી કોટીની હોય તો એકપક્ષીય ક્ષમા મંગાય છે અને અપાય છે. ઉચ્ચ કોટીના પરમાર્થ દૃષ્ટિવાળાનાં હૃદય પાપભીરુ અને બહુ જ કોમળ હોય છે. તેમના પ્રતિ અન્ય તરફથી કરવામાં આવેલી ગેરવર્તણુકને તેઓ સહન કરી લે છે, પણ અદેખાઈ કે ક્રોધને વશ થઈને બીજાને સંતાપ આપી ગુન્હેગાર બનતા નથી. કદાચ અશુભ કર્મના તીવ્ર ઉદયથી ક્રોધાધીન થઇને અણજાણપણે બીજાના હૃદય દુભાવવાનો ગુન્હો કરે છે, પણ પાછળથી તેઓને બહુ જ પશ્ચાત્તાપ થાય છે અને ગુન્હામાંથી મુક્ત થવા તરત જ ક્ષમા માંગી લે છે.

ઉપર વર્ણવેલી, માત્ર પ્રતિકૂળ વર્તનને સહન કરવારૂપ એકદેશીય ક્ષમા સંસારમાં પ્રવાસ કરવાવાળા માટે ઘણી જ લાભદાયક છે, પણ સંસારની બહાર પ્રવાસ કરનારાઓ–સર્વથા કર્મનો નાશ કરી સંસારના પ્રવાસનો અંત લાવનારાઓ સર્વોચ્ચ કોટીના મહાપુરુષો માટે તો સર્વદેશીય ક્ષમાની અત્યંત આવશ્યકતા રહે છે. અતિશય વીર્યના ઉલ્લાસથી સંપૂર્ણ વિરક્ત-ભાવને પામેલા, અને આત્માને સર્વથા શુદ્ધ બનાવી સંસારના બહાર પ્રવાસ કરી સર્વ શુદ્ધ આવાસમાં વાસ વસવા ઉદ્યુક્ત

થયેલા આત્માઓ સર્વદેશીય ક્ષમાના બળથી જ સ્વકાર્યની સંપૂર્ણ સિદ્ધિ મેળવીને સિદ્ધ થાય છે. એકદેશીય તથા સર્વદેશીય બંને પ્રકારની ક્ષમા અનુકૂળ તથા પ્રતિકૂળ વર્તનને આશ્રયીને અપાય છે અને લેવાય છે. એકદેશીયમાં કેવળ પ્રતિકૂળ વર્તન છે ત્યારે સર્વદેશીય ક્ષમામાં અનુકૂળ તથા પ્રતિકૂળ બંને પ્રકારના વર્તન છે. આ સ્થળે વર્તનના બદલે ઉપસર્ગ શબ્દ વાપરવામાં આવે તો ક્ષમાનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થઈ શકે તેમ છે એટલે માત્ર પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરવો તે એકદેશીય ક્ષમા, અને અનુકૂળ તથા પ્રતિકૂળ ઉપસર્ગોને સહન કરવા તે સર્વદેશીય ક્ષમા.

સંસારમાંથી આત્માને બહાર ન નીકળવા દેનાર અને આત્માની અનંતી લક્ષ્મી લૂંટી લઇ કંગાળ બનાવીને, સ્વભાવથી જ સુખ તથા આનંદના કંગાળ એવા જડની પાસે આનંદ તથા સુખની ભિખ મંગાવનાર, રાગ અને દ્વેષ, આ બે જ આત્માના કટ્ટા શત્રુઓ છે. આ બંનેનો અનાદર કરીને હાંકી કાઢ્યા સિવાય આત્માને પોતાની અનંતી લક્ષ્મી, અનંત આનંદ, અનંતું સુખ, અનંતું જીવન, અનંતું જ્ઞાન, અનંતું દર્શન વિગેરે વિગેરે મળી શકવાનાં નથી. રાગ દ્વેષનો નાશ કરવાનું ન કહેતાં જે હાંકી કાઢવાનું કહેવામાં આવ્યું છે તે અમુક અપેક્ષાને લઇને છે. જો રાગ-દ્વેષનો સંસારમાંથી સર્વથા નાશ માનીયે તો સંસારવાસી સઘળાયે આત્માઓ સ્વસ્વરૂપને મેળવી સર્વ દુઃખો તથા કલેશોથી મુક્ત થઇ જાય, અર્થાત્ એક આત્માએ રાગ-દ્વેષનો સર્વથા નાશ કરી મુક્તિ મેળવી એટલે સંસારમાંથી રાગ-દ્વેષનો સર્વનાશ થવાથી સઘળાયે આત્મા મુક્તિ મેળવે, પણ તેમ બનવું અસંભવિત છે,

માટે જેમ કોઈ પણ જાત કીડાથી બદબદ થતા શરીરવાળા કૂતરાને કોઈ પણ ઘરમાં પેસવા દેતું નથી, મારીને બહાર હાંકી કાઢે છે તેવી જ રીતે દરેક આત્માએ રાગ–દ્વેષ પોતાના ઘરમાં પેસવા આવે તો સર્વદેશીય ક્ષમારૂપ દંડનો પ્રહાર કરી આત્મઘરમાં પેસવા ન દેતાં બહાર હાંકી કાઢવા. આ પ્રમાણે પ્રત્યેક આત્મા રાગ–દ્વેષના ઉપદ્રવોથી મુક્તિ મેળવી સદાને માટે સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ બની શકે છે.

અનુકૂળ ઉપસર્ગો સહન કર્યા સિવાય માત્ર પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરવાથી વીતરાગ દશા પ્રાપ્ત થઈ શકતી નથી. પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરવામાં એટલી કઠણાઈ નથી પડતી જેટલી કઠણાઈ અનુકૂળ ઉપસર્ગો સહન કરવામાં નડે છે. દ્વેષનો ઉપદ્રવ તો સહન પણ થઇ શકે છે; પરંતુ રાગનો ઉપદ્રવ સહન થવો બહુ જ મુશ્કેલ છે. કોઇ માણસ કોઇના પ્રતિ–પછી તે ત્યાગી હો–ક્રોધિત થઇને તાડના–તર્જના કે બિભિત્સ વચન બોલી પ્રતિકૂળ આચરણા કરે તો સામેનો માણસ સમજુ કે સુબોધ હોય તો આ બધું ય સહન કરી લે છે, કર્મનો વિપાક વિચારી તેના પ્રતિ વૈર–વિરોધની ભાવના રાખતો નથી; પણ કોઇ સજ્જન પ્રકૃતિનો માણસ છતા અછતા ગુણોનું કીર્તન કરે; જેમ કે–આપ તો દાનવીર છો, ધર્મના થાંભલા છો, આપે ધર્મના કાર્યો કરવામાં અનેક પ્રકારે ઉદારતા વાપરી છે, આપ હજારોના પાલણહાર છો અથવા તો આપ મહાન તપસ્વી છો, મહાજ્ઞાની છો, આત્માર્થી છો, શાસનના સંરક્ષણ છો, સદ્ધર્મના સંચાલક છો, લાખોના તારણહાર છો–વિગેરે વિગેરે. અને બહુ જ માન જાળવી વિનયથી વર્તે તેમ જ વિચાર તથા વર્તનની અનુકૂળતા સાચવે તો તેને સહન કરી શકતો નથી, તેના પ્રતિ રાગ કર્યા

સિવાય રહેતો નથી. પ્રફુલ્લિત મનથી સ્તવના કરનારની ચાહના રાખ્યા કરે છે. યદ્યપિ પ્રતિકૂળ વર્તનારને તો કોઇના પણ હૃદયમાં સ્થાન મળતું નથી; પરંતુ અનુકૂળ વર્તનારને તો યોગી હો કે ભોગી હો, સર્વના હૃદયમાં સ્થાન મળે છે. સઘળાયનું પ્રીતિનું પાત્ર બને છે. આ પ્રમાણે પ્રતિકૂળ વર્તનની ઉપેક્ષા કરનાર તો ઘણા નીકળી આવશે; પરંતુ અનુકૂળ વર્તનની ઉપેક્ષા તો સર્વોચ્ચદશા–વીતરાગદશા મેળવવા કટિબદ્ધ થયેલા જ કરી શકે છે. બાકી સંસારવાસી જીવો અનુકૂળ વર્તનની ઉપેક્ષા કરવાના અનધિકારી છે, અને કોઇ ઉપેક્ષા કરે તો તેના માટે દૂષણરૂપ ગણાય છે, પણ ત્યાગમાર્ગ અંગીકાર કરી વીતરાગની વાટે વળેલા મુમુક્ષુઓ માટે તો તે જ ઉપેક્ષા ભૂષણરૂપ ગણાય છે.

જે અનુકૂળ વર્તનને સહન કરે છે તે પ્રતિકૂળ વર્તનને સહન કરવાનો જ, અને જે પ્રતિકૂળ વર્તનને સહન કરે છે તે અનુકૂળ વર્તનને સહન કરે ય ખરો અને ન પણ કરે; કારણ કે જે અનુકૂળ વર્તનાર ઉપર રાગ કરે છે તે પ્રતિકૂળ વર્તનાર ઉપર દ્વેષ કરવાનો જ, પણ જ્યાં રાગ નથી ત્યાં પછી દ્વેષ હોય જ ક્યાંથી? દ્વેષ તેમનો જ નષ્ટ થઇ શકે છે કે જેમનો રાગ નષ્ટ થયો હોય છે, અને એટલા જ માટે વીતરાગ કહેવાય છે પણ વીતદ્વેષ નથી કહેવાતા. પ્રભુના જીવન તરફ જુઓ. એમણે અનુકૂળ તથા પ્રતિકૂળ બંને પ્રકારના ઉપસર્ગોને સહન કર્યાં છે. પ્રથમ તો રાગની ઉત્પાદક જેટલી અનુકુળતા હતી તે બધીય દૂર કરી, અને તે દૂર કર્યા પછી પણ જ્યારે જ્યારે અનુકૂળતા મળી છે ત્યારે ત્યારે તે બધી ય સહન કરી છે, રાગ

કર્યો નથી ત્યારે જ પ્રતિકૂળતાને તેઓ સહન કરી શક્યા છે; એટલે કે દ્વેષ કર્યો નથી અને છેવટે વીતરાગદશાનો વિકાસ કરી શકયા છે.

દ્વેષને કાઢવા માટે વસ્તુ માત્રમાંથી રાગ ઓછો કરવો જોઇયે. જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી દ્વેષ નીકળવાનો નથી. અને દ્વેષ તથા રાગ બંને ન નીકળે ત્યાં સુધી વસ્તુસ્થિતિનું ભાન થઈ શકવાનું નથી, યથાર્થ વસ્તુ ઓળખાવાની નથી અને યથાર્થ વસ્તુ ન ઓળખાય ત્યાં સુધી વિકાસનો માર્ગ દૂર જ રહેવાનો.

ઉપર જે કાંઈ ક્ષમાનું સ્વરૂપ વર્ણવ્યું છે તે પ્રકૃતિ તથા પ્રવૃત્તિ બંનેને આશ્રયીને છે. ક્ષમાની મૂળ પ્રકૃતિ, અનુકૂળતા તથા પ્રતિકૂળતા સહન કરવી, અર્થાત્ રાગ–દ્વેષ ન કરવો અને પ્રવૃત્તિ, માત્ર પ્રતિકૂળતા સહન કરવી એટલે માત્ર દ્વેષ ન કરવો. આ બંનેમાંથી મૂળ પ્રકૃતિને આશ્રયીને જો ક્ષમાના સ્વરૂપનો વિશેષ વિચાર કરીએ તો ઉપર વિચારી ગયા તેના કરતાં પણ તેનું ક્ષેત્ર ઘણું જ વિશાળ છે, અને એટલા માટે જ મુક્તિ મેળવવા કટિબધ્ધ થયેલા યતિયોના ધર્મમાં ક્ષમાને અગ્રસ્થાન આપ્યું છે.

અનાદિ કાળથી પરસ્પર અનેક પ્રકારના સંબંધોથી ઓત-પ્રોત થયેલા સંસારવાસી આત્માઓના એક બીજાના પ્રતિના અનુકૂળ–પ્રતિકૂળ વર્તનને આશ્રયીને જ સહન કરવાનું ઉપર કહેવામાં આવ્યું છે; પરંતુ આત્માથી ભિન્ન જડના અનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોથી ઉત્પન્ન થતા રાગ–દ્વેષને સહન કરવાનું જણાવ્યું નથી. વાસ્તવિકમાં તો ક્ષમાની, સહન કરવારૂપ જે મૂળ

પ્રકૃતિ છે તે ચૈતન્યના અનુકૂળ–પ્રતિકૂળ વર્તનથી અને જડના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગથી ઉત્પન્ન થતા રાગ–દ્વેષને ન સહન કરવાથી જ સંપૂર્ણ ચરિતાર્થ થઇ શકે છે. આમાં શુભાશુભ કર્મના વિપાક-ઉદયનો પણ સમાવેશ થાય છે. કર્મના બંને પ્રકારના ઉદયને સહન કરવો એટલે શુભના ઉદયથી રતિ–હર્ષ ન કરવો અને અશુભના ઉદયથી શોક–ખેદ ન કરવો, સમભાવે રહેવું. જડના અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો પણ શુભાશુભના ઉદય ઉપર આધાર રાખે છે. આ બંનેમાંથી અશુભનો ઉદય અને તેનાથી થવાવાળા પ્રતિકૂળ સંયોગોને સહન કરનાર તેના પ્રતિ અણુગમો ન કરનાર તો ઘણા નીકળી આવશે; પણ શુભનો ઉદય અને તેનાથી થતા અનુકૂળ સંયોગોને સહન કરનાર તેના પ્રતિ રાગ ન કરનાર તો વિરલા જ નીકળશે. દ્વેષોત્પત્તિનું કારણ મળવા છતાં દ્વેષોત્પત્તિ નથી પણ થતી પરંતુ રાગોત્પત્તિના કારણ મળે રાગોત્પત્તિ ન થવી દુઃશકય છે. એકંદરે દરેક પ્રસંગોને સહન કરવા, સમભાવે રહેવું તેજ ક્ષમાની મૂળ પ્રકૃતિ છે.

સંસારમાં મોટે ભાગે માનવીઓ રાગના આશ્રિત હોય છે. ચોવીશે કલાકના અધ્યવસાયમાં ઘણુંખરૂં રાગનું સામ્રાજ્ય હોય છે, દ્વેષ તો કોઇ કોઇ વખત જ હોય છે, અને તે પણ રાગના કારણથી હોય છે. પરિશ્રમ પણ રાગની શાંતિના માટે રાગથી જ કરવામાં આવે છે. આત્માએ અનેક જન્મોમાં અનેક વખત ભોગવેલી હોવા છતાં પણ આ જન્મમાં ન ભોગવેલી વસ્તુ ઉપર રાગની પ્રેરણા થયા સિવાય રહેતી નથી. કોઈ પણ વસ્તુ–પછી તે પરિણામે અસુંદર કેમ ન હોય? પણ જગતે માનેલી સુંદર–જોઇને રાગથી પ્રેરાઇ તેના ભોગોપભોગ માટે

તેનું આંતર આકર્ષાયા વગર રહેતું નથી. અને તેને મેળવવાને અનેક આપત્તિ–વિપત્તિઓને અવકાશ મળવા છતાં પણ અથકપણે પરિશ્રમ કરે છે.

માયા અને લોભ રાગના અંગ ગણાય છે. જે વસ્તુ સુંદર લાગતી હોય, ગમતી હોય તેવી વસ્તુને અનેક વખત અતિશયપણે ભોગવવાની અભિલાષી બની રહેવી તે લોભ છે. તૃષ્ણાને મરડાના રોગની ઉપમા આપીએ તો અસ્થાને તો નહીં ગણાય. ગમે તેટલી વખત દિશાએ જાય તો પણ મરડાના રોગીની હાજત મટે નહિં, તેવી જ રીતે ગમે તેટલી વસ્તુઓ મેળવે કે તેનો ઉપભોગ કરે તો પણ તૃષ્ણાવાળાની હાજત પૂરી થાય નહિં અને વસ્તુ મળતાં વિલંબ થાય કે વિઘ્ન આવે તો માયાનો છુટથી ઉપભોગ કરે છે.

રસ્તામાં ચાલતાં સુંદર મકાન જોયું કે ઝટ રાગ પેદા થાય છે અને તેવું મકાન મેળવીને ભોગવવાની ઇચ્છા થાય છે, તેવી જ રીતે સુંદર સ્ત્રી, બાગ, વસ્ત્ર, ઘરેણાં, ફળ–ફૂલ, મિષ્ટાન્ન વિગેરે જેટલી વસ્તુઓ ભોગવવાની ઇચ્છા થયા કરે છે તે સઘળોયે રાગનો વિલાસ છે. જે વસ્તુઓના સંબંધથી આનંદ–હર્ષ ઉત્પન્ન થાય છે, મન ખેંચાય છે, સેવા કરવાની હોંશ થાય છે. તે સઘળોયે રાગનો વિકાર છે.

સંસાર જે વસ્તુને અસુંદર માનતો હોય તેના ભોગની તો ઇચ્છા કોઇને પણ થાય જ નહિ, પરંતુ સંસાર જે વસ્તુમાં સુંદરતા નિહાળી હિત, હર્ષ, આનંદ કે લાભ માનતો હોય, તેની પૂર્ણ શ્રદ્ધાથી તે વસ્તુના ભોગોપભોગ માટે તેને મેળવવાની વાટે

વાળનારા અને ન મળે ત્યાં સુધી તેની પ્રાપ્તિના ઉપાયેાનું ચિંતવન કરવામાં મનોવૃત્તિયેાને રેાકી પરિશ્રમ કરનારા રાગના ઉપદ્રવને સહન કરી શકતા નથી, તેમનામાં ક્ષમાની મેાટી ખામી હેાવાથી કષાયેાથી છૂટી શકતા નથી, પણ સંસારના સિદ્ધાંતેાની શ્રદ્ધાથી હીન થયેલા અને હિત, હર્ષ આનંદ તથા લાભના બદલે અહિત, શેાક, નિરાનંદ તથા અલાભ માનનારા અવશ્ય રાગના ઉપદ્રવેાને સહન કરી શકે છે અને સંપૂર્ણ ક્ષમાશીલ બની શકે છે. આવા પુરુષેા જ દ્વેષ ઉપર પણ જીત મેળવી શકે છે અને વીતરાગદશા મેળવવા અધિકારી પણ તે જ થઈ શકે છે.

દોષદૃષ્ટિ થવાથી મુક્તિ.

(૭)

સંસારમાંથી મુક્તિ મેળવવાને માટે દોષગ્રાહી બનવાની અત્યંત આવશ્યકતા છે. જ્યાં સુધી સંસારવાસી જીવ સંસારમાં ગુણ જોયા કરે છે ત્યાં સુધી તે સંસારથી છૂટી શકતો નથી. બે વ્યક્તિયોમાં પરસ્પર સંબંધ ત્યાં સુધી જ બન્યો રહે છે કે જ્યાં સુધી એક બીજામાં દોષદૃષ્ટિ થતી નથી. અમુક માયાવી છે, મારું અહિત કરે છે, મોઢે મીઠું બોલે છે પણ પાછળથી મારી નિંદા કરે છે વિગેરે વિગેરે. એક બીજા પ્રતિ જ્યારે દોષોનું ચિંતવન થાય છે ત્યારે પરસ્પર અપ્રીતિ ઉત્પન્ન થવાથી સંબંધ તૂટી જાય છે; પણ ભલો છે, ડાહ્યો છે, ઉપકારી છે, હિતૈષી છે ઈત્યાદિ ગુણો એક બીજામાં જોવાય છે ત્યાં સુધી તો અનુરાગને લઈને એક બીજાથી છૂટા પડી શકતા નથી તેમજ એક બીજાના હાનિ-લાભમાં પરસ્પર હર્ષ-શોકને ધારણ કરે છે.

અનાદિ કાળથી જડ તથા જડના વિકારોના સહવાસમાં રહેવાથી જીવોને દૃઢ પ્રતીતિ થઇ ગઈ છે કે આનંદ, હર્ષ,

શાંતિ, સુખ, જીવન વિગેરે અમને જડદ્વારા જ પ્રાપ્ત થાય છે. ખાઇયે નહિં તો મરી જવાય, અન્નવડે જ જીવી શકાય છે, વિષય સેવવાથી જ શાંતિ મળે છે, નાટક જોવાથી અને મધુર ગાયન સાંભળવાથી જ આનંદ પ્રાપ્ત થાય છે, સ્વાદિષ્ટ ભોજન જમવાથી જ પરમ સંતોષ પ્રાપ્ત થાય છે, બે લાખનો લાભ થવાથી હર્ષ ઉત્પન્ન થાય છે, યશોગાન સાંભળવાથી સુખ મળે છે–આ પ્રમાણે કેવળ ગુણ જ જોનાર જીવ જડના પંજામાંથી કેવી રીતે છૂટી શકે ? એ દૃષ્ટિ આપણને વાસ્તવિક માર્ગ બતાવતી નથી.

ખરું જોતાં તો આનંદ, શાંતિ, સુખ, જીવન આદિ ગુણો આત્માના જ છે, જડના નથી, છતાં આત્મા મોહના દબાણથી પોતાના ગુણોનો જડમાં આરોપ કરે છે, અને પોતાને ગુણ-શૂન્ય માનીને આનંદ આદિ ગુણો મેળવવા જડની ઉપાસના કરે છે. જ્યારે મોહમિશ્રિત બુદ્ધિથી ઇચ્છિત ગુણસ્વરૂપ જડના વિકારોની પ્રાપ્તિ થયાનું જાણે છે ત્યારે પોતાને એવો આભાસ થાય છે કે મને આનંદ, જીવન તથા સુખ મળ્યાં. આવી મિથ્યા શ્રદ્ધા હોવાથી નિરંતર જડના વિકારોની ચાહના રાખ્યા કરે છે. આવા જીવોને પુદ્ગલાનંદી પણ કહેવામાં આવે છે અર્થાત્ પુદ્ગલોમાં આનંદ જોનારા અથવા તો મનગમતાં પુદ્ગલની પ્રાપ્તિથી આનંદની ઉત્પત્તિ માનનારા આવા જીવો જડમાં ગુણદૃષ્ટિ હોવાથી અને જડના વિકારોમાં તન્મય થઇ જવાથી તેનાથી છૂટવાનો પ્રયત્ન જ કરતા નથી તો પછી મુક્તિ મેળવવાની તો વાત જ કયાંથી ?

આ પ્રમાણે જીવોની ખોટી માન્યતાને અંગે જ પૌદ્ગલિક સુખ કહેવાય છે, નહિં તો પૌદ્ગલિક સુખ જેવી કોઇ વસ્તુ જ નથી. વિકાર ભાવને શાંત કરનારાં એ પુદ્ગલો જ છે. આત્મા

તો અવિકારીપણે જ્ઞાતા સ્વરૂપે રહે છે, પરંતુ અનાદિ કાળના અભ્યાસથી જડ વસ્તુઓમાં થતા વિકારોનો પોતાનામાં આરોપ કરે છે, અર્થાત્ પોતાના ગુણોનો પોતાનામાં આરોપ કરે છે, અને તેથી કરીને જ જડમાં સુંદરતા જુએ છે અને આનંદ મેળવવાને માટે માનેલી સુંદર પૌદ્ગલિક વસ્તુઓથી છૂટો પડવાને ઇચ્છતો નથી.

પુદ્ગલમાં સુંદરતા અને પ્રિયતા આત્માને જે જણાય છે તે કર્મના પડદામાં રહીને બહિરાત્મદૃષ્ટિથી જુવે છે, તેથી જો પડદાને ખસેડીને અંતરાત્મદૃષ્ટિથી જુવે તો સાચી વસ્તુ જણાય અને સુંદરતાનો ભ્રમ ટળી જાય. પછી ગુણદૃષ્ટિપણું મટી જવાથી પૌદ્ગલિક વસ્તુઓમાં ઉદાસીનપણે રહે છે, જેથી કરી તેનો જૂનો સંબંધ તૂટી જાય છે અને નવો સંબંધ થતો નથી, જેના પરિણામે છેવટે સર્વથા છૂટી જઇને મુક્તિ મેળવી શકે છે.

ખરું જોતાં તો વર્ણ, ગંધ, રસ આદિ પુદ્ગલના ગુણો છે, અને તે આનંદ-સુખ તથા જીવનસ્વરૂપ બની શકતા નથી, તેમજ આનંદ આદિ જે વાસ્તવિકપણે આત્માના ગુણો કહેવાય છે તેને ઉત્પન્ન પણ કરી શકતા નથી, છતાં પુદ્ગલાનંદી જીવો કર્મની પ્રેરણાથી વર્ણ આદિને આનંદ ઉત્પન્ન કરનારા, અથવા તો આનંદ સ્વરૂપને ધારણ કરનારા માને છે. તેમાં પણ ધનવાન-કંગાલ, સાક્ષર-નિરક્ષર, ત્યાગી-ભોગી આદિ જીવવિશેષના અંગે તારમ્યતા રહેલી છે. કોઈ રસને વધારે આનંદોત્પાદક માને છે ત્યારે કોઈ શબ્દને તો કોઇ ગંધને, કોઈ સ્પર્શને તો કોઇ વર્ણને વધારે આનંદોત્પાદક માને છે. સાક્ષર-ત્યાગી-ધની મુખ્યપણે સ્તુતિના શબ્દોમાં વધારે આનંદસ્વરૂપ ગુણને જુએ છે, તો નિરક્ષર-કંગાળ રસમાં આનંદ ગુણની અધિકતા જુવે છે.

આ પ્રમાણે મિથ્યા જ્ઞાનસ્વરૂપ ગુણદૃષ્ટિપણું સંસારના બંધનોને તોડવા કેવી રીતે સમર્થ થઇ શકે, કે જેથી કરી આત્માને શાશ્વતી મુક્તિ મળે ?

જડના ગુણો દોષસ્વરૂપે જોવાય નહીં ત્યાં સુધી ત્યાગ આવી શકે નહીં. ત્યાગી એટલે વિજાતીય ગુણોને દોષસ્વરૂપે જોનાર, કહેનાર, માનનાર અને તેનાથી સાચી રીતે વિરામ પામનાર.

જ્યાં સુધી આત્માને ભિન્ન દ્રવ્યના ગુણોમાં ગુણદૃષ્ટિપણું હોય છે ત્યાં સુધી રાગદ્વેષ નબળા પડી શકતા નથી પણ સબળ થતા જાય છે. અને આત્માના આનંદ, જીવન, જ્ઞાન, સુખ આદિ ગુણોને વધારે ને વધારે ઢાંકતા જાય છે જેથી કરી આત્માનાં બંધન શિથિલ થવાને બદલે દૃઢતર બનતાં જાય છે.

જો કે જડના વર્ણ આદિ ગુણોમાં પુદ્ગલાનંદી જીવોનું પોતે માનેલી પ્રતિકૂળતાના અંગે દોષદૃષ્ટિપણું પણ હોય છે; પરંતુ તે ગુણદૃષ્ટિપણાને બાધ કરવાવાળું હોતું નથી, કારણ કે એક પ્રસંગે એક વસ્તુમાં પ્રતિકૂળતાના અંગે દોષ દેખાય છે, તો અન્ય પ્રસંગે તે જ વસ્તુ અનુકૂળ લાગવાથી તેમાં ગુણ જોવાય છે. જડમાં ગુણદૃષ્ટિને પ્રાધાન્યતા આપી દોષદૃષ્ટિને ગૌણતા અપાય છે, અર્થાત્ ગુણદૃષ્ટિની માન્યતા નષ્ટ થતી નથી. કદાચિત મંદ ઔપશમિક ભાવે આત્માને પૌદ્ગલિક વસ્તુની વાસ્તવિક અસુંદરતા, અને ગુણોની તાત્ત્વિક દૃષ્ટિથી દોષસ્વરૂપતા પ્રતીત થવા લાગે છે કે તરત જ ઔદયિક ભાવમાં વર્તતી અન્યાન્ય મોહનીયની પ્રકૃતિયોની પ્રેરણાથી આત્મા પૌદ્ગલિક વસ્તુને અન્ય વસ્તુના મિશ્રણથી કે અન્ય કોઈ પ્રક્રિયાથી વિવિધ પ્રકારના વિકારોવાળી બનાવી, અનુકૂળ તથા સુંદર લાગે તેવી કરે છે અને પછી મંદ ઔપશમિક ભાવ નષ્ટ થવાથી તે જ વસ્તુને ગુણદૃષ્ટિ-

થી જોઈને તેનો ઉપયોગ કરી આનંદ મનાવે છે, કે જેથી કરી જડ વસ્તુઓથી છૂટા પડવાનો પ્રસંગ જ આવતો નથી, તો પછી જડસ્વરૂપ કર્મોથી મુકાઈ જઈને અનંત જીવનમય શુદ્ધાનંદ સ્વરૂપ-શાશ્વત મોક્ષ મેળવવાનો પ્રસંગ ક્યાંથી બને ?

જડમાં ગુણદૃષ્ટિપણાથી સંસારમાં પરિભ્રમણ કરતા આત્માઓ કે જેમણે સમ્યગ્જ્ઞાનદ્વારા વર્ણ આદિ જડના ગુણોને દોષસ્વરૂપ જાણી તેનાથી વિરામ પામવાથી સર્વથા કર્મથી મુકાઈ જઈને શાશ્વત આનંદસ્વરૂપ મુક્તિ મેળવી છે તેઓ સંસારથી સર્વથા મુકાઈ જવાની ઇચ્છાવાળાઓને જડ સંસારમાં દોષદૃષ્ટિ બનવાનો ઉપદેશ કરે છે. તેઓ કહે કે જે વિવિધતા અને વિચિત્રતાને ઇંદ્રિયો ગ્રહણ કરી રહી છે તે બધું ય ખોટું છે, ઇન્દ્રજાળસ્વરૂપ છે, અસાર છે, ક્ષણિક છે, અનિત્ય છે. પુષ્કળ વ્યાધિ-વેદનાવાળા અસાર સંસારમાં લેશ માત્ર પણ સુખ નથી.

ગીત માત્ર વિલાપ છે, સર્વ પ્રકારના નાટક વિડંબના છે, સર્વ પ્રકારના આભૂષણો ભારરૂપ છે અને સર્વ વિષયો દુઃખસ્વરૂપ છે. મળ, મૂત્ર, રુધિર, માંસ આદિ સાત ધાતુનું બનેલું શરીર છે કે જે હંમેશાં અપવિત્ર રહે છે અને ઘૃણા કરવા લાયક છે. વિષ્ટાથી ભરેલી કપડાની કોથળીને સાબુ ચોપડી પાણીથી ગમે તેટલી ધુઓ અથવા તો અત્યંત સુગંધીવાળું અત્તર ચોપડો તો પણ કોથલીના છિદ્રોમાંથી વિષ્ટા ઝરતી રહેવાથી તે પવિત્ર કે સુગંધમય બની શકતી નથી, તેમ મળમૂત્રથી ભરેલા અને અનેક છિદ્રોમાંથી અશુચિ ઝરતા શરીરરૂપ કોથલાને ગમે તેટલી વખત સાબુ ચોળીને ધુઓ કે સુગંધી તેલ ચોપડો તો ય તે પવિત્ર કે સુગંધમય બની શકતું જ નથી. સોનું-રૂપું-ચાંદી-નીલમ-માણેક-હીરા વિગેરે માટી અને પથરા છે, મિષ્ટાન્ન અને

અન્ય આવાના પદાર્થો દુર્ગંધમય તથા અશુચી છે, કે જે ખાધા-પીધા પછી પરિણામે આપણને પ્રત્યક્ષ થાય છે. વસ્તુઓ નિરંતર એક રૂપે રહેતી નથી, પ્રત્યેક પળે બદલાતીજ રહે છે. બાળ હોય છે તે જુવાન થાય છે અને જુવાન થાય છે તે ઘરડા થાય છે. સંસારમાં કોઈ કોઇને બચાવી શકતું નથી, બધા મરણ આધીન છે, બધું ય નાશને આધીન છે, કાળ-મૃત્યુ વસ્તુમાત્રનો વિનાશ કરી નાંખે છે, લક્ષ્મી ચંચળ છે, આયુષ્ય પાણીના પરપોટા જેવું અસ્થિર છે વિગેરે વિગેરે.

આ પ્રમાણે જડના ગુણો તથા વિકારોમાં મુક્તાત્માઓ દોષ જોવાની ભલામણ કરી ગયા છે અને તે વાસ્તવિક છે; કારણ કે જડના ગુણો આત્મા માટે દોષસ્વરૂપ છે, તેને જ્યાં સુધી ગુણ માની આત્મા ગ્રહણ કરતો રહેશે ત્યાં સુધી પોતાના આનંદસ્વરૂપને પ્રગટ કરી શકવાનો નથી; માટે દુઃખથી શાશ્વતી મુક્તિ અને ગુણસ્વરૂપ શાશ્વતો આનંદ મેળવવાની ઇચ્છાવાળા આત્માઓને જડના ગુણોમાં રહેતી અતાત્વિકી દૃષ્ટિથી નિવૃત્ત થઇને દોષદૃષ્ટિ બનાવવાની અત્યંત આવશ્યકતા છે.



દુઃખ કયાંથી આવે છે?

(૮)

દુનિયાને રાજી કરવા અપરાધી બની દુઃખી ન થાઓ.

જડાસક્ત જગતને ખુશી કરવા, આનંદ પ્રાપ્ત કરાવવા જડભક્ત માનવસમાજ જડમાં સુંદરતા આણવા નિરંતર પ્રયત્ન કરી રહ્યો છે. અનંતી પુન્યની રાશિ ખરચીને મેળવેલું માનવ-જીવન અને અત્યંત કષ્ટે મેળવેલું ધન જડની સેવામાં વેડફી રહ્યો છે.

માનવી આનંદ મેળવવા જડને સુંદર બનાવે છે; પણ તે સુંદરતાની પરીક્ષા જગત કરે છે. જો જગત માનવીની બનાવેલી સુંદરતાને પસંદ કરે તો જ તે સુંદરતા સાચી ઠરે છે. અને ત્યારે જ તે માનવીને આનંદ આપનારી થાય છે; પણ જે સુંદરતા જગતને આનંદ આપી શકતી નથી તે સુંદરતા બનાવવા જેણે ધન-જીવન ખરચીને પરિશ્રમ વેઠ્યો હોય તે નિષ્ફળ થાય છે, અને તેને આનંદ

પણ મળી શકતો નથી; માટે પુદ્ગલાનંદી જીવોનો આનંદ જડાસક્ત જગતને આધીન છે.

જે જડની રચના આજે સુંદર લાગે છે તે જ રચના અમુક સમય જતાં અસુંદર લાગે છે. અર્થાત્ એક જ પ્રકારની રચના કાળાંતરે જગતની પ્રકૃતિને અનુસરીને પરિવર્તનશીલ થાય છે, અને તેને લઇને આનંદમાં પણ અસ્થિરતા ઉત્પન્ન થાય છે.

એક વખત વાડીઓ ગમતી, આજે બાગો ગમે છે; એક વખત ઇંટ-ચૂનો-માટી-લાકડાના બનેલાં છાપરાવાળાં ઘરો ગમતા, અત્યારે સીમેન્ટ-લોઢું-કાંકરી-કપચીથી બોકસીંગ ભરેલા ધાબાવાળા બંગલાઓ ગમે છે; એક વખત જાડાં કપડાં ગમતાં, અત્યારે ઝીણાં ગમે છે; એક વખત ભવાઇ ગમતી, અત્યારે નાટક સિનેમા ગમે છે; એક વખત શુદ્ધ વસ્તુઓથી ઘરે બનાવેલું સ્વચ્છ ભોજન ગમતું, અત્યારે હોટલોનું બનેલું અશુદ્ધ અને અભક્ષ્ય ભોજન ગમે છે; એક વખત પાઘડી ગમતી, અત્યારે ટોપી ગમે છે અને વખત વ્યતીત થતાં ઊઘાડું માથું; એક વખત ધોતીયા ગમતાં, અત્યારે લેંઘા ગમે છે-આ પ્રમાણે જડ જગતમાં ફેરફાર થવાથી પુદ્ગલાનંદી જીવોને આનંદ મેળવવા ઘણી જ અગવડતા નડ્યા કરે છે. પૌદ્ગલિક આનંદના સાધનો હોવા છતાં પણ પ્રાણી પૌદ્ગલિક આનંદ મેળવી શકતો નથી. પુદ્ગલાનંદી સમગ્ર સંસાર-દુનિયાને રાજી કરી પોતે રાજી થવા તન-મન-ધનનો છૂટથી ઉપયોગ કરવામાં જરા ય કંજુસાઇ કરતો નથી; કારણ કે ઉપર જોઇ આવ્યા તેમ જડાસક્ત જીવોને પૌદ્ગલિક આનંદ આધીન હોવાથી આનંદનું સાધન તૈયાર કરવામાં તેવા જીવોની સમ્મતિ લેવી પડે છે, અને તેમ કરવામાં તન-ધનનો પુષ્કળ વ્યય કરવો પડે છે. સંસારમાં ભ્રમણ કરતાં અનંતી પુન્યરાશિના યોગે

માનવજીવન પ્રાપ્ત થયા પછી જેમને વિશિષ્ટ પુન્યોદયથી ધન-સંપત્તિ મળે છે એવા પુદ્ગલાનંદી જીવો ધનનો વ્યય કરીને આનંદનાં સાધનો બનાવે છે. કેટલાક પુષ્કળ પૈસો ખરચીને એક બાગ બનાવ્યા પછી તેમાં એક બંગલો બંધાવે છે, અને પછી પસંદગી માટે વાસ્તુ તથા જમણ કરે છે, અને તે પ્રસંગે જનતાને નોતરી બધું ય દેખાડે છે. જો જનતાને પસંદ પડી જાય અને રાજી થઈને બાગ તથા બંગલાની મુક્તકંઠે પ્રશંસા કરે તો બનાવનાર માલિક ખૂબ ફુલાઈને અત્યંત આનંદ અનુભવે છે; પણ જો જનતા નાપસંદ કરી વખોડી કાઢે તો પછી તેને મનમાં ઘણો જ અણગમો થાય છે અને બંગલાને તોડી પડાવીને, જનતાની પસંદગીને જાણનાર શિલ્પીને બોલાવીને ફરીથી નવીન બાગ-બંગલા તૈયાર કરાવે છે. કેટલાક લોકો સુંદર આભૂષણો જનતાને દૃષ્ટિગોચર થાય તેમ પહેરીને બહાર નીકળે છે. જો જનતાને આભૂષણો ગમી જાય ત્યારે તો પહેરનારને આનંદનો પાર નહિં, પણ જો જનતાને પસંદ ન પડ્યાં તો વધુ ધનવ્યય કરીને પણ જનતાને રાજી કરવા ફરીથી નવાં તૈયાર કરાવશે. કેટલાક જનતાને ખુશ કરવા કપડાં કરતાં શીવડામણના વધુ પૈસા ખરચીને પણ નવીન ઢબના કપડા શીવડાવી જનતાને પહેરી દેખાડે છે. જો જનતાને આનંદ તો પોતાને પણ આનંદ અને જો જનતા નાખુશ તો પોતે પણ નાખુશ—આ પ્રમાણે ધનવાન માણસો જડાસક્ત દુનિયા જે જે વસ્તુઓ મેળવીને અથવા તો જેવા પ્રકારના આચરણો આચરીને આનંદ તથા સુખ માનતી હોય તે તે વસ્તુઓનો પુષ્કળ ધન ખરચી સંગ્રહ કરીને અને તેવા પ્રકારની આચરણા આચરીને પોતાને સુખી માની આનંદ અનુભવે છે.

જડાસક્ત સંસારનો એક જ ઉદ્દેશ હોય છે કે મોહક વસ્તુઓ બનાવી, સંસારને મોહઘેલા બનાવીને પોતે આનંદ મેળવવો. વસ્તુને મોહક બનાવવાને તેને ઘણી જ વિકૃત કરવી પડે છે. વસ્તુ વિકૃત બન્યા સિવાય મોહ-વિકાર ઉત્પન્ન થઈ શકતો નથી, અને એટલા જ માટે પુદ્ગલાનંદી જીવો શરીરને પણ વિકૃત બનાવે છે.

કોઇ મૂછો મુંડાવે છે તો કોઇ બાલ વધારે છે. તાત્પર્ય કે ધડ ઉપરના ડોકાના ભાગને અનેક પ્રકારના વિકાર યુક્ત બનાવે છે. પોતાના ભાષણને અને પોતાની ચાલને પણ વિકારવાળી બનાવે છે. છેવટે દૃષ્ટિ તથા હસ્તસંચાલન મોહક બનાવવા પ્રયત્ન કરે છે અને વિચારો પણ વિકારમય બનાવે છે.

ભોગી હો કે ત્યાગી હો, જડના દાસ બનેલા વિષયાનંદી જીવોને કાયિક, વાચિક તથા માનસિક ક્રિયાઓને વિકારી બનાવી દુનિયાને વિકારી બનાવ્યા સિવાય આનંદ તથા સુખ મળી શકતાં નથી. બીજાનો પોતાના ઉપર રાગ ઉત્પન્ન કરવામાં, અથવા તો ચિત્તનું આકર્ષણ કરવામાં તેમના વિચારો તથા વર્તનની અનુકૂળતા સાચવવી પડે છે, અને તેમ કરવામાં દરેક પ્રવૃત્તિઓને વિકારી બનાવી જીવન વિકારી બનાવવું જ પડે છે. પોતાની પ્રવૃત્તિઓની અનુકૂળતા, પોતાના પ્રત્યે થયેલા રાગ અને આકર્ષણના અંગે અનુભવાતો આનંદ ક્ષણિક અને દુઃખમૂલક હોવાથી પરિણામે આંખો પડી જઇને વિલુપ્ત થઇ જાય છે, છતાં પુદ્ગલાનંદી જીવોને અનાદિ કાળના અભ્યાસથી તે જ ગમતો હોવાથી પુન્યબળથી મળેલ સાચું સુખ મેળવવાના સાધનોનો તેના માટે ઉપયોગ કરે છે.

શક્તિ હોય કે ન હોય તો પણ વ્યવહાર જાળવવા અર્થાત્

દુનિયાને સારું દેખાડવા માનવીયેાને ઘણાં કષ્ટ વેઠવાં પડે છે. તદુપયેાગી ધનના માટે અનીતિ તથા અધર્મ સેવવેા પડે છે, કારણ કે પેાતાના માનેલા સુખ તથા આનંદમાં આવતી અગવડતાઓ દૂર કરવા આ બંધુય કરવું પડે છે, કરવું પડશે, જવું પડશે, નમવું પડશે, વિગેરે વિગેરે ભાવશૂન્ય લૌકિક ફરજીયાત પ્રવૃત્તિઓ મન વગરની હેાવાથી એક પ્રકારનો દંભ છે, અને તે પુદ્ગલાનંદી જીવેાને પેાતાના માનેલાં સુખ તથા આનંદના માટે સેવવેા પડે છે; તેા પણ છેવટે આવા પ્રકારના સુખ આનંદ નષ્ટ થઇ જાય છે અને અધર્મ, અનીતિ તથા દંભ સેવીને કરેલા અપરાધેાની સજા ઉભય લેાકમાં ભેાગવવી પડે છે; માટે સાચું સુખ-આનંદ જોઈતાં હેાય તેા પેાતાની દરેક પ્રવૃત્તિમાં પ્રભુની સમ્મતિ લેવી. પ્રભુને ગમે તેમ કરવાથી અપરાધી બનાતું નથી, અને આવી પ્રવૃત્તિયેા સુખમૂલક તથા નિર્વિકારી હેાવાથી પરિણામે સાચાં સુખ તથા આનંદના કારણભૂત બની સર્વથા દુઃખનો અંત લાવી શકાશે.

સ્વાર્થમય સંસાર.

(૯)

"સંસારમાં સ્વાર્થ સિવાય પ્રેમ કે સ્નેહ જેવી કોઇ વસ્તુ જ નથી."

દુનિયાનો મોટો ભાગ એમ માને છે કે–અમુક મારો સ્નેહી છે, અમુકનો મારા ઉપર પુષ્કળ પ્રેમ છે; અથવા તો અમુક ઉપર મારો ઘણો જ સ્નેહ છે, પરંતુ સ્નેહ અને પ્રેમ જેને કહેવામાં આવે છે તે એક પ્રકારનો સ્વાર્થ છે.

સ્નેહ એટલે કોઇપણ પ્રકારના લોભથી ઉત્પન્ન થયેલી અશાંતિને શાંત કરવારૂપ સ્વાર્થને સાધવા માટે લાગણી, સહાનુભૂતિ, ચાહના આદિ જે કાંઈ ભાવો દેખાડવામાં આવે છે તેને અજ્ઞાત વર્ગ સ્નેહ કહે છે; પણ જ્ઞાનીઓ તો તેને એક પ્રકારનો સ્વાર્થ જ કહે છે; કારણ કે લાગણી આદિ ભાવો સ્વાર્થ સાધવાનાં ખાસ કારણો છે.

સંસારમાં મુખ્યત્વે કરીને ધનના લોભથી કરવામાં આવતી પ્રવૃત્તિને જ સ્વાર્થ કહેવામાં આવે છે; પરંતુ સ્વાર્થ અનેક

પ્રકારનો હોય છે. કેવળ ધનના લોભમાં જ સ્વાર્થ સમાતો નથી, સ્વાર્થનું ક્ષેત્ર ઘણું જ વિશાળ છે. મનુષ્યોને જેટલા પ્રકારની ઇચ્છાઓ થાય છે તેટલા જ પ્રકારનો સ્વાર્થ હોય છે. મોટા પુરુષો કહી ગયા છે કે–"પ્રયોજન સિવાય મંદ મનુષ્ય પણ પ્રવૃત્તિ કરતો નથી." પ્રયોજન, સ્વાર્થને કહેવામાં આવે છે, અને તે પોતાની બુદ્ધિ અનુસાર ઉત્પન્ન થયેલી વસ્તુ–ચાહનારૂપ ઇચ્છાને કહેવામાં આવે છે.

જગતમાં બે પ્રકારના પુરુષો હોય છે: એક તો જ્ઞાની અને બીજા અજ્ઞાની. આ બંને પ્રકારના પુરુષોમાંથી જે જ્ઞાની પુરુષો હોય છે તેમની ઇચ્છાઓ અજ્ઞાની પુરુષોની ઇચ્છાઓ કરતાં સર્વથા ભિન્ન પ્રકારની હોવાથી તેમના સ્વાર્થની વ્યાખ્યા પણ જુદા જ પ્રકારની થાય છે.

જ્ઞાની પુરુષો "સ્વ એટલે આત્મા, તેનો અર્થ–પ્રયોજન પોતાના સ્વરૂપનું પ્રગટ કરવું, આત્માનો વિકાસ કરવો" આ પ્રમાણે સ્વાર્થની વ્યાખ્યા કરે છે. અને એટલા જ માટે જ્ઞાની પુરુષો પોતાના આત્માના વિકાસ માટે હંમેશાં જગતના સર્વ આત્માઓ ઉપર પ્રેમભાવ રાખીને કોઇને પણ દુઃખ આપતા નથી. સર્વ જીવોનું રક્ષણ કરે છે. કોઇપણ જીવનું જીવન તથા સુખ પોતાના ક્ષણિક સુખ માટે નષ્ટ કરતા નથી. જ્ઞાની પુરુષોનો સ્વાર્થ આત્માના વિકાસ સિવાય બીજો કાંઇ પણ હોતો નથી. આ આત્માનો વિકાસ આત્માની ઓળખાણ થવાથી થાય છે. જેને આત્માની ઓળખાણ થયેલી હોય છે તે કદાપિ ક્ષણિક આનંદ કે સુખને ચાહતો નથી, અને એટલા માટે જ તે ક્ષણિક સુખ તથા આનંદના ઉત્પાદક, જડ તથા જડના વિકારોથી હંમેશાં વિરક્ત રહે છે; કારણ કે જડ વસ્તુઓથી નિત્ય સુખ,

નિત્ય આનંદ, તથા નિત્ય જીવનરૂપ તેમનો સ્વાર્થ સિદ્ધ થઇ શકતો નથી. તેમના સ્વાર્થનું સાધક જીવમાત્રની દયા તથા સંરક્ષણ હોવાથી તેમનો રાગ આત્માઓ ઉપર જ હોય છે; અને આત્માઓ ઉપર રાગ–સ્નેહ જ્ઞાની પુરુષો પોતાના સ્વાર્થને માટે જ કરે છે. આ સ્વાર્થ સાચા સ્વાર્થના નામથી ઓળખાય છે કે જેને દુનિયા પરમાર્થ કહીને બોલાવે છે. જ્યારે તેમનો સ્વાર્થ સિદ્ધ થઇ જાય છે ત્યારપછી તેમને કોઇના ઉપર રાગ–સ્નેહ રહેતો નથી તેમજ દ્વેષ પણ રહેતો નથી, અર્થાત્ તેઓ વીતરાગદશા પ્રાપ્ત કરે છે.

સંસારમાં જેટલા જ્ઞાની મહાપુરુષો થઇ ગયા છે તે સઘળા ય સાચા સ્વાર્થી હતા. તેઓ જેટલી પ્રવૃત્તિ કરતા તે આત્માનો વિકાસ કરી પરમાત્મપદ મેળવવારૂપ સ્વાર્થને માટે જ કરતા. અત્યારે પણ જેઓ નિઃસ્વાર્થ સેવા કરવાવાળા, પરોપકારી તરીકે ઓળખાય છે તેઓ પણ સ્વાર્થી અને સ્વોપકારી જ છે; કારણ કે સ્વાર્થશૂન્ય તેમજ પોતાના ઉપર ઉપકારની ધારણા સિવાય પ્રવૃત્તિ થઇ શકતી જ નથી. પરોપકારી તથા સેવાભાવી જે કાંઈ પરોપકાર કે સેવા કરે છે, તેનું કાંઈને કાંઇ પ્રયોજન તો હોવું જ જોઇએ, કાંઈ ને કાંઈ ઉદ્દેશ તો હોવો જ જોઇયે. જે પ્રયોજન તથા ઉદ્દેશને અનુસરીને તેઓ પ્રવૃત્તિ કરે છે તે પ્રયોજન તથા ઉદ્દેશ, સામેના માણસ પાસેથી ઐહિક સુખનો સાધક બદલો મેળવવાના કારણભૂત કદાચ હોય, તો પણ બીજા ઘણા પ્રકારના આલોક તથા પરલોક સંબંધી પ્રયોજનો હોય છે. જેમકેઃ–કોઇને આ ઘણો જ પરોપકારી છે, ઘણો જ દયાળુ છે, ઘણો જ સેવાભાવી છે ઇત્યાદિ દુનિયામાં પ્રસિદ્ધિ મેળવવાનું પ્રયોજન હોય છે; તો કોઇને આ ઘણો જ ધર્માત્મા

છે, આ ભગત માણસ છે એમ કહેવડાવવાનું પ્રયોજન હોય છે; અથવા તો એવી ધારણા હોય છે કે આપણે દુઃખી જીવો ઉપર દયા કરી તેનું દુઃખ દૂર કરીશું તો આપણને ધર્મ થશે, પૂન્ય પ્રાપ્ત થશે, આપણી સારી ગતિ થશે, આપણે પરલોકમાં સુખી થઈશું, પરમાત્મા આપણા ઉપર પ્રસન્ન થશે ઈત્યાદિ અનેક પ્રકારના આલોક તથા પરલોક સંબંધી પ્રયોજનો–સ્વાર્થો અવશ્ય હોય જ છે; પરંતુ પ્રયોજન–સ્વાર્થ સિવાય તો પરોપકાર કે સેવા થઇ શકતી જ નથી.

જેને પરમાર્થ કહેવામાં આવે છે, તે સાચા સ્વાર્થને કહેવામાં આવે છે; માટે પરમાર્થ પણ સ્વાર્થથી જુદો પડી શકતો નથી. આત્મશ્રેય, આત્મવિકાસ કે પુન્યને લક્ષ્યમાં રાખીને મનુષ્યો ઉપર તથા અન્ય પ્રાણીઓ ઉપર સ્નેહભાવ રાખવામાં આવે છે અને તેમના હિત, શ્રેય તથા સુખને માટે જે કાંઇ પ્રવૃત્તિ કરવામાં આવે છે તે પારમાર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. અને દેહને લક્ષ્યમાં રાખીને દેહની પુષ્ટિ માટે, વિષયસુખ માટે તથા બીજા પણ ક્ષણિક સુખ તથા આનંદ માટે સંસારમાં જે કાંઈ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તે સ્વાર્થ કહેવાય છે. સાચો સ્વાર્થ–પરમાર્થ તથા ખોટો સ્વાર્થ આ બેમાં તફાવત એટલો જ હોય છે કે સાચો સ્વાર્થ પરલોક તથા આ લોક બંને લોકમાં સાચું સુખ તથા સાચો આનંદ આપે છે, ત્યારે ખોટો સ્વાર્થ કેવળ આ લોકમાં જ ક્ષણિક આનંદ તથા સુખ આપે છે. તેમજ ખોટા સ્વાર્થમાં માયા, પ્રપંચ, કપટ, અનીતિ તથા અસત્યનો આશ્રય લેવો પડે છે, જ્યારે સાચા સ્વાર્થમાં માયા, પ્રપંચ આદિની આવશ્યકતા રહેતી નથી.

માતાપિતા પુત્ર ઉપર પ્રેમભાવ દેખાડે છે, તેની તન–મન–

ધનથી સેવા કરે છે, તે કાંઈ એવા ઉદ્દેશથી નથી કરતા કે અમને પુન્ય થશે, અમારી સારી ગતિ થશે, અમારું આત્મશ્રેય કે આત્મવિકાસ થશે; પરંતુ તેઓ એવી ભાવનાથી પુત્રની સેવા કરે છે કે અમારો પુત્ર મોટો થશે એટલે અમારી સેવા-ચાકરી કરશે, વૃદ્ધાવસ્થામાં અમારું પાલન-પોષણ કરશે. સ્ત્રીનો પતિ ઉપર પ્રેમ કામવાસના, પુત્રપ્રાપ્તિ તથા સુખના સાધનો મેળવવા માટે હોય છે. પતિનો સ્ત્રી ઉપર પ્રેમ કામવાસના, પુત્ર-પ્રાપ્તિ તથા ગૃહસ્થાશ્રમ સાચવવા માટે હોય છે. આ જ પ્રમાણે બીજા પણ સગાં-સંબંધીઓનો પ્રેમભાવ કોઇનો આજીવિકા માટે, તો કોઇનો ધનપ્રાપ્તિ માટે ઇત્યાદિ અનેક પ્રકારના સ્વાર્થને લક્ષ્યમાં રાખીને હોય છે. એક બીજાની સાથે મિત્રતા કરવામાં આવે છે તે પણ સ્વાર્થ સિવાય થઈ શકતી નથી. કોઈ આનંદ મેળવવા માટે તો કોઈ દુઃખ વખતે મદદગાર થવા માટે, કોઈ મોજશોખ ખાતર તો કોઈ ધનપ્રાપ્તિ કે એવા બીજા કોઈ સ્વાર્થને માટે મિત્રતા કરે છે.

સાચા સ્વાર્થ—પરમાર્થના સાધક મનુષ્યો જ્યારે પોતાનો સ્વાર્થ પૂરો થાય છે ત્યારે બીજાના માટે કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરતા નથી, તેઓ સંસારના સજીવ તથા નિર્જીવ પદાર્થોને ચાહતા નથી. આવી કૃતકૃત્ય દશાને પ્રાપ્ત થયેલા પુરુષો દુનિયામાં વીતરાગ તરીકે ઓળખાય છે. એમની ઉત્તમ પ્રકારની, આત્મવિકાસ સંબંધીની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઈ જાય છે. એમનું દેહાશ્રિતપણું સર્વથા નષ્ટ થવાવાળું હોવાથી દેહદ્વારા કરવામાં આવતી ક્રિયાઓ લય પામી જાય છે.

સાચો સ્વાર્થ સિદ્ધ થયા પછી ઉદાસીનવૃત્તિને ધારણ કરવાવાળા અને નિવૃત્તિને પામેલા ઉત્તમ પુરુષોની કોટીમાં ગણાય છે;

ત્યારે ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદની ચાહનારૂપ સ્વાર્થ સિદ્ધ થયા પછી નિવૃત્તિ મેળવી ઉદાસ રહેવાવાળા અધમ પુરુષોની કોટીમાં ગણાય છે. એમની નિવૃત્તિ તથા ઉદાસી ક્ષણિક હોય છે. એમનો સ્વાર્થ સિદ્ધ થયા છતાં તુચ્છ તથા ક્ષુદ્ર વાસનાઓથી વાસિત હોવાથી અનેક પ્રકારની ઇચ્છાઓથી ઘેરાયલા જ રહે છે, માટે જ પરમાર્થ સાધીને નિત્ય નિવૃત્તિને પામેલા પુરુષો પૂજાય છે, જ્યારે જડાત્મક સુખ સાધીને ક્ષણિક નિવૃત્તિ પામેલા નિંદાય છે.

તીર્થંકરો પોતાના તીર્થંકરનામકર્મના ક્ષયરૂપ સ્વાર્થ સાધવાને માટે પોતે ઉપદેશ આપે છે. કેવળીઓ બીજાનું હિત કરવું, પોતાના કોઇપણ પ્રકારના કર્મની નિર્જરામાં નિમિત્ત કારણ બનતું હોય, તો જ તેઓ બીજાનું હિત કરે છે. એમને પુન્ય બાંધવા માટે કે ક્ષણિક આનંદ તથા સુખ માટે પ્રવૃત્તિ કરવાનું હોતું નથી. સંસારમાં રહેવાવાળાને આત્મવિકાસનાં સારાં સાધનો મેળવવા માટે અથવા તો ક્ષણિક સુખ અને આનંદ માટે પુન્ય ઉપાર્જન કરવા શુભ પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા રહે છે. કેવળીઓને આ બેમાંથી એક પણ વસ્તુની જરૂરત હોતી નથી. તેઓ સંસારસમુદ્રના કાંઠે પહોંચી ગયેલા હોય છે.

સંસારમાં કેટલાક મનુષ્યો રાગ-દ્વેષના કારણો હોવા છતાં બહારથી વીતરાગ જેવા લાગે છે; અને કોઈ કોઈ તો રાગ-દ્વેષનાં કારણો સર્વથા નાશ પામવાથી સાચા વીતરાગપદને પામેલા હોય છે. આ બંને પ્રકારના મનુષ્યોમાંથી જેઓ વીતરાગ નથી, પણ બાહ્યવૃત્તિથી વીતરાગ જેવા લાગતા, ક્ષુદ્ર સ્વાર્થ સાધવા વીતરાગ જેવો આડંબર કરનારાઓ, જે વસ્તુથી-પછી તે સજીવ

હો અથવા નિર્જીવ હો–પોતાને લાભ કે નુકશાન ન થતું હોય તો તે વસ્તુઓના ઉપર તેમનો રાગ પણ નથી હોતો તેમજ દ્વેષ પણ નથી હોતો; પરંતુ જેનાથી તેમને લાભ કે નુકશાન થતું હોય તો તેઓ રાગ–દ્વેષને આધીન થઇને અન્યનું અહિત કરવાવાળી તથા અનિષ્ટકારક પ્રવૃત્તિઓમાં ઉતરી પડે છે તો પણ તેઓ બહારનો ડોળ તો વીતરાગ જેવો જ રાખે છે. જેઓ સાચા વીતરાગ છે, જેમના મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય આદિ રાગ–દ્વેષના ઉત્પાદક દોષો સર્વથા નાશ થઈ ગયેલા હોય છે તેમને કોઈ પણ વસ્તુથી લાભ કે નુકશાન થાય તો પણ તેઓ લેશ માત્ર પણ રાગ–દ્વેષ કરવા પ્રેરાતા નથી. તેમનો આત્મ-વિકાસ થયેલો હોય છે, તેમને સાચો સમભાવ પ્રગટ થયેલો હોય છે. આવા સમભાવી પુરુષો સર્વથા સ્વાર્થશૂન્ય હોવાથી જ તેમનો સ્નેહ સંસારની કોઇ પણ વસ્તુ ઉપર હોતો નથી. બાકીના મનુષ્યો જ્યાં સુધી કેવળી થઇ સાચા વીતરાગ બનતા નથી ત્યાં સુધી અનેક પ્રકારના સ્વાર્થ સાધવા તેમને સ્વાર્થ પૂરતો સ્નેહ રાખવો પડે છે. સર્વમુક્તિ પ્રાપ્ત કર્યા પછી જ જીવોની સ્વાર્થ-વૃત્તિઓ નાશ પામે છે. જ્યાં સુધી સર્વ કર્મના આવરણોથી આત્મા ઘેરાયલો રહે છે ત્યાં સુધી તો કોઇ ને કોઈ પ્રકારનો સ્વાર્થ તો રહેવાનો જ, પછી તે સાચા સ્વાર્થરૂપી પરમાર્થ હો અથવા પરમાર્થશૂન્ય મિથ્યા સ્વાર્થ હો, પણ સર્વથા સ્વાર્થ-શૂન્યતા તો હોતી નથી.

મિથ્યા સ્વાર્થી જડાસક્ત હોય છે અને તેના અંગે તેમનો જડ વસ્તુઓ ઉપર રાગ વધારે હોય છે. ચૈતન્ય ઉપર જે તેમનો સ્નેહભાવ જોવામાં આવે છે તે કેવળ ચૈતન્ય સાથે સંબંધ ધરાવનાર જડમય સ્થૂળ દેહ માટે જ હોય છે; કારણ કે પોતે

જડ ભોક્તા હોવાથી સરસ-સુંદર વર્ણ, ગંધ, રસ, શબ્દ ને સ્પર્શવાળા દેહની જ ચાહનાવાળા હોય છે; જોવાના, ચાખવાના, સાંભળવાના ને સ્પર્શ કરવાના લોભી હોય છે, અને સાચા સ્વાર્થીઓ પરમાર્થ માટે જ પ્રવૃત્તિ કરનારાઓનો સ્નેહભાવ આત્માઓ ઉપર હોય છે; કારણ કે તેમનું આત્મશ્રેય આત્માઓ ઉપર સ્નેહભાવ રાખવાથી થાય છે.

જ્યાં સુધી મનુષ્યને સાચું જ્ઞાન હોતું નથી ત્યાં સુધી પરમાર્થ માટે પ્રવૃત્તિ કરી શકતા નથી, ક્ષણિક સુખ તથા આનંદના માટે મિથ્યા વસ્તુઓની ચાહના રાખ્યા કરે છે, જડ વસ્તુઓ ઉપર પ્રેમભાવ રાખીને તેને જ મેળવવા મથ્યા કરે છે જ્યારે તેમને સાચું-યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે પરમાર્થ, આત્મશ્રેય-આત્મવિકાસ અથવા પુન્યબંધ માટે પ્રવૃત્તિ કરે છે. તેમનો સ્વાર્થ જ આત્મોન્નતિ હોય છે અને એટલા માટે જ તેમનો સ્વાર્થ ઉચ્ચતમ હોવાથી તેમને સ્નેહ પણ પવિત્ર હોય છે. અજ્ઞાનીયોનો સ્વાર્થ તુચ્છ તથા અધમ હોવાથી તેમનો સ્નેહભાવ તુચ્છ તથા અધમ હોય છે.માયા,પ્રપંચ, અસત્ય તથા અનીતિગર્ભિત હોય છે.

ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરવાથી સંસારમાં કોઇપણ-તે પછી ઉત્તમ પુરુષ હો કે અધમ પુરુષ હો, પ્રાણીમાત્ર સ્વાર્થશૂન્ય તો નથી જ. જ્યાં પ્રયોજન ત્યાં પ્રવૃત્તિ છે ને જ્યાં પ્રવૃત્તિ છે ત્યાં પ્રયોજન છે. મોહનો નાશ કરી વીતરાગદશા પ્રાપ્ત કર્યા સિવાય નિરિચ્છકદશા આવતી નથી.જ્યાં નિરિચ્છકતા નથી ત્યાં નિઃસ્વાર્થતા હોઈ શકે જ નહીં. મોહના વશ પડેલો સંસારી હિતાહિતનું ભાન રાખ્યા વગર વિવિધ પ્રકારના પદાર્થોને જોઇને વિવિધ પ્રકારથી ચાહનાપૂર્વક પોતાને સુખ મળશે, આનંદ મળશે એમ માનીને તુચ્છ-અસાર પદાર્થોને મેળવવા કૃત્રિમ-ખોટો સ્નેહભાવ

દેખાડી રહ્યો છે, જેની ખોટાઈ પોતાને સ્વાર્થ પૂરો થયા પછી ફીકકા-ઝાંખો પડી જવાથી સ્પષ્ટ જણાઈ આવે છે.

સ્નેહ, રાગ અને પ્રેમ એક જ પ્રકારના ભાવોને ઓળખાવનાર નામો છે. આ સર્વની ઉત્પત્તિનું મૂળ એક જ છે; અને તે મોહ છે. મોહ મૂળ છે, રાગ થડ છે અને કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ આદિ જે જે ભાવોથી હૃદય રંગાઈ જાય છે તે સઘળાં તેનાં ડાળાં છે. મોહરૂપી મૂળ સુકાઇ જવાથી થડ તથા ડાળાં સઘળું ય સુકાઇ જાય છે, પછી તેની ગંધ પણ આત્મામાં હોતી નથી, કારણ કે રાગ તથા સ્નેહ કાંઇ આત્માના ધર્મ નથી, પણ આત્માના ઉપર આડાં આવી ગયેલ જડના જ પડછાયા છે. સ્ફટિક રત્નને તો શુદ્ધ શ્વેત પ્રકાશ હોય છે; પરંતુ જ્યારે શ્યામ વસ્ત્ર આડું આવી જાય છે ત્યારે શ્યામ-કાળી આભા સ્ફટિકની દેખાય છે, તેથી કાંઈ સ્ફટિક કાળું હોતું નથી.

આત્માનું રંગાવું મોહ-કર્મરૂપી જડ વસ્તુથી થાય છે. જેમ ધોળું વસ્ત્ર હોય અને તેને લાલ, પીળું, કાળું બનાવવા વસ્ત્રથી ભિન્ન રંગ ચઢાવવો પડે છે પણ વસ્ત્ર પોતે પોતાના સ્વરૂપે રંગાતું નથી તેમ આત્મા પોતાના સ્વરૂપથી રંગાતો નથી, પણ પર-જડ વસ્તુથી રંગાય છે. રંગ ઉતરી ગયા પછી પાછું પોતાનું સ્વરૂપ પ્રગટ થાય છે-તેમાં રંગનો અંશમાત્ર પણ રહેતો નથી.

આ પ્રમાણે રંગ ચઢી જવાથી આત્માનું મૂળ સ્વરૂપ ઢંકાઈ જાય છે, અને તે પરસ્વરૂપે ઓળખાય છે. જેમકે-ક્રોધી, માની, લોભી, મનુષ્ય, પશુ, પક્ષી વિગેરે વિગેરે. આ સઘળા ય રૂપો કર્મરૂપી જડના આકારો છે. બાકી આત્મામાં તો કોઇ પણ પ્રકારનો આકાર નથી, તે તો એક જ સ્વરૂપે રહેનારો છે. લાલ,

પીળું કે કાળું વસ્ત્ર દેખાય છે તે રંગના વિકારો છે;પણ વસ્ત્રના નથી. વસ્ત્ર તો ધોળું જ છે. આ પ્રમાણે રાગ વસ્તુસ્વરૂપ બગાડનાર–વિકૃત કરનાર હોવા છતાં તેને સારો–પ્રશસ્ત પણ માનવામાં આવે છે. એક રાગ એવા પ્રકારનો છે કે જે વસ્તુના સ્વરૂપને પ્રગટ કરવામાં સહાયક છે, અને એક રાગ એવો છે કે જે આત્માના સ્વરૂપને બગાડવામાં મદદ કરે છે. આ બંને પ્રકારના રાગોની ઉત્પત્તિ તો મોહથી જ થાય છે. મોહ કનિષ્ટમાં કનિષ્ટ વસ્તુ છે, પણ તેનાથી ઉત્પન્ન થયેલા રાગોમાં તફાવત છે. ઉત્પત્તિ સ્થળ એક જ પ્રકારનું હોવા છતાં ઉત્પન્ન થએલી વસ્તુઓમાં તફાવત થઇ શકે છે. મનુષ્યની ઉત્પત્તિ એક જ પ્રકારના સ્થળથી થયેલી હોય છે છતાં, એક મનુષ્ય ઉત્તમ કહેવાય છે ને એક અધમ કહેવાય છે. આ તફાવત સગા ભાઇઓમાં પણ જોવામાં આવે છે. જે રાગને પ્રશસ્ત–સારો કહેવામાં આવે છે તે આત્મવિકાસને લક્ષમાં રાખી આત્મવિકાસી મહાપુરુષોના પ્રતિ કરવામાં આવે છે. અથવા પુન્યબંધ માટે જગતના જીવોનું હિત કરવા, તેમને સુખી કરવા કરાય છે. આ પ્રશસ્ત રાગ પણ સ્વાર્થ માટે જ છે, માટે તે સ્વાર્થ છે. મોહથી જે કાંઇ આત્મામાં વિકૃતિ થઇને પ્રવૃત્તિ થાય છે તે સઘળાં ય સ્વાર્થના અંગ છે.

અપ્રશસ્ત રાગ જડને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે છે. જે રાગથી આત્માનું સ્વરૂપ વધારે મેલું થતું હોય તે રાગને અપ્રશસ્ત રાગ કહેવામાં આવે છે. સંસારમાં અપ્રશસ્ત રાગવાળા ઘણા જીવો હોય છે, અર્થાત્ ક્ષુદ્ર-તુચ્છ સ્વાર્થ સાધવાવાળા ઘણા હોય છે. આ તુચ્છ સ્વાર્થ પણ ઘણા પ્રકારનો હોય છે. તેનું મૂળ જોઇએ તો આનંદ તથા સુખ છે. કેટલાક તુચ્છ સ્વાર્થનો સુખમાં સમાવેશ થાય છે તો કેટલાકનો આનંદમાં સમાવેશ

થાય છે. અજ્ઞાની જીવોની પ્રવૃત્તિનો હેતુ ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદ સિવાય બીજો કાંઇ પણ હોતો નથી.

સુખ તથા આનંદ દેખીતાં તો સરખાં લાગે છે, બંનેમાં કાંઇ પણ ફેરફાર જણાતો નથી; પણ તાત્વિક દૃષ્ટિથી તપાસીએ તો બંને વસ્તુઓ જુદી છે. સુખ જેને કહેવામાં આવે છે તે સાતાવેદનીય નામના કર્મથી થાય છે ત્યારે આનંદ રતિમોહનીય નામના કર્મથી થાય છે. જ્યાં સાતા હોય છે ત્યાં આનંદ હોય છે, પણ જ્યાં આનંદ હોય છે ત્યાં સાતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી.

એક માણસ ઘણા જ રોગથી પીડિત હોય તેની શાંતિના માટે તેના આગળ ફોનોગ્રાફ વગાડવામાં આવે અથવા હારમોનિયમ વગાડી ગાયન ગાવામાં આવે તો તેને કાંઇક આનંદ તો આવે છે, પણ સુખ હોતું નથી. તેવી જ રીતે કોઈ માણસને કોઈ પ્રકારની આધિવ્યાધિ ન હોય અને આનંદના માટે ફોનોગ્રાફ કે એવી બીજી કોઇ પણ આનંદ આપનારી વસ્તુનો ઉપયોગ કરે તો તેને સાતા તથા આનંદ બન્ને હોય છે. જેની આર્થિક સ્થિતિ તથા શારીરિક સ્થિતિ બંને સારાં હોય તો તેને સુખ તથા આનંદ બંને હોય છે. આ પ્રમાણે સુખ તથા આનંદના માટે જીવો સંસારમાં રહેલા ચૈતન્ય તથા જડ પદાર્થો ઉપર સ્નેહભાવ તથા પ્રેમભાવ રાખે છે, અને જે વસ્તુઓથી સુખ તથા આનંદની પ્રાપ્તિ ન થતી હોય તેવા પદાર્થો ઉપર ઉદાસભાવે-ઉપેક્ષાભાવે રહે છે. તેવી વસ્તુઓ ઉપર તેમનો પ્રેમભાવ કે અપ્રેમભાવ હોતો નથી, તેથી કરી તેઓ કાંઇ વીતરાગ કે સમભાવી કહેવાતા નથી.

સંસારમાં કોઇને કોઈની સૌંદર્યતા જ જોઇ આનંદ મેળવવાનો સ્વાર્થ હોય છે, તો કોઇને કોઇનાં મધુર કંઠથી ગાયેલાં ગીતો જ સાંભળવામાં આનંદ આવે છે અને ગીત ગાનારને તથા સુંદર આકૃતિવાળાને ચહાય છે, કોઇને કોઇના દેહની સુંદરતા ગમવાથી તેમાં વિષયાસક્ત થઇને તેને ચહાય છે, તો કોઈ કોઇને જોવા માત્રથી જ આનંદ મળતો હોવાથી તે તેને ચહાય છે. તાત્પર્ય કે અનેક પ્રકારના સુખ તથા આનંદના સ્વાર્થ માટે એક મનુષ્ય બીજા મનુષ્યની ચાહના રાખી સ્નેહભાવ દેખાડે છે.

જેવી રીતે મનુષ્યો સ્વાર્થના માટે પરસ્પર ચાહના રાખે છે તેવી જ રીતે સ્વાર્થના માટે મનુષ્યો પશુ-પક્ષીયો ઉપર પણ ચાહના રાખતા નજરે પડે છે. મનુષ્યો, ગાય-ભેંસ પાળે છે, તેની સેવાચાકરી કરે છે તે કાંઇ નિઃસ્વાર્થપણે કરતા નથી; પણ દૂધ, દહીં, ઘી આદિ વસ્તુઓની પ્રાપ્તિરૂપ સ્વાર્થના માટે કરે છે. બળદ, ઘોડા, હાથી વિગેરે પાળે છે, તે પણ ખેતી તથા સ્વારી વિગેરેના કામ માટે પાળે છે. પક્ષીયોમાં પોપટ વિગેરેને પાળે છે, તે પોતાના આનંદને માટે પાળે છે. આ પ્રમાણે વિષયતૃપ્તિરૂપ આનંદ તથા જીવનનિર્વાહના સાધનરૂપ સ્વાર્થ સાધવાને માટે પશુ-પક્ષી ઉપર સ્નેહભાવ રાખી તેની સેવાચાકરી મનુષ્યો કરે છે.

સંસારમાં સ્વાર્થ ત્રણ ભાગમાં વહેંચાયલો છે. એક તો પરમાર્થરૂપ સ્વાર્થ, જેને સાચા જ્ઞાનવાળા જ્ઞાનીપુરુષો જ કરી જાણે છે, કે જે સ્વાર્થમાં પરમ શાંતિ રહેલી હોય છે. પરિણામે તે પરમ આનંદને આપવાવાળો હોય છે અને સંસારમાં કોઈ પણ પ્રાણીને દુઃખ આપ્યા સિવાય સાધી શકાય છે. વળી અનંતું

જીવન અને અનંતું સુખરૂપ આત્માના ગુણોનો વિકાસ કરનાર હોય છે. બીજો સ્વાર્થ જીવનનિર્વાહનો હોય છે. આ સ્વાર્થ ચાહે ત્યાગી હો, ચાહે ભોગી હો સઘળાયને રાખવો પડે છે. પ્રાણી-માત્ર પોતાને મળેલા જીવનને ટકાવી રાખી તેમાં જીવવાની ઇચ્છાવાળા હોય છે. પરમાર્થરૂપ સ્વાર્થને સાધવા માટે પણ આ સ્વાર્થની જરૂર પડે છે, માટે દુનિયાનાં પ્રાણીમાત્રમાં આ સ્વાર્થ રહેલો હોય છે. ત્રીજો સ્વાર્થ મોજશોખનો છે. આ સ્વાર્થ અનીતિથી દ્રવ્ય ઉપાર્જન કરીને શ્રીમંત બનેલાઓમાં વધારે જોવામાં આવે છે. શ્રમજીવીયોમાં થોડા પ્રમાણમાં હોય છે. ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદ સિવાય આ સ્વાર્થમાં બીજી કાંઇ પણ પ્રાપ્તિ હોતી નથી. મનુષ્યો મોજશોખ માટે અનીતિ તથા અધર્મનું આચરણ વધારે કરે છે, જેથી કરી તેઓ વધારે અપરાધી બને છે. મોજશોખરૂપ સ્વાર્થ સાધવાવાળાઓનો અનુરાગ જડ ઉપર વિશેષ હોય છે. ખાવાપીવાના માટે મનગમતી વસ્તુઓનો ઉપયોગ કરે છે, અનેક પ્રકારના રસનેંદ્રિયના પોષક પદાર્થો વાપરે છે. પોતાની જીભના સ્વાદને ખાતર અનેક જીવોનો વિનાશ કરે છે. મોજશોખના સ્વાર્થીયોનો અનુરાગ ઘરેણાં, સારાં સારાં કપડાં, સારાં મકાનો, બાગબગીચા, મોટર આદિ વસ્તુઓ ઉપર પણ વિશેષ હોય છે. એમને નાટક-સિનેમા આદિ રમતગમતના સાધનો બહુ જ ગમે છે. સુગંધી વસ્તુઓ તેમજ અનેક પ્રકારના વાજીંત્રોની પણ ચાહના એમને ઘણી જ રહે છે. તાત્પર્ય કે જેટલો જડ સંસાર છે તેને ક્ષણિક આનંદના માટે ચાહનારા મોજ-શોખના સ્વાર્થીયો હોય છે. ઉપર બતાવેલા ત્રણ પ્રકારનો સ્વાર્થોમાંથી પરમાર્થરૂપ સ્વાર્થ, તે નામનો જ સ્વાર્થ છે. તેથી આત્માનું અકલ્યાણ થતું નથી; કારણ કે

તેમાં આત્માની ઉચ્ચતમ દશા પ્રાપ્ત કરવાના પ્રયોજન સિવાય બીજું કાંઇ પણ પ્રયોજન હોતું નથી. તેમનો આત્મશ્રેય માટે કરવામાં આવતો જગતના જીવો ઉપરનો સ્નેહ ઉભયનું હિત કરવાવાળો હોય છે. તેમનો સ્વાર્થ જગતના કોઇ પણ જીવને દુઃખદાયી હોતો નથી, માટે તેને ઉત્તમ ગણ્યો છે. પૂર્વે જેટલા મહાપુરુષો થઈ ગયા છે તેઓ સાચા સ્વાર્થી બનવાનો ઉપદેશ આપી ગયા છે. સાચા સ્વાર્થ સિવાય જગતનું કલ્યાણ નથી, પણ પહેલાં સાચા સ્વાર્થને સારી રીતે ઓળખવો જોઈયે અને ત્યારપછીથી જ સ્વાર્થી બનીને સ્વશ્રેય સાધવું જોઇએ. સ્વને ન ઓળખવાથી જ જગત છેતરાય છે. અમે સ્વાર્થ સાધ્યો એમ માનીને સંતોષ જાહેર કરે છે પણ તે મોટી ભૂલ કરે છે, કારણ કે સ્વના જ્ઞાનશૂન્ય આત્માઓ સ્વાર્થ સાધવાને બદલે સ્વાર્થભ્રષ્ટ થાય છે. સ્વસંબંધીની તેમની અજ્ઞાનતા તેમનો સર્વનાશ કરે છે. બીજા જીવોને દુઃખ આપી, તેમને છેતરી, વિશ્વાસઘાત કરી, તેમને મારી નાખી, તેમનું જીવન અનીતિમય બનાવી કોઇએ પણ આજ સુધીમાં સ્વાર્થ સાધ્યો નથી, માટે સ્વ એટલે પોતાની ઓળખાણ કરવાની અત્યંત આવશ્યકતા છે.

સ્વને ન ઓળખનારાઓ, કેવળ પચીસ-પચાસ કે સાઠ-સીત્તેર વર્ષના મળેલા જીવનને જ સ્વ માનનારાઓ મધ્યમ કોટિના સ્વાર્થીયો ગણાય છે. તેઓ પોતાના જીવનને ટકાવી રાખવાને માટે સંસારને ચહાય છે. જીવનનિર્વાહ અનેક પ્રકારના સાધનોથી થાય છે. કોઇ નોકરી કરીને જીવનનિર્વાહ કરે છે, તો અનેક પ્રકારના ધંધા કરીને જીવનનિર્વાહ કરે છે. કોઈ મજૂરી કરીને કરે છે, તો કોઈ ભિક્ષા માગીને કરે છે. મતલબ કે, જીવવાને માટે મનુષ્ય અનેક પ્રકારની પ્રવૃત્તિયો કરે છે. જીવ-

વામાં કેટલાકને અનુકૂળતા મળે છે, તો કેટલાકને પ્રતિકૂળતા મળે છે. કેટલાક સુખે નિર્વાહ કરે છે, તો કેટલાક દુઃખે નિર્વાહ કરે છે. કેટલાકનો જીવવાનો હેતુ અકલ્યાણનો હોય છે, તો કેટલાકનો ફક્ત જીવન વ્યતીત કરવાનો હોય છે.

પરિશ્રમ વગર જીવનનિર્વાહ કરવાની ચાહનાવાળા, દંભ, છળ, વિશ્વાસઘાત વિગેરે અનીતિ કરવાવાળા હોય છે; અને શ્રમજીવી તથા મરી જવું છે એમ સમજનારા, અસત્ય, છળ, પ્રપંચ કે વિશ્વાસઘાતરૂપ અનીતિ કરતા નથી. એક દિવસ મરવું છે, એમ માનનારા સંતોષી હોય ત્યારે મૃત્યુને ભૂલી જનારા અસંતોષી હોય છે. વગર મહેનતે આજીવિકા કરવાની ભાવનાવાળાઓ ચોરી, જુગાર આદિ દુર્વ્યસનના સેવનારા હોય છે. તેમના જીવનમાં અનેક પ્રકારની આપત્તિ વિપત્તિ નડ્યા સિવાય રહેતી નથી. શ્રમજીવીયો ઘણું કરીને સુખે જીવે છે, તેમનું જીવન ઉપદ્રવ વગરનું હોય છે. આનંદથી નિરપરાધીપણે પોતાનું જીવન વ્યતીત કરે છે.

શ્રમથી જીવનનિર્વાહ કરનારાઓ પોતાના જીવનનિર્વાહ માટે બીજાને ત્યાં નોકરી કરે છે. બીજાના ઘરનું કામ ઘણા પ્રેમથી કરે છે. જેને ત્યાં નોકર હોય છે તે ઘરનાં માણસોને પોતે ચ્હાય છે, તેમના ઉપર સ્નેહભાવ રાખે છે. તેમનું સઘળું ય કામ પોતાનું સમજીને કરે છે. તેનો તે ઘર પ્રતિ મમત્વભાવ બંધાઈ જાય છે. તેના બાળબચ્ચાને રમાડે છે, ખવડાવે છે, ન્હવડાવે છે અને પ્રેમથી પાળે છે. આ બધું શા માટે? કેવળ આજીવિકાના સ્વાર્થ માટે, જીવનનિર્વાહ માટે. વ્યાપારીયો પોતાના ગ્રાહકોને ચ્હાય છે, તેમનો આદરસત્કાર કરે છે, ઘેર આવ્યા હોય તો તેમને સારી સારી

સ્નેહી જમાડે છે, તેમના ઉપર સ્નેહભાવ રાખે છે, તેમના દુઃખમાં શોક પ્રગટ કરે છે, તેમના સુખમાં આનંદ મનાવે છે–આ બધુ શા માટે ? જીવનનિર્વાહનું સાધન પૈસાની પ્રાપ્તિ માટે. આત્મ કલ્યાણ માટે જીવનારાઓ જીવનનિર્વાહ માટે જગતને રહાય છે અને પણ તેઓની ચાહનાનો હેતુ પરિમિત જીવનદ્વારા અપરિમિત જીવનને મેળવવાનો હોય છે. માટે તેમની ચાહનાથી અન્યનું અકલ્યાણ થતું નથી. એમની ચાહના ઘણી જ પવિત્ર હોય છે એમને શરીર રક્ષવા પૂરતી જ જરૂરિયાત હોવાથી કોઈ પણ પ્રકારે દીનતા કરતા નથી. મૃત્યુ સમયે વલોપાત પણ કરતા નથી. કૃત્રિમ એમને જીવનનિર્વાહનો સ્વાર્થ સાધ્યે. સ્વાર્થ સાધવા માટે જ હોય છે

ભોજ-શોખ માટેનો સ્વાર્થ ઘણો જ ભયંકર દુઃખદાયી હોય છે. છળપ્રપંચ, અસત્ય તથા અનીતિનો આ સ્વાર્થ સાધવામાં ઘણી જ જરૂરત પડે છે. તેમજ વિશ્વાસઘાતને અગ્રસ્થાન આપવામાં આવે છે. ભોજ-શોખથી સ્વાર્થ સાધવાવાળાનો ઉદ્દેશ અધમમાં અધમ કૃત્ય કરીને પૈસા મેળવી આનંદ ભોગવવાને હોય છે. એમને ધર્મ-અધર્મ બધું ય સરખું હોય છે. એઓ પુન્ય પાપને કાંઈ પણ સમજતા નથી. એમના ભોજ-શોખમાં કોઈ પણ વસ્તુ વિઘ્નકારક હોય તો તેનો નાશ કરવામાં જરા ય સંકોચાતા નથી. માત, પિતા, પુત્ર, ભગિની જેવાં નિકટ સગાં-સ્નેહી જો ભોજ-શોખમાં આડાં આવતા હોય તો તેમનો પણ ઘાત કરતાં તેમને જરા ય દયા આવતી નથી. તો પછી બીજાના માટે તો કહેવું જ શું ? ભોજ-શોખના સ્વાર્થીયોના હૃદયમાંથી દયા, દાક્ષિણ્યતા અને લજ્જા આદિ સદ્ગુણો પલાયન થઈ ગયેલા હોય છે. બીજાના પ્રતિ દેખાડવામાં આવતા એમના

ભાવોમાં કૃત્રિમતા ઠાંસીઠાંસીને ભરેલી હોય છે. એમના અંદર વિષયલોલુપતા પુષ્કળ હોય છે. જીવનનિર્વાહના સ્વાર્થીયો ઉપકારીનો ઉપકાર ભૂલતા નથી, પણ મોજ-શોખના સ્વાર્થીયો તો ઘણા જ ગરજી હોવાથી ગરજ સર્યા પછી ધક્કો મારે છે. જ્યાં સુધી પોતાની ક્ષુદ્ર તૃષ્ણા શાંત કરવામાં વસ્તુ મદદ કરતી હોય ત્યાં સુધી જ તેને ચહાય છે, તેની સંભાળ રાખે છે. જ્યાં તે વસ્તુ મદદ કરવામાં અસમર્થ થઇ કે પછી તેની સામે પણ જોતા નથી, માટે જ મોજ-શોખના સ્વાર્થીયો કનિષ્ઠમાં કનિષ્ઠ છે અને તે અધમ કોટીમાં ગણાય છે.

ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરતાં સંસારમાં જીવોની સ્વાર્થ માટે જ પ્રવૃત્તિ જણાય છે. તમે પોતાના ઘરેણાં તથા કપડાંને જાળવો છે, તેનું રક્ષણ કરે છો તે શા માટે? સ્વાર્થ માટે જ કરો છો. તમે એમ માનેલું હોય છે કે ઘરેણાં શરીરની શોભા વધારે છે, કપડા શોભા વધારે છે, તથા શરીરનું રક્ષણ કરે છે. મકાનમાં રહેવાથી આપણો બચાવ હોય છે, એમ ધારીને મકાનને જાળવો છો. ઘરેણાં, કપડાં તથા મકાન આદિ વસ્તુઓ ઉપર મમત્વભાવ રાખો છો. તેનું કોઈ નુકશાન કરતું હોય તો તેના ઉપર તમે ક્રુદ્ધ થાઓ છો. આ બધું શા માટે? સ્વાર્થ હોવાથી જ એ વસ્તુઓ ઉપર મમત્વ રાખો છો.

સંસારમાં સ્વાર્થને છોડીને પ્રેમ કે સ્નેહ જેવી કોઈ વાસ્તવિક વસ્તુ હોય, અને તે નિઃસ્વાર્થપણે થતી હોય તો સંસારના સઘળા ય જડ તથા ચૈતન્ય પદાર્થો ઉપર તે હોવો જોઈએ, પરંતુ એમ તો કોઇપણ સ્થળે જોવાતું નહી. જીવોને જે વસ્તુ અનુકૂળ હોય છે અને જેનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય છે, તેને જીવો ચહાય છે, તેના ઉપર રાગ-સ્નેહ રાખે છે. અને જે વસ્તુ

પ્રતિકૂળ હોય, જેનાથી પોતાનો સ્વાર્થ બગડતો હોય, તેને ચહાતા નથી, તેના ઉપર દ્વેષ રાખે છે; તથા જેનાથી સ્વાર્થ સધાતો ન હોય તેમ બગડતો ય ન હોય તેના પ્રત્યે ઉદાસીનભાવે રહે છે અર્થાત્ તેના ઉપર રાગ નથી હોતો તેમ દ્વેષ નથી હોતો. આ પ્રમાણે રાગભાવ, દ્વેષભાવ અને મધ્યસ્થભાવ ત્રણ પ્રકારના ભાવો સંસારમાં દૃષ્ટિગોચર હોય છે. આ ત્રણ ભાવો કાંઇ આત્માના ધર્મ નથી પણ તે મોહકર્મજન્ય ઉપાધીસ્વરૂપ છે. મોહ નાશ પામવાથી ત્રણે ભાવો નાશ પામી જાય છે. વિશુદ્ધ આત્મામાં આ ત્રણમાંનો એકે ભાવ હોતો નથી.

જ્યાં સુધી મોહકર્મજન્ય ઉપાધિ હોય છે ત્યાં સુધી સ્વાર્થ હોય છે, અને જ્યાં સુધી સ્વાર્થ હોય છે ત્યાં સુધી જ સ્નેહ-ભાવ હોય છે. પરમાર્થરૂપ સ્વાર્થ સંપૂર્ણ કર્મક્ષય થતાં સુધી રહે છે, ત્યારે મિથ્યા-સ્વાર્થ, જ્યાં સુધી મોહકર્મ હોય છે ત્યાં સુધી જ રહે છે. મોહ-કર્મના પ્રભાવથી જીવો અજ્ઞાનતાને લઇને અનુકૂળ-પ્રતિકૂળની ભાવનાઓવાળા હોય છે અને અનુકૂળને પ્રતિકૂળ સમજે છે, પ્રતિકૂળને અનુકૂળ સમજે છે જેથી તેમને રાગ-દ્વેષના આધીન થવું પડે છે. સાચી અનુકૂળતા તથા સાચી પ્રતિકૂળતા સમજ્યા પછી રાગ-દ્વેષ ઓછો થતો જાય છે, અને સ્વાર્થ પરમાર્થના રૂપમાં બદલાઇ જાય છે. સર્વથા રાગદ્વેષ નાશ પામી ગયા પછી પરમાર્થ સિદ્ધ થઇ જાય છે, ને પરમાર્થ સિદ્ધ થયા પછી જીવ પોતે કૃતકૃત્ય થઇ જાય છે.

જ્યાં સુધી જીવને સાચી અનુકૂળતા સમજાતી નથી ત્યાં સુધી ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદ આપનાર વસ્તુઓને જ અનુકૂળ માને છે. જેમકે-જે માણસથી પોતાને ક્ષણિક સુખની સાધક ધન, ખાન, પાન, વસ્ત્ર, ઘરેણાં, મકાન આદિ વસ્તુઓ

પ્રાપ્ત થતી હોય, અથવા પોતાની વિષયતૃપ્તિમાં ઉપયોગી થઇ પડતું હોય તેવું માણસ પોતાને અનુકૂળ લાગવાથી તેના ઉપર સ્નેહ રાખે છે. જેનાથી પોતાને કાંઇ પણ ક્ષણિક આનંદની કે સુખની સામગ્રી ન મળતી હોય, ઊલટું તે મનુષ્ય પોતાના ક્ષણિક આનંદમાં વિઘ્નકર્તા હોય તો તે માણસ તેને પ્રતિકૂળ લાગે છે. તેવી જ રીતે જે જડ વસ્તુ ક્ષણિક આનંદ આપનારી હોય તેને અનુકૂળ ગણીને તેના ઉપર રાગ રાખે છે.

આવા પ્રકારની અનુકૂળતા તથા પ્રતિકૂળતા રાગ-દ્વેષની ઉત્પાદક હોય છે અને તે આત્માનું અશ્રેય કરનારી હોય છે. આવી અનુકૂળતાને લઇને થયેલો રાગ-સ્નેહ તે સ્વાર્થથી જ થયેલો હોય છે, માટે જ સ્નેહ એટલે-સ્વાર્થ. સ્વાર્થ ન હોય તો સ્નેહ જેવી કોઇ વસ્તુ જ નથી, અને એટલા માટે જ આવા સ્નેહમાં પરિવર્તન થયા કરે છે. સ્નેહ અસ્નેહ થઇ જાય છે અને અસ્નેહ સ્નેહ થઇ જાય છે. જ્યાં સુધી જેનાથી સ્વાર્થ સધાતો હોય ત્યાં સુધી સ્નેહ હોય છે, ને સ્વાર્થ પૂરો થયો એટલે અસ્નેહ થઈ જાય છે. વળી પાછો સ્વાર્થ ઉત્પન્ન થાય છે ત્યારે જે વસ્તુ ઉપર અસ્નેહ હતો તે જ વસ્તુ ઉપર પાછો સ્નેહ થાય છે. સંસારમાં જ્યાં જુઓ ત્યાં સ્વાર્થ જ સ્વાર્થ છે. નિઃસ્વાર્થ પણ એક પ્રકારનો સ્વાર્થ જ છે, પણ તેને સ્વાર્થમાં ગણ્યો નથી. સંસાર સ્વાર્થી છે, એવું કથન મહાપુરુષોનું છે તે સર્વથા સત્ય છે. તેઓએ જડાસક્ત સંસારના અંગે જ આવા પ્રકારનાં ઉદ્ગારો કાઢ્યા છે. નહિ તો સંસારમાં આત્માસક્ત પરમાર્થસાધક ઉત્તમ પુરુષો પણ હોય છે, પણ તે ઘણા જ થોડા હોવાથી તે તરફ ધ્યાન આપ્યું નથી. સંસારમાં મોટો ભાગ જડાસક્ત છે, અને તે પુદ્ગલાનંદી હોવાથી પૌદ્ગલિક સુખને માટે અનેક પ્રકારના

ઉપાયો કરે છે. અને તે ઉપાયોમાં સફળતા મેળવવાને માટે પ્રેમ-સ્નેહ જે રાગનાં અંગ છે, તેનો ઉપયોગ કરે છે.

પ્રેમ તથા સ્નેહ શું વસ્તુ છે? આત્માનો ધર્મ તો નથી જ. ત્યારે શું જડનો ધર્મ છે? જડનો ધર્મ પણ સંભવી શકતો નથી; કારણ કે માટી-પથરા આદિ જડ વસ્તુઓમાં કયાંય પણ જણાતો નથી. ત્યારે પ્રેમ શું છે? આત્માની સાથે જડ વસ્તુનો સંયોગ થવાથી આત્મામાં ઉદ્ભવેલી એક પ્રકારની વિકૃતિ છે. તે જડ વસ્તુનો વિયોગ થતાં નાશ પામી જાય છે. એટલે સ્નેહ કોઇ તાત્વિક વસ્તુ નથી, પણ એક પ્રકારની બનાવટ છે. અને જે બનાવટ હોય તે વસ્તુ સાચી હોઇ શકે નહીં, તો જેઓ આવી બનાવટી-ખોટી સ્નેહ જેવી વસ્તુ માટે પોતાના આત્માનું અહિત કરે છે, શ્રેય કરતા નથી તેઓ મોટી ભૂલ કરે છે. અમુક મારો સ્નેહી છે, અમુક મારો પ્રેમી છે-આવી આવી ભાવનાઓથી મોહને ઉત્તેજિત કરી મમત્વભાવ વધારે છે અને પોતાનું ભવિષ્ય બગાડે છે, તે મનુષ્યો બુદ્ધિ વગરના જ કહેવાય છે. આ પ્રમાણે બુધ્ધિની વિકળતાને લઇને ઘણી જ મહેનતે અનેક પ્રકારના કષ્ટાનુષ્ઠાન કરીને મેળવેલું ઉત્તમ માનવજીવન ખોઇ નાખે છે અને પરિણામે દુઃખના ભાગી બને છે, માટે બુદ્ધિનો સદુપયોગ કરીને સંસારની પરિસ્થિતિનો સારી રીતે વિચાર કરો અને જેમ બને તેમ સાચું સુખ તથા સાચો આનંદ મેળવવાને માટે પ્રયત્ન કરો. જ્યાં સુધી તમારી પ્રેમની કે સ્નેહની ભાવના ભૂંસાતી નથી ત્યાં સુધી તમને સાચું સુખ કે સાચો આનંદ મળવાનો નથી, માટે ખોટા સ્નેહથી મુક્ત થઈને આત્મશ્રેય સાધવા ઉદ્યમવાળા થશો કે જેથી કરી નિત્ય સુખ તથા નિત્ય આનંદને પ્રાપ્ત કરીને હમેશાંને માટે પરમ શાંતિ મેળવશો.

ક્ષણિક પદાર્થોમાં ન લલચાશો.

(૧૦)

ક્ષણિક વસ્તુઓમાં આસક્ત થઈને અનંતું જીવન ક્ષણિક ન બનાવો.

આત્માને છોડીને સંસારમાં માટી જડ વસ્તુઓ તથા ઘરેણાં, કપડાં આદિ જડના વિકારો સઘળી વસ્તુઓ ક્ષણિક છે, અસ્થિર છે, અનિત્ય છે, જીવનને વધારવાને માટે સર્વથા અસમર્થ છે.

પ્રાણીમાત્ર જીવવાની ઇચ્છાથી જડ વસ્તુઓનો ઉપયોગ કરે છે, જેમ જેમ જડ વસ્તુઓનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરતા જાય છે તેમ તેમ તેમનું જીવન ક્ષણિક બની ટૂકડા થતા જાય છે. જીવો અજ્ઞાનતાથી એમ માને છે કે અમે જીવન વધારીએ છીએ પણ જીવન વધવાને બદલે ઓછું થતું જાય છે.

સંસારમાં સાચા જીવનને ઓળખનાર મનુષ્યો ઘણાં જ થોડા પ્રમાણમાં હોય છે, દુનિયાનો મોટો ભાગ જીવની સાથે થયેલા દેહના સંયોગને જ જીવન માને છે, ઘણા વર્ષ દેહનો

જીવની સાથે સંયોગ રહે તો લાંબું જીવન માને છે, અને થોડા વર્ષ સંયોગ રહે તો ટૂંકું જીવન માને છે. આ પ્રમાણે જીવનના સ્વરૂપને જાણનારાઓ જીવની સાથે દેહનો વધારે કાળ સંયોગ ટકાવી રાખવાને માટે અનેક પ્રકારના ઉપાયો કરે છે.

સંસારમાં કોઇ પણ જીવને મરવું ગમતું નથી. ગમે તેવી તેની શારીરિક સ્થિતિ ખરાબ કેમ ન હોય તો પણ તે જીવવાની જ ઇચ્છાવાળો હોય છે. જીવવાને માટે માયા, છળ-કપટ, પ્રપંચ, અસત્ય અને અનીતિ આદરે છે, ધર્મ-કર્મથી વિમુખ થઇ જાય છે. ભલે ધર્મનો સંયોગ કેમ ન નષ્ટ થઈ જાય, પણ દેહનો સંયોગ તો અન્યોન્યો રહેવો જ જોઇએ-આવા પ્રકારની ભાવનાથી અનીતિ અને અધર્મમાં ઊતરી પડે છે. માંદો પડ્યો હોય અને ડૉકટર કે વૈદ્ય અભક્ષ્ય ભક્ષણ કરવાનું કહે તો તે ખુશીથી કરવા તૈયાર થઇ જાય છે. અનેક જીવોનો નાશ કરીને તૈયાર કરેલી દવા જીવવાને માટે ખુશીથી વાપરે છે. અનેક જીવોનો નાશ સાંભળવા છતાં જીવવાના અર્થીનું હૃદય કંપતું નથી. તે એવા વિચારવાળો હોય છે કે-જીવવાને બધું ય કરવું પડે છે, જીવતા રહીશું તો ધર્મના અનેક કાર્ય કરીને પાપથી છૂટી જઇશું. ધર્મના સાધનોમાં શરીર મુખ્ય સાધન છે. શરીર વગરનાં બધાં સાધનો નકામાં છે. આવા પ્રકારની ભાવનાઓથી હૃદય નિરંતર વાસિત રહેલું હોવાથી સઘળા જીવોને જીવવું ગમે છે, એ સિદ્ધાંત ભૂલી જાય છે.

અલ્પજ્ઞ જીવો બે પ્રકારના જીવન માને છે : એક દુઃખી જીવન અને બીજું સુખી જીવન. મોજશોખથી જીવવું તે સુખી જીવન અને સાદાઇથી જીવવું તે દુઃખી જીવન. જેને આવાને

ફક્ત રોટલા ને દાળ જ હોય, પહેરવાને જાડાં ખાદીનાં કપડાં હોય, રહેવાને સાધારણ એક મજલાવાળું મકાન હોય, સૂવાને માટે જમીન હોય અથવા શણની દોરીથી ભરેલો ખાટલો હોય, પાથરવાને માટે શેત્રંજી, સાદડી અથવા સો થીગડાવાળું ગોદડું હોય, પગમાં પહેરવાને સાધારણ દેશી જોડો હોય અથવા ઊઘાડે પગે ફરતો હોય, માથા પર ચાર છ આનાનો ટોપી હોય, ઘરમાં અજવાળા માટે એરંડીયાનું કોડીયું હોય અથવા ગ્યાસતેલનો બડીયો હોય, વાપરવાનાં વાસણો માટીનાં હોય અથવા સાધારણ ત્રાંબા, પીત્તળ કે કાંસાના હોય, હંમેશાં પગપાળો ચાલનાર હોય, જરૂરિયાતો ઓછી હોવાથી સંતોષ રાખીને ફુરસદના સમયે શાંત ચિત્તથી પ્રભુભક્તિમાં લીન રહેતો હોય–આવા પ્રકારની સ્થિતિમાં જીવનારના જીવનને અજ્ઞાની પુરુષો દુઃખી જીવન કહે છે.

જેને ખાવાને મિષ્ટાન્ન, ફળ, શાક, દૂધ, દહીં, ઘી, મેવા આદિ પદાર્થો હોય, પહેરવાને માટે કિંમતી ઊંચી જાતના રેશમ, મખમલ, જરી વિગેરેનાં ફેન્સી સીલાઇનાં કપડાં હોય, રહેવાને માટે આગબગીચાથી ઘેરાયલો, પચાસ હજાર કે લાખનો બંગલો હોય, સૂવાને માટે સુંદર મિનાકારી કારીગરીવાળો સ્વર્ણ પલંગ હોય, પાથરવાને રેશમી ખોળવાળાં મણ–મણ રૂનાં ગાદલાં હોય, પગમાં પહેરવાને પચીસ પચાસ બૂટ હોય, માથા પર કસબી તોરાવાળી પાઘડી હોય અથવા પચીસની ટોપી હોય, ઘરમાં રાત્રે અજવાળા માટે વીજળીની લાઈટ હોય, ગરમીમાં વીજળીના પંખા ચાલતા હોય, વાપરવાનાં વાસણો સોના, ચાંદીનાં કે જરમન સીલ્વરનાં હોય, જરૂરિયાતો ઘણી હોવાથી ધન મેળવવા રાતદિવસ ચિંતાગ્રસ્ત રહેતો હોય, અનીતિ અને

અધર્મથી મેળવેલા દ્રવ્યને રાખવા તથા વધારવા કાવાદાવા કરતો હોય, ચાલવાનો પણ પરિશ્રમ નકર તો હોવાથી રોગગ્રસ્ત શરીરવાળો હોય, શોખથી વધારે વિષય સેવવાવાળો હોવાથી શક્તિહીન-પુરુષાર્થહીન હોય, બસો બસોના ડૉકટર હંમેશાં શરીર તપાસતા રહેતા હોય, વિષયાસક્ત બની વધુ વિષય સેવવાના લોભથી જીવવા અનેક જીવોને મારીને તૈયાર કરેલી દવા આવા હંમેશાં આતુર હોય, વિષય માટે કે અન્ય અપરાધો માટે મોડી રાત સુધી જાગીને સૂતો હોય અને પહોર દિવસ ચડે ત્યારે આંખો ચોળતો ઊઠતો હોય, કોઇ પણ કાર્ય કરવાને શક્તિહીન કે સત્ત્વહીન બનીને નોકર-ચાકરની વધારે અપેક્ષા રાખતો હોય, મોજશોખ તથા ઘણી જરૂરિયાતોની ચિંતાથી જેને કુરસદનો સમય બિલકુલ ન મળતો હોય, સાધુ-મહાત્મા યા તો મહાપુરુષોને જોઇને આંધળો બની જતો હોય, યાચકોના દુઃખી શબ્દો સાંભળવા બહેરો બની જતો હોય, પોતાને જ દેવ તરિકે માનતો હોય, સંસારની સઘળી વસ્તુઓ વાપરવાને માટે બનાવી છે એવા ધર્મના સિદ્ધાંતવાળો હોય, બીજા કંગાળ થઇ દુઃખી થાઓ, મરો કે જહાનમમાં જાઓ પણ પોતે તો ધન ભેગું કરવામાં આવતી પ્રવૃત્તિઓને જ ધાર્મિક ક્રિયા તરિકે માનતો હોય-આવા પ્રકારની કનીષ્ઠમાં કનીષ્ઠ ભાવનાયુક્ત જીવન જીવનારને તાત્ત્વિક દૃષ્ટિથી અણજાણ-અલ્પજ્ઞ જીવો સુખી જીવન માને છે અને આવા પ્રકારના જીવનમાં જીવવાની આકાંક્ષા રાખીને કલ્યાણનો માર્ગ છોડી અકલ્યાણના માર્ગે દોરાઈ જાય છે. અથવા તો કલ્યાણના માર્ગમાં રહીને પણ આવા પ્રકારના જીવન માટે પ્રભુપ્રાર્થના અને ભક્તિ કરે છે.

ઉપરોક્ત સુખી જીવનમાં જીવવાની ઇચ્છાવાળાઓ જડાસક્ત બનીને જડના જ સંરક્ષણ માટે અનેક જીવોના જીવનનો જલદી અંત આણે છે. તેઓને જીવો કરતાં જડ ઘણું પ્રિય હોય છે. તેઓ નિરંતર જડને મેળવવાની ચિંતાથી જડના જ ધ્યાનવાળા હોઇને જડમય બની ગયેલા હોય છે. સોનું, ચાંદી, ઝવેરાત આદિ જડ વસ્તુ તથા સારા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ જડના ધર્મ પ્રાપ્ત થતા હોય તો અન્ય જીવના જીવનની તેમને દરકાર કે કાળજી રહેતી નથી. જીવોના જીવનનો ઝટ નાશ કરી નાખે છે, જેના માટે પાછળથી જરા ય પશ્ચાત્તાપ કે શોક થતો નથી. ઊલટા જડની પ્રાપ્તિથી આનંદ માને છે. પોતાને સુખી માને છે. આ બાબત નીચે બતાવેલા ઉદાહરણોમાંથી સ્પષ્ટ જણાઇ આવશે. આવા ઉદાહરણો આ કલિકાળ–પંચમ કાળમાં પ્રત્યક્ષ બની રહ્યાં છે, કારણ કે આ કાળમાં દુનિયાનો મોટો ભાગ જડાસક્ત થઈ જડવાદી બની રહ્યો છે.

ધનના લોભી, ધનને જ કિંમતી જીવન માનનારાઓ ધનના માટે પોતાના પિતા, પુત્ર, ભાઈ, ભગિની, માતા જેવા નિકટના સ્નેહિયોના પ્રાણ હરણ કરતાં જરા ય ડરતા નથી. ચોર, લૂંટારા અને ધાડપાડુઓ ધનના માટે માણસોને મારી નાંખે છે. રાજ્યના લોભથી અનેક રાજપુત્રોને વિષ અપાયાં છે અને અપાય છે. આ બધું શા માટે? ધન મેળવી મોજશોખ ભોગવવા માટે. જીવન વધારવાના હેતુથી ધનદ્વારા જીવન વધારે તેવા પદાર્થો મેળવી, તેને વાપરી વધારે જીવવાને માટે. આ પ્રમાણે જડાસક્ત મનુષ્યો મનુષ્યોના જીવનનો અંત આણે છે.

હવે જડાસક્ત મનુષ્યો પોતાના માનેલા જીવનમાં જીવવા પશુઓના પ્રાણ પણ હરણ કરે છે. ચામડાને માટે, હાડકાને માટે,

માંસને માટે, ચરબીના માટે, રુધિરના માટે હરણ, કુકડાં, પક્ષીયે!, ગાય, ભેંસ, બળદ, બકરાં આદિ પશુપક્ષીઓના પ્રાણ હરણ કરે છે. તેમને રીબાવી રીબાવીને મારી નાંખે છે. પરાધીનપણે અનિચ્છાએ મોતને શરણ થતાં તેમની કરુણામય કારમી ચીસો જડાસક્ત નિર્દય માનવીયેાના હૃદયને સ્પર્શ કરી શકતી નથી.

પામર-તુચ્છ મનુષ્યો પોતાના દેહને જાળવવાને, જીવનને વધારવાને અથવા જીવનનો શીઘ્ર અંત ન આવી જાય એટલા માટે માખી, મચ્છર, કીડી, મકોડા, ઈયળ આદિ જીવોનો સંહાર કરે છે. મધ મેળવવા માખીઓનો નાશ કરે છે. મચ્છર, માંકડ, ચાંચડ આદિ જંતુઓ દેહનું રુધિર પીએ છે અને તેમ થવાથી જીવન ઓછું થાય છે એમ માની હાથથી મશળી નાંખી અથવા દવાના પ્રયોગથી તેમનો નાશ કરે છે. સાપ, વીંછી, કાનખજૂરા આદિ ઝેરી પ્રાણીયેા છે તે કરડવાથી માણસ મરી જાય છે, એમ માનીને તેમને મારી નાંખે છે. આ સિવાયનાં બીજા પણ સૂક્ષ્મ જંતુઓનો પોતાના જીવનમાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન કરવાની તેમજ જીવનનો નાશ કરવાની આશંકાથી નાશ કરે છે, ઇન્દ્રિયો શિથિલ ન થવા પામે અને મનગમતા વિષયોને ભોગવવા છતાં જીવનની શક્તિ ક્ષીણ ન થાય, તેમજ જીવનની સ્થિતિ પણ વધે એવા આશયથી પણ અનેક પ્રકારના સૂક્ષ્મ તથા સ્થૂલ જીવોનો નાશ કરીને તેમના દેહના અવયવોનો જડાસક્ત મનુષ્યો ઉપભોગ કરે છે.

સાચા જીવનની ઓળખાણ વગરના મિથ્યા જીવનમાં જીવી જાણનારા જડાસક્ત જડાત્માઓ ઉપર બતાવેલા કારણોને લઇને અનેક જીવોના જીવનને અનેક પ્રકારે તોડી નાંખે છે. પોતાના જડમય જીવનની પુષ્ટિ કરવા અનેક પ્રકારના જડોનો

સંગ્રહ કરે છે. જીવોએ પોતાના ક્ષણિક જીવનમાં જીવવા ધારણ કરી રાખેલા પંચભૂતમય દેહના સંયોગને પોતાના ક્ષણિક જીવનને લાંબું કરવા છોડાવીને પોતાના ઉપભોગમાં લે છે.

પોતાને પોતાનો જડમય દેહ છોડવો ગમતો નથી. કોઇ છોડાવવા પ્રયત્ન કરે કે છૂટી જવાનું કહે તો ઘણું જ દુઃખ થાય છે, પરંતુ બીજા જીવો માટે તો નિર્દયતાથી બળાત્કારે તેમનો જીવનદીપક બુઝાવી નાંખી મૃત્યુના મોંમાં હડસેલી મૂકવા તૈયાર થઇ જાય છે. આ પ્રમાણે બીજા જીવોનો જીવનદીપક બુઝાવી નાંખી પોતાની જીવનજ્યોતિ પ્રગટાવવા આજ સુધીમાં કોઇ પણ સમર્થ થયો નથી. જીવનજ્યોતિ પ્રગટાવનારાઓ જીવ માત્રના જીવનદીપકને જાળવનારા હોય છે. લાખો દીવા સળગતા હોય તે બધાને બુઝાવી નાંખીને પોતાનો દીવો સળગતો રાખી વધુ પ્રકાશમય બનાવવાની ઇચ્છા રાખવી નિરર્થક છે; કારણ કે દીવાથી દીવો સળગે છે અને અનેક દીવાઓના પ્રકાશથી વધુ પ્રકાશમય બને છે.

શરીરના રૂપે જીવની સાથે જોડાયલા અથવા તો જીવથી છૂટા પડેલા જડ પદાર્થોમાં આસક્ત થયેલા જ્યારે જ્યારે જીવોને જુએ છે ત્યારે ત્યારે તેનો નાશ ઇચ્છે છે. બહારવટીયાઓ-લૂંટારાઓ તો માણસોની પાસે રહેલી ધનસંપત્તિ લૂંટી લઇને જીવતા પણ મૂકી દે છે, માણસોની પ્રાણસંપત્તિનું હરણ કરતા પણ નથી; પરંતુ દેહાસક્ત દાનવ જાતિના માણસો તો જીવોની પ્રાણસંપત્તિ લૂંટીને અસહ્ય દુઃખ દે છે. જીવોને ધનસંપત્તિ આપતાં તેટલું દુઃખ થતું નથી, જેટલું દુઃખ પ્રાણસંપત્તિ આપતાં થાય છે; માટે લૂંટારાઓ કરતાં પણ જીવના પ્રાણ હરણ કરનારા અત્યંત નિર્દય હોય છે.

સાચું જીવન એટલે નિત્ય જીવન અને તે આત્માનો જ સ્વભાવ છે. ત્રણે કાળમાં જીવે છે માટે જ આત્માને જીવ કહેવામાં આવે છે. સાચા જીવનથી રહિત આત્મા કોઈ પણ કાળે રહી શકતો નથી. આયુષ્ય કર્મરૂપી જડ વસ્તુના સંયોગથી જીવવું તે ખોટું–અનિત્ય જીવન છે. આવા પ્રકારના જીવનનો આરોપ આત્મામાં કરવામાં આવે છે. આરોપ કરાયલી વસ્તુ ખોટી હોય છે. આવા ખોટા જીવનને સાચું જીવન માનવાથી તેના રક્ષણ માટે નિરંતર અજ્ઞાની જીવ પ્રયત્ન કરી રહ્યો છે; પણ સાચા જીવનને પ્રગટ કરવા પ્રયત્ન કરતો નથી. ફરીથી સંયોગ ન થવા પામે તેમ આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થયા સિવાય આત્માનું નિત્ય જીવન પ્રગટ થઈ શકતું નથી અને સર્વથા આયુષ્ય કર્મનો ક્ષય સર્વ જીવોનું રક્ષણ કર્યા સિવાય થતો નથી. સર્વ જીવોનું રક્ષણ જડ ઉપરથી આસક્તિ દૂર કરીને અનાસક્તિ ધારણ કર્યા સિવાય થઈ શકે નહિ. જ્યાંસુધી જીવોની જડ ઉપર આસક્તિ છે ત્યાંસુધી દેહના રક્ષણરૂપ ખોટા જીવનને ટકાવી રાખવા અનેક જીવોનો સંહાર કરવાના જ અને આયુષ્યકર્મ અવશ્ય બાંધવાના જ. જેથી ફરી ન બંધાવારૂપ આયુષ્યનો સર્વથા ક્ષય ન થવાથી ખોટાં જીવન વારંવાર પ્રાપ્ત થવાના. આવા ખોટા જીવનમાં જીવ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી પોતાના શુદ્ધ–સાચા જીવનનો ઉપભોક્તા થઈ શકવાનો નથી.

પ્રકાશ કરવો તે સૂર્યનો શુદ્ધ સ્વભાવ જ છે, કારણ કે પ્રકાશમય સૂર્ય હોય છે. તેને પોતાનો પ્રકાશ કાયમ રાખવા અથવા તો પોતે પ્રકાશ કરવા પ્રકાશ રહિત અંધારાની જરૂરત પડતી નથી, કારણ કે જે પોતે જ પ્રકાશ વગરનું છે તે બીજાને પ્રકાશ આપી શકતું નથી; તેમ જ તેને પ્રકાશ કરવામાં મદદ

પણ કરી શકતું નથી. એક તો સાચો પ્રકાશ કે જે સૂર્યનો ધર્મ–સ્વભાવ છે અને સૂર્યમાં રહે છે તે, અને બીજો ખોટો પ્રકાશ તે ક્ષણિક પ્રકાશ. આરિસા ઉપર સૂર્યનું પ્રતિબિંબ પડ્યા પછી તે આરિસાનો પડછાયો અંધકારવાળા સ્થળમાં પડે છે તે આ આરિસાનો પડછાયારૂપ પ્રકાશ આયનો ખસી જવાથી કે ભાંગી જવાથી નષ્ટ થઇ જાય છે. આરિસો પાછો તે સ્થળે આવવાથી પાછો પ્રકાશ પ્રગટ થઇને અંધકારમાં રહેલી વસ્તુઓને ઓળખાવે છે. આરિસો ભાંગી ગયો હોય અને બીજો આરિસો સૂર્યના સામે રાખી તેનું પ્રતિબિંબ ન પાડવામાં આવે તો આરિસાના પડછાયારૂપ પ્રકાશનો સર્વથા નાશ થઈ જાય છે. આ પ્રમાણે બનાવટી પ્રકાશનો નાશ થવાથી સૂર્યમાં રહેલા સાચા પ્રકાશનો નાશ થતો નથી. સાચા જીવનની અને બનાવટી ક્ષણિક જીવનની પણ વ્યવસ્થા આવી જ રીતે છે. સાચું જીવન તે જીવનો સ્વભાવ અને ખોટું :જીવન તે આયુષ્યકર્મરૂપ આરિસા ઉપર જીવનું પ્રતિબિંબ પડી દેહમાં પડછાયારૂપે જણાય છે તે. આયુષ્યરૂપી આરિસો ખસી જવાથી જીવમાં રહેલા જીવનના પ્રકાશના પ્રતિબિંબનો પડછાયો દેહ જેવા અંધકારવાળા સ્થળમાં પડતો નથી એટલે આપણે એમ કહી દઈએ છીએ કે આ મરી ગયો છે. મરણ વસ્તુ પણ જીવના જીવનનું આયુષ્યકર્મ ઉપર પ્રતિબિંબ પડીને જે પડછાયો પડે છે તે ન પડવાનું નામ જ છે. આ પ્રમાણે આયુષ્યકર્મ સર્વથા નષ્ટ થઈ ગયા પછી ખોટું જીવન નષ્ટ થવાથી સાચું જીવન નાશ પામતું નથી.

અણજાણ જીવો સાચા તથા ખોટા જીવનના સ્વરૂપને ન ઓળખતા હોવાથી દેહના સંયોગરૂપ ખોટા જીવનને જ

જીવન માનીને તે દેહનો એક સંયોગ નિત્ય-કાયમ રાખવા ચોવીશે કલાક પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ આ એક પ્રકારનું અપૂર્વ સાહસ છે; કારણ કે પૂર્વે થઇ ગયેલા મહાસમર્થ પુરુષો પણ દેહના સંયોગને નિત્ય બનાવી શકયા નથી તો પછી અત્યારના સત્ત્વહીન અને શક્તિહીન જીવો શું કરી શકવાના હતા ? અને સંયોગનો વિયોગ ન થવા દેવો તે આકાશકુસુમ જેવી વાત છે. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ પણ અવશ્ય રહેલો જ છે, માટે જીવનનું સાચું સ્વરૂપ ઓળખીને સર્વ જીવોનું રક્ષણ કરવામાં ધ્યાન આપનારાઓ જ નિત્ય જીવનને મેળવી શકશે. બાકી તો દેહ-સંયોગરૂપ જીવનને જીવન માની દેહનો સંયોગ ટકાવી રાખવા જેમ જેમ અનેક જીવોનો સંહાર કરશે તેમ તેમ અનંતા ક્ષણિક જીવનરૂપ જીવનના અનંતા ટુકડા કરી અનંતું દુઃખ ભોગવશે માટે દુઃખથી છૂટવું હોય તો સાચું જીવન મેળવો.

મૃત્યુ એટલે ? મુક્તિ : પરમ સુખ.

(૧૧)

આપણે મૃત્યુનો શા માટે ભય રાખવો જોઇએ ? જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ મૃત્યુ છે, અને તે આત્માને માટે તો અત્યંત ઉપયોગી છે. વિકૃતિનું વિનાશક મૃત્યુ છે. જગતમાં જીવતો શત્રુ જન્મ છે પણ મૃત્યુ નથી. જન્મ ધારણ કરતી વખતે અત્યંત દિલગીર થવું જોઇએ. જન્મ થવાથી ઘણું ઘણું નુકસાન થાય છે. વસ્તુનો વિનાશ જન્મ થવાથી જ થાય છે. જન્મ એટલે શુદ્ધ વસ્તુમાં વિકૃતિ, શુદ્ધ વસ્તુનો વિનાશ અને મૃત્યુ એટલે મૂળ અવસ્થાને પ્રાપ્ત થવું–વસ્તુની શુદ્ધ અવસ્થા પ્રગટ થવી. એક મોટું જળાશય હોય તેમાં પરપોટા પ્રગટ થાય છે તે એક પ્રકારનો જન્મ છે, તે પાણીને વિકૃત અવસ્થામાં ઉત્પન્ન કરે છે અને તેનું મૃત્યુ થાય છે, પરપોટા ફૂટી જાય છે તે પાણીની શુધ્ધ અવસ્થા છે. એક વૃક્ષનું બીજ હોય તેને સંયોગો મળવાથી ઊગે છે એટલે વૃક્ષનો જન્મ થાય છે, તે એક પ્રકારની બીજમાં વિકૃતિ થાય છે. બીજનો વિનાશ થાય છે અને જ્યારે વૃક્ષનું મૃત્યુ થાય છે ત્યારે પાછું બીજરૂપે

પ્રગટે છે. માટીનાં વાસણો, પૂતળાં, નળીઆં, ઈંટો વિગેરે માટીનાં વિકારો છે. માટીમાં મૂળ સ્વરૂપનો વિનાશ છે. જ્યારે વાસણોનો વિનાશ થાય છે, મૃત્યુ થાય છે ત્યારે માટી મૂળ સ્વરૂપમાં આવી જાય છે. સોનાની લગડી તે મૂળ વસ્તુ છે અને તેના કંકણ, કુંડલ કે કડાં બનાવવાં એટલે સોનામાંથી ઘરેણાંનો જન્મ થવો તે વિકૃતિ છે. પાછાં તે જ કંકણ, કડાં આદિ ઘરેણાંનો વિનાશ-મૃત્યુ તે સુવર્ણની શુદ્ધ અવસ્થા છે, મૂળ સ્વરૂપ છે. 'પ્રકૃતિનો વિનાશ તે જન્મ અને વિકૃતિનો વિનાશ તે મૃત્યુ' અર્થાત્ જન્મ તે વિકૃતિ અને મૃત્યુ તે પ્રકૃતિ. જન્મ અનેક રૂપે થાય છે, પણ મૃત્યુ એક જ રૂપે થાય છે. જ્ઞાનની આમીને લઈને જીવો વિકૃત અવસ્થામાં રાજી થાય છે અને પ્રકૃત અવસ્થામાં શોક કરે છે. જન્મ જે અત્યંત અહિતકર અને અશ્રેય કરનાર છે તેને હિતકર તથા શ્રેયસ્કર માને છે અને મૃત્યુ જે હિતકર તેમજ શ્રેયસ્કર છે તેને અહિતકર તથા અશ્રેયસ્કર માને છે. જન્મથી નિર્ભય રહેવું અને મૃત્યુથી બ્હીવું એવો અનાદિ કાળથી જીવોનો સ્વભાવ પડી ગયો છે. જન્મ છે તેનું મૃત્યુ પણ અવશ્ય છે જ. જન્મના અભાવથી મૃત્યુનો અભાવ થાય છે, માટે મૃત્યુનો ભય ટાળવો હોય તો જન્મનું મૂળ નષ્ટ કરવું જોઈએ. મૃત્યુથી ન બ્હીતાં ફરીને મૃત્યુ ન આવે તેવો પ્રયત્ન કરવો જોઈએ, એટલે કર્મની નિર્જરા કરવી-કર્મરૂપે વિકૃત થએલા જડના-પુદ્ગલના સ્કંધોનું આત્મપ્રદેશોથી છૂટા પડી જવું. મૃત્યુથી આત્મા શુધ્ધ થાય છે. આત્મા વિકૃત સ્વરૂપમાંથી બદલાઈને પ્રકૃત-મૂળ સ્વરૂપમાં આવી જાય છે. ફરીને જન્મ ધારણ કરવાવાળું મૃત્યુ અને ફરીને ન જન્મ પામવારૂપ મૃત્યુ : આ પ્રમાણે બે પ્રકારના મૃત્યુમાંથી ફરી ન

જન્મ પામવારૂપ મૃત્યુ અતિ ઉત્તમ છે. એવા મૃત્યુની હંમેશાં ચાહના રાખવી જોઇએ. ફરીને જન્મ આપનાર મૃત્યુ હલકું છે, છતાં ઉત્તમ મૃત્યુનું સાધન હોવાથી તેનાથી ભય ન રાખતાં ઉત્તમ મૃત્યુ મેળવવા હંમેશાં ખુશીથી તેને સહયોગ આપવો જોઇએ. દુઃખથી રીબાતા માનવીઓ મૃત્યુ માગે છે, મૃત્યુ થવાથી દુઃખમુક્ત થવાય છે, એ માન્યતા અમુક અંશે સાચી છે; પણ તે અપુનર્જન્મા મૃત્યુ હોવું જોઇએ. પુનર્જન્મા મૃત્યુથી તાત્કાલિક દુઃખોનો ધ્વંસ થાય છે, પણ નૂતન જન્મથી નૂતન દુઃખોનો જન્મ થાય છે. મૃત્યુ એટલે અનંત દુઃખોની ભાવશૂન્યતા અથવા તો સંપૂર્ણ દુઃખની વિસ્મૃતાવસ્થા. અપુનર્જન્મા મૃત્યુમાં સમગ્ર દુઃખોની સંપૂર્ણ વિસ્મૃતિ, અશેષ દુઃખોનું સંપૂર્ણ વિસ્મરણ તે જ પરમ શાંતાવસ્થા છે, અવિચળ નીરની જેમ શુદ્ધાવસ્થા છે. ક્રિયામાત્ર દુઃખ-ધ્વંસ માટે કરાય છે, પણ તે વિસદશ ક્રિયાઓ વિસદશ દુઃખને ઉત્પન્ન કરે છે. પૂર્વ દુઃખની તીવ્રતા અપર ક્રિયાથી નષ્ટ થાય છે, અને અપર ક્રિયાથી નૂતન દુઃખ ઉત્પન્ન થાય છે. પ્રારંભે મંદ હોવાથી સુખરૂપે અનુભવાય છે, પણ પ્રત્યેક પળે દુઃખની વૃદ્ધિ થતી હોવાથી તેના ધ્વંસ માટે અપર ક્રિયા કરવી પડે છે. જેમકે આપણે ચાલતા હોઇએ ત્યારે આપણને જે પરિશ્રમથી વેદના થાય છે તેને નષ્ટ કરવાને આપણે બેસી જઇએ છીએ. બેસવાથી ચાલવાનો પરિશ્રમ મટે છે, પણ બેસવાથી અન્ય વેદના ઉત્પન્ન થાય છે, શરીર અકડાઈ જાય છે તે મટાડવાને સૂઈ જઇએ છીએ પણ અમુક વખત સૂતા પછી વાસાં દુખવા આવી જાય છે, એટલે પાછા બેસી જઇએ છીએ. પુનઃ તે જ વેદના થાય છે, એટલે પાછા આમતેમ આંટા મારીએ છીએ. આવી જ

રીતે ક્રિયામાત્રમાં નૂતન ક્રિયાની શરૂઆતમાં પૂર્વોત્પન્ન દુઃખ, ધ્વંસ અને નૂતન દુઃખની ઉત્પત્તિ થાય છે.

ઘડીઆળને ચાવી આપીએ ત્યારે તેની કમાન સંકોચાઇ જાય છે, તે સંકોચાએલી કમાનનો એકેક આંટો ઊકલતો જાય છે તે મૃત્યુ છે. સંપૂર્ણ આંટો ઊકલી જવાથી ઘડીઆળ સ્થિર થઇ જાય છે, તે તેની પરમ શાંતાવસ્થા છે. ફરીને ચાવી આપવી તે પુનર્જન્મ છે.

મૃત્યુની ઓથમાં વિશુદ્ધિ છે. જન્મ અશુદ્ધિ ઉત્પાદક અને મૃત્યુ વિશુદ્ધિનું ઉત્પાદક છે. જન્મથી શુદ્ધ વસ્તુ અશુદ્ધ થઇ જાય છે. અન્ય વિજાતીય વસ્તુના મિશ્રણ સિવાય જન્મ થતો નથી, અને વિજાતીય વસ્તુનું મિશ્રણ તે જ અશુદ્ધિ. મિશ્રણનો પૃથક્‌ભાવ તે મૃત્યુ, પૃથક્‌ભાવ તે જ શુદ્ધિ. મૃત્યુ સિવાય શુદ્ધિ નથી. મૃત્યુઓની સીમા તે મુકિત. જે મૃત્યુને પુનર્મૃત્યુની આવશ્યકતા નથી તે જ મૃત્યુની સીમા : તે જ મુક્તિ.

દિવાળી.

(૧૨)

જૈન સમાજમાં પર્વોની પ્રવૃત્તિ કાંઇ ને કાંઇ હેતુસર જ થયેલી છે અને તે પર્વો લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે પ્રસિધ્ધિમાં આવેલાં છે. પર્વ એ નામમાં તો કાંઈ ફરક નથી, પરંતુ પર્વને ઉજવવાના પરિણામ અને પ્રવૃત્તિની ભિન્નતાના અંગે જ પૂર્વોક્ત બે પ્રકારોમાં વહેંચાઇ ગયા છે. લૌકિક પર્વોની ઉજવણીમાં મુખ્યત્વે કરીને ઇતર દિવસો કરતાં વધુ મોહ પેદા કરનાર, ચિત્તાકર્ષક અને મનોરંજક પાંચે ઇંદ્રિયોને પ્રિય એવા પૌદ્ગલિક પદાર્થોનો ઉપભોગ કરવામાં આવે છે. કદાચ કોઇ સમજીને ધર્મબુધ્ધિથી એ પર્વ ઉજવે તો પણ તે નિર્જરાના ઉદ્દેશથી તો નહિં જ, પણ પૂન્ય બંધાશે અને તેથી આ લોક તેમ જ પરલોકમાં સુખી થઇશું, ધન-સંપત્તિ, પુત્ર-કલત્ર આદિ ઐશ્વર્યતા મળશે એવી ભાવનાથી ઉજવે છે. ત્યારે લોકોત્તર પર્વોની ઉજવણીમાં મુખ્યત્વે કરીને ઇંદ્રિયપોષક પૌદ્ગલિક પદાર્થોનો ત્યાગ કરવામાં આવે છે, વ્રત, જપ, તપ, નિયમ આદરવામાં આવે છે, નિર્જરાના ઉદ્દેશથી દરેક પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

આ લોકોત્તર પર્વ આત્માને લૌકિક-પૌદ્ગલિક અને તે પણ દુઃખને જ માની લીધેલા સુખોથી છોડાવીને લોકોત્તર-આત્મિક-સાચું સુખ પ્રાપ્ત કરવાના હેતુથી ઉજવવામાં આવે છે, અર્થાત્ કેવળ પુન્યબંધના ઉદ્દેશથી જ ઉજવાયલાં પર્વ તે લૌકિક પર્વ, અને પુન્ય તથા નિર્જરા અથવા તો કેવળ નિર્જરાના હેતુથી ઉજવાયલાં પર્વ તે લોકોત્તર પર્વ અથવા તો સાચા લોકોત્તર પુરુષોને આશ્રયીને પ્રવૃત્તિમાં આવેલાં પર્વ તે લોકોત્તર પર્વ અને લૌકિક પુરુષોને આશ્રયીને પ્રવૃત્તિમાં આવેલાં પર્વ તે લૌકિક પર્વ.

દિવાળી પર્વ લૌકિક માર્ગમાં પણ ઉજવાય છે અને લોકોત્તર માર્ગમાં પણ ઉજવાય છે. આ પર્વ ઉજવવામાં કેટલીક બાહ્ય પ્રવૃત્તિ એક સરખી જણાવા છતાં બંનેનો ઉદ્દેશ તો ભિન્ન જ છે. લૌકિક માર્ગમાં શ્રી રામચંદ્રજી રાવણ ઉપર વિજય મેળવી સીતાજીને પાછી લાવ્યા તેની ખુશાલીમાં જનપદવાસીઓએ દીપકો પ્રગટાવી ઉત્સાહ મનાવ્યો ત્યારે લોકોત્તર માર્ગમાં પ્રભુશ્રી મહાવીર નિર્વાણ પામવાથી ભવ્ય સંસાર ઘણો જ શોકગ્રસ્ત થયો, અને એ સમયે પોતાના કાર્ય માટે ભેગા થયેલા કાશી, કોશલ દેશના નવ મલ્લઈ અને નવ લિચ્છવી જાતિના અઢાર ગણ રાજાઓએ આહાર-પૌષધ કરી ઉદાસીભાવે ભાવ પ્રકાશ અસ્ત થવાના સૂચનરૂપ દીપકો પ્રગટાવી દ્રવ્ય ઉદ્યોત કર્યો ત્યારથી કારતક વદ અમાવાસ્યાનો દિવસ **દિવાળી** પર્વ તરિકે પ્રસિદ્ધિમાં આવ્યો.

આ પ્રમાણે લૌકિક તથા લોકોત્તર માર્ગમાં હર્ષથી તથા શોકથી દિવાળી પર્વ ઉજવવાની પ્રથા ચાલી આવે છે. આ પર્વ સર્વસાધારણ હોવાથી તેમજ લૌકિક જનસમૂહ બહોળા

પ્રમાણમાં હોવાથી લોકોત્તર પર્વ ઉજવવાવાળામાંથી કેટલાક અણુજાણુપણે અથવા તો વ્યવહારિક સંબંધથી જોડાએલા હોવાથી કેટલેક અંશે લૌકિક પર્વની ઉજવણી ઉજવતા દૃષ્ટિગોચર થાય છે, અર્થાત્ હર્ષની ભાવનાથી ઉજવે છે, ઇંદ્રિયોને આહ્લાદ આપનાર ખાનપાન, વસ્ત્રાભૂષણો વાપરી આનંદ મનાવે છે; પરંતુ લોકોત્તર પુરુષોનું પર્વ લોકોત્તર પ્રવૃત્તિથી ઉજવવામાં આવે તો જ સાચી રીતે પર્વ ઉજવ્યું કહેવાય.

આ લોકોત્તર પુરુષોની પ્રવૃત્તિ તેમના ઉપાસકો સારી રીતે જાણે છે. એ પુરુષો અહિંસાના પૂરા પક્ષપાતી હતા, એમનો મુખ્ય સિદ્ધાંત જીવમાત્રને જીવાડી સાચું જીવન તથા સાચું સુખ પ્રાપ્ત કરવા-કરાવવાનો હતો, આત્મગુણના ઘાતક અને બાધક પૌદ્ગલિક ભોગોપભોગને સર્વથા છોડી દઇને મુક્તિ પ્રાપ્ત કરવા-કરાવવાનો હતો; માટે આ દિવાળી પર્વમાં એ લોકોત્તર પુરુષના સિદ્ધાંતાનુસાર યથાશક્તિ પ્રવૃત્તિ કરવાની અત્યંત આવશ્યકતા છે.

લોકોત્તર પર્વ ઉજવનારાઓએ પર્વ માત્રમાં આ વાત ઉપર લક્ષ્ય રાખવું જોઇએ કે પર્વ ઉજવવામાં પ્રથમ તો ઇંદ્રિયોના વિષયોનું ઘાતક, આરંભનું બાધક તપ કરવું જોઇએ, જીવોને નિર્ભયતા આપનાર પાપવાળી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મેળવી અભયદાન આપવું જોઇએ, આત્માને પોષનાર અને કર્મને શોષનાર પોષધવ્રતમાં રહેવું જોઇએ, સર્વ સંગોથી નિવૃત્ત થઇને સર્વજ્ઞોના વચનોનું વાંચન અને યથાશક્તિ પાલન કરવું જોઇએ. પર્વના દિવસે સંસારમાં કોઈ પણ મારો શત્રુ નથી એવી ભાવના અખંડ રાખવા સમભાવી પુરુષોનાં જીવનવૃત્તાંત વાંચવા-વિચારવા જોઇએ, લોકોત્તર પુરુષની જે અવસ્થાને આશ્રયીને પર્વ ઉજવવું હોય

તે ધ્યાન બહાર ન રહેવું જોઇએ. આ દિવાળી પર્વ નિર્વાણની અવસ્થાને આશ્રયીને ઊજવવાનું છે, માટે નિર્વાણનું અનંતર કારણ ચારિત્રની મુખ્યપણે આરાધના કરવી જોઇએ. ચારિત્ર તથા ચારિત્રી ઉપર બહુમાન રાખી ચારિત્રપદ આરાધવું જોઇએ.

વિચારશ્રેણી.

(૧૩)

પ્રભુતા જોઇતી હોય તો સાચો પ્રભુ બન. પ્રભુ સાથે તન્મય થઇ જા, એટલે શીઘ્ર પ્રભુ બની જઈશ. દીવાથી દીવો સળગાવી લે, જો પછી કેવું અજવાળું થાય છે. અનંતા સૂર્ય એકઠા થાય તો પણ તે અજવાળાના અનંતમા અંશની પણ બરાબરી કરી શકતા નથી. અનંતા સૂર્યના અજવાળામાં જે વસ્તુ જણાતી નથી તે વસ્તુ પ્રભુથી મેળવેલા પ્રકાશમાં જણાય છે.

卐 卐 卐

તું અંધારામાં ઘણું મૂંઝાયો, હવે તો અજવાળું કર. આગળ અંધારું, પાછળ અંધારું, વચમાં ઘણો જ મંદ પ્રકાશ છે. એટલા પ્રકાશે શું થાય ? ભૂતકાળે શું થયું, ભવિષ્યકાળમાં શું થશે, છે ખબર ? વર્તમાનકાળે કાંઇ જાણે છે તે પણ આંખું આંખું.

卐 卐 卐

સહુ કોઈ ભવિષ્યને જાણવાની ઇચ્છા રાખે છે, ભૂતને કોઇ પણ જાણવા ઇચ્છતું નથી; પરંતુ ભૂતને જાણ્યા સિવાય ભૂલો સુધરવાની નથી. ભવિષ્ય જાણીને શું કરશો ? રાગદ્વેષ વધારશો,

હર્ષ ને શોકને આધીન થશો, નિરુદ્યમી ને મિથ્યાભિમાની બનશો; માટે ભૂતને જાણીને ભૂલેલા માર્ગથી પાછા વળો અને ભવિષ્યને સુધારો. થયું તે સાચું અને થશે તે ખોટું. ભવિષ્ય સન્મુખ થઈને ચિંતાગ્રસ્ત ન બનો અને નિરાશાને આમંત્રણ ન કરો.

卐 卐 卐

ભવિષ્યનું ચણતર ભૂતના પાયા ઉપર જ ચણાય છે. ભવિષ્ય તે ભૂતનો જ વિકાર છે. ભવિષ્ય જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ જ નથી. જન્મ્યો છે તે જ મરે છે, બીજ હતું તે જ વૃક્ષ થાય છે, રાંધ્યું હતું તે જ ખવાય છે અને કર્યું હતું તે જ ભોગવાય છે, માટે બતાવશો કે ભવિષ્ય શું વસ્તુ છે? ભૂતકાળની સામગ્રી ન હોય તો ભવિષ્ય કોઈ વસ્તુ જ નથી.

卐 卐 卐

સહુ કોઇ ત્યાગી જન્મે છે અને ત્યાગી મરે છે. જન્મ્યાં પછી મનોવૃત્તિઓમાં ભોગને સ્થાન આપી જીવનનૌકાને ભોગના પ્રવાહમાં વહેતી મૂકી દે છે તે ભોગના કિનારે ભાગ્યે જ પહોંચે છે. ભોગ-જળના છીછરા પાણીમાં તૃષ્ણાની ભૂમિમાં ખૂંચી રહે છે જેથી કરી ભોગ અને યોગના કિનારાથી ભ્રષ્ટ થાય છે અને અંતે વિનાશ પામે છે.

卐 卐 卐

કષાય તથા વિષયને જે ત્યાગે છે તે જ સાચો ત્યાગી છે; કેવળ બહારનો પરિગ્રહ છોડનાર સાચો ત્યાગી નથી. નવ પ્રકારના પરિગ્રહમાંથી દુર્ભાગ્યવશ જે જીવોને એક પણ પ્રકારનો પરિગ્રહ ન મળ્યો હોય અને જો તે ત્યાગી નામ ધરાવતો હોય તો પશુઓ તથા અભાગી માણસો કેમ ન ત્યાગી કહી શકાય?

卐 卐 卐

જેણે કષાય, વિષય છોડ્યા નથી, મમતાનો ત્યાગ કર્યો નથી, તેણે શું ત્યાગ્યું છે? આહાર, વસ્ત્ર, પાત્ર, મકાન આદિ ભોગોપભોગની વસ્તુઓમાં કઇ વસ્તુઓથી તે મુકાયા છે? બહારની વસ્તુઓના ત્યાગી તો મનુષ્ય માત્ર છે. શરીર પર બે વસ્ત્ર અને ઘણું રાખો તો બે ચાર હજારના દાગીના સિવાય બીજું કાંઈ પણ નથી હોતું. બાગ, બંગલા, ધન અને વાહન વગેરે બીજી સંપત્તિ જ્યાં જાય ત્યાં સાથે લઇને ફરતા નથી.

卐 卐 卐

જેની પાસે બીજી સંપત્તિ હોતી નથી તેને તો કુદરતે જ ત્યાગી બનાવેલો હોય છે, પણ મનોવૃત્તિમાં મમત્વની અધિકતા હોવાથી ત્યાગીનું ફળ મેળવી શકતો નથી; પરંતુ સાથે લઇને ફરતા નથી તેમજ ભેગી કરેલી સઘળી સંપત્તિ કામમાં આવતી નથી. એવા સંપત્તિવાળા તે સંપત્તિના મારાપણાથી મનોવૃત્તિ બંધાયલી હોવાથી કષાય તથા વિષયોથી ઘેરાયેલા જ રહે છે. અને જેની પાસે સંપત્તિ હોતી નથી તે સંપત્તિને પોતાની બનાવવા વિષયાધીન મનોવૃત્તિને તદાકાર બનાવી રાખે છે માટે સંપત્તિવાળો અને સંપત્તિહીન બહારની સંપત્તિનો ત્યાગી હોવા છતાં ત્યાગનું ફળ ન મેળવતાં ભોગવ્યા વગર પણ ભોગનું ફળ મેળવે છે.

卐 卐 卐

એક તો પાસે સંપત્તિ હોવા છતાં તેને છોડીને વર્ષો સુધી પરદેશમાં વસનારો અને એકની પાસે સંપત્તિ નથી છતાં સંપત્તિને મેળવવા નિરંતર પ્રયત્નવાળો અને એક સંપત્તિ ન રાખવાની અને ન ભોગવવાની પ્રતિજ્ઞા કરીને તે સંપત્તિને આડકતરી રીતે રાખી તેને ભોગવવા ઇચ્છનારો–આ ત્રણે જણમાં

કંઈ અંતર છે ?

卐 卐 卐

જેમ જેમ પ્રાણીઓનું ભાગ્ય પલટાય છે તેમ તેમ સાચી અને ઉત્તમ વસ્તુઓ લુપ્ત થતી જાય છે. જ્યારે જીવો ભાગ્યશાલી હતા ત્યારે સાચું ઝવેરાત પુષ્કળ હતું તેમજ તેમના આત્મશ્રેય માટે લબ્ધિધારીઓ તેમજ કેવળજ્ઞાની સુધીના ઉત્તમ પુરુષો વિદ્યમાન હતા. અત્યારે ભાગ્ય ફરવાથી સાચી વસ્તુઓનો અભાવ થઈ ગયો છે ને ઇમીટેશન વધી પડયું છે. પૂર્વ પુરુષો જેવા જ્ઞાની અને ઉત્તમ મહાત્માઓનો પણ અભાવ થઈ ગયો છે.

卐 卐 卐

જીવોના ભાગ્યનું ફળ આપવાને કાળ, સારી વસ્તુ તથા ઉત્તમ પુરુષોને જીવોના સહવાસથી દૂર કરે છે, જેથી કરીને જીવો પોતાના દુષ્ટ કૃત્યનું ફળ ભોગવવા સન્મુખ થાય છે.

卐 卐 卐

કોઈ વ્યક્તિ પૂર્વ કાળના મહાત્મા જેવો ડોળ ભલે કરે અને જનતાને ભ્રમિત કરી પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ ભલે સાધે તેથી કરી તે કાંઈ સ્વપરનું ઐહિક કે આમુષ્મિક શ્રેય કરી શકતો નથી.

卐 卐 卐

જો તું માનનું પાત્ર છે, માન ગ્રહણ કરવાનો અધિકારી છે, છતાં ય ઇતર મનુષ્ય મિથ્યા અભિમાનથી જાણીને અથવા અજાણપણે તારું માન ન જાળવે–અપમાન કરે તો તારે ખેદ કરવાની કે ક્રોધ કરવાની જરૂર નથી; કારણ કે તારું અપમાન કરવાથી કાંઇ તારું અપમાન થતું નથી, પણ તારું અપમાન કરનારનું જ અપમાન થાય છે. કિંમતી હીરાની કિંમત આંકી ઉચિત ન જાળવનારની જ કિંમત ઘટે છે, પણ હીરાની કિંમત

ઘટતી નથી.

卐 卐 卐

જ્યારે કોઇ મનુષ્ય બીજા મનુષ્યના વિચારોથી જુદો પડે, અથવા તો તેના કથનને અનુસરે નહીં ત્યારે તે ન માનનાર અને વિચારભેદ રાખનારના પ્રત્યે અપ્રીતિ રાખે છે, અને તે પુરુષ માનનીય વિચારશીલ સજ્જન હોવા છતાં તેનું અપમાન કરે છે અને પોતે માને છે કે મેં અમુકનું અપમાન કર્યું, પણ આ પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી સજ્જન વિચારશીલ પુરુષ હલકો પડતો નથી પણ તે હલકો પાડવા પ્રયત્ન કરનાર પોતે જ હલકો પડે છે.

卐 卐 卐

લાભ મળે યા ન મળે, શ્રીમંત થવાય યા ન થવાય; પણ નીતિ જાળવીને વ્યવસાય કરવો ઉચિત છે. નિરંતર ન્યાયને સન્મુખ રાખીને જ હરેક પ્રકારના વ્યાપારમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. અન્યાય અને અધર્મથી કરોડોની સંપત્તિ ભેગી કરીને માલમિષ્ટાન્ન ઉડાવનારા, બાગ-બંગલાઓનો ઉપભોગ કરનાર અને મોટરોમાં ફરનારા ભલે પોતાને શ્રીમંત અને સુખી માને, પરંતુ વાસ્તવિકમાં તેઓ કંગાલ તથા દુઃખી છે; કારણ કે તેમનું ભાવી જ કંગાલ તથા દુઃખી ઘડાય છે.

卐 卐 卐

ન્યાયધર્મથી થોડું કે પણ ધન મેળવનાર ભલે સાદો ખોરાક ખાતો હોય, સાધારણ મકાનમાં રહેતો હોય, તથા બાગ, બંગલા અને મોટરના સાધન વગરનો હોય તો પણ તે શ્રીમંત છે-સુખી છે. તેનું ભાવી જ શ્રીમંતાઇનું ને સુખીપણાનું ઘડાય છે.

卐 卐 卐

માન મળો યા ન મળો, કોઇ આદરસત્કાર કરો યા ન કરો, જગતમાં પૂજ્યનું પાત્ર બનો યા ન બનો પણ કેવળ આત્માના કલ્યાણ માટે જ સંસારથી પરાઙ્મુખ થઇને પાંચે ઇંદ્રિયોના વિષયોને અને સર્વ પ્રકારના બહારના તથા અંદરના સંયોગોને મળની જેમ ત્યાગ કરનાર વિરક્ત આત્મા નિરંતર સાચું અને સારું કરવા જ પ્રયત્ન કરે છે, પોતાના અધિકારની મર્યાદા ઓળંગતો નથી.

卐 卐 卐

અ ધિકારની મર્યાદાને મરડીને, ઉદ્દેશની દિશાથી પરાઙ્મુખ થઇને અને સર્વત્યાગના સાચા તથા સારા માર્ગને પીઠ દઇને ભલે માન-પ્રતિષ્ઠા મેળવો યા જગતમાં આદરસત્કારનું પાત્ર બનીને પૂજાઓ, મોટા કહેવાઓ યા સારાં વસ્ત્ર, પાત્ર તથા ખાન-પાન મેળવો પરંતુ તે જ્ઞાનીની દૃષ્ટિએ હલકામાં હલકો અને કંગાલમાં કંગાલ છે, જગતનો સ્વામી નહીં પણ દાસ છે, કાન તથા જીભનો સેવક છે.

卐 卐 卐

કાન તથા જીભના ગુલામો મહાપુરુષ પદના અનધિકારી છે. પૈસાના અભાવે બનેલા દીન-કંગાલો કરતાં પણ હલકા દરજ્જાના છે. ત્યાગીઓની પંક્તિમાં તેમના માટે સ્થાન જ નથી.

卐 卐 卐

પો તાનું અહિત કરીને પણ બીજાને સારું લગાડનાર તથા વાચિક પ્રવૃત્તિ કરનાર ક્ષુદ્ર સ્વાર્થના સમુદ્રમાં ડૂબેલો હોય છે અને તે અધમ કોટીમાં ગણાય છે.

卐 卐

પોતાના આત્માનું હિત કરીને બીજાનું હિત કરવા માટું લાગે તેવી કાયિક ને વાચિક પ્રવૃત્તિ કરનાર નિઃસ્વાર્થી હોય છે ને ઉત્તમ જીવોની પંક્તિમાં ભળવાનો અધિકારી હોય છે.

પારકી વસ્તુ મેળવવામાં થોડીઘણી મળે તો થોડી મેળવનાર ઘણી મેળવનાર ઉપર અદેખાઇ કરે છે; પરંતુ પોતાની વસ્તુ મેળવવામાં કોઇપણને કોઇના ઉપર અદેખાઈ આવતી નથી.

પોતાની વસ્તુ સંપૂર્ણ મેળવનારાઓ બધા જ સરખા હોય છે; કોઇપણ નાનો મોટો નથી.

પારકી વસ્તુથી સંસાર ભર્યો છે, માટે ઓછાવત્તા પ્રમાણમાં અને સંપૂર્ણ મેળવી શકાય છે, પણ પોતાની વસ્તુ તો પરિમિત પ્રદેશમાં રહેલી હોવાથી સંપૂર્ણ અને સરખી સઘળા જીવો મેળવી શકે છે.

સુખ તથા દુઃખની શરુઆત તીવ્રપણે તથા મંદપણે થાય છે. કેટલુંક સુખ તથા દુઃખ અત્યંત તીવ્રપણે આરંભાય છે અને પછી ઉત્તરોત્તર મંદ થતું જાય છે, કેટલુંક મંદપણે આરંભાય છે અને ઉત્તરોત્તર તીવ્ર બનતું જાય છે, કેટલુંક ઉત્પત્તિથી અંત સુધી સરખું રહે છે, કેટલુંક જલદી શાન્ત થઇ જાય છે, કેટલુંક ઘણો કાળ રહેવાવાળું હોય છે.

સહુ કોઈ મળવાની આશાથી જ પોતાની વસ્તુ બીજાને આપે છે.

ધર્મના કાર્યમાં ધન વાપરનારાઓમાં બે પ્રકારના માનવીઓ હોય છે : એક તો અહીંયાં ધનસંપત્તિ મળે અને શરીરે સુખી રહી વૈષયિક સુખો ભોગવાય અને પરલોકમાં સારી ગતિ તથા વૈષયિક સુખો સારા મળે તેમજ બીજા કર્મોની નિર્જરા થાય, ભવ ઓછા થાય ને જલદી મુક્તિ મળે.

卐 卐 卐

કેટલાક નામનાને માટે ધન વાપરે છે. તેમને પણ પૌદ્ગલિક સુખની ઇચ્છા તો ગૌણપણે રહેલી હોય છે.

卐 卐 卐

દાન આપીને પૌદ્ગલિક સુખોની ઇચ્છા રાખવી તે ધર્મ નથી, પણ એક પ્રકારનો વ્યાપાર છે. જેમ કોઇ માણસ બજારમાં જઇ વસ્ત્ર, ઘરેણાં કે ભોગોપભોગની કોઇપણ વસ્તુ મેળવવાની ઇચ્છાથી દુકાનદારને પૈસા આપે છે અને જોઇતી વસ્તુ ખરીદે છે તેવી જ રીતે જો દાન આપી પૌદ્ગલિક સુખની ઇચ્છા રાખે તો તે દાન ધર્મ નહિ પણ પૈસા આપી વસ્તુ ખરીદવાનો જેમ વ્યાપાર જ ગણાય.

卐 卐 卐

કેટલાક શ્રીમંતો ધનના મદથી ગરીબ માણસોને તિરસ્કારે છે અને તેમને હલકા મવાલી સમજે છે, માટે જ ગરીબવર્ગ ધનવાનોની અદેખાઈ કરી તેમનું ભૂંડું ઇચ્છે છે. જો ધનવાન નમ્ર બનીને ચાલતો હોય, દરેક મનુષ્યો સાથે પ્રીતિ રાખી તેમનો ઉચિત આદર કરતો હોય તો તેનું કોઇપણ ભૂંડું ઇચ્છે નહિ. અને જો અવસરે દીનદુઃખીયાનો સાદ સાંભળી કાંઇક ઉદારતા દર્શાવતો હોય તો સંસારમાં ગરીબવર્ગ તેનું ભલું ઇચ્છી દાસ બન્યો રહે.

卐 卐 卐

ધંધ નવાનને ધનની વૃદ્ધિ માટે, ઘણો કાળ ધનને ટકાવી રાખવા માટે, અને આરોગ્યતા મેળવી ધનના ઉપભોગ માટે અનેકના આશીર્વાદની આવશ્યકતા રહે છે, માટે ધનના અમુક ભાગનો આશીર્વાદ મેળવવા અવશ્ય વ્યય કરવો જોઇએ.

卐 卐 卐

લાખપતિ કે ક્રોડપતિ એમ માને છે કે મને જે કંઈ ધન મળ્યું છે તે મારા પ્રારબ્ધનું છે પણ આવી માન્યતા તદ્દન ભૂલભરેલી છે; કારણ કે તેણે મેળવેલા ધનમાં અનેકનું પ્રારબ્ધ જોડાયલું હોય છે અને તેઓ કોઈ ને કોઈ નિમિત્તથી પોતાનો ભાગ લઇ લે છે. સ્વજન, કુટુંબવર્ગ, નોકર, ચાકર, ડૉકટર, વકીલ વગેરે પોતાના ભાગ લીધા વગર છોડતા નથી.

卐 卐 卐

જેનો જેનો ભાગ હોય છે તેમને જે પોતે ન આપે અને ઘણી જ કંગાલ હાલતમાં રહે, તો એક દિવસ સઘળું ધન નાશ પામી જાય છે અને પોતે સાચો કંગાલ બની જાય છે.

卐 卐 卐

જો મેળવેલું ધન પોતાને જ ભોગવવાનું હોય તો ધન હોવા છતાં કેમ મરી જાય છે? જ્યારે બધું ધન થઈ રહે ત્યારે મરવું જોઇએ. લાખોની સંપત્તિ પોતાની પાછળ મૂકી જતા જોવાય છે, અને પાછળથી તેનો ઉપભોગ કરનારા બીજા જ હોય છે તો પછી કેવી રીતે કહી શકાય કે જેને જે કંઇ મળે છે તે તેના જ ઉપભોગ માટે હોય છે?

卐 卐 卐

જ્યારે માણસ જન્મે છે ત્યારે તેની પાસે સુતરનો તાંતણો

સરખો ય હોતો નથી. જન્મ્યા પછી જેને ત્યાં જન્મ્યો હોય છે તેની સંપત્તિનો હકદાર થઈ જાય છે. રાજાને ત્યાં જન્મ્યો હોય તો રાજ્યનો, શ્રીમંતને ત્યાં જન્મ્યો હોય તો ધનસંપત્તિનો, કંગાલ ભિખારીને ત્યાં જન્મ્યો હોય તો ભીખ માંગવાના ઠીકરાનો અને નાનકડા ઝુંપડાનો. જન્મતી વખત સઘળા મનુષ્યોની અવસ્થા એક સરખી હોય છે પણ પછીથી રાજા, શ્રીમંત કે ભિખારી થવું તે સઘળાના જુદા જુદા પ્રારબ્ધ ઉપર આધાર રાખે છે. શ્રીમંતને ત્યાં જન્મેલો ભિખારી થઈ શકે છે અને ભિખારીને ત્યાં જન્મેલો શ્રીમંત કે રાજા થઇ શકે છે અથવા તો જન્મદાતાની વિદ્યમાન સ્થિતિમાં જીવન ગાળે છે. તાત્પર્ય કે જીવ પોતાની સાથ આવેલા પ્રારબ્ધ અનુસાર સંપત્તિ તથા વિપત્તિને મેળવે છે.

卐 卐 卐

જીવ જન્મ્યા પછી પુન્યસંયોગે મળેલી સંપત્તિને પોતાની ધારીને મમતા ધારણ કરે છે અને અજ્ઞાનતાથી એમ પણ માની લે છે કે જાણે આ બધું સાથે જ લાવ્યો હોય ! અને તેથી કરીને જ તેના રક્ષણ માટે તથા તેને વધારવા માટે ચોવીસે કલાક ચિંતાવાળા રહે છે. સંપત્તિમાં વધારો થાય છે તો ખુશી થાય છે અને ઓછી થાય તો શોક કરે છે. અનેક મનુષ્યો સાથે કલેશ, કંકાસ, વૈર, વિરોધ, માયા–પ્રપંચ પણ સંપત્તિ વધારવાના તથા રક્ષણ કરવાના હેતુથી કરે છે.

卐 卐 卐

જીવનને સંપત્તિ અને સગપણ દરેક જન્મમાં નવેસરથી કરવા પડે છે. સગપણ જુદા જુદા જીવો સાથે જુદા જુદા રૂપમાં થાય છે. પૂર્વજન્મના સગપણવાળા સાથે પણ સંબંધ થાય

છે. નવા નવા જીવ સાથે વિશેષે કરીને થાય છે.

卐 卐 卐

શ્રીમંત ઘરમાં અવતર્યો. ઘરના સઘળાને આનંદ થયો. વધાઇઓ આવવા લાગી. વાજાં વાગવા માંડ્યાં. જન્મમહોત્સવ સારી રીતે થયો. એક માણસ સંસારમાં અવતર્યો. ઘરની સ્થિતિ પ્રમાણે ઉછરીને મોટો થયો. સ્તનપાન છોડીને ખોરાક લેવા લાગ્યો. દાસ-દાસીઓની સેવાચાકરીનો સ્વાદ ખૂબ ચાખ્યો. પોતાની ઇચ્છા અનુસાર રમવાનાં તથા ખાવાપીવાનાં સાધનો મોં-માંગ્યાં મેળવ્યાં. વસ્ત્રાભૂષણ તેમજ અન્યાન્ય શારીરિક સુખનાં સાધનો યથેચ્છ પ્રાપ્ત કર્યાં. નિશ્ચિતતાથી રમતગમતમાં બાલ્યાવસ્થા વ્યતીત કરી. કાંઈક સમજણ આવી ને નિશાળગરણું થયું. ભણવા માંડયું એટલામાં તો મોતે આવી ઊંચકીને ફેંકી દીધો. મનની મનમાં રહી ગઈ.

卐 卐 卐

જન્મ્યા પછી જીવ માત્રને જીવવાની તૃષ્ણા ઘણી હોય છે. બાલ્યાવસ્થામાં માનું સ્તનપાન કરીને જીવવાનો હેતુ પાર પાડે છે, એટલે જીવને બાલ્યાવસ્થામાં જીવનના સાધનો મેળવવાની ચિંતા હોતી નથી. સ્તનપાન છોડ્યા પછી મુખ્યપણે પિતા અને ગૌણપણે માતા જીવાડવાની ચિંતાવાળા હોય છે એટલે સ્તનપાન છોડ્યા પછીની અવસ્થામાં પણ જીવવા પ્રયત્ન કરવાની જરૂરત હોતી નથી. ત્યારપછી વિદ્યાર્થીની અવસ્થામાં પણ નિશ્ચિંતતા જ હોય છે. એટલામાં તો આયુષ્યનો ચોથો ભાગ વ્યતીત થઇ જાય છે.

卐 卐 卐

ભણ્યા પછી અથવા તો ભણતા હોય તે દરમ્યાન પરણીને

ગૃહવાસથી જોડાય છે. એટલામાં માતાપિતાનો અંત આવી ગયો હોય છે, અથવા તો માતાપિતા પરલોક જવાની તૈયારીમાં હોય છે. પચીશ, ત્રીશ વર્ષની ભરયુવાનીમાં જીવ સુસંસ્કાર તથા કુસંસ્કાર, સત્સંગ અથવા તો કુસંગ જેવા જેવા પ્રસંગોમાં હોય છે તે તે દિશામાં પ્રયાણ કરે છે. ચાલીશ, પીસ્તાલીશ અને પચાશ થયાં કે યુવાનીનું જોર નરમ પડી જાય છે, અને ઘણા પુત્ર, પૌત્રનો સ્વામી હોવાથી ચિંતિત જીવન ગાળે છે. આ સઘળી અવસ્થાઓ વ્યતીત થયા પછી છેવટે શું થાય છે તે તપાસો. વિચાર કર્યો છે કે શું થાય છે ? મોત આવીને બધું એ ઝૂંટવી લઈને આ નશ્વર દેહમાંથી કાઢી મૂકે છે.

卐 卐 卐

માનવજાતમાં પ્રભુતા મેળવવાની ઇચ્છાથી પ્રયત્ન કરનારાઓની સંખ્યા વધુ પ્રમાણમાં દેખાય છે. દેખીતી રીતે કોઈ પણ પ્રકારની સ્વાર્થવૃત્તિ ન હોવા છતાં અને પરોપકારનું રૂપ આપવા છતાં પણ તેમની પ્રવૃત્તિમાં પ્રભુતાની છાયા રહેલી હોય છે, અને તેમનાથી થતી ભૂલો સુધરાવવાના પ્રસંગે બહાર તરી આવે છે. આત્મનિષ્ઠ સાચી પ્રભુતા પ્રગટ કરવાના ઇરાદાથી પ્રભુ શ્રી મહાવીરના પગલે ચાલનારાઓની મનોવૃત્તિમાં આગ્રહનો અંશ હોતો નથી, પણ અલ્પજ્ઞો પાસેથી પ્રભુતા પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાઓની મનોવૃત્તિ આગ્રહબુદ્ધિને આધીન રહેલી હોય છે અને તેમની દરેક પ્રવૃત્તિમાં આગ્રહને અગ્રસ્થાન આપવામાં આવે છે; કારણ કે હું કરું છું અથવા કહું છું તે સાચું છે, પછી તે ભૂલભરેલું કેમ ન હોય ? પરંતુ જેમના પાસેથી પ્રભુતા મેળવવાની હોય છે તેમના અંતઃકરણમાં પોતાનામાં રહેલી પ્રભુતાની યોગ્યતા ઠસાવવા બીજા ભૂલે છે પણ હું ભૂલતો નથી

એવી પ્રતીતિ કરાવવા પ્રયત્ન કરવો પડે છે અને તેમ કરતાં કોઈ વિઘ્ન ઉપસ્થિત કરે તો આવેશપૂર્વક સેવવું પડે છે.

卐 卐 卐

મૃત્યુથી ભયભીત ન બનો. મૃત્યુ સંસારવાસીઓના સૌંદર્યને પ્રગટ કરે છે. મૃત્યુ એટલે વિકૃતિવિનાશ અને જન્મ એટલે પ્રકૃતિવિનાશ. મૃત્યુ વસ્તુની મૂળ અવસ્થા છે ત્યારે જન્મ વસ્તુની વિકૃત અવસ્થા છે. તમને મરવું ગમતું નથી, જીવવું ગમે છે; પણ તમે જાણો છો કે જીવન એટલે શું ? જે જીવનને તમે ઇચ્છો છો તે તમને કેટલું ઉપયોગી છે ? જો તમે જીવવાની ઇચ્છા રાખતા હો તો જીવનનો અનાદર કરશો નહિં, જીવનથી કંટાળશો નહિં.

卐 卐 卐

જન્મ આશ્રિત જીવન એટલે બનાવટી–વિકૃત જીવન અને પ્રકૃતિસ્વરૂપ–શુદ્ધ જીવન : આ બે પ્રકારના જીવનમાંથી તમને શુદ્ધ જીવનની ઇચ્છા છે કે અશુદ્ધ જીવનની ?

卐 卐 卐

જે જીવનની ઉત્પત્તિ–જન્મ છે, આદિ છે તે શુદ્ધ જીવનમાં થયેલો વિકાર છે; માટે તે વિકૃત સ્વરૂપવાળું હોવાથી અશુદ્ધ જીવન છે. આ અશુદ્ધ જીવનમાં જીવવાને ઇચ્છનારને અનેક પ્રકારની યાતનાઓ સહન કરવી પડે છે તથા ચિંતા, ભય, શોક અને નિરાશા પણ સહેવી પડે છે.

卐 卐 卐

જેમ કોઈ માણસનું માથું દુઃખે કે પેટમાં ખૂબ ચૂંક

આવે ત્યારે તે માણસ ઘણો જ ઉદાસ થાય છે, ખેદ કરે છે ને દરદને નાબૂદ કરવા ચાંપતા ઉપાયો લે છે, તેવી જ રીતે જે માણસને કષાયવિષયનો ઉદય થાય ત્યારે તે માણસે તેમાં નહીં ભળતાં તેથી ઉદાસ થઇને તેને નાબૂદ કરવા ચાંપતા ઉપાયો લેવા જોઇએ, રોગોથી તો શરીરનો નાશ થાય છે પણ કષાયો તથા વિષયોથી તો આત્માનો નાશ થાય છે.

卐 卐 卐

ઉદયાધીન આત્માએ ગમે તેમ ન કરવું અને ન ગમે તે કરવું ત્યારે ઉપશમ તથા ક્ષયાધીન આત્માએ ગમે તે કરવું અને ન ગમે તે ન કરવું.

卐 卐 卐

જુઠું નહીં બોલું એવી પ્રતિજ્ઞા ઘણાઓ લઈ શકે છે પણ સાચું બોલીશ એવી પ્રતિજ્ઞા ન લઈ શકે. ક્રોધ નહીં કરું, માન નહીં કરું ઇત્યાદિ કષાયો ન કરવાની પ્રતિજ્ઞા ન લઇ શકો પણ ક્ષમા કરીશ, સરળતા રાખીશ, નમ્રતા રાખીશ, સંતોષ રાખીશ એવી પ્રતિજ્ઞા તો કરી શકો છો. તાવ નહીં આવવા દઉં, માથું નહીં દુઃખવા દઉં, પેટમાં દરદ નહીં થવા દઉં ઇત્યાદિ વ્યાધિ નહીં થવા દેવાની પ્રતિજ્ઞા નહીં લઈ શકો પણ વ્યાધિ આવે ત્યારે સમતાપણે–સમભાવે વેદી લઇશ, શાંતિ રાખીશ એવી પ્રતિજ્ઞા લઈ શકો છો.

卐 卐 卐

અમૃતમય જીવન અને વિષમય જીવન એમ બે પ્રકારના જીવનવાળા જીવો સંસારમાં અસ્તિત્વ ધરાવે છે. વિષમય જીવનવાળા અમૃતમય જીવનવાળા જીવો કરતાં સંખ્યામાં અધિ-

કતર છે, અને તેઓ પોતાનો જીવનપ્રવાહ વિષમય રેલાવી અનેક જીવોના જીવનને વિષમય બનાવી પ્રાણમુક્ત કરે છે. ક્ષુદ્ર સ્વાર્થ માટે અન્ય ભદ્રિક જીવોને પણ અમૃતના નામે વિષપાન કરાવે છે; જ્યારે અમૃત જીવનવાળા પોતાના અમૃત જીવન-દ્વારા અનેક જીવોને અમૃતપાન કરાવે છે, અનેક જીવો અમૃતનું પાન કરીને સદાને માટે જીવવાવાળા થયા છે અને અમર બનીને અનંતા દુઃખોનો દરિયો તરી ગયા છે.

卐 卐 卐

માનવી જ્યારે પોતાનામાં ગુણ હોય અથવા ન હોય પણ સ્વસ્તુતિ-પ્રશંસા સાંભળીને મનમાં હર્ષાતિરેકવાળો થયા સિવાય રહેતો નથી તેમ જ નિંદા-અવર્ણવાદ સાંભળીને ખેદ પામ્યા સિવાય રહેતો નથી. મોટે ભાગે માનવપ્રકૃતિ સ્વોત્કર્ષ અને પરાપકર્ષથી મુક્ત નથી. પોતાના વખાણ સારા સારા બુદ્ધિશાળી-ઓને પણ ગમે છે. વિદ્વાન કહેવાતા અને આગળ પડતો ભાગ લેનારા ઉપાધિધારકોને પણ પોતાના વખાણ સાંભળવાનો ઘણો જ શોખ હોય છે. જેવી રીતે પોતાના વખાણ સાંભળવાથી રાજી થાય તેવી જ રીતે પોતાને અપ્રિય માણસના વખાણ સાંભળવાથી ખુશી થતો નથી, ઊલટી દિલગીરી પેદા થાય છે એટલું જ નહિ પરંતુ તેના ઉપર દોષારોપણ કરી ઘૃણા પ્રકટ કરે છે. જનતામાં વખણાએલી વ્યક્તિને માટે ઉપરથી બનાવટી ખુશી ન છૂટકે જ બતાવવી પડે છે, ને થતાં વખાણને સહમત બનવું પડે છે.

卐 卐 卐

જન્મ્યા પછી માબાપે ઓળખાણને માટે રાખેલું નામ અમર કેવી રીતે થઈ શકે-કાયમ કેવી રીતે રહી શકે ? આત્મા

અમર થયા સિવાય નામ અમર થઈ શકતું નથી, માટે આત્માને અમર બનાવવા તન-ધન-જીવનનો ઉપયોગ કરવામાં આવે તો નામ અમર બની શકે ખરું. જ્યાં સુધી આત્મા મૃત્યુથી મુકાયો નથી ત્યાં સુધી નામ તો મરવાનું જ.

卐 卐 卐

આકાર બદલાય છે તેની સાથે સાથે નામ પણ બદલાયા જ કરે છે. નામ ત્યારે જ કાયમ રહે જ્યારે આકાર બદલાય નહીં. આકારને આશ્રયીને જ નામ પડે છે. જેનું નામ નથી તેનો આકાર પણ નથી.

નામ રાખવું એટલે આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવું. શુદ્ધ સ્વરૂપ જે આકારવાળા નામમાં પ્રગટ થાય છે તે નામ અમર કહેવાય છે. અર્થાત્ જે નામથી સર્વથા કર્મનો ક્ષય થાય છે તે નામ બદલાતું નથી, કારણ કે નામ બદલાવાનું કારણ નાશ પામી જાય છે માટે તે નામ અમર કહેવાય છે.

જે આકારવાળું નામ જનતાને સ્વાર્થ માટે ઉપયોગી થઇ પડયું હોય તે નામ બદલાયા પછી પણ તેને જનતા સંભારે છે; પરંતુ જેનો સ્વાર્થ સધાયો હોય તેઓ જ સંભારે છે, તેમના વંશજો અથવા તો અન્ય વ્યક્તિઓ સંભારતા નથી.

જે દેહાકૃતિનું નામ રાખ્યું હોય છે તે દેહાકૃતિ જીવન ક્ષય થયે જીવનના વિયોગથી નાશ પામી જાય છે, એટલે નામ પણ ધીરે ધીરે સંસારમાંથી લુપ્ત થતું જાય છે.

卐 卐 卐

મનથી ત્યાગ, વચનથી ત્યાગ, કાયાથી ત્યાગ આ ત્રણે

ત્યાગમાં કેવળ વચનથી ત્યાગ તે એક પ્રકારનું અસત્ય છે, બીજાને ઠગવાને માટે કરાય છે. જેને ક્ષુદ્ર ત્યાગ સાધવો હોય છે તે વચનમાં ઘણા જ :કેળવાએલા હોય છે. વચનથી ત્યાગ તે નામનો જ ત્યાગ હોવાથી આત્માને કોઈ પણ પ્રકારનો લાભ મળી શકતો નથી.

કેવળ કાયાથી ત્યાગ બે પ્રકારનો હોય છે: એકની પાસે એક વસ્તુ છે અને તેનો ત્યાગ કરે છે અને બીજો વસ્તુ નથી અને ત્યાગ કરે છે. આ બન્ને પ્રકારના ત્યાગીમાં જેની પાસે વસ્તુ છે અને છોડે છે તે ઉત્તમ છે, કારણ કે મળેલા ભોગોને છોડવા તે કઠણ છે અને વસ્તુ નથી તેને છોડવું ઘણું જ સહેલું છે, કારણ કે જે વસ્તુ પાસે નથી અને મળવાની પણ આશા નથી તેને તો પ્રથમથી જ ત્યાગ જેવું છે, માટે તેને છતી વસ્તુ છોડનાર કરતાં નીચી કોટીનો કહી શકાય.

કેવળ મનથી ત્યાગી, કેવળ કાયાથી ત્યાગી કરતાં ઊંચો છે, કારણ કે કેવળ કાયાથી છોડવું સહેલું છે પણ મનથી છોડવું દુર્લભ છે. કેવળ કાયાથી છોડનાર સંસારમાં ઘણા નીકળશે, પણ મનથી છોડનાર તો કોઇક જ નીકળશે. ભિખારીઓ તેમજ અન્ય ભાગ્યહીન પુરુષો વસ્તુ ન હોવાથી કેવળ કાય ત્યાગી જેવા જ છે, પણ તેઓની મનોવૃત્તિમાં ત્યાગ ન હોવાથી તેઓ ત્યાગી કહેવાતા નથી.

મન, વચન અને કાયાથી છોડનાર સર્વોત્કૃષ્ટ ત્યાગી કહી શકાય છે. મન, વચન અને કાયાથી છોડનારા ત્યાગીઓ સંસારમાં ઘણા જ અલ્પ નીકળશે.

卐 卐 卐

જીવનો બે વસ્તુઓ ઉપર જ હક્ક છે. એક તો જ્ઞાન-દર્શન આદિ પોતાનો ધર્મ અને બીજું પરવસ્તુ કર્મ. આ બે વસ્તુ સિવાય જેટલું જડ-ચૈતન્યમય જગત દેખાય છે તેના ઉપર જીવનો હક્ક નથી. જો કે કર્મ જડ વસ્તુ છે અને તે પર છે, એટલે તેના ઉપર પણ જીવનો હક્ક નથી, છતાં જીવ જ્યારથી સંસારમાં છે અને જ્યાં સુધી સંસારમાં રહેશે ત્યાં સુધી એક સમય માત્ર પણ કર્મ સર્વથા જીવથી છૂટાં પડવાનાં નથી. તેને અનાદિ કાળથી જીવે પોતાની જ વસ્તુ તરીકે માન્યાં છે અને હંમેશાં તેની વૃદ્ધિ કરતો રહેશે, માટે કર્મ ઉપર પણ જીવનો હક્ક છે.

જીવ જગતના તમામ પદાર્થોને છોડીને ચાલ્યો જશે, આયુષ્યની શરુઆતથી સાથી બનેલ દેહને પણ છોડી દેશે; પરંતુ ધર્મ અને કર્મ એ બે વસ્તુઓને તો સાથે જ લઇ જવાનો.

卐 卐 卐

માણસને પોતાની ભૂલની ત્યારે જ ખબર પડે છે કે જ્યારે ઠોકર ખાઇને હેઠો પડે છે.

卐 卐 卐

સ્નેહનું વિષપાન કરનારાઓએ સુખશાંતિની આશા છોડી દઇને મૃત્યુની વાટ જોવી જોઇએ.

卐 卐 卐

જો માણસ પોતાને મનગમતું કરતા હોય તો છેવટે અણગમો ન થવો જોઇએ અને જે પ્રવૃત્તિમાં પરિણામે અણગમો થાય તો મનગમતું કરવાની ભ્રમણા જ કહી શકાય.

卐 卐 卐

જે સુખશાંતિમાં પરાધીનતા છે તે સાચી સુખશાંતિ જ નથી.

卐 卐 卐

જેમ ફૂલને સુગંધી તથા સાકરને મીઠી બનાવવા બીજી વસ્તુની જરૂરત પડતી નથી તેમ આત્માને સુખી બનાવવા કોઈ પણ વસ્તુની જરૂરત નથી.

卐 卐 卐

મોટા બનવું હોય તો નાનાઓનો આદરસત્કાર કરો. કારણ કે મોટા બનાવવું નાનાઓના હાથમાં છે.

卐 卐 卐

દૃંભી માણસ વિશ્વાસઘાતી હોવાથી કોઇનો પણ પ્રેમ મેળવી શકતો નથી. ચાહતાં શીખશો તો કલેશ કરમાઈ જશે.

卐 卐 卐

પૌદ્ગલિક સુખમાં ટેવાઈ ગએલાને આત્મિક સુખ ગમતું નથી.

卐 卐 卐

પોતાને ઓળખ્યા સિવાય પરમાત્મા ઓળખાય નહિ અને પરમાત્માને ઓળખ્યા સિવાય પરમાત્મા બની શકાય નહિ.

卐 卐 卐

પુદ્ગલોના વિનાશ સિવાય આત્માનો વિકાસ થઇ શકતો નથી.

卐 卐 卐

જેમ કાંટાથી કાંટો નીકળે છે તેમ પ્રશસ્ત રાગથી અપ્રશસ્ત રાગ નીકળી જાય છે.

卐 卐 卐

પોતાને મનગમતું કરવું હોય તો બીજાને મનગમતું કરો.

卐 卐 卐

જેને માનસિક સુખ નથી તે ચક્રવર્ત્તી કેમ ન હોય ? તો પણ દુઃખી જ છે.

卐 卐 卐

આત્મા ઇન્દ્રિયોથી અપરાધી બનતો નથી, પણ મનથી બને છે.

卐 卐 卐

પ્રેમની પરકાષ્ઠા તન્મય થઇ જઇ એકનિષ્ઠપણામાં જ છે. પૂર્ણ પ્રેમમાં હૃદયભેદ હોતો નથી અને જ્યાં હૃદયભેદ છે ત્યાં પૂર્ણ પ્રેમ નથી; પણ તુચ્છ સ્વાર્થ છે.

卐 卐 卐

અંતરમાં અંતર રાખી સાચા સ્નેહીનો ડોળ કરનાર વિશ્વાસ-ઘાતી દાનવ છે પણ માનવ નથી.

卐 卐 卐

બેહૃદયવાળા માણસોમાં વિશ્વાસ રાખનાર ભૂલનો ભોગ બને છે.

卐 卐 卐

પરમાત્માનો પૂર્ણ પ્રેમી તેમની આજ્ઞાઓનો અનાદર કરતો નથી.

卐 卐 卐

હસવું તે આનંદનો ઊભરો છે.

卐 卐 卐

કુદરત જે કંઇ તમને આપે તેમાં સંતોષ માની આનંદથી

જીવો. પસંદ પડે અથવા ન પડે કુદરત પાસેથી આપેલું જ લેવું છે, માટે બીજાની પાસે વધુ સારું જોઇને નારાજ થશો નહિ.

卐 卐 卐

ક્ષમા, સરળતા, નમ્રતા, શાંતિ, સમતા આદિ મળવાં તે પ્રભુ-સેવાનો બદલો છે, અને રૂપ, વય, ધન, સુંદરતા આદિ મળવાં તે પણ પ્રભુભક્તિનો બદલો છે; માટે તમને શું ગમે છે તેનો સાચી રીતે વિચાર કરીને પ્રભુની સેવામાં અર્પણ કરજો.

卐 卐 卐

વર્ણ, ગંધ, રસ આદિ જડના ધર્મો છે, તે દેહને પોષે છે. અને જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ આત્માના ધર્મો છે, તે આત્માને પોષે છે. માટે તમે આત્મા છો કે જડ છો તેની ઓળખાણ કરીને તમને યોગ્ય લાગે તે ધર્મોનો ઉપયોગ કરશો.

卐 卐 卐

તમે તમારું જ મેળવો. પારકું મેળવવા જશો તો પોતાનું પણ ખોઇ બેસશો અને પ્રયાસ વ્યર્થ જશે.

卐 卐 卐

ભિખારીની સેવા કરવાથી શ્રીમંત બની શકાતું હોય તો જ જડની ઉપાસના કરવાથી સુખી બની શકાય.

卐 卐 卐

સુંદર સુંદર મકાનો, ઘરેણાં, વસ્ત્રો, ભોજન આદિ જડ વસ્તુઓને વિકૃત બનાવી તેની પાસે સુખ તથા આનંદની ભીખ માગતાં જિંદગી વહી ગઇ છતાં કોઇએ કાંઇ પણ મેળવ્યું નહિ.

卐 卐 卐

સાચો માર્ગ ઓળખી ગમન કરનાર લોકનો ભય

રાખશે તે ભૂલો પડશે.

卐 卐 卐

સાચું જાણવા છતાં પણ લોકને સારું લગાડવા ખોટું આદરનાર હાથમાં દીવો લઈ કૂવામાં પડે છે.

卐 卐 卐

ક્ષુદ્ર તૃષ્ણાઓ તથા તુચ્છ સ્વાર્થ સંતોષવાને લોકનો ભય રાખવામાં આવે છે તેનાથી હજારગણો ઓછો ભય પોતાના શ્રેયને માટે પરમાત્માનો રાખવામાં આવે તો પરમ કલ્યાણ થઈ જાય.

કોઈ પણ સ્વાર્થ માટે પેટમાં દગો રાખીને સ્નેહ કરનાર સ્નેહી નથી પણ પરમ શત્રુ છે.

卐 卐 卐

બીજાના જીવનમાં જીવવાની ઇચ્છા થાય તે પહેલાં તેની ઉપયોગીતા અને ઉત્તમતાનો સારી રીતે વિચાર કરી લેવો જોઇએ.

卐 卐 卐

સુખ, શાંતિ તથા આનંદ મેળવવાની ઇચ્છાવાળાની જીવન-યાત્રા સાદી અને સરળ હોવી જોઇએ.

卐 卐 卐

પ્રારબ્ધની પ્રેરણા પ્રમાણે પ્રવૃત્તિ કરતાં જગત ઉપર અણગમો લાવી દુઃખી ન થશો.

卐 卐 卐

આત્મવિકાસની ઇચ્છાથી જ પૌદ્‌ગલિક વસ્તુનો ત્યાગ કરશો પણ છોડેલી વસ્તુઓ પાછી મેળવવાની ઇચ્છાથી ત્યાગ કરશો નહિ; કારણ કે છતી વસ્તુઓ છોડીને પાછી તેની આશા

રાખવી તે અજ્ઞાનતા છે.

卐 卐 卐

વિશ્વવંદ્ય વિભુની વિભૂતિ વિસારે પાડી વિષયવિકારના અંધકારમાં ભટકતા વિલાસીઓ વિકાસને બદલે વિનાશ જ મેળવે છે.

卐 卐 卐

જગતનો વિલાસ જોઇને ભગત બનેલા વિલાસીઓ ભાગ્યે જ ભગવદ્ભજનમાં લીન થાય છે.

卐 卐 卐

પ્રકૃતિ, પ્રવૃત્તિ અને વિચારની પ્રતિકૂળતામાં રહીને કઈ નિઃસ્વાર્થ વ્યક્તિ પોતાનું અહિત કરે ?

તેવી દાક્ષિણ્યતા અને શરમ શા કામની કે પોતે નિઃસ્પૃહી, નિઃસ્વાર્થી અને નિર્મમત્વ હોવા છતાં પોતાનું અકલ્યાણ કરે ?

卐 卐 卐

દુનિયાની બે બાજુઓઃ એક અંદરની અને બીજી બહારની. બહારની બાજુએ રાગ છે અને અંદરની બાજુએ વૈરાગ્ય છે. બહારની બાજુને ફેરવીને જુઓ વૈરાગ્ય મળશે.

卐 卐 卐

પૌદ્ગલિક વસ્તુઓને જોવાથી મમતા મૂંઝવતી હોય તો તેનું ઉત્પત્તિસ્થાન તપાસી જુઓ. મમતા ટળી સમતા મળશે.

卐 卐 卐

સંસારમાં મનુષ્ય જેવું બુદ્ધિશાળી અને કલાવાન બીજું કોઇ પણ પ્રાણી નથી કે જે પશુ, પક્ષી અને દેવતાને પણ પોતાને વશ કરે છે.

卐 卐 卐

આત્મામાંથી રાગદ્વેષને વીણી કાઢવાનું નામ ધર્મ છે, તો પછી રાગદ્વેષને રાખી વધારી ધર્મ માનવો તે અજ્ઞાનતા જ કહી શકાય.

卐 卐 卐

ધન તથા જીવન પ્રભુને સમર્પણ કરનારને જીવવાની કે ધનની ચિંતા રાખવી પડતી નથી.

卐 卐 卐

જગતમાત્રને પોતાનું સંબંધી માની સ્નેહ કરનારની સહુ કોઇ સેવા કરવા ચહાય છે.

卐 卐 卐

પર્યાયદૃષ્ટિમાં ખેદ છે અને ખુશી છે, દ્રવ્યદૃષ્ટિમાં સમભાવ છે માટે પર્યાયદૃષ્ટિ ન બનતાં દ્રવ્યદૃષ્ટિ બનો.

卐 卐 卐

તારણહાર અને પાલણહારના દાસ બનીને રાજી થવું તે તો ડહાપણભરેલું ખરું, પણ મારનાર અને ડુબાડનારના દાસ બનીને રાજી થવું તે કેવું ડહાપણ કહેવાય ?

卐 卐 卐

સારો કહેવડાવવા પ્રયાસ કરનાર આત્માને ઠગીને પ્રભુની દૃષ્ટિમાં ગુનેગાર બને છે ત્યારે સારો બનવા પ્રયાસ કરનાર આત્મવિકાસી બની પ્રભુની પ્રશંસાનું પાત્ર બને છે.

卐 卐 卐

દોષોને દાટી દેવા કરતાં બાળી દેવાં સારાં છે.

卐 卐 卐

આત્માને ઠગીને દુનિયાની દૃષ્ટિમાં મહાન્ બનનાર પામર પ્રાણી છે.

卐 卐 卐

જડ વસ્તુની ચાહનામાં જીવન વ્યતીત કરનાર આત્મસ્વરૂપ મેળવી શકતો નથી.

卐 卐 卐

સર્વોત્તમ ક્રિયાકુશળ માનવી મૃત્યુને જીતી શકે છે.

卐 卐 卐

આનંદ શાશ્વતી વિશ્રાન્તિ છે માટે તેને મેળવવા પ્રયાસ કરવો જોઇએ.

卐 卐 卐

જે પોતાના જીવનની કિંમત અને કદર કરી શકતો નથી તે બીજાના જીવનની કિંમત અને કદર કેવી રીતે કરી શકશે ?

卐 卐 卐

જીવવાને માટે ખાવાની જેટલી જરૂરત છે તેનાથી પણ અધિક જરૂરત સુખના માટે ધર્મ કરવાની છે.

卐 卐 卐

જીવનની શરુઆતથી જ સંબંધ ધરાવનાર અને જીવનું અસ્તિત્વ ઓળખાવનાર એવા દેહનો વિશ્વાસ ન રાખીને આત્મ-શ્રેય સાધવું જોઇએ, તો પછી દેહથી ભિન્ન ઇતર સંબંધીઓનો વિશ્વાસ રાખીને કયો ડાહ્યો માણસ પોતાનું શ્રેય સાધવામાં આળસ કરે ?

卐 卐 卐

પરોપકાર અથવા પર ઉધ્ધારના બહાને સેવા કરવાનો ડોળ કરીને અનિચ્છાએ પણ અશાંતિ ભોગવી પ્રસિદ્ધિમાં આવ-વાનો પ્રયાસ કરવા કરતાં એકાન્તમાં રહીને શાંતિપૂર્વક પોતાના આત્માની જ સેવા બજાવી શ્રેય સાધવું તે શ્રેષ્ઠતર છે.

卐 卐 卐

માનવીની પ્રવૃત્તિ ઉપર તો અંકુશ મૂકી શકાય છે, પણ વૃત્તિ ઉપર અંકુશ મૂકી શકાતો નથી; કારણ કે માનવી અમુક અનિવાર્ય કારણને લઈને પોતાનું પ્રવૃત્તિમય જીવન વેચી શકે છે; પણ વૃત્તિમય જીવન વેચી શકતો નથી. કોઈ પણ અવસ્થામાં વૃત્તિમય જીવનનો તો પોતે જ સ્વામી રહે છે અને એટલા માટે જ પ્રવૃત્તિમય જીવનનો અન્ય સ્વામી હોવા છતાં પણ વૃત્તિમય જીવન પોતાની અત્યંત પ્રિય વ્યક્તિને અર્પણ કરીને તેને પોતાના વૃત્તિમય જીવનનો સ્વામી બનાવી શકે છે.

વસ્તુને સાચી રીતે ઓળખ્યા સિવાય સાચું ખોલી શકાય નહીં. તેમજ સાચી પ્રવૃત્તિ થાય નહીં તેથી સાચી વસ્તુ મેળવી શકાય નહીં.

卐 卐 卐

સારા વિચારો વિચારવાનું વ્યસન માનવજીવનની ઉત્તમતાને સફળ બનાવી શકે છે. ભલે વિચારો પ્રમાણે ન વર્તાય તો પણ આત્મશ્રેય કરવામાં અદ્વિતીય સહાયક થઈ શકે છે. જેમ ગાંજો, ભાંગ, તમાકુ, અફીણ, ચા વગેરે વસ્તુઓનું વ્યસન પડી જવાથી તે વસ્તુઓ વગર ચાલતું નથી અને વારંવાર તેનું જ સ્મરણ થયા કરે છે, તેમજ સારા વિચારો વિચારવાનું વ્યસન પડી જવાથી સારા જ વિચારો આવ્યા કરે છે.

卐 卐 卐

પુદ્ગલાનંદીપણે અથવા તો વિષયાભિનંદીપણે કરવામાં આવતી ઇચ્છાઓ સફળ થાય અથવા તો નિષ્ફળ જાય, તો પણ આત્મા અપરાધી બનીને પૌદ્ગલિક વસ્તુઓ ન વાપરવા છતાં પણ તેના કડવાં ફળ અવશ્ય ચાખે છે.

卐

સ્વાર્થવૃત્તિવાળા અનિચ્છાએ પણ બીજાની ઇચ્છાને આધીન થઇને ફરજિયાત પ્રવૃત્તિ કરે છે એ જ પરમ દુઃખ છે અને નિઃસ્વાર્થ વૃત્તિવાળા સ્વેચ્છાને આધીન રહીને મરજિયાત પ્રવૃત્તિ કરે છે માટે તે પરમ સુખી છે; કારણ કે પરાધીનતાએ અણુગમતું કરવું પડે છે અને સ્વાધીનતાએ મનગમતું કરાય છે, માટે સ્વાધીનતામાં સુખ છે અને પરાધીનતામાં દુઃખ છે.

卐 卐 卐

વિદ્વત્તા અને જ્ઞાનમાં ઘણું જ અંતર રહેલું છે. મોહનીય કર્મના ક્ષયોપશમ કે ક્ષય સિવાય જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી; પણ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી વિદ્વત્તા પ્રાપ્ત થાય છે. મોહનીય કર્મના ક્ષયોપશમ સિવાય એકલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થવાવાળું જ્ઞાન અજ્ઞાન હોય છે કે જેને વિદ્વત્તા કહેવામાં આવે છે.

卐 卐 卐

સંસારમાં રહીને સંસારની પૌદ્ગલિક વસ્તુ વાપરનારને સંસારના નિયમો ફરજિયાત પાળવાં પડે છે. જેમકેઃ જન્મ્યો તેને મરવું, યુવાને વૃદ્ધ થવું, શ્રીમંતને કંગાળ થવું, સંપત્તિવાળાએ વિપત્તિ ભોગવવી વગેરે નિયમો અવશ્ય પાળવા જ જોઇએ. જેની ઇચ્છા આ નિયમો પાળવાની ન હોય તેણે સંસારવાસ છોડીને ચાલ્યા જવું જોઇએ અને જેટલી પૌદ્ગલિક વસ્તુઓ વાપરવાને માટે લીધી હોય તે બધીયે છોડી દેવી જોઇએ.

卐 卐 卐

જીવનના છેડે દેહની વિસ્મૃતિની સાથે જ ઇષ્ટ વિયોગ દુઃખદાયી નથી નીવડતો, પણ જીવનકાળમાં ઇષ્ટ વિયોગ અત્યંત દુઃખ

આપે છે.

卐 卐 卐

માનવજીવનમાં જીવવાના સિદ્ધાંતો અને હેતુઓથી અણુજાણ માનવજીવનમાં સાચી રીતે જીવી જાણતો નથી.

卐 卐 卐

સંસારની મુસાફરીમાં નીકળેલાં આત્માઓને વિશ્રાન્તિ માટે મળેલી દેહરૂપી ધર્મશાળાઓનો આશ્રય લેવો પડે છે. આ ધર્મશાળાઓ અમુક સમય માટે માત્ર વિશ્રાન્તિનું સ્થાન હોવાથી આત્માઓનો એના ઉપર કોઈ પણ પ્રકારનો હક નથી, માટે મુસાફરી કરવા ત્યાંથી નીકળવું પડે તો બહુ જ રાજી થઈને તે સ્થાન છોડી દેવું. અને આગળ પ્રયાણમાં જે કોઈ સ્થળ આવે ત્યાં શાંતિપૂર્વક નિર્વાહ કરી લેવો પણ કોઈપણ સ્થાનમાં લેશમાત્ર પણ મમતા કરવી નહિ. મુસાફરીના અંતે કોઇપણ આશ્રયસ્થળની જરૂરત પડવાની નથી અને વિશ્રાન્તિ લીધેલાં પહેલાનાં સ્થળો કાંઈ પણ કામ આવવાનાં નથી.

卐 卐 卐

પરિમિત નિદ્રામાં માનસિક વિચારો ઉપરનો કાબૂ છૂટી જવાથી શુભ ધ્યાન રહી શકતું નથી તો પછી અપરિમિત નિદ્રા-(મૃત્યુ)ના સમયમાં વિચારો ઉપર કાબૂ રાખીને શુભ ધ્યાન કેવી રીતે રહી શકે ? માટે પરિમિતી કે અપરિમિતી નિદ્રા વગરની જાગૃત અવસ્થામાં શુભ વિચાર, શુભ ભાવનાઓ અને શુભ ધ્યાનદ્વારા નિર્જરા અથવા તો પુન્ય ઉપાર્જન કરી લેવું જોઇએ.

卐 卐 卐

સ્નેહની સીમા ઓળંગી ગયા પછી શાસ્ત્રના બંધન શિથિલ થાય છે, જેથી કરી સંસારની શેરીઓમાં કાંઈક વધારે

રઝળવું પડે છે, પરંતુ શું બની શકે ? ઉદય આધીન આત્માને બધું કરવું પડે છે. મોહદશા જ એવી છે !

卐 卐 卐

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી મેળવેલ બુદ્ધિ તથા જ્ઞાનને વૈષયિક સુખો મેળવવા વાપરનાર અજ્ઞાની અને દુર્બુદ્ધિ કહી શકાય. એવા અજ્ઞાની જીવો પોતાનું અને પરનું અકલ્યાણ કરનાર હોય છે. તેમ જ સ્વપરના માનવજીવનને અધમ બનાવી આત્માનો અધઃપાત કરનાર હોવાથી પોતાની જાતના શત્રુ હોય છે, પરંતુ જેઓ બુદ્ધિ તથા જ્ઞાનનો ઉપયોગ આત્મવિકાસમાં કરનારા હોય છે તેઓ સત્પુરુષ કહેવાય છે અને એવા મહાપુરુષોના સત્સંગથી અનેક આત્માઓ પોતાનું કલ્યાણ સાધી શકે છે, માટે આવા પુરુષો કલ્યાણમિત્ર કહેવાય છે.

卐 卐 卐

તપ, જપ, ધ્યાન, શાંતિ, સમતા, વૈરાગ્ય, આત્માર્થીપણું વગેરે લોકોને દેખાડી તેમને ખુશી કરી પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવા પુરતાં જ હોય તો તે આત્માનું અહિત કરી સંસાર વધારી માઠી ગતિઓમાં રઝળાવનારાં છે, કારણ કે તે પુદ્ગલાનંદીપણે કરવામાં આવતાં હોવાથી આત્મવિકાસનાં બાધક હોય છે, તેમ જ માયા તથા અસત્યના આશ્રિત હોવાથી આત્માનું અશ્રેય કરનારાં હોય છે; પણ તપ, જપ આદિનો આત્માનંદીપણે ઉપયોગ કરવામાં આવે તો આત્મવિકાસી બની કર્મોથી મુક્તિ મેળવી શકાય છે.

卐 卐 卐

સત્ વસ્તુને ઓળખનારા અને તેની શ્રધ્ધા રાખનારા આત્માઓ જ સાચું બોલી શકે છે અને સાચી પ્રવૃત્તિ કરી શકે

છે; તેમ જ તેમની સંગતમાં રહેનાર આત્માઓને સન્માર્ગે દોરીને તેમનું પરમ કલ્યાણ કરી શકે છે, આવા આત્માઓ સમ્યગ્જ્ઞાની હોવાથી વૈષયિક સુખોથી વિમુખ રહેલા હોય છે; કારણ કે તેઓ સાચા સુખના અનુભવી હોવાથી વૈષયિક સુખને દુઃખરૂપે જ માને છે જેથી કરીને તેમનો આત્મા ક્ષુદ્ર વૈષયિક વાસનાથી રહિત હોવાથી પોતાના આશ્રિતોને અવળે માર્ગે દોરતા નથી.

卐 卐 卐

પ્રભુની પવિત્ર છાયામાં રહીને આપણે પવિત્ર બનવું છે માટે પ્રભુની છાયા છોડીને બીજે જવું નહીં. એટલે અપ્રભુની અપવિત્ર આત્માઓના પડછાયામાં પણ ઊભા રહેવું નહીં, તો જ આપણે પ્રભુને ગમીશું અને પવિત્ર બનીને પ્રભુની સાથે હંમેશને માટે રહી શકીશું.

卐 卐 卐

આપણા શાશ્વતા સાથી તો પ્રભુ જ રહેવાના, બાકી સંસારનો સાથ તો સઘળોયે છૂટી જવાનો છે અને એટલા માટે જ આપણે સંસારના જીવો કરતાં પ્રભુને વધારે ચાહીએ છીએ. પૂજીએ, છીએ, નમીએ છીએ, સ્તુતિ કરીએ છીએ, આશ્રય લઇએ છીએ; માટે પ્રભુને શું ગમે છે તે તરફ વધારે ધ્યાન આપવું

卐 卐 卐

કષાયોથી જીવન અભડાવવું-મેલું કરવું નહીં અને વિષયોથી કાયા અભડાવવી-મેલી કરવી નહીં. આ વાત પ્રભુને બહુ જ ગમે છે અને આવી રીતે વર્તનારની તપ, જપ, પૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિથી અનેક પ્રકારે કરેલી સેવાને પ્રભુ સ્વીકારે છે.

સંસારી, અલ્પ-જ્ઞઅજ્ઞાની જીવોને ભલે ન ગમે તો કાંઈ પણ પરવા રાખવી નહીં, પણ પ્રભુને તો આપણા આચારવિચાર અને ઉચ્ચાર ગમવા જ જોઇએ, કારણ કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત જીવન, અનંત આનંદ અને અનંત સુખ પ્રભુ પાસેથી લેવાનાં છે. આ વસ્તુઓ પ્રભુ સિવાય અલ્પજ્ઞ-અજ્ઞાનીઓ આપી શકતા નથી.

卐 卐 卐

પ્રભુ સિવાય સંસારી જીવોમાંથી કોઇને પણ પોતાનું માની સાથ કરવો નહીં અને જો સાથ કરવાની ઇચ્છા થાય અને જીવનનો સાથી બનાવવો હોય તો પ્રભુને ગમતો હોય તેનો સાથ કરવો, કે જેથી કરીને અપવિત્ર જીવન બનાવી પ્રભુની પ્રીતિ તોડીને પ્રભુના વિરોધી બનવાનો પ્રસંગ ન આવે.

卐 卐 卐

આત્મવિકાસ તથા આત્મશુદ્ધિ કરવા ઉચ્ચતર ભાવોની તેમજ ઉચ્ચતર પવિત્ર જીવન બનાવવાની અત્યંત આવશ્યકતા છે.

卐 卐 卐

કોઇ પણ કારણને લઇને બાહ્યક્રિયા ઓછા પ્રમાણમાં થાય તો આત્મશુદ્ધિ વિકાસમાં કોઈ પણ પ્રકારની અડચણ આવતી નથી પણ જીવન અને ભાવના તો ઉચ્ચતર અને પવિત્ર હોવાં જ જોઇએ.

卐 卐 卐

શુભ કર્મની ખામીને લઇને માનવીઓનાં અમૂલ્ય અને પવિત્ર માનવજીવન મેલાં થવાનો પ્રસંગ બને છે અને અશુભ કર્મની પ્રેરણાથી અપવિત્ર આત્માઓના સંસર્ગમાં જોડાઇને

મેલાં-અપવિત્ર બનાવી નાખે પણ છે; તો પણ તેમણે હતાશ કે નિરાશ થવાની જરૂરત નથી અને વધારે ને વધારે જીવનને અપવિત્ર-મેલું બનાવી આત્મવિકાસ માટે નિરુપયોગી બનાવવાની તેમ જ આત્માને અનંતા જન્મ, જરા, મરણના અનંતા દુઃખના અંધકારમાં હડસેલી મૂકીને આત્મશત્રુ બનાવવાની લેશમાત્ર આવશ્યકતા નથી.

卐 卐 卐

માનવજીવન મોંઘું છે, ઘણું જ મોંઘું છે, માનવી સિવાયના સંસારના સમગ્ર જીવોના જીવનની કિંમત કરતાં માનવજીવનની કિંમત અનંતગણી વધારે છે; અને એટલા માટે જ માનવ-જીવનમાં જીવનારા જીવોની સંખ્યા બીજા સંસારી જીવો કરતાં ઘણી જ ઓછી છે માટે જ માનવજીવનની પવિત્રતા જાળવી રાખવા અથવા તો કોઈક પ્રસંગે અજ્ઞાનતાથી અપવિત્ર બનેલાને વધારે અપવિત્ર થતું અટકાવીને પાછું પવિત્ર બનાવવાની અત્યંત આવશ્યકતા છે.

卐 卐 卐

આત્મવિકાસ તથા આત્મશુદ્ધિનું અદ્વિતીય સાધનભૂત માનવજીવન, મલિન ભાવના તથા મલિન વ્યક્તિના સંસર્ગથી મેલું થઇ ગયું હોય તો તેને વધારે મલિન ન બનાવતા શુદ્ધ પરિણામ તથા શુદ્ધ વર્તનથી સ્વચ્છ બનાવીને દુર્લભ માનવ-જીવનની કિંમત આંકનાર ડાહ્યા માણસો આત્મશુદ્ધિ-વિકાસને સાધી લે છે.

卐 卐 卐

શુદ્ધ ભાવોથી મલિનતા દૂર થાય છે અને શુદ્ધ વર્તનથી આત્મા વધારે મલિન થતો અટકે છે.

મેલી ભીંત ઉપર કાઢેલાં ઘણાં સુંદર ચિત્રો જોનારના મનનું સારી રીતે આકર્ષણ કરે ખરાં પણ જલદી ભુંસાઇ જવાથી અને અંતરમાં મલિન પડ હોવાથી ભીંતને સુંદર બનાવી શકતાં નથી; પણ સ્વચ્છ ભીંત ઉપર કાઢેલું ચિત્ર ભીંતના સૌંદર્યને પ્રગટ કરે છે. તેવી જ રીતે મલિન જીવનવાળાનાં જ્ઞાન, ધ્યાન, જપ, તપ, બીજાના મનનું આકર્ષણ કરે ખરાં; પણ આત્મવિકાસ કે આત્મશુદ્ધિ ન કરી શકે. અને પવિત્ર જીવનવાળાનાં જ્ઞાનાદિક આત્માને વિકાસમાં લાવી શકે છે.

卐 卐 卐

માનવીના જીવનનો મોટો ભાગ બુદ્ધિની ઓછાશને લઇને કુસંસર્ગથી દુષ્કૃત્યોમાં વપરાઈ ગયો હોય તો નિરાશ ન થતાં શેષ જીવનને કુસંસર્ગ અને દુષ્કૃત્યોથી બચાવીને સત્કૃત્યોદ્વારા આત્મવિકાસ કરવા વાપરે તો, ખોઈ નાખેલા માનવજીવનનું ફળ મેળવી શકે છે. અને સઘળાએ સંતાપો, દુઃખો અને ઉદ્વેગોને શમાવી દઇને આત્મશુદ્ધિદ્વારા પરમ શાંતિ મેળવી શકે છે. આ ઉપરાંત માનવજીવન સફળ બનાવી શકે છે.

卐 卐 卐

જ્યાં સુધી શરીરના અવયવો કામ આપી શકતા હોય ત્યાં સુધી તે જ અવયવોનું કામ બીજાના અવયવોથી કરાવીને પોતાના હાથ, પગ આદિ અવયવોને શા માટે નિર્બળ બનાવી નિરુપયોગી બનાવવા જોઇએ ?

卐 卐 卐

જીવનના હેતુઓ જાળવવા વધારે કાળજી રાખવી.

卐 卐 卐

જીવનમાં શાંતિ, સંતોષ, સમભાવ, સ્થિરતા અને શુદ્ધિ વધે તેવો વ્યવસાય કરવો.

卐 卐 卐

સાચા લાભનું અર્થીપણું રાખવું.

જ્ઞાનની મહત્ત્વતા.

(૧૪)

જ્ઞાન અજવાળું છે-પ્રકાશ છે. અજ્ઞાન અંધારું છે. થોડું પણ અજવાળું હોય તો માનવી પાસેની વસ્તુઓને ઝાંખી પણ જોઇ શકે છે, અને પોતાને ઇષ્ટ વસ્તુ તથા સ્થાનને મેળવી શકે છે, વળી આપત્તિવાળી વસ્તુઓથી પોતાનો બચાવ પણ કરી શકે છે. સર્વથા અંધકારમાં આમ બની શકતું નથી. જેમ કોઈ માણસ અંધારી રાત્રિમાં પોતાની સાથે દીવો લઇને કોઇકિ સ્થળે જવા નીકળે તો તે દીવાના પ્રકાશની મદદથી ખાડા, ટેકરા તથા સર્પાદિ જીવજંતુ અને કાંટા આદિથી પોતાની જાતને બચાવીને ઇષ્ટ સ્થળે પહોંચી શકે છે.

પોતાના ઘરમાંથી કોઇ વસ્તુની અંધારી રાત્રે જરૂરત પડે અને દીવાનો પ્રકાશ હોય તો જોઇતી વસ્તુ વિનાવિલંબે મેળવી શકે છે, તેવી જ રીતે થોડુંક પણ જ્ઞાન હોય તો તે પોતાને ઇષ્ટ વસ્તુ મેળવી શકે છે, પોતાના આત્માને દુર્ગતિરૂપ ખાડામાં પડતો બચાવી શકે છે, સર્પરૂપ કષાયોથી સુરક્ષિત રહી શકે છે તથા સદ્ગતિરૂપ ઇષ્ટ સ્થળે પહોંચી શકે છે. દ્રવ્યપ્રકાશ દેહ

તથા પરિમિત જીવનને બચાવી શકે છે અને ભાવપ્રકાશ આત્મા તથા અપરિમિત જીવનની રક્ષા કરે છે.

જ્ઞાનથી આત્મદર્શન થાય છે, આત્મામાં રહેલી વિભૂતિ જણાય છે, આત્માની સાથે ભળી ગયેલો મેલ-કચરો પણ જણાય છે, આત્મા તથા જડનો ભેદ સમજાય છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તથા જડનું અશુદ્ધ સ્વરૂપ જણાવાથી બન્નેની મુક્તિ માટે રુચિ ઉત્પન્ન થાય છે, પરિણામે ઉભયની મુક્તિ મેળવી શકાય છે. 'આત્માથી જડને મુક્ત કરવામાં આવે છે અને જડથી આત્માને મુક્ત કરવામાં આવે છે. આ પ્રમાણે સંસારમાં ઉભયના વિયોગને મુક્તિ કહેવામાં આવે છે.'

આ પ્રમાણે મંદતર પણ સમ્યગ્‌જ્ઞાન આત્માની સંપૂર્ણ વિભૂતિના વિકાસમાં (મુક્તિમાં) પરંપરાથી કારણ થઇ શકે છે

ક્ષાયિક જ્ઞાન-કેવલજ્ઞાન-માં ભેદ હોતો નથી, તે એક જ પ્રકારનું હોય છે અને તે આત્માનો સંપૂર્ણ વિકાસ છે. આ જ્ઞાન સૂર્યના પ્રકાશ જેવું છે. સમીપમાં રહેલી તથા દૂર રહેલી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વસ્તુ માત્રને સંપૂર્ણ સર્વ અવયવ સહિત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે. આ દિવ્ય પ્રકાશ છે. દીપકોમાં અંધારાની તારતમ્યતા રહેલી હોય છે, પરંતુ આ પ્રકાશમાં લેશમાત્ર અંધારું હોતું નથી-આ પ્રકાશને જ આત્મસ્વરૂપ કહેવામાં આવે છે. અનંતા ભિન્ન ભિન્ન પ્રકારના દીપકો, અનંતા ગ્રહો, નક્ષત્રો, તારાઓ તથા અનંતા ચંદ્રોનો પ્રકાશ એકત્રિત કરવામાં આવે તો પણ તે પ્રકાશ સૂર્યનાં એક કિરણની તોલે આવી શકતો નથી, તેવી જ રીતે મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યાય આદિ અનેક પ્રકારના ક્ષાયોપશમિક જ્ઞાનોનો

સમુદાય ક્ષાયિક-કેવળ-જ્ઞાનના એક પર્યાયની બરોબરી કરી શકતો નથી.

ઝીણામાં ઝીણો કપડાનો પડદો આંખ આડો રાખી જોનારને તેટલું સ્પષ્ટ જોઇ શકાતું નથી, જેટલું પડદા વગરની સ્વચ્છ આંખોવાળા જોઈ શકે છે. ક્ષાયિક જ્ઞાનવાળાના આત્મપ્રદેશો પરથી જ્ઞાનાવરણનો પડદો સર્વથા ખસી ગએલો હોય છે, એટલે તેઓ વસ્તુ માત્રને સંપૂર્ણ તથા સ્પષ્ટપણે જાણી શકે છે. બહારની કોઇ પણ જડ વસ્તુ જાણવામાં હરકત કરી શકતી નથી. જેમ સ્વચ્છ અગ્નિ વસ્તુ માત્રમાં પ્રવેશ કરીને સ્વરૂપવત્ બનાવી શકે છે તેવી જ રીતે સ્વચ્છ જ્ઞાન પણ વસ્તુ માત્રમાં પ્રવેશ કરીને સ્વરૂપવત્ બનાવી તે સ્વરૂપે રહે છે. જ્ઞાન સ્વરૂપે તો સ્વદ્રવ્યમાં-આત્મામાં રહેલું છે, પરંતુ પરરૂપે પરદ્રવ્યમાં-જ્ઞેયમાં રહેલું છે. ઉષ્ણતા સ્વરૂપે તો પોતાનામાં-અંગારામાં અગ્નિ રહેલો છે, પરંતુ પરરૂપે અન્ય વસ્તુઓમાં રહી છે. જ્યારે અગ્નિનો પાણી આદિ વસ્તુઓથી વિયોગ થાય છે ત્યારે પાણી વિગેરેમાં રહેલી દાહકતા અગ્નિમાં રહી જાય છે. જ્યાં સુધી સંયોગ હોય છે ત્યાં સુધી પાણી પણ અગ્નિની જેમ શકય વસ્તુઓને થોડા ઘણા પ્રમાણમાં બાળી શકે છે, તેવી જ રીતે કોઇ પણ જ્ઞેય જ્ઞાનના સાથે જોડાય છે ત્યારે જ્ઞેયમાં જ્ઞાન રહેલું હોય છે, પણ જ્યારે જ્ઞેયથી છૂટું પડે છે ત્યારે આત્મામાં સ્થિર થાય છે. સંયોગ ઉભયમાં હોય છે અને વિયોગ મૂલ આધારમાં સ્થિર થાય છે. દાહકતા તથા જ્ઞાન તેમ જ બીજા પણ વસ્તુના ધર્મો સ્વરૂપે સ્વધર્મીમાં રહે છે અને પરરૂપે પરધર્મીમાં રહે છે. એટલા માટે જ જ્ઞાતા, જ્ઞેય તથા જ્ઞાનને કથંચિત્ અભિન્ન માનવામાં આવે છે. આ અભિન્નતાના અંગે જ જ્ઞાની, ધ્યાની, દાની આદિ શબ્દપ્રયોગોની સિદ્ધિ થાય છે.

જગતમાં જ્ઞાનીઓનો આત્મા ઉન્નત હોવાથી તેનો દરજ્જો પણ ઊંચો છે. સાચી સંપત્તિવાળો પણ તે જ કહેવાય છે. અતીન્દ્રિય જ્ઞાન અલ્પ હોય અને ઇન્દ્રિયજન્ય અધિક હોય તો પણ અતીન્દ્રિય જ્ઞાનવાળાને જ જનતા પૂજ્યબુદ્ધિથી પૂજે છે.

અતીન્દ્રિય જ્ઞાની જાણે છે તેટલું અભ્રાન્ત સાચું કહી શકે છે, અને ઇન્દ્રિયજન્ય જ્ઞાનવાળો ભ્રાન્તિવાળું અસંપૂર્ણ અને સત્યમિશ્રિત જાણી શકે છે, કહી શકે છે; કારણ કે અતીન્દ્રિય જ્ઞાન થોડું હોય તો પણ તે સ્વસંપત્તિ છે અને ઇન્દ્રિયજન્ય પારકી સંપત્તિ છે. જેમ કોઇ માણસ પાસે પોતાની થોડી પૂંજી હોય પણ કોઇનું માથા પર દેવું ન હોય તો તે માણસ સુખી, પ્રમાણિક, નિશ્ચિત તથા કીર્તિશાળી હોય છે, પછી તે ભલે ઝુંપડામાં રહીને સાદો ખોરાક તથા કપડાથી નિર્વાહ કેમ ન કરતો હોય; પરંતુ પારકું લાખોનું દેવું કરીને બંગલામાં મ્હાલતો હોય કે મોટરોમાં ફરતો હોય અથવા તો હંમેશાં મિષ્ટાન્નાદિ સુભક્ષ્ય અને સુવસ્ત્રોથી કેમ ન આનંદ કરતો હોય તો પણ નિશ્ચિત તથા પ્રમાણિક સ્વસંપત્તિવાળા જેટલો પરમ સુખી થઈ શકતો નથી. જ્યાં સુધી પારકા પૈસા છે ત્યાં સુધી મોજ માણે છે પણ જ્યારે પારકા પૈસા તણાઇ જાય છે ત્યારે ભીખ માગવી પડે છે અને ઘણી જ વિપત્તિઓ ભોગવવી પડે છે. સ્વસંપત્તિવાળાને જીવન પર્યંત આવો પ્રસંગ આવતો નથી, એવી જ રીતે પરોક્ષ ઇન્દ્રિયજન્ય જ્ઞાનવાળો ઇન્દ્રિયો કાયમ હોય ત્યાં સુધી બધું જાણી શકે છે, પણ ઇન્દ્રિયોનો અભાવ થયે જ્ઞાનશૂન્ય દશા ભોગવે છે. અને પ્રત્યક્ષ–અતીન્દ્રિય જ્ઞાનવાળાને તેમ હોતું નથી; કારણ કે આંખ આદિ ઇન્દ્રિયોના અભાવમાં પણ પોતાનું અતીન્દ્રિય જ્ઞાન હોવાથી પોતે સારી રીતે જાણી શકે

છે, પોતાનો નિર્વાહ કરી શકે છે. સમ્યગ્જ્ઞાનથી સમ્યગ્શ્રદ્ધ થાય છે અને સમ્યગ્શ્રદ્ધાથી સમ્યક ચારિત્ર–પરિણામ થાય છે, શુદ્ધ પરિણામથી આત્મા શુદ્ધ થાય છે, આત્મા શુદ્ધ થવાથી જૂનો કર્મ–મેલ ધોવાઇ જાય છે અને નવો મેલ લાગતો નથી, નવો મેલ ન લાગવાથી આત્મપ્રદેશો ઊજળા થાય છે અને આત્મા ચકચકિત બને છે. પછી આત્માનું તેજ–પ્રકાશ અખિલ વિશ્વમાં ફેલાઈ જાય છે જેથી કરી વસ્તુ માત્ર પ્રકાશિત થાય છે, જેને આત્મા પોતાના દિવ્ય જ્ઞાનરૂપી પ્રકાશથી સંપૂર્ણ-તયા સ્પષ્ટપણે જાણી શકે છે. જેમ રાત્રિના અંતે સૂર્યોદય થાય છે ત્યારે સૂર્યના પ્રકાશથી વસ્તુ માત્ર પ્રકાશિત થાય છે અને દરેક વસ્તુ સૂર્યના પ્રકાશથી દૃષ્ટિગોચર થાય છે તેવી જ રીતે દિવ્ય જ્ઞાનના પ્રકાશથી ત્રણે કાળની સંપૂર્ણ પર્યાય સહિત વસ્તુને આત્મા જાણી શકે છે, જોઈ શકે છે.

સર્વથા કર્મરજ રહિત આત્મપ્રદેશોનો પ્રકાશ કોઈ કાળે પણ ઝાંખો પડતો નથી, અજવાળામાં ન્યૂનાધિકતા થતી નથી. જેમ સૂર્યના સહસ્ર કિરણોમાં પ્રત્યેક કિરણ પ્રકાશવાળું હોય છે તેમ આત્માના અસંખ્ય પ્રદેશોમાં પ્રત્યેક પ્રદેશ જ્ઞાનના પ્રકાશ-વાળો હોય છે. દરેક પ્રકાશમાં અનંતું જ્ઞાન રહેલું છે. જેમ સૂર્યના પ્રત્યેક કિરણમાં પ્રકાશ રહેલો છે, છતાં બધાં કિરણો ભેગા મળીને પ્રકાશ કરે છે, પ્રત્યેક કિરણ છૂટું રહીને એકલું પ્રકાશ કરતું નથી તેવી જ રીતે આત્માના પ્રત્યેક પ્રદેશમાં જ્ઞાન રહેલું છે તો પણ તે એક એક પ્રદેશ ભિન્ન ભિન્ન રહીને જ્ઞાન કરતા નથી, સર્વ પ્રદેશ એકઠા મળીને જ જ્ઞાન કરે છે.

જાણુકાર બે પ્રકારના હોય છે: એક જાગતો અને બીજો ઊંઘતો. જ્ઞાની એ જાગતો જાણુકાર છે. બધા રસ્તાઓને જાણી

શકે છે, જોઈ શકે છે. સુગતિ તથા દુર્ગતિના માર્ગનો સારો ભોમિયો હોય છે. જ્ઞાની ભવાટવીમાં થઈને શિવપુર જતાં આપત્તિ-વાળા સ્થળોથી પોતાનો બચાવ કરી શકે છે. કષાયાદિ ચોર-ટાઓ તથા વિષયાદિ ઘાતકી જાનવરોથી પોતાના જ્ઞાનધનને તથા અપરિમિત જીવનને બચાવીને સંભાળપૂર્વક ઈષ્ટ ગતિએ લઈ જઈ શકે છે. આપત્તિ માત્રના ઉપાયોને સારી રીતે જાણતો હોવાથી જાગતો હોવાથી કદાચિત્ ચોરટાઓનો કે જાનવરોનો ભેટો થઈ જાય તો કુશળતાથી તેમને નિઃસત્ત્વ બનાવીને નિર્ભય બની શકે છે.

જ્ઞાની પોતાને સારી રીતે ઓળખી શકે છે તેમજ પરને પણ સારી રીતે ઓળખે છે. આ પ્રમાણે પોતાની તથા પારકી વસ્તુને પણ જાણતો હોવાથી રતિ–અરતિ, હર્ષ તથા શોકને વશ પડતો નથી જેથી કરી અંતમાં સર્વ કર્મોથી મુક્ત થઈને અપુનરાવૃત્તિ (મોક્ષ)સ્થાનને મેળવી શકે છે.

વાચક અને શ્રોતાને સૂચના.

(૧૫)

કોઇ પણ લખાણ–પછી તે લેખના રૂપમાં હોય, પુસ્તકના રૂપમાં હોય, પત્રના રૂપમાં હોય અથવા અન્ય કોઇ રૂપમાં હોય, તથા કોઇ પણ વક્તવ્ય ભાષણના રૂપમાં હોય, ઉપદેશના રૂપમાં હોય, વાતચીત કરવાના રૂપમાં હોય, અથવા અન્ય કોઇ રૂપમાં હોય, બન્ને વસ્તુઓ વિશ્વની અંદર મનુષ્યને વિચરવાના વિશાળ પથ છે.લખાણ તથા વક્તવ્યરૂપ વિશાળ પથના સખારૂપ નાના નાના અનેક પથો છે. મનુષ્યો પોતાની બુદ્ધિ તથા ઇચ્છાનુસાર સર્વ પથોમાં પ્રયાણ કરી રહ્યા છે. કોઇ પણ પથ મનુષ્ય–પ્રયાણથી શૂન્ય નથી. ભિન્ન ભિન્ન પથમાં પ્રયાણ કરનાર મનુષ્યો એકબીજા મનુષ્યોને પોતપોતાના પથમાં પ્રયાણ કરાવવા સતત પ્રયત્ન કરી રહ્યા છે. ઘણાખરા મનુષ્યોનો એવો મત છે કે જે પથમાં અધિક મનુષ્યો પ્રયાણ કરતા હોય તે પથમાં પ્રયાણ કરવું અત્યંત શ્રેયસ્કર છે. કેટલાક મનુષ્યો અશુદ્ધ પથથી જ્ઞાત હોવા છતાં પણ ઘણા મનુષ્યોથી જુદા પડવાના તથા કેટલીક આપત્તિઓના ભયથી શુદ્ધ

પથ તરફ દૃષ્ટિ સુધ્ધાં કરતા નથી. કોઇ કોઇ સત્તાવલંબી અસત્ય તથા અગ્રાહ્યને ત્યાજ્ય સમજી મનુષ્યોના અસત્ય આરોપો, નિંદાઓ તથા તિરસ્કારો તરફ કિંચિત્ માત્ર પણ લક્ષ આપતા નથી, અને સત્ય તથા ગ્રાહ્ય માર્ગનું અવલંબન લે છે. કેટલાક મનુષ્યો તો પરમાર્થ સમજ્યા વગર એકબીજાની દેખાદેખીથી બુદ્ધિનો ઉપયોગ કરતાં કંજુસાઇ ધારણ કરી, બીજાની સંમતિ ન ગ્રહણ કરી આંખો મીંચીને, કોઇ પણ પથમાં પ્રયાણ કરતા મનુષ્યની પાછળ પ્રયાણ કરવા આંચકો ખાતા નથી. દુનિયામાં જેટલા પ્રકારના લખાણો તથા ભાષણો છે તેટલા જ પ્રકારના પથો છે, અને તે પથો નિરંતર વહન થયા જ કરે છે. પથોમાં કેવલ ગમન જ થતું નથી પણ આગમન પણ થાય છે. આગમન કરતાં ગમન કરનાર નુકશાન વેઠી પાછા ફરનાર મનુષ્યો, પથમાં ગમન કરનારને, પહેલ પ્રથમ જનારને પથમાં પ્રયાણ કરવાથી થતા નુકશાન બતાવી તેઓને પાછા ફરવા પ્રેરણા કરે છે, તો તેઓ તેના કથનનો અનાદર કરી હસી કાઢે છે અને અનેક પ્રકારના દોષોથી દૂષિત કરે છે. જ્યારે તેઓ નુકશાનીના ખાડામાં ઉતરે છે ત્યારે પશ્ચાત્તાપપૂર્વક સઘળું નષ્ટ કરીને પાછા ફરે છે. લખાણો તથા ભાષણોથી અભિપ્રાયો જણાવવામાં તથા જાણવામાં આવે છે એ વાત સર્વથા સત્ય છે; પરંતુ અભિપ્રાયોથી વિરુદ્ધ કોઈ એક ખાસ કાર્યસિદ્ધિને માટે બોલવામાં કે લખવામાં અડચણ નડતી નથી, તેથી કરી અન્તરીય અભિપ્રાયોથી વિરુદ્ધ જાણવામાં કે જણાવવામાં કોઈ પણ પ્રકારનો બાધ આવતો નથી, અને જો એમ ન હોય તો આ લોકોક્તિ જે પ્રસિધ્ધિમાં આવી છે તે ન આવવી જોઈએ. પરન્તુ કોઈ ને કોઇ પ્રસંગને લઈને જ કહેવામાં આવ્યું છે કે:—

'પંડિત વૈદ્ય મસાલચી, તીનો એક સમાન;
ઔરોંકો ચાંદન કરે, આપ અંધેરે જાન.'

કોઈ પણ પ્રકારના લખાણો તથા વક્તવ્યમાં સત્યાંશ, અસત્યાંશ તથા અગ્રાહ્યતાંશ તો અવશ્ય રહે જ છે.

આ સર્વ એક એક વ્યક્તિગત જાણવું. સર્વ વ્યક્તિગત તો અસત્યાંશ તથા અગ્રાહ્યતાંશનો અસંભવ જ રહે છે, કારણ કે ભિન્ન ભિન્ન વ્યક્તિઓ ભિન્ન ભિન્ન સ્વભાવવાળી જ હોય છે, અને તેથી કરીને સમગ્ર લખાણ કે ભાષણમાંથી પોતપોતાના સ્વભાવાનુકૂળને ગ્રહણ કરે છે, માટે અગ્રાહ્ય તથા અસત્યાંશ રહેતો નથી, અને એક વ્યક્તિની અપેક્ષા અનુકૂળ અંશ ગ્રહણ કરતાં અવશિષ્ટ રહેલો પ્રતિકૂળ અંશ અગ્રાહ્ય તથા અસત્ય જ થઈ શકે છે, માટે કોઇ પણ લેખ અથવા ભાષણ એવું હોતું નથી કે જે સર્વાંશે એક વ્યક્તિને અનુકૂળ થઇ શકે. એક વ્યક્તિની અપેક્ષાથી લેખનો તથા વકતવ્યનો સર્વાંશ સત્ય તથા ગ્રાહ્ય થઇ શકે છે તો તે કેવળ લેખક તથા વક્તાના અંગે જ થઇ શકે છે. લેખક તથા વક્તા પોતાના તરફથી લખેલું તથા બોલેલું સર્વ સત્ય તથા ગ્રાહ્ય સમજે છે, અને એવી સમજણથી જ લખવામાં તથા બોલવામાં પ્રવૃત્ત થાય છે. પૂર્વોકત નિયમ કેવળ લખાણ કે ભાષણને જ લાગુ પડતો નથી, પરન્તુ વિશ્વસ્થ સઘળી વસ્તુઓ આ નિયમથી અધ્ધ થયેલી છે, જેમકે વનસ્પતિગત જુવાર, બાજરી, તુવેર ઇત્યાદિ અન્ન ઉત્પાદક વનસ્પતિઓમાં ગ્રાહ્ય અંશ તથા અગ્રાહ્ય અંશ રહેલો છે. મનુષ્યને માટે અન્ન ગ્રાહ્ય છે, બીજું અગ્રાહ્ય છે; પશુઓને માટે પાંદડાં આદિ ચારાની વસ્તુ ગ્રાહ્ય છે–આ જ પ્રમાણે દરેક વસ્તુઓમાં એક એક વ્યક્તિની અપેક્ષાથી ગ્રાહ્યતા તથા સત્યતા રહેલી છે. કોઈ

પણ લેખ તથા વક્તવ્ય એકને અરુચિકારક થાય તો સર્વને અરુચિકર થાય તેમ એકાન્ત નથી, પરંતુ એક જ લખાણ તથા એક જ વક્તવ્ય એકને અરુચિકર હોય છે તો બીજાને રુચિકર નીવડે છે. લખાણો તથા વક્તવ્યો ઉપર રુચિ તથા અરુચિ મનુષ્યોના આચાર, વિચાર, સંસ્કાર અને સંગત ઉપર આધાર રાખે છે. મનુષ્ય જેવા જેવા આચાર-વિચારથી સંસ્કારી થયેલો હોય, તથા જેવી જેવી સંગતથી સંગઠિત હોય તે લખાણો તથા વક્તવ્યોમાંથી તદનુકૂળ અંશને ગ્રહણ કરે છે. આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ કે હાસ્ય, કરુણ, રૌદ્ર, ભયાનક, શાન્ત, વીર, શૃંગાર, બિભત્સ અને અદ્‌ભુત-આ નવ રસયુક્ત નાટકના ખેલો જોવાવાળા પ્રેક્ષકો ભિન્ન ભિન્ન રસોને ગ્રહણ કરવાવાળા હોય છે. સર્વ પ્રેક્ષકોમાંથી કોઇને શૃંગારરસ પ્રિય હોય છે, તો કોઇને વીરરસ પ્રિય હોય છે, તો કોઈને કરુણરસ યા હાસ્યરસ પ્રિય હોય છે. મતલબ પૂર્વે કહ્યા પ્રમાણે આચાર, વિચાર તથા સંગતથી પડેલા સંસ્કારાનુસાર ખેલમાંથી ભિન્ન ભિન્ન અંશોને ગ્રહણ કરે છે. લખાણો તથા વક્તવ્યોની પણ આવી જ સ્થિતિ છે. કેટલાક અસત્યાંશ તથા અગ્રાહ્યતાંશને ગ્રહણ કરે છે. બુદ્ધિદ્વારા સ્પષ્ટ જ્ઞાન કર્યા છતાં પણ માનથી, ઇર્ષ્યાથી તથા દ્વેષથી ઘણાખરા મનુષ્યો અગ્રાહ્ય અંશને જ ગ્રહણ કરે છે, કેટલાક મનુષ્યો પોતાની વાત કાયમ રાખવાના કદાગ્રહથી, પછી તે વાત અસત્ય યા અગ્રાહ્ય કેમ ન હોય? પરંતુ લખાણ તથા વક્તવ્યમાંથી પોતાના કથનની સાધક વાતને જ ગ્રહણ કરે છે, માટે કોઇ પણ પ્રકારનું લખાણ કે વક્તવ્ય હોય તેને વાંચીને અથવા સાંભળીને બુદ્ધિની તુલના કર્યા વગર, પાંચ સાત લખાણો તથા વક્તવ્યોના વિચારો મેળવ્યા વગર અને ઊંચ વિચારવાળા શ્રેષ્ઠતમ સાક્ષરોની સમ્મતિ પ્રાપ્ત કર્યા

વગર એકદમ સહમત ન થવું જોઇએ, હૃદયમાં એકદમ સ્થાન ન આપવું જોઇએ, પ્રવૃત્તિમાં ન લાવવું જોઇએ. સર્વ પ્રકારના લખાણો તથા વક્તવ્યો વાંચવામાં કે સાંભળવામાં કશો ય બાધ નથી; કારણ કે ભિન્ન ભિન્ન પ્રકારના લખાણો તથા વક્તવ્યો વાંચ્યા વગર કે સાંભળ્યા વગર સત્યાંશ તથા ગ્રાહ્યતાંશનો નિર્ણય થઈ શકતો નથી. આપણને અનુભવસિદ્ધ વાત છે, નિરંતર પ્રત્યક્ષપણે જોઇએ છીએ કે વસ્તુ ખરીદ કરવાના ઇરાદાથી આપણે અથવા કોઈ પણ મનુષ્ય બજારમાં જાય છે તો પાંચ–સાત દુકાને ફર્યા વગર અથવા પાંચ–સાત વસ્તુઓની સરખામણી કર્યા વગર એકદમ ગ્રહણ કરતા નથી. સારી રીતે તપાસ કરીને, પરીક્ષા કરીને, અનુભવીને, પૂછીને પછી જ ગ્રહણ કરે છે. જ્યારે એક સાધારણ વસ્તુને માટે બુદ્ધિ તથા વિચારનો સારી રીતે ઉપયોગ કરવામાં આવે છે તો પછી જીવનના વ્યવસ્થાપક લેખો તથા વક્તવ્યો માટે કાંઈ પણ બુદ્ધિ તથા વિચારનો ઉપયોગ ન કરતાં તેને ગ્રહણ કરીને તન્મય બની જવું એ કેટલી મોટી ભૂલ છે? કેટલી બેપરવાઈ છે? કેટલું આળસ્ય છે? કેટલી ઉપેક્ષા છે?

નાટકો, નોવેલો તથા અન્ય કોઈ પણ વાર્તાના લેખકો પોતાના આચારવિચારાનુકૂળ કલ્પિત અથવા બનેલા વૃત્તાંતને વધારીને-અલંકૃત કરીને લખે છે. લખવામાં પોતાના આચારવિચારોની વાચકના હૃદયમાં સચોટ અસર કેમ થાય? તે બાબતમાં સાવધાન રહી રસયુક્ત વાક્યરચના કરે છે. કલ્પિત વાર્તાઓને એવી બનાવી લખે છે કે વાંચવાવાળાને કલ્પના કરવી પણ મુશ્કેલ થઈ પડે છે. જાણે લખેલી બીના સર્વથા સત્ય અને બનેલી ન હોય એવું ભાસે છે. પોતાના આચારવિચારાનુકૂળ કલ્પના કરવી હોય તો વિશ્વાંતર્ગત રહેલા ભાવો પદાર્થોથી કરી શકાય છે. વિશ્વમાં

સર્વ વૃત્તાંતો બનેલાં જ હોય છે. ભિન્ન ભિન્ન સમયમાં ભિન્ન ભિન્ન બનાવો બન્યે જાય છે માટે જે કલ્પના કરવામાં આવે છે તે સત્પદાર્થથી જ બનેલા વૃત્તાંતની કરવામાં આવે છે. અસત્ પદાર્થ તથા અસત્ બનાવો કલ્પનામાં આવી શકતા જ નથી. કોઈ પણ વાતામાં એવું વાંચવામાં તથા કોઇના મોઢે એવું સાંભળવામાં આવ્યું છે કે સસલાએ પોતાના શીંગડાવડે સિંહને માર્યો અથવા આકાશમાં ઉત્પન્ન થયેલા પુષ્પોના હારોથી સુશોભિત થયેલ વંધ્યાના પુત્રે પૂંછડાંવાળા તથા શીંગડાવાળા માણસો પાસે પાણી મંથન કરાવીને માખણ કરાવ્યું. કલ્પિત તથા બનેલી વાર્તાના લેખનું પૃથક્કરણ એટલા જ માટે કરવામાં આવે છે કે વાર્તા બનેલી પણ તે લખેલી, જોયેલી કે સાંભળેલી ન હોય, અને નામ, સ્થાન આદિ વસ્તુઓ અન્ય રૂપમાં હોય તેને પોતાના આચારવિચારાનુકૂળ બુદ્ધિદ્વારા જોડી દેવાથી કલ્પિત કહેવામાં આવે છે; અને જોયેલા તથા સાંભળેલા વૃત્તાંતને લખવાથી કલ્પિત નથી કહેવામાં આવતી. આ જ પ્રમાણે વક્તવ્યમાં પણ કલ્પિત તથા યથાર્થ વૃત્તાંત હોય છે. લખાણો તથા વક્તવ્યોમાં વાંચનારને તથા સાંભળનારને રુચિ તથા ભય ઉત્પન્ન કરવા રોચક તથા ભયાનક વચનો લખવામાં તથા બોલવામાં આવે છે, જે વચનો ઘણુંખરાં કલ્પિત હોય છે. આવાં વચનો મનુષ્યોને અવળે માર્ગેથી ઉતારી સીધે માર્ગે જોડવામાં ઘણા ઉપયોગી નીવડે છે. મતલબ કે મનુષ્યોની વૃત્તિઓને પોતપોતાના આચારવિચાર તરફ ગમન કરાવવાના હેતુથી લેખકો તથા વક્તાઓ સમયાનુકૂળ ઉપયોગી લખાણો તથા ભાષણોનો ઉપયોગ કરે છે. મનુષ્યોની પ્રિયતાનુસાર પોતાના વિચારોનું મિશ્રણ કરી લખે છે તથા બોલે છે. મનુષ્ય જ્યારે કોઈ પણ

લખાણ વાંચે છે તથા કોઈ પણ વક્તવ્ય સાંભળે છે ત્યારે તેને પોતાના ચિત્તની એકાગ્રતા કરવાની ખાસ આવશ્યકતા રહે છે, કારણ કે જ્યાં સુધી ચિત્તવૃત્તિ સમગ્ર કાર્યોથી નિવૃત્ત થઇને વાંચવામાં કે સાંભળવામાં સ્થિર થતી નથી ત્યાં સુધી લખાણ કે ભાષણનું રહસ્ય સમજાતું નથી; અને જ્યાં સુધી રહસ્ય ન સમજાય ત્યાં સુધી વાંચનારને તથા સાંભળનારને આનંદ આવતો નથી, તેમજ ગ્રાહ્યાગ્રાહ્યની સમજણ ન પડવાથી પ્રાપ્તિ-શૂન્ય રહી જાય છે. તે માટે વાચકોએ તથા શ્રોતાઓએ વાંચ-વામાં તથા સાંભળવામાં સંપૂર્ણ લક્ષ આપવું જોઇએ.

મનુષ્ય જેમ જેમ લેખને વાંચતો જાય છે તથા વક્તવ્યને સાંભળતો જાય છે તેમ તેમ તેનું માનસ–ચક્ર ઘણા જ વેગથી ભ્રમણ કરે છે, જેથી કરી વાંચેલું તથા સાંભળેલું સર્વ સ્મરણમાં રહેતું નથી. યદિ ચિત્તવૃત્તિની એકાગ્રતા હોય તો જ ઝડપથી સાંભળેલા તથા વાંચેલામાંથી કંઈક સ્મરણમાં રહી જાય છે. જે વિષયો આપણા અનુભવમાં આવી ગયેલા હોય, જે વિષયોનું જ્ઞાન આપણે સારી રીતે ધરાવતા હોઇએ તે વિષયો ગમે તેટલી ઝડપથી વાંચીએ કે સાંભળીએ તો પણ આપણા સ્મરણમાં રહી જાય છે. સ્મરણમાં રાખવાવાળી સમજણ છે. જે વિષય સારી રીતે સમજવામાં આવી જાય તે વિષય હમેશાં સ્મરણમાં રહે છે જ, માટે જ અનુભવેલા વિષયો સારી રીતે સમજાયેલા હોવાથી સ્મરણગ્રાહ્ય થતા નથી. આપણે જોઇએ છીએ કે જે વિષયથી આપણે સર્વથા અજ્ઞાત હોઇએ અને તેવો વિષય આપણા વાંચ-વામાં કે સાંભળવામાં આવે છે ત્યારે આપણને કંઈ પણ ખબર પડતી નથી, જરાયે સમજતા નથી અને તેમ થવાથી જ્યારે કોઇ પૂછે છે કે શું સાંભળ્યું ? શું વાંચ્યું ? ત્યારે આપણે તેઓને કશો

પણ ઉત્તર આપી શકતા નથી, તો પછી સ્મરણમાં રહેવું સર્વથા અશકય છે. મતલબ કે કોઈ પણ લખાણ કે ભાષણ જ્યાં સુધી સમજણમાં ન આવે ત્યાં સુધી સર્વ નકામું છે. વાંચીને મનન કરવાનું પણ સમજવાને માટે જ બતાવવામાં આવ્યું છે, માટે તમારે કોઈ પણ લખાણ તથા વાંચન તથા ભાષણ સાંભળીને કે વાંચીને તેનું રહસ્ય સમજવા ઉત્સુક રહેવું અને રહસ્ય સમજ્યા પછી ઉચિતાનુચિતનું પૃથક્કરણ કરીને ઉચિતને ગ્રહણ કરવું અને અનુચિતને ત્યાગવું. પરંતુ પૂર્વે કહ્યા પ્રમાણે ઉચિતની સારી રીતે પરીક્ષા કરવી. હૃદયમાં સ્થાન ત્યારે જ આપવું કે જ્યારે પરીક્ષામાં ઉચિત સિદ્ધ ઠરે. કેટલુંક અનુચિત હોય છે પણ ઉચિતની જેવું ભાસે છે. આપણા શુદ્ધ વિચારો અશુદ્ધ ભાસે છે, અનુચિત ભાસે છે જેથી કરી આપણે ઉચિતનો ત્યાગ કરી અનુચિત ગ્રહણ કરી લઇએ છીએ અને આમ થવાથી આપણે લાભને બદલે નુકશાન ઉઠાવીએ છીએ. એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે કોઇ પણ લખાણ તથા વક્તવ્ય વાંચતા કે સાંભળતાવેંત જ સંમત થવું ન જોઇએ, ગ્રહણ ન કરવું જોઇએ. જે વાત આપણે ન સમજતા હોઇએ તેને બરાબર સમજવી જોઇએ. અમુકને માન્ય છે તો મને પણ ગ્રાહ્ય છે, એવા નિર્ણય પર ન આવવું જોઇએ. જેટલી વાતો આપણી સમજેલી હોય અને જેનાથી આપણે કંઈક સારો લાભ મેળવ્યો હોય તેને સહમત થતાં કે ગ્રહણ કરતાં કાંઈ પણ વાંધો નથી, પણ અજ્ઞાત વિષયમાં તો પૂર્વે કહ્યા પ્રમાણે જ વર્તવું યોગ્ય જણાય છે. જે વિષયનો નિર્ણય કરી હૃદયમાં સારી રીતે ઠસાવેલ હોય, આપણી પૂર્ણ શ્રદ્ધાનું કેન્દ્રસ્થાન થઈ પડ્યો હોય તેને ખસેડતા પહેલાં સારી રીતે બુદ્ધિનો તથા વિચારનો ઉપયોગ કરવો.

સ્નેહ એ દુઃખનું મૂળ છે.

(૧૬)

સ્નેહની સાંકળથી સંકળાયલા જગતને સુખ કયાંથી હોઇ શકે ? સ્નેહ એટલે મારાપણાનું માન. આ માન સચેતન તથા અચેતનમાં પણ હોય છે. મારી માતા, મારો પિતા, મારી સ્ત્રી, મારો પુત્ર, મારો સ્નેહી–આ પ્રમાણે સચેતનમાં અને મારું ઘર, મારું ઘરેણું, મારું વસ્ત્ર, મારું ધન આદિ અચેતનમાં મમતા કરવી તે સ્નેહ કહેવાય છે. ફરક એટલો જ છે કે સચેતન વસ્તુમાં થએલી મમતા સ્નેહ–પ્રેમ તરીકે ઓળખાય છે, અને અચેતન વસ્તુની મમતા મોહ તરીકે ઓળખાય છે. સચેતન પ્રેમ બન્ને પક્ષમાં હોય છે અને એક પક્ષમાં પણ હોય છે. એક માણસ કોઇ બીજા માણસ અથવા પશુ ઉપર સ્નેહ કરે છે ત્યારે તેઓ તે સ્નેહ કરનાર ઉપર સ્નેહ રાખે છે, અથવા તો કોઈ કોઇ નથી પણ રાખતા; સ્નેહ રાખવાને બદલે ઊલટા હૃદયથી ધિક્કારે છે. અને અચેતન વસ્તુ તો મૂળથી જ નિર્જીવ હોવાથી રાગ રાખનાર ઉપર રાગ રાખી શકતી જ નથી.

એકબીજાને પ્રતિકૂળ વર્તન તથા વિચારવાળા બે સ્નેહીઓના જીવન કલેશ, બળતરા, ચિંતા તથા શોકથી નિરસ બનેલાં હોય છે. દાંભિક પ્રવૃત્તિથી દુઃખી હોય છે. એકને અણુગમતું બીજો કરે અથવા તો અંતર રાખે તો ઘણો જ ખેદ થાય છે, કારણ કે સ્નેહી માણસ તીવ્ર મોહથી જકડાએલો હોવાથી દાંભિક સ્નેહીને છોડી શકતો નથી એટલે તેને દુઃખ ભોગવવું જ પડે છે.

સ્નેહની ઓછાશને લઈને અથવા તો કોઇ પણ પ્રકારના સ્વાર્થના અંગે કહેવાતો સ્નેહી બીજાની સાથે સાચો અથવા કૃત્રિમ સ્નેહ કરે છે, અને સ્નેહીને અણુગમતી પ્રવૃત્તિ કરીને સ્નેહીથી છુપાવે છે કે જે બાબતની જાણ થતાં સ્નેહીને દુઃખી થવું પડે છે, અને તે નિરંતર શલ્યની જેમ સાલ્યા કરે છે.

બન્ને સ્નેહીઓમાં ગાઢ સ્નેહ હોય, એક બીજાને અંતઃકરણથી ચાહતા હોય, સ્નેહની માત્રા એક સરખી હોય, એક હૃદય હોવાથી લેશ માત્ર પણ અંતર ન રાખતા હોય, છતાં તેઓ પણ કોઈ દુઃખથી મુકત નથી. આવા સ્નેહીઓનો વિયોગ એક બીજાને ઘણું જ દુઃખ આપે છે. એકને થએલી આધિ–વ્યાધિ, આપત્તિ–વિપત્તિ બીજાને અત્યંત દુઃખ તથા શોક ઉત્પન્ન કરે છે. એક બીજાને સુખમય જીવન ગાળતા જોવાની આતુરતાવાળા હોવાથી નિરંતર ચિંતાવાળા રહે છે. કારણ પ્રસંગે બન્નેને જુદા રહેવાનો પ્રસંગ આવે તો બન્નેનાં દિલ અત્યંત દુભાય છે.

નિકટના સગાસંબંધીઓ સ્નેહથી જોડાય છે ત્યારે તો તેઓ ધાર્યા પ્રમાણે એક બીજાને મળી શકતા હોવાથી રોગ–શોકના પ્રસંગે નિરંતર નજીક રહેલા સ્નેહીઓ સ્નેહીની વેદના ન જોઇ શકવાથી હેરાન થાય છે, અને સગા તથા ન્યાતજાતના કોઈ

પણ પ્રકારના સંબંધ વગરના સ્નેહીઓ તો કવચિત્ કદાચિત્ જ મળી શકે છે અને ધાર્યા પ્રમાણે ન મળી શકતા હોવાથી નિરંતર દિલગીર રહ્યા કરે છે. કોઇક વખત રોગશોકાદિનું કારણ બની આવે ત્યારે પણ ઇચ્છા પ્રમાણે ન મળી શકવાથી ઘણા જ ખેદવાળા રહે છે.

સંસારમાં સ્વાર્થી, મૂર્ખ તથા બનાવટી સ્નેહીની માત્રા અધિકતર જોવામાં આવે છે કે જે નિઃસંશય સંસારને દુઃખનું જ કારણ છે. પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વાર્થોને લક્ષ્યમાં રાખીને મમત્વભાવ બતાવનારા, સ્વાર્થ ન સધાવાથી અથવા તો સ્વાર્થ પૂરો થવાથી આપત્તિ-વિપત્તિમાં પડેલા સ્નેહીની ઓળખાણ પણ રાખતા નથી. જેથી કરીને સાચા સ્નેહી તરીકે ઓળખનારનાં ચિત્તમાં પુષ્કળ કલેશ થાય છે; કારણ કે જીવનમાં કડવા યા મીઠા પ્રસંગે ભાગ પડાવવાની આશાથી જ એકબીજાની સાથે મોહ-મમતાથી વર્તવામાં આવે છે; પરંતુ માયાળુપણું બતાવવાના પ્રસંગે અતડા પડી જાય છે ત્યારે નિરાશાની સાથે દિલગીરી ભોગવવી જ પડે છે.

વસ્તુસ્થિતિને ન સમજનારા મૂર્ખ સ્નેહીઓનાં જીવનમાં કલેશ કે પરિતાપ સિવાય શાંતિ કે સુખ જેવું કાંઈ પણ હોતું નથી. ભવિષ્યના પરિણામથી અનભિજ્ઞ-મૂર્ખ સ્નેહીના કદાગ્રહથી કોઇ પણ પ્રવૃત્તિમાં ઉતરનાર ડાહ્યા સ્નેહીને ઘણું જ શોષવું પડે છે. સ્નેહીની પરિસ્થિતિ સમજ્યા સિવાય મનગમતી વસ્તુ મેળવવાના આગ્રહથી સ્નેહીને કફોડી સ્થિતિમાં લાવી મૂકે છે, જેથી કરીને જીવન પર્યંત કલેશના ભાગી થવું પડે છે.

મૂર્ખ સ્નેહીમાં ડહાપણનો અંશ પણ ન હોવાથી મૂર્ખાઇભર્યા કાર્યો કરીને પોતાની જાતને ખુવાર કરી નાખે છે, શારીરિક

તથા માનસિક ઉપાધિઓથી પોતાના જીવનને બરબાદ કરી નાખે છે, જેની અસરથી સ્નેહીને અનહદ દુઃખ થાય છે.

સ્નેહનો ડોળ કરનારા બનાવટી સ્નેહીઓના અંતઃકરણ સ્નેહભીનાં ન હોવાથી સ્નેહી માનનારને શાંતિ આપી શકતા નથી. એવા બનાવટી સ્નેહીઓ ઉપર વિશ્વાસ રાખી શકાતો નથી, છતાં સરળ સ્નેહી વિશ્વાસ રાખે તો છેવટે પશ્ચાત્તાપ કરવો પડે છે. બનાવટ વધુ વખત ટકી શકતી નથી. અંતમાં બનાવટનો રંગ ઊડી જાય છે અને સ્નેહીને હતાશ થવું પડે છે.

એકનિષ્ઠ સાચો સ્નેહ કરનારા સંસારમાં બહુ જ ઓછા હોય છે. આવા સાચા સ્નેહીઓ સ્નેહભીના હૃદયવાળા, એકનિષ્ઠ સ્નેહવાળા, વિશ્વાસનું પૂર્ણ પાત્ર અને સરળ તથા અભિન્ન હૃદયથી ચાહવાવાળા હોવાથી તેમને કલ્યાણ, સુખી જીવન, અભ્યુદય, સદ્‌વર્તન આદિ ઇચ્છાઓથી હમેશાં ચિંતિત રહેવું પડે છે અને વિયોગથી ભયભીત રહેવું પડે છે. એકનિષ્ઠા વગરના અસ્થિર સ્નેહવાળા સ્નેહીઓ ચંચળ વૃત્તિવાળા હોવાથી એક છોડી બીજે અને બીજે છોડી ત્રીજે સ્થળે સ્નેહની જોડતોડ કરવાથી સ્નેહીને અત્યંત દુઃખ આપવાવાળા થાય છે. જ્યાં એકનિષ્ઠા નથી હોતી ત્યાં સ્નેહની માત્રા પણ ઘણી ઓછી હોય છે, અને તે સ્નેહીની લાગણીઓને અત્યંત દુભાવવાવાળી હોય છે.

આ પ્રમાણે મનુષ્યજાતિનો પરસ્પર સ્નેહ, તે પછી એકપક્ષી હોય કે ઉભયપક્ષી હોય, સાચો હોય કે બનાવટી હોય, એકનિષ્ઠ હોય કે અનેકનિષ્ઠ હોય, એકંદર બધા જ પ્રકારનો સ્નેહ દુઃખદાયી જ છે. માટે સુખ મેળવવાની ઇચ્છાવાળા મનુષ્યોએ તો સ્નેહ કરતાં પહેલાં પરિણામને સારી રીતે વિચારી લેવું જોઇએ.

સંસારમાં માણસો માતા, પિતા, સ્ત્રી, પુત્ર, ભાઈ, બહેન, આદિના સંબંધથી જોડાએલા હોવાથી અમુક પ્રકારના વ્યવહારના અંગે તેમની સેવા કરવી, સહાનુભૂતિ બતાવવી, તેમના સુખદુઃખમાં ભાગ લેવો ઇત્યાદિ બાબતોમાં પોતાની ફરજ બજાવતાં પ્રેમ કે રાગને સ્થાન આપવું પડે છે અને તે પણ પરિણામે દુઃખદાયી નિવડે છે; છતાં સંસારના બંધનોમાંથી ન છૂટનારને ફરજિયાતપણે તે ભોગવવું પડે છે. જેમને આ દુઃખ અસહ્ય થઈ પડે છે તેઓ તો સંસારના બંધનોમાંથી મુક્ત થઇ જાય છે.

ગુણાનુરાગ પણ એક પ્રકારનો રાગ છે અને તે પણ દુઃખના પરિણામવાળો છે, છતાં કાંઇક આત્મકલ્યાણ કરવાવાળો હોવાથી તે ગ્રાહ્ય છે. વિકાસી મહાપુરુષોના આત્મિક ગુણોનો અનુરાગ તો પરિણામે દુઃખદ હોવા છતાં પણ આત્મિક ગુણો પ્રગટ કરવામાં અદ્વિતીય સહાયક છે માટે ગ્રાહ્ય જ છે. અને પરોપકાર, સજ્જનતા આદિ ગુણોનો અનુરાગ પણ કાંઈક સ્વાર્થગર્ભિત તથા દુઃખદ હોવા છતાં પણ માણસોમાં અવગુણોને પ્રવેશ કરતાં અટકાવે છે, માટે તે પણ કેટલેક અંશે ગ્રાહ્ય છે.

ધન, હાટ, હવેલી, વસ્ત્ર, ઘરેણાં આદિ અચેતન વસ્તુઓનો મોહ માણસોને નિરંતર દુઃખદાયી નિવડે છે; કારણ કે જડ વસ્તુઓ ક્ષણિક હોય છે અને તે ક્ષણે ક્ષણે બદલાતી રહે છે, માટે આવી વસ્તુઓનો મોહ તો દરેક ક્ષણે દુઃખ ઉત્પન્ન કરે છે. માણસો સુખના હેતુથી જડ વસ્તુઓ ઉપર મમતા રાખે છે, પરંતુ તે જડ વસ્તુઓ સડી જવું, પડી જવું, બદલાઇ જવું આદિ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તતી હોવાથી સુખના બદલે દુઃખ જ આપે છે; માટે જડ વસ્તુઓ ઉપરનો મોહ દુઃખદાયી હોવાથી સર્વથા ત્યાજ્ય છે.

આ પ્રમાણે વિચાર કરતાં સચેતન હો કે અચેતન હો, સંસારમાં કોઈ પણ વસ્તુ ઉપર કરેલો રાગ, મોહ, પ્રેમ કે સ્નેહ એકંદર દુઃખદાયી હોવાથી આત્માર્થી વિકાસી પુરુષોએ ત્યાગવો જોઇએ. જે પુરુષોએ સ્નેહને છોડ્યો છે તેઓ જ સાચા સુખના ભાગી બન્યા છે; બાકી તો આખું ય જગત સ્નેહને લઇને દુઃખી થઇ રહ્યું છે.

જગતની ભિન્ન ભિન્ન પ્રિયતા.

(૧૪)

ભિન્નરુચિ જગતની ભિન્ન ભિન્ન પ્રિયતા.

જગત ભિન્ન ભિન્ન રુચિવાળું છે. જેને જે ગમે છે તેની ચાહના તેને રહ્યા કરે છે. કોઇને ક્ષમા, દયા, સરળતા, સત્ય આદિ ગુણો ગમે છે તો કોઇને સુંદર આકૃતિ તથા રૂપ ગમે છે. કોઇને બુધ્ધિ, ડહાપણ તથા ચતુરાઈ ગમે છે તો કોઇને સુંદર વિચારો તથા સુંદર વર્તન ગમે છે. કોઇને ધર્મભાવના તથા ધર્મપ્રવૃત્તિ ગમે છે તો કોઇને મોટાઈ અને ખ્યાતિ ગમે છે. કોઇને ધન ગમે છે તો કોઇને વય ગમે છે. તાત્પર્ય કે જેની પાસે જે વસ્તુ હોય છે તે વસ્તુની રુચિવાળા તે વ્યક્તિના ઉપાસક બને છે.

સંસાર એક પ્રકારનો બજાર છે અને તેમાં જેને જે જોઇએ તે મળી શકે છે. માણસો જેમ બજારમાંથી કિંમત આપીને જોઈતી વસ્તુઓ મેળવી શકે છે તેવી જ રીતે સંસારમાં પણ મોં-માંગ્યું મૂલ્ય આપીને માનવી મનગમતી વસ્તુ મેળવી શકે છે.

માણસને એક વખત મનગમતી વસ્તુ કોઈની પાસે જણાવી

જોઇએ, પછી તો પૂછવું જ શું ? તન, મન, ધન અને સર્વસ્વ અર્પણ કરીને પણ તેની ચાહના મેળવી તેની સેવા સ્વીકારે છે, અને તેનો પ્રેમ અવિચળ રાખવાને પોતાના પ્રત્યેના પ્રતિકૂળ વર્તનને પણ આવકાર આપે છે. જેને જે વસ્તુઓ ગમે છે તે વસ્તુ મેળવવાની ઇચ્છાથી તેના માલીકનું મન આકર્ષણ કરીને, તેનો પોતાના પ્રત્યે પ્રેમ જગાડીને, તેને પોતાને સ્વાધીન કરવા તેની મનગમતી વસ્તુ પોતાનામાં ન હોવા છતાં પણ તેનો બહારથી ડોળ ધારણ કરે છે.

ક્ષમા, સરળતા, નમ્રતા, સમતા આદિ જેને ગમે છે તેઓ ક્ષમા આદિના ધારક માણસોને ચાહે છે અને તેમના ઉપર રાગ રાખીને મનમાં સંતોષ માને છે. તન, મન, ધનથી તેની સેવા કરે છે; તેમજ ક્ષમા વિગેરે મેળવવા પ્રયાસ પણ કરે છે. આવી રુચિવાળી વ્યક્તિઓનો રાગ પ્રશસ્ત હોય છે અને તેઓ પોતાના આત્માનો વિકાસ સાધી શકે છે.

ક્ષમા આદિ આત્માના ગુણો છે અને તેની રુચિવાળા જીવો ઉત્તમ કોટીના કહેવાય છે. આવા માણસો નિઃસ્પૃહી, આત્મિક ગુણસંપન્ન વ્યક્તિઓના ઉપાસક હોય છે. ઓછી જરૂરિયાતવાળા અને પોતાના ઉપાસકોનું કલ્યાણ ઇચ્છવાવાળા ઉત્તમ પુરુષોને પણ આત્મિક ગુણ મેળવવાની રુચિવાળા જીવો ગમતા હોવાથી તેઓ પણ તેમને ચાહે છે.

બુદ્ધિ, ડહાપણ અને ચતુરાઈની રુચિવાળાને બુદ્ધિશાળી, ડાહી અને ચતુર વ્યક્તિઓ ગમતી હોવાથી તેમની મનોવૃત્તિઓ તેમના તરફ વળેલી હોય છે, પરંતુ બુદ્ધિ, ડહાપણ અને ચતુરાઈ તો કોઇક જ શીખે છે; બાકી ઘણાખરા તો કાવાદાવા, વાકપટુતા અને કામ કરવાની પદ્ધતિથી આકર્ષાય છે.

આવાઓના સંસર્ગમાં રહેવામાં પોતાના મનમાં આનંદ અને સંતોષ માને છે, અને તેમની ઇચ્છા પ્રમાણે વર્તીને તેમનો પ્રેમ ટકાવી રાખે છે.

મોટાઈ, કીર્તિ તથા પ્રસિદ્ધિને પસંદ કરનારા મોટા કીર્તિવાળા તથા જનતામાં પ્રસિદ્ધિ પામેલાને ચાહે છે. પછી તે મોટાઈ, કીર્તિ અને પ્રસિદ્ધિ જનતાને પસંદ પડે તેવો બોલવાનો અને વર્તવાનો ડોળ કરીને મેળવેલ હોય તેનું તેઓ કાંઈ પણ ધ્યાન રાખતા નથી; પણ બહારથી મોટાઈ આદિ જોઈને તેમના ઉપાસક બની જાય છે.

રૂપ, આકૃતિ તથા સુંદરતા અને ધનની ચાહનાવાળા મનગમતાં રૂપ આદિ જેની પાસે હોય છે તેના પ્રતિ અદ્વિતીય પ્રેમ જાહેર કરીને રૂપ આદિ વસ્તુઓનો ઉપયોગ કરવા હમેશાં આતુર રહે છે. ધન મેળવવા ધનવાનને તન, મન અર્પણ કરીને તેના દાસ બની જાય છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન રુચિવાળી વ્યક્તિઓ પોતપોતાની રુચિ પ્રમાણે માણસો પ્રત્યે વલણવાણી હોવાથી એક માણસ પ્રત્યે બધા માણસોનો પ્રેમ હોઈ શકતો નથી. જેને જે માણસ ગમતું હોય તે માણસને પોતાનું પ્રેમી બનાવવા તેના વિચાર તથા વર્તનના અનુસાર વર્તીને તેની રુચિને માન આપે છે અને તેના જીવનમાં પોતાના જીવનને ઓતપ્રોત બનાવવા પ્રયાસ કરે છે.

સદ્‌ગુણ તથા સદ્‌વર્તનની ચાહનાવાળાનો પૂજ્ય પ્રેમ હોવાથી તેઓ નિરંતર સદ્‌ગુણીના રાગી હોઈને નિરંતર તેમની શુદ્ધ અંતઃકરણથી સેવા કરે છે. પોતાના આત્મામાં સદ્‌ગુણોનો

વિકાસ કરવા તેમના માર્ગને અનુસરે છે. આવી રુચિવાળા માણસોની મનોવૃત્તિમાં કોઈ પણ પ્રકારના સ્વાર્થનો અંશ હોતો નથી તેથી તેઓનો પૂજ્ય પ્રેમ અખંડ અને જીવનપર્યંત ટકવાવાળો હોય છે. દુર્ગુણી તથા દુરાચારીના પ્રત્યે એમની મનોવૃત્તિઓ વળતી નથી, તેમના પ્રત્યે ઉપેક્ષા રહ્યા કરે છે. જેઓ શાંતિના ઉપાસક છે, તેઓ શાંત આત્માઓની શોધમાં ફરે છે અને તેમને મેળવીને પરમ સંતોષ માને છે, તેમની પૂર્ણ પ્રેમથી સેવા કરીને પરમ આનંદ અનુભવે છે. વિવિધ તાપને શાંત કરવા તેમની સંગત છોડતા નથી અને તેમની નિરંતરની સોબતથી સુખે જીવાય તેવું શાંતિમય જીવન બનાવે છે.

કેટલાક સંગીતના પ્રેમી હોય છે, તેમને ગવૈયાઓ બહુ ગમે છે. પુષ્કળ ધનવ્યય કરીને પણ ગવૈયાઓને તે પોષે છે, મનગમતું વર્તન કરીને પણ ખુશી રાખે છે, પોતાનું જીવન બરબાદ થઈ જવાની પણ તેઓ પરવા રાખતા નથી. પોતે સંગીત શીખે અથવા ન શીખે પરંતુ તેમની સંગીતની રુચિ જ ગવૈયાના પ્રેમને છોડવા દેતી નથી.

ધર્મની રુચિવાળાનો ધાર્મિક માણસો ઉપર રાગ હોય છે અને તેમની સોબતમાં રહેવાને હમેશાં ઉત્સુક રહે છે. ધર્મી માણસોને જોઇને બહુ જ રાજી થાય છે. પોતે જેવા પ્રકારનો ધર્મ માનતો હોય તેવા પ્રકારના જ ધર્મી હોવા જોઇએ; કારણ કે ધર્મની માન્યતાઓ ઘણા પ્રકારની છે. આત્મિક ધર્મની રુચિવાળાને આધ્યાત્મિક પુરુષો બહુ ગમે છે અને પૌદ્ગલિક ધર્મની રુચિવાળાને આંખને અને કાનને ગમે તેવી ધર્મની બાહ્ય પ્રવૃત્તિવાળા પુરુષો ગમે છે. આવા માણસોને ધામધૂમ તથા ધમાલ બહુ જ પસંદ પડે છે. જ્યાં જ્યાં જનસમૂહ એકત્રિત થઇને ધર્મની બાહ્ય પ્રવૃત્તિઓ

કરી રહ્યો હોય–પછી તે વ્યવસ્થિત હો કે અવ્યસ્થિત હો, સવિધિ હોય કે અવિધિ હોય–ત્યાં ત્યાં આ જીવો રસપૂર્વક ભાગ લેવાના જ અને પોતાને કૃતકૃત્ય માનવાના જ.

ડોળ તથા આડંબરને પસંદ કરનારાઓ ડોળી તથા આડંબરીને અત્યંત ચાહતા હોવાથી તેમની તરફ તેમનું આકર્ષણ વધારે રહે છે. આવા જીવોને આત્માર્થી સાચા સંતપુરુષો ગમતા નથી, એટલા માટે તેમના સહવાસમાં તેઓ આવતા નથી; જેથી કરીને સાચી સુખ–શાંતિ મેળવવાથી વંચિત રહી જાય છે. ડોળી માણસો તુચ્છ સ્વાર્થવાળા હોવાથી પોતે વિરુદ્ધ હોવા છતાં પણ બીજાને ગમતા વિચારો તથા વર્તનનો ડોળ કરીને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધે છે. આવી પ્રવૃત્તિ જાણવા છતાં પણ ડોળીને ચાહવાવાળા તેની ઉપાસના છોડતા નથી.

આ પ્રમાણે સંસારમાં ભિન્નભિન્ન રુચિવાળા જીવોને ચાર કોટીમાં મૂકી શકાય. સર્વથી ઉચ્ચ કોટીના જીવો આત્મવિકાસની ચાહનાવાળા હોય છે. આ પુરુષો ઉત્તમ આત્મવિકાસી મહાપુરુષોના અનુરાગી હોય છે. એમનો પ્રેમ અત્યંત શુદ્ધ, અખંડ અને પ્રતિદિન વૃધ્ધિવાળો હોય છે. એમની દરેક પ્રવૃત્તિ શુદ્ધ હોય છે, માટે જ આત્મવિકાસી પુરુષોના જીવનમાં એમનું જીવન ઓતપ્રોત થઇ ગયેલું હોય છે.

બીજી કોટીના સદ્‌ગુણ તથા સદ્‌વર્તનના રાગી સદ્‌ગુણીને ચાહવાવાળા. તેઓ પછી સદ્‌ગુણ મેળવે અથવા ન મેળવે પરંતુ નિરંતર તેમના પ્રત્યે પ્રીતિ રાખી તેમની પોતાના પ્રત્યે પ્રીતિ બનાવી રાખવા ઉત્સુક રહે છે.

ત્રીજી કોટીના ચતુરાઇ, ડહાપણ, બુદ્ધિમત્તા, વિદ્વત્તા

આદિને ધારણ કરવાવાળાઓને જોઈને આનંદ માને છે અને પોતાનું સર્વસ્વ અર્પણ કરીને સેવા કરે છે. ચતુરાઈ આદિ મેળવવાની ઇચ્છાથી ચાહતા નથી, પણ તેમની પ્રકૃતિઓને આવી વસ્તુઓ ગમતી હોવાથી કુદરતી રીતે તેમના પ્રેમી હોય છે.

ચોથી કોટીના જીવો રૂપ, વય, ધન, સુંદરતા આદિના ઉપભોગની ઇચ્છાવાળા હોવાથી રૂપ આદિ વસ્તુઓ જેની પાસે હોય છે તેમની પ્રીતિ મેળવવા સતત પ્રયાસવાળા રહે છે. તેમનું મન પ્રસન્ન રાખવા તેમને મનગમતી ચેષ્ટાઓ કરે છે. તેમનાં કડવાં અને કઠોર વચનો મીઠાં અને કોમળ માની આનંદ અનુભવે છે. પ્રતિકૂળ વર્તનને પણ અનુકૂળ બનાવીને તેમના પ્રેમને ઝાંખો પડવા દેતા નથી; કારણ રૂપ આદિ ભોગની તીવ્ર રુચિવાળા હોવાથી બીજી રુચિવાળા કરતાં વધારે પ્રેમ રાખવાવાળા હોય છે, પરંતુ આવા જીવો સ્વાર્થી હોવાથી રૂપ તથા ધનની ઓછાશ થવાથી કે સર્વનાશ થવાથી તેમનો પ્રેમ તથા ચાહના નષ્ટ થઈ જાય છે. દેખાવમાં સૌ કરતાં વધારે ચઢિયાતો પ્રેમ હોય પરંતુ પરિણામે પતંગના રંગની જેમ ઊડી જાય છે.

આવી રીતે જુદી દિશામાં પ્રયાણ કરી રહેલું જગત એક જણની દિશામાં દોરવાતું નથી. અને રુચિ સહિત કોઈ એક દિશામાં પ્રયાણ કરનાર ભિન્ન દિશામાં પ્રયાણ કરનારને તેની રુચિ કાયમ રાખીને પોતાની દિશામાં દોરવા ઇચ્છતો નથી. પોતાની દિશામાં દોરનાર પ્રથમ સમાન રૂપી બનાવવા પ્રયાસ કરે છે અને ત્યાર પછી જ તેને ચાહે છે, માટે આવા ભિન્નરુચિ જગતમાં કોઈ પ્રેમ જોડે અથવા તોડે, કોઈ ચાહે અથવા ન ચાહે તો તેના માટે કોઈને પણ હર્ષશોક કરવા જેવું નથી.

વિકાસના બાધક કોણ ?

(૧૮)

વિલાસ અને વિલાસી વિકાસના બાધક છે.

જેમ હીરા ઉપર ચોંટેલો કચરો સાફ કરવાથી તેનું તેજ પ્રકાશે છે તેમ આત્મા ઉપર ચોંટેલો કર્મનો કચરો દૂર કરવાથી આત્માના જ્ઞાનસ્વરૂપનો વિકાસ થાય છે.

આત્મા ઉપરથી કર્મનો કચરો કાઢનાર વિકાસી પુરુષો કચરો કાઢવાને જેટલા સાવધાન રહે છે તેના કરતાં આત્મા ઉપર નવો કચરો ન ચડવા દેવાને વધારે સાવધાન રહે છે. નવો કચરો ઉત્પન્ન કરનાર વિલાસ તથા વિલાસી કચરો ઉત્પન્ન કરે છે; એટલું જ નહિં પણ કચરો કાઢતા આડાં આવી વિઘ્નો ઉપસ્થિત કરે છે.

પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયોને ભોગવીને મનમાં આનંદ માનવો તે વિલાસ છે. જો કે વિષયોમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા હોતી નથી, પરંતુ આત્મા અનાદિ કાળથી પુદ્ગલાનંદીપણાના સંસ્કારોને લઇને તથા રાગ-દ્વેષની પરિણતિને લઇને આંખથી

વર્ણ, કાનથી શબ્દ, નાકથી ગંધ, જીભથી રસ અને શરીરથી સ્પર્શને ગ્રહણ કરીને મધ્યસ્થ ભાવ, હર્ષ અને શોક એમ ત્રણ અવસ્થાઓ અનુભવે છે.

આત્માને ઉદાસીનતા તથા શોકનો અનુભવ કરવા છતાં પણ મનમાં આનંદ ઉત્પન્ન થવાથી વિલાસ કહેવાતો નથી, કારણ કે ઇન્દ્રિયોને ન ગમે તેવા વિષયોનો સંસર્ગ થવાથી અધિષ્ઠાતા આત્મા તેવા વિષયોને પ્રતિકૂળ માને છે અને તેથી કરીને શોકગ્રસ્ત થાય છે અને પ્રતિકૂળ સંયોગની નિરંતરની ચિંતાથી દુઃખી રહે છે; માટે જ પ્રતિકૂળ વિષયોનો ઉપભોગ એ વિલાસ નથી.

જે વિષયોનો સંસર્ગ થવાથી રાગ-દ્વેષની પરિણતિ થતી નથી, અને જેને લઇને અનુકૂળતા તથા પ્રતિકૂળતાને અવકાશ ન મળવાથી હર્ષ, શોક પણ ઉત્પન્ન થતો નથી તે મધ્યસ્થભાવ કહેવાય છે. આ ભાવમાં પણ આનંદ, હર્ષ, ખુશીને સ્થાન મળતું નથી; માટે મધ્યસ્થભાવની વૃત્તિઓ પણ વિલાસ કહેવાય નહિં.

સંસારની કેટલીક પૌદ્ગલિક વસ્તુઓમાં પણ જીવોનો સમભાવ રહે છે. બધી વસ્તુમાં વિષમભાવ રહેતો નથી. જે વસ્તુઓ બીનઉપયોગી તથા લાભ કે હાનિ કરવાવાળી હોતી નથી તેવી વસ્તુઓમાં રાગ-દ્વેષ કરવાનો પ્રસંગ ઓછા બને છે.

ધાર્મિક વાચનથી કે ધાર્મિક ઉપદેશ શ્રવણ કરવાથી તેમજ સ્પર્શ બોધવડે વસ્તુસ્થિતિની વિચારણા કરવાથી પણ રાગ-દ્વેષને અવકાશ મળતો નથી અને સમભાવે પૌદ્ગલિક વસ્તુઓનો ઉપભોગ કરે છે, જેથી કરીને મધ્યસ્થભાવે રહેવાથી વિલાસીની પંક્તિમાં ભળી શકતા નથી.

મનગમતા વિષયોમાં જીવોને ઘણી જ અનુકૂળતા રહેવાથી

અત્યંત આનંદ અનુભવે છે. અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ ભોગવવામાં સુખીપણાની માન્યતાથી આત્મિક સુખ ભૂલી જઇને પૌદ્ગલિક સુખમાં જ મગ્ન રહે છે; એટલા માટે જ એને વિલાસ કહેવામાં આવે છે.

વિકાસ અને વિલાસની ભિન્ન ભિન્ન દિશાઓ છે, કારણ કે વિલાસના અભાવથી વિકાસ થાય છે. જ્યાં સુધી વિલાસની હયાતી હોય છે ત્યાં સુધી વિકાસનું એક પણ કિરણ ફૂટતું નથી. વિકાસ કેવળ આત્મસ્વરૂપ છે અને તે અવિનાશી છે જ્યારે વિલાસ પરપૌદ્ગલિક સંયોગથી ઉત્પન્ન થનારો અને વિભાવ સ્વરૂપવાળો હોવાથી વિનાશી છે. વિલાસ, નથી આત્મસ્વરૂપ કે નથી પુદ્ગલસ્વરૂપ, પરંતુ આત્મા તથા પુદ્ગલના સંયોગથી ઉત્પન્ન થનારું અનિશ્ચિત સ્વરૂપ છે, માટે જ વિનાશી છે. વિકાસ આત્મસ્વરૂપ હોવાથી નિશ્ચિત સ્વરૂપ છે અને તેથી જ અવિનાશી છે.

વિકાસ સાધનાર આત્માઓએ વિલાસથી સર્વથા વેગળા રહેવાની જરૂરત છે, કારણ કે વિલાસ, વિકાસ માટે તદ્દન બીનઉપયોગી છે. વિલાસ વિકાસને અટકાવે છે એટલું જ નહિ પણ આત્મસ્વરૂપનો વિનાશ કરે છે. વિલાસથી પુન્યનું ફળ ભોગવાય છે પણ પુણ્યકર્મ બંધાતું નથી. તો પછી વિકાસની તો વાત જ કયાં રહી ? જ્ઞાની પુરુષો સમભાવે પુન્યનું ફળ ભોગવે છે ખરા પણ તે વિલાસ કહેવાતો નથી, કારણ કે જ્ઞાનીઓને વસ્તુસ્થિતિનું જ્ઞાન હોવાથી પૌદ્ગલિક વસ્તુઓમાં આસક્તિભાવ હોતો નથી, તેમજ ક્ષણવિનશ્વરરૂપ એક જ સ્વભાવવાળા પુદ્ગલોમાં અનુકૂળતા પ્રતિકૂળતારૂપ ભિન્નતા અનુભવતા નથી અને તેથી કરીને પુદ્ગલોમાં સારા–નરસાપણાની ભાવના ન હોવાથી

અજ્ઞાનતાથી માની લીધેલા આનંદના અભાવે વિલાસનો પણ અભાવ હોય છે. કર્મના આવરણને ખસેડીને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવારૂપ વિકાસની વાટે વળેલાં મહાપુરુષો વિલાસને કર્મનો પોષક માનીને તેનો આદર કરતા નથી તેમજ અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓની ઇચ્છાથી રહિત હોય છે. આડકતરી રીતે પણ વિષયોનો ઉપયોગ કરતા નથી. વિકાસના કાર્યમાં દેહને સાધનરૂપ માનીને તેને ટકાવી રાખવા પૂરતો જ પૌદ્ગલિક વસ્તુઓનો ઉપયોગ કરે છે. કેવળ આત્મવિકાસની ભાવનાથી ઉપયોગ પૂરતી જ પૌદ્ગલિક વસ્તુઓ અનાસક્તિભાવે વાપરે છે, પણ ક્ષુદ્ર કામનાઓ સંતોષવા આસક્તિભાવે ઉપભોગ તરીકે વાપરતા નથી. તાત્પર્ય કે અંતરાત્મદશાને પ્રાપ્ત થયેલા મહાપુરુષોની ભાવનામાં વિલાસનો અંશ પણ હોતો નથી, કારણ કે તેઓ જાણે છે કે વિલાસ અને વિકાસ બન્ને પરસ્પર અત્યંત વિરોધી છે માટે વિલાસથી વિકાસ સાધી શકાતો નથી.

વિલાસને ઉદ્દેશી બનાવવામાં આવેલાં મનગમતાં ચિત્તને પસંદ કરનારા, આંખને આનંદ આપનારા, ઉપભોગની આકાંક્ષાને જગાડનારા, વિષયભાવને વધારનારા, આસક્તિને ઉછેરનારા અને બહિરાત્મદશાની દિશામાં ખેંચી જનારા સુંદર સુંદર મકાનો, વસ્ત્રો, ખોરાક તેમજ બીજા પણ જડના વિકારો વિકાસી આત્માને વિષ જેવા છે.

જ્યાં સુધી પૌદ્ગલિક વસ્તુઓમાં આનંદ, સુખ તથા સગવડતાની ખાતર ઉપયોગીપણું જણાતું હોય ત્યાં સુધી વિકાસને માટે અનધિકારીપણું કહી શકાય, કારણ કે વિકાસદૃષ્ટિ બન્યા સિવાય વિકાસ સાધી શકતો નથી, પૌદ્ગલિક વસ્તુઓમાં રોચકપણું તે વિલાસદૃષ્ટિનું પરિણામ છે. આવી વિલાસદૃષ્ટિથી આત્મા

ઉપર રહેલાં કર્મનાં આવરણો ખસી શકતાં નથી એટલે આત્માનો વિકાસ થઈ શકતો નથી, પરન્તુ પુદ્ગલોની ચાહનાથી કર્મના પુદ્ગલોનો આત્માની સાથે સંબંધ થવાથી આત્માના ગુણો વધારે ને વધારે ઢંકાતા જાય છે.

આત્મકલ્યાણની કામનાથી વિલાસનાં સાધનો છોડવામાં આવે છે તો પણ નિશ્ચિત વિકાસ થઈ શકતો નથી, કારણ કે કલ્યાણનું યથાર્થ સ્વરૂપ સમજવું બહુ જ કઠણ છે. સંસારમાં પૌદ્ગલિક સુખોની ઇચ્છાથી પુણ્યકર્મ ઉપાર્જન કરીને દેવગતિ મેળવવામાં કલ્યાણ માનવાવાળા ઘણા છે, પણ કર્મક્ષય થવાથી આત્મિક ગુણો પ્રગટ થવામાં કલ્યાણ માનવાવાળા બહુ ઓછા છે; તેમજ બહારથી વિલાસના સાધનો છોડવા છતાં પણ અંતઃકરણમાંથી વિલાસની ભાવનાઓ ભૂંસાતી નથી. આના બે કાર્યો પ્રત્યક્ષપણે અનુભવાય છેઃ એક તો ધર્મનાં બહાના નીચે અને ધર્મનું સાધન દેહનાં બહાના તળે છોડી દીધેલા વિલાસના સાધનોનો ઉપયોગ કરવો અને બીજું સારામાં સારા સાધનો મેળવવાની ઇચ્છા. આ પ્રમાણે પરપૌદ્ગલિક વસ્તુઓમાંથી આસક્તિ ભાવ છોડ્યા સિવાય દેખાવપૂરતા બહારથી વિલાસના સાધનો છોડવા માત્રથી વિકાસી બની શકાતું નથી.

જ્યાં વિલાસના સાધનો પુષ્કળ હોય અને તેને વધારે મોહક બનાવીને તેનો ઉપભોગ કરનારા વિલાસીઓ વસતા હોય એવા સ્થળો વિકાસ મેળવનારાઓને અત્યંત વિઘ્નકર્ત્તા થઈ પડે છે. વિકાસની પૂર્ણ ઇચ્છાવાળા મહાપુરુષો આવા સ્થળોને સર્વથા પસંદ કરતા નથી, કારણ કે વિલાસ તથા વિલાસી અનાદિ કાળથી વિલાસના સંસ્કારવાળા વિલાસી આત્માને પોતાના તરફ ખેંચી જવાના જ. વિલાસ ન કરવાની પ્રતિજ્ઞા કરીને છોડી દીધેલા વિલા-

સોને પણ પાછા ભોગવવાની ઇચ્છાઓ જાગ્રત થવાની જ. કદાચ કેટલાક બંધનોને લઇને વિલાસી બનવાનો અવકાશ ન મળે તો પણ નિરંતર વિલાસ કરવાની સ્ફુરણાઓ બની રહેવાથી વિકાસ તો નહિ જ થવાનો. જ્યાં સુધી વિલાસનાં પરિણામના ઉત્પાદક કામ, રાગ, મદ, મોહ, અજ્ઞાન આદિ કર્મસત્તામાં વિદ્યમાન છે ત્યાં સુધી તો વિકાસની ઇચ્છાવાળા આત્માએ વિલાસી દુનિયાથી વિમુક્ત રહેવાની જરૂરત છે.

'જો અશુચિમાં આળોટીને પવિત્ર બની શકાતું હોય તો જ વિલાસી દુનિયામાં વસીને વિકાસી બની શકાય.'

શત્રુનાં ઘરમાં રહીને શત્રુનો નાશ કરવો જેટલો કઠિન છે તેના કરતાં પણ વધારે કઠિન ક્રિયા મોહના ઘરમાં રહીને મોહનો નાશ કરવાની છે. શ્રી મહાવીર પ્રભુ જેવા સમર્થ પુરુષો પણ બાર વર્ષ સુધી મોનપણે વગડામાં વિચર્યા છે ત્યારે જ વિકાસ સાધી શક્યા છે, તો પછી અલ્પ સત્ત્વવાળા, મોહનીય કર્મથી પરાસ્ત બનેલા આત્માઓ નિરંતર વિલાસી દુનિયાના સંસર્ગમાં રહીને કેવી રીતે વિકાસ સાધી શકે ?

પરપૌદ્ગલિક પરિણતિમાં તન્મય થવારૂપ વિલાસ અને સ્વપરિણતિ આત્મસ્વરૂપમાં રમણતારૂપ વિકાસમાં કાચ અને કોહિનૂર જેટલું અંતર છે. કાચ કોહિનૂરનું કાર્ય સાધી શકતો નથી. કાચના મણકાની માળા પહેરીને આનંદ માનનાર અમૂલ્ય કોહિનૂરને મેળવી શકતો નથી, તેવી જ રીતે બાગ, બંગલા, ઘરેણાં, વસ્ત્ર, મિષ્ટ ભોજન, સંગીત અને સુગંધી આદિ વિલાસના સાધનોમાં સુંદરતા, મધુરતા માનીને તેના ઉપભોગમાં આસક્તિ ધારણ કરનાર સાચું સુખ, જીવન, આનંદ આદિ વિકાસને મેળવી શકતો નથી.

પુદ્ગલો વિકૃત બન્યા સિવાય વિલાસના સાધન તરીકે ઉપયોગમાં આવી શકતા નથી. પૌદ્ગલિક વિકૃતિઓનો જ આસક્તિભાવે ઉપભોગ કરી આનંદ માનવામાં આવે છે. જેમકેઃ માટી, ઈંટ, ચૂનો, લાકડાં, પત્થરો, રંગરોગાન વગેરે વસ્તુઓના ઢગલા પડ્યા હોય ત્યાં સુધી વિલાસના સાધન તરકે, વાપરી શકાતા નથી; પરંતુ આ બધીએ વસ્તુના વિકારરૂપ બંગલો બનાવવામાં આવે છે ત્યારે જ વિલાસનું સાધન બની વિલાસીને આનંદ આપે છે. તેવી જ રીતે રૂનો વિકાર વસ્ત્ર, ધાન્યનો વિકાર મિષ્ટાન્ન, માટીનો વિકાર સોનું, ચાંદી, ઝવેરાત વગેરે, મળમૂત્રાદિ સાત ધાતુનો વિકાર રૂપ, લાવણ્યતા, સુંદરતા વગેરે વિલાસના સાધન બની શકે છે, કે જેને ભોગવવાની ચાહના વિલાસીઓને નિરંતર ઉદ્ભવ્યા કરે છે જે વિકાસની બાધક છે.

મોહનીય કર્મને બળવાન બનાવી વિલાસની ભાવના જાગૃત કરનાર વિલાસની વસ્તુઓ તથા વિલાસીઓનો સહવાસ વિકાસી કદાપિ કરતો નથી, અને જે સહવાસમાં રહેવાનું પસંદ કરે છે અથવા તો રહે છે તે વિલાસનો ઇચ્છુક છે પણ વિકાસનો નથી. વિલાસની ક્ષુદ્ર તૃષ્ણાઓ સંતોષવાને વિલાસ તથા વિલાસીઓના સંસર્ગમાં રહીને વિકાસ સાધવાનો ડોળમાત્ર કરવાથી વિનાશ જ થાય છે પણ વિકાસ થઈ શકતો નથી.

આંખને ગમે તેવા સુંદર વસ્ત્રો તથા આભૂષણોમાં સજ્જ થએલા, સુંદર લાગતી આકૃતિ તથા રૂપવાળા સ્ત્રીપુરુષો, વિલાસીઓની જેમ, જેમાં રહેવાનું બહુ જ ગમે અને ચિત્તમાં આહ્લાદ ઉત્પન્ન થાય એવા બાગબંગલાઓ, બહુ જ રસવાળા મધુર અને જેને વાપરવાની વારેઘડીએ ઇચ્છા થાય તેવાં ભોજનો, શરીરની સુંદરતામાં વધારો કરીને બીજાનાં ચિત્ત આકર્ષાય તેવાં વસ્ત્રો આ

બધીએ વસ્તુઓ વિકાસને રોકનારી છે; માટે વિકાસી પુરુષો આવી વસ્તુઓથી વેગળા જ રહે છે. એ વસ્તુને વાપરવાની ઇચ્છા તો દૂર રહી પણ બહુ જ સહેલાઈથી એ વસ્તુઓ જ્યાં મળતી હોય, જોવામાં આવતી હોય તેવા સ્થાનોએ રહેવાનું પણ પસંદ કરતા નથી.

આ પ્રમાણે વિલાસ તથા વિલાસીઓ વિકાસના સંપૂર્ણ બાધક હોવાથી વિકાસ મેળવવામાં તેમની સર્વથા આવશ્યકતા નથી. આ બન્ને મનોવૃત્તિમાં વર્તતા હોય ત્યાં સુધી તેઓ વિકાસના સર્વથા અનધિકારી છે, માટે વિકાસના અધિકારી પુરુષો તો વિલાસી દુનિયાથી પર જ રહેવાના.

શું દેવતા સુખી કરી શકે ?

(૧૯)

મનુષ્ય માત્ર સુખી થવાને દેવની સેવા, ભક્તિ, નામસ્મરણ આદિ અનેક પ્રકારની આરાધના કરે છે. આ બધું ય કરતાં પહેલાં દેવને ઓળખવાની ઘણી જ જરૂરત છે. જે માણસને સોનું અથવા તો હીરો જોઇતો હોય તેણે સોનાને અને હીરાને સાચી રીતે અને સારી રીતે ઓળખવો જોઇએ અથવા તો ઝવેરી તથા શરાફની પાસેથી તેની ઓળખાણ શીખી લેવી જોઇએ; કારણ કે વસ્તુની સાચી ઓળખાણ સિવાય સાચી વસ્તુ મેળવી ધારેલું કાર્ય સાધવાની ઇચ્છા સફળ થઈ શકતી નથી.

જેવી રીતે દેવને ઓળખવાની જરૂરત છે તેવી જ રીતે સુખને પણ ઓળખવાની જરૂરત છે. સાચું સુખ ઓળખ્યા સિવાય સાચા દેવ ઓળખી શકાતા નથી, અને સાચી રીતે દેવને ઓળખ્યા સિવાય સાચી રીતે ઉપાસના થઈ શકતી નથી, અને સાચી ઉપાસનાના અભાવે સાચી સુખસિદ્ધિ મળી શકતી નથી.

જેમ મીઠાશ સાકરનો ગુણ-ધર્મ છે અને તે સાકરમાં સાકર સ્વરૂપે રહે છે તેવી રીતે સુખ આત્માનો ધર્મ છે અને તે

આત્મામાં આત્મસ્વરૂપે રહે છે, અર્થાત્ સાકર તે જ મીઠાશ અને મીઠાશ તે જ સાકર, આત્મા તે જ સુખ અને સુખ તે જ આત્મા. સાકરને મીઠાશ મેળવવા પોતાનાથી ભિન્ન ગુણ-ધર્મ-વાળી અન્ય વસ્તુની જરૂરત હોતી નથી તેવી જ રીતે આત્માને સુખ મેળવવા પોતાનાથી ભિન્ન ગુણધર્મવાળા જડ તથા જડના વિકારોની જરૂર નથી. જડ તથા તેના વિકારોના સંયોગથી સુખ માનવામાં આવે છે તે સુખ નથી પણ દુઃખને જ માની લીધેલું ભ્રમિક જ સુખ છે.

જેઓ બનાવટી સુખ મેળવવા જે દેવની ઉપાસના કરે છે તેઓ ઉપાસ્ય દેવ જો કે સાચા જ હોય તો પણ દેવને સાચી રીતે ઓળખ્યા સિવાય ઉપાસના કરવાથી સાચું ફળ તેઓને મળી શકતું નથી અને તેથી તેઓની ઉપાસના મિથ્યા ફળ-વાળી થાય છે. તેથી કરી કાંઈ ઉપાસ્ય દેવની ખામી નથી, પણ ઉપાસક-ભક્તની ખામી છે. સાચા સુખનું સ્વરૂપ (આત્મામાં રહેલો પોતાનો ગુણધર્મ) ટૂંકાણમાં ઉપર આપણે જોઈ આવ્યા. હવે આપણે આવું સાચું સુખ મેળવવાને સાચા ઉપાસ્ય-દેવનું સાચું સ્વરૂપ સાચી રીતે વિચારી ઉપાસના દરમિયાન અવશ્ય લક્ષમાં રાખવું જોઇએ.

દેવના માટે સંસારમાં અનેક પ્રકારની માન્યતાઓ ચાલી રહી છે અને તે તેમના પ્રચારક ભક્તોને આભારી છે. હવે દેવ માત્રના સ્વરૂપનો વિચાર કરતાં પહેલાં દેવના બે વિભાગ પાડીએ : એક તો જન્મથી દેવગતિમાં ઉત્પન્ન થયેલા વૈક્રિય શરીરવાળા દેવો અને બીજા મનુષ્ય ગતિમાં ઉત્પન્ન થયેલા આત્મગુણના આવરક કર્મોનો નાશ કરી, કેવળજ્ઞાન મેળવી વિકાસને પામેલા ઔદારિક શરીરવાળા દેવો અર્થાત્ એક દેવ છે અને

બીજા મનુષ્ય દેવ. સંસારમાં આ બંને પ્રકારના દેવોમાંથી દેવ-ગતિમાં ઉત્પન્ન થયેલા, જન્મથી જ દેવ કહેવાતા અને પુન્ય-બળથી કર્મજન્ય કાંઇક વિશિષ્ટ પૌદ્ગલિક શક્તિને ધારણ કરવા-વાળા દેવ, દેવની ઉપાસના કરવાવાળાનો પ્રાયઃ પંચાણું ટકા જેટલો ભાગ નીકળી આવશે; કારણ કે સંસારનો મોટો ભાગ પુદ્ગલાનંદી-જડાસક્ત છે.

પુદ્ગલાનંદી જીવો માને છે કે દેવતાઓની ઉપાસના કર-વાથી તેઓ પ્રસન્ન થઇને પૌદ્ગલિક સુખના સાધનો મેળવી આપે છે. મનુષ્ય કરતાં વધારે શક્તિવાળા હોવાથી તેમના આધિ-વ્યાધિ, રોગ-શોક, આપત્તિ-વિપત્તિ મટાડી દઇને ધન, સ્ત્રી, પુત્ર, સુખ-સંપત્તિ આદિ આપી શકે છે અને ધારેલું કાર્ય સાધી આવી ઇચ્છાઓ પૂરી કરે છે. પુન્યની નબળાઇથી પૌદ્ગ-લિક સુખના સાધન વગરના અથવા તો મેળવેલા સાધનોનો ભોગોપભોગ કરવાને અશક્ત બનેલા જ દેવ, દેવની ઉપાસના કરે છે એમ નથી, પણ પુન્યબળથી મેળવેલા પૌદ્ગલિક સુખના સાધનવાળા જે ભવમાં ઉત્પન્ન થયા તે જ ભવમાં આનંદ માનવાવાળા ભવાભિનંદી જીવો પણ મેળવેલી સુખસંપત્તિ ટકાવી રાખવા અને આપત્તિ-વિપત્તિ ન આવવા દેવા તન-મન-ધનથી સેવા કરે છે, પરંતુ દેહમાં આત્મબુદ્ધિ ધારણ કરી પોતાના સ્વરૂપને ભૂલી ગયેલા એ જડાસક્ત જીવો જાણતા નથી કે દેવ-ગતિમાં ઉત્પન્ન થએલા દેવ, મનુષ્યના શુભાશુભના ઉદય સિવાય કાંઇ પણ શુભાશુભ કરી શકતા નથી. મનુષ્ય પોતાના શુભના ઉદયથી અનુકૂળ સંયોગો મેળવી સુખ-સાધનસંપન્ન બની શકે છે. બાકી દેવતાઓ કાંઇ પણ આપી શકતા નથી કારણ કે દેવગતિ-માં ઉત્પન્ન થયા પછી મળેલી સઘળી ઋદ્ધિ ફક્ત પોતાના જ

ઉપભોગમાં લઈ શકાય છે. તેમાંથી બીજાને એક વીંટી સરખી પણ આપી શકાય નહિ. દેવતાના ભોગપભોગની વસ્તુઓ શાશ્વતી હોવાથી ઉત્તરોત્તર ઉત્પન્ન થયેલા દેવતાઓ તે જ વસ્તુઓને વાપરે છે. દેવગતિમાં જીવે ત્યાં સુધી તે વસ્તુઓ વાપરે અને મરે એટલે વાપરેલી વસ્તુઓ હતી તેવી છોડીને ચાલતા થાય અને તે જ વિમાનમાં બીજો જીવ આવી સ્વામીપણે ઉત્પન્ન થાય. તે પાછી તે જ વસ્તુઓને વાપરે, માટે પુન્યબળથી દેવભવમાં ભોગવવા યોગ્ય મળેલી વસ્તુઓને દેવતાઓ પ્રસન્ન થઈને કે દયા કરીને મનુષ્યને દાન કરી શકતા નથી. જમીનમાં રહેલા નિધાનો પણ પોતાની ઇચ્છા પ્રમાણે બીજાને આપી શકે નહિ, કારણ કે દક્ષિણ દિશાનો સૌધર્મેન્દ્ર અને ઉત્તર દિશાનો ઈશાનેંદ્ર સ્વામી હોવાથી તેમની આજ્ઞા સિવાય જમીનમાંના નિધાનોને દેવતા કાઢી શકે નહિ. બાકી વિશિષ્ટ પુન્યના ઉદયથી દેવતા ભૂગર્ભનિધાન કાઢીને અથવા તો વૈક્રિય વસ્તુ બનાવીને કે બીજાને ત્યાંથી ઊંચકી લાવીને આપી શકે છે, પરંતુ પુન્યવાન મનુષ્યોને તો ઉપાસના કર્યા વગર પણ દેવતાઓ આવીને સેવામાં હાજર થાય છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવ, બલદેવો આદિ પુન્યશાળી મનુષ્યો કાંઈ દેવતાની ઉપાસના કરતા નથી, છતાં પુન્યાનુસાર ઇંદ્રો તથા દેવતાઓ નિરંતર સેવામાં હાજર રહે છે અને ઇચ્છાનુસાર (કે અનિચ્છાએ પણ) પૌદ્ગલિક સંપત્તિઓ મેળવી આપે છે, બાકી આત્મિક સાચી સંપત્તિ આપી શકતા નથી.

જેમ મનુષ્યો આઠે કર્મના આવરણવાળા હોય છે તેમ દેવતાઓ પણ સંપૂર્ણ કર્મોથી ઘેરાયેલા હોય છે, પરંતુ જેટલા પ્રમાણમાં મનુષ્યો દેવતાની ઉપાસના કરવાવાળા હોય છે તેટલા પ્રમાણમાં દેવતાઓ મનુષ્યની ઉપાસના કરવાવાળા હોતા નથી,

એટલી જ દેવતાની પુન્યબળની અધિકતા. સંસારમાં સર્વોત્કૃષ્ટ પુન્ય તીર્થંકરોનું હોય છે. એ હેતુથી અને મનુષ્ય તપદ્વારા દેવતાઓને પણ દુર્લભ-દેવતાઓથી પણ ચઢિયાતી અનેક પ્રકારની લબ્ધિ મેળવી શકે છે તેમજ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિ મેળવી શકે છે. આવા કારણોને લઈને તે મનુષ્ય દેવતા કરતાં પુન્યબળમાં અત્યંત વધી જાય છે. તેમજ ગતિમાં પણ દેવતા કરતાં મનુષ્યગતિ ચઢિયાતી છે. બાકી પુન્યહીન પુદ્ગલાનંદી મનુષ્ય દેવતાઓને પોતાના કરતાં અધિક માનીને ઉપાસના કરે તો એ તેમની અણસમજ છે. બીજા મનુષ્ય દેવ તે બીજા દેવો કરતાં શ્રેષ્ઠતર હોય છે. એમણે પૂર્વના ત્રીજા ભવમાં દેવ થવા યોગ્ય તીર્થંકરનામકર્મ નિકાચિતપણે બાંધેલું હોય છે. તે કર્મ બંધાયા પછી ત્રીજે ભવે અવશ્ય ઉદયમાં આવે છે. સર્વોત્કૃષ્ટ પુન્યના ઉદયથી જન્મ થતાંની સાથે જ દેવગતિમાં ઉત્પન્ન થયેલા જન્મથી જ કહેવાતા દેવો અને તેમના સ્વામી ઇંદ્રો સેવામાં હાજર થાય છે. એમનો જન્મસમય ત્રણે લોકમાં-નારકીમાં ઉપન્ન થયેલા જન્મથી જ દુઃખી જીવોને પણ-એક ક્ષણ વાર આનંદ આપનારો થાય છે. એમના ઉપરનું કર્મની સત્તાનું દબાણ નબળું પડી ગયેલું હોય છે. જન્મથી જ આત્મસત્તા હાથમાં લીધેલી હોવાથી મોહ આદિ કર્મો થરથર કાંપતા રહે છે. એમનું આખું ય જીવન સ્વપરના કલ્યાણ માટે વપરાય છે. એમની જીવનમુક્ત અવસ્થા અનેક જીવોને સાચી સ્વતંત્રતા અપાવનારી હોય છે. પોતે કર્મોનો પરાજય કરી સંપૂર્ણપણે સ્વતંત્ર બનેલા હોવાથી ઉપાસક ભવ્ય ભક્તો સાચી-સંપૂર્ણપણે સ્વતંત્રતા મેળવી શકે છે. એમણે સમ્યગ્જ્ઞાનનો વિકાસ થયેલો હોવાથી ઔદયિક ભાવે પ્રાપ્ત થયેલી સુખ-સંપત્તિ અથવા

આપત્તિ-વિપત્તિને સમભાવે સહન કરીને વિશિષ્ટતમ નિર્જરાદ્વારા વિશિષ્ટતમ આત્મવિશુદ્ધિ મેળવેલી હોય છે. આત્મગુણઘાતી મોહાદિ ચારે કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયરૂપ આત્મલક્ષ્મીથી સમૃદ્ધ થયેલા હોય છે. આત્મવિકાસરૂપ અતિશયના પ્રભાવથી પ્રાણીઓ જન્મના વેર ભૂલી જાય છે અને પવિત્ર વચનો સાંભળી પોતપોતાની ભાષામાં સમજીને બોધ પામે છે. તેઓ ક્ષણિક પરસ્વરૂપના ભોક્તા હોતા નથી પણ નિત્ય સ્વસ્વરૂપના જ ભોક્તા હોય છે. આવા દેવાધિદેવની ઉપાસના અનંત જ્ઞાન, દર્શન, જીવન, સુખ આદિ આત્મિક ગુણોનો વિકાસ કરવાવાળી હોય છે. આત્મિક ગુણનો વિકાસ મેળવવાના હેતુથી કરવામાં આવતી એમની ઉપાસના સાચી ઉપાસના કહેવાય છે અને પૌદ્ગલિક વસ્તુઓ માટે કરવામાં આવે તો તે અજ્ઞાનતાની સૂચક છે, માટે વીતરાગ દેવની ઉપાસના વીતરાગ દશા મેળવવાને માટે જ કરવી જોઇએ, જેથી કરીને જન્મ, જરા, મરણ ટળી જવાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે અને શાશ્વતું સુખ મેળવી શકાય છે.

સુખ સમીક્ષા.

(૨૦)

અનાદિકાળના મોહના દબાણને લઇને આત્મા સ્વતંત્ર બની પોતાનું સુખ-સ્વરૂપ મેળવી શકતો નથી અને જડ વસ્તુઓના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ-વિયોગથી સુખ-દુઃખ માનવામાં એવો ટેવાઈ ગયો છે કે જાણે પોતે જડનું એક અંગ ન હોય ? જડના સંસર્ગને લઇને સંસારમાં ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન દેહ ધારણ કરીને પોતાને તે સ્વરૂપે ઓળખવામાં દૃઢ શ્રદ્ધાળુ બનવાથી પોતાના સત્ય સ્વરૂપને ભૂલી ગયો છે અને જન્મ, જરા, મરણ, રોગ, શોક, સુખ, દુઃખ આદિનો પોતાનામાં આરોપ કરી રહ્યો છે. દેહમાં આત્મબુદ્ધિ ધારણ કરેલી હોવાથી ક્ષણવિનશ્વર દેહાદિ જડ વસ્તુઓના વિયોગ અને વિનાશની શંકાથી ભયભીત થઇ રહ્યો છે. કર્મસંયોગથી થયેલી વિભાવદશાને લઇને એવી માન્યતા થઇ ગઈ છે કે ન ખાવાથી મરી જવાય છે અને ઇંદ્રિયોના અનુકૂળ વિષયોની પ્રાપ્તિ સિવાય સુખ તથા આનંદ જેવી કોઇ વસ્તુ નથી.

આત્મા અવિનાશી છે. જ્ઞાન, દર્શન, જીવન, સુખ અને આનંદ આત્માનું જ સ્વરૂપ છે, છતાં દારૂડિયાની જેમ મોહના

નશાને લઇને જ્ઞાનાદિ પોતાના ધર્મો જડમાં ખોળી રહ્યો છે, અને જડ સિવાય પોતાની ગતિ જ નથી, પોતાનો નિર્વાહ થઈ શકતો જ નથી એવી દૃઢ માન્યતાથી જડની ઉપાસના કરી રહ્યો છે. પ્રત્યક્ષ જણાય છે કે દેહ–ગેહાદિ જડ વસ્તુઓ ભિન્ન ગુણધર્મવાળી હોવાથી પોતાનાથી સર્વથા ભિન્ન છે તો પણ તે વસ્તુઓમાં પોતાના જ સુખ, આનંદ તથા જીવન આદિ ધર્મોનો આરોપ કરી તેના ઉપર મમતા ધારણ કરી રહ્યો છે, અને તેનો વિયોગ થવામાં પોતાને સુખ, આનંદ તથા જીવનવિહીન માનીને દુઃખી થઈ રહ્યો છે. જડ વસ્તુઓ પોતાના સ્વભાવ પ્રમાણે મળે છે, વિછડે છે, જૂની થાય છે, નિસ્તેજ થાય છે, નષ્ટ થાય છે–આ બધીએ અવસ્થાઓ જડની હોવા છતાં જડસંયોગી આત્મા પોતાનામાં આરોપ કરીને પોતાની માની રહ્યો છે. અને પોતાના સ્વરૂપથી તદ્દન અજ્ઞાત હોવાથી પોતાની સર્વોચ્ચ દશાનો જરાયે વિચાર કરતો નથી.

જેમ કૂતરો સૂકું હાડકું ચાવે અને તે હાડકું તેના મોંમાં વાગવાથી તાલવામાંથી નીકળતા લોહીને ચાટીને આનંદ માને છે અને આ લોહી હાડકામાંથી નીકળે છે એવી ભ્રમણાથી હાડકાને વધારે ને વધારે ચાવે છે, તેમ સાચા સુખના સ્વરૂપથી અજાણ આત્મા સુખ પોતાનામાં રહેલું હોવા છતાં પણ જડ વસ્તુઓનો ઉપભોગ કરતાં યત્કિંચિત્ ક્ષણિક સુખનો અનુભવ કરે છે તે જડ વસ્તુમાંથી મળે છે એવી ભ્રમણાથી જડ વસ્તુઓ મેળવવામાં અને તેનો ઉપયોગ કરવામાં લીન રહે છે.

જેમ કાગડો આરિસામાં પોતાની જ આકૃતિ તથા ચેષ્ટાનો ઓળો જોઇને એમ માની લે છે કે આ કોઇ બીજો કાગડો છે અને તેની સાથે મનફાવતું વર્તન કરે છે; તેમ આત્મા જડ

વસ્તુઓમાં પોતાના જ આનંદ, સુખ તથા જીવનના ઓળા જોઇને આનંદ આદિ વસ્તુઓ જડમાં જ છે એમ માનીને નિરંતર જડની ઉપાસનામાં બન્યો રહે છે અને જડ વસ્તુઓથી છૂટો પડવાને ઇચ્છતો નથી. જડ વસ્તુઓ ક્ષણિક અને સંયોગ-વિયોગવાળી હોવાથી બદલાય છે અથવા તો આત્માથી છૂટી પડી જાય છે ત્યારે સુખનો પડછાયો ન જણાવાથી આત્મા પોતાને દુઃખી માને છે.

સંસારમાં અજ્ઞાત જીવોએ જડ તથા જડના વિકારોને સુખના સાધન માન્યા છે; પણ સુખ માન્યું નથી. સુખનો ઓળો પડી શકે એવા જડના સંયોગને હમેશાં કાયમ બનાવી રાખવાને જીવો ઘણો પ્રયાસ કરે છે છતાં તેવા સંયોગો હમેશાં સરખી રીતે ટકી શકતા નથી, ઝાંખા પડી જાય છે અથવા તો બદલાઇ જાય છે. ઝાંખા પડવાથી સુખનો ઓળો પણ ઝાંખો પડે છે, અને તેથી સુખ પણ ઝાંખું પડી જાય છે, અને બદલાઈ જવાથી સુખનો ઓળો પડતો નથી એટલે જીવો પોતાને દુઃખી માને છે. જે જડસંયોગમાં સુખનો ઓળો પડે છે તેને અનુકૂળ સંયોગ માને છે અને જેમાં ઓળો નથી પડતો તેને પ્રતિકૂળ સંયોગ માન્યો છે.

જડના અનુકૂળ સંયોગને સુખ અને પ્રતિકૂળ સંયોગને દુઃખ માનવામાં આવે છે. આ બંનેમાં સુખ તો કાંઇક વસ્તુ છે, પણ દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી; કારણ કે સુખ તે આત્મિક સુખનો ઓળો છે અને દુઃખ તે સુખના ઓળાનો અભાવ છે; માટે ઓળો ન પડવાથી અજ્ઞાની આત્માને થતી મૂંઝવણોને દુઃખ કહેવામાં આવે છે અને એટલા જ માટે જેમ સુખ આત્મિક તથા પૌદ્ગલિક કહેવામાં આવે છે તેમ દુઃખ

આત્મિક તથા પૌદ્ગલિક કહેવાતું નથી. મનુષ્ય અને તેના પડછાયામાં જેટલું અંતર છે તેટલું જ અંતર આત્મિક સુખ અને પૌદ્ગલિક સુખમાં છે. આત્મિક સુખ સાચું છે અને તે આત્માનો ધર્મ હોવાથી હંમેશા કાયમ રહેવાવાળું શાશ્વતુ છે. કોઇ પણ સમયે આત્મા સુખ વગરનો હોતો નથી, એક સમય પણ આત્મા સુખ વગરનો થાય તો તે પોતાનું અસ્તિત્વ ખોઇ બેસે છે. જેમ સાકરમાંથી એક સમય પણ મીઠાશ ચાલી જાય તો તે સાકર નહિ પણ પત્થર કહેવાય છે તેમ આત્મામાંથી સુખ ચાલ્યું જાય તો તે આત્મા નહિ પણ જડ કહેવાય છે, અને એટલા માટે જ આત્માની ઓળખાણ સુખદ્વારા કરવામાં આવે છે, અને સુખસ્વરૂપી આત્મા કહેવામાં આવે છે. સુખનો પુંજ તે જ આત્મા છે પણ જડ નથી, તો પછી જડમાં સુખ ક્યાંથી હોઇ શકે ? આત્મા એમ માને છે કે મારામાં સુખ નથી પણ જડમાં છે, આવી માન્યતા મોહનીય કર્મના આવરણને લઇને થતી એક પ્રકારની મિથ્યા ભ્રમણા છે. જો જડ વસ્તુઓમાં સુખ હોય તો જડસંયોગી આત્મા હંમેશાં સુખી હોવો જોઇએ. જડ વસ્તુઓનો સંયોગ હોવા છતાં પણ જે દુઃખ મનાવે છે તે ન થવું જોઇએ; પરંતુ સંસારી પુદ્ગલાનંદી જીવોમાં જણાય છે કે અમુક જડ વસ્તુઓના સંયોગને અનુકૂળ માની સુખ મનાવે છે અને અમુક સંયોગોને પ્રતિકૂળ માની દુઃખ મનાવે છે, તો પછી એમ માનવાને કારણ મળે છે કે કેટલીક જડ વસ્તુઓમાં સુખ છે અને કેટલીકમાં નથી, પણ આ બધીએ માન્યતા ખોટી છે; કારણ કે સુખ જડનો ધર્મ હોય તો પછી જડના સંયોગોમાં અનુકૂળ-પ્રતિકૂળપણાનો ભેદ ન હોવો જોઇએ. કોઇપણ પ્રકારના જડના સંયોગોથી સુખ જ થવું જોઇએ પણ દુઃખ ન થવું જોઇએ. જેમ સાકરમાં મીઠાશ

છે અને તે મીઠાશ વગરની કોઈ પણ વસ્તુમાં ભળે છે ત્યારે મીઠાશ જ આપે છે પણ કડવાશ આપતી નથી તેમ જડ, સુખ વગરના કોઈ પણ આત્મામાં ભળે ત્યારે સુખ જ આપવું જોઈએ; પરંતુ સંસારી જીવોની માન્યતા પ્રમાણે જેમ સુખ જડના સંયોગથી થાય છે તેમ દુઃખ પણ જડના સંયોગથી થાય છે એટલે કેટલાક જડમાં સુખ છે અને કેટલાક જડમાં દુઃખ છે એમ સાબિત થાય છે. જડના વિયોગથી પણ સંસારી જીવને દુઃખ થાય છે ત્યારે આત્મામાં દુઃખ છે અને જડમાં સુખ છે એમ સમજાય છે, પણ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં આ બધું ય અસંભવિત લાગે છે; કારણ કે જેમ સુખ જડનો ધર્મ નથી તેમ દુઃખ પણ આત્માનો ધર્મ નથી, પરંતુ આત્મા પોતાના ધર્મ–સુખનો જડ વસ્તુઓમાં આરોપ કરીને મોહના આવરણને લઈને અજ્ઞાનતાથી જડમાં સુખ માને છે. જો કે જડમાત્ર આત્માના ગુણોનો નાશ કરવાવાળા હોવાથી પ્રતિકૂળ જ છે છતાં આત્મા કેટલીક જડ વસ્તુઓને અનુકૂળ માને છે અને કેટલીકને પ્રતિકૂળ માને છે. અનુકૂળ વસ્તુઓનો સંયોગ અને પ્રતિકૂળ વસ્તુઓનો વિયોગ તે સુખ અને પ્રતિકૂળ વસ્તુઓનો સંયોગ અને અનુકૂળ વસ્તુઓનો વિયોગ તે દુઃખ. આ પ્રમાણે સંસારી જીવો સુખ–દુઃખની વ્યાખ્યા કરે છે અને તે સુખને મેળવવા અને દુઃખને દૂર કરવા હંમેશા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ કોઈક વખત અનુકૂળ વસ્તુ પ્રતિકૂળ થઈ જાય છે અને પ્રતિકૂળ વસ્તુ અનુકૂળ થઈ જાય છે. ત્યારે જે વસ્તુનો સ્વીકાર કરતા હોય તેનો તિરસ્કાર કરે છે અને જેનો તિરસ્કાર કરતા હોય તેનો સ્વીકાર કરે છે.

ઉપર પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઇ આવે છે કે જડમાં સુખ–દુઃખ જેવું કાંઇ છે જ નહિ અને એટલા માટે

જડ વસ્તુઓથી વિરક્ત થયેલા આત્માઓને જડ વસ્તુઓનો સંયોગ સુખ, દુઃખ આપી શકતો નથી. જો જડમાં આત્માને સુખી અથવા તો દુઃખી કરવાની શક્તિ હોત તો વીતરાગદશાને પામેલા તીર્થંકરોને અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ લક્ષ્મી પ્રાપ્ત થવાથી પોતાને અત્યંત સુખી માનત અને મુક્ત અવસ્થામાં આ બધીએ વસ્તુઓનો વિયોગ થવાથી પોતાને અત્યંત દુઃખી માનત, પરંતુ વીતરાગદશાવાળા આત્માઓ પૌદ્ગલિક વસ્તુઓના સંયોગથી સુખી થતા નથી અને વિયોગથી દુઃખી થતા નથી પણ રાગદ્વેષનો સર્વથા ક્ષય થઈ જવાથી સમભાવે રહે છે.

સંસારી જીવોએ કલ્પેલા સુખ-દુઃખ વાસ્તવિક નથી, કારણ કે તે બંને જડના વિકારસ્વરૂપ છે, જેમ માણસને શરીરમાં સોજા આવવાથી ફૂલી જાય છે અને તે સ્થૂલ જણાય છે છતાં તે સ્થૂલ કહેવાય નહિ પણ રોગી કહેવાય છે. અને આ શરીરની સ્થૂલતા તે વિકૃતિ છે પણ પ્રકૃતિ નથી તેવી જ રીતે બાગ, બંગલા, વસ્ત્ર, ઘરેણાં આદિ વસ્તુઓ વિકારભાવને પામેલા પુદ્ગલો છે કે જેની આકૃતિઓને આશ્રયીને સુખ-દુઃખ માનવામાં આવે છે તે ભિન્ન આકૃતિમાં બદલાઇ જવાથી તેમાંનું કશું યે હોતું નથી.

સુખને કોઈ પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી તેમજ કલ્પનામાં પણ આવી શકતું નથી અને જે ઇંદ્રિયોથી અને મનથી ગ્રહણ થાય છે તે સુખ નથી; કારણ કે સુખ એટલે આત્મા અને અરૂપી હોવાથી ઇંદ્રિયોથી ગ્રહણ થઈ શકતો નથી. આત્મા નિરાવરણ જ્ઞાનદ્વારા પોતાના સુખસ્વરૂપને જાણી શકે છે. તે સિવાય આવરણવાળા જ્ઞાનથી આત્મસ્વરૂપ સુખ આદિ અરૂપી વસ્તુઓ ગ્રહણ થઇ શકતી નથી. આવરણવાળા જ્ઞાનથી જાણવાને જડ વસ્તુઓની મદદ લેવી પડે છે અને જડની મદદથી રૂપી

જડ વસ્તુઓનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે અને અરૂપી જડ તથા ચૈતન્ય અનુમાનથી જણાય છે, પણ સાક્ષાત્કાર થઈ શકતો નથી. આત્માને જે દુઃખના પરિણામે સુખ અને દિલગીરીના પરિણામે આનંદ થાય છે તે સુખ તથા આનંદ વાસ્તવિક નથી; કારણ કે દુઃખના સાથે રહેવાવાળું સુખ અને દિલગીરીના સાથે રહેવાવાળો આનંદ તે પુદ્‌ગલોનો વિકાર છે અને તે વિકારવાળા પુદ્‌ગલોની સાથે આત્માનો સંયોગ હોવાથી આત્માને સુખ–દુઃખની માત્ર ભ્રમણા જ થાય છે. સુખ–દુઃખ, દિલગીરી, આનંદ આ બધીએ પુદ્‌ગલોની અવસ્થાઓ છે પણ આત્માનું સ્વરૂપ નથી, સંસારી જીવની માત્ર કલ્પના જ છે. આ પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણાય છે કે વાસ્તવિક સુખ ઇંદ્રિયાતીત છે અને તે આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા, મરણ આદિથી મુકાઇ જવાથી પ્રગટ થાય છે. સાચા સુખના વિકાસી આત્માને 'હું દુઃખી હતો તે હવે સુખી થયો. મને બહુ જ શોક રહેતો હતો, બહુ જ દિલગીરી રહેતી હતી, ઘણી જ બેચેની રહેતી હતી, પણ હવે હું આનંદમાં રહું છું" આવી આવી સ્ફુરણાઓ થતી જ નથી.

સાચું સુખસ્વરૂપ જે આત્મામાં પ્રગટ થયેલું હોય છે તેને કોઈ પણ જડમાં અનુકૂળતા–પ્રતિકૂળતા હોતી નથી, ભલે પછી તે જડ વસ્તુઓને ઇંદ્રિયોથી ગ્રહણ કરતો હોય કે ઇંદ્રિયોની મદદ વગર પ્રત્યક્ષ કરી શકતો હોય; પરંતુ જડના વિકારસ્વરૂપ સુખ, દુઃખ તેને થઈ શકતા નથી. અનેક પ્રકારના જડના સંયોગોમાં તેની સામ્ય અવસ્થા જ રહેવાની, સંસારમાં હોવા છતાં પણ પોતાને મુક્ત સ્વરૂપ જ માનવાનો અને સંસારમાં ઘણું જ દુઃખ ભોગવી રહ્યો છું માટે અહીંથી છૂટી જઈને મુક્તિ મેળવું તો સુખી થાઉં આવી કલ્પના સરખીએ તેને નહિ થવાની;

કારણ કે સંસારમાં જે આત્મા સાચું સુખસ્વરૂપ પ્રગટ કરી શકતો નથી તે મુક્તિમાં પણ સુખ મેળવી શકતો નથી. સાચું સુખસ્વરૂપ પ્રગટ થયા પછી આત્માને સંસારમાં અનેક પ્રકારના જડના સંયોગોમાં પણ પોતાની અલિપ્ત મુક્તદશા અનુભવાય છે એટલે પછી પોતાને મુક્તસ્વરૂપ જ જુએ છે.

સાચા સુખના સ્વરૂપનો વિચાર કરતાં અનુભવ એમ જણાવે છે કે જડ વસ્તુઓમાંથી જેટલે જેટલે અંશે રાગ-દ્વેષ ઓછા થતા જાય છે તેટલે તેટલે અંશે આત્માનું સુખસ્વરૂપ પ્રગટ થતું જાય છે અને તે સમ્યગ્જ્ઞાન સિવાય થઈ શકતું નથી. સમ્યગ્ જ્ઞાન થયા પછી જ જડ વસ્તુઓ ઉપરથી રાગદ્વેષની ઓછાશ થતી જાય છે. મિથ્યા જ્ઞાન જડ વસ્તુઓમાં રાગ-દ્વેષ વધારતું હોવાથી સુખનો વિકાસ કરી શકતું નથી. મિથ્યા જ્ઞાનથી મિથ્યા સુખ થાય છે, અને સમ્યગ્જ્ઞાનથી સાચું સુખ અનુભવાય છે. રાગદ્વેષ સર્વથા ક્ષય થઈ જવાથી સંપૂર્ણ સુખસ્વરૂપનો વિકાસ થાય છે.

આત્મા મિથ્યા જ્ઞાનને લઈને જડ વસ્તુઓમાં સુખદુઃખનો આરોપ કરે છે જેથી કરીને જડ વસ્તુઓની અસર આવરણવાળા આત્મા ઉપર થવાથી રાગદ્વેષની વિકૃતિ ઉત્પન્ન થાય છે કે જેના અંગે આત્માને મિથ્યા સુખદુઃખનો આભાસ થાય છે. આ સુખદુઃખ ક્ષણિક અને વિકૃતિજન્ય હોવાથી જ મિથ્યા કહેવાય છે અને વાસ્તવિકમાં વિચાર કરીએ તો મિથ્યા સુખદુઃખ જેવી કોઈ વસ્તુ જ નથી. ક્ષણિક અને વિકૃત સ્વભાવવાળી જડ વસ્તુઓમાં આત્માની સ્વત્વપણાની બુદ્ધિ તે દુઃખ અને તે દુઃખમાં પોતાના સુખસ્વરૂપનો આરોપ કરવાથી આભાસ થતો ઓળો તે સુખ, આ સિવાય પુદ્ગલોમાં કોઈ પણ પ્રકારનું સુખ-દુઃખ છે જ નહિ.

દુઃખ ભોગવતી દુનિયા.

(૨૧)

આનંદની ભ્રમણાથી દુઃખ ભોગવતી દુનિયા.

વસ્તુસ્થિતિથી અણજાણ દુનિયાનો આનંદ પરાધીન રહેલો છે. આ આનંદ મેળવવાને માણસોને ઘણું જ દુઃખ સહન કરવું પડે છે. જ્યાં સુધી એક માણસની પ્રવૃત્તિ તથા કાર્યને બીજા માણસો રાજી થઇને વખાણે નહિ ત્યાં સુધી તેને આનંદ મળી શકતો નથી અર્થાત્ આનંદ મેળવવાનો આધાર અન્ય માણસોને આપણું કાર્ય ગમવા ઉપર રહેલો છે. આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે આપણે જે કંઈ કરીએ છીએ તે બીજાને રાજી રાખવા માટે જ.

માણસને જીવનનિર્વાહ માટે બે વસ્ત્ર, શેર અનાજ અને રહેવાને સાધારણ મકાનની જરૂરત ખરી, બાકી તો ધનસંપત્તિનો વધારો બીનઉપયોગી હોવાથી વ્યર્થ છે; કારણ કે ધનસંપત્તિના વધારાથી આયુષ્ય કે આરોગ્યતામાં વધારો થતો નથી. આમ હોવા છતાં પણ માણસો આનંદ મેળવવાની ખાતર અનેક પ્રકારનાં કષ્ટો સહન કરીને દ્રવ્ય ઉપાર્જન કરે છે અને પછી લોકને ગમે તેવી વસ્તુઓ તૈયાર કરવામાં તેનો ઉપયોગ

કરે છે. લોકો મનગમતી વસ્તુઓ જોવાથી રાજી થઇને તે વસ્તુના માલીકના વખાણ કરે છે જેને સાંભળીને પોતે આનંદ માને છે.

ગરીબ માણસો સાદો ખોરાક અને સાદાં વસ્ત્રો મેળવવા પૂરતું ધન કમાવાની ચિંતાવાળા હોય છે. રોજના ખર્ચ પ્રમાણે ચાર-છ આના મળી ગયા કે પછી બાદશાહ પોતાના ઝૂંપડામાં આનંદથી દિવસ પસાર કરે છે. એમને બાગ, બંગલા, મોટર આદિ મોજશોખના સાધનોની જરૂરત રહેતી નથી. તેમજ આ વસ્તુઓની સ્વપ્ને પણ ચાહના હોતી નથી, માટે આવા જીવો ઓછા કષ્ટે ઠીક ઠીક આનંદ મેળવે છે અને સુખે જીવે છે.

પુન્યના ઉદયથી જેમની પાસે જીવનનિર્વાહ કરતાં પૈસા વધી પડે છે ત્યારે તેઓ દુનિયાને રાજી કરીને આનંદ મેળવવા પ્રયાસ કરે છે. કેટલાક હજારો ખર્ચીને બાગબંગલા તૈયાર કરાવે છે, અને તેમાં રહીને પોતાને સુખી માને છે, કારણ કે દુનિયાનો મોટો ભાગ આવી રીતે રહેનારને શ્રીમંત તથા સુખી તરીકે ઓળખે છે, અને ભાગ્યશાળી છે, સુખી જીવન ગાળે છે, એમ જોનારાઓ વારંવાર પ્રશંસાના ઉદ્‌ગારો કાઢે છે, જેને સાંભળીને તેઓ અત્યંત આનંદ અનુભવે છે.

જડ વસ્તુઓમાં આનંદ માનવાવાળી પુદ્‌ગલાનંદી અજ્ઞાન દુનિયા અનીતિ તથા અધર્મનું આચરણ કરીને પણ મહાકષ્ટે મેળવેલ દ્રવ્યથી આનંદ મેળવવાને જનતાની માન્યતા તરફ. વધારે ધ્યાન આપે છે. દરેક પ્રવૃત્તિમાં જનતા જેમ વર્તીને આનંદ માનતી હોય, પોતે પણ તેમ વર્તીને આનંદ મનાવે છે. રહેણીકહેણીમાં પૂરતું અનુકરણ કરીને પોતાને સુખી માને છે

એક માણસ પ્રથમ ગરીબ હોય અને પછીથી પૈસા મેળવીને શ્રીમંત બન્યો હોય અથવા તો જન્મથી શ્રીમંત હોય તેના આનંદ તથા સુખ કાળને અનુસરીને પરિવર્તન થતી દુનિયાની પ્રવૃત્તિના અનુસાર પરિવર્તનશીલ હોય છે. એક વખતે ઓછા ખર્ચે અને ઓછી જરૂરિયાતે આનંદ અને સુખ મેળવતા હોય તો કાળના પરિવર્તનથી અન્ય વખતે સુખ તથા આનંદ મેળવવામાં ખર્ચ અને જરૂરિયાતો વધી પડે છે. જ્યારે આવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે ત્યારે જનતા નીતિ તથા ધર્મને છોડી દઈને આનંદના સાધનભૂત દ્રવ્યને મહાકષ્ટે મેળવે છે. અનેક પ્રકારના વ્યવસાયો કરવા છતાં પણ જેમની પાસે વધી પડેલી જરૂરિયાત પૂરતા દ્રવ્યની અછત હોય છે તેમની પાસે આજીવિકા પૂરતું ધન, માનવજીવન, આરોગ્યતા, સ્ત્રી, પુત્ર, ભાઈભાંડુ આદિ પરિવાર અને આત્મશ્રેય માટે ધર્મનું સાધન હોવા છતાં પણ પોતાને દુઃખી માને છે.

પોતે સુખી હોય અથવા ન હોય, માથા ઉપર લાખોનું દેવું હોય, સ્ત્રી, પુત્ર આદિ સ્વજન–પરિવાર પ્રતિકૂળ હોય, તાણી-તોસીને મહાકષ્ટે જીવનનિર્વાહ કરતો હોય તો પણ જનતાને અમે સુખી છીએ એમ કહેવડાવી આનંદ મેળવવા અનેક પ્રકારના પ્રયાસો સેવે છે. ભલે પોતે નાણાંની અછતને લઈને પહોંચી ન વળતા હોય છતાં નોકર, બાગ, બંગલા, મોટર, વસ્ત્ર, ઘરેણાં વિગેરેનો ઠાઠમાઠ બહુ સારી રીતે રાખે છે. જો એમ ન કરે તો જનતા તેમને દુઃખી-કંગાલ તરીકે ઓળખે, અને ઠાઠમાઠ રાખવા જોઈતાં નાણાં બીજાની પાસેથી મેળવી ન શકે જેથી કરીને માની લીધેલા આનંદથી વંચિત રહેવાનો પ્રસંગ આવે.

પૌદ્ગલિક સુખનાં સાધન ગમે તેટલાં કેમ ન મેળવ્યા હોય,

દેખીતી રીતે બાહ્ય સંપત્તિથી ભરપૂર કેમ ન હોય; છતાં જેને માનસિક સુખ નથી તે સુખી નથી, કારણ કે પૌદ્ગલિક સુખનો આધાર માનસિક સુખ ઉપર રહેલો છે. તૃષ્ણાને લઈને વ્યાપારમાં હજારોની રકમ રોકેલી હોવાથી, નુકસાનીની શંકા રહેવાથી, ગજા ઉપરાંત વ્યાપાર કરવાથી અથવા તો સ્વજનપરિવારની પ્રતિકૂળતા હોવાથી કે પુષ્કળ દેવાદાર થઈ જવાથી મનમાં અનેક પ્રકારની હોળી સળગતી હોય અને તે પછી બંગલામાં રહો, મોટરોમાં ફરો કે મિષ્ટાન્ન ખાઓ તો પણ સુખી થઈ શકતા નથી. જેથી કરીને આનંદના અભાવે દુઃખે જીવે છે. માનસિક દુઃખથી મુકાવાને માટે જ માણસો મોજશોખમાં પડી જાય છે, દેવું કરીને પણ મોજશોખની વસ્તુઓને મેળવે છે. સિનેમા નાટક જોવાં, અનેક પ્રકારની રમતો રમવી, નિષ્કારણ ભેગા મળી તડાકા મારવા, ગોઠો ઉડાવવી, મુસાફરીએ નીકળી પડવું વગેરે વગેરે અનેક પ્રકારના પ્રયત્નો માનસિક દુઃખ ભુલાવવાને કરવામાં આવે છે, છતાં પરિણામે માનસિક દુઃખ ઘટવાને બદલે વધી પડે છે. જો દેવું કરીને મોજશોખ કરે તો પાછળથી દેવું ચુકાવવાની ચિંતા વધી પડે છે અને જો પોતાના પૈસા વાપરે છે તો છેવટે પૈસા પાછા મેળવવાની ચિંતા અને ન મેળવી શકાય તો કંગાળ બની જવાથી જીવનનિર્વાહ કરવાની ચિંતા.

સુખ મેળવવાને પ્રયાસ કરતી દુનિયાના બે વિભાગ પાડી શકાય છે: એક તો આત્મિક સંપત્તિ મેળવી સાચું સુખ તથા આનંદ મેળવવા પ્રયાસવાળી અને બીજી પૌદ્ગલિક સુખનું સાધન પૈસો મેળવી બનાવટી સુખ તથા આનંદ મેળવવા મથતી દુનિયા. આ બન્ને પ્રકારની દુનિયા પોતાનું ઇચ્છિત

મેળવવા ભિન્ન ભિન્ન દિશામાં પ્રયાણ કરી રહી છે. પોતપોતાનું ઇષ્ટ સાધવાને બન્ને પ્રકારની દુનિયાને દુઃખ સહન કરવું પડે છે, છતાં આત્મિક સંપત્તિ મેળવવાવાળીને સાચું સુખ મળ્યા પછી દુઃખનો અંત આવી જાય છે. જેથી કરીને પછી કોઈ પણ કાળે દુઃખી થતી નથી અને પૌદ્ગલિક સુખના સાધન ક્ષણવિનશ્વર હોવાથી તેનાથી મળતા આનંદ તથા સુખ પણ ક્ષણવિનશ્વર હોય છે કે જે પરિણામે દુઃખના ઉત્પાદક બને છે અને તેથી કરીને પૌદ્ગલિક સુખને માટે દુઃખી થતી દુનિયા વૈષયિક સુખના અનુભવ પછી હંમેશાં દુઃખી રહે છે. સંસારનો મોટો ભાગ પૌદ્ગલાનંદી દુનિયાનું અનુકરણ કરવાવાળો હોય છે. આ દુનિયા જે પ્રવૃત્તિ કરીને પોતાને સુખી માની આનંદ મેળવતી હોય તે જ પ્રવૃત્તિ કરીને આનંદ મેળવવાવાળાની સંખ્યા સંસારમાં ઘણી છે, પણ આત્મિક સંપત્તિ મેળવી નિત્ય સાચું સુખ મેળવવાવાળી દુનિયાનું અનુકરણ કરવાવાળા તો બહુ જ ઓછા પ્રમાણમાં છે. પુદ્ગલાનંદી દુનિયાને ગમે તેમ વર્તીને તેમની પ્રશંસાદ્વારા આનંદ તથા સુખ મેળવવા જેટલા આતુર હોય છે તેટલા આતુર આત્માનંદીને ગમે તેમ વર્તીને તેમની પ્રશંસાદ્વારા આનંદ મેળવવાને હોતા નથી. આત્માના વિકાસસ્વરૂપ સાચો આનંદ મેળવવાવાળા માનવીઓ નિરંતર શ્રેયકારી પ્રવૃત્તિઓ કરે છે. કોઇ પણ પ્રકારે પરમાત્માની આજ્ઞાઓ ઓળંગીને અપરાધી ન બનાય તેમ વધારે સાવધાન રહે છે. વિકારી પુરુષોના વિચારો તથા વર્તન તરફ પૂરતું ધ્યાન આપે છે. તેમની પ્રશંસાનું પાત્ર બનીને પોતાને ભાગ્યશાળી માને છે. પોતાના વિચાર, વર્તન તથા ઉચ્ચ દશાના વખાણ સાંભળીને પરમ આનંદ અનુભવે છે અને છેવટે

આનંદસ્વરૂપ બની જાય છે કે જે સ્વરૂપ આત્માનું જ છે. આ સ્વરૂપ મેળવવામાં પુદ્ગલાનંદી જીવોએ જે જડના અનુકૂળ સંયોગરૂપ વિષયોમાં સુખ માનેલું હોય છે તેનો પરિત્યાગ હોવાથી પુગદ્લાનંદી જીવો આ આનંદસ્વરૂપ સુખને દુઃખ માને છે, પરંતુ નિત્યાનંદ સ્વરૂપને ઓળખનારા જડ વસ્તુઓના સંયોગને દુઃખસ્વરૂપ સમજતા હોવાથી તેને ત્યાગવામાં સુખ માને છે પણ દુઃખ માનતા નથી. તેમજ પુદ્ગલાનંદી જીવો તેમની પ્રવૃત્તિને વખોડે તો પણ ખેદ કરતા નથી.

સુખનું કારણ દુઃખ હોતું નથી પણ સુખ જ હોય છે. અને જો સુખના કારણને દુઃખ માનવામાં આવે તો તે સુખ નથી પણ દુઃખ જ છે. જો માટીથી વસ્ત્ર બની શકે તો જ દુઃખથી સુખ થઇ શકે, કારણ કે કારણના અનુસાર જ કાર્ય થાય છે. ભિન્ન કારણથી ભિન્ન કાર્ય ન બની શકે. સાચો આનંદ મેળવનારાઓ પ્રતિકૂળ જડ વસ્તુઓનો સંયોગ થવામાં કે અનુકૂળ વસ્તુઓને છોડવામાં આનંદ–સુખ અનુભવે છે કે જે આત્મસ્વરૂપ નિત્યાનંદ તથા નિત્ય સુખનું કારણ છે. પ્રતિકૂળ વસ્તુઓના સંયોગમાં સુખ એટલા જ માટે માને છે કે સાચા સુખને ઢાંકનાર અશુભ કર્મનો નાશ કરવાનું કારણ છે. એટલે તેઓ અશુભના ઉદયથી થતા પ્રતિકૂળ સંયોગોને સુખનું કારણ માની આનંદ અનુભવે છે.

આત્મિક સુખ–આનંદ તથા પૌદ્ગલિક સુખ–આનંદ આ બન્ને પ્રકારમાં પૌદ્ગલિકને પ્રધાનતા આપનાર દુનિયા પૌદ્ગલિક વસ્તુઓ મેળવવા હંમેશાં ચિંતાવાળી રહેવાથી માનસિક દુઃખોથી પીડાયા કરે છે. ઇચ્છિત વસ્તુ મળવા છતાં પણ અસંતોષ હોવાથી પોતાને અપૂર્ણ માનીને દુઃખી થાય છે. પ્રારબ્ધ-

વશ લોભથી વધુ વસ્તુ મેળવવા જતાં મેળવેલી વસ્તુ પણ ખોઇ બેસે છે, જેથી કરીને વધુ દુઃખી થવાનો પ્રસંગ બને છે. તાત્ત્વિક દૃષ્ટિથી જોતાં પૌદ્ગલિક સુખ તે દુઃખમાં સુખના આરોપ સિવાય સુખ જેવી કોઈ વસ્તુ જ નથી. પ્રયાસ કરવાથી ઇચ્છિત વસ્તુ મેળવનાર ક્ષણવાર સુખ માને પણ પોતાનાથી વધુ સંપત્તિવાળાને જોઇને તરત જ વધુ મેળવવાની ઇચ્છાને આધીન થવાથી, હતો તેવો પાછો દુઃખી થાય છે. કદાચ કંઈ મળ્યું હોય તેટલાથી જ સંતોષ માની લે તો પણ તે હંમેશાં વસ્તુ વપરાઇને જીર્ણ થવાથી, ઓછી થવાથી કે નષ્ટ થવાથી પાછો દુઃખ જ અનુભવે છે. અને જેઓ વસ્તુને ન વાપરતાં રાખી મૂકે છે, તો પણ તેના સંયોગનો અવધિ પૂરો થતાં કોઈ પણ નિમિત્તથી તેનો વિયોગ થાય છે અને છેવટે વસ્તુના સંધરનારને દુઃખ થાય છે. પુદ્ગલાનંદી જીવો પૌદ્ગલિક સંપત્તિ મેળવનારને માન આપે છે, તેની પ્રશંસા કરે છે તેમાં પણ તારતમ્યતા રહેલી છે; તેમજ કેટલેક અંશે સ્વાર્થ પણ રહેલો હોય છે. જેમ જેમ વધારે સંપત્તિ તેમ તેમ વધારે પ્રશંસા, વધારે માન અને જેમ ઓછી સંપત્તિ તેમ ઓછું માન; પરંતુ જો પોતાની સંપત્તિમાંથી કાંઈક બીજાને લાભ મળી શકતો હોય તો ઓછી સંપત્તિવાળો પણ સારું માન તથા સારી પ્રશંસા મેળવી શકે, માટે પુદ્ગલાનંદી દુનિયાને રાજી કરી આનંદ મેળવવા તથા તેની દૃષ્ટિમાં પોતાને સુખી માનવા જીવો પૌદ્ગલિક વસ્તુઓ વધુ ને વધુ પ્રમાણમાં મેળવવા અસંતોષીપણે નિરંતર અંદરથી દુઃખી થઈ રહ્યા છે. પરાધીન સુખ તથા આનંદ અલ્પ કાળના તેમજ અવાસ્તવિક હોય છે, કારણ કે પૌદ્ગલિક વસ્તુઓ પ્રથમ તો પ્રત્યેક ક્ષણે બદલાયા કરે છે એટલે તે વસ્તુઓ મેળવ-

નારને તે નવી હોવાથી આનંદ આપે છે, પણ જેમ જેમ વખત જાય છે તેમ તેમ તે અણગમો ઉત્પન્ન કરે છે. જોનારાઓ પણ એક વખત તે વસ્તુને વખાણે છે, તો અન્ય સમયે વખોડે છે અને આત્મસ્વરૂપ સાથે સંબંધ ન હોવાથી અવાસ્તવિક છે, માટે જડ વસ્તુઓના સંબંધ અકિંચિત્કર હોવાથી દુઃખરૂપ છે.

સંસારમાં પૌદ્‌ગલિક વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં છે. અને તે બધીએ એક જ ભવમાં એક સાથે પ્રાપ્ત થઈ શકતી નથી. અમુક વસ્તુઓ અમુક ભવમાં જ પ્રાપ્ત થાય છે. જે વસ્તુઓ દેવ-ગતિમાં પ્રાપ્ત થાય તે મનુષ્યગતિમાં પ્રાપ્ત થતી નથી અને જે વસ્તુ મનુષ્યગતિમાં પ્રાપ્ત થાય છે તે દેવગતિમાં પ્રાપ્ત થતી નથી. અને એક ભવમાં મળવાવાળી વસ્તુ પણ ક્રમે કરીને મળતી હોવાથી કોઇને કોઈ વસ્તુની ખામી રહી જાય છે અથવા તો નવી મળે છે તો જૂની નષ્ટ થઇ જાય છે. એટલે જીવંત પર્યંત મળેલી વસ્તુ વધારવાની અને નવી વસ્તુ મેળવવાની તૃષ્ણાથી પુદ્‌ગલાનંદી દુનિયા દેખીતી રીતે તો સુખી તથા આનંદી જ જણાય છે પણ અંદરથી તો દુઃખ તથા દિલગીરીથી ભરેલી હોય છે.

આ પ્રમાણે પરાધીન સુખ તથા આનંદ મેળવવા ટેવાઈ ગયેલી દુનિયાને આત્મિક સંપત્તિ મેળવી નિત્ય સુખ તથા આનંદ મેળવવાની ઇચ્છા સરખીએ થતી નથી અને એટલા માટે જ પુદ્‌ગલાનંદી સંસાર પરમ દુઃખી થઇ રહ્યો છે. ભલે પછી તે પોતાને સુખી માની આનંદ કે મજા ભોગવતો હોય પરંતુ પરિણામે તો અત્રે જ દુઃખ ભોગવતો નજરે પડે છે. જડ વસ્તુનો સંયોગ થાય એટલે સુખ માનવું અને વિયોગ થાય એટલે દુઃખ માનવું તે કેવળ એક ખોટી માન્યતા જ છે,

બાકી તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો સુખદુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી, માટે આત્મસ્વરૂપ સુખ છે તે જ સાચું સુખ છે અને તેને મેળવવા પૌદ્ગલિક સુખની ભ્રમણા કાઢી નાખી, સઘળીએ પૌદ્ગલિક વસ્તુનો ત્યાગ કરી આત્મવિકાસના માર્ગે વળવાની આવશ્યકતા છે.

સુખદુઃખ સમીક્ષા

(૨૨)

સુખના માટે અનાદિ કાળથી વૈષયિક પ્રવાહમાં તણાતું જગત અનેક પ્રકારના પ્રયત્નો કરવા છતાં પણ પરિણામે સુખની ભૂખ ભાંગી શકયું નથી. દુનિયાની દૃષ્ટિમાં કહેવાતા ધનવાનોએ અત્યંત પરિશ્રમ વેઠીને લાખો અને કરોડોની સંખ્યામાં ધનના ઢગલા કર્યાં અને સુખને શોધ્યું પણ ન જડયું ત્યારે દશ્ય જગતમાં સુખ શોધનારાઓનું અનુકરણ કરીને સુખશૂન્ય ધન ને બાગ, બંગલા, મોટર, વસ્ત્ર, ઘરેણાં આદિના રૂપમાં ફેરવીને સુખ શોધ્યું તો પણ છેવટે નિરાશા જ મળી અને દુઃખી અવસ્થામાં દુનિયાને છોડીને ચાલતા થયા. સંસારમાં માનવીઓને કોઇ ને કોઇ પ્રકારની બક્ષિસ મળેલી જ હોય છે અને તેનો ઉપયોગ તેઓ ઘણું કરીને સુખ મેળવવાને કરે છે; કારણ કે કેવળ બક્ષિસ મળવા માત્રથી જ તેઓ કાંઇ સુખ માનતા નથી; પણ મળેલી બક્ષિસથી બીજાઓના મનરંજન કરીને તેમની પાસેથી ઇંદ્રિયોના અનુકૂળ વિષયોને મેળવીને સુખ માને છે. સંગીતની બક્ષિસવાળો બીજાને પોતાની સંગીતની

કળાથી રીઝવીને ખુશ કરે છે અને તેમની કરેલી પ્રશંસા સાંભળીને રાજી થાય છે, તેમજ બીજાએ ખુશ થઇને આપેલા દ્રવ્યથી મનગમતાં વૈષયિક સુખના સાધનો મેળવીને પોતાને સુખી માને છે. તેવી જ રીતે વિદ્યાની બક્ષિસવાળો વિદ્વાન પોતાની વિદ્વત્તાની કળાથી બીજાના મનનું આકર્ષણ કરીને પોતાની ક્ષુદ્ર વિષયવાસનાઓને પૂરી કરે છે અને પોતાને સુખી માને છે. આ જ પ્રમાણે રૂપ, બળ, ધન વગેરે વગેરેની બક્ષિસવાળાઓ પોતાને મળેલી કુદરતી બક્ષિસોદ્વારા વૈષયિક વાસનાઓને તૃપ્ત કરીને સુખ માને છે, છતાં પરિણામે આ બધાયની બાંડની ચાસણી ચઢાવેલા ઊંટના લીંડાને ચૂસવા જેવી અવસ્થા થાય છે અર્થાત્ ઊંટના લીંડા ઉપર બાંડ ચઢાવીને બનાવેલા લાડુને મુખમાં મૂકવામાં આવે તો પહેલાં બાંડનું પડ હોય ત્યાં સુધી તો મીઠું લાગે પણ બાંડ ઓગળી ગયા પછી પાછળથી છાણનો નિરસ સ્વાદ આવે છે તેમ પૌદ્ગલિક વસ્તુઓમાં મગ્ન રહીને વિષયોમાં સુખ માનનારાઓ છાણના ગોળા જેવા દુઃખના પિંડ ઉપર બાંડના લેપના જેવા સુખાભાસને ચાખીને કાંઇક સુખ માને છે, પરંતુ ક્ષણવાર સુખ માન્યા પછી ઘણા કાળ સુધી દુઃખનો જ અનુભવ કરે છે.

વૈષયિક સુખ સચેતન અથવા અચેતન જડવસ્તુઓને આધીન રહેલું છે અને તે ઇંદ્રિયો સાથે પૌદ્ગલિક વસ્તુઓનો સંબંધ થવાથી ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા પોતાને સુખી હોવાનું અભિમાન ધરાવે છે. વાસ્તવિકમાં પૌદ્ગલિક વસ્તુઓનો ઇંદ્રિયો સાથેનો સંબંધ સ્વરૂપથી સુખ નથી, પરંતુ સંસારવાસીઓએ કલ્પનાથી નિર્ણીત કરેલો ઉપાધિજન્ય સુખાભાસ છે. આ બધું યે હોય છે તો દુઃખસ્વરૂપ પણ અજ્ઞાનતાથી

સુખ માનવામાં આવે છે, કે જે પરિણામે દુઃખસ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે માનવી નિરાશા બતાવે છે.

હું સુખી નથી માટે સુખ મેળવું એવી ઇચ્છાથી પ્રાણી જે પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવવા પ્રયાસ કરે છે તે એક પ્રકારની ભ્રમિક પ્રવૃત્તિ છે, કારણ કે સ્વરૂપથી સુખ પોતાની પાસે હોવા છતાં પૌદ્‌ગલિક વસ્તુઓમાં સુખનો આરોપ કરે છે કે જેથી કરીને તેને તે વસ્તુઓમાં સુખની ભ્રમણા ઉત્પન્ન થાય છે એટલે તે પૌદ્‌ગલિક વસ્તુઓમાં જ સુખ છે, એવી દૃઢ શ્રદ્ધાવાળો થવાથી પોતે સુખી થવા પૌદ્‌ગલિક વસ્તુઓની હંમેશાં ચાહના રાખે છે, અને પ્રયત્ન કરીને મેળવે પણ છે; પરંતુ ક્ષણવિનશ્વર સંયોગી વસ્તુઓનો છેવટે વિયોગ થતાં મિથ્યા જ્ઞાન અને શ્રદ્ધાના અંગે પોતાને દુઃખશૂન્ય માનીને પરિણામે દુઃખો થાય છે.

હું સુખસ્વરૂપ છું. મારી પાસે જ સુખ છે, માટે સુખી થવા મારે કોઇ પણ પ્રકારના જડ પદાર્થોની જરૂરત નથી, આવા પ્રકારની પોતાનામાં જ સુખની શ્રદ્ધાવાળા આત્માને પૌદ્‌ગલિક વસ્તુઓ મેળવવાની ઇચ્છા જ થતી નથી અને અજ્ઞાન અવસ્થામાં સંઘરેલા સુખસ્વરૂપ ઢાંકનાર કર્મના પુદ્‌ગલોથી મુકાવાનો પ્રયાસ કરે છે.

વૈષયિક સુખોમાં ઇચ્છાઓની વિદ્યમાનતા હોય છે જ્યારે આત્મિક સુખમાં ઇચ્છાઓનો અભાવ હોય છે. જો કે આત્મસ્વરૂપ સુખ પ્રકટ કરવાની ઇચ્છા થાય છે પણ તે એક નામની જ ઇચ્છા હોય છે; સ્વરૂપથી તો તે અનિચ્છા જ છે, કારણ કે કૃત્રિમ અને અકૃત્રિમ બંને પ્રકારના સુખની ઇચ્છાઓની ભાવનામાં ઘણી જ ભિન્નતા હોય છે. વૈષયિક સુખની ઇચ્છામાં ઇષ્ટ પૌદ્‌-

ગલિક વસ્તુઓને ગ્રહણ કરવાની ભાવના હોય છે ત્યારે આત્મિક સુખની ઇચ્છામાં પૌદ્ગલિક વસ્તુઓને ત્યાગવાની ભાવના હોય છે. આવા અકૃત્રિમ સુખના ઇચ્છુકને પૌદ્ગલિક વસ્તુઓના સંયોગવિયોગમાં ઇષ્ટાનિષ્ટપણું હોતું નથી. પુણ્ય કર્મના ઉદયથી થતા અનુકૂળ સંયોગોમાં રાજી થઇને સુખ માનતો નથી અને પાપકર્મના ઉદયથી થતા પ્રતિકૂળ સંયોગોમાં નારાજ થઇને દુઃખ માનતો નથી.

જેમ સુખ આત્માનો સ્વભાવ છે તેમ દુઃખ કોઇનો સ્વભાવ નથી પણ વિભાવ છે, અર્થાત્ ભિન્ન જાતિ, ગુણ અને ધર્મવાળા બે દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલી વિકૃતિ છે, અને તે સુખસ્વરૂપે હોય છે અને દુઃખસ્વરૂપે પણ હોય છે, કારણ કે સાચા સુખથી અણજાણ પુદ્ગલાનંદી જીવોમાંના કેટલાક વિકૃતિને સુખ માને છે ત્યારે કેટલાક દુઃખ માને છે પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં તે વિકૃતિ સુખ પણ નથી તેમજ દુઃખ પણ નથી; કારણ કે જ્યારે જડ અને ચૈતન્યના સંયોગનો સર્વથા વિયોગ થાય છે ત્યારે બેમાંથી એક પણ વસ્તુ હોતી નથી અર્થાત્ બંને દ્રવ્યોનાં સંયોગોમાં જે સુખ માનવામાં આવતું તે પણ નથી હોતું તેમજ દુઃખ પણ હોતું નથી; પરંતુ કર્મસ્વરૂપ પુદ્ગલોના વિયોગથી આત્માનું સાચું સુખસ્વરૂપ પ્રગટ થાય છે અને ચૈતન્યના સંયોગરહિત પુદ્ગલોમાં શુદ્ધ વર્ણાદિ તથા સડન, પડન આદિ ધર્મો પ્રગટ થાય છે, અર્થાત્ બન્ને દ્રવ્યોના સંયોગથી થયેલી વિકૃતિ મટી જાય છે અને પ્રકૃતિ પ્રગટ થાય છે. જેમકેઃ ચૂનો અને હળદર ભેગાં થવાથી લાલ વર્ણ થાય છે તે એક પ્રકારની વિકૃતિ–વિભાવ છે, પરંતુ સ્વભાવ નથી; કારણ કે લાલ વર્ણ નથી હોતો ચૂનાનો કે નથી

હોતો હળદરનો, અને તે પ્રયોગથી હળદર કે ચૂનો અલગ કરવામાં આવે છે ત્યારે નષ્ટ થઈ જાય છે અને ચૂનાનો ધોળો વર્ણ તથા હળદરનો પીળો વર્ણ પ્રગટ થાય છે, તેવી જ રીતે જડચૈતન્યના સંયોગથી થવાવાળા સુખ-દુઃખ પણ વિકૃત સ્વરૂપ છે; પ્રકૃતિ સ્વરૂપ નથી માટે જ પૌદ્‌ગલિક સુખ-દુઃખ ક્ષણવિનશ્વર છે.

જેમ પૌદ્‌ગલિક સુખ-દુઃખોમાં સુખનો અભાવ દુઃખ અને દુઃખનો અભાવ સુખ મનાય છે, પણ તે માન્યતામાં કાંઈક સમજફેર થાય છે; કારણ કે તે બન્ને અભાવસ્વરૂપ નથી પણ દુઃખ આત્મિક સુખના આવરણસ્વરૂપ છે અને પૌદ્‌ગલિક સુખ તે દુઃખમાં શુદ્ધ સુખના આરોપસ્વરૂપ છે; માટે પૌદ્‌ગલિક સુખ-દુઃખ જેવી કોઈ વાસ્તવિક વસ્તુ નથી. જેમ દીપક ઉપર માટીનું ફૂંડું અથવા ધાતુનું વાસણ ઊંધું વાળવાથી જે કાંઈ અંધકાર થાય છે તે પ્રકાશના ઉપર આવેલાં આવરણસ્વરૂપ છે પણ પ્રકાશના અભાવસ્વરૂપ નથી, અને તેથી જ્યારે દીપક ઉપરથી વાસણ ઉંચકી લેવામાં આવે છે ત્યારે અંધારું નષ્ટ થઈ જાય છે અને પ્રકાશ પ્રકટ થાય છે, તેમ આવરણસ્વરૂપ જે દુઃખ કહેવાય છે તે આવરણ ખસી જવાથી નષ્ટ થાય છે અને સુખસ્વરૂપ પ્રગટી નીકળે છે. આત્માના ઉપર કર્મના આવરણ આવી જવાથી અનેક પ્રકારના પુદ્‌ગલો-જડ પદાર્થોનો સંયોગ થવો તે આવરણસ્વરૂપ વિકૃતિ હોવાથી દુઃખરૂપે જ ઓળખાય છે અને આવરણ ખસી જવાથી શુધ્ધ સુખસ્વરૂપ પ્રગટ થાય છે, પણ આવરણવાળા સંસારી જીવો જેને સુખ માને છે તેવી કોઈ આવરણસ્વરૂપ દુઃખ અને આવરણ રહિત શુદ્ધ સુખ સિવાય ત્રીજી વસ્તુ જણાતી નથી કે જેને શુદ્ધ સુખથી ભિન્ન સુખ

તરીકે માનવામાં આવે, માટે પૌદ્‌ગલિક સુખ જેને કહેવામાં આવે છે તે આવરણસ્વરૂપ દુઃખમાં જીવે કરેલો શુદ્ધ સુખનો આરોપ માત્ર છે.

જડ પદાર્થોની અસર થવાથી અંતઃકરણમાં હર્ષ, શોક, દિલગીરી, આનંદ, પ્રમોદ, ઉલ્લાસ આદિ જે વિકારો ઉત્પન્ન થાય છે તેને પૌદ્‌ગલિક સુખદુઃખ કહેવામાં આવે છે કે જે એક પ્રકારનો મોહનીયકર્મનો ઔદયિક ભાવ છે. તે જ્યારે લોગવાઈ રહે છે ત્યારે પૂર્વોક્ત વિકારો શાંત થઈ જાય છે. ભિન્ન ભિન્ન સમયે મોહનીયની ભિન્ન ભિન્ન પ્રકૃતિઓનો ઉદય હોવાથી વિકારોમાં પણ ભિન્નતા આવી જાય છે. કોઈ વખત હર્ષ થાય છે, તો કોઈ વખત શોક થાય છે, કોઈ વખત આનંદ થાય છે તો કોઇ વખત દિલગીરી થાય છે. આ બધાંયે વિકારોનો પૌદ્‌ગલિક સુખદુઃખમાં સમાવેશ થાય છે.

પૌદ્‌ગલિક વસ્તુઓનો સંયોગ એક સરખો હોવા છતાં પણ આવરણવાળો જીવ મોહનીયના ઉદયને લઇને એકમાં અનુકૂળતા અને ઇતર સંયોગમાં પ્રતિકૂળતા અનુભવે છે. જો કે અનુકૂળ સંયોગો પણ જીવના આનંદ તથા સુખસ્વરૂપને ઢાંકવાવાળા હોય છે તો પણ જીવ તેમાં સુખનો આરોપ કરે છે. પૌદ્‌ગલિક સંયોગોમાં અનુકૂળતા-પ્રતિકૂળતાનું અનિયમિતપણું છે. એક વ્યક્તિને એક વસ્તુ અનુકૂળ હોય છે ત્યારે તે વસ્તુ બીજાને પ્રતિકૂળ હોય છે. આ અનિયમિતપણાનું મૂળ કારણ કર્મોના ઉદયની વિચિત્રતા છે. જ્યારે મોહનીયનો સમૂળગો ક્ષય થઈ જાય છે ત્યારે ક્ષાયિકભાવને પ્રાપ્ત થયેલા સઘળા ય આત્માઓની એકસરખી દષ્ટિ થાય છે; કારણ કે તેમના આત્માઓ ઉપરના આવ-

રણો ખસી જવાથી આત્મિક સુખસ્વરૂપ પ્રગટ થાય છે અને સમ્યગ્જ્ઞાનનો વિકાસ થવાથી પૌદ્ગલિક વસ્તુઓના સત્યસ્વરૂપને ઓળખી લે છે. એટલે જડ પદાર્થોમાં તેમને સુખ-દુઃખ અનુકૂળતા-પ્રતિકૂળતા આદિ અસત્ભાવોનો અનુભવ થતો નથી, પરંતુ તેઓ આત્મસ્વરૂપ સાચા સુખનો અનુભવ કરવાવાળા હોય છે અને આ સુખ વિકૃતિસ્વરૂપ ન હોવાથી હંમેશાં રહેવાવાળું હોય છે, તેમજ પૌદ્ગલિક આરોપિત સુખની જેમ તારતમ્યતા વગરનું હોય છે, તેમજ અનુભવ પણ એકસરખો જ હોય છે.

શરીર ઉપર મેલ લાગવાથી આવતી દુર્ગંધને દૂર કરવાને માટે સુગંધી પદાર્થ ચોપડવામાં આવે છે. જ્યાં સુધી સુગંધી પદાર્થની અસર હોય છે ત્યાં સુધી દુર્ગંધ જણાતી નથી અને સુગંધ આવે છે પણ સુગંધી પદાર્થની અસર દૂર થઇ ગયા પછી દુર્ગંધ જેવી ને તેવી પ્રગટી નીકળે છે અથવા તો માથામાં કે પેટમાં સખત દુઃખાવો થતો હોય અને દવાનો ઉપયોગ કરવામાં આવે તો તે દવાની અસરથી તત્કાળ તો તે દુઃખાવો મટી જાય છે, પણ દવાની અસર દૂર થઇ ગયા પછી પાછો દુઃખાવો થવા માંડે છે. તેમજ પ્રતિકૂળ માનવામાં આવતાં પુદ્ગલોના સંસર્ગથી મનાતા દુઃખને દૂર કરવાને અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓને મેળવીને સુખ માનવામાં આવે છે, પરંતુ જ્યારે અનુકૂળ માનેલી પૌદ્ગલિક વસ્તુઓનો સંસર્ગ દૂર થઈ જાય છે ત્યારે પાછા પોતાને દુઃખી માને છે.

આત્માની સાથે પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ માત્ર દુઃખસ્વરૂપ છે, કારણ કે જ્યાં સુધી આત્મા, રૂપી જડની સાથે સંયોગ સંબંધથી જોડાયેલો હોય છે ત્યાં સુધી તેના સુખ, આનંદ, જ્ઞાન

આદિ ગુણો ઢંકાયલા રહે છે એટલે જડ સંયોગી આત્મા સુખ વગરનો હોવાથી દુઃખી કહેવાય છે, જેથી કરી તેને સુખ મેળવવા બીજા જડ પદાર્થોની જરૂરત પડે છે અને તે જડ પદાર્થો મેળવ્યા પછી તેમાં સુખનો આરોપ કરી પોતાને સુખી માને છે, પણ જ્યારે તે જડ પદાર્થનો વિયોગ થાય છે ત્યારે પાછો પોતે પહેલાં કરતાં બમણું દુઃખ મનાવે છે. જેમ કોઇને ખરજવું થયું હોય અને ખણજ આવતી હોય ત્યારે તે લાકડાની અણીથી કે તેવી જ કોઈ ધારવાળી વસ્તુથી ખણીને સુખ માને છે પણ ખણી રહ્યા પછી છોલાવાથી બળતરા થવાથી બમણો દુઃખી થાય છે, પણ જો ખરજવાને દવા કરી મૂળથી મટાડી દેવામાં આવે તો તે દુઃખથી મુકાઈ જઇને સુખી થાય છે અને ખણજનું દુઃખ મટાડી સુખો થવા ધારવાળી વસ્તુની પણ જરૂરત પડતી નથી, તેમજ તે વસ્તુઓના ઉપયોગથી થતું બમણું દુઃખ પણ ભોગવવું પડતું નથી, તેવી જ રીતે આવરણવાળા દુઃખી જીવને જડસ્વરૂપ કર્મોનો સર્વથા વિયોગ થવાથી સુખસ્વરૂપ પ્રગટ થઇ જાય છે કે જેથી કરીને સુખીને માટે ગ્રહણ કરવામાં આવતી પૌદ્ગલિક વસ્તુઓ કે જે પરિણામે બમણું દુઃખ આપે છે, અર્થાત્ આત્મિક સુખસ્વરૂપને બમણું ઢાંકી દે છે તેની જરૂરત પડતી નથી.

મોહના ઉદયવાળા જીવો સમતામાં સુખ માને છે ત્યારે મોહના ક્ષય કે ઉપશમવાળા જીવો સમતામાં સુખ માને છે. એક માણસ પાસે વસ્ત્ર ન હોય, મકાન ન હોય, ઘરેણાં ન હોય કે અન્ન ન હોય પણ બીજાની માલીકીની બધી ય વસ્તુઓ વિદ્યમાન હોય છતાં આ મારી નથી, એવું મનમાં હોવાથી પોતાને દુઃખી માને છે, પણ તે જ વસ્તુઓ પોતે મેળવે છે ત્યારે આ

વસ્તુઓ મારી છે, હું એનો સ્વામી છું, એવી માન્યતા પછી તે વસ્તુઓને વાપરે કે ન વાપરે તો પણ પોતાને સુખી માને છે. પણ પારકી વસ્તુઓ પોતે વાપરવા છતાં, આ વસ્તુ મારી નથી એવી ભાવનાથી સુખ માનતો નથી, માટે પૌદ્ગલિક સુખમાં મમતાની જરૂરત રહે છે. જે વસ્તુઓમાં મમતા હોય છે તેમાં જ સુખનો આરોપ કરે છે અને પોતાને એમ માને છે કે આ વસ્તુઓથી જ હું સુખી છું, તેમજ આ વસ્તુઓ નાશ પામશે તો હું દુઃખી થઇ જઈશ, એવી સમજણથી તે વસ્તુઓની રક્ષા કરવા નિરંતર કાળજી રાખે છે અને સુખથી વિમુખ થવાથી વંચિત ન રહી જવાય એટલા માટે હમેશાં તેમાં રાચ્યોમાચ્યો રહે છે. મોહનીયના ઉદયથી વસ્તુસ્થિતિનો અણજાણ હોવાથી મમતા દુઃખની વૃદ્ધિ કરનારી હોવા છતાં પણ સુખના માટે તેને કરવી પડે છે, પરંતુ તે વસ્તુના વિદ્યમાનપણામાં જ મમતાના સત્યસ્વરૂપ દુઃખનો અનુભવ થઇ જાય છે તો પણ તે વસ્તુમાં રહેલી આસક્તિને છોડતો નથી અને તે વસ્તુ નાશ થઇ જાય છે ત્યારે મમતાને લઇને ઘણો જ દુઃખી થઈ જાય છે.

કોઈ એક વિશાળ મકાનમાં વ્યાખ્યાન ચાલતું હોય, વક્તા અત્યંત આકર્ષક ભાષામાં વ્યાખ્યાન આપી રહ્યો હોય, વિષય પણ લોકપ્રિય હોય, શ્રોતાઓ પણ સાંભળવામાં મગ્ન બની ગયા હોય એવામાં કોઈ ત્યાં આગળ ગભરાયલે ચહેરે બૂમ મારતો આવે કે એક છોકરો મોટર નીચે દબાઇને મરી ગયો તો ત્યાં વ્યાખ્યાનમાં બેઠેલાઓમાંથી જેટલા છોકરાવાળાઓ હોય તે બધાયને 'મારો તો છોકરો નહીં હોય?' એવી મમતાને લઇને ચિંતા તથા દુઃખ થવાથી ત્યાંથી ઊભા થઇને બહાર દોડવાની તૈયારીમાં હોય અને એટલામાં કોઈ બીજો માણસ આવીને કહે

કે 'એ તો કોઈ કોળીનો છોકરો ભિખારી' છે. આ પ્રમાણે સાંભળતાવેંત ઊભા થઈને ઉતાવળથી જવાને તૈયાર થએલા માણસોનાં મનમાં 'આ તો કોઇ ભિખારી છે, અમારો છોકરો નથી' એવી વિચારણા થવાથી મમતા દૂર થતાંની સાથે જ ચિંતા અને દુઃખ પણ દૂર થઈ જાય છે. આવી જ રીતે આવા વ્યાખ્યાનના પ્રસંગે કોઈ આવીને કહે કે –'અમુક શેરીમાં આગ લાગી છે' તો તે શેરીમાં રહેનારા માણસોના મનમાં ચિંતા ઉત્પન્ન થવાથી જવાને તૈયાર થયા હોય એટલામાં કોઇ બીજો માણસ આવીને કહે કે 'એક કોળીનું છાપરું બળી ગયું છે' તો ચિંતાતુર માણસો 'અમારા ઘરમાં આગ નથી લાગી' એમ જાણ થતાંની સાથે જ ચિંતા રહિત થઇ જાય છે; પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો મમતા દુઃખને ઉત્તેજિત કરનારી છે, પણ સુખને ઉત્પન્ન કરનારી નથી, કારણ કે જે છોકરા અને ઘર ઉપર મમતા છે તે મરી જાય કે બળી જાય તો પુષ્કળ દુઃખ થાય છે પણ જે વસ્તુઓ ઉપર મમતા હોતી નથી તે મરે અથવા બળે કે નાશ પામી જાય તો પણ તે વસ્તુઓ માટે ચિંતા કે દુઃખ થતું નથી. છેવટે પરિણામમાં વસ્તુનું જે સ્વરૂપ બહાર તરી આવે તે વસ્તુ તે સ્વરૂપવાળી કહેવાય છે. વસ્તુમાં મમતા કરવાથી સુખનો આભાસ થાય છે પણ તે વસ્તુ નષ્ટ થવાથી મમતાનું સાચું સ્વરૂપ દુઃખ પ્રગટી નીકળે છે માટે મમતા દુઃખસ્વરૂપ છે પણ સુખસ્વરૂપ નથી.

પૌદ્ગલિક વસ્તુઓમાં થતાં વિચિત્ર પ્રકારના પરિવર્તનોથી કાંઈ જીવને સુખ–દુઃખનો અનુભવ થતો નથી પણ મોહનીય કર્મના વિકારસ્વરૂપ મમતાનો વસ્તુઓ સાથે સંબંધ થાય છે ત્યારે વિકૃતસ્વરૂપ સુખદુઃખનો પોતાનામાં આરોપ કરીને પોતાને

સુખી અથવા તો દુઃખી માને છે. જેમકેઃ એક માણસની દૂર દેશાવરમાં પેઢી ચાલતી હોય, અને પોતે વિશ્વાસુ વાણોતરોને પેઢી ભળાવીને દેશમાં રહેતો હોય. ભાગ્યજોગે પેઢીમાં મોટું નુકસાન આવવાથી પેઢીમાંનું સર્વસ્વ નાશ પામી ગયું હોય પણ જ્યાં સુધી પેઢીના માલીકને ખબર પડે નહિ ત્યાં સુધી તો તે પોતાના દેશમાં મારી પાસે ક્રોડોની સંપત્તિ છે, મારી પરદેશમાં પેઢી ચાલે છે, મારી પરદેશમાં સ્થવાર મિલકત પુષ્કળ છે, આવી મમતાથી પોતાને સુખી માની આનંદ ભોગવતો હોય છે; પણ સંપત્તિનો સર્વનાશ તેને કાંઇ પણ દુઃખ દેતો નથી, પરંતુ જ્યારે તે સાંભળે છે કે પરદેશની સંપત્તિ સર્વથા નાશ પામી ગઇ છે ત્યારે 'મારું સર્વ નાશ થઇ ગયું' એવી મમતાની પરિણતિ થવાથી પોતાનામાં દુઃખનો આરોપ કરીને પોતે દુઃખ મનાવે છે, માટે મોહનીયના ક્ષયોપશમવાળા જે કહે છે કે સમતામાં સુખ છે તે સર્વથા સત્ય છે; કારણ કે સમતા આત્મિક ગુણ છે, અને તે કર્મનો વિકાર ન હોવાથી શુદ્ધ સુખસ્વરૂપ છે, અને આત્મવિકાસસ્વરૂપ હોવાથી તેનું પરિવર્તન થતું નથી, અર્થાત્ આત્મિક સુખ આત્માનો શુધ્ધ સ્વભાવ હોવાથી નિરંતર સુખસ્વરૂપે જ રહે છે પણ નષ્ટ થતું નથી, તેમજ તેમાં હાનિ-વૃદ્ધિ પણ થતી નથી. હંમેશાં એકસરખું જ રહે છે. વિકારવાળી વસ્તુઓમાં હાનિ-વૃધ્ધિ તથા ક્ષણવિનશ્વરતા હોય છે પણ નિર્વિકાર વસ્તુઓમાં એમાંનું કશું ય હોતું નથી, માટે આવા આત્મસ્વરૂપ સાચા સુખને પ્રગટ કરવા મોહનીયના આવરણોને તોડી નાખવા જોઇએ, અને તે શાશ્વતું સુખ મેળવવાની ઇચ્છાવાળાનું અવશ્ય કર્ત્તવ્ય છે.

સત્સંગ.

(૨૩)

માનવીને સત્સંગની અત્યંત આવશ્યકતા છે, કારણ કે સત્સંગ સિવાય આત્મિક વિકાસ થઇ શકતો નથી માટે અસત્-સ્વરૂપ પૌદ્ગલિક વસ્તુઓને છોડી દઈને સત્સ્વરૂપ આત્માનો સંગ કરવો જોઇએ. સત્ એટલે ત્રણે કાળમાં વિદ્યમાન અખંડ જ્ઞાન, દર્શન, જીવન અને સુખસ્વરૂપી આત્મા જ છે અને જડ વસ્તુઓ ક્ષણવિનશ્વર હોવાથી અસત્ છે અને તે સૂક્ષ્મ પરમાણુઓના સંયોગસ્વરૂપ હોવાથી વીખરાઇ જવાના સ્વભાવવાળી છે, માટે તેનો સંગ ત્યાગવા યોગ્ય છે. અથવા તો પુદ્ગલાનંદીપણાથી પરાઙ્મુખ થઈને આત્મસ્વરૂપમાં મગ્ન રહેનારા વિષયવિરક્ત આત્માઓ સત્ કહેવાય છે. એવા પુરુષોનો સંગ તે સત્સંગ અને પરપૌદ્ગલિક વસ્તુઓમાં મગ્ન રહેનારા વિષયાસક્ત જીવો અસત્ કહેવાય છે. એવા જીવોનો સંગકુસંગ કહેવાય છે. સત્સંગી આત્માને પવિત્ર બનાવી શાશ્વતું સુખ મેળવી શકે છે અને કુસંગી આત્માને મલિન બનાવી માઠી ગતિઓના દુઃખોના ભોક્તા બને છે. સત્વસ્તુને ઓળખનારા અને તેની શ્રદ્ધા રાખનારા આત્માઓ જ સાચું બોલી શકે છે અને સાચી પ્રવૃત્તિ કરી શકે

છે. તેમજ તેમની સંગતમાં રહેનાર આત્માઓને સન્માર્ગે દોરીને તેમનું પરમ કલ્યાણ કરી શકે છે. આવા આત્માઓ સમ્યગ્જ્ઞાની હોવાથી વૈષયિક સુખોથી વિમુખ રહેલા હોય છે કારણ કે તેઓ સાચા સુખના અનુભવી હોવાથી વૈષયિક સુખને દુઃખરૂપે જ માને છે, જેથી કરીને તેમનો આત્મા ક્ષુદ્ર વૈષયિક વાસનાથી રહિત હોવાથી પોતાના આશ્રિતોને અવળે માર્ગે દોરતો નથી. સત્પુરુષો અનુભવજ્ઞાનવાળા હોવાથી તેમને પોથીના જ્ઞાનની ખાસ જરૂરત હોતી નથી. પોથીમાં લખેલાં જ્ઞાની પુરુષોના વિચારો મોહનીયકર્મના ક્ષય કે ક્ષયોપશમ વગરના જીવોને મોહનીયના ક્ષયોપશમ અથવા ક્ષય કરવાને માટે નિમિત્તભૂત થઇ શકે છે ખરા, પણ જેને મોહનીયનો ક્ષયોપશમ થવાથી મનોવૃત્તિમાં આત્મવિકાસનો પ્રકાશ પડતો હોય તેઓ પોથીઓ ન વાંચે તો પણ ચાલી શકે છે; કારણ કે તેમણે વાંચવા-ભણવાનું ફળ સમ્યગ્જ્ઞાન તે મેળવેલું હોય છે, તેમને સ્પર્શબોધ થયેલો હોય છે.

મોહનીયના ક્ષયોપશમ વગરના એકલા જ્ઞાનાવરણીયના ક્ષયોપશમવાળા આત્માઓ જે પુસ્તકો વાંચીને જ્ઞાનીપુરુષોના વિચારોને જાણે છે તેઓ મોહના દબાણને લઇને મિથ્યાભિમાનને તાબે થાય છે અને પોતે જ્ઞાની હોવાનો દાવો કરે છે, પરંતુ મહામોહના આવેશથી તેમની પ્રવૃત્તિઓ અજ્ઞાનતાની સૂચક હોય છે, અર્થાત્ રાગદ્વેષથી ભરપૂર અભણ માણસોની જેમ કષાય અને વિષયોથી કલુષિત થએલી હોય છે જેથી કરીને તેઓ અજ્ઞાની જ કહેવાય છે, છતાં વ્યવહારમાં માણસો તેમને વિદ્વાન કહીને બોલાવે છે. આવા કહેવાતા વિદ્વાનો અસત્ને આવકાર આપવાવાળા હોવાથી અને અસત્ના ઉપાસક હોવાથી સત્પુરુષોની પંક્તિમાં ભળી શકતા નથી. એવાઓની સંગતથી

કોઈ પણ વ્યક્તિ પોતાનું શ્રેય સાધી શકતી નથી. જ્યાં સુધી મોહનીયનો ક્ષય અથવા ક્ષયોપશમ કરીને સ્વરૂપરમણતારૂપ જ્ઞાન પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી પારકા જ્ઞાને જ્ઞાની બની શકાય નહીં. પારકા જ્ઞાને જ્ઞાની બનેલા પારકું જ્ઞાન બીજાને બતાવી તેમના કરેલા પૂજા, સત્કાર અને આવકારથી ફૂલાઇ જઈને પોતાના જાણપણાના મિથ્યાભિમાનથી બીજાના પ્રતિ તિરસ્કારની દૃષ્ટિથી જુવે છે તે એક પ્રકારની અધમતા છે. આવા પુરુષો પામર હોવાથી સત્ થઈ શકતા નથી.

સત્પુરુષોની નિરંતર સૌમ્ય અને નિર્વિકાર દૃષ્ટિ હોય છે. તેમની છાયામાં રહેનાર ગમે તેટલો પાપી અને દુરાચારો કેમ ન હોય છતાં પાપપ્રવૃત્તિ છોડી દઇને સદાચારી બને છે; કારણ કે સત્પુરુષોનો આત્મા પવિત્ર અને ઉચ્ચ કોટીનો હોય છે. એમને સંસારની કોઈ પણ વિકૃતિ અસર કરી શકતી નથી. એમનાં ભાવનાબળથી જ અનેક જીવોનું ભલું થઈ શકે છે. આવા પુરુષોના દર્શન માત્રથી પ્રાણીઓને પરમ શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે, તેમજ અજ્ઞાનતાથી થતાં મૂંઝવણો દૂર થઈ જાય છે. એમની વાણીમાં વિષયોનું વિષ દૂર કરવાની અજબ શક્તિ રહેલી હોય છે. આવા પુરુષોનો સંગ તે સત્સંગ કહેવાય છે, અને તે પોતાના આત્માને પવિત્ર બનાવી ભાવસંપત્તિ મેળવવાની ઇચ્છાવાળા અવશ્ય કરે છે. સાચા સંતપુરુષો વસ્તુ-સ્થિતિને જાણવાવાળા જ્ઞાની હોવાથી એમને કષાયવિષયો કનડતા નથી. પૌદ્ગલિક વસ્તુઓમાં ઇષ્ટાનિષ્ટપણું ન હોવાથી એમની કોઈ સ્તુતિ કરે કે નિંદા કરે બંને ઉપર સમદૃષ્ટિપણું હોય છે. સ્તુતિ કરવાથી હર્ષના આવેશમાં મિથ્યાભિમાનને તાબે થતાં નથી અને નિંદા કરવાથી દિલગીર થતાં નથી. તેમજ પોતાની

સ્તુતિ કરાવવા ખોટો ડોળ પણ કરતા નથી. કોઈ આદરસત્કાર કરો કે ન કરો તેની કાંઈ પણ પરવા રાખતા નથી. પોતે જે નામથી ઓળખાય છે તે દેહનું બનાવટી નામ રાખેલું છે, પણ આત્માનું નથી એમ સાચી રીતે જાણતા હોવાથી દેહની સાથે જ વિણસી જવાવાળા નામને અમર કરવા માટે માયા, પ્રપંચ તથા અસત્ય અથવા તો અસત્પદાર્થના આશ્રિત બની કિંમતી માનવજીવન વેડફી નાંખી આત્માને કર્મથી ભારે બનાવતા નથી.

અસત્ જડ પદાર્થોમાંથી જેમની મનોવૃત્તિઓ વિરામ પામી ગઈ છે એવા પૂજ્ય પુરુષો નિરંતર આત્મપરિણતિમાં રમનારા હોવાથી પરપરિણતિમાં રમવારૂપ વ્યભિચારથી મુક્ત હોય છે. પૌદ્ગલિક વસ્તુઓ પુદ્ગલને પોષે છે પણ આત્માને પોષતી નથી આવી તેમની અટલ શ્રદ્ધા હોવાથી જીવનમાં ઉપયોગી પૌદ્ગલિક વસ્તુઓનો અનાસક્તિપણે ઉપયોગ કરે છે, તેમને રસલોલુપતા હોતી નથી. આત્મકલ્યાણના સાધનભૂત દેહને ટકાવી રાખવા પૂરતો જ આહારાદિનો ઉપયોગ કરે છે. પ્રભુના માર્ગથી ભૂલા પડવાના ભયથી મોહનીયના ઔદયિક ભાવની પ્રેરણાની અસર થવા દેતા નથી અને હંમેશાં અપ્રમત્ત રહે છે. પોતાને આશ્રિત રહેલી અથવા તો પોતે જેના આશ્રયમાં રહેલાં હોય છે એવી પૌદ્ગલિક વસ્તુઓમાં મમતા ન હોવાથી તેના ક્ષણવિનશ્વર સ્વભાવ પ્રમાણે તેમાં થતાં પરિવર્તનથી જરા ય મૂંઝાતા નથી, પણ હમેશાં સમભાવમાં જ રહેલાં હોય છે. જન્મમરણની વિકટ સમસ્યાનો સાચી રીતે ઉકેલ કરેલો હોવાથી મૃત્યુથી ભયભીત થતાં નથી પણ તેનો અંત લાવવાને નિરંતર પ્રયાસવાળા હોય છે. આત્મદર્શનની ઉત્સુકતાવાળા હોવાથી અનાત્મ તત્ત્વની

વિચિત્ર પ્રકારની ખૂબીઓ નિહાળવાને વખત ગાળતા નથી. સંચિત અશુભના ઉદયથી અનેક પ્રકારના વિઘ્નો આવવા છતાં પણ નિરુત્સાહ બની સાધ્ય કાર્યમાં નબળાઇ જાહેર કરતા નથી. એમની મન, વચન, કાયાની પ્રવૃત્તિમાં ભિન્નતા હોતી નથી; કારણ કે ચૈતન્ય જગતમાં વિચરનારને જડ જગતના પદાર્થોની આવશ્યકતા હોતી નથી એટલે તેમને માયા, પ્રપંચ કે અસત્યના આશ્રિત બનવાની જરૂરત રહેતી નથી. જડ જગતમાં વિચરનારાઓનો આત્મા દુર્બળ થઈ ગએલો હોવાથી તેમના જીવન, આનંદ અને સુખ જડપદાર્થોના આશ્રિત બની જાય છે જેથી કરીને તેમને એક ક્ષણ પણ જડ પદાર્થ વગર ચાલી શકતું નથી. એટલા માટે તે જડ વસ્તુઓ મેળવવા તેમને અસત્ય તથા માયાપ્રપંચ કરવો પડે છે અને તેથી કરીને જ તેમના મન, વચન અને કાયાના વ્યાપારમાં ભિન્નતા આવી જાય છે.

મહાપુરુષો પોતે સત્‌ના સાથી હોવાથી નિરંતર સત્યનું જ અવલંબન લેનારા હોય છે, માટે તેઓ વસ્તુનું સત્યસ્વરૂપ જ પ્રરૂપે છે. અસત્‌સ્વરૂપ પાંચે ઇંદ્રિયોના વિષયોથી પરાઙમુખ હોવાથી તેમના વાસ્તવિક સ્વરૂપની સત્યતાને ગોપવતા નથી. પાંચે ઇંદ્રિયોના વિષયો આત્મસ્વરૂપને ઢાંકી દે છે માટે વિષયાનંદી જીવોને પરસ્વરૂપ જ સ્વસ્વરૂપે ભાસતું હોવાથી આત્મસ્વરૂપ સુખ તથા આનંદ મેળવી શકતા નથી, જેથી કરીને વિષયાનંદી જીવોને રાગદ્વેષને તાબે રહેવું પડે છે, કે જે એક અસત્ વસ્તુમાં અગ્રસ્થાન ભોગવે છે. આ બાબતનું સમ્યગ્‌જ્ઞાન સત્‌પુરુષોને હોય છે કે જેથી કરીને આનંદ તથા સુખ માટે વિષયની વાટે ગમન કરનારાઓને પાછા વાળીને સુખના માર્ગની સાચી દિશા બતાવે છે, અને એટલા માટે જ તેઓ નિઃસ્વાર્થી હોય છે. સ્વસ્વરૂપથી અણુજાણ પરસ્વ-

રૂપમાં રમનાર જ સ્વાર્થી હોય છે, કારણ કે વિષયોની તૃપ્તિ માટે પૌદ્ગલિક વસ્તુઓ મેળવવાની ઇચ્છા તે સ્વાર્થ અને તદનુસાર પ્રવૃત્તિ કરવી તે સ્વાર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. મહાપુરુષોને આવી પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા હોતી નથી; કારણ કે તેઓને જડના ધર્મોની સર્વથા અનાવશ્યકતા સમજાયેલી હોય છે અને નિઃસ્વાર્થી હોવાથી તેઓ માયાપ્રપંચથી મુક્ત હોય છે કે જેથી કરીને તેમને ક્ષુદ્ર વાસનાની તૃપ્તિને માટે લોકોની પાસેથી પૌદ્ગલિક સાધનો મેળવવા જ્ઞાની, ત્યાગી, તપસ્વી અને ધ્યાનીપણાનો ખોટો આડંબર કરવો પડતો નથી. અંતરાત્મદશામાં વિચરનારા સંતપુરુષોને કાંઇક અંશે આત્મિક સુખ તથા આનંદનો અનુભવ થયેલો હોવાથી બહિરાત્મદશાવાળાઓને પ્રિય પૌદ્ગલિક આનંદ તથા સુખને તુચ્છ સમજે છે એટલે તેમની મનોવૃત્તિઓ પૌદ્ગલિક વસ્તુઓ મેળવવા બાહ્યના જગતમાં ભટકતી નથી, પરંતુ અંતર્જગતમાં સ્થિરતાથી શાંતપણે રહેલી હોય છે, અને તેથી કરીને જ તેઓ સાચા આનંદના ભોક્તા હોય છે; કારણ કે સાચા આનંદ તથા સુખમાં વૃત્તિઓની ચંચળતા-અસ્થિરતા હોતી નથી. વૃત્તિઓને ચંચળ બનાવનાર મોહનીયનો ઔદયિકભાવ હોય છે અને તે પૌદ્ગલિક હોવાથી ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવસ્વરૂપ સુખ તથા આનંદ આત્મિક ધર્મને સ્પર્શી શકતો નથી. જેમ તળાવમાં પવનના સંસર્ગથી તરંગો ઊછળે છે તે એક વિકૃતિ હોય છે પણ પ્રકૃતિ હોતી નથી તેમ કર્મની પ્રેરણાથી થવાવાળી વૃત્તિઓની ચંચળતા તે વિકૃતિ છે પણ પ્રકૃતિ નથી; માટે જે સુખ તથા આનંદમાં ચંચળતા રહેલી છે તે વિકૃતિસ્વરૂપ સુખ કહેવાય છે, પ્રકૃતિસ્વરૂપ નથી કહેવાતું. અંતરાત્મદશાવાળામાં ક્ષાયોપશમિક ભાવ હોવાથી પ્રકૃતિસ્વરૂપ શુદ્ધ સુખના ભોક્તા હોય છે.

મહાપુરુષો વિષયોના આશ્રિત ન હોવાથી જ એમને ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો તથા હાસ્યાદિ નોકષાયોને આદરવાની જરૂરત હોતી નથી. કષાય–નોકષાયનો આદર વિષયોને માટે જ થાય છે. જો કે કષાય અને વિષય બંને ઓતપ્રોત રહેલાં છે, કારણ કે રાગદ્વેષનો સમાવેશ કષાયમાં થાય છે. જે જડ ધર્મસ્વરૂપ ઇંદ્રિયના વિષયોમાં રાગદ્વેષ હોય છે તેને વિષય તરીકે કહેવામાં આવે છે, પણ જે ઇંદ્રિયોના વિષયોમાં રાગ–દ્વેષના અભાવસ્વરૂપ સમભાવ હોય છે તે વિષય નથી કહેવાતા પણ વસ્તુનો બોધ માત્ર કહેવાય છે. મોહનીયના ક્ષયોપશમ કે ઉપશમવાળાને વસ્તુનો બોધ કરવા ઇંદ્રિયોની જરૂરત પડે છે પણ સર્વથા મોહનીયના ક્ષયવાળાને ઇંદ્રિયોની જરૂરત પડતી નથી, માટે સમભાવે ઇંદ્રિયોના વિષયોને ગ્રહણ કરવા તે બોધ અને વિષમભાવે ગ્રહણ કરવા તે વિષય. આવા વિષયને માટે રાગદ્વેષની જરૂરત પડે છે અને તે કષાયસ્વરૂપ હોવાથી વિષયા-નંદી આત્માઓ વિષય માટે કષાયનો આદર કરે છે, પણ વિષયવિરક્ત મહાત્માઓ કષાયથી મુક્ત હોય છે. સત્પુરુષો જ્ઞાન, દર્શન, ચારિત્ર, જીવન, સુખ આદિ પોતાની સાચી સંપત્તિ મેળવવાના કામી હોવાથી પારકી પૌદ્ગલિક સંપત્તિના નિરિચ્છક હોય છે; તેમજ અણસમજણમાં ગ્રહણ કરેલી પર-સંપત્તિને ત્યાગવાવાળા હોય છે, અને નવી પૌદ્ગલિક વસ્તુને ગ્રહણ કરતા નથી; કારણ કે તેઓ સમજે છે કે પૌદ્ગલિક વસ્તુઓ આત્મિક સંપત્તિ ખોયા સિવાય મળતી નથી અને એક વખત ખોયેલી આત્મિક સંપત્તિ પાછી મેળવતાં અત્યંત શ્રમ પડે છે, તેમજ ઘણા કાળ સુધી સંસારમાં રઝળવું પડે છે. આત્માને પોતાની પાસેથી સંપત્તિઓ ખોવાઈ ગયા પછી

પોતાના નિર્વાહ માટે પરાધીનતા ભોગવવી પડે છે; કારણ કે પારકી વસ્તુ વાપરવાની ઇચ્છાવાળા તે વસ્તુને આધીન થયા સિવાય વાપરી શકતો નથી તેમજ તે વસ્તુ નષ્ટ ન થાય તેની પણ તેને કાળજી રાખવી પડે છે; છતાં પરવસ્તુ ક્ષણવિનશ્વર હોવાથી છેવટે નષ્ટ થઈ જાય છે અને પોતાની સંપત્તિથી દરિદ્રી બનેલો આત્મા અનેક પ્રકારની આપત્તિવિપત્તિનો આશ્રિત બને છે. સંતપુરુષો મોહની શિખવણીથી મૂંઝાતા નથી, અર્થાત્ સુંદર મકાન, વસ્ત્ર, ઘરેણાં, ભોજન આદિ પાંચે ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થોમાં આસક્તિવાળા થતાં નથી, કારણ કે તેઓ પુદ્ગલસ્કંધોની રચનાથી જાણીતા હોય છે એટલે તેમને આત્મા સિવાય બીજે કયાંય પણ સુંદરતા જણાતી નથી. આત્મા સ્વભાવથી જ સત્–સત્ય અને સુંદર હોય છે અને તે જ્ઞાનદૃષ્ટિથી જોનાર જ્ઞાની પુરુષોને સાચી રીતે જણાય છે. આંખોથી જોનારને આત્મામાં જે સુંદરતા–અસુંદરતા, સારા–નરસાપણું આદિ વિકૃતિ જણાય છે તે આત્માની નથી પરંતુ કર્મજન્ય છે અને તે પુદ્ગલસ્વરૂપ છે. આત્મસ્વરૂપ જ્ઞાનથી જણાય છે, પણ આંખોથી જણાતું નથી અને એટલા માટે જ ઇંદ્રિયોથી વસ્તુનું સાચું સ્વરૂપ જાણી શકાતું નથી, કેવળ ઇંદ્રિયોથી જડ પદાર્થોનું સત્ય સ્વરૂપ જાણી શકાય, નહી તો પછી ચૈતન્યનું સાચું સ્વરૂપ કેવી રીતે જાણી શકાય ? ચૈતન્ય અખંડ નિર્વિકાર જ્ઞાનસ્વરૂપ છે અને જડ પદાર્થ પરમાણુઓના સ્કંધસ્વરૂપ છે. જડ વસ્તુના સ્કંધોમાં નિરંતર મળવાપણું અને વિછડવાપણું થયા કરે છે એટલે હમેશાં એક રૂપે રહેતા નથી, પરંતુ દરેક ક્ષણે પરિવર્તનશીલ હોય છે; ત્યારે આત્મા નિરંતર જ્ઞાનસ્વરૂપ રહેવાવાળો છે. જો કે આત્મામાં પરિવર્તનપણું છે પરંતુ તે સ્વરૂપે નથી પરરૂપે છે અને પૌદ્ગલિક

સ્કંધોમાં સ્વરૂપથી પરિવર્તનપણું રહેલું છે, માટે અસ્થિર સ્વભાવવાળી પૌદ્ગલિક વસ્તુઓનું સ્વરૂપ આંખોથી જોનારાને અસત્ય ભાસવાથી વ્યામોહ પમાડે છે, જેથી કરીને આત્મસ્વરૂપ ભૂલી જઈને પરસ્વરૂપમાં આસક્ત થાય છે અને તેને મેળવવા નિરંતર પ્રયત્ન કરે છે, ત્યારે સત્પુરુષો આત્મસ્વરૂપને પ્રગટ કરવા પ્રયાસ કરે છે; કારણ કે એમને આત્મસ્વરૂપની ઓળખાણ હોય છે એટલે ક્ષણવિનશ્વર વસ્તુઓમાં મૂંઝાતા નથી. આવા સત્પુરુષોનો મહિમા અવર્ણનીય છે. જેઓ આવા સત્પુરુષોના સમાગમમાં રહે છે તેઓ અવશ્ય પોતે સત્ બની શકે છે અને કષાયોથી મુક્તિ મેળવી શકે છે. અનેક પ્રકારની આપત્તિવિપત્તિનો સામનો કરવાનું બળ મેળવી શકે છે. વસ્તુ માત્રનું સાચું સ્વરૂપ ઓળખીને આત્મિક વિકાસ સાધી શકે છે. ગમે તેવા વિકટ સંયોગોમાં મૂંઝાતા નથી. કર્મના વિચિત્ર પ્રકારના ઉદયમાં ધૈર્યતાથી ડગતા નથી અને પૌદ્ગલિક વસ્તુઓમાં ઇષ્ટાનિષ્ટપણાનાં અભાવે વિષમભાવને પ્રાપ્ત થતા નથી પણ સમભાવમાં રહે છે. સત્સંગના પ્રભાવથી અજ્ઞાનતાથી થતી અશાંતિ ટાળીને શાંતિ પ્રાપ્ત કરી શકે છે. ક્ષુદ્ર વાસનાઓથી વાસિત અંતઃકરણને શુદ્ધ બનાવી શકે છે કે જેથી કરીને ત્રિવિધ તાપ મટાડીને કલેશથી રહિત થઈ જાય છે. ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા આદિ સદ્ગુણોને પ્રગટ કરી શકે છે. મમતા રહિત થવાથી દુઃખોથી પણ મુકાઈ જાય છે. જેને દેહને આશ્રયીને કોઇપણ પ્રકારનો સ્વાર્થ સાધવો હોય, પછી તે ધન-સંપત્તિ મેળવવાનો હોય કે ક્ષુદ્ર વાસના સંતોષવાનો હોય તેને માટે તો સત્સંગ-કુસંગ જોવાની જરૂરત રહેતી નથી. ઘણું કરીને તો પૌદ્ગલિક સ્વાર્થ કુસંગથી સાધી શકાય છે; કારણ કે પુદ્-

ગલાનંદી વિષયાસક્ત જીવોની સંગતથી વૈષયિક સુખના સાધનો મેળવી શકાય છે. અસત્ પદાર્થનો આદર કરનારા જ પોતાની ક્ષુદ્ર વાસના સંતોષવાને પોતાના આશ્રિતોની મનોકામના સફળ કરી શકે છે પણ સત્પુરુષો અસત્ પદાર્થથી પરાઙ્મુખ હોવાથી સ્વાર્થી જીવોને સંતોષ પમાડી શકતા નથી; માટે જ દેહાશ્રિત પૌદ્ગલિક આનંદ મેળવવાને માટે કુસંગ અત્યંત ઉપયોગી નિવડે છે, પરંતુ આત્મવિકાસ કરવાને માટે, આત્મિક સાચી સંપત્તિ જ્ઞાન, દર્શન, જીવન, સુખ તથા આનંદ મેળવવાને માટે તેમજ શાંતિ, સમતા, સમભાવ, સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ધર્મની પ્રાપ્તિના માટે તો સત્સંગ જ ઉપયોગી નિવડી શકે છે; કારણ કે સત્વસ્તુને ઓળખનારા અને તેનો આદર કરનારા સત્પુરુષો જ હોય છે અને એવા પુરુષો જ અસત્ માર્ગે વળેલાને સન્માર્ગે લાવી શકે છે. સંસારની શેરીઓમાં ભટકતાને શાશ્વતા સિદ્ધિસ્થાને પહોંચાડી શકે છે અને જન્મ, જરા, મરણના ત્રાસમાંથી છોડાવી શકે છે; માટે મુમુક્ષુ આત્માર્થી જીવોએ સાચા સત્પુરુષોની ગવેષણા કરીને તેમનો અવશ્ય સંગ કરવો, પરંતુ અસત્સંગ તો કદાપિ કરવો નહીં; કારણ કે અસત્સંગથી આત્માનું અહિત થાય છે માટે અસત્ જીવોથી સદા સર્વદા દૂર રહીને સત્પુરુષોના ચરણોમાં જ દેહથી મુક્તિ મેળવવી.

ગુણાનુરાગ.

(૨૪)

સંસારમાં ઘણાખરા માનવીઓ ગુણાનુરાગી બનવું પસંદ કરે છે અને તે ગુણી બનવાની ઇચ્છાવાળાનું મુખ્ય કર્ત્તવ્ય છે; પરંતુ ગુણની સાચા ઓળખાણ ન હોવાથી ગુણને બદલે અવગુણ જ મેળવે છે, માટે ગુણ શું વસ્તુ છે તેને સારી રીતે ઓળખ્યા પછીથી જ તેના અનુરાગવાળા થવું જોઇએ. જેના સંસર્ગથી અનીતિ અને અધર્મને માર્ગે દોરવાઇ જઇને આત્માનો અધઃપાત થતો હોય તો તે ગુણી નથી પણ અવગુણી છે. આવા અવગુણો મેળવવા છતાં પણ જો તેઓ ગુણાનુરાગી-પણાનો દાવો કરતા હોય તો તેઓ ગંભીર ભૂલ કરે છે. ગુણી માણસના સંસર્ગથી દુરાચારી સદાચારી થાય છે પણ સદાચારી દુરાચારી થતો નથી.

ગુણ બે પ્રકારના હોય છેઃ એક તો મોહનીયકર્મના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમથી થવાવાળો આત્મવિકાસસ્વરૂપ હોય છે અને બીજો પુન્યકર્મજન્ય. આ બન્ને પ્રકારના ગુણોમાંથી

આત્મવિકાસસ્વરૂપ ગુણ સાચો અને સર્વોત્કૃષ્ટ હોય છે. આવા સમતા, સમભાવ, શાંતિસ્વરૂપ રમણુતા આદિ ગુણોને ગ્રહણ કરવાવાળા આત્માનંદી પુરુષોનો અનુરાગ કરવાવાળા અવશ્ય પોતાના આત્માને ગુણી બનાવી પરમકલ્યાણ સાધી શકે છે. દુનિયાની આપત્તિ-વિપત્તિ અને ઉપાધિથી બળેલા અને દુરાચારીઓના સહવાસથી અધઃપતનને માર્ગે વળેલા ભાવીના અનિષ્ટથી બચી જઇને શાંતિ મેળવી સદાચારી બની શકે છે અને પોતાના આત્માને ઉન્નત બનાવી શકે છે.

ગુણ અને ધર્મમાં શબ્દાંતર છે પણ અર્થાંતર નથી. વસ્તુમાત્રના સ્વભાવને ધર્મ કહેવામાં આવે છે; જેમ કે અગ્નિનો સ્વભાવ દાહકતા, પાણીનો સ્વભાવ શીતળતા, સાકરનો સ્વભાવ મીઠાશ, કરિયાતાનો સ્વભાવ કડવાશ તેમ જ આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન, જીવન, સુખ અને જડનો સ્વભાવ વર્ણ, ગંધ, રસ વ. વ. આ પ્રમાણે વસ્તુનો સ્વભાવ તે ધર્મ અને ધર્મ તે જ ગુણ. સ્વભાવ, ધર્મ અને ગુણ ત્રણે એક જ વસ્તુ છે. ફક્ત નામ જ જુદા છે પણ વસ્તુની સાથે તો સ્વરૂપ સંબંધથી રહેવાવાળા છે. વસ્તુને ધારણ કરી રાખે તે ધર્મ, વસ્તુનું અસ્તિત્વ જાળવી રાખે તે સ્વભાવ અને વસ્તુને ઓળખાવે તે ગુણ. જેને મિષ્ટાન્ન બનાવવાની ઇચ્છા થાય છે તે મીઠાશ માટે સાકરને ચાહે છે, જેને તાવ મટાડવાની ઇચ્છા હોય છે તે કરિયાતાને ચાહે છે, જેને તરસ મટાડવાની ઇચ્છા થાય છે તે પાણીને ચાહે છે તેવી જ રીતે જેને સમ્યગ્જ્ઞાન, દર્શન આદિ આત્મિક ગુણો મેળવવાની ઇચ્છા થાય છે તે જેણે સમ્યગ્જ્ઞાન, દર્શન, સમભાવ આદિ આત્મિક ગુણોનો વિકાસ કર્યો હોય એવા વિકાસી પુરુષોને ચાહે છે; પણ તેથી વિપરીત ગુણ-ધર્મવાળાને ચાહતા નથી. કદાચ

અણજાણપણે વિપરીત ગુણ-ધર્મવાળી વસ્તુ ચાહનાપૂર્વક ગ્રહણ થઈ ગઈ હોય તો કંઈક વિરૂપ પરિણામનો અનુભવ થતાંની સાથે જ મળની જેમ તે વસ્તુનો ત્યાગ કરે છે કે જેને પછીથી કોઈ પણ વખત સ્મરણમાં લાવતો નથી; એટલું જ નહિ પણ ઇચ્છિત ગુણ મેળવવાની ઇચ્છાથી બીજી કોઈ વ્યક્તિ તે વસ્તુને ગ્રહણ કરતી હોય તો તેને અટકાવે છે.

માનવજાતિરૂપ વિભાવ-પર્યાયમાં વિચરતા આત્માઓ ગુણને ઉદ્દેશીને એકબીજા ઉપર અનુરાગવાળા થાય છે, પણ ગુણ-અવગુણના વિવેકશૂન્ય ઘણાખરા જીવો પોતાની અભ્યંતર અને બાહ્ય બન્ને પ્રકારની સંપત્તિ ખોઇને અવગુણ મેળવે છે, અને ઉભય લોકથી ભ્રષ્ટ થઈને પોતાનું ઘણું જ અહિત કરે છે. જેઓ ગુણ-અવગુણનું અંતર જાણે છે તેઓ ગુણાભાસને લઈને અનુરાગવાળા થયા હોય તો પણ અવગુણનો અનુભવ થતાં તુરત વિરક્ત થઈ જાય છે, પણ અવગુણને વળગી રહી કદાગ્રહ સેવતા નથી અને એટલા માટે જ તેઓ સાચા સદ્‌ગુણીના અનુરાગી થઇને સદ્‌ગુણો મેળવી આત્માને વિકાસી બનાવી શકે છે,

મોહનીયના ઉપસમભાવથી પ્રગટ થયેલા આત્મિક ગુણવાળાના કષાય-વિષય ઉપશમી જવાથી અવગુણસ્વરૂપ અધર્મમાં પ્રવૃત્તિ હોતી નથી. જેથી કરીને ગુણ મેળવવા આશ્રિત બનેલા જીવો અશુભકર્મથી બંધાતા નથી; પણ મોહનીયના ઉપશમ વગર નામકર્મની પુન્ય પ્રકૃતિથી તો અન્ય કર્મના ક્ષયોપશમથી વ્યવહારમાં ઓળખાતા કર્મજન્ય ગુણો જેમ કેઃ રૂપ, સુસ્વર, યશ, સારું સંઘયણ, વિદ્વત્તા, લૌકિક સત્ય, લૌકિક પરોપકૃતિ વ. વ. પોતાના ગુણાનુરાગીને મોહની તીવ્રતાને લઇને ગુણી આત્મવિકાસી બનાવી શકતા નથી પણ કંઈક અંશે જો મોહ-

નીયનો ક્ષયોપસમભાવ સાથે હોય તો પુન્યબંધના કારણ થઈ શકે છે; નહિ તો અવગુણો પ્રાપ્ત કરાવી કુમાર્ગે દોરી જનારા નિવડે છે; કારણ કે લૌકિક સત્યતા, લૌકિક પરોપકારીતા, વિદ્વત્તા કે ઇતર પુન્ય પ્રકૃતિજન્ય ગુણો, વિષયલોલુપતાપણું કે જડાસક્તપણાથી મુક્ત હોતા નથી. જેથી કરીને આવા ગુણોવાળી વ્યક્તિઓ પોતાના અનુરાગીઓ પાસેથી પોતાની ક્ષુદ્ર વિષયવાસના પોષવાને તેમને અવળે માર્ગે દોરી જાય છે; અને અનુરાગગ્રસ્ત આશ્રિતોની અનિચ્છા હોવા છતાં પણ અનુરાગથી અવળે માર્ગે દોરાય છે. અને જો અનુરાગી મોહના ઉપશમવાળા હોય તો આવા ગુણાભાસ અવગુણવાળાથી વિરક્ત બનીને અળગા થઈ જાય છે.

મોહના દાસ બનેલા વિષયાભિનંદી જડાસક્ત વિદ્વાનો, સત્યવાદીઓ, પરોપકારીઓ અથવા તો સમતા, સમભાવ, ત્યાગી, ધ્યાની, આત્માનંદી આદિ વિકાસસ્વરૂપ સાચા ગુણોનો ડોળ કરીને કહેવાતા ગુણવાનોના અનુરાગીઓ પ્રાયઃ કરીને અનીતિના માર્ગે વળેલા દૃષ્ટિગોચર થશે; એટલું જ નહિ પણ ધર્મ, આત્મિક ગુણ મેળવવાના માર્ગથી પરાઙ્મુખ થઈને અધર્મ-આત્મિક ગુણોને રોકનાર વિષયાસક્તપણાની વાટે વળીને અને જડાસક્ત અવગુણોને મેળવીને આનંદ મેળવશે; કારણ કે ઉપશમભાવ વગરના જડાસકત ગુણવાનો મંદતમ ઉપશમવાળા અનુરાગીઓની ધર્મશ્રદ્ધાને પોતાની વાસના તૃપ્ત કરવાને માટે કુયુક્તિઓ કરીને ફેરવી નાખવા પ્રયાસ કરે છે. જેમાં તેઓ સારી સફળતા મેળવી શકે છે; કારણ કે અનુરાગમાં આંધળો થયેલો પૂર્ણ વિશ્વાસુ હોવાથી તરત ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ થઇને અધર્મના માર્ગે દોરાય જાય છે. આવા આંધળા અનુરાગીઓ મંદતર

ઉપશમભાવના અંશથી પોતાનું અહિત જાણવા છતાં પણ અવકૃપાના ભયથી પોતે મેળવેલા ગુણવાનોને આધીન થાય છે. પ્રથમ તો તેમને અનીતિના માર્ગે જતાં કાંઇક ગ્લાનિ થાય છે; પણ પછીથી તેઓ ટેવાઇ જવાથી નિર્ધ્વંસ પરિણામવાળા થઇ જાય છે; કારણ કે નિરંતર અવગુણીના સહવાસથી તેમના અંદર રહેલી ધર્મભાવના સર્વથા ભૂંસાઈ જાય છે. જેથી કરીને અનીતિ અને અધર્મના કાર્યોમાં પ્રવૃત્તિ કરતાં તેમને જરાએ ઘૃણા આવતી નથી, તેમજ તેમનું હૃદય કઠણ થઈ ગયેલું હોવાથી પાછળથી તેમને પશ્ચાત્તાપ પણ થતો નથી. આવા જીવો ભવિષ્યમાં જ્યારે આપત્તિગ્રસ્ત થાય છે ત્યારે જ તેમની આંખો ઊઘડે છે.

વકતૃતા બોલવાની છટા, સુંદર રૂપ, સારો કંઠ આદિ પુણ્યપ્રકૃતિજન્ય કહેવાતા ગુણોથી આકર્ષાઇને જેઓ મોહિત થાય છે, તે મોહના ઉદયથી થવાવાળો એક પ્રકારનો અપ્રશસ્ત રાગ છે. એટલા માટે જ એમને મોહિત થયેલા કહેવામાં આવે છે, પણ અનુરાગવાળા થયા છે એમ કહેવામાં આવતું નથી, અને જપ, તપ, વૈરાગ્ય, સંયમ, ત્યાગ આદિનો આદર કરનારાઓના પ્રત્યે પૂજ્યભાવે નમ્રતા ધારણ કરનારા હોય, (પછી તે જપ–તપ આદિ ઉપસમભાવના હોય કે ડોળમાત્ર હોય) તેઓ અનુરાગી કહેવાય છે; પણ મોહિત થયેલા કહેવાતા નથી; કારણ કે જપ–તપ આદિ આત્મિક ગુણો મેળવવાના સાધન છે. તેમાં આત્મિક ગુણોનો આરોપ કરીને ગુણ તરિકે માનીને અનુરાગ કરવામાં આવતો હોવાથી ગુણાનુરાગ કહેવાય છે, અને તેમાં મોહનો ઉપશમભાવ રહેલો હોવાથી નિર્વિકાર હોય છે. આત્મગુણાનુરાગી ઉપશમભાવ વિના થઇ શકાતું નથી. મોહનીયથી ભિન્ન કર્મોના ક્ષયોપશમથી કે પુન્ય પ્રકૃતિજન્ય કહેવાતા ગુણોના રાગી થવું

તે મોહિત થવું કહેવાય છે અને તે મોહના ઉદયથી થાય છે, માટે જ તે વિકારવાળું હોય છે. જે કહેવાતા ગુણોથી મોહિત થાય છે તે ઘણું કરીને અનીતિ તથા અધર્મના માર્ગે દોરવાઈ જાય છે; તેમજ ઔદયિક ભાવવાળા, જગતમાં વખણાતા કર્મજન્ય ગુણોવાળા પણ પોતાના ઉપર મોહિત થયેલાને અધર્મ તથા અનીતિના માર્ગે દોરી જાય છે ત્યારે ઉપશમભાવે આત્મિક ગુણોથી ગુણી બનેલાના અનુરાગીઓ ધર્મના માર્ગે ગમન કરનારા હોય છે; કારણ કે સાચા ગુણી મહાપુરુષો પોતાના અનુરાગીઓને સાચા ગુણી બનાવવાની ભાવના અને પ્રયાસવાળા હોય છે. સાચા ગુણી અને ગુણાનુરાગી બંને ઉપશમભાવવાળા હોવાથી નિર્વિકાર હોય છે, જેથી કરીને બન્ને ગુણોના વિકાસ કરીને પોતાનું શ્રેય સાધી શકે છે. ત્યારે ઔદયિક ભાવે ગુણી બનેલા અને તેના ઉપર મોહિત થએલા બન્ને અવગુણોને વધારીને પોતાનું અકલ્યાણ કરનારા હોય છે; કારણ કે બંને સવિકાર હોવાથી એકબીજા ઉપર મોહિત થયેલા હોય છે, એટલે તેઓ સાચા ગુણાનુરાગથી વેગળા રહે છે.

જ્યાં ગુણાનુરાગ હોય છે ત્યાં ધર્માનુરાગ હોય છે, અને જ્યાં ધર્માનુરાગ હોતો નથી ત્યાં ગુણાનુરાગ પણ હોતો નથી; કારણ કે ઉપર બતાવ્યા પ્રમાણે ગુણ અને ધર્મમાં અંતર નથી. એટલા માટે જેઓ ગુણી હોય છે તેમનામાં મોહનીયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ અવશ્ય હોય છે, જેથી કરીને તેઓ જડાસક્તિથી મુક્ત હોવાથી આત્માનંદી હોય છે. માટે જ તેઓ સાચા ગુણી હોવાથી ધર્મી તરીકે ઓળખાય છે. આવા પુરુષોનો અનુરાગી આત્મધર્મથી પરાઙ્મુખ હોતો નથી; કારણ કે આત્મગુણાનુરાગીને પુદ્ગલના ગુણો ગમતા નથી, એટલે તેઓ પૌદ્ગલિક ગુણોની

રુચિવાળા હોતા નથી અને એટલા જ માટે અધર્મના માર્ગે દોરવાતા નથી. સંસારમાં જેટલા જીવો મોહનીયના તીવ્ર ઉદયવાળા હોય છે તેઓ પુદ્ગલાનંદી જડાસક્ત હોય છે, અને જેઓ જડાસક્ત હોય છે તે વિષયતૃપ્તિ માટે અવશ્ય અધર્મના માર્ગે ગમન કરનારા હોય છે. પાંચે ઇંદ્રિયોને પ્રિય જડના ગુણધર્મના રાગી બનવું તે આસક્તિ અને તે ગુણાનુરાગ નહિ પણ વિષયાનુરાગ કહેવાય છે. જેઓ વિષયાનુરાગી હોય છે તેઓ ધર્માનુરાગી હોતા નથી, જેથી કરીને તેઓ જ્ઞાનાદિ ગુણોનો વિકાસ કરી શકતા નથી.

સંસારમાં બે ધર્મ છેઃ એક તો ચૈતન્ય ધર્મ અને બીજો જડધર્મ. જડધર્મમાં આસક્ત બનીને તેને મેળવવા પ્રયાસ કરવો તે અધર્મની પ્રવૃત્તિ કહેવાય છે અને જ્ઞાન, દર્શન, સમભાવ આદિ ચૈતન્યધર્મના રાગી બનીને તેનો વિકાસ કરવા પ્રયાસ કરવો તે ધર્મની પ્રવૃત્તિ કહેવાય છે. આત્મિક ધર્મનો વિકાસ કરવા, વિકાસો પુરુષોના ઉપર અનુરાગ કરનારા ગુણાનુરાગી ધર્મી તરીકે ઓળખાય છે અને કોઈ પણ ઇંદ્રિયના વિષયની તૃપ્તિ માટે વિલાસી પુરુષોના ઉપર આસક્ત થનારા વિષયાનુરાગી અધર્મી તરીકે ઓળખાય છે. જે પ્રવૃત્તિ કરવાથી જ્ઞાન, દર્શન, વિષયવિરક્તપણું, સમભાવ આદિ આત્મિક ગુણોનો વિકાસ થાય તે ધાર્મિક પ્રવૃત્તિ અને એવી પ્રવૃત્તિ કરનારા ધર્મી અને જે પ્રવૃત્તિથી આત્મિક ગુણો ઢંકાઈ જઈને વિસમભાવ, અજ્ઞાન, વિષયાસક્તપણું, પુદ્ગલાનંદીપણું આદિ પ્રાપ્ત થાય તે અધર્મની પ્રવૃત્તિ અને એવી પ્રવૃત્તિ કરનારા અધર્મી કહેવાય છે. અર્થાત્ આત્મધર્મ છોડીને પરધર્મ સેવવો તે અધર્મ; કારણ કે પરધર્મ સેવવાથી આત્મધર્મ ઢંકાઈ જાય છે, માટે તેને અધર્મ કહેવામાં આવે છે. અને

પર-જડધર્મનો ત્યાગ કરીને આત્મધર્મનું સેવન કરવું તે ધર્મ. સ્વ-ધર્મનું સેવન અને પરધર્મનો ત્યાગ કરવાથી આત્મધર્મનો વિકાસ થાય છે, માટે જ તે ધર્મ કહેવાય છે. મોહના ઉપશમભાવવાળા આત્મધર્મપ્રિય જીવો આત્મધર્મના વિકાસને માટે ઉપશમ-ભાવવાળા જીવોના અવશ્ય અનુરાગી બને છે, માટે એવા જીવો ગુણાનુરાગીની પંક્તિમાં ભળી શકે છે. પર-જડધર્મપ્રિય વિલાસી જીવો ક્ષણિક પૌદ્ગલિક સુખ તથા આનંદ માટે પૌદ્ગલિક ઉપા-ધિને ધારણ કરનારા વિલાસપ્રિય આત્માઓમાં આસક્ત થાય છે તેઓ ગુણાનુરાગીની પંક્તિમાં ભળી શકતા નથી કારણ કે વિકાસ ગુણ છે, પણ વિલાસ ગુણ નથી, આસક્તિ છે. ચૈતન્ય જગ-તમાં આત્મસ્વભાવ-ધર્મને ગુણ માનવામાં આવે છે પણ આત્મવિભાવ અથવા તો જડના સ્વભાવ-ધર્મને ગુણ માનવામાં આવતો નથી. જે આત્માનો વિભાવ છે તે મોહનીય આદિ કર્મથી ઉત્પન્ન થયેલો એક પ્રકારનો વિકાર છે માટે ગુણ નથી, કારણ કે તે કોઇ શુદ્ધ દ્રવ્યનો ધર્મ નથી અને જડનો ધર્મ આત્માથી ભિન્ન છે, આત્મધર્મનો ઘાતક છે તેમજ વિકૃતિસ્વરૂપ છે, માટે ગુણ નથી પણ નિર્વિકાર જ્ઞાન, દર્શન, સમભાવ આદિને જ આત્મવિકાસ મેળવનારાઓએ ગુણ માનીને તેના અનુરાગી થવું જોઇએ. જેમ ઇંદ્ર, શચિપતિ, સહસ્રાક્ષ, વિશિષ્ટદેવને ઓળખાવનારા નામાંતરો છે, તેમ સ્વભાવ, ધર્મ, ગુણ આત્મદ્રવ્યને ઓળખાવનારા નામાંતરો છે એમ ઉપર સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જ્ઞાન, દર્શન, જીવન, સુખ, ક્ષમા, સમભાવ આદિ આત્માના ગુણ કહેવાય છે; તેમજ સ્વભાવ અને ધર્મ પણ કહેવાય છે. આત્મદ્રવ્યમાં ઉપાધિને લઇને ભેદ પડે છે. મોહનીય આદિ કર્મના આવરણવાળા

આત્માઓ વિભાવદશાને પ્રાપ્ત થયેલા કહેવાય છે, માટે એવા આત્મામાં ઉત્પન્ન થયેલા ગુણને વૈભાવિક ગુણ કહેવામાં આવે છે અને તે વિકૃત સ્વરૂપવાળા હોવાથી સ્વાભાવિક ગુણોથી ભિન્ન સ્વરૂપવાળા હોય છે. સ્વાભાવિક ગુણો દ્રવ્યસ્વરૂપ હોવાથી દ્રવ્યનું અસ્તિત્વ હોય ત્યાં સુધી રહેવાવાળા હોય છે ત્યારે વૈભાવિક ગુણ પરિવર્તનશીલ હોય છે. જેમ પાણીનો સ્વાભાવિક ગુણ શીતળતા હોય છે અને અગ્નિનો ગુણ ઉષ્ણતા–દાહકતા હોય છે. જ્યારે પાણી ચૂલા ઉપર મૂકીને નીચે દેવતા સળગાવવામાં આવે છે ત્યારે બન્ને વિરોધી ગુણ ધર્મવાળા હોવા છતાં પણ બન્ને સંયોગ સંબંધથી ભળી જાય છે. ત્યારે બન્ને વિભાવદશાને પ્રાપ્ત થવાથી અગ્નિમાં બાળીને રાખ કરવું, પ્રકાશ કરવો અને પાણીનો શીતળતા આપવા વ. વ. જે સ્વાભાવિક ગુણો છે તે ઢંકાઈ જાય છે અને વૈભાવિક ગુણ પ્રગટ થાય છે કે જે બાળીને ભસ્મ કરવા સ્વરૂપ કે પ્રકાશ કરવા સ્વરૂપ હોતો નથી; તેમજ શીતળતા સ્વરૂપ હોતો નથી. એવી જ રીતે વિરોધી ધર્મવાળા આત્મા અને પૌદ્ગલિક કર્મનો સંબંધ થાય છે ત્યારે વૈભાવિક ગુણ ઉત્પન્ન થાય છે; કે જે ગુણ બન્ને દ્રવ્યોમાંથી કોઇનો પણ સ્વાભાવિક હોતો નથી અને તેને વિભાવ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે બન્ને દ્રવ્યો અલગ થઈ જાય છે ત્યારે આત્માના સ્વાભાવિક જ્ઞાન, દર્શન, સમભાવ આદિ ગુણોનો વિકાસ થાય છે, કે જે ગુણોના અનુરાગીને વિકાસી બનાવી શકે છે; માટે જેઓ કષાય, વિષય આદિ આશ્રિત વૈભાવિક ગુણોના અનુરાગી થઈને ગુણાનુરાગી હોવાનો દાવો કરે છે તેઓ ભૂલ કરે છે અથવા તો તેમની અજ્ઞાનતા છે; કારણ કે આવા પોતાને ગુણાનુરાગી માનનારાઓના અંદર વિષયાદિનો ઉપશમ–

ભાવ જોવામાં આવતો નથી, પણ વિશેષતા જોવામાં આવે છે. તેમજ જેના અંદર ગુણની ભ્રમણાથી રાગ કરવામાં આવેલો હોય છે તેના સહવાસથી ધર્મભ્રષ્ટતા તથા અનીતિ આચરણના સંસ્કારો પડેલા જોવામાં આવે છે; માટે જ આ ગુણાનુરાગ નથી પણ ઉપર બતાવ્યા પ્રમાણે મોહાનુરાગ અથવા વિષયાનુરાગ છે. આવા અનુરાગીઓ આત્મિક ગુણનો વિકાસ કરી પોતાનું શ્રેય સાધી શકતા નથી, માટે ગુણી બનવાની ઇચ્છા રાખનારે નિર્વિકાર મોહનીયના ઉપશમભાવને પ્રાપ્ત થયેલા સાચા આત્મિક ગુણના વિકાસી મહાપુરુષોનો અનુરાગ કરીને પોતાના આત્માનું શ્રેય સાધવું જોઇએ પણ મોહનીયના તીવ્ર ઉદયથી વિષયાનંદીપણારૂપ અવગુણોના આશ્રિત થયેલા અને પુણ્ય પ્રકૃતિથી મેળવેલ વૈભાવિક ગુણોદ્વારા પોતાના રાગીઓને ધર્મભ્રષ્ટ કરી અનીતિના માર્ગે ઉતારીને અવગુણોથી વાસિત કરનારાઓનો રાગ કરીને ગુણાનુરાગના ભ્રમથી આત્માનો અધઃપાત કરી અમૃતમય માનવજીવનને વિષયોથી વિષમય ન બનાવવું જોઇએ.



જીવન મીમાંસા.

(૨૫)

માનવજાતિને પરિમિત જીવનની જેટલી કિંમત છે તેટલી અપરિમિત જીવનની નથી. પચીસ, પચાસ કે સો વર્ષનું જીવન જાળવવાને માટે પોતાને મળેલી સઘળીયે બાહ્ય સંપત્તિઓ બીજાને સમર્પણ કરી દે છે. માનવી જે જીવનમાં પોતે જીવે છે તે તેને એટલું તો પ્રિય હોય છે કે 'દુનિયામાં જીવતા જીવ-માત્રને પોતપોતાના જીવનમાં જીવવું ગમે છે' આ નિયમને વિસરી જઈને આનંદમય તેમજ સુખમય જીવન બનાવવાની ભ્રમણાથી અથવા તો પોતાના જીવનના વિનાશની શંકાથી બીજા જીવોના જીવનનો વિનાશ કરતાં અચકાતો નથી.

પરિમિત જીવન ઉભય દ્રવ્ય સંયોગસ્વરૂપ હોય છે, અર્થાત્ દેહ તથા આત્માના સંયોગને જીવન કહેવામાં આવે છે. આ જીવન પરિમિત એટલા માટે કહેવાય છે કે દેહ તથા આત્માનો સંયોગ નિત્ય નથી. અમુક વર્ષો, પલ્યોપમો કે સાગરોપમો પછી અવશ્ય બન્નેનો વિયોગ થાય છે, કે જેને મરણ કહેવામાં આવે છે. દેહ તથા આત્માના સંયોગની આદિ તે જન્મ,

બન્નેનો વિયોગ તે મરણ અને સંયોગની શરુઆતથી લઈને વિયોગ સુધીનો વચલો કાળ તે જીવન. સાચા જીવનથી અણજાણ અતત્ત્વદર્શી જીવોને આવા જીવનમાં જીવવું બહુ જ ગમે છે; કારણ કે અનાદિ કાળથી જડાસક્તિપણાને લઈને જડમય બનેલા પુદ્ગલાનંદી જીવોને એક ક્ષણ પણ જડથી છૂટવું ગમતું નથી. પોતાની સાથે ઓતપ્રોત થયેલા જડથી જુદું પડવું ગમતું નથી; એટલું જ નહિ પણ સજાતીય દ્રવ્યોના સંયોગસ્વરૂપ જીવનને ધારણ કરવાવાળા ક્ષણવિનશ્વર વસ્ત્ર, આભૂષણ, મકાન આદિ જડ પદાર્થોના બાહ્ય સંયોગોથી પણ મુકાવું ગમતું નથી. તે જડ પદાર્થોનો ભાંગી તૂટી જઈને સ્કંધો વિખરાઈ જવારૂપ પરસ્પરનો વિયોગ પણ પસંદ ન હોવાથી ઉદ્વેગકર્તા થઇ પડે છે.

અપરિમિત જીવન એટલે જડ વસ્તુઓના સંયોગવિયોગના સર્વથા અભાવસ્વરૂપ શુદ્ધ આત્માનું ત્રણે કાળમાં વિદ્યમાનપણું. તે સાચું જીવન કહેવાય છે. આ જીવનમાં જીવવાની ઇચ્છાવાળાઓને જીવનસ્વરૂપનો યથાર્થ બોધ હોવાથી પૌદ્ગલિક જીવનની પરવા રાખતા નથી. આત્મિક જીવનની પ્રાપ્તિ માટે આવા પૌદ્ગલિક જીવનનો પરિત્યાગ કરવા હંમેશાં ઉત્સાહવાળા હોય છે અને જડ વસ્તુઓના સંયોગ-વિયોગની એમને અસર થતી નથી; કારણ કે તેઓ જડથી સર્વથા મુક્તિ મેળવવાના કામી હોય છે. ઇતર જીવોના જીવનના ભોગે પોતે પોતાના પૌદ્ગલિક જીવનમાં જીવવા ઇચ્છતા નથી. અપરિમિત જીવનમાં જીવવાની ઇચ્છા તો જીવમાત્રને હોય છે પણ તેમને આ જીવનનું જ્ઞાન ન હોવાથી પરિમિત જીવનને અપરિમિત બનાવવા પ્રયત્ન કરે છે કે જે સર્વથા અસંભવિત છે. જો જડ, ચૈતન્યસ્વરૂપ બની શકે તો જ પરિમિત જીવન અપરિમિત બની

શકે; કારણ કે પરિમિત જીવન પુદ્ગલોના સંયોગસ્વરૂપ પૌદ્ગલિક છે ત્યારે અપરિમિત જીવન પુદ્ગલોના વિયોગસ્વરૂપ આત્મિક છે. પરિમિત જીવન પુદ્ગલોને વેદવાસ્વરૂપ છે અને અપરિમિત જીવન આત્મવિકાસ સ્વરૂપ છે, માટે પરિમિત અપરિમિત થઈ શકતું નથી.

સંસારમાં પૌદ્ગલિક સંયોગ માત્ર પરિમિત છે કે જે નિયત કાળની સમાપ્તિ પછી અવશ્ય વિયોગની સ્થિતિમાં મુકાઈ જ જાય છે. કેવળ અરૂપી–અજીવ પદાર્થોનો જ સંયોગ એવો છે કે જે વિયોગાન્તવાળો થતો નથી તો પછી વિયોગાન્તવાળા સંયોગોને શાશ્વતા બનાવવા મથવું તે એક પ્રકારની અજ્ઞાનતા જ કહી શકાય. દેહ તથા આત્મસંયોગસ્વરૂપ પરિમિત જીવનની પ્રત્યેક ક્ષણ વિયોગવાળી છે. વેદાતાં આયુષ્ય કર્મના સંપૂર્ણ દળના સંયોગની બે સમય સુધી પણ સ્થિરતા નથી તો પછી અસ્થિર પૌદ્ગલિક જીવન સર્વથા ભિન્ન સ્વભાવવાળું આત્મિક જીવન કેવી રીતે બની શકે? સંસારમાં કોઈ પણ પૌદ્ગલિક વસ્તુ એવી નથી કે જે પરિમિત જીવનને એક સમય પણ વધારી શકે તો પછી અપરિમિતની તો આશા જ કેવી? સર્વ કર્મનો ક્ષય થયા સિવાય આત્મધર્મસ્વરૂપ અપરિમિત જીવન પ્રગટ થઇ શકતું જ નથી.

પરિમિત જીવનપ્રિય માનવીને અલ્પજ્ઞો ઉપર અત્યંત શ્રદ્ધા હોય છે, અને એટલા માટે જ અલ્પજ્ઞોએ ઘડેલા જીવવાના સિદ્ધાંતોને ઘણું જ મહત્ત્વ આપે છે. તેમજ તેમના બતાવેલા ઉપચારોને અત્યંત આદરપૂર્વક આચરે છે. જીવન વધારવાના હેતુથી વૈદ્ય–ડૉકટર કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવાને કહે તો ક્ષણિક જીવનપ્રિય માનવી શ્રદ્ધાપૂર્વક ખુશીથી છોડી દે છે.

મહિના સુધી કેવળ પાણી ઉપર રહેવું, છ મહિના છાશ જ પીવી, રાત્રિભોજન ન કરવું, વાસી વિદળ-કંદમૂળ ન ખાવાં, બે વર્ષ બ્રહ્મચર્ય પાળવું વગેરે વગેરે પ્રવૃત્તિ કરતાં જરા ય વિમાસણમાં પડતો નથી, અને આનાકાની કર્યા સિવાય પ્રતિજ્ઞા લીધા વગર પણ અણીશુદ્ધ ખુશીથી પાળે છે; પરંતુ સાચા વાસ્તવિક અપરિમિત જીવન માટે પરિમિત જીવનને જ અપરિમિત બનાવવાના ઉદ્દેશથી અલ્પજ્ઞોની બતાવેલી પ્રવૃત્તિઓનો સર્વજ્ઞોના બતાવવાથી આદર કરતો નથી અર્થાત્ શાશ્વતું જીવન મેળવવાના ઉદ્દેશથી જ સર્વજ્ઞોની બતાવેલી પૌદ્ગલિક વસ્તુઓની આસક્તિ છોડી દઈને કર્મની નિર્જરાના માર્ગને સ્વીકારતો નથી તેમજ તેમના સિદ્ધાંતોની શ્રદ્ધા પણ રાખતો નથી.

પરિમિત જીવન સંયોગસ્વરૂપ હોય છે અને તે સંયોગ દ્રવ્યોનો થાય છે. દ્રવ્યો ચૈતન્ય તથા જડ એમ બે પ્રકારના હોય છે. આ બન્ને પ્રકારના દ્રવ્યોમાં ચૈતન્યો અરૂપી હોય છે અને જડ રૂપી તથા અરૂપી પણ હોય છે. આ પ્રમાણે દ્રવ્યો અનેક પ્રકારના હોવાથી સંયોગ પણ અનેક પ્રકારના હોય છે. અરૂપી શુદ્ધ ચૈતન્યોનો સંયોગ, અરૂપી શુદ્ધ ચૈતન્ય અને અરૂપી આકાશ જડ દ્રવ્યોનો આદિ સંયોગ, આકાશ અને ધર્માસ્તિકાય આદિ અરૂપી જડનો સંયોગ, પુદ્ગલાસ્તિકાયરૂપી જડ અને આકાશનો સંયોગ, શુદ્ધ ચૈતન્ય અને રૂપી પુદ્ગલ સ્કંધોનો સંયોગ, બન્ને પુદ્ગલોનો સંયોગ. આ બધાય સંયોગોના ચાર ભાગ પાડી શકાય છેઃ સાદિ સાંત, સાદિ અનંત, અનાદિ સાંત, અનાદિ અનંત.

આ ચાર પ્રકારના સંયોગમાંથી અનાદિ અનંત સંયોગ જીવનવ્યવસ્થા સાધી શકતો નથી, કારણ કે સંયોગની આદિ-

સ્વરૂપ જન્મ નથી તેમજ સંયોગના વિયોગસ્વરૂપ મરણ નથી. જે સંયોગોની આદિ અંતસ્વરૂપ જન્મમરણ નથી તેવા સંયોગોને જીવનનું સ્વરૂપ આપી શકાય નહિ. જીવન વ્યવસ્થા માટે સંયોગની આદિ અથવા તો સંયોગનો અંત એ બેમાંથી એક તો અવશ્ય હોવું જ જોઇએ. સદૃશ દ્રવ્યોનો અથવા તો અસદૃશ દ્રવ્યોનો, અર્થાત્ બન્ને રૂપીનો, બન્ને અરૂપીનો અથવા તો અરૂપીનો અરૂપી સાથે, તો રૂપીનો અરૂપી સાથે સંયોગ અથવા તો વિયોગ થવો જ જોઇએ. આ સંયોગવિયોગમાં વિસદૃશતા રહેલી છે. એટલે કે વિયોગ રૂપીની સાથે થાય છે તો સંયોગ અરૂપીની સાથે થાય છે. તેમજ સંયોગ રૂપીની સાથે થાય છે અને વિયોગ અરૂપી સાથે થાય છે.

આ અનેક પ્રકારના સંયોગવિયોગમાંથી આત્મા તથા કર્મના સંયોગવિયોગને આશ્રયીને મુખ્યપણે જીવનવ્યવસ્થા કરવામાં આવી છે. પરિમિત જીવન અને અપરિમિત જીવન; આ બન્ને પ્રકારનાં જીવન કર્મસ્વરૂપ જડ અને ચૈતન્યના સાદિસાંત તથા સાદિઅનંત સંયોગવિયોગની અપેક્ષાથી કહેવામાં આવે છે. કર્મના સંયોગનું સાદિસાંતપણું તે પરિમિત જીવન અને કર્મવિયોગનું સાદિ અનંતપણું તે અપરિમિત જીવન. પરિમિત જીવનમાં સર્વ કર્મનો સર્વથા વિયોગ થતો નથી; પણ આયુષ્યકર્મનો સર્વથા વિયોગ થાય છે. આ વિયોગ નવા આયુષ્યકર્મના સંયોગસ્વરૂપ હોય છે. આયુષ્યકર્મનો સર્વથા વિયોગ થયા પહેલાં જ જીવનકાળમાં આયુષ્યનો સંયોગ થઈ જાય છે અને પૂર્વના આયુષ્યનો સર્વથા વિયોગ થતાંની સાથે જ નવા આયુષ્યનું અનુસંધાન થઈ નવા જીવનની શરુઆત થઇ જાય છે. આ નવું જીવન પૂર્વના જીવન કરતાં ભિન્ન પ્રકારનું હોય

છે. આ પ્રમાણે એક જીવન પૂરું થતાં બીજા જીવનની શરુઆત થવી અને બીજું જીવન પુરું થતાં ત્રીજા જીવનની શરુઆત થવી, આવા પરંપરાસ્વરૂપ જીવન પરિમિત જીવન કહેવાય છે. આ જીવનમાં જીવવાને દેહને આશ્રય લેવો પડે છે. જ્યાં સુધી દેહનો સંયોગ બન્યો રહે છે ત્યાં સુધી જીવન કહેવાય છે અને જ્યાં સુધી આત્માનો આયુષ્યકર્મની સાથે સંયોગ થયા કરે છે ત્યાં સુધી આત્માને નવા નવા વિચિત્ર પ્રકારના દેહનો આશ્રય લેવો જ પડે છે અર્થાત્ નવા નવા શરીરોની સાથે સંયોગ સંબંધથી અવશ્ય જોડાવું પડે છે. આવા દેહસંબંધ સ્વરૂપ જીવનમાં જીવવા ટેવાઇ ગયેલા જીવોને આત્મા જ જીવનસ્વરૂપ છે તેનું જ્ઞાન ન હોવાથી દેહ વિયોગસ્વરૂપ મરણથી અત્યંત ભય પામીને સદાસર્વદા દેહનો સંબંધ જાળવી રાખવાને આત્મવિકાસના બાધક અધર્મસ્વરૂપ આત્માનું અવલંબન લે છે; પરંતુ પરિણામે તે અવશ્ય થવાવાળો દેહનો વિયોગ થવાથી નિરાશ થવું પડે છે. સંયોગકાળમાં પણ પરમાર્થ દૃષ્ટિથી વિચારી જોતાં જડચૈતન્યમાં સંબંધસ્વરૂપ પરિમિત જીવનના સંયોગનો વિયોગ પ્રતિક્ષણે થયા જ કરે છે; પરંતુ સ્થૂલ બુદ્ધિવાળા અજ્ઞાની જીવને ન જણાવાથી દેહ તથા આત્માનો વિયોગ ન થવા દેવાને અનેક પ્રકારના પ્રયત્નો કર્યે જાય છે, છતાં સંયોગને ચિરસ્થાયી બનાવી શકતા નથી, કારણ કે સંયોગ સ્થિર રાખવા કરવામાં આવતા ઉપાયો દરમિયાન પણ સામયિક વિયોગ તો ચાલુ જ રહે છે. દીવાને જાળવી રાખવાને માટે હોલવાઇ ન જાય એવી બુદ્ધિથી ફાનસમાં અથવા તો બીજા કોઇ સ્થળે કે જ્યાં પવન ન લાગે ત્યાં રાખે છે પણ પ્રત્યેક ક્ષણે ક્ષય થવાવાળા તેલ તરફ ધ્યાન આપતા નથી, જેથી કરીને

છેવટે તેલ બળી રહેવાથી હોલવાઈ જાય છે, તેવી રીતે સ્થૂલ બુદ્ધિવાળા દેહને જાળવી રાખવાને માટે તેનો વિયોગ ન થાય એવી બુદ્ધિથી અનેક પ્રયત્નો કરે છે પણ આયુષ્યકર્મની વૃદ્ધિ માટે કંઈ પણ પ્રયાસ કરી શકતા નથી. પ્રત્યેક ક્ષણે થતા આયુષ્યકર્મનો વિયોગ કોઇથી પણ અટકાવી શકાય તેમ નથી, માટે પરમાર્થદૃષ્ટિથી વિચાર કરવાથી પરિમિત જીવનની સ્થિતિ એક સમયની જ કહી શકાય; પરંતુ પુદ્ગલાનંદી જીવ જ્યાં સુધી દેહનો અમુક વર્ષો સુધી સ્થૂલ સંયોગ બન્યો રહે છે ત્યાં સુધી જીવન માને છે. શાસ્ત્રકારોએ આયુષ્યકર્મના વેદનકાળને જીવનકાળ કહ્યો છે અને આયુષ્યકર્મના ક્ષયને મરણ તરીકે ઓળખાવ્યું છે. જેને સંસારી જીવોએ ફેરવીને દેહના સંયોગકાળને જીવન અને દેહના વિયોગને મરણ તરીકે ઓળખ્યું છે પણ વાસ્તવિક રીતે વિચાર કરતાં આયુષ્યકર્મ કારણ છે અને દેહનો આત્માની સાથે સંબંધ થવો તે કાર્ય છે. આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થઇ જાય અને નવીન ન બંધાય તો આત્મા અશરીરી બની જાય છે અને પછી કોઇ પણ દેહનો આત્માની સાથે સંબંધ થઈ શકતો નથી.

આયુષ્યકર્મના આત્માની સાથે થયેલા સંયોગ માત્રને જ જીવન કહેવામાં આવતું નથી, પણ ખરી રીતે જોતાં તો આયુષ્યના ઉદયમાં આવી પ્રત્યેક સમયે થતાં વિયોગને જીવન કહેવામાં આવે છે. ઉપર જે દેહ આત્મા સંયોગસ્વરૂપ જીવન કહેવામાં આવ્યું છે તે સ્થૂલ બુદ્ધિવાળા અને બાહ્ય દૃષ્ટિવાળા માનવસમાજને આશ્રયીને છે. સંસારમાં માનવીઓનો મોટો ભાગ દેહ સંબંધની વિદ્યમાનતાને જીવન માને છે અને દેહવિયોગને મરણ માને છે; પણ વાસ્તવિકમાં

ઉપર બતાવ્યા પ્રમાણે આયુષ્યકર્મનું વેદવું તે જીવન અને આયુષ્યનો ક્ષય તે મરણ. સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં તો આયુષ્યકર્મના સંયોગસ્વરૂપ પણ જીવન નથી, પરંતુ પ્રત્યેક ક્ષણે થતા આયુષ્યકર્મના વિયોગસ્વરૂપ જીવન છે; નહિ તો ભોગવાતા જીવનકાળમાં પણ આગામી ભવમાં ભોગવવા યોગ્ય આયુષ્યકર્મનો આત્માની સાથે સંબંધ હોય છે છતાં તેના વિયોગની શરુઆત સિવાય સંબંધ માત્રથી જીવન કહેવાતું નથી, માટે આયુષ્યકર્મનો પ્રતિક્ષણે થતો અંશે અંશે વિયોગ તે જીવન અને સર્વથા વિયોગ તે મરણ. જીવનનો કાળ વર્ષોનો, પલ્યોપમોનો, સાગરોપમોનો તેમ જ સંયોગસ્વરૂપ જે કહેવામાં આવે છે તે આયુષ્યના સર્વથા વિયોગ સુધીના કાળને આશ્રયીને છે. આંશિક વિયોગ હોવા છતાં બતાવેલ વર્ષ આદિ કાળ પર્યંત બન્યો રહે છે અને જ્યાં સુધી આયુષ્યનો સંયોગ બન્યો રહે છે ત્યાં સુધી દેહનો પણ સંયોગ બન્યો રહે છે, માટે આયુષ્ય અથવા તો દેહના સંયોગને સંસારવાસીઓ જીવન માને છે કે જેને પરિમિત જીવન કહેવામાં આવે છે, અને તેને જ્ઞાનીઓ અવાસ્તવિક જીવન તરીક ઓળખે છે. મુખ્યપણે આયુષ્યનો પણ સર્વ કર્મનો સર્વથા વિયોગ સ્વરૂપ અપરિમિત જીવન કહેવાય છે કે જેને આત્મસ્વરૂપ વાસ્તવિક જીવન તરીકે જ્ઞાની પુરુષો જાણે છે. આ જીવન આત્માનો ધર્મ હોવાથી ત્રણે કાળમાં વિદ્યમાન હોય છે પણ કર્મના આવરણને લઈને ઢંકાએલું હોવાથી મોહગ્રસ્ત જીવોની ઓળખાણમાં આવતું નથી, અને એટલા માટે તેઓ કર્મના આવરણને ખસેડીને તેને પ્રગટ કરવા પ્રયત્ન પણ કરતા નથી. મૃગતૃષ્ણાની જેમ આયુષ્યકર્મના ઉદયથી સંબંધ ધરાવનાર દેહના સંયોગમાં જ જીવનની ભ્રાન્તિ-

થી તેને જાળવી રાખવા કર્મ સંયોગ દૃઢ બની વાસ્તવિક જીવન વધુ અવરાય તેવા પ્રયાસો કરે છે.

સર્વ કર્મનો સર્વથા વિયોગ થવાથી અપરિમિત જીવનની શરુઆત થાય છે, માટે તેની આદિ છે પણ ફરીને કર્મસંયોગ થતો નથી માટે તેનો અંત નથી, નિરંતર રહેવાવાળું શાશ્વતું છે. ત્યારે પરિમિત જીવનની કેવળ આયુષ્યકર્મના ઉદયથી પ્રત્યેક ક્ષણે થતા સામયિક વિયોગની શરુઆતથી આદિ છે અને સર્વથા આયુષ્ય ક્ષય થવાથી અંત પણ છે. તેમજ સર્વથા આયુષ્ય ક્ષય થયા પહેલા નવા આયુષ્યકર્મનો બંધ થવાથી તેનો જ્યારે ઉદય થાય છે ત્યારે પાછા નવા જીવનની શરુઆત પણ છે. આ પ્રમાણે બીજા સર્વ કર્મના વિદ્યમાનપણામાં કેવળ આયુષ્યકર્મનો ઉદય, ક્ષય અને બંધસ્વરૂપ હોવાથી આ જીવન આદિઅંતવાળું છે અને એટલા માટે પરિમિત કહ્યું છે. આવું પરિમિત જીવન જાળવીને તેમાંથી આનંદ, શાંતિ, સંતોષ અને સુખ મેળવવા અજ્ઞાની જીવો પ્રયાસ કરી રહ્યા છે પણ આજ સુધીમાં કોઈ પણ પરિમિત જીવનને અપરિમિત બનાવી શકયું નથી, તેમજ તેમાંથી આનંદ, શાંતિ આદિ કોઈ પણ મેળવી શકયું નથી; માટે સર્વ કર્મના સર્વથા વિયોગસ્વરૂપ અને આત્માના ધર્મ-સ્વરૂપ અપરિમિત જીવનનો વિકાસ કરીને આત્માને શાશ્વતો સુખી કરવા સુખાભિલાષી સર્વ જીવોને પ્રયાસ કરવાની અત્યંત આવશ્યકતા છે.

મૃત્યુસમીક્ષા.

(૨૬)

આ શબ્દ કેટલો ભયંકર છે? મૃત્યુનું નામ સાંભળતા જ ગાત્ર શિથિલ થઇ જાય છે, ઉદ્વેગ ઉભરાય છે, બેચેની છવાય છે, ધન સંપત્તિ ભૂલાય છે, અભિમાન ઘવાય છે, વિષયવિકારથી વિરક્ત થવાય છે અને જગત અંધકારમય થાય છે. સાજેતાજે માણસ હોય, જેના નખમાં પણ રોગ ન હોય, તેને કોઈ પ્રસિદ્ધ અનુભવી ડૉકટર કે વૈદ્ય શરીરની ચિકિત્સા કરીને કહે કે તમે ચાર કલાકમાં મરી જશો, તો તેને જેટલું દુઃખ થશે તેટલું દુઃખ ચર્માસ્થિ અવશિષ્ટ રહી ગયેલા, પાંચ વર્ષથી માંદા, શય્યાશાયી થયેલા, પણ જીવવાને માટે વૈદ્યથી ખાત્રી અપાયલાને નહીં થાય.

માનવી મૃત્યુથી ભય પામે છે તે મૃત્યુની વેદનાનાં સ્મરણથી નહીં; પણ સંસ્કારથી અર્થાત્ અનંતા મરણમાં અનુભવેલી વેદનાનો જીવનકાળમાં જીવને અનુભવ હોતો નથી, પણ સંસ્કાર માત્ર હોય છે, જેથી કરીને જીવને મૃત્યુનો ભય લાગ્યા કરે છે. મૃત્યુ અવસ્થામાં થવાવાળી વેદનાનો અનુભવ તો મરનારને જ

થાય છે; પણ તે વેદનાને કહેવાને માટે કોઈપણ પાછું આવતું નથી અને મરીને જે પાછા આવે છે તે મરણ સમયે અનુભવેલી વેદનાને કહી શકતા નથી; કારણ કે જે દેહમાં મરણની વેદનાનો અનુભવ થયેલો હોય છે તે દેહનો ત્યાગ કરીને જીવે બીજો દેહ ધારણ કરેલો હોવાથી વેદનાની વિસ્મૃતિ થઇ જાય છે. કેવળ મૃત્યુની વેદનાનું વિસ્મરણ થાય છે; એટલું જ નહીં પણ તે દેહના જીવનકાળમાં અનુભવેલાં સુખ-દુઃખ, આપત્તિ-વિપત્તિ તેમજ બીજા પણ અનેક પ્રકારના અનુભવોનું વિસ્મરણ થઇ જાય છે.

જ્યાં સુધી જીવ કર્મોથી ઘેરાયેલો છે ત્યાં સુધી પરાધીનતાને લઇને પૌદ્ગલિક વસ્તુઓની સહાયતા સિવાય કાંઈ પણ કરી શકતો નથી. જાણવું-જ્ઞાન એ પોતાનો જ સ્વભાવ હોવા છતાં પણ પૌદ્ગલિક ચક્ષુ આદિ ઇંદ્રિયોની સહાયતા સિવાય જ્ઞાન કરી શકતો નથી. સુખ અને આનંદ પણ પોતાના જ સ્વભાવો છે તો પણ તેને મેળવવાને જીવને જડ વસ્તુની જરૂરત પડે છે. જો કે જડદ્વારા મેળવેલા જ્ઞાન, સુખ અને આનંદ અવાસ્તવિક છે, તો પણ જાણવું-વેદવું પોતાનો સ્વભાવ હોવાથી કર્મના આવરણ નીચે દબાયેલો હોવા છતાં પણ અવાસ્તવિક જાણે છે-વેદે છે. પૌદ્ગલિક વસ્તુઓના સંસર્ગમાત્રનો અનુભવ કરે છે. જીવને પૌદ્ગલિક વસ્તુઓદ્વારા અનુભવ કરવાનું મુખ્ય સાધન શરીર છે. શુભાશુભ કર્મનો અનુભવ શરીરમાં જ કરી શકે છે. જ્યાં સુધી સંપૂર્ણ વિકાસ થતો નથી ત્યાં સુધી આત્મા શરીરશૂન્ય રહી શકતો નથી. સંસારમાંથી છૂટી જઇને મુક્તિ મેળવે નહિ ત્યાં સુધીમાં અનંતા શરીરો ધારણ કરે છે અને તે બધાંયે ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે, અને એટલા માટે જ એક

શરીરમાં અનુભવેલું બીજા ભિન્ન શરીરમાં વિશિષ્ટ જ્ઞાન સિવાય સાંભરતું નથી, જેથી કરીને કોઇ પણ જીવ પોતે અનુભવેલી મૃત્યુની વેદના ભિન્ન શરીરમાં હોવાથી કહી શકતો નથી. જીવ જે જીવનમાં જીવતો હોય તેમાં તેને આધિ, વ્યાધિ, આપત્તિ, વિપત્તિ આદિનો અનેક વખત અનુભવ થયેલો હોવાથી તે સંબંધી વેદનાઓનો સાંભળતાંની સાથે જ સાચી રીતે સાક્ષાત્કાર થઈ જાય છે અને અતિશય ઉદ્વેગવાળો થાય છે; પણ શાસ્ત્રમાં કહેલી મૃત્યુની વેદના સાંભળવાથી સાક્ષાત્કાર તો થતો નથી, પરંતુ સંસ્કારોને લઇને વેદના સંબંધી અસત્કલ્પના કરીને ભય પામે છે.

પ્રાણી માત્ર જાણે છે કે મૃત્યુ અવશ્ય થવાનું જ છે, છતાં પૌદ્ગલિક વસ્તુઓની મમતાને લઇને મરણથી ભય પામે છે, પુન્ય કર્મના બળથી જેમની પાસે લાખોની, કરોડોની મિલકત હોય, અને પૌદ્ગલિક સુખનાં સાધન સ્ત્રીઓ, બાગ, બંગલા, મોટર, નોકર, ચાકર વગેરે હોય અને જો તેઓ તાત્ત્વિક જ્ઞાન-શૂન્ય હોય તો અજ્ઞાનતાથી ધર્મ-કર્મ ભુલાવીને વિષયોમાં ચોવીસે કલાક લીન રહેતા હોવાથી તેમને મૃત્યુ સમયે ધન-સંપત્તિ રહિત સાધારણ મનુષ્યો કરતાં બમણી વેદના થાય છે, કારણ કે બાહ્ય સંપત્તિ વગરના સાધારણ જીવોને તો કેવળ શરીરની મમતા હોવાથી શરીર માત્ર છોડવાની વેદના થાય છે, પણ પૌદ્ગલિક સુખના સાધનરૂપ બાહ્ય સંપત્તિ જેમની પાસે હોય છે તેમને તો દેહની અને બાહ્ય સંપત્તિની બેવડી મમતા હોવાથી દેહ અને સંપત્તિ બન્ને છોડતાં બેવડું દુઃખ થાય છે.

આયુષ્યકર્મ ક્ષય થવાથી દેહનું છૂટી જવું તે મરણ કહેવાય છે અને તે જીવને ગમતું નથી, કારણ કે જીવને દેહ છોડવો ગમતો

નથી અને એટલા માટે જ જીવ મરણનું નામ સાંભળીને ભય પામે છે. જીવને હું દેહથી સર્વથા ભિન્ન છું, દેહનો ધર્મ અને મારો ધર્મ સર્વથા ભિન્ન છે ઇત્યાદિ શરીર અને પોતાના ભેદ-સ્વરૂપનો સ્પષ્ટ બોધ હોતો નથી પણ હું દેહસ્વરૂપ છું એવી શ્રદ્ધા હોય છે, જેને લઇને ચોવીશે કલાક દેહની સેવામાં બન્યો રહે છે. શરીરની આકૃતિ, સંઘયણ, સંસ્થાન કે રૂપ સારું ન હોય તો મનમાં ખેદ પામે છે. શરીર નિર્બળ હોય તો સબળ બનાવવા પ્રયાસ કરે છે, સુકાઈ ગયું હોય તો પુષ્ટ બનાવવા મથે છે અને અનેક જીવોનો વિનાશ કરીને પણ શરીરને સાચવવા ઉદ્યમવાળો રહે છે.

પ્રાણીઓને બાહ્ય સંપત્તિ કરતાં પણ શરીર ઉપર વધારે મમતા હોય છે. તીવ્રતર લોભના અપવાદ સિવાય પ્રસંગ પડે શરીર બચાવવા બાહ્યની સઘળીએ સંપત્તિ જતી કરે છે. કોઇ બળાત્કારે શરીર છોડવવા પ્રયાસ તો દૂર રહ્યો પણ ભાવના માત્ર રાખે તો પણ તેના પૂર્ણ દ્વેષી થાય છે. દ્રવ્યહરણ કરવામાં તેટલું દુઃખ થતું નથી કે જેટલું પ્રાણહરણ કરવામાં થાય છે.

જીવને બાહ્ય સંપત્તિ કરતાં શરીર ઉપર વધારે મમતા હોવાનું કારણ માત્ર એટલું જ છે કે શરીરની સાથે ઓતપ્રોત થઈને અવતરે છે અને દ્રવ્યાદિ બાહ્ય સંપત્તિઓ પાછળથી પ્રાપ્ત થાય છે. જેમ એક જ જીવનમાં બાહ્ય સંપત્તિનો અનેક વખત સંયોગવિયોગ થાય છે તેમ દેહનો અનેક વખત સંયોગ-વિયોગ થતો નથી. દેહનો એક વખત પણ વિયોગ થાય તો ફરીને તે જ દેહનો સંયોગ થતો નથી, તેમજ દેહનો વિયોગ થવાથી જીવન તથા બાહ્ય સંપત્તિનો પણ વિયોગ થઈ જાય છે; પણ બાહ્ય સંપત્તિનો વિયોગ થવાથી દેહ તથા જીવનનો વિયોગ

થતો નથી અને એટલા માટે જ જીવને દેહ ઉપર વધારે મમતા હોવાથી તેનો છૂટી જવાનો મોટો ભય રહે છે.

મૃત્યુને કાળ અથવા તો ક્ષેત્રનો પ્રતિબંધ નથી. ગમે તે કાળે અને ગમે તે સ્થળે આવી શકે છે. મૃત્યુ આવ્યા પછી એક ક્ષણ પણ વિલંબ કરતું નથી, અધૂરાં કાર્ય પૂરા કરવા દેતું નથી; સગાસંબંધીને મળવા દેતું નથી; પ્રમાદવશ થયેલા અવ્યવસ્થિત જીવનને વ્યવસ્થિત કરવા દેતું નથી અને જીવને સીધો પરલોકના પંથે પ્રયાણ કરાવી દે છે. રસ્તામાં ચાલ્યા જતા હોઇએ, અનેક પ્રકારની આશા-તૃષ્ણાઓના ઉભરાઓ ઉપરાઉપર આવી રહ્યા હોય, ઉત્તરોઉત્તર અનેક કાર્યો સિદ્ધ થવાની સંપૂર્ણ ખાતરીથી આનંદ તથા હર્ષ હૃદયમાં સમાતો ન હોય એવે સમયે અને એવે સ્થળે જેમ બાજપક્ષી ચકલાને ઉપાડીને લઈ જાય છે તેમ મૃત્યુ જીવને ઝડપથી લઇ જાય છે કે તરત જ માનવીની સંકલ્પસૃષ્ટિનો પ્રલય થઈ જાય છે.

લાખો-કરોડોની જંગમ-સ્થાવર મિલકત હોય, સ્ત્રી, પુત્ર-પુત્રી, કાકા-ભત્રીજા, માતા-પિતા, ભાઈ-ભગિની આદિ બહોળું કુટુંબ હોય, ઘરથી પેઢી સુધી પણ પગપાળા ન જવું પડતું હોય, પાંચ દશ દાસ-દાસીઓ પડતો બોલ ઝીલી લેવા હરવખત હાજર ઊભા જ હોય, એવા લૌકિક દૃષ્ટિએ કહેવાતા પાંચ સાત શ્રીમંતો સ્વસંપત્તિના ગર્વમાં ચકચૂર બનીને આનંદથી મોટરમાં બેસીને લટાર મારવા નીકળી પડ્યા હોય અને કોઇ એક ઉપ-વનમાં વૃક્ષોની ઘટામાં અનેક પ્રકારની ક્રીડામાં સ્વર્ગીય સુખ અનુભવી રહ્યા હોય, એવામાં મૃત્યુ આવીને જીવનદીપક બુઝાવી નાંખે છે અને સઘળુંયે અંધકારમય થઇ જાય છે. સંપત્તિ,

કુટુંબ કે સ્વર્ગીય સુખમાંથી તેમની પાસે અંશ માત્ર પણ અવશિષ્ટ રહેતું નથી.

મમતાળુ માનવી અજ્ઞાનતાને લઇને મોતની કળાને કળી શકતો નથી, મોતના કાવાદાવા સમજી શકતો નથી અને ઘણી જ રાજીખુશીથી મોતને મળવા તેની બતાવેલી દિશામાં પ્રયાણ કરે છે અર્થાત્ વિષયાસક્ત બનીને હદ ઉપરાંત વિષય સેવે છે. ક્રોધના આવેશમાં ખૂન કરે છે, અથવા તો કૂવોહવાડો કરે છે. માનના આવેશથી અનેક દુશ્મનો ઊભા કરે છે. માયાને વશ થઇને અનેક ખટપટો કરીને અને વિશ્વાસઘાત કરીને અનેકનો દ્રોહી બને છે. લોભમાં વશ થઇને સમુદ્ર તથા મહાન્ અટવીઓ ઓળંગે છે. આ પ્રમાણે મૃત્યુની દિશામાં પ્રયાણ કરવાથી પરિણામે મૃત્યુ જીવનસર્વસ્વ ઝૂંટવી લે છે જેથી કરીને જીવનથી દરિદ્રી થયેલો માનવી પરલોકમાં પ્રયાણ કરી જાય છે.

ધનસંપત્તિ, કુટુંબપરિવારની ગર્વોષ્માથી હૂંફાળો થયેલો માનવી બધુંયે કાંઇ સાથે લઇને ફરતો નથી. સાથે તો ફક્ત શરીર ઉપર બેચાર વસ્ત્રો કે બેચાર ઘરેણાં અને એથી ય વધારે ગણીયે તો બીસામાં બસો, પાંચસો કે હજારના નાણાં. બાકીની સંપત્તિ તો જ્યાંની ત્યાં પડેલી જ રહે છે, કેવલ સંપત્તિનું અભિમાન જ પોતાની સાથે રાખે છે અને મનમાં મમતાના ઉભરાથી પોતાને સુખમાં નિમગ્ન જુએ છે. આવો માનવી નાટકસિનેમા જોવા બેઠેલો હોય છે, નાટકસિનેમામાં શૃંગારરસપૂર્ણ દૃશ્ય જુએ છે, કામવાસનાથી વાસિત હૃદયે દૃશ્ય પ્રમાણે ઘેર જઇને વર્તવા મનસુબો કરે છે, કામેચ્છા શીઘ્ર પૂર્ણ કરવાની હોંશ અત્યંત આતુર બનાવી દે છે અને નાટકસિનેમાની પૂર્ણાહુતિ થતાંની સાથે જ ઉતાવળમાં નાટ્યશાળાના દરવાજા બહાર

નીકળે છે કે તરત જ ઠોકર વાગે છે અને મૃત્યુ જીવન ઝૂંટવી લઇને પલાયન કરી જાય છે કે તત્કાળ હોંશના વાદળ વિખરાઈ જાય છે અને બધું યે હતું ન હતું થઇ જાય છે.

સંપત્તિની કે રાજ્યશાસનની સત્તાથી સત્ત્વહીન થઇને બીજાને કનડવામાં જ સત્તાની સાર્થકતા સમજનાર સત્તાંધ માનવી, અનાથ-અસહાય અને નિર્દોષ પ્રાણીઓને સતાવીને તેમના સુખી જીવનમાં વિઘ્ન ઉપસ્થિત કરી રહ્યો હોય, જીવનનિર્વાહ નષ્ટ કરવાની આશંકાથી ભયભીત બનેલા અનેક જીવોના નમ્ર નમન તથા આજીજીઓ મેળવવા છતાં તેમના તરફ કરડી નજરથી નિહાળી રહ્યો હોય; સત્તા-મદના ઘેનમાં યદ્વા તદ્વા માર્મિક વચનોની વૃષ્ટિ કરીને ઉદ્વેગ તથા ભયના શીતથી કંપાવી રહ્યો હોય, મૃત્યુને વિસારીને તુચ્છ ધનના લોભથી બીજા જીવો કે મરો તેની પણ પરવા ન રાખીને તેમની પાસેથી રક્તની જેમ ધનને ચૂસી રહ્યો હોય, એટલામાં મૃત્યુ આવીને તેનું પ્રાણધન હરી લે છે કે જેથી કરીને તેને અગ્નિનું શરણ લેવું પડે છે અને છેવટે રાખ ભેગું ભળવું પડે છે.

કહેવાતા વિદ્વાન, પંડિત કે સાક્ષર, ઓળખતા વૈદ્ય કે ડોક્ટર અને પૂછાતા વકીલ કે બેરિસ્ટર કોઈ ધનને માટે તો કોઈ કામ-લાલસાને માટે, કોઈ માનપ્રતિષ્ઠાને માટે તો કોઈ પોતાની બુદ્ધિ-મત્તા તથા ડહાપણ બતાવવાને માટે, કોઈ પ્રસિદ્ધિને માટે તો કોઇ તુચ્છ સ્વાર્થ સાધવાને માટે છળ-પ્રપંચ કરી અનેક પ્રકાર-ના કાવાદાવા કરી રહ્યા હોય; અસત્ય તથા અનીતિના આશ્રય તળે આનંદ મનાવી રહ્યા હોય; વિશ્વાસુઓના વિશ્વાસઘાત કરીને અછતા ગુણોની શ્રદ્ધા બેસાડવા આડંબરની જાળ પાથરી રહ્યા હોય; જાણે મોત પોતાને ઓળખતું જ નથી એમ સમ-

જીને જ કર્તવ્યાકર્તવ્યની ઉપેક્ષા કરી રહ્યા હોય, એવાઓની સન્મુખ મૃત્યુ જ્યારે ડોળા કાઢીને ઘુરકાવતું ઊભું રહે છે ત્યારે એકદમ તેમનું શરીર ઠંડું થઇ જાય છે અનેં આંખો મીંચીને અસહ્ય વેદના સહન ન થવાથી તરફડીયાં મારતા દેહનો ત્યાગ કરીને ચાલતા થાય છે.

માનવી મૃત્યુને હાંકી કહાડવાને મૃત્યુના દાસ બનેલાની સહાય તથા સલાહ લે છે. ત્યારે તેઓ એ જ સલાહ આપે છે કે જ્યારે મૃત્યુ તમારા જીવનમાં ઉપદ્રવ કરવાની શરુઆત કરે કે તરત જ તમારે બીજા ક્ષુદ્ર જીવોના જીવન મૃત્યુને અર્પણ કરી દેવાં, જેથી કરીને તે તમારા જીવનને જરા ય ઈજા પહોંચાડશે નહિ. આ પ્રમાણે તેઓ સલાહકાર થાય છે; એટલું જ નહીં પણ બીજાને મોતથી બચાવવાને અને પોતે પણ મોતથી બચવાને તેમજ તેનો પરાજય કરવાને અનેક જીવોને મૃત્યુના મોંમાં હડસેલીને અબતરાઓ કરે છે, છતાં છેવટે અત્યંત શીઘ્રતાથી મૃત્યુ તેમનો કોળિયો કર્યા સિવાય રહેતું નથી, કારણ કે અનેક જીવોના જીવનનું ભક્ષણ કરવાથી મૃત્યુ નિર્બળ બનવાને બદલે અત્યંત સબળ થાય છે. તેમજ જીવન ભક્ષણ કરવાને ટેવાઈ ગયેલું હોવાથી અન્યના જીવન આપનારના જ જીવનને ભક્ષણ કરી જાય છે. મૃત્યુનો પરાજય કરીને તેના દાસત્વમાંથી છૂટવાને માટે મૃત્યુનો પરાજય કરીને સર્વથા સ્વતંત્ર બનેલાં શુદ્ધાત્માઓની સલાહ લઇને તેમના બતાવેલા માર્ગે ચાલવાની અત્યંત આવશ્યકતા છે. આવા મૃત્યુથી મુક્તિ મેળવીને સ્વતંત્ર બનેલા મહાપુરુષો, મૃત્યુને નિર્બળ બનાવી પરાસ્ત કરવાની ભાવનાવાળા અર્થાત્ શાશ્વતું જીવન મેળવવાની ઇચ્છાવાળા પ્રાણીઓને વારંવાર ભાર દઇને જણાવે છે કે જો તમારે મૃત્યુને

નિર્બળ બનાવવું હોય તો પુદ્‌ગલાનંદીપણું છોડીને આત્માનંદી બનો. જ્યાં સુધી તમને પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષી આનંદ મેળવવાને માટે અન્ય જીવોના જીવન મૃત્યુને અર્પણ કરવાની અત્યંત આવશ્યકતા રહેશે, કારણ કે તે સિવાય જીવોએ ગ્રહણ કરેલા શરીરરૂપ પુદ્‌ગલો તમે મેળવી શકશો નહીં, અને પુદ્‌ગલો મેળવ્યા સિવાય વૈષયિક આનંદ પણ મેળવી શકશો નહીં. આ પ્રમાણે કરવાથી મૃત્યુ સબળ બનીને તમારું જીવન પણ ભક્ષણ કરી જશે; એટલું જ નહીં પણ પોતાના તુચ્છ વૈષયિક સુખો માટે તમે જેટલા જીવોના શરીરોનો ઉપયોગ કર્યો હશે તેટલા શરીરો બીજા જીવોના પૌદ્‌ગલિક સુખના ઉપયોગ માટે તમારી પાસેથી લઇને તેમને આપશે, અને તમારે પણ તેટલા શરીર ધારણ કરીને આપવા પડશે. અને આ પ્રમાણે કરવાથી તમે કોઇ પણ કાળે મૃત્યુથી મુક્ત થઇને શાશ્વતું જીવન મેળવી શકશો નહીં, અને મૃત્યુનો ભય સદાને માટે તમારો સાથી રહેવાનો જ, માટે તુચ્છ, અસાર, કૃત્રિમ વૈષયિક આનંદ તથા સુખની તૃષ્ણા ત્યાગીને કોઈ પણ જીવના જીવનને મૃત્યુને ન આપવું કે જેથી કરીને મૃત્યુ સર્વથા નિર્બળ બની જશે અને તમારા શાશ્વતા જીવનનો વિકાસ થવાથી મૃત્યુ તમારી પાસેથી હંમેશના માટે વિદાય થઇ જશે.

પાપના પંથે.

(૨૭)

અખિલ સંસારમાં પ્રાણીમાત્ર સુખના અભિલાષી છે, દુઃખ કોઇને પણ ગમતું નથી. આમ હોવા છતાં પણ અણસમજુ, અજ્ઞાની જીવો પુદ્‌ગલાનંદીપણાના અનાદિ કાળના અભ્યાસને લઇને અને કષાય તથા વિષયને વશ થઇને ક્ષણિક સુખ માટે બીજા જીવોને દુઃખ આપે છે. પોતે માની લીધેલા સુખ તરફ જ લક્ષ્ય હોવાથી અને સુખ મળી ગયાની ભ્રમણાથી, ચિત્ત ભ્રમિત થઈ જવાથી બીજાને થતા દુઃખની જરાએ અસર થતી નથી અને તેથી કરીને તેમનું ચિત્ત કોમળ બની દયાર્દ્ર થતું નથી. સુખ આપવાથી તો સુખ મળે છે પણ બીજાનું દિલ દુખાવી સુખની આશા રાખવી તે વિષપાન કરીને જીવવાની આશાની જેમ નિરર્થક છે.

દુઃખ આપવાના અનેક પ્રકાર હોવાથી પાપ પણ અનેક પ્રકારનું છે. આ અનેક પ્રકારના દુઃખોનો શારીરિક તથા માનસિક દુઃખોમાં સમાવેશ થઈ જાય છે. શરીરદ્વારા અનેક પ્રકારે શરીરની કદર્થના કરીને શારીરિક દુઃખ અપાય છે અને પ્રતિ-

કુળ વાણી તથા વિચારદ્વારા તેમજ કાયાદ્વારા પણ મનને દુભવીને માનસિક દુઃખ અપાય છે. શારીરિક દુઃખોને વ્યાધિ તરીકે ઓળખવામાં આવે છે ત્યારે માનસિક દુઃખો વ્યાધિ તરીકે ઓળખાય છે. શારીરિક પીડા આપવા કરતાં માનસિક પીડા આપવામાં વધારે અપરાધી થવાય છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરીએ તો સ્પષ્ટતર ભાસ થાય છે. શરીરને ઈજા પહોંચાડવાથી મન દુભાય છે પણ તે ચિંતાના સ્વરૂપને પ્રાપ્ત કરી શકતું નથી તેમજ શલ્યની જેમ જીવન પર્યંત ખૂંચ્યા કરતું નથી. કહેવાય છે કે તલવારનો ઘા રૂઝાઈ જાય છે પણ વચનનો ઘા રૂઝાતો નથી.

બીજાનું માઠું ચિંતવવું, અપશબ્દ બોલવા, અછતા દોષોનો આરોપ મૂકવો, માયા વર્તન રાખવું, અસત્ય બોલી વિશ્વાસઘાત કરવો, બીજાના લાભમાં આડે આવી નુકસાન પહોંચાડવું વગેરે વગેરે માનસિક દુઃખ ઉત્પન્ન કરવાનાં કારણો છે. અને તે માનવી માત્રને ઉદ્વેગ તથા ખેદની ભઠ્ઠીમાં અત્યંત તપાવીને તેમના રૂધિર તથા માંસને સુકાવી નાંખે છે અને મૃત્યુના શરણે પહોંચાડે છે. કેટલાકને તો ઉદ્વેગ તથા ખેદ ન સહન થવાથી આત્મઘાતનો આશ્રય લેવો પડે છે અથવા તો વગર પ્રયાસે દેહ છોડી દેવો પડે છે.

યદ્યપિ શારીરિક દુઃખ આપવામાં માયા–પ્રપંચના ઉપયોગની ખાસ જરૂરત રહેતી નથી તે સિવાય પણ શારીરિક દુઃખ આપી શકાય છે પરંતુ માનસિક દુઃખ આપવામાં તો ખાસ કરીને માયા, પ્રપંચ, છળ–કપટ, દંભ તથા કાવાદાવાનો ઉપયોગ કરવો પડે છે. માનસિક દુઃખ આપનારના અધ્યવસાય ચોવીશે કલાક મલિન બન્યા રહે છે. પશ્ચાત્તાપ કરવાનો સમય ભાગ્યે

જ પ્રાપ્ત થાય છે પણ કાયિક દુઃખ આપનારના તો બીજાના શરીરને ઈજા પહોંચાડ્યા પછી અધ્યવસાય ફરી પણ જાય છે, અને પશ્ચાત્તાપ કરીને દુઃખી થનારની પાસેથી માફી પણ માગી લે છે; માટે જ માનસિક દુઃખ આપનાર શારીરિક દુઃખ આપનાર કરતાં વધારે અપરાધી છે. કોઈ માણસને કોઇએ શસ્ત્રદ્વારા અથવા તો યષ્ટિ મુષ્ટિથી પ્રહાર કરીને ઈજા પહોંચાડી હોય કે જેને લઇને શરીરમાં ઘા પડ્યા હોય અથવા તો બીજી કંઈ પીડા થઈ હોય તો તેની ચિકિત્સા કરી મટાડનાર ઘણા મળી આવે છે કે જેને વૈદ્યડોક્ટર તરીકે ઓળખવામાં આવે છે; પણ માનસિક પીડા મટાડનાર સંસારમાં કોઇ નથી, તેની ચિકિત્સા નથી, ઔષધ નથી તેમજ ચિકિત્સાશાસ્ત્ર પણ નથી માટે જ શારીરિક દુઃખ કરતાં માનસિક દુઃખ પ્રધાન છે.

સત્પુરુષો-મહાપુરુષો સિવાય મિથ્યાભિમાની સંસારના પ્રાણી માત્રમાં સ્વાર્થ રહેલો છે. આ સ્વાર્થ અનેક પ્રકારનો હોવા છતાં તેનો બે વિભાગમાં સમાવેશ થઈ શકે છે: એક તો જીવવાને માટે કરવામાં આવતા પ્રયત્નસ્વરૂપ અને બીજો મોજ-શોખ તથા આનંદ, સુખશાંતિ માટે કરવામાં આવતા પ્રયત્ન-સ્વરૂપ. કેવળ જીવવાના સ્વાર્થીઓ બીજા જીવોને ઘણું કરીને શારીરિક દુઃખ આપનારા હોય છે; પણ એ સિવાયના બીજા સ્વાર્થીઓ તો મોટે ભાગે માનસિક તથા શારીરિક દુઃખ આપે છે, અને પોતાની ક્ષુદ્ર તૃષ્ણાઓને સંતોષે છે; છતાં પરિ-ણામે તેમને સંતોષ મળી શક્તો નથી. પ્રારંભમાં સંતોષ જણાય છે ખરો, પણ તે કેવળ તેમની એક ભ્રમણા જ હોય છે. જીવોએ જે જીવન મેળવ્યું હોય તેમાં જીવવાનો સ્વાર્થ તો સહુને હોય છે, અને તેના માટે કાંઈ ને કાંઈ પ્રયાસ કરવો જ

પડે છે, અને તેના અંશે અપરાધી પણ બનવું પડે છે, તો પણ ઓછા અપરાધે જીવાય તો અત્યંત ઉત્તમ છે; કારણ કે તેમ કરવાથી આત્મા પાપથી ઓછો લેપાય છે. બીજા જીવોને જીવાડીને જીવનારા કે જેઓ સત્પુરુષોની કોટીમાં ગણાય છે એટલે દરજ્જે તો નહીં પણ ઓછા અપરાધે જીવનારા સાધુ-પુરુષોની પંક્તિમાં ભળી શકે છે, અને સમજુ સંસાર તેમને બહુમાનની દૃષ્ટિથી જુએ છે તેમ જ તેમનું અનુકરણ કરવા ઉદ્યુક્ત થાય છે.

જીવવાના સ્વાર્થ સિવાય બીજા અજ્ઞાનતાથી પોતે માની લીધેલા આનંદ, સુખ, શાંતિ, સંતોષ, તૃપ્તિ આદિ સ્વાર્થોને માટે પ્રાણીઓ નિરંતર પુષ્કળ અપરાધો સેવ્યા કરે છે, કારણકે ધર્મ તથા નીતિનું ઉલ્લંઘન કર્યા સિવાય બનાવટી ભ્રમિક આનંદ આદિ પ્રાપ્ત થઈ શકતા નથી. અને તે ઉલ્લંઘન બીજાને શોક, દુઃખ, અશાંતિ, અસંતોષ આદિ આપવાથી અવશ્ય થાય છે. તેમજ બીજાને શોક વગેરે પણ માયા, પ્રપંચ, છળ, અસત્ય, કાવાદાવા અને કપટથી તેની સાથે વર્તવાથી થાય છે. યદ્યપિ બીજાને આનંદ, સુખ, શાંતિ આપીને પોતે આનંદ, સુખ, શાંતિ મેળવવાવાળા પણ સંસાર-માં હોય છે; પરંતુ તે અત્યંત અલ્પ પ્રમાણમાં હોય છે. કારણ કે તેમ કરવામાં ક્ષુદ્ર વાસનાઓ તથા તૃષ્ણાઓનો ભોગ આપવો પડે છે, તેમજ આર્થિક તથા શારીરિક સંપત્તિનો વ્યય કરીને જીવનમાં કેટલાક દુઃખદ પ્રસંગોનો સામનો કરવો પડે છે અને એટલા માટે જ આવા દૈવી પુરુષોનું પાપના પ્રસંગોમાં પાપની વિચારણામાં સ્થાન જ નથી.

મિથ્યાભિમાની માનવીઓની પ્રકૃતિમાં ઘણી જ વિલક્ષણતા રહેલી હોય છે, સ્વાર્થ હોય કે ન હોય તો પણ અભિમાનના

આવેશથી પણ બીજા જીવોને કનડીને સંતોષ માને છે. જેમની પ્રકૃતિમાં અસહિષ્ણુતા તથા અભિમાનનો માત્રા અધિકપણે રહેલી હોય છે તેઓ જો શારીરિક તથા આર્થિક સંપત્તિથી સબળ હોય અને તેના વચનનું કે વર્તનનું અપમાન કરનાર બંને પ્રકારે નિર્બળ હોય તો શારીરિક તથા માનસિક બંને પ્રકારનો પીડા આપવામાં પોતાને મળેલી સંપત્તિનો દુરુપયોગ કરે છે. સશસ્ત્ર કે નિઃશસ્ત્રપણે નિર્બળના શરીર ઉપર હુમલો કરીને તેને ઇજા પહોંચાડે છે, અથવા તો દ્રવ્યવ્યય કરીને બીજાની મારફત તેને શારીરિક દુઃખ ઉત્પન્ન કરાવે છે. તથા તેની જીવનવૃત્તિનો ભંગ કરવા પોતાની શક્તિ વાપરીને તેને માનસિક પીડા ઊભી કરે છે; તેની આજીવિકાના સાધનોને તોડવા પ્રયત્ન આદરે છે, કોઈને ત્યાં નોકર હોય તો શેઠને અવળું સમજાવીને રજા અપાવે છે, કોઇના આશ્રય તળે ધંધો કરી રળી ખાતો હોય તો આશ્રય આપનારના હૃદયમાં માયાવીપણે તેના માટે અપ્રમાણિકતાની છાપ બેસાડીને નિરાશ્રિત બનાવે છે, અછતા દોષોનો આરોપ કરીને અને અપરાધી બનાવીને રાજપુરુષોદ્વારા શિક્ષા કરાવે છે. આવા અનેક પ્રસંગો ઉપસ્થિત કરીને પણ બીજાને માનસિક વ્યથાનો ભાગી બનાવે છે. જો તેઓ આર્થિક અથવા તો શારીરિક સ્થિતિમાં બીજાથી નબળા હોય તો કેવળ માયા-પ્રપંચ તથા અસત્યનો આશ્રય લઇને, બીજાને દુઃખી કરીને પોતે શાંતિ મેળવે છે. અન્યને અવળું સમજાવીને તેના અનેક વિરોધીઓ ઊભા કરે છે. તેની પ્રિય વસ્તુનો વિચ્છેદ કરીને તેનું મન દુભાવે છે. જો સામેનો માણસ ધર્મપ્રિય હોય તો તેના ધર્મકાર્યમાં આડો આવીને તેને દુઃખ ઉત્પન્ન કરે છે. સામેના માણસ

સાથે માયાવી મૈત્રી કરીને તેનું કાસળ કઢાવે છે, અથવા તો વિશ્વાસઘાત કરીને આપત્તિવિપત્તિના એવા પ્રસંગો ઊભા કરે છે કે જેથી કરી તેનું જીવન દુઃખમય બની જવાથી પરિણામે તેને આત્મઘાતનો આશ્રય લેવો પડે છે.

જીવવાનો તેમજ આનંદ, સુખ તથા મોજશોખનો સ્વાર્થ આડો આવવાથી તો માનવીઓ બીજાને સંતાપી, દુઃખ દઈને અત્યંત પાપ ઉપાર્જન કરે છે અને અપરાધી બને છે; પરંતુ જેમને લેશમાત્ર પણ સ્વાર્થ હોતો નથી એવા તુચ્છ પ્રકૃતિવાળા કેવળ મિથ્યાભિમાન, અસહિષ્ણુતા, સત્તા, દ્વેષ, વિરોધ, ઈર્ષા આદિને આધીન થઈને બીજાની ઉપર અણગમો આવવાથી જ તેમને નિરર્થક દુઃખી કરે છે. અનેક પ્રકારની આપત્તિવિપત્તિ ઊભી કરીને તેના જીવનને અકારું બનાવી નાંખે છે. પોતાની આણમાં વર્તાવવા બીજાના બળને અસત્ય તથા છળની સહાયતાથી અનેક પ્રકારની ખટપટો કરીને શિથિલ બનાવી નાંખે છે. બીજાને આર્થિક તથા શારીરિક નુકસાન પહોંચાડીને અત્યંત આનંદ મનાવે છે. બીજો સુખી હોય, સંપત્તિવાળો હોય, ગુણવાન તરીકે ઓળખાતો હોય, માનવીઓમાં સારો આદરસત્કાર મેળવતો હોય તો તેને તુચ્છ પ્રકૃતિવાળા માનવીઓના હૃદય હલકાં હોવાથી સહન કરી શકતા નથી અને તેમને હલકા પાડવાને ઘણા નીચ પ્રયાસો આદરે છે. અછતા દોષોનો આરોપ મૂકીને જનતામાં અવર્ણવાદ બોલે છે. પ્રમાણિક સભ્ય સજ્જન માનવીઓ તો આવી હલકી વ્યક્તિઓની અવગણના જ કરે છે; પરંતુ તેના જેવા જ હલકા હૃદયવાળા ઈર્ષ્યાળુ માનવીઓ તેના બોલને વધાવી લઈને અને ઉત્તેજન આપીને જ્યારે સક્રિય ભાગ લે છે ત્યારે તો તે પોતાના હૃદયમાં અત્યંત આનંદ મનાવે છે,

અને નિરર્થક પાપ ઉપાર્જન કરીને અપરાધી બને છે. મિથ્યાભિમાની સત્તાધારીઓમાં પણ અસહિષ્ણુતાની માત્રા અધિક હોય છે અને એટલા માટે જ તેઓ પણ નિરપરાધી માનવીઓને દુઃખ આપવામાં કમી રાખતા નથી અને નિરર્થક વધારે અપરાધી બને છે. આ બધા ય પાપ ઉપાર્જન કરી અપરાધી બનનારાઓ કરતાં પણ વધારે પાપ ઉપાર્જન કરી અપરાધી બનનારા સંસારમાં કૃતઘ્ન, દ્રોહીઓ અને વિશ્વાસઘાતી છે. કૃતઘ્ન માણસોમાં નિર્દયતા અતિશયપણે રહેલી હોય છે. કૃતઘ્ન માણસના મરતાં પ્રાણ બચાવ્યા હોય તો પણ સમય આવ્યે તે બધું ય ભૂલી જાય છે, અને પ્રાણ બચાવનારના પણ પ્રાણ લેવા તૈયાર થઇ જાય છે. માતાપિતાએ અનેક પ્રકારના કષ્ટો સહન કરીને મોટા કરેલા કુપુત્રો મોટા થયા પછી વડિલોપાર્જિત સંપત્તિ મેળવીને કાંઇક સુખી સ્થિતિ પ્રાપ્ત કરવા છતાં પણ માતાપિતાની સેવા કરવાને બદલે તેમને અનેક પ્રકારની કનડગત કરે છે, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અથવા તો અનાદર તથા તિરસ્કાર કરીને માનસિક દુઃખ આપે છે, પ્રતિકૂળ આહાર આદિદ્વારા તેમજ તાડના, તર્જના કરીને શારીરિક દુઃખ આપે છે, અને છેવટે અત્યંત ઘૃણા આવવાથી માતાપિતાનું મૃત્યુ ચિંતવી માતૃઘાતી પિતૃઘાતી થવામાં જ પોતાને કૃતકૃત્ય માને છે. એક વ્યક્તિ કે જે અત્યંત કંગાળ સ્થિતિમાં હોય અને જેના ઉપર અન્નદેવ પણ નિરંતર અપ્રસન્ન રહેતા હોય એવી સ્થિતિવાળાની કોઇ દયાળુ માણસ દયા ખાઇને પોતાના તન, મન, ધનના ભોગે પણ તેને સારી સ્થિતિમાં લાવી મૂકે, અને તે સારી રીતે સુખમય જીવન ગાળતો હોય એવે સમયે દૈવવશાત્ તેના ઉપકારીની અત્યંત નબળી સ્થિતિ થઇ જાય તો તેના કરેલા ઉપકાર ભૂલાવી

દઇને કૃતઘ્નશિરોમણિ ઉપકારીની સંભાળ લેવી તો દૂર રહી પણ તેને આપત્તિમાં પડેલ જોઇને ખુશી થાય છે. કદાચ આશા કરીને બે પૈસાની મદદ લેવા આવ્યો હોય અને શરમથી પાંચ પૈસા ધીર્યા હોય તો પૈસા આપવાની મુદ્દત સગવડતાના અભાવે વીતી જતાં રાજ્યદ્વારા પોતાના આપેલા પૈસા વસુલ કરવા તેને ઘરબાર વગરનો બનાવીને રઝળતો કરી નાંખે છે. કોઇ વખત તો આશા કરીને આવ્યો હોય છતાં કાંઇ પણ આપ્યા સિવાય જેમ તેમ માર્મિક વચનો સંભળાવીને નિરાશાની સાથે માનસિક દુઃખ ઉત્પન્ન કરે છે. એનાથી ય વધારે કૃતઘ્નશિરોમણિ ધર્મનો ઉપકાર ભૂલનાર છે. ધર્મના પ્રતાપથી જેમણે મનુષ્યજન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, પાંચે ઇંદ્રિયે પૂર્ણ, અઢળક ધન, પૌદ્ગલિક સુખની સામગ્રી, નિરોગી શરીર, અનુકૂળ સ્વજનવર્ગ, નિર્મળ યશકીર્તિ, પાંચ માણસોમાં આદરસત્કાર અને એ ઉપરાંત આત્મશ્રેયની સકળ સામગ્રી મેળવેલી હોય, અને ધર્મના રક્ષણ તળે સુખે જીવતા હોય એવાઓને ધર્મની સેવા કરવાનું કહેવામાં આવે તો તરત જ તેમને ગ્લાનિ થાય છે અને મુખ મરડે છે. ધર્મના પસાયથી મેળવેલી સંપત્તિમાંથી પાંચ પૈસા ધર્મ નિમિત્તે માંગવામાં આવે તો સ્પષ્ટ ના પાડે છે. માનવી માત્રની પાસે જેટલીએ સુખની સામગ્રી છે તે બધી ય ધર્મે આપેલી હોવાથી સમય આવ્યે સઘળું ય ધર્મને અર્પણ કરી દેવું જોઇએ, છતાં જેઓ મિથ્યાભિમાનમાં આવી ધર્મનો અનાદર કરે છે તેઓ કૃતઘ્નશિરોમણિ કહેવાય છે.

દ્રોહી માણસોના હૃદય અત્યંત તુચ્છ–હલકાં હોય છે. એમની પ્રકૃતિ નિષ્પ્રયોજન દ્રોહ કરવાવાળી હોય છે. બીજાઓની સુખશાન્તિ એમને જરા ય ગમતી નથી. બીજાઓને આપત્તિ–

વિપત્તિમાં નાખવા એમનો સતત પ્રયાસ ચાલુ જ રહે છે. દ્રોહી માણસોને દ્રોહ કરવાને કોઇ પણ અયોગ્ય હોતું નથી. માતાપિતા, સ્વામી, ગુરુ, પુત્ર, સ્ત્રી આદિ સર્વનો દ્રોહ કરે છે. બીજાને સુખી જોઈ તેને દુઃખી કરવા પ્રયાસ કરે છે અને દુઃખી જોઇ સુખ મનાવે છે, રાજી થાય છે. આવા માણસો મોઢેથી મીઠાબોલા પણ હૃદયમાં ઝેરથી ભરેલા હોય છે. એમનામાં દેખીતી રીતે વિનય તથા નમ્રતાની માત્રા બીજા કરતાં અધિકતર દેખાય છે, પણ અંતઃકરણ અનિષ્ટની ભાવનાથી વાસિત હોય છે. આવા માણસો મુખ્યત્વે કરીને પોતાના સંબંધીઓ, સ્નેહીઓ તેમજ ઉપકારીઓનું અનિષ્ટ, અકલ્યાણ, અહિત કરીને અત્યંત સંતોષ માને છે. બીજાને આપત્તિ-વિપત્તિમાં નાંખવાના પ્રયાસોમાં ફાવી ન શકે તો તેમના હૃદય શોકથી બળ્યા કરે છે. એમનામાં અસીમ અસહિષ્ણુતા રહેલી હોવાથી અન્યની અદ્‌ભુત ગુણસ્તવના સાંભળીને કે ગુણવાન શ્રેષ્ઠ પુરુષોદ્વારા કરવામાં આવતો આદરસત્કાર જોઇને અત્યંત દુઃખી થાય છે.

ધર્મદ્રોહી સર્વદ્રોહીઓમાં અગ્રસ્થાને છે. વિષયાસક્ત માનવી પોતાની ક્ષુદ્ર વાસના સંતોષવાને ધર્મપ્રિય શ્રદ્ધાળુના હૃદયમાંથી ધર્મવાસના દૂર કરીને અનેક પ્રકારની કુયુક્તિઓથી ધર્મનો દ્રોહી બને છે. પુદ્‌ગલાનંદીપણાને લઇને મિથ્યા શ્રદ્ધા હોવાથી ધર્મ તથા ધર્મીના અવર્ણવાદ બોલે છે, મુક્તિપથપ્રદર્શક સમ્યગ્ શાસ્ત્રોને વખોડે છે, વિશુદ્ધ ધર્મમાર્ગે ગમન કરનારાઓને અછતા દોષો દેખાડીને માર્ગભ્રષ્ટ કરે છે. ધર્મનો વિકાસ તથા ઉન્નતિ જોઇને હૃદયમાં બળે છે અને ધર્મ તેમજ ધર્મી ઉપર અછતા આરોપો મૂકી પોતાની દૃષ્ટિથી દૂષિત કરીને ધર્મનો દ્રોહ કરે છે.

આ પ્રમાણે પાપના અનેક પ્રકારો છે, પરંતુ પાપની પૂર્ણાહુતિ વિશ્વાસઘાતમાં થાય છે; અર્થાત્ બધા ય પાપોનો વિશ્વાસઘાતમાં સમાવેશ થઈ જાય છે, કારણ કે વિશ્વાસઘાતી માયાવી તથા જૂઠાબોલા હોય છે તથા એમનામાં દંભની માત્રા પણ અધિકતર હોય છે અને ધર્મની શ્રદ્ધા પ્રાયઃ હોતી નથી. એઓ ક્ષુદ્ર વાસનાના દાસ હોવાથી પરને વિશ્વાસ ઉત્પન્ન કરવા બીજાની માન્યતા પ્રમાણે ડોળ-આડંબર કરે છે. જેમની પાસેથી પોતાની વાસનાની તૃપ્તિ કરવી હોય તેમને પોતાની તરફ આકર્ષવાને તેમના વિચાર પ્રમાણે બાહ્ય પ્રવૃત્તિ રાખે છે. બીજા સંપૂર્ણપણે વિશ્વાસની જાળમાં ફસાયા પછી તેમને છેતરવાને ક્ષણ માત્ર વિલંબ કરતા નથી. જ્યાં મિથ્યા ડોળ-આડંબર રહેલો હોય છે ત્યાં વિશ્વાસઘાત સારી રીતે વસેલો હોય છે. વિશ્વાસઘાતીથી સામેના માણસને થતા આઘાત, પીડા કે દુઃખથી વિશ્વાસઘાતીને જરા ય ખેદ કે દુઃખ થતું નથી; પરંતુ પોતાની ક્ષુદ્ર વાસના તૃપ્ત થવાથી આનંદ તથા સંતોષ માને છે. એમને બીજાનું હિત થાઓ કે અહિત થાઓ તેની લેશ માત્ર પણ પરવા હોતી નથી. એમનું હૃદય અત્યંત કઠોર અને મલિન હોય છે. વિશ્વાસઘાતી સહુથી ઉચ્ચ કોટીનો પાપી એટલા માટે કહેવાય છે કે પ્રભુની સાથે પણ વિશ્વાસઘાત કરવાનું સાહસ ખેડે છે. પ્રભુત્વ વિનાના માણસો તો અજ્ઞાન હોવાથી વિશ્વાસમાં ફસાઈ જઈને પોતાનો સર્વનાશ કરી બેસે છે એટલે તેમની સાથે તો વિશ્વાસઘાત થઈ શકે, પરંતુ પ્રભુ તો સર્વજ્ઞ છે તેમની સાથે વિશ્વાસઘાત કરનાર કેટલો કઠોર હૃદયનો અને શ્રદ્ધા વગરનો પાપાત્મા હોવો જોઇએ. વિશ્વાસઘાતી જાણે છે કે પ્રભુથી કાંઈ પણ છાનું નથી છતાં પ્રભુની સાક્ષીએ અનેક પ્રકારની પ્રતિજ્ઞાઓ

કરે છે (જેમકે–કોઇપણ જીવ નહીં મારું, જૂઠું નહી બોલું, ચોરી નહી કરું, બ્રહ્મચર્ય પાળીશ, પરિગ્રહ નહી કરું વિગેરે વિગેરે પ્રતિજ્ઞાઓ હજારો માણસોની મેદની વચ્ચે) અને પછી તે કરેલી પ્રતિજ્ઞાઓને કિનારે મૂકીને પ્રભુની સાથે વિશ્વાસઘાત કરવાનું સાહસ ખેડીને પ્રભુનો ગુન્હેગાર બને છે. આ પ્રમાણે કૃતઘ્નીપણું, દ્રોહ અને વિશ્વાસઘાત સર્વથા ત્યાજ્ય છે. નિરપરાધી બનવાની ઇચ્છાવાળાએ તો ધર્મના પ્રતિ કૃતઘ્ની, દ્રોહી અને વિશ્વાસઘાતી ન બનવા નિરંતર અપ્રમાદી રહેવાની અત્યંત આવશ્યકતા છે. મહાપુરુષો તથા ધર્મના સાથે કરવામાં આવતા દ્રોહ આદિ જેટલા દુઃખદાયી અને અનંત સંસાર વધારી અનંતી માઠી ગતિઓની અસહ્ય પીડા આપનાર નિવડે છે, તેટલા સામાન્ય જનતા સાથે કરવામાં આવતા કૃતઘ્નતા આદિ દુઃખદાયી નિવડતા નથી, માટે આત્મહિતૈષીઓએ કૃતઘ્નતા, દંભ તથા વિશ્વાસઘાત આદિ પાપના આશ્રયમાં એક ક્ષણ પણ ન રહેવું જોઇએ.

સાવધાન સદા સુખી.

(૨૮)

દેહ અનિત્ય-ક્ષણિક છે. દેહદ્વારા મળતા સુખ તથા આનંદ ક્ષણિક છે. જે સુખ તથા આનંદ મેળવવા માટે આત્માને જડ વસ્તુની જરૂરત પડે છે તે સુખ સુખ નથી, તે આનંદ આનંદ નથી. આનંદ તથા સુખ આત્માના જ ધર્મ છે અને તે આત્મા ઉપર ફરી વળેલા આવરણો દૂર થવાથી પ્રગટ થાય છે. જડાત્મક સુખોને સર્વથા ભૂલી જનારને જ આત્મિક સુખ મળી શકે છે.

અનંતા દેહરૂપી ગેહ પ્રાપ્ત થયાં છે તેના માટે હર્ષ કે શોક કરવો આત્માને ઉચિત નથી. જેમ પક્ષીઓને પાંજરામાં-પછી તે લોઢાનું હોય કે સોનાનું-પુરાવું ઇષ્ટ નથી. સ્વેચ્છા-વિહાર તેમજ સ્વતંત્રતા પ્રિય હોય છે તેમ આત્માને-દેવનું હોય કે મનુષ્યનું-શરીરમાં પુરાવું ઇષ્ટ નથી. દેહ તથા આત્મા સર્વથા ભિન્ન છે એવો અનુભવ આપણને ઘણી વખત થયો છે. સારી રીતે જાણીએ છીએ કે આત્મા તથા દેહ સર્વથા ભિન્ન સ્વ-ભાવ-ગુણધર્મવાળા છે. ઉભયનો જેટલો સંબંધ છે-અવધિ પૂરી થયે બન્ને છૂટા પડી જાય છે. આત્મા ઉપર રાગદ્વેષની

ચીકાશ જ્યાં સુધી લાગેલી છે ત્યાં સુધી અનેક શરીરો ચોંટ્યા કરશે જ. ચીકાશ મટી ગયા પછી શરીરનો સંબંધ અટકશે. આપણા શરીરે ખૂબ મેલ ચોંટી જાય અને પછી તે મેલ કોઇ પ્રયોગથી છૂટો પડી જાય તો આપણે શોક નથી કરતા પણ ખુશી થઇએ છીએ.

આપણા આત્મા ઉપર કર્મમેલ ચોંટી જઈને શરીરાદિ અનેક વિચિત્રતામાં આત્મા મુકાઈ જાય–પછી શુભ વિચાર તથા વૃત્તિઓના પ્રયોગથી કર્મમેલની સાથે જ શરીરાદિની વિચિત્રતાથી નષ્ટ થઇ જાય તો આપણે ખુશ જ થવું જોઇએ. કોઇએ કોઈ વ્યક્તિને લાખોનાં નાણાં ધીર્યાં હોય, સારી સ્થિતિમાં હોવાથી ધીરેલાં નાણાં સર્વથા ભૂલી જવાયાં હોય, કાળાંતરે નબળી સ્થિતિ થઇ ગઇ હોય, મહામુસીબતે પોતાનો નિર્વાહ કરતો હોય તેવામાં દેણદાર વ્યાજ સહિત નાણાં પાછાં આપી જાય તો તેને હર્ષ થાય કે શોક ? આપણાં નાણાં ઘાલી બેઠેલા મોહનીયાદિ કર્મને આપણી નબળી સ્થિતિમાં આપણને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતજીવન, અનંતસુખ આદિ આપણાં નાણાં આપે તો આપણે સુખ મનાવવું છે કે દુઃખ ? જો આપણને આપણી વસ્તુ મળતી હોય તો આપણે રાજી થવું જોઇએ.

ઉદયાધીન આત્માને ઘણું જ સાવધાન રહેવું પડે છે. અસાવધાન સ્વતંત્ર બની શકતા નથી. ઉદયના અંતની ઇચ્છા સહુ કોઇને હોય છે. અબંધની ઇચ્છાને કયાંય પણ સ્થાન મળી શકતું નથી. ચેતે તે ચેતન; નહીં તો અચેતન છે જ. આનંદ તથા સુખ ચેતનના ધર્મ છે અચેતનના નથી. જે ધર્મનો જે ભોક્તા તે ધર્મનો તે ધર્મી કહેવાય. હું વર્ણ ગંધાદિનો ભોક્તા છું એવું જ્યાં સુધી મનાય ત્યાં સુધી તેને ચૈતન્ય કેમ કહેવાય ?

શરીરના ધર્મ–હું સ્થૂળ છું, હું કૃશ છું, હું ગૌર છું, હું કૃષ્ણ છું ઇત્યાદિને પોતાના માને તેને ચેતન કોણ કહે? પાર્થિવ સંપત્તિનો વિનાશ, રૂપાંતર, અવસ્થાંતર થવાથી શોક કરે તથા પોતાના વિનાશ–અભાવની આશંકાથી ભયભીત બને તે ચેતન શબ્દોના વાચકનો વાચ્ય કેવી રીતે બની શકે? અસાવધાન જગત, અચેતન જગત જડોપાસક બને તેમાં કાંઈ નવાઇ જેવું નથી. સુખનો સાગર ચૈતન્યની સૃષ્ટિમાં છે; અચૈતન્યની સૃષ્ટિમાં નથી. સાવધાન એટલે સ્વતંત્ર અને અસાવધાન એટલે પરતંત્ર. સ્વતંત્રતા એટલે મુક્તિ અને પરતંત્રતા એટલે અમુક્તિ. મુક્તિ સિવાય સુખ છે જ નહિ. જગતમાં અસાવધાન મૂંઝાય છે, કારણ કે તે ઉદયની ઇંદ્રજાળને પોતાની માને છે. શુભોદયમાં આનંદ અને અશુભોદયમાં શોકને આધીન થાય છે. પુદ્ગલોની વિકૃતિ તે કર્મ અને કર્મની વિકૃતિ તે ઉદય, અર્થાત્ ઉદય તે વિકૃતિની વિકૃતિ છે. આવી વિકૃતિને પોતાની પ્રકૃતિ માનનાર પોતાને ભૂલી જાય છે. જે પોતાને જ ભૂલે છે તે કેમ ન મૂંઝાય? પોતાની સ્મૃતિ અને પરની વિસ્મૃતિ તે જ સાવધાનતા છે. અવધાન એટલે ઉપયોગ. તે અવધાન સહિત હોય–ઉપયોગ સહિત હોય તે સાવધાન કહેવાય. ઉપયોગ આત્માનો ધર્મ છે. ઉપયોગ અને ચેતના એક અર્થને ઓળખાવનાર શબ્દો છે, માટે જ સાવધાન તે ચેતન અને અસાવધાન અચેતન કહેવાય છે. જડની સૃષ્ટિમાં વસતા અનેક પ્રકારના પ્રસંગો ઉપસ્થિત થાય છે, તે પ્રસંગો ચેતનને અચેતન બનવાનાં નિમિત્ત હોય છે. પણ પ્રતિકૂળ પ્રસંગોમાં ચેતનને હું ચેતન છું એવી સ્મૃતિ બની રહે તો ચેતન અચેતનદશાને પ્રાપ્ત કરી શકતો નથી.

સાવધાન–અપ્રમત્ત દશામાં રહેનાર પોતાનું ખોતો નથી.

પ્રમત્તદશા તે વિકૃત વિભાવદશા છે અને તે વિકૃત જગતમાં વિચરવાથી ઉત્પન્ન થાય છે. ભૌતિક વિકારોથી–વિકૃતિથી ચેતનમાં વિકૃતદશા જન્મે છે, પરંતુ ભૌતિક પ્રકૃતિ ચેતનમાં વિકૃતિ કરી શકતી નથી. વસ્તુમાત્રની પ્રકૃતિ ચેતનમાં થયેલી વિકૃતિની વિનાશ કરવાવાળી છે. આ વાત નીચે લખેલા એક જ ઉદાહરણથી સ્પષ્ટ સમજી શકાય છે.

આપણે પેરીસ જેવા શહેરમાં ફરવા નીકળીએ એટલે આપણી દૃષ્ટિમાં દરેક દૃશ્ય આવે જ છે. આપણી દૃષ્ટિમાં એક મોટું મકાન આવ્યું એટલે આપણે તે જ સ્થળે થંભી ગયા અને આભા બની અસાવધાનતાથી તે મકાનના વખાણ કરવા લાગ્યા. અહા ! કેવું સુંદર મકાન છે ? એની બાંધણી કેવી છે ? એમાં ચિત્રવિચિત્ર કેવું કામ બન્યું છે ?

આ પ્રમાણે પાર્થિવ વિકૃતિ આપણી પ્રકૃતિમાં વિકૃતિદશા ઉત્પન્ન કરવા સમર્થ બની શકી, પણ આપણે વિકૃતિ તરફ દૃષ્ટિ ન આપતાં તેની પ્રકૃતિ તરફ દૃષ્ટિ આપીશું તો તે પ્રકૃતિ એટલે આ મકાનમાં ઈંટ, ચૂનો, માટી, લાકડાં અને લોઢા સિવાય બીજી એવી કઈ વસ્તુ છે કે જેને હું સુંદર માની રહ્યો છું ? આવો વિચાર આવતાં જ ચેતનમાં ઉત્પન્ન થયેલી વિકૃતિનો વિનાશ થશે જ.

પ્રકૃતિમાં રહેલા પદાર્થો વિકૃતભાવ પેદા કરી શકતા નથી પણ વિકૃત જ વિકૃતિ કરે છે. પ્રકૃતિ વિકૃતિનું નિમિત્ત–કારણ બની શકતી નથી.

અસાવધાનતા વિકૃતિને ઉત્પન્ન કરે છે અને સાવધાનતા વિકૃતિનો વિનાશ કરી પ્રકૃતિને પ્રગટાવે છે, માટે જ અસાવધાન

જગત પરમ દુઃખી છે. આપણે સુખના અભિલાષી છીએ માટે આપણે સાવધાનતાની આવશ્યકતા છે. સાવધાનતા આત્માનો ગુણ છે. તેને કોઈ પણ પ્રયોગથી પ્રગટ કરવા પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

અસાવધાન જગતને અનિષ્ટ એવા મૃત્યુ જેવા પ્રસંગમાં પણ સાવધાન પરમ સુખનો ભોક્તા હોય છે.

અસાવધાનને અનિષ્ટ તે જ સાવધાનને ઇષ્ટ હોય છે. જ્યાં સુધી ભૌતિક વિકૃતિમાં આપણું ઇષ્ટાનિષ્ટપણું છે ત્યાં સુધી આપણે અસાવધાન છીએ માટે ભૌતિક વિકૃતિઓની પ્રકૃતિઓ તરફ ધ્યાન આપીને આપણે અસાવધાનતા ટાળવા ઇષ્ટાનિષ્ટપણાનો અંત આણવો જોઇએ.

ધર્મસ્વરૂપ.

(૨૯)

ધર્મ એટલે વસ્તુસ્વભાવ. દરેક વસ્તુમાં ધર્મ રહેલો હોય છે. તે ધર્મદ્વારા વસ્તુ ઓળખાય છે. વસ્તુ ધર્મી છે અને તે વસ્તુને ઓળખાવનાર અસાધારણ ગુણ તે ધર્મ કહેવાય છે. સાકર ધર્મી છે અને તેમાં રહેલો અસાધારણ મીઠાશ ગુણ તે ધર્મ છે. સાધારણ ગુણ ધર્મ ન થઈ શકે. સાકરમાં સાધારણ ગુણ કઠિનતા તથા શ્વેતતા છે પણ તે ગુણો સાકરના જ નથી. પત્થર તથા ફટકડી વિગેરેમાં પણ કઠોરતા તથા શ્વેતતા આદિ ગુણો રહેલા હોય છે માટે તે અસાધારણ ગુણો ન કહેવાય.

આવી રીતે આત્મા ધર્મી અને જ્ઞાનાદિ ધર્મ, ઉષ્ણતા ધર્મ અને અગ્નિ ધર્મી, શીતતા ધર્મ અને પાણી ધર્મી. આ પ્રમાણે વસ્તુ માત્રમાં રહેલો અસાધારણ ગુણ તે ધર્મ કહેવાય છે.

અનંત ધર્મવાળી જે વસ્તુ કહેવાય છે તે પર્યાયોને આશ્રયીને કહેવામાં આવે છે. દ્રવ્ય માત્રમાં પ્રત્યેક સમયે પરિવર્તનો પર્યાયોના નામે ઓળખાય છે અને એને જ લક્ષમાં રાખીને અનંત ધર્મવાળી વસ્તુ કહેવાય છે.

સંસારમાં જેવો જેવો અધિકાર હોય તે પોતપોતાના અધિકાર પ્રમાણે પ્રવૃત્તિ કરે તે પોતાની ફરજ બજાવવારૂપ ધર્મ કહેવાય છે. ધર્મ વસ્તુ એવી છે કે તે માન્યતાગ્રાહ્ય કે કલ્પનાગ્રાહ્ય થઇ શકતી જ નથી, જેમકે કોઇ કલ્પના કરે અથવા માની લે કે અગ્નિ શીતલ છે અને તે તપેલાને શાન્તિ પમાડે છે; પાણી બાળે છે, આત્મા જ્ઞાનશૂન્ય છે વિગેરે વિગેરે. આવા પ્રકારની કલ્પના કરે કે માન્યતા ધરાવે તો તેનો આશરો લેવાની સર્વથા આવશ્યકતા નથી; કારણ કે આ કલ્પનાઓ તથા માન્યતાઓ ખોટી છે. કોઈ અપેક્ષાને લક્ષમાં રાખીને જે એમ કહેતા હોય તો તે અમુક અંશે સત્ય હોવાથી ગ્રાહ્ય થઈ શકે; નહિ તો આબાળગોપાળ પ્રસિદ્ધ વસ્તુ સ્વભાવધર્મમાં મતભેદનો અભાવ હોવાથી અમુક અમુક કાર્યપ્રસંગે અમુક અમુક ધર્મસ્વરૂપ ધર્મીનો આશરો લેવો પડે છે. ઉષ્ણતાની આવશ્યકતા હોય તો અગ્નિ, મીઠાશની આવશ્યકતાવાળાને સાકર તેવી જ રીતે અન્યાન્ય ધર્મની આવશ્યકતાવાળાને અન્યાન્ય દ્રવ્યનો આશરો લેવો પડે છે અથવા બાળવાની આવશ્યકતાવાળાને ઉષ્ણતાધર્મ, ઠંડકની ઇચ્છાવાળાને શીતળતાધર્મ ઇત્યાદિ સર્વમાન્ય તથા મતભેદશૂન્ય ધર્મનો આશ્રય ઇચ્છિત કાર્ય સાધવા લેવો જ પડે છે, અને તે તે ધર્મોનો આશ્રય લેવાથી તે પોતાનું કાર્ય સાધી શકે છે. જ્ઞાનધર્મનો આશ્રય લઈને વસ્તુસ્થિતિનું ભાન કરી શકે છે તથા સુખશાંતિ અને મુક્તિ મેળવી શકે છે. હવે આ સ્થળે વિચારવાની એટલી જ જરૂરત છે કે ધર્મ શબ્દનો પ્રયોગ ઘણે સ્થળે કરાતો જોવામાં આવે છે. જેમકે પતિધર્મ, ક્ષત્રિયધર્મ વિગેરે વિગેરે. ઉપર બતાવેલ ધર્મ શબ્દ તો આવા સ્થળોએ જોડાઈ શકતો નથી પરંતુ ફરજ જે ધર્મનો અર્થ થાય છે તે ધર્મ શબ્દ આવા સ્થળોએ જોડાઇ શકે ખરો.

પતિનો અધિકાર ધરાવનાર વ્યક્તિએ પત્ની સાથે વર્તવાના નિયમોને અનુસરવું તે પતિધર્મ કહેવાય છે. ક્ષત્રિયપદ ધારણ કરનારે દુઃખી, નિરાધાર તથા પીડાતાઓનું રક્ષણ કરવું તે ક્ષત્રિયનો ધર્મ કહેવાય છે. આવી જ રીતે માતા, પિતા, પુત્ર, રાજા આદિના પણ ધર્મ તેમની ફરજોને આશ્રયીને કહેવાય છે. ગૃહસ્થધર્મ અને સાધુધર્મમાં કાંઈક ફરક રહે છે. પૂર્વે બતાવેલ ધર્મોને આત્મધર્મની સાથે કાંઇપણ સંબંધ નથી, નીતિની સાથે સંબંધ કહી શકાય. સંસારવ્યવહારને આશ્રયીને જ એ ધર્મોની પ્રવૃત્તિ થઈ હોય તેમ લાગે છે, અને એ સર્વ ધર્મોમાંથી કેટલાક પુણ્યકર્મના ઉત્પાદક હોવાથી અમુક અંશે ધર્મના સાધન માની તેમાં ધર્મનો ઉપચાર થાય છે; અને તેથી કરીને ઔપચારિક ધર્મ કહી શકાય.

ગૃહસ્થધર્મ તથા સાધુધર્મ દેશવિરતિ તથા સર્વવિરતિને આશ્રયીને જ ક્રિયાના રૂપમાં મુકાય છે, તે ઔપચારિક ધર્મ કહેવાય છે. વાસ્તવમાં, પરમાર્થથી આત્મધર્મ તો આત્માની નિષ્કર્મતાથી ઉત્પન્ન થયેલી પરમ વિશુદ્ધ પરમાત્મદશા જ છે.

સંસારવ્યવહારને આશ્રયીને ગૃહસ્થધર્મ તે ગૃહસ્થમાં રહેલ વ્યક્તિની ફરજરૂપ છે. ગૃહસ્થની ઝૂંસરી ગળામાં નાખનાર વ્યક્તિએ સંસારની જનતા સાથે ગૃહસ્થના નિયમાનુસાર વર્તવું તે ગૃહસ્થધર્મ વ્યવહારિક કહેવાય છે,

ધર્મના વિભાગો પડી શકતા નથી પણ ધર્મના સાધનોના વિભાગો પડી શકે છે. આત્માની વિશુદ્ધ પરમાત્મદશામાં કોઇનો પણ મતભેદ નથી, પરન્તુ પરમાત્મદશા પ્રાપ્ત કરવાના ધર્મના વ્યાપારોમાં મતભેદ રહે છે. પૈસા મેળવવાના સાધ્યમાં તો કોઇનો પણ મતભેદ નથી, પરન્તુ પૈસા મેળવવાના સાધન–વ્યા-

પારમાં મતભેદ પડે છે. કોઈ અમુક વ્યાપારને પૈસા પ્રાપ્ત કરવાનું સાધન માને છે ત્યારે કોઇ તેનાથી ભિન્ન અમુક વ્યાપારને તેનું સાધન માને છે. જેવાં કે ઝવેરાત, કાપડ, સોનાચાંદી, અન્ન, કરિયાણું વિગેરે વિગેરે. સર્વત્ર સ્થળે સાધ્યને અનુકૂળ સાધન હોય તો જ સાધ્ય સિદ્ધ થઇ શકે છે.

પ્રતિકૂળ સાધનથી સાધ્યસિદ્ધિ થઈ શકતી નથી. આત્માને દોષમુક્ત કરવા નિર્દોષ સાધનોની અત્યાવશ્યકતા રહે છે. સદોષ સાધનોનો ઉપયોગ કરીને કોઈપણ નિર્દોષ બની શકતું નથી, માટે જ આત્મા વિશુદ્ધિ, પરમાત્મદશા, મુક્તિપદ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ દોષોને સારી રીતે જાણીને નિર્દોષ સાધનોનો ઉપયોગ કરવો જોઇએ.

સંસારમાં દોષોનાં કેન્દ્ર કષાય તથા વિષયાસક્તિ છે. જે સાધનોમાં કષાય તથા વિષયાસક્તિ રહેલાં છે તે શાશ્વત ધર્મના સાધન બની શકતાં જ નથી. પ્રાણીવધાદિનો પણ કષાય તથા વિષયાસક્તિમાં સમાવેશ થઈ જાય છે. દેવીદેવલાંને અપાતાં પ્રાણીઓનાં બલિદાનો પણ વિષયાસક્તિને લક્ષીને જ હોય છે. પરમાત્માની વિશુદ્ધિ ઉપાસના સિવાયની સંસારમાં જેટલી ઉપાસનાઓ છે તે સઘળી કેવળ વિષયાસક્તિને માટે જ કરાય છે.

કોઇ પણ દેવી કે દેવતાની આગળ પ્રાણીનો વધ કરે છે તે વધ કરનારની જેના આગળ વધ કરાય છે તે દેવ તથા દેવીને પ્રસન્ન કરીને ધન, જીવન, સ્ત્રી આદિ વસ્તુઓ મેળવવાની ઇચ્છા હોયછે અથવા તો શત્રુના વિનાશની, કોઇને વશ કરવાની કે પોતાના કાર્યમાં આડા આવનારને દૂર કરવાની ભાવના હોય છે; માટે તે બલિદાન ધર્મનું સાધન હોઈ શકે જ નહિ. કેટલાક પુણ્યકર્મ માટે યજ્ઞાદિમાં પશુવધ કરે છે પણ તે પુણ્યકર્મનું સાધન જ નથી.

" **परोपकारश्च पुन्याय पापाय परपीडनं** " નીતિ પણ આમ જ કહે છે કે પરોપકારથી પુન્ય થાય છે અને પરને પીડા આપવાથી પાપ થાય છે, માટે જેઓ પુણ્યને માટે પ્રાણીઓનો વધ કરે છે તે સર્વથા ધર્મનું વિકળ સાધન છે; એટલું જ નહિ પણ પુણ્યનું પણ વિકળ સાધન છે માટે જે દેવીદેવતાઓને બલિદાન આપવામાં ધર્મ માને છે તે વાસ્તવિક ધર્મને સમજતા જ નથી, પરંતુ તેમના કુળનો ધર્મ હોય તો ન કહેવાય.

જ્યાં આત્માની પરમાત્મદશા પ્રગટ કરવાનો આશય હોય છે ત્યાં પ્રાણીવધનો સર્વથા નિષેધ છે અને કોઇ પરમાત્મદશા પ્રાપ્ત કરવા પ્રાણીવધ કરે છે તો તે સર્વથા અજ્ઞાની જ છે; અને તેનો પ્રયત્ન વિષપાન કરીને જીવવાને ઇચ્છવા જેવો છે. આ લોકનાં વિષયાદિ સુખોને માટે કદાચ તેનો પ્રયત્ન પ્રારબ્ધ અનુસાર સફળ થવામાં દેવીદેવલાં નિમિત્તભૂત થઈ શકે ખરા; પરંતુ વિશુદ્ધ ધર્મ કે ઔપચારિક પુણ્યધર્મને માટે તો તે પ્રયત્ન સર્વથા નિષ્ફળ છે એટલું જ નહિ તેના આત્માના માટે તો અત્યંત અનિષ્ટ છે, અનેક યાતનાઓનો ઉત્પાદક છે.

જે વાસ્તવિક ધર્મ છે તે તો સર્વને એક સરખો જ માન્ય છે માટે પોતે માની લીધેલો ધર્મ તે ધર્મ કહી શકાય નહિ; ધર્મ તો વસ્તુનો ગુણ છે. તેમાં માનવાપણું કે ન માનવાપણું એવો કાંઈ મતભેદ રહેતો નથી. પોતાની માન્યતાનો ભેદ ધર્મના સાધનવ્યાપારમાં પડી શકે છે, માટે વાસ્તવિક ધર્મને સમજીને તેને પ્રગટ કરવા પોતે જે કાંઇ વેપાર કરી રહ્યો હોય અને અન્ય વ્યક્તિ સમજપૂર્વક વિશુદ્ધ ધર્મ પ્રગટ કરવા સાનુકૂળ અન્ય વ્યાપાર કરી રહી હોય તો તે કાંઇ અધર્મનો વ્યાપાર

કહેવાય જ નહિ અને તેનો નાશ કરવાની કે તેને હરાવવાની ભાવના વિશુદ્ધ ધર્મવલંબીને હોય જ નહિ, પરંતુ વિશુદ્ધ સાધ્ય સાધવામાં કદાચ કોઈ વ્યક્તિ વિકળ સાધનનો ઉપયોગ કરતા અનુકૂળ સાધનના ઉપયોગ કરતાને જણાય તો તે હિતબુદ્ધિથી વિકળ સાધનવાળાને અનુકૂળ સાધનનો ઉપદેષ્ટા થઇ શકે છે. વિશુદ્ધ સાધ્ય તેમજ વિશુદ્ધ સાધનવાળાને ઇર્ષા, વિરોધ કે અહંતા પીડી શકતા જ નથી. હરાવવાની કે નાશ કરવાની જેની બુદ્ધિ થાય છે તે ધર્મથી સર્વથા અજ્ઞાન છે. તેણે ધર્મને ઓળખ્યો જ નથી. કદાચ કોઇક પુસ્તકમાં વાંચ્યો હશે કે કાને સાંભળ્યો હશે પણ તેથા કાંઈ તે ધર્મનો જ્ઞાતા કહી શકાય નહિ. તેનાથી તો જડસ્વરૂપ પુસ્તક વધી જાય છે, કારણ કે પુસ્તક રાગદ્વેષ રહિત થઇને અનેકને બોધ થવામાં નિમિત્તભૂત થાય છે.

અનાદિ કાળથી સંસારસરિતાનાં પ્રબળ વેગથી વહેતા કષાય તથા વિષયરૂપ પ્રવાહના સન્મુખ પૂરે-વીર્યબળપૂર્વક સરિતાના પૂરમાંથી કાંઠે આવી જવું તે ધર્મ. આત્માના અનંતજ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિના ભોક્તા બનવું તે ધર્મ, અને વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શ આદિના ભોક્તા બનવું તે અધર્મ. (ભોક્તા એટલે તે તે ધર્મમાં વૃત્તિની સ્થિરતા-આસક્તિ). મહિનાઓ સુધી અન્નજળ છોડી દઇને જેઠ મહિનાના પ્રખર તાપથી તીવ્ર તપી ગયેલ રેતીમાં નગ્ન શરીરે આતાપના કેમ ન લેતો હોય? સહસ્ર અગ્નિના કુંડો બનાવી તેની વચમાં બેસીને આતાપના કેમ ન લેતો હોય? શીતકાળની હિમમિશ્રિત સખ્ત શરદીમાં જળાશયમાં ઊભો રહીને શીત આતાપના કેમ ન લેતો હોય? સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષાઓમાં લખેલાં પુસ્તકો વાંચીને આત્મા-

ની, જડની, કર્મની, સંસારની તેમજ મોક્ષ આદિની વાતો કરીને તત્ત્વજ્ઞાની જેવો કેમ ન દેખાતો હોય ? બબ્બે મહિના સુધી અન્નજળ ત્યાગીને મોટો તપસ્વી કેમ ન બન્યો હોય ? સંસારની સઘળી સંપત્તિ છોડી દઈને એકાંતે નિર્જન સ્થળમાં કેમ ન વસતો હોય ? પરંતુ જ્યાં સુધી તેની મનોવૃત્તિ વર્ણ, ગંધ, રસ, શબ્દ તથા સ્પર્શ આદિ જડધર્મમાં વીખરાયેલી રહે છે, અતિશય આસક્તિવાળી રહે છે તો તે અધર્મ સેવે છે, માટે તે અધર્મી કહી શકાય અને સર્વ જડ અધર્મોથી નિવૃત્ત થઈને આત્મધર્મ-જ્ઞાનાદિમાં રમણ કરતો હોય તો ભલે તે પછી બાહ્યથી કોઈપણ વસ્તુનો ત્યાગી ન હોય અથવા તો ગમે તેવા કપડામાં વિચરતો હોય તો તે પણ ધર્મી કહી શકાય છે, માટે અમુક બાહ્ય પ્રવૃત્તિ માત્રનું નામ ધર્મ નથી તેમ અધર્મ નથી. ઉપયોગમાં ધર્મ છે અને ઉપયોગશૂન્યતામાં અધર્મ છે. બાકી તો સંસારમાં મનુષ્યોએ કલ્પના કરેલા ધર્મ–અધર્મથી કાંઈ પણ હિતાહિત થઇ શકતું નથી.

તાત્ત્વિક વિચારણા.

(૩૦)

પરમજ્ઞાની પરમ પુરુષોના જ્ઞાનમાં આખા ય સંસારના જડ-ચૈતન્યની અનાદિ અનંત, સાદિ અનંત, સાદિ સાંત અને અનાદિ સાંત ફરશનાઓ સ્વચ્છ પ્રકાશી રહી છે. પુદ્ગલ સ્કંધોના બનેલા આ દેહની પ્રત્યેક ક્ષણની ફરશનાઓ સમાપ્ત થશે એટલે ચૈતન્ય દેહથી તત્કાળ છૂટો પડી જશે અને દેહનો વિલય થઈ જશે. જડ તથા ચૈતન્યની જે સમયે, જે સ્વરૂપે, જે ક્ષેત્રની સ્પર્શના થાય છે તે જ ક્ષેત્રની તે જ સ્વરૂપે ફરીને સ્પર્શના થઈ શકતી નથી. અનાદિ કાળથી સ્વતઃ ઘડાયેલો આ નિયમ સંસારને બહુ સારી રીતે વ્યવસ્થિત કરે છે. આ નિયમથી જ આખા ય સંસારનું અસ્તિત્વ જળવાઈ રહ્યું છે. સંસારની બધી ય વિશિષ્ટતા આ નિયમને અનુસરીને જ છે. સંસારી જીવોના અવાસ્તવિક સુખ અને આનંદનો આધાર પણ આ નિયમ ઉપર જ છે.

જગત ક્ષણવિનશ્વર છે, માટે સંસારી જીવોને સંસારમાં નવીનતાનો ભાસ થવાથી સુખ તથા આનંદ અનુભવાય છે. જો જે સ્વરૂપે થયેલી ફરશના પાછી તે જ રૂપે થાય તો મરી ગયેલા

પાછા જીવતા થાય, અને મુક્ત થયેલાઓને સંસારમાં જન્મ ધારણ કરીને પાછું રઝળવું પડે. ક્ષણિક જગત અક્ષણિક થઈ જાય.

જે જન્મે છે તે જ મરતો નથી, મરનાર બીજો છે. જે માંદો પડ્યો હોય તે સાજો થતો નથી, માંદો પડનાર જુદો હતો અને સાજો થનાર જુદો જ છે. જે શ્રીમંત હતો તે ગરીબ થયો નથી અને જે ગરીબ હતો તે શ્રીમંત થયો નથી. જો કે આ ક્ષણિકતા બૌદ્ધોનું બળ વધારનારી છે છતાં તે સર્વવ્યાપી છે. આ ક્ષણિકતા સર્વ પદાર્થોને માન્ય રાખવી પડે છે અને જો માન્ય ન રાખે તો પદાર્થો પોતાનું સ્વરૂપ ખોઇ બેસે છે.

આત્મા એક જ વસ્તુને જાણે પણ અનંતી વસ્તુઓને ન જાણી શકે. અનેક રૂપે રહેલું જગત એક જ રૂપે દેખાય; માટે જ દરેક વસ્તુમાં ક્ષણિકતા તો રહેલી જ છે. આધાર તે વસ્તુ-દ્રવ્ય અને આધેય તે ક્ષણિકના પર્યાય. જે પર્યાય વ્યતીત થાય તે જ પર્યાય પાછો આવતો નથી અને પર્યાયને આશ્રયીને વસ્તુ ભિન્ન ભિન્ન અનેક રૂપે રહેવાની જ, માટે પર્યાયો તરફ લક્ષ ન આપતાં દ્રવ્ય તરફ લક્ષ્ય આપવું. પર્યાયોને ગ્રહણ ન કરતાં દ્રવ્યની શુદ્ધ દશા વિચારી તેને જ અગ્રસ્થાન આપવું. પર્યાયોના પ્રપંચમાં ન મૂંઝાવું તે જ જ્ઞાની પુરુષોનું ભૂષણ છે અને વિકાસની શરુઆત છે.

પર્યાયો માત્ર વ્યવહારમાં વર્તવાને જ ઉપયોગી છે પણ દ્રવ્ય તો ખાસ સ્વરૂપ જ છે અને ત્રણે કાળમાં એકરૂપે રહેતું હોવાથી શુદ્ધ સ્વરૂપ છે; માટે જ દ્રવ્યમાં અડોળવૃત્તિ છે અને પર્યાયોમાં ડોળવૃત્તિ છે. દ્રવ્ય એક છે, પર્યાય અનેક છે. પર્યાય-દૃષ્ટિમાં ડહોળાણ થવાથી મલિનતા રહેવાની જ અને દ્રવ્યદૃષ્ટિમાં હલચલ ન હોવાથી સ્વચ્છતા રહેવાની જ. અનેક રૂપને ધારણ

કરનાર બહુરૂપી ગમે તેટલાં રૂપ બનાવી વ્યવહારમાં વર્તે છતાં નિશ્ચયથી પોતાને સારી રીતે જાણે છે કે હું તો પ્રાણુશંકર નામનો તરગાળો છું. તેવી જ રીતે તમે ચારે ગતિમાં ગમે તેટલાં રૂપ ધારણ કરી સંસારની વ્યવહારરાશિમાં ઓળખાઓ પણ તમારે તો નિશ્ચયથી પોતાને શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રમય સચ્ચિદાનંદ સ્વરૂપથી જ ઓળખાવું જોઇએ. પર્યાયદૃષ્ટિ વિરક્તભાવ ઉત્પન્ન કરવાને ઉપયોગી છે. દ્રવ્યદૃષ્ટિ (સ્વસ્વરૂપમાં) સ્થિર કરવાને અદ્વિતીય કારણ છે. બાકી તો પર્યાયદૃષ્ટિપણું સર્વથા ત્યાજ્ય છે, કારણ કે પર્યાય તે વિકૃતિ છે અને દ્રવ્ય તે પ્રકૃતિ છે. આ સ્થળે આટલી વાત ખાસ જાણવા જેવી છે કે આત્મદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યનો સંયોગ હોવાથી આત્માના સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એમ બે પ્રકારના પર્યાય આત્મામાં રહેલા છે. કર્મદ્રવ્યના પર્યાય તે વિભાવપર્યાય અને આત્મદ્રવ્યના પર્યાય તે સ્વભાવપર્યાય. કર્મનો વિયોગ થયા પછી આત્મામાં વિભાવપર્યાય રહેતા નથી અને તેથી કંઈ આત્માનું બગડતું નથી પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. આત્માના અસ્તિત્વનું સૂચક કેવળ સ્વભાવપર્યાય જ રહી જાય છે. આ સ્વભાવપર્યાયોનો દ્રવ્યથી વિયોગ થઈ શકતો નથી અને તે પ્રકૃતિસ્વરૂપ કહેવાય છે અને પરપર્યાય તે વિકૃતિસ્વરૂપ છે. આત્મામાં રહેલા સ્વભાવ અને વિભાવસ્વરૂપ પર્યાયો ભિન્ન ભિન્ન રહીને પોતાનું કાર્ય કર્યે જાય છે. અનંતાનંત વિભાવપર્યાયો આત્માના સ્વભાવપર્યાયમાં લેશ માત્ર પણ પરિવર્તન કરી શકતા નથી અર્થાત્ પોતાના સ્વરૂપમાં જરા પણ ભેળવી શકતા નથી. પર્યાયથી દ્રવ્ય જુદું નથી અને દ્રવ્યથી પર્યાય જુદા નથી. આ નિયમ સ્વભાવપર્યાયને લાગુ પડી શકે છે, પણ વિભાવપર્યાયને

લાગુ પડી શકતો નથી અને જે વિભાવપર્યાયનો આત્મદ્રવ્યથી વિયોગ ન થાય તો આત્માની શુદ્ધિ કોઇ પણ કાળે થઇ શકે જ નહિ, માટે જ સ્વપર્યાયથી દ્રવ્ય જુદું નથી પણ પરપર્યાયથી તો જુદું જ છે. ઘટના પર્યાયથી પટ ભિન્ન અને પટના પર્યાયથી ઘટ ભિન્ન; જડના પર્યાયથી ચૈતન્ય ભિન્ન અને ચૈતન્યના પર્યાયથી જડ ભિન્ન છે.

પ્રથમ તો આપણે આત્માના વિભાવપર્યાય કે જે કર્મના વિકારસ્વરૂપ છે તેનો વિચાર ન કરતાં ચૈતન્યથી ભિન્ન જડ-પુદ્ગલદ્રવ્યના પર્યાયો જે અનેક રૂપે દૃષ્ટિગોચર થઈ રહ્યા છે અને પાંચ ઇંદ્રિયોના વિષયસ્વરૂપ છે તેનો વિચાર કરવાની અત્યંત આવશ્યકતા છે.

આત્માને સ્વચ્છ બનાવી સદાશિવ મેળવવા ઇચ્છનારે રાગ-દ્વેષરૂપી વિભાવપર્યાયની મલિનતા સ્વભાવપર્યાયમાંથી કાઢી નાખવાની જરૂરત છે. આ મલિનતાના ઉત્પાદક અને તેને પુષ્ટ બનાવનાર પાંચે ઇંદ્રિયોના વિષયસ્વરૂપ જડના પર્યાયો છે. જ્યાં સુધી જડના પર્યાયોમાં આત્મા વિભાવપર્યાયથી ભળે છે અર્થાત્ જડ અને જડના વિકારો કે જે પાંચે ઇંદ્રિયોના વિષયો છે તેમાં આત્મા રાગદ્વેષની પરિણતિ રાખે છે. તે રાગદ્વેષની મલિનતા દૂર કરી શકતો નથી પણ સ્વભાવપર્યાયને વધારે મલિન બનાવે છે અને જે પૌદ્ગલિક વસ્તુઓમાં રાગદ્વેષ કરતો નથી અર્થાત્ કેવળ સ્વભાવપર્યાયથી જ પરપર્યાયોમાં ભળે છે તે સ્વભાવપર્યાયને સ્વચ્છ બનાવી વિભાવપર્યાયથી મુક્ત થઈ શકે છે અને આને જ-વિશુદ્ધ સ્વભાવપર્યાયને જ મુક્તિ કહેવામાં આવે છે.

સંસારમાં આત્માથી ભિન્ન સઘળા ય દ્રવ્ય અને સઘળા ય પર્યાયોની સાથે આત્માનો જ્ઞાયકતાપણાનો સંબંધ છે પણ ભોક્તાપણાનો નથી. આત્માનું ભોક્તાપણું સ્વગુણપર્યાયમાં છે

પણ પરગુણપર્યાયમાં નથી. આત્માની અપેક્ષાએ જ્ઞાન ગુણ છે અને જ્ઞેયની અપેક્ષાએ જ્ઞાન પર્યાય છે કે જેને આત્માના સ્વભાવપર્યાય કહેવામાં આવે છે.

દ્રવ્ય માત્ર પોતપોતાના ગુણપર્યાયના ભોક્તા હોય છે. એક દ્રવ્ય પોતાનાથી ભિન્ન બીજા દ્રવ્યના ગુણપર્યાયનો ભોક્તા બની શકે નહિ. આત્મદ્રવ્યમાં સ્વ-પર-ગુણ-પર્યાયનું જ્ઞાતાપણું છે અને સ્વગુણ-પર્યાયનું ભોક્તાપણું પણ છે. આત્મદ્રવ્યથી ભિન્ન દ્રવ્યમાં જ્ઞાતાપણું નથી પણ સ્વગુણપર્યાયનું ભોક્તાપણું જ છે. જો જડ-દ્રવ્યમાં પોતાનાથી ભિન્ન આત્મદ્રવ્યનાં ગુણપર્યાયનું ભોક્તાપણું હોય તો જડ ચૈતન્ય થઈ જાય, અને ચૈતન્યમાં જડના ગુણ-પર્યાયનું ભોક્તાપણું હોય તો ચૈતન્ય જડ થઇ જાય. આત્માને માટે જે કહેવામાં આવે છે કે કર્મના ભેદોનો કર્તા, કર્મનો ભોક્તા, સંસારમાં ભ્રમણ કરનારો અને સંસારથી છૂટી જનારો તે આત્મા છે. આ લક્ષણ કર્મદ્રવ્યના પર્યાયને આશ્રયીને છે કે જે પર-પર્યાય છે અને આત્માની સાથે સંયોગસંબંધથી રહેલા છે; પણ આત્માના સ્વગુણપર્યાય કે જે સ્વભાવપર્યાય છે તેને આશ્રયીને નથી.

સર્વજ્ઞદેવની દૃષ્ટિમાં દરેક વસ્તુ અનેકાંતપણે દેખાઇ છે, એટલે દરેક વસ્તુને અનેક દૃષ્ટિથી તપાસીએ તો જ વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે અર્થાત્ વસ્તુ પૂર્ણપણે જણાય છે; નહિ તો અપૂર્ણ જ રહી જાય છે માટે એક અપેક્ષાએ તપાસીએ તો આત્મા આખા ય સંસારનો જ્ઞાતા, કર્તા અને ભોક્તા બની શકે છે.

જાણવું, કરવું અને ભોગવવું આ ત્રણેના સ્વરૂપથી અજાણ આત્મા મોહના દબાણથી ઘણો જ મૂંઝાયા કરે છે.

ખરી રીતે જોતાં તો જ્ઞાન અને ક્રિયા–જાણવું અને કરવું–આ બે જ ભાવો છે. ભોગ જેવી કોઈ વસ્તુ નથી. ભોગનો જ્ઞાન-ક્રિયામાં સમાવેશ થઇ જાય છે. સંસારમાં જે ભોગો

કહેવાય છે તે આત્માના વિભાવપર્યાયોનું પુદ્ગલદ્રવ્યની સાથે તથા પુદ્ગલદ્રવ્યના ગુણપર્યાયની સાથે સંયોગવિયોગરૂપ ક્રિયાનું અંગ છે અને તેમાં જે આત્માને આનંદ તથા ખુશીનો અનુભવ થાય છે તે એક પ્રકારનું અજ્ઞાન છે. અજ્ઞાન પણ એક પ્રકારનું જ્ઞાન છે, અને તે આત્માનો ગુણ છે–પર્યાય છે; છતાં તેને અજ્ઞાન એટલા માટે કહ્યું છે કે વિભાવપર્યાયની છાયા પડવાથી તે મલિન થયેલું છે. સ્ફટિકમાં કાળા વસ્ત્રની છાયા પડવાથી સ્ફટિક કાળું કહેવાય છે તેમ વિભાવપર્યાયની છાયા પડવાથી જ્ઞાન અજ્ઞાન કહેવાય છે, બાકી તો અજ્ઞાન કોઇ પણ દ્રવ્યનો ગુણધર્મ ન હોવાથી તાત્વિક વસ્તુ નથી. જ્યારે અજ્ઞાન અતાત્વિક છે, તો પછી ભોગો કે જે અજ્ઞાનની છાયા છે તે તાત્વિક કેવી રીતે હોઇ શકે ?

આત્મદ્રવ્યની સાથે સંયોગસંબંધથી રહેલા પુદ્ગલદ્રવ્યનો આત્મદ્રવ્યથી ભિન્ન-અલગ રહેલા પુદ્ગલદ્રવ્યની સાથે સંયોગ-સંબંધ થવો તે ભોગોપભોગ અને તેની અજ્ઞાનતાથી આત્મા પોતે માની લે કે હું આ વસ્તુઓનો ભોક્તા છું, આ ભોગોથી હું સુખી છું, મને બહુ જ સુખ ઉપજે છે, શાતા થાય છે. આવી માન્યતાથી તેની સાથે સંયોગ–સંબંધથી રહેલા કર્મદ્રવ્યને પુષ્ટિ મળે છે, અને પોતાના સ્વભાવપર્યાય વધુ મલિન બનતા જાય છે. આત્માનું સ્વગુણપર્યાયનું ભોક્તાપણું તાદાત્મ્ય છે–તત્સ્વરૂપ સંબંધથી રહેલું છે. સઘળા દ્રવ્યમાં પોતપોતાના ગુણપર્યાયનું ભોક્તા પણું તાદાત્મ્ય સંબંધથી જ હોય છે, માટે જે દ્રવ્યના ગુણપર્યાય સાથે અથવા તો તે દ્રવ્ય સાથે સંયોગસંબંધ છે તે તેનો ભોક્તા-બની શકે નહિ અર્થાત્ દ્રવ્યના સંયોગ–સંબંધોમાં તેનું ભોક્તાપણું છે જ નહિ; માટે આત્મા પુદ્ગલદ્રવ્યોનો કે તેનો ગુણના પર્યાયોનો ભોક્તા બની શકતો જ નથી અને એ હેતુથી જ પુદ્ગલદ્રવ્યના ભોગ માટે વલખાં મારવાં વ્યર્થ છે.

સુખ-દુઃખ વિચારણા.

(૩૧)

મુસાફરીના સાથી મુસાફરને પૂછે છે કે તમારા શરીરે ઠીક છે કે ? એમ પૂછતાં મુસાફરને નવાઇ લાગે છે અને વિચારમાં પડે છે કે કોઇ એમ કેમ નથી પૂછતું કે તમારા કપડાંને ઠીક છે ? તમે કોઇ વખત તમને એમ પૂછતાં સાંભળ્યું છે કે તમારા ઘરેણાંને કેમ છે ? તમારા ઘરને કેમ છે ? કારણ કે શરીર જડ છે તેવી જ રીતે આ બધું પણ જડ છે. જડ વસ્તુને ઠીક શું અને અઠીક શું ? જડનો સ્વભાવ સડવું, પડવું અને નાશ પામવું છે તો પછી એના માટે કાંઈ પૂછવાનું પણ રહેતું નથી. આત્માને માટે પૂછવાની આવશ્યકતા ખરી ? તમારા આત્માને મોહ તો મૂંઝવતો નથી ? અંતરાય તો નડતો નથી ? અશાતા તો હેરાન કરતી નથી ? વિગેરે વિગેરે. વેદનાર તો આત્મા છે; દેહ નથી. વેદવું એટલે જાણવું. આને ઘણી જ વેદના થઈ રહી છે એટલે અશાતાના ઉદયને સારી રીતે જાણે છે. વેદના એટલે જેને પીડા કહેવામાં આવે છે તે નહિ, પણ **विद्** ધાતુ જાણવાના અર્થમાં છે તેનાથી વેદના શબ્દ બને છે. વેદના, પીડા

અને દુઃખ આ ત્રણે શબ્દ એક જ સ્થિતિ જણાવનારા દુનિયામાં મનાય છે. હવે આપણે વિચાર કરીએ કે દુઃખ જેને કહેવામાં આવે છે તે શું વસ્તુ છે ? પીડા શું વસ્તુ છે ? પોતાની સમજ પ્રમાણે જે માણસ જે વસ્તુને અત્યંત પ્રતિકૂળ માને તે વસ્તુ તેના માટે દુઃખદાયી છે. તે વસ્તુના નિમિત્તથી તેના ભાવોમાં અણગમો રહે છે, અરુચિ રહે છે અને જે વસ્તુ અત્યંત અનુકૂળ હોય તે વસ્તુથી તેના ભાવોમાં આનંદ તથા સુખ વર્તે છે.

અશાતાના ઉદયથી અથવા આપણને ગમતી વસ્તુનો વિયોગ થવાથી કે અણગમતી વસ્તુનો સંયોગ થવાથી આપણે દુઃખ માનીએ છીએ ત્યારે જ્ઞાની પુરુષો આપણા દુઃખના નિમિત્તોમાં સુખ માને છે અર્થાત્ અજ્ઞાનીઓમાં દુઃખના સાધનો જ્ઞાનીઓને સુખ આપનારાં થઈ પડે છે ને અજ્ઞાનીઓના સુખનાં સાધનો જ્ઞાનીઓને દુઃખરૂપ થઇ પડે છે.

સંસારમાં જેને સુખ તથા દુઃખ કહેવામાં આવે છે તે પ્રતિકૂળતા તથા અનુકૂળતાને છોડીને કોઇ ખાસ વસ્તુ નથી; કારણ કે માનવામાં આવતા સુખ-દુઃખ કોઇ પણ દ્રવ્ય નથી, તેમજ કોઇ પણ દ્રવ્યનો ખાસ ગુણ પણ નથી. જડચૈતન્યના સંયોગથી ઉત્પન્ન થયેલો વિકાર છે, અને તે જડચૈતન્યનો વિયોગ થવાથી નાશ પામી જાય છે કે જેની નિરપેક્ષ ઉત્પત્તિ નથી. પૌદ્ગલિક સુખદુઃખની નિરપેક્ષ ઉત્પત્તિ છે માટે જ તેને વાસ્તવિક દ્રવ્ય તથા વાસ્તવિક ગુણમાં ન ગણતાં આત્માની સાથે જડના સંયોગથી થતા આત્માની વિભાવદશા માની છે. તેનો કેવળી અવસ્થામાં કે સિદ્ધાવસ્થામાં નાશ થઈ જાય છે. સાપેક્ષ ઉત્પત્તિ તો વાસ્તવિક વસ્તુ માત્રમાં હોય છે અર્થાત્ નિત્ય વસ્તુમાં પણ હોય છે અને જો સાપેક્ષ ઉત્પત્તિ કે વિનાશ વસ્તુમાં ન હોય તો

તે વસ્તુ જ નથી. સિદ્ધાત્માઓમાં જ્ઞેયની અપેક્ષાથી ઉત્પત્તિ કે વિનાશ થયા જ કરે છે. જ્ઞેય વસ્તુની ઉત્પત્તિથી જ્ઞાનની ઉત્પત્તિ અને જ્ઞેયના વિનાશથી જ્ઞાનનો નાશ. આત્મા તો ધ્રુવપણે રહે છે. આત્માની ઉત્પત્તિ કે વિનાશ નથી.

આ પ્રમાણે વિચાર કરતા નિરપેક્ષ ઉત્પત્તિવાળા સુખદુઃખ તે કાંઈ પણ વસ્તુ જ નથી, એમ જ્ઞાની પુરુષો માનતા હોવાથી તેમને તેની કાંઈ પણ અસર થતી નથી. તેઓ તો આત્મ-સ્વરૂપને જ સુખ માને છે કે જે એક આત્માનો ગુણ છે અને દુઃખ તો વાસ્તવિક કે અવાસ્તવિક કાંઈ પણ વસ્તુ જ નથી.

એક કંગાલ માણસને અણચિંતવ્યો એક લાખનો લાભ થયો એટલે તે પોતાને પરમ સુખી માનીને ઘણો જ ખુશી થયો. એક મહિના પછી કે તરત જ બે લાખનું નુકસાન થયું એટલે તે પોતાને પરમ દુઃખી માની શોકાતુર થયો. બતાવો, આ સુખ તથા દુઃખ શું વસ્તુ છે ? લાભાંતરાયનો ક્ષયોપશમ અને લાભાંતરાયના ઉદય સિવાય બીજું કાંઇ પણ નથી. સુખ-દુઃખ તથા હર્ષ-શોકમાં રતિમોહનીય તથા અરતિ કે શોકમોહનીયના ઉદય સિવાય બીજું કશું ય નથી. શુભાશુભ કર્મના ઉદયથી કે ક્ષયથી આત્મામાં ઉત્પન્ન થવાવાળી વિકૃતિને વાસ્તવિક વસ્તુ માનનારા આત્માઓ કેટલી ભૂલ કરે છે ? સાપેક્ષ ઉત્પત્તિ વિનાશ અને નિરપેક્ષ ઉત્પત્તિ વિનાશ આ બન્ને સારી રીતે જણાવાથી નિત્યાનિત્ય, વાસ્તવિક, અવાસ્તવિક વસ્તુઓ સારી રીતે તેમજ સાચી રીતે ઓળખી શકાય છે. વસ્તુની વાસ્તવિક-યથાર્થ ઓળખાણ થવાથી સાચા સુખનો માર્ગ સરલ થઇ પડે છે. સાપેક્ષ ઉત્પત્તિ કે વિનાશ એટલે બીજી ઉત્પન્ન થવા-વાળી તથા નાશ થવાવાળી વસ્તુની અપેક્ષાથી જે અનુત્પન્ન તથા

અવિનાશી વસ્તુમાં ઉત્પત્તિ તથા નાશનું સ્થાપન કરવું, ઉત્પત્તિ તથા નાશવાળી માનવી, તે ઉત્પત્તિ અને વિનાશ સાપેક્ષ કહેવાય છે. જેમકે—આકાશ અખંડ છે, નિત્ય છે, ઉત્પત્તિ કે વિનાશ વગરનું છે. તે આકાશમાં રહેલા પદાર્થો ઘટ, મઠ, પટની ઉત્પત્તિ તથા વિનાશને આશ્રયીને આકાશની ઉત્પત્તિ તથા વિનાશ કહેવાય છે. બાકી આકાશ તો એક જ રૂપે રહે છે. આત્મા અખંડ છે, નિત્ય છે. તે ઘટપટાદિ પદાર્થોની ઉત્પત્તિ તથા વિનાશને આશ્રયીને તેનું જ્ઞાન ઉત્પત્તિ વિનાશવાળું કહેવાય છે. બાકી આત્મા તથા જ્ઞાન એક જ રૂપે રહેવાવાળા છે. આ જ પ્રમાણે મૂળ વસ્તુમાં ફેરફાર ન થતાં અન્ય વસ્તુમાં થતાં ફેરફારવાળી માનવી તે સાપેક્ષ ઉત્પત્તિ વિનાશવાળી વસ્તુ કહેવાય છે. જે વસ્તુમાં અન્ય વસ્તુની અપેક્ષા વગર અન્ય ઉત્પત્તિ કે નાશવાળી વસ્તુનો આશ્રય લીધા વગર મૂળ વસ્તુમાં ફેરફાર થવો તે નિરપેક્ષ ઉત્પત્તિ વિનાશવાળી વસ્તુ કહેવાય છે. આ નિરપેક્ષ ઉત્પત્તિ વિનાશ અનિત્ય વસ્તુઓમાં થાય છે. જેટલી અનિત્ય વસ્તુઓ છે તે બધી સંયોગવાળી હોય છે, વિકારવાળી હોય છે. સંસારમાં બે જ વસ્તુઓ નિત્ય છે; બાકી સઘળી અનિત્ય છે. શુદ્ધ આત્મા તથા શુદ્ધ પરમાણુ આ બે નિત્ય છે. પુદ્ગલ પરમાણુઓના સંખ્યાત અસંખ્યાત અનંતપ્રદેશી સ્કંધો અનિત્ય છે. આત્માની સાથે જોડાયેલા કર્મપુદ્ગલોને લઈને આત્મા અનિત્ય છે, એટલે ધર્મસંયોગથી થતાં આત્માના ભાવો અનિત્ય છે, અવાસ્તવિક છે.

નિરપેક્ષ ઉત્પત્તિવાળા પદાર્થો સંયોગવાળા હોય છે. તે સંયોગ જડની સાથે જડનો સંયોગ અથવા આત્માની સાથે જડનો સંયોગ થાય છે; પણ વિશુદ્ધ આત્મનો સંયોગસંબંધ

થતો નથી, વિશુદ્ધ જડ પરમાણુનો સંયોગ થાય છે. આત્મામાં ક્રોધ, માન, માયા, લોભ, સુખ, દુઃખ આદિ નિરપેક્ષ ઉત્પત્તિ કે વિનાશવાળા હોય છે. ઘટપટાદિ પદાર્થો ઉત્પત્તિવાળા હોય છે, માટે જ નિરપેક્ષ ઉત્પત્તિવાળા પદાર્થો સઘળા ક્ષણિક છે. વાસ્તવિકમાં કોઈ વસ્તુ નથી પણ સંયોગથી ઉત્પન્ન થયેલો એક પ્રકારનો વિકાર છે અને જે વિકાર છે તે ક્ષણ ક્ષણમાં બદલાયા કરે છે.

મહાપુરુષોના અનુભવ પ્રમાણે સુખદુઃખ કોઈ વસ્તુ નથી. કર્મસંયોગથી થતી આત્માની વિકૃત દશા છે. આ વિકારરૂપ સુખને મેળવવા અને વિકારરૂપ જ દુઃખને દૂર કરવા સંસારવાસી જીવો અનેક પ્રકારના ઉપાયો રચે છે, પણ તે સઘળા વ્યર્થ છે. અનુકૂળ જડોનો સંયોગ અને પ્રતિકૂળ જડોનો વિયોગ ઇચ્છતાં અનંતો કાળ ગયો ને અનંતો કાળ જશે. અનંતી વખત જડની અનુકૂળતા પ્રાપ્ત થઈ છતાં કાંઇ પણ કાર્યસિદ્ધિ થઇ નહિ. અનંતા ક્ષુદ્ર ભવોમાં કપાતાં, છૂંદાતાં, છેદાતાં, ભેદાતાં, વટાતાં, દબાતાં, દારુણ દુઃખો સહીને માનવી અન્યા તો ય જડ જગતનો મોહ છૂટ્યો નહિ એટલે જીવને પાછી તેની તે જ દારુણ દુઃખો સહન કરવાની દશા કાયમની કાયમ રહી. જીવ અહિંયા દુઃખથી પ્રતિકૂળતાથી ડરે છે પણ એ જ મહાન્ દુઃખો કયાં છૂટી ગયાં છે ? જડના સંગીને સુખ કયાંથી ? જડના ઉપાસકને તે સહજાનંદ મળે ખરો ? કાદવમાં ને વિષ્ટામાં આળોટનારને શુદ્ધિ ને પવિત્રતા શેની ? જીવ પોતે મોહના દબાણથી ગમે તેમ માની લે કે મને અમુક જડ અનુકૂળ છે, પણ જડ કોઇ પણ કાળે જીવને અનુકૂળ થાય ખરું ? શત્રુ કોઇ કાળે અનુકૂળ થઈ આનંદ આપે ખરો ? માનવજીવનમાં પાંચ પચીશેક વર્ષ મોહના ગુલામ

થઇને આપણે માની લઇએ કે અમે સુખી છીએ, અમારી પાસે ધનસંપત્તિ છે, અમારી પાસે સુખનાં બધાં ય સાધનો છે, અમારે હવે કોઇ પણ વસ્તુની જરૂરત નથી. આમ ને આમ જડની દુનિયામાં વિચરીને અનેક પ્રકારના અપરાધો આંખ મીંચીને કરી લઈએ પણ કાળપવનનો ઝપાટો લાગતાં જ જીવનદીપક બુઝાઇ જવા દો. પછી જુઓ અંધારામાં શું દશા થાય છે? એ બધાં ય સુખનાં સાધનો અને ધન-સંપત્તિ આપણને કેટલો આનંદ તથા સુખ આપે છે? ગર્ભની અનેક પ્રકારની યાતનાઓ, સંમૂર્ચ્છિમપણે અનંતી વાર થતાં જન્મમરણનાં દુઃખો, અત્યંત પ્રતિકૂળ જડના સંયોગવાળા નારકના ત્રાસ-આ સઘળા ય શું નાશ પામી ગયાં છે કે જીવો નિશ્ચિત બની મળેલા માનવજીવનને પ્રમાદથી ખોઈ રહ્યા છે? શું મનુષ્યો એમ માની બેઠા છે કે માનવજીવન એટલે મુક્તિ અથવા તો માનવજીવન પછી માનવ-જીવનના અંત સાથે જ સર્વ આપત્તિવિપત્તિઓનો પણ અંત આવી જઇ જન્મજરામૃત્યુથી મુક્ત જ થવાના?

જો આવી વિચારણા ન હોય તો આટલી નિર્ભયતા તથા આટલી નિશ્ચિતતા ન હોય. જેઓ માનવજીવન પછી તરત જ મુક્ત થવાના હોય છે તેમને આટલી નિશ્ચિતતા, નિર્ભયતા કે પ્રમાદ હોતો નથી તો પછી જેનું કાંઇ પણ ઠેકાણું નથી તેને આટલું નિશ્ચિત કે નિર્ભય રહેવું કેમ પાલવે? માટે વિકાસી પુરુષોના પગલે ચાલીને, મિથ્યા સુખદુઃખથી મુકાઇ જઇને આત્મગુણસ્વરૂપ સાચું સુખ મેળવી લેવું જોઇએ.

વિકાસના પંથે.

(૩૨)

આત્મા તો અપંગ છે. કાર્ય કરવાવાળી વૃત્તિ છે. આત્મા વૃત્તિને કાર્ય કરવાની રીત બતાવી શકે, સારાનરસા કાર્યની સમજ પાડી શકે પણ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કર્તવ્ય-રૂપે ન કરી શકે.

વૃત્તિ અનુસાર વર્તન કરનાર વિભાવ સ્વભાવી આત્મા વ્યવહારથી અતાત્ત્વિક દૃષ્ટિથી કર્તા કહી શકાય ખરો, પણ તાત્ત્વિક દૃષ્ટિથી તપાસીએ તો આત્મા અક્રિય છે. સક્રિય તો જડ તથા જડના વિકારો જ છે. આત્માનો કરવાપણાનો સ્વભાવ તાત્ત્વિક હોય તો સિદ્ધાત્મા-મુક્તાત્મામાં તેમ કરવાપણાનો પ્રસંગ આવી જાય છે અને તેમ થવાથી આત્મા અનાત્મા થઇ જાય છે, મુક્તાત્મા સ્વરૂપથી નષ્ટ થાય છે.

સંસારમાં કોઇપણ વસ્તુ સ્વભાવનો ત્યાગ કરી શકતી નથી, કારણ કે સ્વભાવનો ત્યાગ કરવાથી વસ્તુનો નાશ થઈ જાય છે. સ્વ એટલે પોતાનું, ભાવ એટલે હોવાપણું. સ્વભાવનો-પોતાના હોવાપણાનો-અસ્તિપણાનો ત્યાગ એટલે નાશ થાય તો પછી સંસા-

રમાં નિશ્ચિત સ્વરૂપવાળી કોઈપણ વસ્તુ રહે જ નહિ. આત્માનો સ્વભાવ જાણવાપણું-અક્રિયપણું છે. તે ત્રણે કાળમાં એક રૂપે જ રહે છે. તેમાં પરિવર્તન નથી. અને જડનો સ્વભાવ સક્રિયપણું-અનાત્મજ્ઞપણું છે. તે પણ ત્રણે કાળમાં ફરતું નથી. ઉભય(જડ-ચૈતન્ય)ના સંયોગથી વિલક્ષણતા ભાસે છે. આત્મા સક્રિય ભાસે છે, પણ તે વિભાવ છે. સ્વભાવ તાત્ત્વિક વસ્તુ નથી. એકલા આત્મા-ની જ વિભાવદશા થાય છે તેમ નથી; પણ ઉભયના સંયોગથી ઉભયની વિભાવદશા થાય છે. આત્મની માફક જડની પણ વિભાવ-દશા થાય છે. જેવી રીતે આત્મા પરપરિણતિમાં ભળી જઈ સ્વરૂપને ભૂલે છે તેવી જ રીતે જડ પણ પરપરિણતિમાં ભળી જઇ સ્વરૂપને ભૂલે છે. ભૂલે છે એટલું જ, પણ છોડતા નથી. બન્ને મળ્યા પછી અતાત્ત્વિક દૃષ્ટિથી જોનારને ઉભયના સ્વરૂપથી વિલક્ષણ કોઈ ત્રીજું જ સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે કે જેને ઓળખવા માટે વિભાવ એવી સંજ્ઞા રાખવામાં આવી છે. જ્યારે બન્ને છૂટા પડે છે ત્યારે વિલક્ષણતા-વિભાવ નષ્ટ થવાથી પોતપોતાના સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. પછી જેને સ્વભાવસ્થ થયાં કહે છે. જેવી રીતે સર્વથા જડથી મુકાઇ જવાથી આત્માની મુક્તદશા કહેવાય છે તેવી જ રીતે સર્વથા આત્માથી મુકાઈ જવાથી જડ-ની પણ મુક્તદશા થાય છે. આ પ્રમાણે બન્નેની મુક્તદશા એક સરખી હોવા છતાં આત્મા મુક્તદશામાં પોતાના સ્વભાવ પ્રમાણે અખંડપણે જાણવાપણાના પરિણામમાં વર્તે છે ત્યારે જડ મુક્તદશામાં પોતાના સ્વભાવ પ્રમાણે ખંડ ખંડ થઈ જઇને સક્રિયપણે અનેક પ્રકારના જડોના સંયોગવિયોગના પરિણામમાં વર્તે છે. ચૂનો અને હળદરના સ્વભાવમાં ઘણું જ અંતર છે. બન્ને

ભિન્ન સ્વભાવવાળાં છે. ચૂનો ધોળો અને હળદર પીળી હોય છે; છતાં બન્ને જ્યારે ભેગાં થાય છે ત્યારે લાલ રંગ દેખાય છે. ધોળાપણું અને પીળાપણું ઢંકાઇ જઇને જે લાલ રંગ દેખાય છે તે જ તેની વિભાવદશા છે. પ્રયોગથી જ્યારે બન્નેને અલગ કરવામાં આવે છે ત્યારે બન્ને પાછા પોતપોતાના સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. ચૂનો ધોળો થઇ જઇને ચૂનાના રૂપે દેખાય છે અને હળદર પીળી થઇ જઇને હળદરના રૂપે દેખાય છે. બન્ને પાછા પોતપોતાના સ્વભાવ પ્રમાણે પોતપોતાના કાર્યમાં પરિણુત થઈ જાય છે. ભેગા ભળેલા કંકુનું કાર્ય કરનારા હોય છે. બેઉ મળી એક જ કાર્ય કરે છે અને છૂટા પડી જુદું કાર્ય કરે છે તેવી જ રીતે જડ-ચૈતન્ય પણ ભેગાં ભળી સંસારી કહેવાય છે અને બન્ને એક કાર્ય કરે છે. તે જ છૂટા પડી ગયા પછી સ્વતંત્રપણે પોતપોતાનું કાર્ય કરે છે. સિનેમામાં બે વસ્તુઓ હોય છે. એક તો ફિલ્મની પટી અને બીજું લાઇટ (અજવાળું). આ બન્ને વસ્તુઓમાં લાઇટ અક્રિય છે અને ફિલ્મ સક્રિય છે. આત્મા લાઇટના સ્થાને છે અને કર્મપ્રકૃતિ-વૃત્તિ ફિલ્મની પટીના સ્થાનમાં છે. લાઇટ અચળ છે, ફિલ્મ ચળ છે. લાઇટમાં ફિલ્મની ક્રિયા ભાસે છે પણ લાઇટ ક્રિયા કરતી નથી. આત્મામાં જડની ક્રિયા ભાસે છે પણ આત્મા અક્રિય છે. લાઇટ ન હોય તો ફિલ્મની ક્રિયા કોણ જાણે-જણાવે ? આત્માનો સ્વભાવ જાણવું ને જણાવવું, બાકીનો સ્વભાવ જડનો. પોતાને ઓળખ્યા સિવાય બધું ય નકામું. પારકાને ઓળખતાં અનંતો કાળ વહી ગયો છતાં પણ તેને ઓળખી શકયા નહિ. કર્મની સાથે વસતાં અનંતો કાળ ગયો તો પણ તેના દુષ્ટ સ્વભાવને ઓળખી શકયા નહિ. હંમેશાં જડનું જ ધ્યાન અને જડની જ સેવા. સાચું

જાણવારૂપ પોતાનું કાર્ય છોડીને ખોટું જાણવું અને જડને પોષવું અને સમજવું પણ ખોટું. ખોટું સમજીને માનવું સાચું. અગ્નિને અડકે તો તરત બળે અને ઝેર ખાય તો તરત મરે; એટલે જ માનવી તાત્કાલિક ફળ આપનાર વસ્તુઓથી વેગળો રહે છે. અધર્મ અને અનીતિ કાળાન્તરે ગુપ્તપણે ફળ આપે છે–સજા કરે છે માટે તેનાથી બિરામ પામતા નથી.

સંસારનો અનુયાયી, જગતના પગલે જડાસક્ત ઈચ્છાઓનો રોધ કરી શકતો નથી, આત્મવિકાસના માર્ગને સર્વથા સમજી શકતો નથી, અજ્ઞાનીઓના માનની આકાંક્ષા રાખ્યા કરે છે, જ્ઞાનીઓના ગુણની પરવા કરતો નથી. સંસારની વિભૂતિ–ઐશ્વર્ય મળવા માત્રથી જ જીવનની સફળતા માને છે, નિરંતર મદથી મૂંઝાયેલો રહે છે, પોતાની જાતનો વધુ ને વધુ શત્રુ બનતો જાય છે, આત્માર્થી મહાપુરુષોને તુચ્છ ગણે છે, સઘળા ઉપર આધિપત્ય સ્થાપવાની ધૂનવાળો હોય છે. આવા પુરુષો માટે ત્યાગ કે વૈરાગ્ય જેવી કોઈ વસ્તુ જ નથી.

સંસારમાં જ સ્વર્ગ અને સંસારમાં નર્ક માને છે અને મોક્ષ એટલે સમજ વગરના માનવીઓનું કલ્પનાચિત્ર માને છે. પૌદ્‌ગલિક સુખોને અનુલક્ષીને ધાર્મિક ક્રિયાઓ કરનારની મનોવૃત્તિ, સત્ય ધર્મની વાસના ન હોવાથી, યથાર્થ પ્રવૃત્તિ કરી શકતી નથી. કાંઇક કરીશું તો સુખ મળશે, સાજા રહીશું, ધન મળશે વિગેરે વિગેરે ભાવનાઓને વશીભૂત હોવાથી દેખાદેખીથી સમજ વગરની ક્રિયાઓ કરે છે; માટે જ તેમની મનોવૃત્તિમાંથી કર્મવિકાર શાન્ત થતો નથી અને પાછો કર્મ બાંધવાનાં કારણો સેવે છે. શ્રદ્ધા વગર, શંકિતપણે, કાંઇપણ ફળ મળશે કે નહિ? એવા એવા વિચારો ધાર્મિક ક્રિયા કરતી વખતે પણ તેના

મનમાં વિચરતા હોવાથી શુદ્ધ ક્રિયા કરી શકતો નથી. મન-શુદ્ધિ વગરની ધાર્મિક ક્રિયા એક પ્રકારની વેઠ જ કહેવાય છે. સંસારમાં રહેતો ગૃહસ્થ સર્વત્યાગ કરી શકતો નથી, સર્વથા નિઃસ્પૃહી સંતપુરુષો જ કરી શકે છે માટે આત્માર્થી સત્ય ધર્મને ઓળખનાર પણ આત્મશુધ્ધિ માટે ક્રિયા કરી, મિથ્યા દુષ્કૃત દઈ પાછો અશુદ્ધિનાં કારણો સેવે છે, કારણ કે ગૃહસ્થ છે. ફક્ત પુદ્‌ગલાનંદી અને આત્માનંદીમાં ફરક એટલો જ હોય છે કે પુદ્‌ગલાનંદી તન્મય થઈને સેવે છે અને આત્માનંદી લુખાશ વૃત્તિથી સેવે અને કાંઈક ઓછાશ ઉપર આવતો જાય છે. અનાદિ કાળથી અનેક પ્રકારના દોષોથી ઓતપ્રોત થયેલો આત્મા જલદીથી દોષ-મુક્ત–શુદ્ધ થતો નથી. શુદ્ધિના માર્ગે વળ્યા પછી અનેક પ્રકારના વિઘ્નોને ઓળંગતાં ઓળંગતાં અનેક ભવ પછી સંપૂર્ણ શુદ્ધિ મેળવી શકે છે. શ્રી મહાવીર પ્રભુ નયસારના ભવથી શુદ્ધિના માર્ગે વળ્યા હતા. તેમને સંપૂર્ણ શુદ્ધિ મેળવતાં અનેક ભવ કરવા પડયા. ક્રોડાક્રોડ સાગરોપમ પછી પોતે સર્વ દોષોથી મુક્ત થઈ પ્રભુ બન્યા. શુદ્ધિની શરુઆત કરવાને માટે માનવ-જીવન અત્યંત શ્રેષ્ઠતર છે. માનવજીવનમાં તુચ્છ વૈષયિક સુખ વિસારી આત્મશુદ્ધિના સંસ્કાર નાખવામાં આવે તો દરેક ભવમાં શુદ્ધિનો માર્ગ અનાયાસે જલદી પ્રાપ્ત થઈ શકે છે. મોહને નિર્બળ બનાવવા માનવજીવન જેટલું સંસારી કોઇપણ જીવન સમર્થ નથી; તેમજ મોહને સબળ બનાવવાને માટે પણ માનવ-જીવન જ સમર્થ છે.

માનવી જડ અને જડના વિકારરૂપ જડ જગતનો સ્વામી બનવા જેટલી કાળજી રાખે છે અને છૂટથી માનવજીવનનો ઉપ-યોગ કરે છે તેટલી જ કાળજી અને જીવનવ્યય સમ્યગ્‌દર્શનાદિ

ચૈતન્ય જગતનો સ્વામી બનવા કરે તો સર્વ દોષોથી મુક્ત થઇને બન્ને જગતનો સ્વામી બની શકે છે પણ અજ્ઞાનતાથી માનવી મોટી ભૂલ કરે છે. ધન, બાગ, બંગલા, જમીન, વસ્ત્ર, ઘરેણાં વિગેરે જડ વસ્તુઓ પોતાની માલીકીની બનાવી રાજી થાય છે. પોતે એમ માને છે કે આ બધી વસ્તુઓનો હું સ્વામી છું, આ બધી વસ્તુઓનો હું ભોગવનાર છું. કેટલી બધી અજ્ઞાનતા ! કેટલી ગેરસમજ !

તાત્વિક દૃષ્ટિથી વિચાર કરનાર, ઉપશમભાવે અવલોકન કરનાર જ્ઞાની પુરુષોને તો આવી માન્યતાવાળા બાળજીવો ઉપર અત્યંત કરુણા ઉપજે છે; કારણ કે આવા જીવો અજ્ઞાનતાને લઇને જડ વસ્તુઓ ઉપર સ્વામીપણાનું અભિમાન ધરાવે છે, પણ તે સ્વામી નથી; સેવક છે, ગુલામ છે, તાબેદાર છે. પોતે જડ વસ્તુઓ પાસેથી આનંદ–સુખની ભિખ માગતા હોવાથી ભિખારી છે. પોતે વસ્તુઓને નથી ભોગવતા પણ જડ વસ્તુઓ તેના અમૂલ્ય જીવનનો ઉપભોગ કરી તેને નિર્માલ્ય બનાવે છે. જે જીવન પોતાના વિકાસ માટે વાપરવાનું હોય છે, તેને ન વાપરવા દેતાં પોતે જડ વાપરે છે, અને અનંતબળી આત્માને પોતાની આણમાં વર્તાવી તેનું સર્વસ્વ હરણ કરે છે. સંસારવાસી જીવો અનાદિ કાળથી સંસારમાં ભ્રમણ કરતા હોવાથી એક બીજાની સાથે અનેક ભવોમાં અનેક પ્રકારનાં સંબંધોથી જોડાતા આવ્યા છે. એવો કોઇ પણ સંસારી જીવ નથી કે જેનો બીજા જીવોની સાથે સંબંધ ન થયો હોય. એક એક જીવની સાથે અનંતી વાર સંબંધ થયો છે. સંબંધો પ્રારબ્ધના અનુસારે અનુકૂળ તથા પ્રતિકૂળપણે થાય છે. કેટલીક વખત અનુકૂળ સંબંધ થાય છે અને કેટલીક વખત પ્રતિકૂળ

સંબંધ થાય છે. અનુકૂળ સંબંધવાળા મિત્રો, સ્નેહીઓ કહેવાય છે અને પ્રતિકૂળ સંબંધવાળા શત્રુ, દ્વેષી કહેવાય છે. ભાઈ, પિતા, પુત્ર, ભગિની, માતા, સ્ત્રી આદિ સ્વજન સંબંધો અનુકૂળ જ નથી હોતા; પ્રતિકૂળ પણ હોય છે.

પોતાની ઇચ્છા અનુસાર વર્તનાર, પોતાના મનોરથોને સફળ કરનાર અથવા તો સફળ કરવામાં વિઘ્ન ન નાંખતાં સહાય કરનાર–પછી તે સ્વજન હોય કે પરજન હોય–અનુકૂળ હોવાથી સ્નેહી કહેવાય છે અને સ્વજન થઈને આવા વર્તનોથી વિપરીત વર્તનાર પ્રતિકૂળ હોવાથી શત્રુ કહેવાય છે.

જીવમાત્ર પોતાના શુભાશુભ કર્મ બાંધવામાં અથવા તો ભોગવવામાં જડ તથા ચૈતન્યની અપેક્ષા રાખે છે. જડ અને ચૈતન્યના નિમિત્તથી જ જીવો શુભાશુભ બાંધે છે અને ભોગવે છે. શુભના ઉદયથી અનુકૂળ જડ–ચૈતન્ય સંબંધ થાય અને અશુભના ઉદયથી પ્રતિકૂળ જડ–ચૈતન્યનો સંબંધ થાય છે. ઉભયનો સંબંધ શુભાશુભમાં હોવા છતાં જીવ ચૈતન્યને જ શત્રુ–મિત્ર માને છે પણ જડને માનતો નથી.

જીવમાત્ર બીજાનું હિતાહિત કરવા સ્વતંત્ર નથી પણ પરતંત્ર છે. પોતાના તથા પરના અદૃષ્ટની પ્રેરણાથી જ અન્યના હિતાહિત માટે પ્રવૃત્તિ કરે છે. જો પ્રારબ્ધની પ્રેરણા ન હોય તો જીવ સંસાર પ્રત્યે ઉદાસીનભાવથી રહે પણ રાગદ્વેષની પરિણતિવાળો ન થાય.

જીવ–આત્મા પોતે શુદ્ધ હોવાથી કોઇના પણ હિતાહિતમાં અથવા તો સુખદુઃખ ભોગવવામાં પોતે નિમિત્તભૂત બનતો નથી છતાં શુભાશુભ આવરણોનો પડછાયો પડવાથી અન્યના

હિતાહિતમાં, સુખદુઃખમાં નિમિત્ત બને છે, પણ જ્યારે આવરણોનો પડછાયો ખસી જાય છે ત્યારે હિતાહિતની પ્રવૃત્તિમાંથી વિરામ પામી જાય છે.

પ્રતિકૂળ વર્ત્તન માટે ક્ષમા માગવાનું અને ક્ષમા કરવાનું જ્ઞાની પુરુષો સંસારવાસીઓ માટે કહી ગયા છે તે સરળ પણ શુદ્ધ હૃદયથી મંગાય અને કરાય તો વિરોધભાવ ટળી જઈને તે નિમિત્તે બંધાતા દુઃખોત્પાદક અને વિરોધવર્ધક કર્મ ન બંધાય. ઉપર કહ્યા પ્રમાણે જો કે પોતાના તથા પરના અશુભ પ્રારબ્ધની પ્રેરણાથી જ જીવ બીજાની સાથે પ્રતિકૂળ વર્તન કરે છે છતાં પોતે પ્રમત્ત બની અકર્ત્તવ્યમાં પ્રેરાયો માટે જ પોતાની પ્રમત્તદશાની ક્ષમા માંગી, હૃદયશુદ્ધિ કરાવવાની અને કરવાની આવશ્યકતા રહે છે. તેમજ પ્રમાદી બની પોતાના અહિત માટે ભેગા કરેલાં અશુભ કર્મોને પશ્ચાત્તાપ કરી ખસેડવાની જરૂરત રહે છે. તત્ત્વજ્ઞાનશૂન્ય અણસમજુ જીવો પાસેથી તો અવશ્ય ક્ષમા માગી લેવી જોઇએ. તેનું હૃદય વિરોધરહિત થઈ દ્વેષમુક્ત બને તેવા શબ્દોથી તથા તેવા વર્તનથી ક્ષમા માગવી જેથી કરી ભવિષ્યમાં તેના આત્મગુણઘાતી કર્મની વૃધ્ધિ થતી અટકે અને વૈરવિરોધના સંસ્કાર ન પડે.

જ્ઞાનીપુરુષો પાસે ક્ષમા ન માગીએ તો પણ ચાલી શકે છે, કારણ કે તેઓ વસ્તુસ્થિતિને જાણનાર હોય છે, માટે તેઓના હૃદયમાં વૈરવિરોધના બદલે શાંતિ, સમતા અને હર્ષ હોય છે. તેઓ પોતાના કર્મનાશમાં સહાયક સમજી પોતાના પરમસ્નેહી તરીકે માને છે, શત્રુ તરીકે માનતા જ નથી; છતાં પોતાના હિત માટે પ્રતિકૂળ વર્તન કરી ઉપાર્જન કરેલા દુઃખકર્મથી

મૂકાવા માટે જ્ઞાની પુરુષો પાસેથી પણ ક્ષમા માગવી તે અપરાધી જીવનું અવશ્ય કર્ત્તવ્ય છે.

પોતાની ભૂલ સમજાયા વગર માફી માગી શકાતી નથી. જેઓ પોતાને અપરાધી સમજે છે તેઓ જ માફી માગી શકે છે. જેઓ પોતાને અપરાધી માને છે તેઓ જ પોતાના આત્મગુણોનું કર્મોથી રક્ષણ કરી શકે છે અને તેઓ જ પોતાના આત્માનો વિકાસ કરી સાચું સુખ અને સાચું જીવન મેળવી શકે છે.

જીવાત્માએ તૃષ્ણાનો ત્યાગ કરી, જડ સંસારથી વિરક્ત રહીને અપરાધી ન બનવું જોઈએ, છતાં કર્મવશ અનુપયોગથી પ્રમાદી બની અપરાધ થઇ જાય તો તત્કાળ ક્ષમા માંગવી, તેમ બને તો વર્ષ દિવસ પછી શુદ્ધ હૃદયથી, સરળપણે, નમ્રભાવે જીવ માત્રની પાસે ક્ષમા માગી લેવી અને ક્ષમા આપવી. આ પ્રમાણે આત્મવિકાસ માટે હૃદયશુદ્ધિની ઘણી જરૂર રહે છે.

ભાવનાબળ શું ન કરી શકે?

(૩૩)

કર્મવાદને પ્રધાન માનનાર માનવજાતિ અને ઈશ્વરવાદને પ્રધાન માનનાર માનવજાતિ બંને ય ભાવનાબળને ઘણી જ મહત્ત્વતા આપે છે. માનવજાતિમાં આપત્તિ-વિપત્તિ તથા સંપત્તિના જે પ્રસંગો ઉપસ્થિત થાય છે તેનું મુખ્ય કારણ સામુદાયિક ભાવનાબળ છે. પુદ્ગલાનંદી જડાસક્ત જીવોનું સંખ્યાબળ વધે છે ત્યારે વૈષયિક વાસના પોષવાને માટે અધર્મ તથા અનીતિના આશ્રય તળે મલિન ભાવનાઓનું બળ પણ વધે છે અને અનિચ્છાએ પણ માનવજાતિને આપત્તિ-વિપત્તિ ભોગવવી પડે છે.

આપત્તિ-વિપત્તિ ભોગવવાના અનેક પ્રકાર છે; જેવા કે-- બિમારી, ભૂકંપ, યુદ્ધ, જળપ્રલય, અગ્નિપ્રકોપ વિગેરે વિગેરે. આ બધા ય નિમિત્તો પ્રાણીઓના ધન તથા જીવનનો હ્રાસ કરનારા છે, નાશ કરનારા છે. પુદ્ગલાનંદી પ્રાણીઓ પૌદ્ગલિક સુખના સાધનોનો હ્રાસ થવાથી કે નાશ થવાથી અથવા તો હ્રાસ તથા નાશની આશંકાથી અત્યંત ગભરાયલા તેમજ ચિંતાતુર

બનીને પ્રાણોથી પણ મુકાઇ જાય છે. યદ્યપિ તત્ત્વજ્ઞાની મહાપુરુષો આપત્તિ-વિપત્તિને કર્મની નિર્જરાનું કારણ માનીને ચિંતાતુર બની આર્ત્તરૌદ્ર ધ્યાન કરતા નથી અને સમભાવે શાંતિથી વેદી લે છે, પરંતુ પુદ્ગલાનંદી, વિષયાસક્ત, દેહાધ્યાસી સંસારી જીવો તો વસ્તુતત્ત્વથી અજ્ઞાત હોવાથી વિનાશી ધન તથા જીવનને જ સુખશાંતિનું સાધન માને છે, અને તેના વિયોગના નિમિત્તને આપત્તિ-વિપત્તિ માને છે, જેનાથી મુકાવાને અર્થાત્ બનાવટી સુખના સાધનરૂપ ધન તથા જીવનને જાળવી રાખવાને અનેક પ્રકારનાં ઉપાયો કરે છે, છતાં તેમાં સફળતા તો થોડાક જ મેળવી શકે છે; કારણ કે પૌદ્ગલિક સુખના સાધનો જડ તથા જડના વિકારસ્વરૂપ હોય છે. તેનું અસ્તિત્વ જાળવી રાખવાને પુદ્ગલસ્વરૂપ પુણ્યકર્મની અત્યંત આવશ્યકતા રહે છે. પુણ્યકર્મ સિવાય ધનસંપત્તિ જાળવવાને માટે બાહ્યથી કરવામાં આવતા દરેક પ્રયત્નો નિષ્ફળ નિવડે છે, અને એટલા માટે જ મુખ્યપણે ધાર્મિક પ્રયત્ન જ કરવો ઘટે છે. તે સિવાયના બધા ય પ્રયત્નો નકામાં છે.

પૂર્વકાળે ધાર્મિક શ્રદ્ધાના યુગમાં જ્યારે જ્યારે આપત્તિ-વિપત્તિ આવતી ત્યારે ત્યારે માનવજાતિ પોતપોતાની માન્યતા પ્રમાણે તન, મન અને ધનથી ધાર્મિક અનુષ્ઠાનોનો અત્યંત આદર કરતી. મોજશોખ તથા કાંઈક લોભદશાને લઇને યત્કિંચિત્ કરવામાં આવતી અનીતિ તથા અધર્મને તિલાંજલી આપીને 'સર્વ જીવ સુખી થાઓ'ની ભાવનાથી કોઈ શાંતિસ્નાત્ર, જપ-તપ આદિ ધાર્મિક પ્રવૃત્તિ કરતું, તો કોઈ યજ્ઞયજ્ઞાદિ, કોઇ પ્રભુપ્રાર્થના તો કોઈ દાન-પુન્ય કરતું. તાત્પર્ય કે સહુ કોઇ આપત્તિ-વિપત્તિમાંથી ઉગરવાને પોતપોતાના ઇષ્ટદેવની

સહાય માગતું, અને પુન્યબળ વધારવાને પ્રયત્ન કરતું કે જેને લઇને આપત્તિ-વિપત્તિમાંથી બચી જઇને સુખી થતું; પરંતુ અત્યારે એનાથી વિપરીત પ્રવૃત્તિ જોવામાં આવે છે. પહેલાં શ્રદ્ધાવાદનો સમય હતો ત્યારે અત્યારે બુદ્ધિવાદનો સમય છે, અને તેના અંગે અત્યારે ધન તથા જીવનને બચાવવાને ધાર્મિક પ્રવૃત્તિઓને છોડી દઇને કેવળ બુદ્ધિનો જ અનેક પ્રકારે ઉપયોગ થઈ રહ્યો છે. ધનને ઓળખીને કોઇ લઈ ન જાય અથવા તો કોઇ નાશ ન કરી શકે એટલા માટે તેને સોનું, ચાંદી, નોટો, ઘર, જમીન આદિ અનેક રૂપોમાં ફેરવી નાંખવામાં આવે છે, જીવન બચાવવાને સ્થળાંતરો કે દેશાંતરો કરવામાં આવે છે, તો પણ ધન તથા જીવનના નાશની આશંકા ટળતી નથી. આવા સમયમાં ય મોજશોખ છૂટતા નથી, અધર્મ તથા અનીતિથી બચતા નથી; વૈષયિક તૃષ્ણાઓ ઓછી થતી નથી; વૈરવિરોધ શમતા નથી, અને એક બીજાના ભલાની ભાવના જાગૃત થતી નથી. પાડોશીનું બળી જાઓ, ઢળી જાઓ કે સર્વનાશ થઇ જાઓ; પણ મારું તો બચી જ જાઓ. આ પ્રમાણેની ભાવનાવાળાઓની સંખ્યા વૃદ્ધિંગત થતી ગઇ અને એક બીજાના વિનાશની ભાવનાનું વાતાવરણ ઉગ્ર બની ચોમેર ફેલાતું ગયું. તેમજ બીજા સુખી થાઓ કે દુઃખી થાઓ પણ મારે તો બાગ, બંગલા, મોટર, નોકર, ચાકર, મિષ્ટાન્ન, સુંદર સુંદર ઘરેણાં, વસ્ત્ર અને સિનેમા, નાટક, ખેલ, તમાસા જોઇએ જ એવી ભાવનાથી પરની પીડા ન ગણીને પરસંપત્તિને પોતાની બનાવવાના પ્રયાસમાં જ અનીતિ તથા અધર્મનો પ્રચાર વધતો ગયો કે જેને પરિણામે અત્યારની દુઃખદ પરિસ્થિતિ ઊભી થઈ છે. જ્યારે જ્યારે એક બીજાના વિરોધની, દ્રોહની

ભાવનાનું બળ વધે છે ત્યારે આપત્તિ-વિપત્તિના પ્રસંગો ઉપસ્થિત થાય જ છે, અને પાછું જ્યારે શુભ ભાવનાબળ વધે છે ત્યારે આપત્તિ-વિપત્તિ નાશ પામી જાય છે.

ધર્મ તથા નીતિ, મનગમતા ભોજશોખમાં તેમજ તુચ્છ વૈષયિક વાસનાઓ પોષવામાં બાધ કરતા જણાવાથી કેટલાક પુદ્ગલાનંદી જીવો સુધારક તરીકે બહાર આવ્યા અને માનવસમાજના ધાર્મિક તથા નૈતિક બળને નિર્બળ બનાવવા ઐહિક પૌદ્ગલિક સુખને સન્મુખ રાખીને તેમની ધાર્મિક તથા નૈતિક ભાવનાઓને ભૂંસી નાંખી ધર્મનો આશ્રય લેનાર અને નીતિનો આદર કરનાર માનવસમાજ દુઃખી થઈ રહ્યો છે અને ધર્મ તથા નીતિને તિલાંજલિ આપી સ્વેચ્છાવિહારી માનવસમાજ બાહ્ય સંપત્તિ મેળવી સુખ ભોગવી રહ્યો છે, એવી શ્રદ્ધા બેસાડવા, પ્રાચીન સુકૃતના બળથી સુખ ભોગવતા ધર્મવિહીન માનવીઓને ઉદાહરણ તરીકે આગળ મૂકીને જડાસક્ત-ભાગ્યહીન અનેક જીવોને અધર્મ તથા અનીતિના સંસ્કાર બેસાડ્યા કે જેના અંગે અનાદિ કાળથી પૌદ્ગલિક સુખમાં ટેવાયલા જીવોની ધર્મભાવના બસતી ગઇ અને અધર્મની ભાવનાનું બળ વધી ગયું. કેટલાક સુધારકો પણ પોતાના પ્રયત્નમાં સફળતા માનવા લાગ્યા, પણ આ સુધારકો અને તેમનો સુધારો કુદરતને ગમ્યો નહીં, એટલે કુદરતે પોતે જ માનવસમાજનો સાચો સુધારો કરવા કમર કસી છે, અને અધર્મ તથા અનીતિની ભાવનાથી સુખ મળી શકતું નથી પણ પૂર્વસંચિત પુન્યબળથી મળેલા સુખનો નાશ થઇને, પરિણામે દુઃખ જ ભોગવવું પડે છે, તેનો તાદૃશ ચિતાર અત્યારના પ્રસંગોમાં માનવી માત્રને પ્રત્યક્ષ બતાવી રહી છે. સુધારકોની સુધારણા અને ધારણાને ધરાશાયી બનાવવાને

અદૃષ્ટ મહાશક્તિ તનતોડ–અસીમ પ્રયત્ન કરી રહી છે. જે ભૂમિ અને પ્રદેશો સ્વર્ગના સૌંદર્યની સ્પર્ધા કરતા હતા તેને જ અત્યારે ભયાનક યાતનાના સ્થળોનું સ્મરણ કરાવી રહી છે. જડાસક્ત અલ્પજ્ઞ જીવોની તુચ્છ બુદ્ધિથી ગૂંથેલી વાગ્જાળમાં ફસાઈને સર્વજ્ઞ મહાપુરુષોના વચનોનો અનાદર કરનારાઓને સર્વજ્ઞોના સિદ્ધાંતોની સત્યતા સિદ્ધ કરી આપ્યા સિવાય અદૃષ્ટ મહાશક્તિ સંહારના કાર્યમાંથી વિરામ પામવાની નથી.

ધર્મબળ અને બુદ્ધિબળ આ બંને પ્રકારના બળોમાંથી ધર્મબળ વધી જાય છે. દેખીતી રીતે તો બળ કરતાં બુદ્ધિબળ બહુ જ સારું કાર્ય કરતું જણાય છે, પરંતુ પરિણામે વિનાશક તથા વિઘાતક પોતાના સ્વભાવ પ્રમાણે માનવસમાજને ફળ આપવાવાળું થાય છે. કોઇપણ કાર્યના પરિણામે બુદ્ધિનો પક્ષપાતી માનવી, જ્યારે સફળતા મેળવે છે ત્યારે બુદ્ધિમત્તાના આવેશમાં આવી જઇને ધર્મબળને હસી કાઢીને વખોડે છે, પણ ધર્મબળને લઇને જ બુદ્ધિબળ કાર્યનું સાધક બની શકે છે. આ બાબતથી અનભિજ્ઞ મિથ્યાભિમાની માનવી જ્યારે બુદ્ધિનું પરિણામ વિનાશના રૂપમાં અનુભવે છે ત્યારે તો બુદ્ધિબળના અકિંચિત્કરપણાનું ભાન થવાથી સર્વ કાર્યમાં નિરાશ બનીને નિશ્ચેષ્ટ થઇ જાય છે ધર્મબળ વગરનું કેવળ બુદ્ધિબળ શું કાર્ય કરી શકે છે તે સહુ કોઇને અત્યારે પ્રત્યક્ષ થઈ રહ્યું છે. એક વખતની બાહ્ય સુખની સહાયક બુદ્ધિની પ્રશંસા કરનારાઓ આજે તે જ બુદ્ધિને સંહાર સ્વરૂપવાળી જોઇને વખોડી રહ્યા છે. ધર્મબળ ખૂટી પડવાથી બુદ્ધિબળના કાર્યક્ષેત્રમાં ઘણી જ અવ્યવસ્થા ઊભી થઇ છે. વિનાશમાં પણ આબાદીની આશા રાખનારા બુદ્ધિશાળીઓ પોતાની બુદ્ધિને વિનાશના પંથે વાળી રહ્યા છે, પણ

પ્રાચીન અથવા તો અર્વાચીન ધર્મબળ વગર વિનાશમાંથી આબાદી મળવી મુશ્કેલ છે. યદ્યપિ વિનાશની ભાવના અભ્યુદય કરવાવાળી થઇ શકતી નથી, તો પણ પ્રાચીન પુન્યબળથી એક વખત વિનાશક પણ પોતાના કાર્યમાં વિજય મેળવી શકે ખરો પરંતુ પરિણામે તે જ વિજય પરાજયના રૂપમાં ફેરવાઇ જાય છે. વિનાશ સ્વરૂપથી જ વિપત્તિનો વિકાસી છે; પણ સંપત્તિનો તો વિનાશક જ છે, અને એટલા માટે જ વિનાશની ભાવનાનું વર્તુળ વિશાળ થવાથી આપત્તિનો અંત શીઘ્ર આવી શકે તેમ નથી. બીજાના વિનાશની ભાવના વહેલી મોડી પોતાના વિનાશ માટે થશે, કારણ કે અરસ્પરસની વિનાશની ભાવના સમગ્ર માનવસમાજમાં વ્યાપી જવાથી સામુદાયિક ભાવનાબળથી માનવી માત્રને આપત્તિવિપત્તિના ભાગી બનવું પડશે. બીજાના તરફ દુર્લક્ષ રાખીને કેવળ પોતાના જ માટે કરવામાં આવતી ભાવનાથી વ્યક્તિગત બચાવ થઇ શકતો નથી પણ સમષ્ટિના બચાવની ભાવનાથી આપત્તિવિપત્તિ લય પામી જઈને સર્વનો બચાવ થઇ શકે છે, માટે સર્વના શ્રેયમાં જ પોતાનું શ્રેય સમાયલું છે, સર્વના સુખમાં જ પોતાનું સુખ સમાયલું છે આવી દૃઢ શ્રદ્ધાથી શુદ્ધ અંતઃકરણપૂર્વક સર્વના ભલાની ભાવના જ ઉપસ્થિત થયેલા દુઃખદ પ્રસંગને દૂર કરી શાંતિ કરવાવાળી થશે.

વિવેકના પંથે.

(૩૪)

આપણા માટે સંસાર વિચિત્ર છે, અજાયબી અને ખૂબી-ઓથી ભરેલો છે-આપણને ન સમજાય અને ન જણાય માટે જ. જે સમજે છે અને જાણે છે તેને વિચિત્રતા-ખૂબી-અજાયબી જેવી કોઇ વસ્તુ જ નથી. મદારી આંબો ઉગાડે, ફળ લગાડે ને ચખાડે તેમાં મદારીને :અજાયબી કે ખૂબી હોય જ શાની ? રેડિયો, વાયરલેસ અને ફોનોગ્રાફ આદિના આવિષ્કારકર્ત્તાઓને વિચિત્રતા, અજાયબી કે ખૂબી કાંઇપણ માનસિક વિકૃતિ કરી શકતી નથી, તો પણ જ્ઞાનીઓ-કેવળજ્ઞાનીઓ આગળ વિચિત્રતા, અજાયબી અને ખૂબીનું શું ચાલી શકે ? ન સમજનાર અને ન જાણનાર પોતાને અને દૃશ્ય વસ્તુમાત્રને ભગવાનની માયા કહીને પણ અચંબો પામે છે. સાચું સમજાયું કે જણાયું એટલે બસ, પછી કાંઇ ઊણપ રહેતી નથી તેમ જ કાંઇપણ કરવાનું બાકી રહેતું નથી. જાણે છે-સમજે છે તે જ મુક્તાત્મા, અને અણજાણ-અણસમજુ સંસારી આત્મા-બદ્ધ આત્મા. આપણે બદ્ધ એટલે સુદ્ધર તથા નિકટની વસ્તુ-ઓથી બંધાએલા, આપણામાં આપણાપણાને ભૂલી બેઠેલા અને

ઈતરને આપણા માનવાવાળા. છૂટાય નહિ ત્યાં સુધી તો અકળાવાનું ને મૂંઝાવાનું આપણા માટે નિર્માણ થઇ ચૂકેલું જ છે. માનવદેહમાં પણ મૂંઝવણો હોય તો પછી સમજવાનું ને છૂટવાનું બીજે કયાં બનશે ? માટે કાંઈક સમજી લઉં અને છૂટી લઉં તો સારું એવા એક જ નિર્ણય ઉપર અવાય નહિ ત્યાં સુધી તો અનવસ્થિત ચિત્તની ભ્રમણામાં પડવાથી ઇચ્છિત સ્થળે જવાના માર્ગ સન્મુખ થઇ શકાવાનું નથી.

માનવદેહમાં જીવીને આપણે બે જ કામ કરવાનાં રહ્યાં. બે કામ થયાં એટલે બન્નેની દિશા જુદી, નામ જુદાં ને કામ પણ જુદાં. એક કરીએ તો બીજું અટકી પડે. તે બે કામ કયા ? હમણાનું અને પછીનું. આ બેમાંથી હમણાંનું પારકું અને પછીનું આપણું, તો હવે પારકું કામ પહેલાં કરવું કે પોતાનું કામ પહેલું કરવું ?

ભરત રાજાને બે વધાઇઓ સાથે આવી–ચક્રરત્નની ઉત્પતિ અને પિતાજીને કેવળજ્ઞાન. ભરત મૂંઝાયો. ચક્રરત્નની પૂજા હમણાંનું કામ, પિતાજીની પૂજા પછીનું કામ. પહેલાં કયું કરવું ? ક્ષણવાર વિચાર કરી, જન્મમરણના અંતવાળો, છેવટના વિકાસી જીવનમાં વસવાવાળો, સાચો ડાહ્યો ભરત, હમણાંનું વિનશ્વર કામ છોડીને અંત વગરનું શાશ્વતું પછીનું કામ કરવું યોગ્ય ધાર્યું અને કર્યું. આપણને એમ જણાશે ને સમજાશે પછી મૂંઝવણ શેની ? અજાયબી અને વિચિત્રતા શેની ?

સંસાર અનાદિકાળથી હમણાંનું કામ કરતો આવ્યો છે, પણ હજુ સુધી સફળતા મેળવી નથી, છેવટે નિરાશા જ મળી છે. આપણે સંસાર(હમણાં)ના કાર્યનું છેવટ તપાસીએ તો

નિરાશ થઈને ચાલ્યા જવું અને હમણાંના કામમાં મંદદગારને લાકડાં મૂકી કૂટી બાળવું, તેનું નામનિશાન પણ ન રહેવા દેવું, તેના આકારને લાકડાના ગોદા મારીને છૂંદી નાખવો. લાખો કરોડો ભેગા કરનાર, મોટા મોટા મહેલો બંધાવનાર, રાજા, ચક્રવર્ત્તી, ભિખ માગનાર, નાગો ફરનાર બધાની એક જ દિશા અને એક જ દશા.

ઘણા કાળ સુધી વળગી રહી હમણાંના કામમાં નિષ્ફળ પ્રયત્ન બની નિરાશ થયેલા અનેક સંસારવાસીઓ, પછીનાં કામ પ્રારંભીને, સફળતા મેળવીને નિષ્કામ બની ગયા, નિરારંભી બન્યા, આશાવેલડીનાં મધુર અને સ્વાદુ ફળો ચાખી પૂર્ણ સ્વાદુ અને મધુર જીવન બનાવી ગયા.

વેપાર બંધ કર્યા પછી જ છેવટે જાણી શકાય કે શું મેળવ્યું અને શું ખોયું ? વચમાં તો હજાર ખોવે અને દશ હજાર મેળવે. દશ હજાર ખોવે અને હજાર મેળવે. જાણી શકાય નહિ કે વ્યાપારમાં લાભ છે કે નુકસાન. આપણે હમણાં ન જાણી શકીએ કે માનવજીવનના વ્યાપારમાં શું મેળવ્યું ને શું ખોયું ? પણ છેવટે જીવનની સમાપ્તિ પછી તપાસવાનું છે કે શું કમાયા અને શું ખોયું ? વેપાર બંધ કરી અહિંથી જનારાઓને આપણે જોઈએ છીએ તો કોઇ પણ એવો નથી જણાતો કે જે છેવટે નિરાશ થઈને ન ગયો હોય. છેવટે આનંદથી, સુખથી સંતોષ જાહેર કરીને જનાર તો જેણે પછીના કામમાં જીવન વ્યતીત કર્યું હશે તે જ જણાશે. હમણાંના કામમાં જીવનારને સંતોષ તથા શાંતિ હોય જ શાની ? તે તો એમ જ સમજે છે કે હું મારું સર્વસ્વ ખોઇને જાઉં છું, અને

પછીનું કામ કરનારો જાણે છે કે હું સારું કમાયો છું અને તે સાથે લઈને જાઉં છું; કારણ કે હું જે કાંઈ કમાયો છું તે મારી પાસે જ છે. માનવદેહમાં રહીને અબૂઝ રહ્યા તો પછી ક્યાં બૂઝીશું ? બધા ય દેહોમાં જીવવા કરતાં માનવજીવન ઉત્તમ છે પણ તે જાણીબૂઝી છૂટી જવાય તો જ. બોધ વગરનું માનવજીવન, કનિષ્ટમાં કનિષ્ટ–વધારેમાં વધારે અપરાધી !

માનવદેહમાં જીવી બુઝાવવા કોણ શ્રમ કરે ? બધા ય તૈયાર વસ્તુના ગ્રાહક. એક આંધળો બીજા આંધળાને પૂછે છેઃ 'ભાઇ ! રત્નપુરનો માર્ગ કયો ?' બીજા આંધળાએ ઉત્તર આપ્યોઃ 'જમણે હાથે ચાલ્યા જાઓ. પહેલાં વીરપુર આવશે અને પછી રત્નપુર આવશે.' પેલો પૂછનાર ફરીથી પૂછે છે કેઃ 'તેં રત્નપુર જોયું છે કે ? રત્નપુરનો માર્ગ જોયો છે ?' બીજો કહે છેઃ 'મેં ગામે નથી જોયું અને માર્ગ પણ નથી જોયો. હું તો સાંભળેલું કહું છું.' ત્યારે પૂછનાર બોલ્યોઃ 'મને એક જણે ડાબે હાથે રત્નપુર બતાવ્યું, બીજાએ પાછળ બતાવ્યું, ત્રીજાએ સન્મુખ બતાવ્યું અને તું જમણે હાથે બતાવે છે.'

બધા ય આંધળા અને બધા ય અણજાણ. કોઈપણ અનુભવ-જન્ય સત્ય નથી બતાવતું. એક કહે છે આગમમાં આમ લખ્યું છે, બીજો કહે વેદમાં આમ છે, ત્રીજો ગીતાનું પ્રમાણ આપે છે, ચોથો કુરાન બતાવે છે ત્યારે પાંચમો બાઇબિલને આગળ મૂકે છે. આ પ્રમાણે અનુભવજ્ઞાનશૂન્ય અત્યારની જનતામાં મતભેદ પડી ગયા છે. એક ત્યાગથી કાર્યસિદ્ધિ–મુક્તિ બતાવે છે ત્યારે બીજો ભોગથી બતાવે છે. અનુભવજ્ઞાન વગર આંધળાની જેમ ફાંફાં મારવાનાં. સૌ કોઇ લખેલું વાંચી જાણે પણ સમજે-સમજાવે કોણ ? ઉપશમભાવી આત્મા હોય તે તો લખેલા

પ્રભુના સંકેતોને સાચી રીતે જાણી શકે, રહસ્ય સમજી શકે અને સમજાવી શકે; પણ આ તો બધા ઔદયિક ભાવવાળા રહ્યા એટલે જે વખતે જેવા ઉદયને આધીન હોય તે તરફ તાણી જાય અને ઉદયાધીન ટોળું તાણાતાણી કરી લડી મરે.

સાચો બોધ અને સાચી સમજણ આપ્યા વગર આત્માને આનંદ અને શાંતિ મળવા કઠણ છે. આનંદ આદિ સાચી વસ્તુઓ આત્માના ધર્મ છે અને તે મુક્ત થવાથી જ પ્રગટે છે, માટે મુક્તદશાનું સાચું જ્ઞાન શ્રી મહાવીરની સાચી જીવનચર્યામાંથી મળી શકે છે.

સંસારના સમગ્ર દુઃખોથી છૂટી જવાય તો જ મુક્તદશા મળે. મુક્તિ નામ જ છૂટી જવાનું છે. મનોવૃત્તિમાંથી જડધર્મની અભિલાષા નીકળી જાય તો મુક્તિ પાસે જ છે. ઔદયિક ભાવને જીવ જડનો સંગ કરી સુખ માને છે, પણ ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ભાવે તો સુખને પોતાનામાં જ રહેલું જુએ છે. હવે કરવાનું તો એટલું જ છે કે ક્ષાયોપશમિક ભાવ જે સન્માર્ગ કહેવાય છે તેને છોડી ઔદયિક ભાવરૂપ ઉન્માર્ગમાં ન જવાય તો જ આપણે આપણું કાંઇક શ્રેય સાધી શકીશું. ક્ષાયોપશમિક ભાવ ધર્મ અને ઔદયિક ભાવ અધર્મ છે, માટે ધર્મસાધન કરવું.

સાચું જીવન.

(૩૫)

સંસાર જીવવાની ધમાલમાં પડ્યો છે. મનુષ્ય જીવવા માટે ઘણા ઘણા ઉપાયો કરે છે. અનાદિ કાળના અભ્યાસથી ખાવાને જીવવાનું મુખ્ય કારણ માને છે. ખાધા વગર જીવી શકાય નહિ એવી માન્યતા લગભગ આખા ય સંસારની છે. કહેવતોમાં પણ અન્નને પ્રાણ માનવામાં આવે છે–જીવવાને બીજા બધા ય વગર ચાલે પણ ખાધા વગર તો ચાલે જ નહિ.

વાત સાચી છે. ઘડિયાળ ચાવી આપે તો ચાલે અને દીવો તેલ પૂરે તો બળે, તેમજ દેહધારી જીવો ખાય તો જીવે; પણ કમાન તૂટી ગયા પછી કે બત્તી પૂરી થયા પછી ચાવી કે તેલ પૂરવાથી ઘડિયાળ કે દીવો ચાલવાની કે બળવાની ક્રિયા કરી શકતા નથી તેમજ આયુષ્ય તૂટી ગયા પછી ખાવાથી જીવો જીવી શકતા નથી. જીવો ખાવા છતાં ય મરી જાય છે.

ખરું જોતાં તો સંસાર સાચા જીવનને ઓળખી શક્યો જ નથી કે જે જીવન આત્મા–જીવનો અસાધારણ ધર્મ છે. સંસારી જીવો જે જીવનને નિત્ય બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે

આયુષ્યકર્મના ઉદયથી જોડાયેલ જીવ અને દેહના સંયોગ-સ્વરૂપ છે. જે સંયોગ સ્વરૂપથી જ અનિત્ય છે તેને આજ સુધીમાં કોઈ પણ નિત્ય બનાવી શકયું નથી. પ્રભુ શ્રી મહાવીર પણ દેહ-જીવના સંયોગને એક ક્ષણ પણ વધારી શકયા નથી અર્થાત્ એક ક્ષણ પણ વધારે જીવી શકયા નથી.

જીવવાનો મોહ બધા ય જીવોને છે. જે જીવન-દેહ સંયોગ-સ્વરૂપ છે તેમાં જ આનંદ માની તેનાથી છૂટું પડવું ગમતું નથી. આધુનિક સંસારમાં ત્યાગી, ભોગી, અધ્યાત્મી, બહિરાત્મ-દશાવાળા કે અંતરાત્મદશાવાળા બધા ય મોતથી ભય પામે છે. દેહને છોડવાની વાત સાંભળવા માત્રથી જ બહુ દુઃખી થાય છે, પણ સર્વથા દેહથી છૂટી ગયા સિવાય મુક્તિ મળી શકતી નથી. દેહના સંયોગના સર્વથા અભાવસ્વરૂપ વિયોગ તે જ મુક્તિ અને તે જ સાચું જીવન છે. આવી રીતે કહેનારની તો સંખ્યા કંઇક દૃષ્ટિગોચર થાય છે પણ તેવી દૃઢ શ્રદ્ધા-આત્મવિશ્વાસવાળો તો ભાગ્યે જ કોઇક હશે.

પોતે નિરાકાર હોવા છતાં જીવને જે કાંઈ આકાર મળે છે તેને પોતાનું જ સ્વરૂપ માનીને ન ભુંસાવા દેવાને માટે ઉત્તમ માનવજીવનને વ્યર્થ વેરી નાખે છે; તો પણ છેવટે આકાર તો ભુંસાઇ જ જાય છે; માટે નિરાકાર સ્વરૂપ પ્રગટ કરવાને જ જીવન વાપરવું જોઇએ. જેટલા આકારો છે તેટલા બધા ય બનાવટી છે-ખોટા છે, પરમાણુઓના સ્કંધો છે. ભિન્નભિન્ન પરમાણુઓના સમૂહથી જે સ્કંધ બને છે તે સ્વરૂપથી જ ભિન્ન છે, માટે તે અભિન્ન સ્વરૂપવાળા કેવી રીતે બની શકે ? અને અભિન્ન હોયા સિવાય નિત્ય સ્થાયીપણું તેમાં હોઇ શકે જ નહિ.

રેતીમાં રમનાર બાળકો, રેતીના કણસમૂહનાં ઢેરાં અને

ઘરો બનાવી શકે ખરા, પણ તેને ચિરસ્થાયી રાખી શકતા નથી; કારણ કે વિખરાઈ જવાના સ્વભાવવાળો કણસમૂહ વિખરાઇ જ જવાનો, તેમ જ જડમાં રમનાર બાળજીવ પરમાણુસમૂહના અનેક આકાર બનાવી શકે ખરો, પણ રાખી શકે નહિ; કારણ કે પરમાણુસમૂહ વિખરાઇ જવાના સ્વભાવવાળો છે.

જન્મ-મરણનો કાયદો જડ ચેતનમય આખા સંસારને લાગુ પડે છે.બધી દુનિયા જન્મે છે અને મરે છે. જન્મમરણમાંથી જડ પણ બચી શકતું નથી. દુનિયા ક્ષણિક છે એટલે જન્મમરણવાળી છે. દરેક ક્ષણમાં જન્મમરણ રહેલાં છે. જે ક્ષણમાં જન્મ છે તે જ ક્ષણમાં મરણ પણ છે અને જે ક્ષણમાં મરણ છે તે જ ક્ષણમાં જન્મ પણ છે.

જન્મ-મરણ એટલે સંયોગ-વિયોગ. સંયોગ તે જન્મ અને વિયોગ તે મરણ. બધા મોતથી ભય પામે છે પણ જન્મથી કોઇ પણ ભય પામતું નથી. મોતથી બચવા માટે બધા અનેક ઉપાયો કરે છે, પણ જન્મથી બચવા માટે કોઈ પણ ઉપાય કરતું નથી. આ ઉપરથી એમ જણાઇ આવે છે કે સંસારનો વિયોગ ન થવા દેવા જીવ માત્રનો પ્રયત્ન છે; પણ સંસારનો સંયોગ ન થવા દેવા કોઈનો પણ પ્રયત્ન નથી. તીર્થંકર આદિ મહાપુરુષોનો પ્રયત્ન સંસારનો સંયોગ ન થવા દેવા માટેનો જ હતો, પણ મોતથી બચવા માટે નહિ. તેમને જન્મનો ભય હતો પણ મરણનો ભય નહોતો. સંપૂર્ણ મરણની તો તેમને ઇચ્છા હતી; કારણ કે સંપૂર્ણ મરણ તે મુક્તિ અને અપૂર્ણ મરણ તે સંસાર. જન્મથી બચવાનો અને મરણથી બચવાનો ઉપાય ભિન્ન છે; કારણ કે બન્ને ભિન્ન સ્વરૂપ છે. એક સંયોગસ્વરૂપ છે અને બીજો વિયોગસ્વરૂપ છે. જન્મથી બચવાનો ઉપાય સર્વથા જડ સંસાર-

નો ત્યાગ કરવો અને મોતથી બચવા માટે જડ સંસારનો છૂટથી ઉપયોગ કરવો પડે છે; કારણ કે જડ સંસારથી આત્માને છૂટો ન થવા દેવાને માટે જડને પુષ્ટ બનાવવાં પડે છે. દેહથી જીવને છૂટો ન થવા દેવાને જડ વસ્તુઓનો પુષ્કળ ઉપયોગ કરવો પડે છે, જેથી કરીને જડ સંસાર બળવાન બનવાથી જન્મથી બચી શકાતું નથી અને વારંવાર જન્મ ધારણ કરવા પડે છે. તેમજ મોતથી બચવા જતાં વધારે ને વધારે મોતને આધીન થવું પડે છે, છતાં અનાદિ કાળના અભ્યાસથી બોધશૂન્ય જીવો મોતથી જ બચવાનો પ્રયત્ન કરતાં નજર આવે છે, પણ મોતથી કેવી રીતે બચી શકાય છે તેની પૂરેપૂરી માહિતી ન હોવાથી ઈચ્છિત વસ્તુ મેળવી શકતા નથી અને જેમને માહિતી છે તેઓ પણ મોહના દબાણથી મોતને જ પુષ્ટ બનાવે છે–છૂટવાને બદલે વધારે બંધનમાં પડે છે.

સંસારમાં માનવજીવનમાં અવતરીને સાચા જીવનની ઓળખાણ કરવી અને મોતથી મુકાવાને મહાપુરુષોના માર્ગનું અવલોકન કરવું અને અનાદિ કાળથી આત્મા મરી જાય છે તે ગેરસમજ–અજ્ઞાનતાને ખસેડીને જડ સંસારના સંયોગવિયોગથી આત્માને છોડાવવા પ્રયત્ન કરવો એ જ ખાસ કર્તવ્ય જણાય છે. પ્રબળ પુન્યની સહાય હોય તો આ બધું બનવું કાંઈ અશક્ય નથી.

'સાચી સ્વાધીનતામાં જ સુખ છે.'

(૩૬)

પરાધીન પ્રાણીઓની ધારણાની સફળતા પણ પરાધીન જ હોય છે. પરાધીન હોવા છતાં સ્વાધીન માની બેઠેલા અનભિજ્ઞ આત્માઓ વધારે ને વધારે પરાધીન બની આપત્તિવિપત્તિઓમાં ફસાતા જાય છે. સ્વાધીનતા તથા પરાધીનતા સત્ય સ્વરૂપને ન ઓળખનાર સ્વાધીનતાની તીવ્ર ઇચ્છાથી નિરંતર પ્રયત્નશીલ હોવા છતાં સ્વાધીનતાને બદલે પરાધીનતા મેળવે છે.

અંતર્મુખ....સ્વાધીન	બહિર્મુખ....પરાધીન
વિરક્ત ....સ્વાધીન	રક્ત.... ....પરાધીન
મુક્ત ....સ્વાધીન	બદ્ધ.... ....પરાધીન
અનાસક્ત....સ્વાધીન	આસક્ત ....પરાધીન
પરમ સુખી	પરમ દુઃખી

આવી જ રીતે નિરિચ્છક અને નિઃસ્પૃહી સ્વાધીન હોય છે. અને ઇચ્છાગ્રસ્ત તથા સ્પૃહાવાળા પરાધીન હોય છે. સંસારમાં જડ તથા જડના વિકારોને આશ્રિત બનેલા પ્રાણીઓ પરાધીન હોવાથી કંગાલ બનીને પરમ દુઃખ ભોગવી રહ્યા છે. અજ્ઞાનતાને લઈને જીવો જડ તથા જડના વિકારોને અધિક મેળવીને માની

લે છે કે અમે સ્વાધીન છીએ, પણ તત્ત્વદૃષ્ટિથી તપાસીએ તો તેઓ વધારે પરાધીન બનેલા જણાશે; કારણ કે સ્વ એટલે આત્મા અને પર એટલે જડ. આ પ્રમાણે સ્વ-પરની વ્યાખ્યા થાય છે અને આ વ્યાખ્યાને આશ્રયીને જ જેઓ જેટલે અંશે જડની ઓછી જરૂરિયાતવાળા છે તેઓ તેટલે અંશે સ્વાધીન થયેલા હોય છે, અને જેમને સારા વર્ણ, ગંધ, રસ, શબ્દ અને સ્પર્શ આદિ જડની અધિક ચાહના રહે છે તેમને પરાધીનતાની બેડીમાં વધારે જકડાવું પડે છે. લૌકિક ઉક્તિ "પરાધીનને સુપને સુખ નહિ" જે કહેવાય છે તદનુસાર તેમને સ્વપ્નમાં પણ સુખ મળી શકતું નથી.

માનવી જ્યારે એકલો અને અલ્પ પરિગ્રહવાળો હોય છે ત્યારે તે વ્યવહારિક સ્વાધીનતાનું કાંઇક સુખ અનુભવે છે, પણ જ્યારે એકથી બે અને બેથી ત્રણ એમ જનસંખ્યામાં તેમજ પરિગ્રહના પ્રમાણમાં મમતાભર્યો વધારો થાય છે ત્યારે તેના બાહ્ય સુખ તેમજ નિશ્ચિંતપણાનો નાશ થાય છે. માનસિક સુખને બદલે દુઃખ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની આત્માઓને માટે બાહ્યદૃષ્ટિ જનસમુદાયે બનાવેલા-માનેલા વ્યવહારની અપેક્ષાએ એટલું તો જરૂર કહેવું પડશે કે-આ શ્રીમંત છે. સ્ત્રી, પુત્ર, પૌત્રાદિ પરિવારવાળો છે, સર્વ વાતે સ્વાધીન છે, સુખી છે, પહેલાં એકલો હતો, રસોઇપાણીમાં પરાધીનતા ભોગવવી પડતી હતી, સારા પ્રસંગે ઘરેણાં, વસ્ત્ર પારકાં માગીને વાપરતો હતો, ભાડાનાં ઘરમાં રહેતો, હાથે વાસણ માંજતો, હાથે કપડાં ધોતો, ભાડાની ગાડીમાં ફરતો વિગેરે વિગેરે પરાધીનતાથી દુઃખી હતો; પણ હાલમાં પાસે પૈસા પુષ્કળ છે, રહેવાને માટે લાખ રુપિયા ખર્ચીને મહેલ બંધાવ્યો છે, બાગ-

બંગલા ઘરના છે, ઘેર બેચાર નોકરો છે, ઘરની ગાડી, મોટર છે, પચાસ હજારનાં દાગીના છે ને કસબી રેશમી સુંદર વસ્ત્રો છે, હજારોનું ફર્નિચર છે, સર્વ વાતે સુખી છે, લેશમાત્ર પણ કોઈની પરાધીનતાનું દુઃખ નથી કે પારકી ઓશિયાળી વેઠવાની નથી, છે કાંઇ એને સંસારમાં દુઃખ ?

આ તો બધું ચર્મચક્ષુથી જોનારને માટે સાચું, પણ જ્ઞાન-દૃષ્ટિ-અંતર્દૃષ્ટિથી જોનાર સંતપુરુષો પૂછે કે ભાઇ ! જેટલી વસ્તુઓને તેં ઉપર બતાવી તે સર્વ વસ્તુઓને તેં તારો આત્મા સ્વાધીન કર્યો છે કે તે વસ્તુઓને તેં પોતાને આધીન કરી છે ? જો તે વસ્તુઓને તેં પોતાને આધીન કરી હોય તો તે વસ્તુઓ તારો પીછો છોડે નહિ, તારી પાછળ પાછળ આવે, તારી હયાતિ-માં તને છોડીને જાય નહિ. તે વસ્તુઓ તો તને છોડીને ચાલી જાય છે. તારા ચર્મચક્ષુથી પર્યાયાંતરરૂપ પરિવર્તન-નાશ થવાથી દેખાતી નથી ત્યારે તું તેનો શોક કેમ કરે છે ? તે વસ્તુઓને સંભારીને કેમ રડે છે ? ખાવું પીવું છોડી દઈને ગાંડોઘેલો કેમ થાય છે ? તારી સ્વાધીનતા કયાં ચાલી ગઈ ? તારું સુખ કયાં ગયું ? આવી ખોટી સ્વાધીનતા અને ખોટા સુખમાં મશગૂલ બની, આત્માને કંગાલ બનાવી સંસાર-નગરના ચોરાશી ચૌટાની હજારો-લાખો-કરોડો ગલીઓમાં ભિખ ન મંગાવ ! અંત-દૃષ્ટિથી જરા જો, જ્ઞાનદૃષ્ટિ ઊઘાડ, તને સાચો માર્ગ મળી આવશે-તને સાચી વસ્તુ જડી આવશે. વળી જ્ઞાની, સંતપુરુષો પૂર્વે બતાવેલી વસ્તુઓ મેળવી સ્વાધીનતાના નશામાં મત્ત થયેલાને પૂછે છે કે શું તું સ્વાધીન છે ? કઈ વાતે તું સ્વાધીન છે ? આધિ, વ્યાધિ, જન્મ, જરા, મૃત્યુ આદિથી તું સ્વાધીન છે ? અને જો તું આ વસ્તુઓથી સ્વાધીન નથી તો પછી તું

સ્વાધીન શાને ? અને તું સુખી શાને ?

સંસારનો વ્યવહાર ઘણો જ કઠંગો છે. સંસારનો વ્યવહાર એટલે અલ્પજ્ઞ-અજ્ઞાનીઓએ સ્વાર્થ સાધવાને માટે પાથરેલી માયાજાળ. વ્યવહાર એટલે છળ, કપટ, દંભ, પ્રપંચ. મનમાં ઈચ્છા પણ ન હોવા છતાં શું કરીએ ? અમુક કામ કરવું પડશે, વ્યવહાર જાળવવો પડશે, ખાવા ખવડાવવાનો વ્યવહાર, નમસ્કાર કરવા-કરાવવાનો વ્યવહાર વિગેરે વિગેરે વ્યવહારો શું સૂચવે છે ? આપણે સારી રીતે જાણતા હોઈએ કે અમુક વ્યક્તિ નિર્ગુણી છે, તેની પીઠ પાછળ આપણે તેના માટે ઘણા જ નબળા અભિપ્રાય ઘણી વખત બીજાના આગળ પ્રગટ કરીએ છીએ; છતાં તે વ્યક્તિ જ્યારે આપણને પ્રત્યક્ષ મળે છે ત્યારે આપણે વ્યવહારથી તેનું સન્માન કરીએ છીએ, તેના ગુણ બોલીએ છીએ, તેને સારું લાગે તેમ વર્તીએ છીએ, તેના ગયા પછી તેનો અવર્ણવાદ બોલીએ છીએ, આવો વ્યવહાર દંભ સિવાય બીજું શું છે ? આ જ પ્રમાણે બધા વ્યવહારોને તપાસી જુઓ. મનોવૃત્તિ સિવાય વચન તથા કાયાથી કરવામાં આવતી પ્રવૃત્તિઓને વ્યવહાર કહેવામાં આવે છે, અને જે પ્રવૃત્તિમાં મન ભળે છે તે નિશ્ચય વ્યવહાર કહેવાય છે.

વ્યવહાર બે પ્રકારના છે : એક સદ્‌વ્યવહાર અને બીજો અસદ્‌વ્યવહાર. સદ્‌વ્યવહાર આત્મવિકાસનું કારણ છે ત્યારે અસદ્‌વ્યવહાર આત્મવિનાશનું કારણ છે. અસદ્‌વ્યવહારમાં મનોવૃત્તિ ભળવાથી નિશ્ચિત વ્યવહાર થઈ જાય છે, તો પણ તેનાથી આત્મશ્રેય થતું નથી; ફક્ત આ જ લોકમાં લાભ મળી શકે છે. લોકોમાં પ્રમાણિકપણું વધે છે, વિશ્વાસનું પાત્ર બને છે અને કેટલેક અંશે પૌદ્‌ગલિક સુખનો સ્વાર્થ સાધી શકે છે. સદ્‌-

વ્યવહારથી પુન્ય બંધાય છે અને પરલોકમાં સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે અને નિશ્ચિત સદ્‌વ્યવહારથી કર્મની નિર્જરા થાય છે.

સદ્‌વ્યવહાર આત્મવિકાસ માટે કરવામાં આવે છે. અસદ્‌વ્યવહાર કેવળ આ લોકમાં સ્વાર્થ સાધવા માટે કરાય છે. સદ્‌વ્યવહારથી પુન્યબંધ અને પાપબંધ પણ થાય છે. સમજ્યા વગરનો સદ્‌વ્યવહાર પૌદ્‌ગલિક સુખોની ઇચ્છા રાખીને કરાય તો પુન્ય બંધાય અને આ લોકમાં જ વૈષયિક સુખોની અભિલાષા રાખીને અથવા માન-પ્રતિષ્ઠાને માટે કરવામાં આવે તો સદ્‌વ્યવહાર કેટલેક અંશે તુચ્છ વૈષયિક સ્વાર્થ તથા માન-પ્રતિષ્ઠાને સાધે ખરો, પણ સાથે સાથે અશુભ કર્મનો બંધ પાડે છે અને પરલોકમાં માઠી ગતિ આપે છે. સમ્યગ્‌જ્ઞાનપૂર્વક મનોવૃત્તિ સહિત ઉપયોગપૂર્વકનો કેવળ આત્મવિકાસ માટે આચરેલો નિશ્ચિત સદ્‌વ્યવહાર કર્મની નિર્જરા કરીને મુક્તિ આપે છે. સમ્યગ્‌જ્ઞાન રહિત, ઉપયોગ સહિતનો સદ્‌વ્યવહાર જો આત્મવિકાસ માટે કરાય તો કેવળ પુન્ય બંધાય અથવા તો શુભના ઉદયથી સમ્યગ્‌જ્ઞાન સહિત થાય તો આત્મવિકાસનું પણ કારણ બની શકે ખરો, પણ અસદ્‌વ્યવહારથી તો આત્મવિકાસ થઈ શકતો નથી, તેમજ તે આત્મવિકાસનું કારણ પણ બની શકતો નથી. પરોપકૃતિને લક્ષમાં રાખી નિશ્ચિત અસદ્‌વ્યવહાર આચરાય તો પુન્ય બંધાય, પણ નિર્જરા ન થાય. આ પ્રમાણે સંસારમાં વ્યવહાર સર્વવ્યાપી છે અને નિશ્ચય દેશવ્યાપી છે. સંસારમાં વ્યવહાર મુખ્ય છે અને નિશ્ચય ગૌણ છે. વ્યવહાર વગર નિશ્ચય રહી શકતો નથી પણ નિશ્ચય વગર વ્યવહાર રહી શકે છે. દેહાશ્રિત આત્માની જેમ વ્યવહાર આશ્રિત નિશ્ચય છે. નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ ઘણું જ ગહન અને સૂક્ષ્મ છે. ઉપર

તો ઘણી જ અસ્પષ્ટ રેખા દોરી બતાવી છે. જેઓ સારી રીતે સંસારથી મુક્ત બનવા ઇચ્છતા હોય તેઓ જો અત્યારના અલ્પજ્ઞોએ બનાવી રાખેલો સદ્‌વ્યવહારાભાસ પાળે તો મુક્ત-દશા મેળવવાને લાયક જ નથી. અત્યારના અલ્પજ્ઞ કલ્પિત વ્યવહારને પાળવા જતાં આત્મવિકાસ–આત્મસંપત્તિથી વંચિત રહેવું પડે છે. પૂર્વના મહાપુરુષો પોતે દુઃખથી મુક્તિ મેળવીને નિત્ય સુખ તથા નિત્ય જીવન મેળવવાની ઇચ્છાવાળાને માટે જે કાંઈ વ્યવહાર બતાવી ગયા હતા તેને અત્યારના તુચ્છ પૌદ્‌ગલિક સુખના સ્વાર્થીઓએ ફેરવી નાખ્યો છે.

મુક્તિ મેળવવાને માટે પૂર્વપુરુષોએ બતાવેલો વ્યવહાર બિલકુલ સરળ હતો કે જેને જડ જેવા બિલકુલ નહિ ભણેલા એવા ચોર, ધાડપાડુઓ, જંગલના જડભરતોએ જાણીને આત્મ-શ્રેય સાધ્યું છે. દૃઢપ્રહારી, ચિલાતિપુત્ર, ઇલાચીકુમાર, પ્રભવો ચોર આદિ અનેક પુરુષો કેટલું ભણ્યા હતા ? કયા કયા સૂત્રોનું અધ્યયન કર્યું હતું ? અત્યારનો વ્યવહાર કેટલો પાળ્યો હતો ? મહાપુરુષો કહી ગયા છે કે વસ્તુને વસ્તુરૂપે ઓળખી રાગ, દ્વેષ, કષાય, વિષયથી મુક્ત થઈ જાઓ. જડને જડરૂપે ઓળખશો તો તમારો રાગદ્વેષ ઓછો થઈ જશે. જડને આશ્રયીને તમે લાભના અંગે જ રાગદ્વેષ કરો છો તે જ્યારે તમને જડની સર્વ સુખ તથા લાભને માટે જડતા જણાશે કે તરત જ તમે જડનો સર્વથા ત્યાગ કરશો અને જડ પરની મમતા દૂર થશે કે તે જ વખતે અનેક પ્રકારના જડ તથા જડના વિકારોને મેળવીને તેના ધર્મના ઉપભોગની અભિલાષારૂપ આધિ દૂર થવાથી સાચી શાંતિ તથા સુખનો અનુભવ થશે. જડથી મનોવૃત્તિઓનું મુકાઈ જવાનું નામ મુક્તિ છે. હવે આ બાબતમાં અત્યારનો કેટલો

વ્યવહાર કેટલો ઉપયોગી છે તે વિચાર કરવાથી જણાઇ આવે છે. ઉપર લખેલ સ્વાધીનતા અને પરાધીનતા તથા નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ જણાવવાનું પ્રયોજન એટલું જ છે કે અત્યારના સમયમાં વ્યવહાર પ્રમાણે વર્તવાથી સાચા ત્યાગીને આત્મશ્રેય-આત્મવિકાસમાં અંતરાયરૂપ અને ભોગીને માનસિક શાંતિ તથા નિશ્ચિતતામાં અંતરાયરૂપ પરાધીનતા ભોગવવી પડે છે.

આત્મવિકાસ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ તથા નિશ્ચિંતતા અને શાંતિ માટે કરવામાં આવતી પ્રવૃત્તિમાં અત્યારના અલ્પજ્ઞોનો વ્યવહાર બાધકર્તા થઈ પડ્યો છે.



મેળવો, કમાશો નહીં.

(૩૭)

ઇચ્છાઓ સફળ થવી દૈવાધીન છે. કમાવું થોડું અને લુંટાવું ઘણું, ત્યાં કેમ ઊંચે અવાય ને સુખની ઇચ્છા સફળ થાય? ભવવાસીઓના ભાગ્યે જ વર્તમાન યુગમાં જ્યાં લૂંટારાઓને પૂરી સગવડતા કરી આપી છે ત્યાં કમાવાની ઇચ્છા રાખનાર માનવી શું કરી શકે ?

આજની કમાણીમાં કસ નથી, તેમજ પાસે પૂંજી પણ નથી એટલે બધાને ગુલામી પસંદ. ગુલામી કરી શું કમાવાના? ગુલામી એટલે પરાધીનતા અને પરાધીનતા એટલે દુઃખનો દરિયો–ભવસાગર. ત્યાં વળી સુખનો અંશ હોય જ કયાંથી ?

ત્યાગી એટલે ઇચ્છામુક્ત અને ઇચ્છામુક્ત એટલે સ્વતંત્ર, અને સ્વતંત્ર એટલે પૂર્ણ આનંદ–સહજાનંદ–સુખસિંધુ; માટે જ સાચા ત્યાગીઓએ ત્યાગને વખાણ્યો છે. પોતાનું મેળવવા ઇચ્છાને જરૂરત નથી, તેમજ પોતાનું પાછું મેળવવું તે કમાણી પણ નથી. સો આપીને સો પાછા લેવા તે કમાયા ન કહેવાઇએ. શ્રી વીરપ્રભુને કમાવાની ઇચ્છા ન હતી તેમજ કાંઈ કમાયા

પણ ન હતા. આપણને કમાવાની ઇચ્છાની તેમજ કમાણીની જરૂરત ખરી, કારણ કે કમાણી વગર આપણે પોતાનું પાછું મેળવી શકતા નથી. અને શ્રી વીર પ્રભુએ તો પોતાનું સઘળું મેળવી લીધું હતું એટલે તેમને કમાણીની કે ઇચ્છાની જરૂરત ન હતી. પોતાની વસ્તુઓ મેળવવા કમાણીની ઇચ્છા રાખનાર નિરિચ્છક-ત્યાગી કહેવાય છે અને પોતાનું ખોવા કમાણીની ઇચ્છા રાખનાર ઇચ્છાગ્રસ્ત-ભોગી કહેવાય છે.

વર્તમાન કાળમાં કમાવાના કાંકરા અને ખોવાના હીરા જેવું બને છે. કમાવાનું ન બને તો કાંઇ હરકત નથી પણ ખોવાનું ન બને તો અતિ ઉત્તમ. ખોવાય નહિ એટલી કાળજી રહે તો બસ છે. કમાવું છે તે પણ મેળવવા માટે છે, પણ ખોવા માટે નથી. પોતાનું ખોઇને કમાણી થતી હોય તો તે કમાણી નકામી છે. કમાઓ પણ ખોશો નહિ. એટલું ધ્યાનમાં રાખવું કે કમાવાનું છે પારકું (પરવસ્તુનું) અને ખોવાનું છે પોતાનું (જ્ઞાન-દર્શન). અંતે તો કમાયેલું સઘળું ખોયા સિવાય મુક્તિ-છૂટકારો નથી, છતાં પોતાનું મેળવવા કેટલીક કમાણી(પુન્ય)ની આપણને જરૂરત ખરી. પુન્યની સહાયતાથી આપણે આપણું જ્ઞાન, દર્શન, સુખ, આનંદ વિગેરે મેળવી શકીએ છીએ.

મુખ્યપણે તો કર્મથી કર્મની ઉત્પત્તિ થઈ શકે છે, પછી તે કર્મ શુભ હો કે અશુભ હો. પોતાના જ્ઞાનાદિ ગુણોનો વિકાસ તો કર્મના નાશથી થાય છે, છતાં પુન્યકર્મ કંઇક અંશે વિકાસનું સાધન ખરું. ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી સાચા ચારિત્રરૂપ ગુણોનો વિકાસ થાય છે. ચારે ઘાતીકર્મ (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય)ના ક્ષયથી કેવળજ્ઞાન, કેવળસુખ, કેવળ આનંદ તથા કેવળ જીવન આદિ ગુણોનો

વિકાસ થાય છે, અર્થાત્ પોતાની વસ્તુ મેળવાય છે. વર્તમાન યુગે પૌદ્ગલિક વસ્તુઓનો વિકાસ કરીને કષાય, વિષય આદિ લૂંટારાઓને જ્ઞાનાદિ ધન લૂંટવામાં અત્યંત સગવડતા કરી આપી છે; તેમજ આત્માઓને નિર્બળ તથા કંગાલ બનાવવામાં ખૂબ જ ક્રૂરતા વાપરી છે. મોહના વિલાસના વિકાસમાં ફસાઈ જઈને આત્માઓ અત્યંત નિર્બળ તથા કંગાલ બની રહ્યા છે. આ કંગાલીયત અને નિર્બળતા પાંચ-પચીશ વર્ષના માનવજીવનના અંતે થનારી અન્ય ગતિઓમાં અત્યંત અનુભવાશે. ત્યાં મન વાળવા કરેલી મિથ્યા કલ્પનાઓ કંઈ નહિ કરી શકશે અને સાચું હશે તે જ આગળ આવીને ખડું થશે. અત્યારે મિથ્યા કલ્પિત લૌકિક વ્યવહારની સાથે સાચો લોકોત્તર વ્યવહાર અણજાણોએ વણી લીધેલો હોવાથી અત્યારનો લોકોત્તર વ્યવહાર પણ વિકાસીઓને વિઘ્નકર્તા થઈ પડ્યો છે. અત્યારના વ્યવહારને વળગી રહીને વિકાસ સાધવો તે પાણી મથીને માખણ કાઢવા જેવું છે. અત્યારના કહેવાતા લોકોત્તર વ્યવહારની દિશામાં ગમન કરનારો જરૂર લૌકિક વ્યવહારના વાસમાં જવાનો અને ત્યાં રહીને માનવાનો કે હું લોકોત્તર વ્યવહારમાં છું; પરંતુ આવી મિથ્યા માન્યતાથી તે વ્યવહાર, કંઈ આત્મસાધક તો નહિ બને પણ વિકાસનો બાધક તો જરૂર બનશે જ.

વિલાસોમાં સુખની દૃઢ શ્રદ્ધા રાખનારી દુનિયાએ કદી સુખ મેળવ્યું નથી તેમજ મેળવવાની પણ નથી. માની લેવા માત્રથી કંઈ અછતી વસ્તુ પ્રગટી શકે નહિ. જેમ વિકટ પહાડોની વચ્ચમાં વસનાર વનવાસીઓ પૂર્ણ વિશ્વને જાણી શકે નહિ

અને માની લે કે અમારી વિહારભૂમિ માત્ર જ વિશ્વ છે તેમ જ પૂર્વજન્મ અને પુનર્જન્મની અજ્ઞાનતારૂપ બે વિકટ પહાડોના વચ્ચમાં વસનાર વિલાસી આત્માઓ વિહારભૂમિની વિશાળતા જાણી શકતા નથી, ઐહિક જીવનમાત્રને જ વિહારભૂમિ માની વિલાસોમાં આસક્ત રહે છે અને દુઃખને સુખ માની સાચું જીવન વેડફી નાખે છે.

ઘણા કાળનો સહવાસ, સાચા સાધનનો અભાવ, સાચી વસ્તુની અણજાણતા આદિ અનેક કારણોને લઇને પુદ્ગલોમાં ઓતપ્રોત થઈ ગએલો આત્મા પોતાનો વિકાસ કરી શકતો નથી. હીરાની ખાણમાં હીરો રહેલો છે પણ જ્યાં સુધી સાચા સાધનોવડે પૃથ્વીના ઉપરના પડો ઉકેલાય નહિ ત્યાંસુધી હીરો પ્રગટ થઇ શકે નહિ. તેમજ આત્મભૂમિમાં રહેલો કેવળજ્ઞાન-રૂપ હીરો કર્મરૂપી પથ્થરા-માટીના આઠ પડો ઉકેલ્યા વગર પ્રગટ થઈ શકે નહિ.

ઉપાયો જાણવા છતાં, તીવ્ર ઇચ્છા હોવા છતાં પુન્યની સહાયતા ન હોવાથી ધાર્યું બની શકતું નથી. ઇચ્છા માત્ર સાચા સાધન મેળવવાની જ. બાકી વિકાસ તો છે. તેની ઇચ્છાની કંઈ જરૂરત નથી.

મળેલા પુન્યને વિકાસના માર્ગે વાપરવું. તેમ ન બની શકે તો પુન્ય કમાવાને વાપરવું પણ વિલાસમાં વાપરી વિકાસ કે કમાણી ખોવી નહી–એટલી જ ભલામણ.

વિકાસનું કિરણ.

(૩૮)

છૂટી જઇ પૂર્ણ સ્વતંત્રતા મેળવવાના એક જ આશયવાળું માનવજગત વધારે ને વધારે બંધાવાના કારણોની જ દિશામાં ગમન કરીને પોતાને એમ માની લે કે હું મુકાઇ ગયો. તે એક મુક્ત બની પૂર્ણ વિકાસી આત્માઓની દૃષ્ટિમાં ખોટું સ્વપ્ન સેવી રહ્યો છે. સાચી સ્વતંત્રતા–સાચા વિકાસમાં મનની માન્યતાને અવકાશ નથી; કારણ કે મનની માન્યતા તે વિકાર છે અને તે વિકાર વિકાસમાં હોય જ નહિ. આત્મશ્રેય માટે કોઈ પણ દિવસ મુકરર કરેલો નથી. ગમે તે દિવસે પરિણામની શુદ્ધિથી આત્મશ્રેય સાધી શકાય છે છતાં માનવીઓની અપૂર્ણતાના અંગે શ્રેયસાધક દિવસોને ભેદભાવમાં સ્થાન આપ્યું છે અને તે પણ પોતાપોતાને જ અનુસરવાની બુદ્ધિથી જેને જે દિવસ મુકરર કર્યો હોય તેની બુદ્ધિ અને માન્યતા તે જ દિવસ શ્રેયમાં સાધક માને છે; અન્ય નહિ. અસ્તુ ! એમ રહો, પણ શ્રેય સાધો. અશ્રેયના કારણ રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાનને સ્થાન ન આપો. આવું સ્પષ્ટ હોવા છતાં શ્રેયના નામે અશ્રેયનો આદર કરનાર આત્માઓ બહુ જ અંધકારમાં આથડી રહ્યા છે.

જ્યાં સુધી ક્ષમા નથી જડતી ત્યાંસુધી અજવાળાની દિશાથી પરાઙ્મુખ જ કહી શકાય, તો પછી અજવાળામાં ચાલનાર કેવી રીતે કહી શકાય ? અજવાળા વગર તો અનંતો કાળ આથડતો ગયો પણ સ્થાન મળ્યું નહિ તેમજ ઓળખ્યું પણ નહિ.

ક્ષમા એટલે ? સહન કરવું. આ સહન કરવું તે કેવળ અશુભના ઉદય માટે જ હોતું નથી પરંતુ શુભના ઉદય માટે પણ હોય છે. શુભના ઉદયથી મળેલા પૌદ્ગલિક સુખના સાધનો જોઇને ઘણો હરખાય છે, ઘણો મદગ્રસ્ત થાય છે, ઘણો ક્રોધી થાય છે, ઘણો કામી થાય છે, ઘણો અન્યાયી થાય છે, ઘણો લોભી થાય છે, ઘણો માની થાય છે, ઘણો નિર્દય થાય છે. આ બધું શાનું પરિણામ ? અક્ષમા–અસહિષ્ણુતાનું. અશુભના ઉદયથી થતા અનિષ્ટ પ્રસંગો જેવા કે–રોગ, શોક, દરિદ્રતા, પ્રતિકૂળતા, અપયશ આદિ સુવિદિત જ છે કે જેને માનવીઓ ન સહન કરવાથી આ લોકમાં વૈર, વિરોધ, અશાંતિ આદિ ફળોને મેળવે છે ને પરલોકમાં દુર્ગતિની યાતનાઓ ભોગવે છે.

પાંચે ઇંદ્રિયોના વિષયોને ઉદયભાવમાં પણ માનવીને ક્ષમા-સહન કરવાની અતિ આવશ્યકતા રહે છે. જેઓ વિષયોને સહન કરી શકતા નથી અને વિકળ થાય છે તેઓની ઉભય લોકમાં માઠી દશા થાય છે.

ક્ષમા એટલે કર્મોના ઉદય માત્રને સહન કરવું, લેશ માત્ર પણ વિકૃતિ ન થવા દેવી. આવી ક્ષમાથી નિર્જરા થાય છે, કર્મનો ક્ષય થાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે કર્મથી છૂટવાનો કેવળ એક જ માર્ગ છે અને તે ક્ષમા છે.

દરેક પ્રસંગો અને સંજોગોને તેમજ વિકારી જગતની પ્રવૃત્તિને જ્યાં સુધી સહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું નથી,

સહન કરતાં શીખ્યા નથી ત્યાં સુધી ધર્મ કરીએ છીએ અથવા કર્યો છે, તત્ત્વબોધ કરીએ છીએ અથવા કર્યો છે, કહી શકાય જ નહિ.

સાચી સહનશક્તિ પ્રગટ થયેલી ત્યારે જ કહી શકાય કે જ્યારે પ્રતિકૂળ સંયોગો કે સંબંધોનું સ્મરણ પણ ન થાય તેમ જ સ્ફુરણા પણ ન થાય, કારણ કે સ્ફુરણા જ સકળ સંસારનું ઉપાદાન કારણ છે. બહારથી ગમે તેવી પ્રવૃત્તિમાં રહ્યા છતાં તે સમયની સ્ફુરણા જ ભાવી સંસારની વ્યવસ્થા બનાવે છે. તમે વાંચ્યું હશે અથવા તો વાતો સાંભળી હશે કે " **एकोऽहं बहु स्याम्** " આ સ્ફુરણા જ જગતનું ઉપાદાન કારણ બની છે, અર્થાત્ સ્ફુરણામય પ્રભુથી સંસારની ઉત્પત્તિ થઇ છે. સ્ફુરણામય પ્રભુ તે જગત અને સ્ફુરણાવિહીન પ્રભુ તે પ્રભુ. આમ સમળ અને નિર્મળ આત્મા બે સ્વરૂપમાં વહેંચાઈ ગયા છે. જ્યાં સ્ફુરણા નથી ત્યાં સંસાર નથી. ત્યાં કેવળ આત્મસ્વરૂપ જ છે. નિર્વિકલ્પ સ્ફુરણાવિહીન સમાધિ તે જ વાસ્તવિક ધર્મ અને તે જ પોતે આત્મા.

પ્રસન્નચંદ્ર રાજર્ષિને પણ સ્ફુરણાત્મક સાતમી નરક હતી. સ્ફુરણા નષ્ટ થતાંની સાથે જ સાતમી નરક પણ નષ્ટ થઈ ગઈ અને નિર્વિકલ્પ સમાધિ થતાની સાથે જ આત્મદર્શન થયાં.

આત્મસ્વરૂપ મેળવવાને સ્ફુરણાની આવશ્યકતા નથી. સ્ફુરણાનું ઉપાદાન કારણ કર્મ છે, માટે કર્મજન્ય સ્ફુરણા હોવાથી કર્મનો વિકાર છે. અને વિકાર વિકાસનું કારણ બની શકે નહિ. જડ અને જડના વિકારો પ્રારંભમાં કાંઈક મદદગાર થઈ શકે ખરા, પણ તે વિકાસ દૃષ્ટિ વિસારીને નહિ. વિલાસ દૃષ્ટિવાળાને તેનું આત્મિક નુકશાન કરનારો થાય છે. શક્તિ મેળવવાની દૃષ્ટિ-

વાળો અમુક ટાઈમ સુધી ભલે લાકડીનું આલંબન લે પણ વિલાસ દૃષ્ટિવાળો લાકડીના નિરંતર આલંબનથી અશક્તિ જ મેળવે છે. અશક્ત બનનારે અશક્તિના આશ્રયસ્થળો સર્વથા છોડી દેવાં જોઇએ.

માટે ક્ષમા–સહનશક્તિ અર્થાત્ ઉદયનું અલક્ષ્ય, સ્ફુરણાનો અભાવ થયા પછી જ આત્મા નિવૃત્તિમાં આવે છે અને પોતાનો વિકાસ મેળવી શકે છે. શાંતિ, આનંદ અને સુખ ત્યાં જ છે. બાકી તો આત્માને ઉચ્ચ કોટીનો વિકાસમાર્ગમાં ગમન કરનારો ઓળખાવવા બહારથી ગમે તેટલો ડોળ કરો પણ શાંતિ, સુખ, આનંદ મળી શકતાં નથી.

મોહથી મુક્ત બની સ્વતંત્ર થયા સિવાય અથવા સ્વતંત્ર બનવાની હાર્દિક ઇચ્છા સિવાયની ધર્મના નામે જેટલી બાહ્ય પ્રવૃત્તિઓ કરી ડોળ કરાય છે તે કેવળ આજીવિકાના ધંધા સિવાય કશું ય નથી, માટે જ્યાં જ્યાં જેટલે–જેટલે અંશે ક્ષમા છે ત્યાં ત્યાં તેટલે તેટલે અંશે ધર્મ છે, વિકાસ છે, સુખ છે, આનંદ છે, શાંતિ છે.

સાચો પ્રકાશ.

(૨૯)

અત્યારે તો ચોમેરથી કોલાહલ થઇ રહ્યો છે કે ઉદ્યોત થયો, ઉન્નતિ થઈ, પ્રકાશ થયો. કયાં કઇ દિશામાં ? પૂછીએ તો એ જ ઉત્તર મળે છે કે વીતરાગના શાસનની, વીતરાગના ધર્મની. ભાગ્યફેર હોય કે મતિમંદતા હોય. ગમે તે કારણને લઇને બતાવેલી દિશામાં દૃષ્ટિ કરીએ છીએ તો ગાઢ અંધકાર જ અંધકાર દેખાય છે. કહીએ છીએ કે ગાઢ અંધારું છે, તો તેઓ ખૂમો પાડી ઊઠે છે કે માનો કે અજવાળું છે, કહો કે અંધારું નથી. મધ્ય રાત્રિએ પણ મધ્યાહ્ન મનાવવાની વિલાસીઓની પ્રબળ ઇચ્છાને પાળવી કે ટાળવી તે એક વિકાસમાર્ગમાં પ્રયાણ કરનાર, સહજાનંદના સહવાસની કામનાવાળા, નિરાગ ચિત્ત મનસ્વીઓના માટે વિચારણીય થઇ પડયું છે. દેખાય રાત્રિ અને માનવો દિવસ તે જ્ઞાનચક્ષુવાળો હૃદયથી કેમ માને ? સંપૂર્ણ વિકાસી તો ઇંદ્રિયોના વિલાસીને જણાવો કે મળવો મુશ્કેલ છે. વિકાસના માર્ગમાં રહેલો અને વિકાસનો અર્થી સંપૂર્ણ નહિ તો સામાન્ય વિકાસીને જાણી શકે, મેળવી શકે; બાકી તો વિલાસી તો અનધિકારી છે. વિલાસી વિકાસીને

ઓળખી શકતો નથી. વિલાસની વૃત્તિઓ કાંઇક અંશે મંદ થાય તો જ વિકાસ અને વિકાસીને ઓળખી વિકાસના માર્ગમાં સન્મુખ થઇ શકે છે. વિકાસ એટલે ખીલવું. અંદરની વિભૂતિનું બહાર પ્રગટી નીકળવું. કમળની જેમ અવિકસિત કમળ ઉપરથી લીલું દેખાય છે, પણ જ્યારે વિકસિત થાય છે ત્યારે વિવિધ વર્ણ યુક્ત થઇ તેનો સૌરભ ચોમેર પ્રસરી જાય છે. આત્માનો વિકાસ, સમ્યગ જ્ઞાન, દર્શન, ચારિત્રનું પ્રગટી નીકળવુ. જ્ઞાનનું પદાર્થ માત્રમાં વ્યાપ્ત થઇને રહેવું.

વિલાસ એટલે પૌદ્‌ગલિક પદાર્થોમાં વૃત્તિઓનું તન્મય થવું વિષયી ઇંદ્રિયોનું વિષય જડના ધર્મો વર્ણાદિમાં રંગાઇ જવું અને વૃત્તિઓ ઉપરથી વર્ણાદિનો રંગ ફિક્કો પડી જવો, ઊડી જવો તે જ વિરંગ, વિરક્ત, વૈરાગ્ય. તાંતણાની રૂવાંટીમાં પેસી ગયેલો રંગ કાઢતાં ઘણો જ પરિશ્રમ વેઠવો પડે છે અને તે વિલાસીને રુચે નહિ. સંસારનો મોટો ભાગ શ્રીમંત બનવાની કેમ ઇચ્છા રાખે છે? ધનાસક્ત બની ધોળી શા માટે થાય છે? પરિશ્રમ પસંદ નથી. પરિશ્રમ વગર જો પેટ ભરાતું હોય તો પરિશ્રમને કોઇપણ ચહાય નહિ.

દોરાને ઉપરાઉપરી ગાંઠો વાળતાં જરા ય પરિશ્રમ પડતો નથી પણ તે વાળેલી ગાંઠો છોડતાં ઘણો પરિશ્રમ પડે છે. અલ્પ પરિશ્રમે કપડાંના ટુકડા થઇ શકે છે, પણ કપડું વણતાં ઘણો પરિશ્રમ કરવો પડે છે. ધન વેડફી નાંખતાં પરિશ્રમ પડતો નથી, ધન ભેગું કરતાં મહેનત અને વખત લાગે છે. ચિત્રને ભૂંસી નાખતા પરિશ્રમ અને સમય લાગતો નથી. ચિત્ર ચીતરતાં પરિશ્રમ અને સમયની બહુલતા હોય છે.

રાગદ્વેષની ગાંઠો વાળતાં પરિશ્રમ કે મુશ્કેલી નડતી નથી.

છોડતાં અત્યંત પરિશ્રમ અને મુશ્કેલીઓ નડે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ખોઇ નાંખતાં જરા ય વાર લાગતી નથી, મેળવતાં વાર લાગે છે. ગુણોને ભૂંસી નાખતાં પરિશ્રમ પડતો નથી, સુસંસ્કારને ભૂંસી નાંખતાં વાર લાગતી નથી; પણ ગુણો અને સંસ્કારોને મેળવતાં પરિશ્રમ પડે છે અને વખત લાગે છે. મન, વચન, કાયાના યોગોમાં સહુથી અલ્પ, નહિ જેવા જ પરિશ્રમવાળો વચનયોગ છે. મોઢેથી મોટી મોટી વાતો કરવામાં જરા ય જોર લાગતું નથી. વચનચાતુરી એટલે વચન-વંચનામાં વગરપ્રેરણાએ અને વગરપરિશ્રમે આખું ય જગત વળી ગયું છે.

વચનયોગ કરતાં કાયયોગ ઘણા જ પરિશ્રમવાળો છે. મોઢેથી બોલી જવું સહેલું છે, પણ કરી બતાવવું ઘણું કઠણ છે.

વસ્તુનું સ્વરૂપ કહી બતાવવું, શાસ્ત્રો વાંચી સંભળાવવાં બધું ય સહેલું. વર્તનમાં વર્તવું, આચરણમાં આચરવું, પરિશ્રમ વગર બની શકતું નથી.

વચનયોગ, કાયયોગ કરતાં મનોયોગમાં પરિશ્રમ અનહદ છે. કાયયોગના પરિશ્રમનો પાર પામેલા કેટલાય નીકળી આવશે પણ મનોયોગ સાચવવાવાળા સંસારમાં કોઇક જ નીકળશે.

કષાય અને વિષયની વૃત્તિઓ-દોરડીઓ કાપી નાંખી આત્માને બંધનમાંથી છૂટો કરનાર આજના સમયમાં કેટલા હશે ? તો પછી વીતરાગની દિશામાં ઉદ્યોતની અને ઉન્નતિની ધૂમો પાડનારમાં તથ્યતા-સત્યતા કેટલી છે તે સહેજે ગણી શકાય છે.

રાગદ્વેષ, વૈરવિરોધ અને કષાયવિષયની દિશા સન્મુખ વળીને કહેવું કે જુઓ, વીતરાગની દિશામાં કેટલી ઉન્નતિ અને કેટલો પ્રકાશ થયો છે ? એમનું કહેવું સાચું છે. ઉન્નતિ છે

અને પ્રકાશ પણ છે, પરંતુ તે વીતરાગની દિશામાં નહિ પણ સરાગની દિશામાં. પૂર્વમાં નહિ પણ પશ્ચિમમાં. પશ્ચિમમાં ઊભા રહી સંધ્યાસમયે કહેવું કે જુઓ, સૂર્યોદય થાય છે તો જ્ઞાન-ચક્ષુ કેમ માને ?

સંસારમાં વસ્તુ બે : એક જડ અને બીજું ચૈતન્ય. આ બેનો પ્રપંચ તે જ સંસાર. આ બે વસ્તુઓને જુદા જુદા રૂપે તપાસવાની છે. આપણે તો આપણા પક્ષમાં રહીને ચૈતન્ય માત્રનું હિત ચિંતવવાનું છે. ભગવાન પોતે પોતાના પક્ષનું સમર્થન કરીને બંધનમાંથી મુકાતાં સ્વસ્વરૂપી આત્માઓને ચેતાવતા ગયા કે પરસ્વરૂપ ભયાવહ છે માટે સ્વસ્વરૂપમાં સમાઈ જાઓ.



સંયોગ–વિયોગ સુખદ નથી.

(૪૦)

સંસારના સંબંધ માત્ર સ્વપ્નજાળ છે. જાગ્રતદશા–જ્ઞાનદશામાં જોઇએ તો કાંઈ જ નથી. સંસારના સઘળા જીવો સાથે અનેક ભવોમાં અનેક વખત અનેક પ્રકારના સંબંધોથી જોડાયા છીએ. જ્યાંસુધી સંસારમાં છીએ ત્યાંસુધી કૃત્રિમ અનેક પ્રકારના સંબંધોથી જોડાઇશું; માટે તત્ત્વજ્ઞ પુરુષોને હર્ષ કે શોક હોતો જ નથી.

આપણે જીવન, મરણ, યશ, અપયશ, સુખ, દુઃખ આદિની સઘળી વ્યવસ્થા અદૃષ્ટને સોંપી દીધી છે અને અદૃષ્ટ નિરંતર જીવાત્માનું વિરોધી હોય જ છે, એટલે તે ભાગ્યે જ જીવાત્માને અનુકૂળ થઇને ચાલે. દરેક બાબતમાં કાંઇક અનુકૂળતા જેવું દેખાડે પણ તે વાસ્તવિક અનુકૂળતા હોતી નથી. જીવ ભલે માની લે કે મને અદૃષ્ટ અનુકૂળ છે, અર્થાત્ હું પૈસે ટકે કુટુંબ-પરિવારથી સુખી છું, પરંતુ આ બધું માનવું જાગ્રતદશાનું નથી.

અદૃષ્ટે જ મોહ, મમતા, મદ, અજ્ઞાનતા આદિનો કેફ પાઇને મનાવેલું છે, જેથી કરી પરિણામે એ જ વસ્તુઓથી જીવાત્મા

પોતાની સાચી વસ્તુઓ ખોઇ નાખીને દુઃખી થાય છે. જે વસ્તુઓથી જીવ આનંદ–સુખ માને છે તે જ વસ્તુઓથી જીવ દુઃખ માને છે. ફરક એટલો જ હોય છે કે સંયોગે સુખ અને વિયોગે દુઃખ, સંયોગમાં અદૃષ્ટની અનુકૂળતા અને વિયોગમાં પ્રતિકૂળતા. વિચારક જ્ઞાની પુરુષોને માટે તો સંયોગ માત્ર ખોટા છે; કારણ કે જે પરિણામે દુઃખરૂપ નિવડે તે જ સુખરૂપ કહી શકાય જ નહિ, અને તેથી કરીને જ જ્ઞાની પુરુષો કોઇ પણ પ્રકારના સંયોગને સારા કે નબળા સમજતા નથી. પણ સમભાવે રહીને સર્વ સંયોગોના અભાવને ઇચ્છવાવાળા હોય છે તેઓ જાણે છે કે જ્યાં સંયોગ–વિયોગ છે ત્યાં જ સંસારનાં બીજ વેરાયેલાં છે. અનુકૂળ સંયોગ અને પ્રતિકૂળ વિયોગ અથવા પ્રતિકૂળ સંયોગ અને અનુકૂળ વિયોગ આદિની જે ભાવનાઓ છે તે એક પ્રકારની કર્મજન્ય વિકૃતિ છે. સંતપુરુષો આવી વિકૃતિઓના વિનાશ માટે જ ઉદ્યમવાળા હોય છે. જ્યાંસુધી આ વિકૃતિઓ નષ્ટ ન થાય ત્યાંસુધી જીવની પ્રકૃતિમાં અસ્વસ્થતા જ રહેવાની અને જ્યાંસુધી અસ્વસ્થતા છે ત્યાંસુધી જીવને સુખ અને આનંદ કયાંથી ?

પોતાના માનેલા અનુકૂળ સંયોગોમાં અનેક વખત અવતરવા છતાં જીવ આનંદનો તો ભિખારી રહ્યો–આનંદ તથા સુખની કંગાલતા તો મટી જ નહી. આમ ને આમ અજ્ઞાનતાથી અનેક ભવોમાં રખડ્યો અને અનેક વખત જન્મમરણ કર્યાં તો યે કૃત્રિમ સંયોગનો વિયોગ થવાથી દુઃખી થાય છે. કેટલી અજ્ઞાનતા ! અજ્ઞાનીઓને દેખાડવા માટે સંસારમાં મનાતી ઇષ્ટ વસ્તુના વિયોગ વખતે દુઃખ મનાવતો હોય તો વાત જુદી જ છે તો પણ સંસારમાં તત્ત્વજ્ઞ વિચારક પુરુષો તરીકે પ્રસિદ્ધિ

પામેલાને માટે તો ઉપરથી ખોટો ડોળ કરીને દેખાડવું તે અજ્ઞાની જનતામાં પણ ઉપહાસનું પાત્ર બનાવે છે, માટે જ્ઞાની પુરુષોએ તો કૃત્રિમ વસ્તુના સંયોગ-વિયોગ સમયે સમભાવે રહીને અજ્ઞાની સંસારને જ્ઞાનસ્વરૂપી બનાવવો જોઇએ.

સંઘરી રાખેલું ઔષધ વ્યાધિસમયે કામ ન આવે તો તે સંગ્રહ શા કામનો ? કામપ્રસંગે સળગતો દીપક બૂઝાઈ જાય તો શા કામનો ? વસ્તુતત્ત્વના જાણકારને તો જનતાને વસ્તુતત્ત્વ સમજાવવા સાવધાન રહેવાની અત્યંત આવશ્યકતા છે. આયુષ્ય કર્મનો ઉદય તે જીવન અને આયુષ્ય કર્મનો ક્ષય તે મરણ. સર્વથા અપુનર્ભવપણે આયુષ્યનો ક્ષય તે મુક્તિ. આ તત્ત્વના-રહસ્યના જાણકાર સુખ તથા આનંદના અભિલાષી પ્રાણીઓ તો સર્વથા આયુષ્યનો ક્ષય કરવાના પ્રયત્નવાળા હોય છે.

જીવનમાં જ દુઃખ રહેલું છે, કારણ કે જન્મ સિવાય જીવન હોતું નથી અને જીવન સિવાય મરણ હોતું નથી; માટે જ્યાં જન્મ મરણ છે ત્યાં દુઃખ રહેલું છે. જીવના સ્વ-સ્વરૂપ જીવન કે જે જન્મમરણના સર્વથા નાશથી પ્રગટે છે અને કૃત્રિમ જીવન મરણ સ્વરૂપ જીવનથી સર્વથા ભિન્ન સ્વરૂપવાળું છે, અથવા તો જન્મ મરણના નાશરૂપ કારણનું કાર્ય છે તે જ જીવનમાં અનંતું સુખ તથા અનંતો આનંદ રહેલો છે. બાકી તો સંસારી આત્માઓને ભ્રમણ કરવાને માટે મળેલા કર્મજન્ય જીવનમાં સુખ તથા આનંદનો લેશ પણ હોતો નથી; માટે મહાપુરુષો આવા જીવનની પરવા રાખતા નથી અને સાચા જીવનની પ્રાપ્તિ માટે સમગ્ર કર્મ, જીવનને અર્પણ કરી દે છે.

જીવને જીવનો સંયોગ થતો નથી પણ જડનો સંયોગ થાય છે. સંસારના સંયોગ માત્ર જડસ્વરૂપ છે અને એટલા જ

માટે તે કૃત્રિમ હોવાથી તે સંયોગોનું કાર્ય પણ કૃત્રિમ જ છે. કર્મ આજરિત જ્ઞાનવાળો આત્મા કે જે અજ્ઞાની કહેવાય છે, તે કર્મના કાર્યમાં મૂંઝાઈ જાય છે અને અનુકૂળતા તથા પ્રતિકૂળતાની ભ્રમિત ભાવનાથી પોતાને સુખી તથા દુઃખી માને છે. પોતાને નિર્બાલ્ય, નિર્બળ, દીન, કંગાલ માની પોતાના અસ્તિત્વ માટે તથા પોતાના આનંદ અને સુખ માટે નિરતંર જડનો જ આભારી બન્યો રહે છે.

સંયોગો નિત્ય નથી. સંયોગ વિયોગસ્વરૂપ હોય છે, માટે જ જ્ઞાનીઓ સંયોગોને ઇચ્છતા નથી તેમજ વિયોગને પણ ઇચ્છતા નથી; પરન્તુ સ્વરૂપરમણુતાની સ્પૃહાવાળા હોય છે અને તેથી કરીને સમતા, શાંતિ અને આનંદના ભોગી હોય છે. સંબંધોને આત્મા નથી જોડતો કારણ કે તે સ્વરૂપે હંમેશા સંબંધ વિનાનો હોય છે. આત્માઓના સંબંધો થતા નથી પણ જડના સંબંધ થાય છે. જડાસક્ત જડાધીન આત્મા માની લે છે કે મારો અમુક આત્માની સાથે સંબંધ થયો છે પણ તે એક પ્રકારની મિથ્યા ભ્રાન્તિ જ છે અને તે મિથ્યા ભ્રાન્તિને લઇને અત્યંત દુઃખ મનાવે છે. વાસ્તવિકમાં દુઃખ, સંયોગ, સંબંધ, ઈષ્ટ, અનિષ્ટ આદિ કોઇ પણ ભાવો સંસારમાં સ્વરૂપે સત્ય કે નિત્ય નથી; માટે વિચારક ડાહ્યા તત્ત્વજ્ઞ આત્માઓએ વસ્તુસ્થિતિને લક્ષમાં રાખીને આત્મસ્વરૂપ, સમતા, શાંતિ તથા આનંદાદિથી પરાઙ્મુખ ન થતાં સ્વરૂપના વિકાસના માર્ગે વળવું જોઇએ.

નિરાશામાં મુક્તિ.

(૪૧)

માનવ જીવનનો ભોક્તા અને માનવદેહમાં વસનારો આત્મા સુખ, શાંતિ, આનંદ અને નિર્દોષતાનો ઇચ્છુક હમેશાં અન્યો રહે છે, અને તેને મેળવવા નિરંતર પ્રયત્ન કરે છે. સુખ એટલે આરોગ્યતા, અશાતાવેદનીયનો અભાવ. શાંતિ એટલે ચિત્તની નિર્વિકલ્પતા–કલેશનો અભાવ–મોહનીયનો ઉપશમભાવ. આનંદ એટલે નિર્મળ જ્ઞાન, વસ્તુનું યથાર્થ જાણવું. દર્શનમોહનીય ગર્ભિત જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ, અને નિર્દોષતા એટલે અપુનર્જન્મતા, અપુનરાવૃત્તિપદની પ્રાપ્તિ, આયુષ્ય કર્મનો અપુનર્બંધકપણે સર્વથા અભાવ. વિચાર કરતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે કર્માધીનપણું આત્માને માટે અત્યંત અનિષ્ટ કરવાવાળું છે. કર્મ અદૃષ્ટપણે આત્માના સુખ, શાંતિ અને આનંદાદિ ઈષ્ટ પદાર્થો ઉપર પ્રહાર કર્યે જાય છે, જેથી કરી આત્મા સુખાદિ વસ્તુઓથી નખળો રહે છે.

કર્મની આધીનતા–કર્મની ગુલામી અજ્ઞાની આત્માને અત્યંત પ્રિય લાગે છે; કારણ કે અજ્ઞાની આત્માને અનાદિ કાળના અભ્યાસને લઇને કર્મજન્ય સુખની જ અભિરુચિ હોય છે, અને તેથી

કરીને જ જડ જગતની ક્ષણિક સૌંદર્યતા જોઈને તેને પ્રાપ્ત કરવા પુન્ય કર્મનો ઉપાસક બને છે, પણ કર્મમાત્રનો સંહારક બનતો નથી. અને પરિણામે કર્મની પરતંત્રતામાંથી મુક્ત થવાને બદલે વધુ ને વધુ બધ્ધ થતો જાય છે, જેથી કરીને નિરંતર કર્મનો દાસ બનતો રહે છે.

મોહનાં મોળાં ફરી વળી દુઃખના દરિયામાં ડૂબેલું જગત સુખ-શાંતિ માટે ફાંફાં મારી રહ્યું છે, દુઃખગર્ભિત દુ ખપૂર્ણ સુખમાં સંતોષ માની કિમતી માનવજીવન ખોઈ રહ્યું છે; પણ અશાતાવેદનીયનો અંત લાવ્યા સિવાય સુખ કયાંથી ? અને તે અશાતાનો અંત જીવ માત્રને શાતા પહોંચાડ્યા સિવાય કયાંથી ? ધન, બાગ, બંગલા, કુટુંબ પરિવાર, સંપત્તિ આદિ શાતા સિવાય બધું ય નકામું. શાતા તથા અશાતાના અંત સિવાય અર્થાત્ વેદનીય કર્મના ક્ષય સિવાય સાચી અને શાસ્વતી શાતા કયાંથી ?

દ્રવ્ય આરોગ્યતા તો અનંતી વખત મળી, શાતાવેદનીય તો ઘણી વખત ભોગવી પણ ભાવ આરોગ્યતા વેદનીય કર્મના અભાવરૂપ આત્માએ આજ સુધીમાં પ્રાપ્ત કરી નથી, અને તેથી કરીને જ આત્માના સુખની દરિદ્રતા ટળી નથી. બદલાની આશા રાખ્યા સિવાય જીવને શાતા આપનાર ભાવ-આરોગ્યતા મેળવી શકે છે અને આશાવાદી દ્રવ્ય આરોગ્યતા મેળવે છે. જગત આશા-વાદી છે એટલે જ અંતે નિરાશ બને છે. આશાવાદીની નિરાશા આત્મવિકાસ કરવાની હોય છે. નિરાશા તે જ વૈરાગ્યભાવ છે. આ નિરાશા સમજ-જ્ઞાનપૂર્વક અને અજ્ઞાનપૂર્વક હોય છે. જ્ઞાનપૂર્વક નિરાશા વસ્તુના યથાર્થ જ્ઞાનથી થાય છે અને અજ્ઞાનપૂર્વક નિરાશા ઈચ્છિત પૌદ્ગલિક વસ્તુ ન મળવાથી

થાય છે. અજ્ઞાનજનિત નિરાશા અને જ્ઞાનજન્ય નિરાશા બન્ને વૈરાગ્ય ભાવના છે.

અજ્ઞાનજન્ય નિરાશા દુઃખગર્ભિત વૈરાગ્ય અને જ્ઞાનજન્ય નિરાશા જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. બન્ને પ્રકારના વૈરાગ્યના અંગે ત્યાગ પણ દુઃખગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ બે પ્રકારના હોય છે. દુઃખગર્ભિત વૈરાગ્યથી કરવામાં આવતો ત્યાગ આશાગર્ભિત હોય છે અને તે જડાસક્ત જીવોમાં પરિવર્તન પામતો નથી; કારણ કે પૌદ્ગલિક સુખોની ઇચ્છા હોવા છતાં ન મળવાથી નિરાશ બનીને ભાવીમાં મેળવવાની આશાથી કરવામાં આવે છે, જેથી કરી પુન્ય પ્રાપ્ત કરીને પોતાની આશા સફળ કરે છે. દુઃખગર્ભિત વૈરાગ્યજન્ય ત્યાગધર્મ અંગીકાર કરવાવાળાને જો મોહનીય કર્મનો ક્ષયોપશમ થઈ જાય અને જ્ઞાન પ્રાપ્ત થાય તો તે દુઃખગર્ભિત વૈરાગ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પણ થઈ શકે છે, અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યજન્ય ત્યાગથી આત્મવિકાસ પણ કરી શકે છે. ક્ષણિક, અનિત્ય, અસાર આદિ વસ્તુના યથાર્થ જ્ઞાનથી થવાવાળી નિરાશા સાચો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. આ નિરાશા આશાજન્ય નિરાશા ન હોવાથી આત્મવિકાસની અંગભૂત છે–યથાર્થ આત્મસ્વરૂપનો અંશ છે. આ નિરાશા સર્વ કર્મનો સંહાર કરી આત્માને પૂર્ણ સ્વતંત્ર બનાવવાવાળી છે અને તે નિરાશાજન્ય નિરાશા હોવાથી આત્મસ્વરૂપ વિરક્તભાવને જ કહેવામાં આવે છે.

જગતનો આશાવાદ એટલે મોહનું સામ્રાજ્ય-મોહની સત્તા. પરિવર્તનશીલ સંસારનો કોઈ પણ સભ્ય જ્યાં સુધી

આશાનો આશ્રિત છે ત્યાં સુધી મોહના નિયમનું લેશ માત્ર પણ ઉલ્લંઘન કરી શકતો નથી; કારણ કે ઉલ્લંઘન કરવાથી મોહનીયની કઠિનમાં કઠિન શિક્ષાને પાત્ર બને છે. જે સભ્ય સબળ બની આશામુક્ત થાય છે અને મોહના નિયમનું ઉલ્લંઘન કરીને બંડ ઉઠાવે છે તેને પ્રથમ તો મોહના તરફથી અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે, પરંતુ આશામુક્ત હોવાથી પરિણામે મોહ ઉપર વિજય મેળવી સંપૂર્ણ આત્મશક્તિનો વિકાસ કરી શકે છે, જેથી કરી સાચી સુખશાંતિ અને આનંદનો ભોક્તા બને છે. આશાનો આશ્રિત કોઈ પણ કાળે મોહ ઉપર વિજય મેળવી શકતો નથી; કારણ કે જેની આશા કરવામાં આવે છે તે વસ્તુ જડનો વિકાર છે અને આશા મોહનો વિકાર છે. બન્ને જડ હોવાથી અને જડ વસ્તુઓની પ્રાપ્તિ કર્માધીન હોવાથી આત્માને નિરંતર જડની સેવા કરવી પડે છે. જ્યાં સુધી આત્મા સેવક છે ત્યાં સુધી નિર્બળતાના અંગે કર્મ ઉપર વિજય મેળવવો ઘણો જ કઠિન છે, માટે જ મોહકર્મ ઉપર વિજય મેળવનાર જડ તથા જડના વિકારો પાસેથી સુખ આદિની આશાથી સર્વથા રહિત થવું જોઇએ.

જડ સંસારથી નિરાશ રહેનાર જ શાંતિ મેળવી શકે છે. ચિત્તની શાંતિ નિર્વિકલ્પતાની ઉત્પાદક નિરાશા જ છે. આશાબદ્ધ આત્માના ચિત્તમાં જડ સંસારના પદાર્થોમાં ઇષ્ટ અનિષ્ટની ભાવના હોવાથી અનેક પ્રકારના સંકલ્પવિકલ્પરૂપ તરંગોનું ઉત્થાન નિરંતર થયા જ કરે છે કે જેને અસમાધિ–અશાંતિ કહેવામાં આવે છે. જ્યાં સુધી આશાનું વાવાઝોડું શાંત થાય નહિ ત્યાં સુધી સંકલ્પવિકલ્પના તરંગોમાં સ્થિરતા આવી શકતી નથી અને જ્યાં સુધી સંકલ્પના તરંગોમાં અસ્થિરતા છે

ત્યાં સુધી શાંતિ કે સમાધિ નથી, ત્યાં સુધી આનંદસ્વરૂપ આત્મા નિર્દોષ નિર્વિકાર બની શકતો નથી અને નિર્દોષ બન્યા સિવાય આત્માને પૂર્ણ સ્વતંત્રતા મળી શકતી નથી. પૂર્ણ સ્વતંત્ર બન્યા સિવાય અપુનરાવૃત્તિને સ્થાન હોઇ શકતું નથી અને ભવભ્રમણ ટળી શકતું નથી.

સાધન ધર્મ નથી.

(૪૨)

સંસારવાસી જીવો ઉપર મોહનીયના રાગ અને દ્વેષ બન્ને દુઃખોએ એટલી બધી સત્તા જમાવી છે કે જેને જોઇને ઉપશમભાવવાળા પણ આશ્ચર્ય પામે છે. મને વિચાર કરતાં હજુ સમજાતું નથી કે સંસારવાસીઓ ધર્મના નામે આપસમાં દ્વેષ તથા વૈરવિરોધનો આદર શા માટે કરતા હશે ? એકબીજાને અળખામણા તથા અપ્રિય કેમ લાગતા હશે ? જીવ-માત્ર એક જ ધર્મવાળા છે. કોઇનો પણ ધર્મ જુદો નથી. જુદા ધર્મવાળું તો જડ છે અને તે જ વિધર્મી છે, તો પછી જીવો ધર્મમાં શા માટે ભેદ પાડતા હશે ?

અણજાણ માણસો તો પરમાત્માના માણસોને લઇને જુદા જુદા ધર્મ સ્થાપન કરે છે. અમુક વૈષ્ણવધર્મી છે. અમુક શિવધર્મી છે. અમુક જિનધર્મી છે. પરમાત્માના નામોને લઇને આત્મ-ધર્મમાં કેવી રીતે ભેદ પાડ્યા તે જ આશ્ચર્યજનક છે !

ખરું જોતાં તો આત્મધર્મમાં કોઇપણ પ્રકારનો ભેદ નથી. અનેક આકૃતિ તથા પ્રકૃતિમાં જણાતા જીવમાત્ર સ્વરૂપે એક સરખાં જ છે. ગમે તે દેહમાં જીવો કેમ ન રહેતા હોય પણ

જ્ઞાન, દર્શન તથા પ્રદેશમાં જરા ય ભેદ નથી.

આત્મધર્મમાં અભેદદૃષ્ટિ થયા સિવાય રાગ-દ્વેષ ઓછા થતા નથી અને રાગ-દ્વેષ ઓછા થયા સિવાય આત્મવિકાસ થતો નથી. બધા ય પોતાને સમ્યગ્દૃષ્ટિ માને, પણ વાસ્તવિક સ્વરૂપમાં અભેદદૃષ્ટિ થયા સિવાય સમ્યક્ત્વ કયાંથી ? આત્મધર્મમાં ભેદબુદ્ધિ અને જડધર્મમાં અભેદબુદ્ધિ તે કાંઇ સમ્યક્ત્વ કહી શકાય ? અને જ્યાં સમ્યક્ત્વ નથી ત્યાં જ્ઞાન કયાંથી હોય ? અને જ્ઞાન વગર વિકાસ કયાંથી ?

સાધનને ધર્મ માનનારાઓ સાધનને દૃષ્ટિમાં રાખીને આત્મધર્મમાં ભેદ પાડે છે, પણ સાધન માત્ર જડ છે. તે સાધ્ય ચૈતન્યના ધર્મમાં કેવી રીતે ભેદ પાડી શકે ? નામ, સ્થાપના, પુસ્તક, માળા, દેહક્રિયા, લેખ બધાં ય જડને જ્ઞાન-દર્શન-ચારિત્રધર્મમાં પરિવર્તન કેવી રીતે કરી શકે ? અનાદિ કાળથી આત્માના પ્રદેશોમાં ઓતપ્રોત થઇને રહેલું કર્મ-જડ આત્મધર્મમાં પરિવર્તન કરી શક્યું નથી. તો પછી કોઇકિ વખત જ સંબંધમાં આવનાર જડ આત્મધર્મને કેવી રીતે ફેરવી શકે ?

સાબુ કપડાના તાંતણા ઉપર રહેલા મેલને દૂર કરી શકે, પણ તાંતણાઓને લાલ, પીળા કે કાળા ન બનાવી શકે. જડ સાધનો આત્મપ્રદેશ ઉપર રહેલા કર્મજડને ખસેડી શકે પણ આત્મપ્રદેશોને જ્ઞાન, દર્શનની તારતમ્યતા કે વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા ન બનાવી શકે. અજ્ઞાનતાથી જડ સાધનોને વળગી રહી વૈર-વિરોધનો આશ્રિત બની આત્મધર્મમાં ભેદદૃષ્ટિ રાખનાર આત્મદ્રોહી હોવાથી આત્મવિકાસનો અનધિકારી છે.

મનુષ્ય માત્ર જાણે છે કે માણસ અન્ન ખાઇને જીવે છે. માણસને જીવવાનું સાધન અન્નપાણી છે, છતાં કોઈ માટી

તથા પત્થરા જેવી વસ્તુને ખોરાક તરીકે વાપરી જીવવાનું સાધન બનાવે તો તે સર્વથા અનુચિત જ સાધન કહી શકાય અને જીવવાને માટે કોઇપણ માણસ તેનો ઉપયોગ ન કરે તો પછી આત્મવિકાસના સાધન સમ્યગ્જ્ઞાન, સમતા, શાંતિ, સમભાવ, વૈરાગ્ય, ત્યાગ આદિ હોવા છતાં કોઇ રાગ, દ્વેષ, વૈર, વિરોધ, અદેખાઇ, અસહિષ્ણુતા, ઘૃણા, તિરસ્કાર, નિર્દયતા આદિને આત્મધર્મના વિકાસના સાધન બતાવે, તો ડાહ્યા અને જ્ઞાની પુરુષો કેવી રીતે માની શકે ? અને આત્મવિકાસ માટે કેવી રીતે ભાન ભૂલી તન્મય બને ? વસ્તુ માત્રનું અસ્તિત્વ–હયાતી–હોવાપણું ધર્મને અવલંબીને રહેલું છે. સાકર મીઠી, કરિયાતું કડવું, મીઠું ખારું, આત્મા જ્ઞાનદર્શનવાળો, જડ વર્ણગંધ-રસાદિવાળું ઇત્યાદિ વસ્તુઓના ધર્મનું ખંડન–નાશ કરવા અનાદિ કાળથી અત્યાર સુધીમાં થઇ ગયેલી સમર્થ વ્યક્તિઓમાંથી કોઇ પણ સમર્થ થયું નથી, થશે પણ નહિ અને હયાતે પણ નથી કે જે ધર્મનું ખંડન કરી શકે. સમજાતું નથી કે અત્યારે એકબીજા એકબીજાના ધર્મનું ખંડન કેવી રીતે કરતા હશે. ધર્મનું ખંડન કરવા જતાં આત્માના પોતાના ધર્મને ઢાંકી દેવા ગાઢ કર્મના પડદાઓ બનાવી સમ્યગ્જ્ઞાનદર્શનાદિને ઢાંકી રહ્યા છે.

સાધનોનું પણ ખંડન થઇ શકતું નથી, કારણ કે સાધનો પણ પોતાના જ સ્વરૂપમાં રહેવાના. સાધન પણ વસ્તુ છે અને તે કથન માત્રથી નાશ થઇ શકતી નથી. સાધનોના ઉપયોગનું જો ખંડન નહિ પણ સાધનની સાધ્ય પ્રત્યેની અનુકૂળતા–પ્રતિકૂળતાનો વિચાર કરતા હોય તો કંઇક અંશે ઉચિત ગણાય, પણ ત્યાં કદાગ્રહ, મિથ્યા જ્ઞાન, મિથ્યા અભિમાન, રાગદ્વેષ, વૈરવિરોધ, ઘૃણાદિને અવકાશ જ નથી. જ્યાં આ વસ્તુઓ છે

ત્યાં વિચાર નથી પણ વિવાદ જ છે અને જ્યાં વિવાદ છે ત્યાં વિકાસ જ નહિ પણ વિનાશ તિરોભાવ જ છે.

પોતાનું માનેલું (મત) સાચું મનાવવા બુદ્ધિનો દુરુપયોગ કરી કુયુક્તિઓનો આશ્રય લ્યો અથવા તો પ્રામાણિક પુરુષોના વચનોને પોતાના વિચારોમાં જણાવો. વસ્તુનું ખંડન કરી શકવાના નથી તેમજ શ્રેય કે વિકાસ પણ કરી શકવાના નથી. વિકાસના વિરોધી મિથ્યા જ્ઞાનાદિનો આશ્રય લઈને અને અજ્ઞાનવશ થઈને ખોટી પ્રસિદ્ધિ તથા મોટાઈ મેળવવા સાધનોના ખંડનમંડનમાં ઉતરનાર, અજ્ઞાની જીવોથી પોતાનો સ્વાર્થ સાધી શકે ખરા, પણ જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં તો તેઓ દયાના જ પાત્ર છે.

સાચી ક્ષમા.

(૪૩)

ક્ષમા આત્માનો વિકાસ છે અને તે ક્રોધના (દ્વેષના) અભાવ સ્વરૂપ છે. ક્ષમા દયાનું અંગ છે અને તે દયાળુઓમાં અવશ્ય રહેલી હોય છે. ક્ષમા અહિંસાની જનની છે અને તે હિંસાઓથી વિરક્ત આત્માઓને વરેલી છે. પાપકર્મના ઉદયથી પ્રતિકૂળ સંયોગોને અવ્યાકુળપણે સહન કરવા તે ક્ષમા. શ્રી મહાવીર પ્રભુનો એક જ ઉદ્દેશ અને એક જ ઉપદેશ–સહન કરતાં શીખો. શ્રી મહાવીર પ્રભુનો સાચો ભક્ત ક્ષમા ન વિસારે. અહિંસાનો પરમ ઉપાસક ક્ષમાનો આશ્રિત બને. કર્મની નિર્જરાથી વિકાસ મેળવનારના યશોગાન સાંભળીને તથા પૂજા અને બહુમાન જોઈને અમર્ષ ન કરે તે ક્ષમાધારી. પુન્યકર્મના ઉદયથી વિલાસના સાધન તથા દુનિયામાં માનપ્રતિષ્ઠા અને મોટાઇ મેળવનારનું મનથી પણ અપમાન ન કરે તે ક્ષમાધારી. મોહના દાસત્વમાંથી મુક્તિ અપાવનારી ક્ષમા જ છે. પ્રભુએ ક્ષમાનો આદર કરી સ્વતંત્રતા મેળવી અને અનંત જ્ઞાન, અનંત જીવન, અનંત સુખ આદિ આત્મસ્વરૂપના અનન્ય ભોક્તા બન્યા અને અન્ય જીવોને પોતાના સર્વ સિધ્ધાંતોનું રહસ્ય ક્ષમા બતાવી.

અપરાધીને ક્ષમા માગવાની આવશ્યકતા છે. સ્વરૂપરમણુતા તે ક્ષમા. પરરૂપરમણુતા તે અપરાધ. સ્વરૂપમાં રમનાર કદી પણ અપરાધી બની શકતો નથી. મોહનો સેવક કદી પણ સ્વરૂપમાં રહી શકતો જ નથી અને પરરૂપમાં રમ્યા સિવાય મોહની સેવા થઈ શકતી જ નથી. જડ તથા જડના વિકારોને ભોગવવાની અભિલાષા તે જ પરરૂપરમણુતા. કિંમતી આભૂષણ અને વસ્ત્રથી દેહને શણગારવો, સારાં સારાં ખાનપાન દેહને અર્પણ કરવાં; બાગ, બંગલા, સ્ત્રી આદિનો ઉપભોગ કરવો વિગેરે વિગેરે મોહની સેવા અનેક પ્રકારે આત્માએ કરી રહ્યા છે.

જ્યાં સુધી વિરક્તભાવ નથી ત્યાં સુધી સાચી ક્ષમા-યાચના નથી. ક્ષમા સમભાવનું નામાંતર છે, સમ્યક્ત્વની સાચી વ્યાખ્યા છે. વિષમભાવ ક્ષમાનો પૂર્ણ વિરોધી છે. રાગ તથા દ્વેષનું સમપણું ન થાય ત્યાં સુધી આત્મા ક્ષમા આપી શકતો નથી, તેમજ ક્ષમા માગવાનો પણ અધિકાર નથી. ભૂલથી થયેલા અપરાધની ક્ષમા માગી શકાય, પણ પાંચે ઇંદ્રિયોના દાસ બનીને તેની સેવાને માટે જીવવું બધા ય જીવોને ગમે છે, મરવું કોઇને પણ પ્રિય નથી એમ જાણવા છતાં અનેક જીવોને જીવન રહિત બનાવીને પછી તેમની પાસે ક્ષમા માગવી, આ તે કેવા પ્રકારની ક્ષમા-યાચના કહેવાય તે કાંઇ સમજાતું નથી. વિષયાસક્તિ છોડવી નથી અને તેના અંગે જીવોનો સંહાર વધુ ને વધુ પ્રમાણમાં નિરંતર કરી અપરાધી બન્યે જવું છે અને પછી ચોરાશી લાખ જીવાયોનિ પાસે ક્ષમા માગવી છે. તે તે જીવો ક્ષમા કેવી રીતે આપી શકે ? આપણા ક્ષુદ્ર સ્વાર્થ માટે જો એક વખત બીજા જીવોના પ્રાણોનો નાશ કરી માફી માગી ફરી તેમના પ્રાણોનો નાશ ન કરીએ તો સાચી ક્ષમા માગી

કહેવાય અને તે ક્ષમા પણ આપી શકે, પણ વારંવાર તેમના પ્રાણોનો નાશ કરી વારંવાર માફી માગીએ તો તે જીવો માફી ન આપી શકે. ખરી રીતે તો આપણે પોતાના આત્માની ક્ષમા માગવી જોઇએ; કારણ કે આપણે મોહની આજ્ઞા માથે ધરીને આત્માને અનેક વખત મારી અપરાધી થયા છીએ, તો હવે આત્માની પાસે કરેલા અપરાધોની માફી માગી આગળના માટે મોહની સેવા છોડી દઇને આત્માને અનેક મૃત્યુમાંથી બચાવવો અને જડ તથા જડના વિકારોથી વિરક્ત બનીને આત્માને દુર્ગતિના દુઃખોમાંથી ઉગારવો. ચોરાશી લાખ યોનિમાં ઉત્પન્ન થયેલા જીવોની પાસે આપણે જે માફી માગીએ છીએ તે માફી આપતાં પહેલાં તે જીવો આપણી પાસે ફરીને ન મારવાની પ્રતિજ્ઞા કરાવે છે. આપણે જો ફરીને તે જીવોને મારીશું નહિ તો જ આપણને માફી આપશે. આ પરિસ્થિતિને લઇને જ શ્રી વીરપ્રભુ તથા અન્ય મહાપુરુષોએ સર્વ જીવો પાસે પોતાના અપરાધોની માફી માગી, વિષયાસક્તિપણાથી વિરક્ત બની ફરી તે જીવોને ન મારવાની પ્રતિજ્ઞા કરી અને સ્વરૂપરમણતારૂપ ક્ષમાગુણ પ્રગટ કર્યો.

હાલમાં ચાલતી ક્ષમા માગવાની પ્રથામાં પણ ભાવીમાં અપરાધી ન બનવાની કાળજી રાખીને જો ક્ષમા માગવામાં આવે તો પણ કંઈક અંશે ઠીક કહેવાય. મનુષ્યો પાસે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા માગવી અને આપવી. બાકીના સંસારવાસી જીવોને શુદ્ધ ભાવથી માફી આપવી અને માગવી. આપણે સર્વ જીવોને માફી આપીને વૈરવિરોધથી રહિત થઈ જવું. બીજા જીવો આપે તો બહુ સારું અને ન આપે તો તેઓ અપરાધી કહી શકાય. માફી આપવામાં આપણે સ્વતંત્ર છીએ તો પણ લેવામાં નથી માટે આપણે પોતાના તરફથી સર્વ જીવોને માફી આપી જ દેવી.

વિકાસીના વિયોગીને આશ્વાસન.

(૪૪)

આત્મવિકાસીને પ્રકાશની પરાકાષ્ઠા પ્રાપ્ત કરવાને દેહાદિ સાધનોનું પરિવર્ત્તન કરવાની આવશ્યકતા હોય છે. નિર્બળ તથા જીર્ણ સાધનોને છોડ્યા સિવાય વિકાસની વૃદ્ધિના સબળ સાધનો મળી શકે નહિ માટે જ વિકાસના વિઘ્નભૂત સાધનોનો પરિત્યાગ કરીને અનુકૂળ સબળ સાધનો મેળવવા આપણી દૃષ્ટિથી દૂર થનાર મહાનુભાવ માટે આપણે દિલગીર ન થતાં ખુશી થવું જોઈએ. કદાચ આપણે આપણા કોઈ પણ પ્રકારના સ્વાર્થ અંગે વિકાસોત્સાહીના વિકાસવિરોધી સાધનોના પરિવર્તનમાં દિલગીર થઈએ, શોક કરીએ પણ તે આપણી એક અજ્ઞાનતા છે.

સબળ તથા અનુકૂળ સાધનવિહીન વિકાસી કે જે એક પ્રકારનો જ અભિલાષી છે, છતાં સાધનની નિર્બળતાથી ઇચ્છિત સાધવા અસમર્થ બનીને અસફળ જીવનમાં જીવવા ઉદાસીન બનેલો છે. તેને નિર્બળ જીવનમાં જીવવા આપણો આગ્રહ તેના અનિષ્ટનો જ ઉત્પાદક બને છે.

ઉચ્ચતમ સ્થાન મેળવનાર જીવનવિકાસીનું મૃત્યુ એટલે

મહોત્સવ-જ્ઞાન, દર્શન અને આનંદનો નિરવધિ. વિકાસની તારતમ્યતાથી વિભૂતિમાં તારતમ્યતા રહે ખરી પણ સર્વથા વિભૂતિનો અભાવ હોય નહિ. જડાસક્ત, ઈન્દ્રિયોના ગુલામ વિલાસીઓને મૃત્યુ અત્યંત ભયકારક છે-દુઃખની નિરવધિ દેખાડનારું છે. આવા જીવોના મૃત્યુ માટે મહાશોક કરવાની આવશ્યકતા રહે છે. એવા જીવોની દયા ખાઈને મૃત્યુના મોંમાંથી બચાવવાની ચેષ્ટા કરવી જોઇએ. બાહ્યથી અનેક પ્રકારના ઉપચારો કરીને મૃત્યુને હરાવવા સતત તેમજ સખત પ્રયત્ન કરવા જોઇએ.

અંતઃકરણથી વાસ્તવિક રીતે દેહગેહાદિનો ત્યાગ કરનાર વિકાસી, જનતાની દૃષ્ટિએ ત્યાગ કરે તેમાં શોકને સ્થાન હોય જ નહિ; કારણ કે જે વસ્તુઓના ત્યાગને માટે આપણે શોક કરીએ છીએ તે વસ્તુઓ તો ચિરસમયથી તેણે ત્યાગી જ હતી. એ ત્યાગ સ્થૂલ દૃષ્ટિવાળા આપણને દૃષ્ટિગોચર થતો નહોતો. તે મૃત્યુની અવસ્થામાં એટલે સ્થૂલ દૃષ્ટિવાળાને સાક્ષાત્કાર થવાવાળી અવસ્થામાં દૃષ્ટિગોચર થયો તેથી શું આપણે શોક કરવો ઉચિત છે? વિલાસીનું ભાવી ભયવાળું હોવાથી તેના આત્માને અધઃપાતને લક્ષ્યમાં રાખીને દયાથી દિલ દુખાય તો તે યોગ્ય જ છે; કારણ કે એવા આત્માઓ કે જેઓ ભવાભિનંદીપણે માનવદેહમાં વિલાસ કરી રહ્યા હોય તેમનો માનવદેહ છૂટી જવાથી વિકાસની દરિદ્રતાને લઇને વિવિધ પ્રકારની અનેક યાતનાઓના ભાગી બની પોતાની સાચી સંપત્તિનો વિનાશ કરવાવાળા હોય છે. એટલે એમના મૃત્યુસમયે આપણને અવશ્ય ખેદ થાય જ છે પણ વિકાસી માટે તો કોઇને પણ ખેદ થયો નથી તેમ થતો પણ નથી અને થાય તો ઉચિત નથી.

વિકાસના અભિલાષીને વિકાસી આત્માનો વિયોગ કાંઈક સાલે

ખરો પણ તે વિકાસીનો સંયોગ ભાગ્યાનુસાર થાય છે ને રહે છે. ભાગ્યની ન્યૂનતા થવાથી પોતાને સાચો લાભ આપનાર વ્યક્તિનો વિયોગ અવશ્ય થાય છે.

સંયોગ માત્ર વિયોગવાળા હોય છે. અનાદિ કાળથી જડ તથા ચૈતન્યના સંયોગ-વિયોગ ચાલ્યા આવે છે. આપણે આપણા એક જીવનમાં કેટલા સંયોગ-વિયોગ અનુભવ્યા છે તેને આપણે સારી રીતે જાણીએ છીએ, છતાં જો આપણે સમભાવ છોડીને હર્ષ-શોકરૂપ વિષમભાવમાં ઉતરી જઇએ તો પછી આપણામાં અને વિકળમાં કાંઈ પણ તફાવત રહેતો નથી, માટે હંમેશાં સમભાવ રાખવાની જરૂરત છે. આ સમભાવની ટેવ પાડવાની અત્યંત આવશ્યકતા છે. આપણે મરનારની પ્રવૃત્તિઓનું અનુમોદન તેમજ અનુકરણ કરવું જોઇએ. તેમના ગુણો સંભારીને પ્રમોદ ભાવનાવાળું થવું જોઇએ. તેઓ પોતાના વિકાસની વૃદ્ધિ કરી સંપૂર્ણ પ્રકાશ મેળવો એવી અંતઃકરણની શુભેચ્છાવાળા થવું જોઇએ. આત્મા અમર છે. કોઈ કાળે આત્મા અનાત્મા થતો નથી. આત્મા અનાત્મા થઇ જાય અને અનાત્મા આત્મા થઈ જાય તો સંસારની અવ્યવસ્થા થઇ જાય. આત્માનો વિનાશ એટલે જડસ્વરૂપ આકૃતિ તથા પ્રકૃતિનું પરિવર્તન થવું. પરિવર્તન જડનું થાય છે, જેને આપણે જન્મ-મરણ કહીએ છીએ. આત્મા તો જન્મતો ય નથી તેમ મરતો ય નથી. આપણે ચર્મચક્ષુ છીએ એટલે આપણને અજાયબી લાગે. ચર્મચક્ષુવાળાને જડ જગતની ઇંદ્રજાળ જ દૃષ્ટિગોચર થાય છે. ચર્મચક્ષુ વાસ્તવિક વસ્તુને જોઈ શક્તા નથી, જડના અનેક પ્રપંચોને જ જોઇ શકે છે.

જ્ઞાનચક્ષુ વાસ્તવિક સાચી વસ્તુને જોઇ શકે છે. આત્મા અદ્‌ભુત વૈભવને નિહાળી શકે છે. સંસારમાં સતને સારી રીતે જાણી શકે છે માટે જ્ઞાનચક્ષુ સર્વોત્કૃષ્ટ છે.

જ્ઞાનચક્ષુવાળો જ્ઞાની અને ચર્મચક્ષુવાળો અજ્ઞાની. આપણે જ્ઞાની બનવું છે માટે ચર્મચક્ષુ ન બનતા જ્ઞાનચક્ષુ બનવું જોઇએ. જેઓ જ્ઞાનચક્ષુ છે તેઓ આત્મિક સાચી વસ્તુ અને સંપત્તિના હકદાર છે અને જેઓ ચર્મચક્ષુ છે તેઓ જડ સંપત્તિના અધિકારી છે. આપણને આત્મિક સંપત્તિ ઉપયોગી છે, સુખદ છે અને જડ સંપત્તિ દુઃખદ છે-આપણું અનિષ્ટ કરનારી છે. સંયોગ-વિયોગમાં હર્ષ-શોક ચર્મચક્ષુવાળાને જ થાય છે. જ્ઞાનચક્ષુવાળો સમભાવે રહે છે, કારણ કે જ્ઞાનચક્ષુવાળો જાણે છે કે સંયોગ-વિયોગ પરવસ્તુનો થાય છે. પોતાની વસ્તુમાં સંયોગ-વિયોગને અવકાશ જ નથી, માટે જ જ્ઞાનચક્ષુ સમભાવી અને ચર્મચક્ષુ વિષમભાવી હોય છે. આપણે અત્યારે માનવજીવનનો ઉપયોગ કરી રહ્યા છીએ. માનવજીવન ઘણું જ પવિત્ર છે. માનવજીવન સર્વોત્કૃષ્ટ ગણાય છે. માનવજીવનમાં સંપૂર્ણ પ્રકાશ રહેલો છે. માનવજીવનમાં જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ અમૂલ્ય ત્રણ રત્નો રહેલાં છે.

આવા ઉત્તમ જીવનમાં રહીને અધમ વિચારોથી, અધમ વાસનાઓથી, આપણે પોતાને જ મલિન બનાવીએ છીએ. આપણે પોતે જ પોતાના લાભને જતો કરીએ, આપણે અધમ જીવન જીવી ઉત્તમ જીવનને નષ્ટ-ભ્રષ્ટ કરીએ તો તે એક આપણી જડની ગુલામી સિવાય બીજું કાંઈ જ નથી, માટે ટૂંકા જીવનમાં જીવી આપણે આપણી ઉન્નતિ-વિકાસ કરવા પ્રયત્ન કરવો જોઇએ. સહુના માટે એક જ રસ્તો છે. દેહાદિના પરિવર્તનો થવાના જ, માટે મરનાર વિકાસીના પરિવર્તન માટે શોક ન કરતાં પોતાનું વિકાસી ઉત્તમ પરિવર્તન થાય તેવી ભાવના તથા પ્રવૃત્તિનો આદર કરવો.

સંસારનું મૂળ.

(૪૫)

સંસાર ત્રણ પ્રકારના રાગથી સંગઠિત થયેલો છે, અથવા તો સંસારનું અસ્તિત્વ ત્રણ પ્રકારના રાગોએ જાળવી રાખ્યું છે. સંસાર તથા રાગ નિત્ય સંબંધવાળા છે. જ્યાં રાગ છે ત્યાં સંસાર છે અને જ્યાં સંસાર છે ત્યાં રાગ છે. રાગથી છૂટી જવાનું નામ મુક્તિ છે–આત્મવિકાસ છે. જેટલે અંશે રાગ ઓછો એટલે અંશે આત્મા સ્વતંત્રતા મેળવી શકે છે. સંપૂર્ણ રાગના અભાવમાં આત્મા સંપૂર્ણ સ્વતંત્રતા મેળવે છે, જેને મુક્તિ કહેવામાં આવે છે અર્થાત્ સંપૂર્ણ સ્વતંત્રતાનું નામ જ મુક્તિ છે. જ્યાં સુધી આત્મા કર્માધીન રૂપ પરતંત્રતા ભોગવે છે ત્યાં સુધી સાચું સુખ પ્રાપ્ત કરી શકતો નથી.

જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે, જ્યાં દ્વેષ છે ત્યાં રાગ છે. સંસારમાં બે રાશીઓ હોય છે. પૂર્વપુરુષો પણ આ જ પ્રમાણે કહે છે. જો સંસારમાં પ્રતિપક્ષી વસ્તુ ન હોય તો સંસારનો અભાવ જ થઇ જાય. આ વાત જો આપણે બુદ્ધિપૂર્વક વિચારીએ તો આપણને પણ બે રાશીઓના પ્રત્યક્ષ અનુભવ થાય છે. જેમકે

દિવસ અને રાત, સુખ-દુઃખ, સોનું-પિત્તળ પ્રિય-અપ્રિય, શત્રુ-મિત્ર, પંડિત-મૂર્ખ, સારું-નઠારું, સ્ત્રી-પુરુષ, સાધુ-ગૃહસ્થ, ચોર-શાહુકાર, સંસાર-મોક્ષ વિગેરે વિગેરે. સંસારનું અસ્તિત્વ બે વસ્તુઓને જ આશ્રયીને જ છે. સંસારમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે જેનું વિરોધી તત્ત્વ બીજું ન હોય. એવી રીતે રાગ પણ દ્વેષની અપેક્ષાથી કહેવાય છે અને દ્વેષ રાગની અપેક્ષાથી કહેવાય છે. જડ ચૈતન્યની અપેક્ષાથી અને ચૈતન્ય જડની અપેક્ષાથી કહેવાય છે. જ્યાં રાગદ્વેષ છે ત્યાં દુઃખ છે, જ્યાં સુખ છે ત્યાં રાગદ્વેષ નથી. રાગ-દ્વેષનો દાસ આત્મા પોતાને સુખી માને છે પણ તે ભ્રાન્તિ છે. ઇંદ્રિયોના વિષયોની અનુકૂળતા મેળવીને આનંદ માનનાર રાગદ્વેષના દાસ છે. રાગદ્વેષના દાસનું માનસ ઘણું જ વિચિત્ર હોય છે. ક્ષણે ક્ષણે હર્ષ તથા શોકને અનુભવવાવાળું હોય છે. સુખ, શાંતિ, સમતા, પ્રશમ, મુક્તિ તથા આનંદ એક જ અર્થને જણાવવાવાળા શબ્દો છે અને તે રાગદ્વેષના સદ્‌ભાવમાં, રાગદ્વેષજન્ય વિકૃતિમાં, વિકૃત સ્વરૂપવાળા હોવાથી સાર્થક હોઇ શકતા નથી. વિકૃત વસ્તુને જ ઓળખાવવાવાળા હોય છે, જેથી કરીને આત્માને સાચા અર્થનું ભાન થતું નથી અને પોતે અજ્ઞાનીપણે, અણજાણપણે ખોટાને સાચું માનીને પોતાનું અત્યંત અહિત કરી બેસે છે. રાગદ્વેષની પ્રેરણાથી સાચાને ખોટું અને ખોટાને સાચું માને છે જેથી કરીને ધારેલું મેળવી શકતા નથી, ઇચ્છાઓની અવધિને પ્રાપ્ત કરી શકતા નથી.

વિશ્વવાસીઓ ઉપર સામ્રાજ્ય કરનાર રાગ ત્રણ રૂપને ધારણ કરવાવાળો છે. જેમ અનાદિ શુદ્ધ પરમાત્મા પોતાના બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ એમ ત્રણ રૂપ ધારણ કરીને જે વિશ્વની વ્યવસ્થા કરે છે તેમ રાગ પણ કામરાગ, સ્નેહરાગ તથા દૃષ્ટિ-

રાગરૂપ ત્રણ રૂપ ધારણ કરીને વિશ્વવાસીઓની વ્યસ્વથા કરે છે.

કામરાગ—ઇચ્છા તથા મદન એમ બે સ્વરૂપવાળો છે. સંસારમાં આત્માઓને જેટલી ઇચ્છાઓ થાય છે તેનું મૂળ કારણ કામરાગ છે. આ ઇચ્છાઓ જે આત્મામાં અધિકતર હોય છે ત્યાં કામરાગની પ્રબળતા હોય છે. મદનરૂપ કામરાગથી જીવાત્માઓને વિષય–અબ્રહ્મની ઇચ્છા થાય છે. મૈથુનની ઇચ્છા ઉત્પન્ન કરનાર મદનરૂપ કામરાગ છે. અને તે ઇચ્છારૂપ કામરાગથી કાંઈક જુદો પડે છે. સર્વથા ભિન્ન નથી. ઇચ્છા તથા મદન બંને કામરાગનાં અંગ છે. કામરાગ સ્વરૂપ છે.

સ્નેહરાગ—માતા, પિતા, પુત્ર, મિત્ર આદિ ઉપર થાય છે. આ રાગ પણ આત્માને પોતાનું હિત કરતાં અટકાવે છે. સ્નેહરાગ પ્રશસ્ત સારો છે તથા અપ્રશસ્ત ખોટો છે એમ બે પ્રકારનો હોય છે. પ્રશસ્ત સ્નેહરાગ દેવ, ગુરુ તથા ધર્મ ઉપર હોય છે. પ્રશસ્ત સ્નેહરાગ આત્મવિકાસમાં સાધનરૂપ બની શકે છે પણ અમુક હદ સુધી જ ઉપયોગી છે. પછી અનધિકારીપણે અહિતકર્તા થઇ પડે છે. ગૌતમને શ્રીવીર ઉપર પ્રશસ્ત રાગ હતો, ત્યાં સુધી કેવળજ્ઞાન ન થયું માટે અમુક હદ પછી પ્રશસ્ત રાગ પણ ઠીક નથી તો પછી અપ્રશસ્ત તો કયાંથી સારો હોઈ શકે ?

ત્રીજો દૃષ્ટિરાગ છે કે જેને દર્શનમોહ કહેવામાં આવે છે. તે ઘણો જ ખોટો છે. આત્માને અનંતાકાળથી સંસારમાં રઝળાવનાર દૃષ્ટિરાગ જ છે. આ દૃષ્ટિરાગ મિથ્યાત્વને જ કહેવામાં આવે છે. મિથ્યાત્વને વશ થઈને આત્મા સાચાને ખોટું અને ખોટાને સાચું માને છે. ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ મનાવનાર દૃષ્ટિરાગ જ છે. જીવને ઘણું ય કહેવામાં આવે કે સંસાર ખોટો

છે, છતાં સંસાર ઉપર તેમજ વિષયો ઉપર અનાદિ કાળનો દૃષ્ટિરાગ હોવાથી સંસાર તથા વિષયોનું બહુમાન કરે છે. પોતાનું અહિત કરીને પણ સંસાર તથા વિષયોનો પક્ષ કરે છે. ઉપરના બે રાગ છોડવા સહેલા છે પણ દૃષ્ટિરાગ છોડવો ઘણો જ મુશ્કેલ છે માટે જ રાગથી મુક્ત થવાનો પ્રયત્ન કરવાની જરૂરત છે.

સુખ, શાંતિ તથા નિવૃત્તિ, રાગના અભાવે જ મળી શકે છે. માટે સમભાવ કેળવવા હમેશાં અભ્યાસી બનવાની જરૂરત છે. વીતરાગના શિક્ષણાલયમાં બેસીને વીતરાગતાનું શિક્ષણ લેવાની સુખાભિલાષીઓને આવશ્યકતા છે. રાગી જ્ઞાની નથી થઈ શકતો. અજ્ઞાની નિઃસ્પૃહી નથી બની શકતો. જ્ઞાનીને આડંબરની આવશ્યકતા નથી. જ્યાં આડંબર તથા ડોળ છે ત્યાં દંભ છે. અને જ્યાં દંભ છે ત્યાં વસ્તુ નથી. વાગાડંબરમાં વધુ દંભ છે. સરળતામાં સ્પૃહા નથી. નિઃસ્પૃહીમાં દંભ નથી. જ્યાં દંભ નથી ત્યાં અવશ્ય સત્ય છે. જ્યાં સત્ય છે ત્યાં શાંતિ છે. જ્યાં શાંતિ છે ત્યાં સુખ છે અને જ્યાં સુખ છે ત્યાં આત્મવિકાસ છે.

મમતાની કૂંચી

(૪૬)

જ્ઞાની પુરુષોની દૃષ્ટિ બહાર રહીને આપણાથી કાંઇ કરી ન શકાય. હું કરું છું એવી ભાવના ઉઘાડું મિથ્યાભિમાન જ છે. પૂર્ણ સ્વતંત્ર થયા સિવાય સંસારી પ્રાણી કહી શકતો નથી કે હું કરું છું. અને પૂર્ણસ્વતંત્ર બન્યા પછી કારણોના અભાવે સ્ફુરણા પણ થતી નથી કે હું કરૂં છું. વિચારશીલ વિવેકી પુરુષો પણ વ્યવહારદૃષ્ટિથી મૂંઝાઇને બોલી ઊઠે છે કે અમુકે અમુક કર્યું તે ઠીક ન કર્યું. સમજી થઇને આમ કેમ કર્યું ? પણ પરાધીન સંસારી આત્માનું કાર્ય માત્ર ઉદયાધીન થયા કરે છે, માટે વિવેકી પુરુષોએ રોષ કે તોષ ન કરવો જોઈએ. આત્માના અહિતકારી કાર્ય માટે ભાવદયા અને હિતકારી કાર્ય માટે સંતોષના પરિણામ રાખવા જોઇએ. મને કેટલાક પૂછે છે કે તમે શા માટે આચાર્ય બન્યા ? હું કહું છું કે મારામાં કાંઈ પણ પરિવર્તન થયું નથી. તમે મારામાં કઈ વસ્તુ જોઇને પૂછો છો ? હું કાંઈપણ બન્યો જ નથી, બનવાની ઇચ્છા પણ નથી અને બનીશ પણ નહિ; કારણ કે મને બનાવટ પસંદ

નથી. કર્મના વિકારો થયા કરે તેમાં દ્રષ્ટા તરીકે રહેવાની ઇચ્છા-વાળો છું. કંઈક અંશે સફળ પણ થયો છું. મને દૃઢ શ્રધ્ધા છે કે મારામાં કાંઇ પણ ફેરફાર થવાનો નથી, જેવા રૂપે અત્યારે છું તેવા જ રૂપે હતો અને તેવા જ રૂપે રહીશ. વ્યવ-હાર દૃષ્ટિએ વિકારી આત્મા વિકાર દૂર કરવા વિકારોનો ઉપ-યોગ કરે છે. કર્મના સંયોગથી છૂટી જવા જેટલા સાધનો ઉપયોગમાં લેવાય છે તે સઘળાયે કર્મના વિકારો જ છે. કાંટાને કાઢવા કાંટાનો ઉપયોગ થાય છે. પછી તે લોઢાનો કાંટો હોય કે બીજો હોય, પણ કાંટાને કાઢવા આકૃતિ કાંટા જેવી જ હોવી જોઇએ.

એક આંગળ પહોળી અને સેંકડો વાર લાંબી કચકડાની પટી ઉપર વળગેલા મસાલામાં અનેક આકૃતિઓ અદૃશ્ય તિરોભાવ-રૂપે રહેલી છે. તેનો લાઇટ અને મશીનના નિમિત્તથી આવિર્ભાવ થાય છે ત્યારે સ્થૂળ બુદ્ધિવાળાને સમજાય છે કે પટી ઉપર અનેક આકારો છે અને તે બાહ્ય વસ્તુઓના પટી ઉપર વળ-ગેલા મસાલામાં પડેલા પ્રતિબિંબો છે. જ્યારે પટી ઉપરથી મસાલો ઉખડી જઈ પટી શુદ્ધ થાય છે ત્યારે ગમે તેવા નિમિત્તો વિદ્યમાન હોવા છતાં કોઇપણ આકાર જણાતો નથી.

આ જ પ્રમાણે કચકડાની પટીરૂપ આત્મા ઉપર કર્મનો મસાલો વળગેલો છે. તેમાં અનેક આકારો તિરોભાવરૂપે રહેલા છે. તેનો બાહ્ય નિમિત્તથી આવિર્ભાવ થાય છે. તેને જોઇને અણજાણ આત્માના આકારો કલ્પે છે. ત્યારે જાણ પુરુષ કર્મના વિકારો માને છે. માટે જ જાણ પુરુષો મને પૂછતા નથી કે તમે આચાર્ય કેમ બન્યા. કારણ કે તેઓ જાણે છે કે આચાર્ય બનવું એ એક કર્મનો વિકાર છે. પુન્યકર્મનું કાર્ય છે અને

આચાર્યનો ગુણ મેળવવો તે આત્મસ્વરૂપ છે. આત્મા ઉપર જેટલી અનાવટ છે તે સઘળાયે કર્મના વિકારો છે. આત્મામાં વિકાર નથી પણ જડના (પુદ્‌ગલસ્કંધમાં) વિકાર છે. આત્મા અખંડ છે. જડ પુદ્‌ગલસ્કંધ ખંડ છે. કર્મથી મુકાયેલો આત્મા અન્ય અન્ય રૂપે થતો નથી, પણ આત્માથી વિખૂટાં પડેલાં કર્મ અન્ય અન્ય રૂપે થાય છે; કારણ કે અનંતાનંત પુદ્‌ગલ પરમાણુઓનો સમુદાય છે માટે જ અનેક પ્રકારના વિકૃત પરિણામને પામે છે.

વસ્તુના જાણ વિચારશીલ પુરુષોને હર્ષ, શોક કે આશ્ચર્ય થતાં નથી. વસ્તુસ્વરૂપનું જ્ઞાન થયા પછી વિવેકી પુરુષના સમતાસાગરમાં ક્ષોભ થતો નથી. અનેક પ્રકારના કર્મના વિકાર વિલાસોને જોઈને જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રત્યે તિરસ્કાર, અણગમો કે અરુચિ થતી નથી તેમજ રોષ કે તોષ પણ થતો નથી. કર્મોના વિકારો માટે કોઇ પણ પ્રકારના વિચારો જ ઉત્પન્ન થતા નથી. હમેશાં આત્મદશામાં મગ્ન રહીને દ્રષ્ટા તરીકે જ પોતાને માને છે. પોતાને વળગેલાં કર્મોના વિકારો માટે પણ સમભાવી ને દ્રષ્ટા હોય છે. ધન, સંપત્તિ કે અન્ય પ્રકારના ઈષ્ટ પુદ્‌ગલોના સંયોગરૂપ કર્મના વિકારોને ઇચ્છતા નથી. જે સમયે જેવા કર્મના વિકારથી જેવા પૌદ્‌ગલિક સંયોગો પ્રાપ્ત થાય છે તેને સમભાવે જોયા કરે છે. પણ ઈષ્ટ અનિષ્ટના સંયોગ-વિયોગ માટે વિચાર કે પ્રવૃત્તિ કરતાં નથી. ક્રોધ, લોભ, હાસ્ય, રતિ, અરતિ આદિ કર્મના વિકારોનો આત્મામાં વ્યવહારદૃષ્ટિએ આરોપ કરવામાં આવે છે, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ રહેલાં છે અને ક્રોધાદિ આત્માના સંયોગથી કર્મસંજ્ઞાને ધારણ કરવાવાળા જડના વિકારો છે. આત્મ-સંયોગથી ઉત્પન્ન થવાવાળા હોવાથી વ્યવહારમાં ક્રોધી આત્મા,

લોભી આત્મા વગેરેનો વ્યપદેશ કરવામાં આવે છે. ફ્રુટસૉલ્ટ અને પાણી આ બન્ને વસ્તુઓમાં ભિન્ન ભિન્ન સ્વભાવ રહેલા છે. પાણીનો સ્વભાવ શીતલ, મધુર અને પ્રવાહી. ફ્રુટસૉલ્ટનો સ્વભાવ ખાટો-ખારો અને ઉભરાઈ જવાના વિકારવાળો. જ્યાં સુધી ફ્રુટસૉલ્ટ પાણી સાથે ભળતું નથી ત્યાં સુધી તેમાં રહેલો વિકાર જણાતો નથી પણ પાણી સાથે ભળે છે કે તરત જ તેનો વિકૃત સ્વભાવ પ્રત્યક્ષ થાય છે. જેને જોઈને અણજાણ આ વિકારનો પાણીમાં આરોપ કરે છે અને જાણ પુરુષ સૉલ્ટનો સ્વભાવ માને છે. આ પ્રમાણે પાણી સદૃશ આત્મા અને સૉલ્ટ સદૃશ જડ જ્યાં સુધી જડનો આત્માની સાથે સંયોગ થતો નથી ત્યાં સુધી કર્મ કહેવાઇ વિકારભાવને પામતું નથી. જ્યારે આત્મા સાથે ભળે છે ત્યારે જ જડ કર્મસંજ્ઞાને ધારણ કરી અનેક પ્રકારના વિકારભાવને પામે છે. આ બધા ય વિકારો આત્મ-સંયોગી જડના છે, પણ જડસંયોગી આત્માના નથી. ઉભરાઇ જવાનો વિકાર પાણીસંયોગી સૉલ્ટનો છે, પણ સૉલ્ટસંયોગી પાણીનો નથી. વિશુદ્ધ આત્માની સાથે પુદ્ગલ સ્કંધોનો સંયોગ થવા છતાં પણ તેમાં વિકૃતિ થતી નથી.

વ્યવહારદૃષ્ટિ-બાહ્યદૃષ્ટિની અપેક્ષાએ જન્મથી લઇને મરણ પર્યંત આત્માની અનેક દશાઓ, સ્થિતિઓ, આચરણાઓ જાણ (વિકાસી) અને અણજાણ (વિલાસી) એમ બે પ્રકારે ઓળખાતા આત્માઓની અંતર અને બાહ્ય એમ બે પ્રકારની દૃષ્ટિથી ભિન્ન ભિન્ન રૂપે જણાય છે. જ્ઞાની પુરુષો દશા, સ્થિતિ અને આચરણાનું કારણભૂત કર્મને માની કર્મનો જ વાંક કાઢે છે. ત્યારે અજ્ઞાની આ બધી ય પરિસ્થિતિનું કારણ આત્માને માની આત્માનો વાંક કાઢે છે. આત્માના પક્ષપાતી

જ્ઞાની પુરુષો સ્વજાતીય આત્માને નિર્દોષ, નિર્વિકારી, સ્વસદૃશ માનીને અને જાણીને વ્યવહારદૃષ્ટિએ ઉચિત અનુચિત ગમે તેવી પ્રવૃત્તિમાં પડેલા આત્માની પ્રત્યે રાગ–દ્વેષ કરતા નથી. જેથી કરી તેમના હૃદયમાં સંક્લેશ કે સંક્ષોભ થતો નથી, ક્રોધાદિ તેમને કનડી શકતા નથી અને જીવમાત્ર ઉપર શત્રુભાવ ન રાખતાં મિત્રભાવ જ રાખે છે. આવી રીતે તેઓ આત્મવિશુદ્ધિ પુષ્કળ મેળવી શકે છે અને છેવટે સંપૂર્ણ આત્મવિકાસી બની શકે છે. કેવળ બાહ્યદૃષ્ટિ અજ્ઞાની જીવ આત્માની કર્મજન્ય પ્રવૃત્તિઓને જોઈને હર્ષ, શોક, આશ્ચર્ય, મમતા, ઈર્ષા, તિરસ્કાર આદિ અનેક પ્રકારની લાગણીઓને વશ થાય છે અને વધુ ને વધુ મોહનીય કર્મની સત્તાને આધીન થતા જાય છે. આવા જીવો દુઃખી જીવન ગાળે છે. નિરંતર અતિ રૌદ્રધ્યાનથી છૂટી શકતા નથી. આત્મિક સુખ તથા આત્મિક આનંદથી વંચિત રહે છે અને પરિણામે સંસારના પ્રવાહમાંથી બહાર નીકળી શકતા નથી. એક આત્માને નમસ્કાર કરવો અને એકનો તિરસ્કાર કરવો, એકને વખાણવો અને એકને વખોડવો, એકને મિત્ર માનવો અને બીજાને શત્રુ માનવો, આવી પ્રવૃત્તિ કરનારને વિચાર કરવાની આવશ્યકતા છે કે નમસ્કાર કરવાની કે તિરસ્કાર કરવાની મનોવૃત્તિ થવાનું શું કારણ છે? આવી મનોવૃત્તિ થવામાં બન્નેના શુભાશુભનો ઉદય હોય છે અને ઉદયાધીન આત્મા એકબીજાના નિમિત્તથી કર્મનો બંધ અને ક્ષય કરે છે. સંચિતનો ક્ષય કરે છે અને નવા બાંધે છે. આ બાબતમાં પણ જાણ અને અણજાણની પ્રવૃત્તિમાં ફરક પડે છે. જે જાણ હોય છે તે વધુ ક્ષય કરે છે અને અલ્પ બાંધે છે, અને અણજાણ હોય તે અલ્પ

ક્ષય કરે છે અને વધુ બાંધે છે. સંસારમાં લેણુદેણુનો વ્યવહાર વધુ જોવાય છે. આ લેણુદેણુથી અનેક જીવો પોતાની જીવન-યાત્રા સુગમતાથી પૂરી કરે છે. એક બીજાના નિમિત્તથી સંસારી જીવો પોતાની ગૃહસ્થ-નૌકાને કુશળતાથી વ્યવહાર-સાગરના કિનારે લઈ જાય છે. બંધ-ક્ષયની વ્યવસ્થા આ વ્યવસ્થાને કેટલેક અંશે મળતી આવે છે.

જેમ એક માણસને એક માણસે હજાર રૂપિયા આપ્યા હોય તો દેવાદાર માણસ પાંચસો આપી બે હજાર બીજા લઇ જાય તો તે કંઈ દેવામાંથી મુક્ત થયો ન કહેવાય પણ વધુ દેવાદાર બન્યો કહેવાય, કારણ કે દેવામાંથી પાંચસો આપ્યા છે, પણ પાંચસોના બદલે બે હજાર લીધા છે; માટે અઢીહજારનો દેવાદાર બન્યો. આવી રીતે આપે થોડું અને ઉપાડે ઘણું તે અલ્પ ક્ષય કરે અને વધુ બાંધે છે. જે માણસ પાંચસો આપે અને પચીશ ઉપાડે તે વધુ ક્ષય કરે છે અને અલ્પ બાંધે છે. અને જે માણસ હજારે હજાર ચૂકવી આપે છે તે કેવળ ક્ષય જ કરે છે; બાંધતો નથી. આ જ પ્રમાણે જ્ઞાની પુરુષો ઉદયને સમતા-પૂર્વક ભોગવી લે છે એટલે સર્વથા ક્ષય કરે છે. કંઇક અલ્પ સત્ત્વવાળાને કિંચિત્ વિકળતા થાય છે એટલે અલ્પ બાંધે છે અને વધુ ક્ષય કરે છે અને સત્ત્વહીન જીવો બહુ જ આર્ત્તરૌદ્ર-ધ્યાન કરવાથી વધુ બાંધે છે અને અલ્પ ક્ષય કરે છે.

નિરપરાધી બનો.

(૪૭)

પ્રતિક્ષણે અપરાધના આશ્રિત બનેલા સંસારવાસી સકર્મક આત્માને પ્રત્યેક જીવની ક્ષમાના અર્થી બનવાની જેટલી આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા અન્ય આત્માઓને ક્ષમા આપવાના અર્થી બનવાની છે. ક્ષમા આપવી અને લેવી જેટલી અગત્યની બાબત છે તેના કરતાં ક્રોડ ગણી અપરાધ ન કરવાની અગત્યની બાબત છે.

અપરાધ કરવો, પછી ક્ષમા માગવી, વળી અપરાધ કરવો, વળી પાછી ક્ષમા માગવી. તેના કરતાં અપરાધ ન કરવામાં લક્ષ આપવામાં આવે તો કેવું સારું ? મોહનો દાસ માનવી નિરપરાધી બની શકતો નથી. જ્યારે જ્યારે મોહની સેવામાં માનવી તલ્લીન બને છે ત્યારે ત્યારે અપરાધને કર્ત્તવ્ય માની મોહને રાજી રાખવા પોતાની જ્ઞાનદર્શનાદિ સંપત્તિના ભોગે પણ અનેક આત્માઓનો અપરાધી બને છે.

અણજાણપણે અપરાધ થયો હોય તો ક્ષમા આપવા લેવામાં શ્રેય થાય ખરું, પણ જાણીને અપરાધ કર્યો હોય તો કેવી રીતે

બીજા ક્ષમા આપી શકે ? અને જો બીજા ક્ષમા ન આપે તો વૈરથી મુક્ત થઇને આત્મશ્રેય કેવી રીતે સાધી શકે ? તે કાંઈ સમજી શકાતું નથી. ક્ષમા આપવા લેવાની પ્રથા કરતાં અપરાધ ન કરવાની પ્રથાનો પ્રચાર થયો હોત અથવા થાય તો ઉત્તમ છે. બીજી વાત એ છે કે મોહની આજ્ઞાથી જે માનવી અજ્ઞાનતાથી પાંચે ઇંદ્રિયોના વિષયોને પોષવા અનેક ક્ષુદ્ર જીવોનો સંહાર કરે છે કે જે જીવો ભોગીઓના ભોગના આનંદ માટે મરીને ક્ષુદ્ર જંતુઓપણે ઉત્પન્ન થયેલા છે અને જેમનામાં ક્ષમા આપવા જેટલું ભાન પણ નથી તથા કોણ મારી પાસે ક્ષમા માંગે છે તેનું જ્ઞાન પણ નથી, એવા પ્રકારના જીવો પાસેથી કેવી રીતે ક્ષમા મેળવવી ? કદાચ આપણે એમ માની લઇએ કે આપણા આત્માની કોમળતાથી તથા પશ્ચાત્તાપથી તે જીવો ક્ષમા ન આપે તો પણ આપણે અપરાધથી મુક્ત થઇને આપણું શ્રેય સાધી શકીએ છીએ. આમ બની શકે ખરૂં, પણ તે કયારે ? કે જો આપણે મોહના સામે બંડ ઉઠાવી પૂર્ણ સ્વતંત્રતા મેળવવા પ્રયત્નવાળા થયા હોઇએ તથા ફરીને અપરાધ કરવા બળતે હૃદયે પ્રેરાઇએ, ત્યારે તો આપણે કદાચ કરેલા અપરાધથી મુક્ત થઇએ. અર્થાત્ અપરાધની સજા ભોગવવા દુર્ગતિના મહેમાન ન થવું પડે, પણ જે જીવોનો અપરાધ કર્યો હોય તે જીવો જ્યાં સુધી ક્ષમા ન આપે ત્યાં સુધી તો તે જીવો પોતાનું વૈર લીધા વગર છોડવાના નથી અને જ્યાં સુધી તેઓ પોતાનું વૈર ન લઈ લે ત્યાં સુધી આપણે સંસારમાંથી મુક્તિ મેળવી શકતા નથી, છૂટી શકતા નથી. કદાચ આત્મવીર્યની પ્રબળતા થઇ જાય અને ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઇ જઇએ તો ભોગવવા લાયક કર્મોનો પણ ક્ષય કરીને આપણે બીજા જીવોના વૈર લીધા સિવાય પણ મુક્તિ

મેળવી શકીએ છીએ. નહિ તો ક્ષુદ્ર ગતિમાં ભ્રમણ કરતા વૈરી જીવો અવશ્ય પોતાનું વૈર લેવાના જ. સંસારમાં ભ્રમણ કરતાં કોઇ ને કોઈ ગતિમાં આપણને કનડવાના જ, દુઃખ આપવાના જ. સંસારની કોઇપણ ગતિમાં આપણે અવતર્યા હોઇએ અને પૂર્વ-જન્મોના વૈરીનો ભેટો થઈ જાય અને તે આપણને પ્રાણાંત કષ્ટ આપે ત્યારે આપણે આપણા સંચિત કર્મોનો દોષ કાઢી જો શાન્તપણે દુઃખ ભોગવી લઇએ ત્યારે તો આપણે વૈરમાંથી મુક્ત થઈ શકીએ, પણ જો તે વખતે આપણે તેને નિર્દય માની, તેના ઉપર દ્વેષ કરી તેને દુઃખ આપવા તૈયાર થઇએ, તેને દુઃખ દેવાના પરિણામ કરીએ તો પણ તે વૈરથી છૂટવાને બદલે તે વધારે મજબૂત થશે. આ બાબતમાં શ્રી પાર્શ્વનાથ સ્વામી અને કમઠના પાછલા ભવો વિચારીશું તો સ્પષ્ટ થઈ જશે. શ્રી પાર્શ્વ-નાથ સ્વામી ક્ષમા કરતા આવ્યા છે ત્યારે કમઠ દ્વેષ રાખી દુઃખ દેતો જ આવ્યો છે.

શ્રી પાર્શ્વનાથ સ્વામીએ ઘણા જન્મોમાં ક્ષમા આપી ત્યારે પોતે તીર્થંકરના ભવમાં અપરાધોથી છૂટયા. પોતે ક્ષમા આપતા રહ્યા અને ફરી નવો અપરાધ ન કર્યો ત્યારે જ તેઓ છૂટી શકયા. તો જેઓ બોલવા માત્રની ક્ષમા આપી નવા અપરાધ કરતા રહે, કદાચ સામેનો આત્મા ક્ષમા ન આપતાં પોતાનું વૈર લેવા તૈયાર થાય તો શાંતિપૂર્વક સહન ન કરતાં, ક્ષમા ન આપતાં તેને નાશ કરવાનો વિચાર લાવી તેનો નાશ કરે અથવા તો તેને દુઃખમાં નાખે તો પછી બીજાને અમે ખમાવીએ છીએ એમ કહેવા માત્રથી તેઓ કેવી રીતે છૂટી શકે ? કેવી રીતે નિરપરાધી બની શકે ? પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોએ પોતાના અપરાધોની ક્ષમા માગી, અનશનનાં પ્રાયશ્ચિત્ત લીધાં. ફરી અપ-

રાધી ન બનવા પૌદ્‌ગલિક સુખોનો ભોગ આપી વિષયોનો સાથ છોડી કષાયોને દબાવ્યા અને દુર્ગતિમાં જવારૂપ સજાઓમાંથી છૂટયા તો પણ જેનો અપરાધ કર્યો હતો તે જીવોએ તો ન જ છોડ્યા અને અસહ્ય દુઃખ દીધાં.

માનવજાતનો ગુન્હો કરી માફી માગવાથી કદાચ માનવી માફી આપી શકે અને વૈરથી મુક્ત થઇ શકાય પણ તે માનવી પ્રાણહરણના ગુન્હા સિવાયના ગુન્હાની માફી આપી શકે છે અને આપણે નિરાપરાધી બની શકીએ છીએ. તેમજ ફરી ગુન્હો ન કરવાની શરતે માફી મેળવી શકીએ છીએ અને વૈરથી છૂટી શકીએ છીએ. પણ માણસ મારવાનો ગુન્હો કરવાથી તે માણસ મરીને ક્ષુદ્ર ગતિમાં ગયેલો હોવાથી આપણને માફી આપી શકતો નથી, તેમજ વૈર પણ છોડી શકતો નથી અને જન્માંતરમાં પણ આપણને પ્રાણાંત કષ્ટ આપવાનો જ. માણસ સાથે બંધાયેલા વૈર તિર્યંચો કરતાં વધારે દુઃખદાયી હોય છે કારણ કે માણસ બુદ્ધિપૂર્વક વૈર બાંધે છે.

પૌદ્‌ગલિક સુખો અને પૌદ્‌ગલિક સુખ મેળવવાના સાધનો માટે જે સૂક્ષ્મ તથા સ્થૂળ તિર્યંચોનો સર્વથા નાશ કરવામાં આવે છે, તેમના પ્રાણોનું હરણ કરવામાં આવે છે, તે ગુન્હામાંથી છૂટવું ઘણું જ કઠણ છે. તેમની પાસે માફી માગવી નકામી છે. આપણને તેઓ માફી આપી શકતા નથી તેમજ આપણે માફી માગવાને અયોગ્ય છીએ. કારણ કે વિષયાસક્ત, પરિગ્રહનો પ્રેમી, કષાયોનો દાસ પોતાના જીવનના છેડા સુધી પોતાની ક્ષુદ્ર વાસનાઓની તૃપ્તિ માટે નિરંતર અનંતા જીવનો નિર્ધ્વંસ-પરિણામથી નાશ કરતો રહે છે, માટે આવી વ્યક્તિ ક્ષમા માગવાની અધિકારી જ નથી, કારણ કે તે

જાણી-બૂઝીને જીવોના પ્રાણ લે છે.

ક્ષમા માગતાં પહેલાં ક્ષમા માગવાના અધિકારી બનવાની અત્યંત આવશ્યકતા છે. આ અધિકાર ઇંદ્રિયો પર વિજય મેળવી વિષયોથી મુક્ત થવાથી, પરિગ્રહની મૂર્ચ્છા ઓછી કરવાથી, માની લીધેલા મારા તારા સંબંધો ઓછા કરવાથી, કષાયોની કડવાશ ન ચાખવાથી, જરૂરિયાતો ઓછી કરી નાખવાથી અને પ્રાણી-માત્રને પોતાના આત્મા સદૃશ ગણવાથી મેળવી શકાય છે. આવો અધિકારી માણસ જાણી જોઇને કોઇપણ જીવને દુઃખ આપતો નથી. પોતાની સ્થિતિના પ્રમાણમાં જ્યારે જાણીને જીવોને ઉપદ્રવ કરવાનો સમય આવે છે ત્યારે દુઃખાતા દિલથી તે તરફ વળે છે, પણ તરત જ પશ્ચાત્તાપ અને ક્ષમાથી પોતે નિરપરાધી બની જાય છે. અધિકારીઓ મનથી પણ કોઇ પ્રાણીને પીડા આપતા નથી. સર્વ જીવોના સુખના અભિલાષી હોય છે. બીજા જીવોના તરફથી પોતાને થતી કનડગતો અને દુઃખોના માટે તુરત જ ક્ષમા આપી દે છે. કોઇના પણ ઉપર દ્વેષ રાખતા નથી. માટે પ્રાણીમાત્રને નિરપરાધી બનતાં શીખવાની ઘણી જ જરૂરત છે. નિરપરાધી બનવા માટે સમ્યગ્જ્ઞાન મેળવી વસ્તુસ્થિતિને જાણવી જોઇએ. તેમજ અપરાધી બનવાના પ્રસંગોમાં સમ્યગ્-જ્ઞાનનો સારી રીતે ઉપયોગ થવો જોઇએ તો જ આપણે ક્ષમાને સફળ બનાવી આત્મવિકાસ સાધી શકીએ છીએ, નહિ તો આવી ક્ષમાથી તો આપણને દંભ સેવ્યાનું જ ફળ મળી શકે છે. માનવજાતની ક્ષમાઓમાં તો આપણે કેવળ દંભ જ સેવીએ છીએ. આજે ક્ષમા માગી અને કાલે કામ પડે તો તેનું કાસળ કાઢવા આપણે તૈયાર થઈએ છીએ અને ક્ષમા માગતી વખતે પણ આપણું ધ્યેય કેવળ પ્રથા જ જાળવવાનું હોય છે, હૃદયશુદ્ધિ

કે અભેદભાવ હોતો નથી.

જે પોતાના આત્મા ઉપર દયા રાખતા શિખ્યા જ નથી તેઓ બીજાઓ ઉપર દયા રાખી શકતા નથી. અને નિર્દયતાથી કરેલા અપરાધની માફી કેવી ? તેમ છતાં નિર્દયતાથી કરેલા અપરાધની પણ માફી મળી શકે છે. અર્થાત્ દુર્ગતિમાં જવાની સજા ભોગવવી પડતી નથી. પણ તે કેવી રીતે ? ચિલાતીપુત્રની જેમ કરીએ તો, અર્જુનમાલીની જેમ કરીએ તો. તો ય વૈરી બનેલા તો વૈર લેવાના જ ! જેમ કોઇ પોતાના પુત્રને જ પોતાનો સ્વાર્થ ભ્રષ્ટ થવાથી ક્રોધાંધ બનીને માર મારે છે અને તે મરી જાય, પછી તેના પિતાની કેવી દશા થાય ? તેના હૃદયમાં આ કૃત્ય માટે પશ્ચાત્તાપ, દુઃખ અને શોક કેટલો થાય ? થાય છે કોઇને ક્ષમા માગતાં, ચોરાશી લાખ યોનિના જીવોને ખમાવતાં એટલો પશ્ચાત્તાપ, દુઃખ કે શોક ? માટે જ નિરપરાધી બનવાની અત્યંત આવશ્યકતા છે. જેમ બને તેમ ઓછા અપરાધે અને વધુ લાભે માનવજીવન વ્યતીત કરવું, કારણ કે જે ઉગ્ર પરિણામથી આપણે અપરાધ કરીએ છીએ તેટલા જ ઉગ્ર શુભ પરિણામ નિરપરાધી બનવા ક્ષમા માગતી વખતે હોતા નથી, થતા નથી; માટે સુખના અર્થીએ ક્ષુદ્ર સ્વાર્થો જતાં કરી સ્વપરના શ્રેય માટે દયાર્દ્ર હૃદયે જૂના અપરાધોની ક્ષમા આપવી (સહન કરવું) અને નવા અપરાધો ન કરવા.

આત્મમીમાંસા.

(૪૮)

જે કાળે જે ઉદયમાં આવ્યું હોય તે વેદવું જ પડે છે. પછી ત આત્માને ગમે કે ન ગમે પણ ભોગવ્યા સિવાય છૂટકો જ નથી. સારાનો ઉદય સઘળા ય વાંછે, છતાં નબળું ઉદયમાં આવે અને તે અનિચ્છાએ પણ ભોગવવું પડે.

સુખ તથા દુઃખના વિકારો દેહમાં થાય છે. આત્મા તો અવિકારી છે, છતાં અનાદિકાળના કર્મસંયોગથી આત્મા પોતાનામાં સુખદુઃખનો આરોપ કરે છે. આ આરોપ કરવાની ટેવને લઇને આત્મા કર્મથી છૂટી શકતો નથી. કર્મથી છૂટી જવારૂપ મુક્તિ મેળવવાની ઇચ્છાવાળા આત્માઓએ દેહ તથા આત્માની ભિન્નતારૂપ સમ્યક્ત્વને મેળવી તેને દૃઢ કરવા નિરંતર પ્રયત્ન કરવો જોઇએ.

જેમ બીજાના ઘરમાં આગ લાગે તો આપણને હર્ષ કે શોક થતો નથી અને બીજાનું ઘર બળે છે તેમાં મારે શું ? એવી ભાવના તથા શ્રદ્ધા આપણી વૃત્તિમાં શાંતિ જાગ્રત કરે છે, તેવી જ રીતે દેહમાં થવાવાળા વિકારોમાં ભેદભાવનાનું ચિંતવન આત્મા કરે તો દેહમાં થતા વિકારોની અસર લેશ માત્ર

પણ આત્માને થઈ શકતી નથી. આ અવસ્થાનું નામ ધર્મ-સ્વરૂપરમણુતા, વિકાસ, જાગૃતિ વગેરે વગેરે કહેવાય છે.

ધર્મ એટલે અનંત આનંદ, અનંત જીવન, અનંત સુખ. દેહમાં થતાં કર્મજન્ય વિકારોથી વ્યાકુળ થનાર અનંત આનંદ, જીવન અને સુખ મેળવી શકતો નથી. પુન્યકર્મ તથા પાપકર્મ બન્ને કર્મોના વિકારો દેહમાં થાય છે. જેનું બીજું નામ વિપાક ઉદય છે. આ બન્ને પ્રકારના ઉદયમાં ધર્મને ન ઓળખનાર આત્મા વ્યાકુળ થાય છે.

વ્યાકુળતા એટલે વિષમભાવ-વિભાવ અને અવ્યાકુળતા એટલે સમભાવ-સ્વરૂપરમણુતા અર્થાત્ વિકાસ-આનંદ-સુખ. પુન્ય-કર્મના વિકારને અનુકૂળ માની રાગ કરવો અને પાપકર્મોના વિકારને પ્રતિકૂળ માની દ્વેષ કરવો તે જ વ્યાકુળતા. રાગદ્વેષથી વ્યાકુળતા થાય છે અને વ્યાકુળતાથી રાગદ્વેષ થાય છે.

આત્મા અવિકારી છે અને જડ વિકારી છે. જે આત્મા ઉપર કર્મજન્ય દેહમાં થતા વિકારોની અસર થાય છે તે આત્મા ઉપર દેહથી ભિન્ન જડજન્ય જગતમાં થતા વિકારોની અસર થાય છે. અસર થવી એટલે કર્મજન્ય, જડજન્ય વિકારો-નો પોતાનામાં આરોપ કરવો-વિકૃતિ મારું સ્વરૂપ છે, વિકારો મારામાં થાય છે, હું વિકારી છું એમ માની લેવું.

સ્ફટિક અવિકારી શુદ્ધ છે અને વિવિધ વર્ણના તાંતણા વિકારી છે. વિચિત્ર વર્ણના તાંતણાનો સંયોગ સ્ફટિક સાથે થવાથી વિવિધ વર્ણવાળું દેખાય પણ વાસ્તવિક તેમ નથી. વિકારી શુદ્ધ વસ્તુમાં વિકારી અશુદ્ધ મળે તો શુદ્ધ વિકારી અશુદ્ધ બની શકે છે; કારણ કે વિકારી છે પણ અવિકારી સ્વ-

ભાવથી શુદ્ધ વસ્તુમાં વિકારી સ્વભાવથી અશુદ્ધ ભળે તો અશુદ્ધ થઇ શકતું નથી, કારણ કે અવિકારી છે-સ્વભાવથી શુદ્ધ છે. સ્ફટિક જેવો આત્મા અવિકારી-શુદ્ધ હોવાથી વિકારી કે અવિકારી શુદ્ધ કે અશુદ્ધ વસ્તુનો સંયોગ થવા છતાં આત્મા અવિકારી શુદ્ધ જ રહેવાનો-સ્વરૂપમાં જ રહેવાનો. કોઈ પણ વિકારી વસ્તુના સંયોગથી આત્મા વિકારી બની જાય તો પછી તેનો જ્ઞાનગુણ નષ્ટ થઈ જાય અથવા તો જે વસ્તુનો સંયોગ થયો હોય તે જ વસ્તુના જ્ઞાનવાળો બને, તેનાથી ભિન્ન ઇતર વસ્તુઓને જાણી શકે નહિ. જેમકે કાગળ વિકારી શુદ્ધ વસ્તુ. અરિસો અવિકારી સ્વભાવથી શુદ્ધ વસ્તુ. કાગળ ઉપર ઘોડાનું ચિત્ર કાઢીએ તો કાગળ ઘોડાના રૂપમાં વિકૃત થઈ જાય છે. તેના ઉપર માનવીનું ચિત્ર કાઢી શકાય નહિ. અથવા તો ઘોડાના રૂપમાં વિકૃત થએલો કાગળ માનવીનું રૂપ ધારણ-ગ્રહણ કરી શકે નહિ. અરિસામાં તેમ નથી, કારણ કે અવિકારી છે. તેથી નર, વાનર, ઘોડો આદિ અનેક વસ્તુઓને ગ્રહણ કરે છે છતાં તે સ્વરૂપમાં વિકૃત થતો નથી. આત્મા પણ અરિસાની જેમ હોવાથી અનંતી વસ્તુને જાણે છે, અર્થાત વસ્તુમાત્રનું પ્રતિબિંબ આત્મામાં પડે છે છતાં આત્મા સ્વસ્વરૂપ બદલતો નથી. વાસ્તવિક રીતે વિચાર કરીએ તો સુખદુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી. જડના વિકારોમાં ભળી વિકૃત દેખાતો જ્ઞાનનો પ્રકાશ છે, કારણ કે સુખ એટલે જ્ઞાન અને દુઃખ એટલે પણ જ્ઞાન. જ્ઞાન સિવાય સુખદુઃખ જેવી ભિન્ન વસ્તુ નથી. વિકૃત દેખાતા જ્ઞાનનું નામ જ સુખદુઃખ છે. સાચું સુખ પણ શુદ્ધ જ્ઞાનને જ કહેવામાં આવે છે. શાતા વેદે છે, અશાતા

વેદે છે એટલે સુખ જાણે છે, દુઃખ જાણે છે. વેદવું એટલે જાણવું. જડના વિકારોનું વિકારરૂપે જ્ઞાન તે (સુખ, દુઃખ, હર્ષ, શોક, ભય, રતિ, અરતિ, હાસ્ય, રાગ, દ્વેષ વગેરે વગેરે વિકારોમાં વિકારરૂપે પરિણુત થવાથી) અજ્ઞાન કહેવાય છે અને અવિકારરૂપે પરિણુત થયેલું જ્ઞાન કહેવાય છે અને જ્ઞાનનું જડજન્ય વિકારોમાં અવિકૃતપણે પરિણુમન તે જ સાચું સુખ-સાચો આનંદ કહેવાય છે. તેને જ સ્વરૂપરમણુતા અને મુક્તિ કહેવામાં આવે છે. જ્ઞાન તે મુક્તિ અને અજ્ઞાન તે બંધન-સંસાર. જ્ઞાનમાં વિકાર એટલે જડજન્ય વિકારોમાં મારાપણું. અને વિકારોમાં મારું નથી એવું પરિણુમન તે અવિકાર. વિકાર તે અજ્ઞાન અને અવિકાર તે જ્ઞાન. અજ્ઞાન તથા જ્ઞાનમાં કેવળ એટલો જ તફાવત રહે છે. જ્ઞાન પણ જ્ઞાન છે અને અજ્ઞાન પણ જ્ઞાન છે; કારણ કે જ્ઞાનનો સ્વભાવ જડના વિકારોમાં પરિણુમન થવાનો છે. તેમાં વિકૃત પરિણુમન તે અજ્ઞાન અને અવિકૃત પરિણુમન તે જ્ઞાન. જીવન તથા મૃત્યુને માટે પણ સાચું જીવન તે અવિકૃત પરિણુમેલું જ્ઞાન છે અને જ્ઞાનનું વિકૃત પરિણુમન તે જ જન્મ-મૃત્યુ.

જડના વિકારોને ભોગવનાર ભોક્તા આત્મા નથી. જડના વિકારસ્વરૂપ ઇંદ્રિયો છે. પોતાનાથી ભિન્ન જડના વિકારસ્વરૂપ વિષયોમાં ભલે ભળે, પરંતુ આત્માએ તો તેમાં જ્ઞાતા, દ્રષ્ટા તરિકે રહેવાનું છે; કારણ કે આત્મા જ્ઞાતા છે પણ ભોક્તા નથી. સ્વરૂપ ભોક્તા જાણવું તે જ્ઞાનનું અવિકૃત પરિણુમન.

વિષયભોગ એટલે જડના વિકારોનો જડના વિકારોની સાથે વિચિત્ર સંયોગ. આ સંયોગસ્વરૂપ ભોગ આત્માનો હોઇ શકે નહીં, કારણ કે આત્મા નિરંતર જ્ઞાનનો ભોક્તા છે અને તે

જ્ઞાન આત્માની સાથે તાદાત્મ્ય સ્વરૂપે છે, પણ સંયોગસ્વરૂપે નથી. જ્યાં સંયોગ છે ત્યાં આત્માનું ભોક્તાપણું નથી, છતાં જાણવું, માનવું તે જ્ઞાનનું વિકૃત પરિણમન, વિભાવ, સ્વભાવ કહેવાય અને જ્ઞાનનું ભોક્તાપણું માનવું તે અવિકૃત પરિણમન. વિષયોનો હું ભોક્તા છું એવો આત્મામાં આરોપ કરવો તે બંધન-સંસાર અને હું જડના વિકારોના વિચિત્ર સંયોગોનો ભોક્તા નથી તે મુક્તિ. જડના વિકારોમાં અવિકૃત જ્ઞાનનું પરિણમન તે જ કેવળજ્ઞાન, સુખ, આનંદ અને જીવન કહેવાય છે અને તેને જ ધર્મ કહેવામાં આવે છે. કેવળજ્ઞાન સ્વરૂપ આત્મા મુક્તાત્મા કહેવાય છે પછી તે દેહનો સંયોગી હો કે વિયોગી હો. આટલા ઉપરથી કાંઇક જાણી શકાશે કે ધર્મ, અધર્મ, સુખ, દુઃખ, હર્ષ, શોક આદિ શું વસ્તુ છે.

કર્મની ક્ષીણતા આત્માને અતીવ ઉપયોગી છે. સંયોગ માત્ર વિયોગાંત હોય છે. કર્મનો આત્માની સાથે સંયોગ હોય છે, માટે જ તે વિયોગવાળાં હોય છે. કર્મની નિર્જરા તે આત્મ-પ્રદેશોથી કર્મનું વિખૂટા પડવું-વિછડવું અને ક્ષય તે પુદ્ગલ-સ્કંધોનું-કર્મપરિણતિનું ત્યાગવું. કર્મપરિણામને પ્રાપ્ત થયેલા પુદ્ગલસ્કંધો નૂતન પુદ્ગલસ્કંધોને કર્મપરિણામી બનાવવાને આત્માની સહાયતાવડે પ્રત્યેક ક્ષણે પ્રયત્નશીલ રહે છે ત્યારે ઉપયોગસ્થ-સ્વભાવસ્થ આત્મા સ્વશક્તિવડે કર્મપરિણામી પુદ્ગલસ્કંધોને કર્મ વિપરિણામી બનાવવાને પ્રયત્ન કરે છે. આ પ્રમાણે ઉભય મલ્લોનું નિરંતર દ્વંદ્વયુદ્ધ ચાલ્યા જ કરે છે. નિર્જરા ઇષ્ટ આત્મા સ્વસ્વરૂપનો ભોક્તા શીઘ્ર થઈ શકે છે. સુખ તથા દુઃખ શુભાશુભની નિર્જરા જ છે. શુભની નિર્જરા પ્રાણીઓને વધુ ઈષ્ટ હોય છે અને અશુભની નિર્જરા કોઇક જ

પ્રાણીને ઇષ્ટ હોય છે. જ્ઞાનીપુરુષોને ઉભય નિર્જરા ઇષ્ટ હોય છે. ઉભય નિર્જરામાં સમભાવ હોય છે. આપણે પણ ઉભય શુભાશુભની નિર્જરામાં સમભાવે રહેતાં શીખવાની ટેવ પાડવાની જરૂરત છે. ઉભયની નિર્જરા સિવાય આત્મશુદ્ધિ થઈ શકતી નથી અને શુદ્ધિ સિવાય આત્મવિકાસ થઈ શકતો નથી. કર્મોના ઉદયાધીન વિયોગમાં સુખ શાંતિ અનુભવવી–વેદવી અને ઉદયાધીન જ સંયોગોમાં ખિન્નતાનો અનુભવ કરવો એ જ આપણા માટે વધુ ઇષ્ટ છે. શુભાશુભ કર્મની ક્ષીણતાએ જ દેહાદિ શુભાશુભ કર્મ–વિકારોની પણ ક્ષીણતા અવલંબીને રહેલી હોય છે, માટે આત્મપ્રદેશોમાં થતા અશુભ ઉદયાધીન થતા બાહ્ય કર્મવિકારોમાં ક્ષીણતા જણાય તો કાંઇપણ શોચ કરવો નહિ.

દેહધારીઓને જે ક્ષેત્રમાં જેટલા સમયની સ્પર્શના કરવાની હોય છે તે જન્મક્ષેત્રથી લઇને મૃત્યુક્ષેત્ર પર્યંત અવશ્ય કરવી પડે છે. તેની સાથે સાથે ઉદય, ઉદીરણા, બંધ અને નિર્જરા પણ થયા કરે છે. આ બધી ય વ્યવસ્થા ક્રમવાર સંપૂર્ણપણે સર્વજ્ઞો જાણે છે. આપણા જેવા ઔદયિક ભાવમાં વર્તનારા અલ્પજ્ઞો અટકળ પણ કરી શકતા નથી. માનવજાતની ભાવનાઓ અને ધારણાઓ પરિવર્તનશીલ હોય છે, પણ સ્પર્શના તો અપરિવર્તનશીલ જ હોય છે. દરેક સમયની નિર્માણ થયેલી સ્પર્શના સર્વથા દેહમુક્ત થાય ત્યાં સુધી અવશ્ય થવાની જ.

અનાદિકાળથી દેહમુક્ત આત્માએ એક એક આકાશપ્રદેશની અનંતી વાર સ્પર્શના કરી છે અને અનંતી વાર એક એક પ્રદેશમાં અનંતા દેહ ભોગવ્યા છે, છતાં દેહનો મોહ છૂટતો નથી, દેહને છોડવાનું મન થતું નથી અર્થાત્ મોતની બહુ જ બીક લાગે છે. કેટલો દેહાધ્યાસ ? જ્યાં સુધી મોહનો ક્ષય અથવ

ઉપશમ થાય નહીં ત્યાં સુધી જીવની દેહવાસના છૂટી શકતી નથી અને દેહવાસનાને લઇને વારંવાર મૃત્યુ થવાનું જ અને મૃત્યુ જન્મ સિવાય હોય જ નહિ. જન્મ એટલે દેહસંયોગ અને મૃત્યુ એટલે દેહવિયોગ.

દેહ વગરનો આત્મા-મુક્તાત્મા કેવો હશે તે અત્યારે આપણા લક્ષ્યમાં પણ ન આવી શકે; કારણ કે વાસનાગ્રસ્ત દેહ-આશ્રિત જીવો ઇંદ્રિયો તથા મનની મારફત જાણવાનો પ્રયત્ન કરે છે. તે આંખ ઉપર લોઢાના ચશ્મા ચઢાવીને જોવા જેવું છે. સ્વચ્છ આવરણ રહિત આંખ સ્વતંત્રપણે જે કાંઇ જોઇ શકે છે તે લોઢાના ચશ્માદ્વારા પરતંત્રપણે જોઇ શકતી નથી.

જ્ઞાન, સુખ, જીવન, આનંદ મેળવવામાં આત્મા સ્વતંત્ર હોવા છતાં મોહાધીન થઇને મને જડથી મળે છે એવી અનાદિની મિથ્યા શ્રદ્ધા તેની ખસે નહીં ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન કહેવાય નહિ અને સમ્યગ્જ્ઞાન સિવાય ધર્મના નામે કરવામાં આવતા બધા પ્રયત્નો નકામા છે; માટે મોહના ઉપશમભાવથી થવાવાળી ભાવનાઓ ને ધારણાઓ જ આત્માનું હિત કરવાવાળી છે. બાકી તો ઔદયિક ભાવની ભાવનાઓ અને ધારણાઓ આત્માને પરાધીન બનાવવાવાળી હોવાથી આત્માનું કાંઇપણ હિત કરી શકતી નથી, અર્થાત્ આત્માનાં જ્ઞાન, સુખ, જીવન અને આનંદનો આવિર્ભાવ થવા દેતી નથી.

અનંતબળી ચૈતન્યને જડ કાંઇ કરી શકે નહિ, છતાં અનેક ભવોથી પોતાનું દરેક કાર્ય જડને સોંપી દઇ પોતે પ્રમાદી બની રહ્યો છે; માટે જ ચૈતન્યને ઘણી જ વખત જડ તથા જડના વિકારોનો આશ્રય લેવો પડે છે, જેથી કરી વિકૃત ભાવોમાં

અનિચ્છાથી ભળીને પોતાને દુઃખી, રોગી, શોકગ્રસ્ત વગેરે વગેરે માનવું પડે છે.

આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, જીવન, શાંતિ વગેરે પોતાની વસ્તુઓ હોવા છતાં કૃત્રિમ જ્ઞાનાદિ માટે જડનો આશ્રિત બને છે. મોહની સત્તા નીચે રહેલો હોવાથી પોતાની સાચી વસ્તુઓ ગમતી નથી. બનાવટી વસ્તુઓમાં જ આનંદ માને છે અને તે વસ્તુઓનો સંગ્રહ કરવામાં અનેક વિપત્તિઓ સહન કરે છે. પોતે તેનો ગુલામ બને છે. જડનો જરા પણ વિશ્વાસ રાખવા જેવું નથી. જડના ઉપર શ્રદ્ધા રાખનાર આત્માઓને ઘણું જ ખમવું પડે છે. આંખ ફૂટી જાય, કાનનો પડદો ફાટી જાય, લકવો થઈ જાય, જલોદર, કઠોદર થઈ જાય વગેરે વગેરે જડના વિલાસોમાં પ્રમાદી આત્માઓની કેવી દશા થાય છે તે આપણે જોઇએ છીએ. જડ અમને સુખ આપશે, અમને જ્ઞાન આપશે, અમારું આનંદનું સાધન મેળવી આપશે ઇત્યાદિ જડ ઉપરની શ્રદ્ધા આત્મા જ્યાં સુધી રાખી રહ્યો છે ત્યાં સુધી ખરી વસ્તુના અભાવે–પરિણામે આત્માને જડવત્ બનવું પડશે, માટે જડ ઉપરની શ્રદ્ધા કાઢી નાખવી જોઇએ. જડનો જરા ય વિશ્વાસ ન રાખતાં પોતાની વસ્તુઓનો વિકાસ કરવો જોઇએ, તો જ પરિણામે આત્માને સુખશાંતિ મળી શકશે. કેવળજ્ઞાનીઓ વિકાસી આત્માઓ જ છે. જરા યે અશાંતિ, અસુખ કે ભય, ભલે આંખ ફૂટી જાય કે પડદો ફાટી જાય અથવા તો ગમે તેવો જડનો દુઃખદાયી વિલાસ કેમ ન હોય! વિકાસી આત્માને કાંઇ પણ અસર થતી નથી; માટે વિકાસના માર્ગમાં જ નિરંતર પ્રયાણ કરવું એ આત્માઓને અત્યંત હિતકારી છે.

કર્મમીમાંસા.

(૪૯)

જૈન શાસનમાં કર્મવાદ બહુ વિસ્તારથી વર્ણવ્યો છે, કારણ કે સંસારમાં જેટલી વિચિત્રતા જણાય છે તે સઘળી કર્મની કરેલી છે. કર્મ જેવી કોઈ વસ્તુ ન હોત તો સંસારની અસ્તિતાનો સર્વથા અભાવ જ હોત. આ કર્મપુદ્‌ગલ પરમાણુઓના અનંતાનંત સ્કંધોને સકર્મક જીવની પ્રેરણાથી અથવા સહાયતાથી નિરંતર કર્મપણે બનાવ્યા જ કરે છે. જીવ સકર્મક કયારથી થયો છે તેને સર્વજ્ઞો જાણે છે પણ કહી શકતા નથી, કારણ કે જીવ-કર્મસંયોગની આદિ નથી, પણ સંયોગોનો અંત હોવાથી જીવથી કર્મ સર્વથા કયારે છૂટા થશે તે કહી શકે છે.

જીવ પુદ્‌ગલસ્કંધોને કર્મપણે પરિણમાવે છે ત્યારે તે કર્મપરિણત પુદ્‌ગલસ્કંધોમાં જીવને અનેક પ્રકારની અનુકૂળતા-પ્રતિકૂળતા, સુખ-દુઃખ આદિ ફળ પ્રાપ્ત કરાવવારૂપ સ્વભાવ, કેટલા કાળ સુધી જીવની સાથે કર્મના સંબંધથી જોડાઈ રહેવું, તે સ્થિતિ, તીવ્ર કે મંદ ફળ આપવારૂપ રસ અને કર્મરૂપે પરિણમેલા પુદ્‌ગલોની સંખ્યા વજન. આ પ્રમાણે કર્મપણે પરિ-

ણમતી વખતે અને આત્માની સાથે એકમેક થવારૂપ બંધ પડતી વખતે પુદ્ગલસ્કંધો ચાર અવસ્થાઓ ધારણ કરવાવાળા થાય છે. તેમજ આત્માની સાથે બંધાતી-જોડાણ થતી વખતે અધ્યવસાયની તારતમ્યતાના અંગે ત્રણ પ્રકારે બંધાય છે.

એક બંધ એવો નબળો હોય છે કે જો પશ્ચાત્તાપ કરવામાં આવે તો તરત છૂટી જાય છે. બીજો બંધ એવા પ્રકારનો હોય છે કે પ્રાયશ્ચિત્તથી છૂટી જાય છે અને ત્રીજો બંધ એવા પ્રકારનો હોય છે કે ભોગવ્યા સિવાય છૂટતો નથી. આત્માને તેનો રસ ચાખવો જ પડે છે. ચાખીને નિરસ કર્યા સિવાય છૂટી શકતો નથી.

પુદ્ગલસ્કંધો આત્મપ્રદેશો સાથે મળી કર્મપણે પરિણત થયા પછી ઉદયમાં આવ્યા સિવાય છૂટા પડી કર્મ-સંજ્ઞાને છોડી શકતા નથી. ઉપર બતાવેલા ત્રણ પ્રકારમાંથી ગમે તેવા પ્રકારના કર્મ કેમ ન હોય ? અને તેને કર્મસંજ્ઞાથી મુક્ત કરવાને ગમે તેટલા પ્રયત્નો કેમ ન કરવામાં આવે પણ ઉદયમાં આવ્યા સિવાય તો આત્માથી અલગ થઈ શકતા નથી. હા, એટલું તો બની શકે છે કે કેટલાંક કર્મ નબળાં હોય છે તે પશ્ચાત્તાપથી કે પ્રાયશ્ચિત્ત કરવાથી ભોગવવાં પડતાં નથી.

આ સ્થળે અવશ્ય શંકા થશે કે ઉદયમાં આવે અને ભોગવવાં ન પડે એ કેમ બને ? પણ આમાં શંકા કરવા જેવું કાંઈ જ નથી, કારણ કે ઉદય બે પ્રકારનો છે. એક વિપાક ઉદય અને બીજો પ્રદેશ ઉદય. આ બન્ને પ્રકારના ઉદયમાંથી વિપાક ઉદય તે ભોગવવું-અનુભવ થવો, સુખદુઃખ આદિનું વેદવું, જેને આત્મા સારી રીતે જાણી શકે. અને પ્રદેશ ઉદય તે જેનો આત્માને લેશમાત્ર પણ અનુભવ ન થવો; તે પછી શુભ હોય કે અશુભ હોય, પણ પ્રદેશ ઉદય વખતે આત્માને જરા ય સુખ-

દુઃખ થતું નથી. આ બન્ને પ્રકારના ઉદય નિરંતર ચાલુ જ રહે છે અને તે એક સાથે જ થયા કરે છે. તેમાંથી વિપાક ઉદયનો આત્મા અનુભવ કરે છે અને તે જ સમયે થતા પ્રદેશ ઉદયને આત્મા જાણી શકતો નથી, કારણ કે પ્રદેશ ઉદયમાં બિલકુલ રસ હોતો નથી અને વિપાક ઉદયમાં દળીયાં રસથી ભરેલાં હોય છે. રસવાળાં કર્મપુદ્ગલનો ઉદય તે વિપાક ઉદય અને નિરસ બનેલાં કર્મદળનો ઉદય તે પ્રદેશ ઉદય. એમ તો બંને ઉદય આત્મપ્રદેશમાં જ થાય છે, પણ વિપાક અને પ્રદેશનો ભેદ પાડનાર ઉપર જણાવેલ રસ અને સ્થિતિ જ છે. રસ અને સ્થિતિવિહીન તે પ્રદેશ ઉદય, રસ અને સ્થિતિ સહિત તે વિપાક ઉદય. ઓછામાં ઓછા રસ અને ઓછામાં ઓછી સ્થિતિવાળું કર્મ કેવળજ્ઞાની તીર્થંકર ભગવાન બાંધે છે. પ્રથમ સમયે બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે નિર્જરે. શેષ સર્વ જીવો વધુ રસ અને વધુ સ્થિતિવાળાં કર્મ બાંધે છે. અધ્યવસાયશૂન્ય કેવળ કાયયોગથી બંધાતાં કર્મમાં મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના અભાવે અલ્પ સ્થિતિ અને અલ્પ રસ હોય છે. અને બંધમાં વિચિત્રતા હોતી નથી અર્થાત્ તીર્થંકર માત્ર કર્મ બાંધવામાં સરખા સ્થિતિવાળા હોય છે. સઘળા ય ત્રિસામયિક સ્થિતિવાળા હોય છે. પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તથી છૂટી જવાવાળાં નબળા બાંધાવાળાં કર્મો ભોગવવાં પડતાં નથી અર્થાત્ તેનો વિપાક ઉદય ટળી શકે છે પણ પ્રદેશ ઉદય તો થાય જ છે. પ્રદેશ ઉદય થયા સિવાય પુદ્ગલ-સ્કંધોની પડેલી કર્મસંજ્ઞા ટળી શકતી નથી. કર્મક્ષય એટલે વિપાક ઉદય અથવા પ્રદેશ ઉદય થઇ આત્મપ્રદેશોથી છૂટા પડી જવું. મજબૂત બાંધાના કર્મ કે જેને નિકાચિત–અવશ્ય ભોગ્યત્વ,

વિપાક ઉદયમાં અવશ્ય આવવાવાળાં કહેવાય છે તેને પણ ક્ષપકશ્રેણીમાં વર્તતા મહાપુરુષો શુક્લધ્યાનદ્વારા તે નિકાચિત કર્મમાં રહેલા સ્થિતિ તથા રસનો ઘાત કરી વિપાક ઉદયની શક્તિથી હીન કરી નાંખે છે, જેથી કરી તે કર્મો વિપાક ઉદયમાં ન આવતાં પ્રદેશ ઉદય થઇને ખરી પડે છે.

પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત અને શુક્લધ્યાનરૂપ પ્રયત્નથી કર્મ માત્રનો વિપાક ઉદય ટળી શકે છે અર્થાત્ ટાળ્યાં ટળી શકે છે. પ્રદેશ ઉદય તો કર્મ માત્રનો થવાનો જ. આ પ્રદેશ ઉદય તો કેાલુમાં પીલી નાખેલી શેરડીના છોડા ચૂસવા જેવો હોય છે અને વિપાક ઉદય તે રસવાળો શેરડીનો સાંઠો ચૂસવા જેવો હોય છે. પ્રદેશ ઉદય નિરસ અને વિપાક ઉદય સરસ જાણવો અથવા ઔદયિકભાવથી, ઔપશમિક ભાવથી અથવા ક્ષાયેાપશમિક ભાવથી થવાવાળા જીવના પ્રયત્ન સિવાય કાંઇ પણ બની શકતું નથી. શુભાશુભનો ઉદય ટાળવા માટે જીવને પ્રયત્ન અવશ્ય કરવો પડે છે. ઔપશમિક ભાવ એટલે મોહનીય કર્મનું સત્તામાં દબાઈ જવું. ક્ષાયેાપશમિક ભાવ એટલે ઉદય થયેલાનું ક્ષય થવું અને સત્તામાં રહેલાનો ઉદય ન થવો અને ઔદયિભાવ તે કર્મનું ઉદયમાં આવવું. ચાર ગતિઓ અનેક પ્રકારની આકૃતિઓ વગેરે ઔદયિભાવમાં આવી જાય છે. જેમ જીવને કર્મ બાંધવામાં પ્રયત્ન કરવો પડે છે, તેવી જ રીતે કર્મથી છૂટવામાં પણ પ્રયત્ન કરવો પડે છે. અને પૂર્વે બતાવેલા પ્રયત્નોથી વિપાક-ઉદય ટળી જઈ પ્રદેશોદય થઈ શકે છે, અર્થાત્ ટાળ્યાં ટળી શકે છે. કેવળજ્ઞાનીઓ જે પ્રયત્નથી કર્મ છૂટવાનાં હોય છે, તે જાણી શકે છે અને તદનુસાર આત્માઓ પ્રયત્ન કરે છે. કેટલાક જીવો કર્મને ઉદયમાં લાવવાનો પ્રયત્ન કરે છે તે હું

દુઃખ ભોગવું એવા આશયથી નથી કરતા પણ ઉદયાધીન થઇને મને સુખ થાઓ એવા આશયથી કરે છે. અંતે કર્મ ઉદયમાં આવી, ભોગવાઈ નિરસ થઇને ખરી પડે છે. જીવ માત્રની ત્રણ કાળની પ્રવૃત્તિને કેવળજ્ઞાનીઓ જાણે છે અને જીવો પણ તેમના જાણવા પ્રમાણે વર્તે છે.

પુરુષાર્થ કરશે કે નહીં કરે તે સઘળું જ્ઞાનીઓ જાણે છે અને તે જ પ્રમાણે થાય છે. વિપાક ઉદયનો પ્રદેશ કરવાનો પ્રયત્ન, વિપાક ઉદયમાં લાવવાનો પ્રયત્ન, ઉદયમાં આવેલાંને ક્ષય કરવાનો પ્રયત્ન વગેરે વગેરે પુરુષાર્થો જ્ઞાનીઓના જ્ઞાનથી બહાર હોતા નથી. ત્રિવિધ તાપ(દુઃખકર્મ)ના વિપાક ઉદયને ક્ષય કરવા દ્રવ્ય પુરુષાર્થ (અનેક પ્રકારના વ્યવસાયરૂપ) અને ભાવ પુરુષાર્થ–તપ જપ આદિ જીવ માત્ર કરી રહ્યા છે.

સંસારમાં જેટલા ભાવો થયા છે, થાય છે અને થશે તે સર્વે જ્ઞાનીના જાણવા પ્રમાણે જ છે. આપણને જે કાંઈ વિચારો ઉત્પન્ન થાય છે તે કર્મની પ્રેરણાથી થાય છે અને તેને સર્વજ્ઞો જાણે છે. કેટલાક કહી દે છે કે જ્ઞાનીએ જોયું હશે તેમ થશે એમ માનીને પુરુષાર્થહીન થાય છે અને કેટલાક જ્ઞાનીઓએ શું જોયું છે તેની આપણને શી ખબર પડે એમ માની પુરૂષાર્થ કરે છે; એ સઘળું યે જ્ઞાનીઓના જ્ઞાન બહાર તો નથી જ. સંસારમાં હિંદુ સમાજમાં એવી માન્યતા છે કે જે કાંઇ થાય છે તે પ્રભુની પ્રેરણા સિવાય થતું નથી. ઇસ્લામ ધર્મમાં ખુદાના હુકમ સિવાય ઝાડનું પાંદડું પણ હાલતું નથી એવી માન્યતા છે. ત્યારે જૈન સમાજમાં પ્રભુએ જ્ઞાનમાં જોયું છે તેમ થાય છે, તેમાં જરાયે ફેર પડતો નથી. તાત્પર્ય કે–દુનિયાના અન્ય ધર્મો પ્રભુને પ્રેરક માને છે ત્યારે જૈનધર્મ પ્રભુનો

પ્રકાશક માને છે અને કર્મને પ્રેરક માને છે. બસ, એટલો જ ફરક રહે છે.

જીવ કર્મની પ્રેરણાથી કાર્ય કરે છે. કાર્યમાત્રમાં કર્મની પ્રેરણા હોય છે. કેવળજ્ઞાનીએ જ્ઞાનમાં જોયું હોય તેમ થતું હોય તો પ્રયત્નને અવકાશ કયાંથી ? આ વિચાર પણ કર્મની પ્રેરણાથી અને પ્રભુના જાણવા પ્રમાણે થયો. પ્રભુએ આ જ પ્રમાણે જાણ્યું હતું કે અમુક વ્યક્તિને અમુક ટાઇમે અમુક વિચાર ઉત્પન્ન થશે. તેમજ કર્મના વિપાકોદયને ટાળવા પ્રયત્ન કરનાર વ્યક્તિના આશય અને પ્રવૃત્તિને પણ જાણતા જ હતા.

જો આપણને અમુક કર્મ ભોગવવું પડશે, એવું જ્ઞાનીએ જોયું હોય તો આપણને કર્મને ખસેડવા પ્રયત્ન સૂઝે જ નહિ, અને અમુક પ્રયત્નથી અમુકના અમુક કર્મ ટળી જશે, એવું જોયું હોય તો વ્યક્તિ અવશ્ય પ્રયત્ન કરી કર્મ ટાળ્યા સિવાય રહે નહીં. અમુક વ્યક્તિ અમુક પ્રયત્ન કરશે પણ નિષ્ફળતા પ્રાપ્ત થશે તો તે ભાવ પણ તેમ થયા સિવાય રહેતો નથી. તાત્પર્ય કે ત્રિવિધ તાપ પ્રયત્નથી ટાળ્યા ટળી શકે છે અને નથી પણ ટળતા. બન્નેમાં જ્ઞાનીઓને યથાર્થ જ જ્ઞાન હોય છે. જ્ઞાનીઓએ શું જોયું છે તે અલ્પ જીવ જાણી શકતો નથી. પણ અનુમાન કરી શકે છે કે મારી પ્રવૃત્તિ તથા અપ્રવૃત્તિ, સફળતા અને નિષ્ફળતા વગેરે કાયિક, માનસિક, વાચિક પ્રવૃત્તિઓ જ્ઞાનીઓની જાણ પ્રમાણે જ થાય છે. આટલા ઉલ્લેખથી કંઇક સમાધાન થશે જ કે જ્ઞાનીઓના જાણવા છતાં પુરુષાર્થને અવકાશ તો છે જ. જ્ઞાનીઓનું જ્ઞાન પુરુષાર્થમાં આડું આવી શકતું નથી તેમજ આપણે પણ જાણી શકતા નથી, કે જ્ઞાનીઓએ આપણા માટે જ્ઞાનમાં શું જોયું

છે તેથી પણ પુરુષાર્થને અવકાશ છે જ.

બીજી એક બાબત સંસારમાં દૃષ્ટિગોચર થાય છે અને તે એ છે કે દુઃખને ખસેડવા બાહ્ય પ્રવૃત્તિઓ તથા અભ્યંતર પ્રવૃત્તિ આદરાય છે. તેવી જ રીતે સુખને ખસેડવા અભ્યંતર કે બહારની પ્રવૃત્તિ આદરાતી નથી. દુઃખને ખસેડવા સૌ કોઇ પ્રયત્ન કરે છે, પણ સુખને ખસેડવા કોઈ પણ પ્રયત્ન કરતું નથી. જેમ દુઃખ કર્મ છે તેમ સુખ પણ કર્મ છે, છતાં અનાદિ કાળની વાસનાથી દુઃખ સૌને અપ્રિય લાગે છે, અને સુખ પ્રિય લાગે છે. એટલે દુઃખને લક્ષમાં રાખીને દૂર કરવા પ્રયત્ન કરાય છે, છતાં એ જ પ્રયત્નથી સુખ પણ ખસી જાય છે. જે પ્રયત્નથી દુઃખ ખસે છે તે જ પ્રયત્નથી સુખ પણ ખસી શકે છે. અનેક જીવોને દુઃખ આપી સુખી બનવા કરવામાં આવતા પ્રયત્નથી સુખ પણ ખસી જાય છે. અથવા પૌદ્ગલિક સુખની આશાથી કરવામાં આવતા જપતપરૂપ પ્રયત્નથી પુણ્યકર્મ બંધાય છે અને તેથી કરી આત્મિક સાચું સુખ અવરાઈ જાય છે. આ સઘળો ય કર્મનો જ વિલાસ છે.

બોધ સુધા

[૧]

(૫૦)

૧. વીતરાગની ઉપાસના વીતરાગ બનવાને માટે છે, કર્મોથી છૂટી જઇને નિત્ય સુખ મેળવવાને માટે છે.

૨. તમારી આર્થિક તથા શારીરિક શક્તિ સારી હોય તો દીનદુઃખીનો ઉદ્ધાર કરો.

૩. તમારાથી સારું ન બની શકતું હોય તો જે સારું કરતા હોય તેમને જોઇને ખુશી થાઓ.

૪. વસ્તુ માત્રમાં ગુણ અને અવગુણ બંને રહેલા છે, સર્વથા ગુણી કે સર્વથા અવગુણી જેવી કોઇ પણ વસ્તુ નથી. એકને એક વસ્તુ અવગુણ કરે છે ત્યારે તે જ વસ્તુ બીજાને ગુણ કરે છે માટે કોઇ પણ વસ્તુને બરાબ કહીને નિંદશો નહીં.

૫. તમે ફેશનમાં ફસાઈ જઇને એવો ઉદ્ભટ વેશ ન ધારણ કરો કે જેને જોઇને તમારો પિતા, પુત્ર કે ભાઈ, માતા, પુત્રી કે બહેન પોતાનું મન બગાડીને અપરાધી બને.

૬. સારા વિચારો વિચારવાની ટેવ પાડશો તો પછી તમને સારું કરતાં મુશ્કેલી નહીં પડે.

૭. દુનિયાના દરેક પ્રદેશમાં પ્રસિદ્ધિ મેળવવી હોય તો પ્રભુમય બની જાઓ, કારણ કે વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ પ્રભુ સિવાય બીજો કોઇ પણ મેળવી શકતો નથી.

૮. ત્યાગ ન બની શકે તો વિરક્ત થાઓ, ભલે ત્યાગી ન થાઓ; કારણ કે વૈરાગ્ય અંદરનો ત્યાગ છે અને ત્યાગ બહારનો ત્યાગ છે.

૯. મન સુંદર બનાવો, પછી તમને બધું ય સુંદર લાગશે.

૧૦. જ્યાં પ્રેમ છે ત્યાં જ દયા છે. દયા પ્રેમ વગર રહી શકતી નથી.

૧૧. દુનિયાની વાડીના ફૂલોમાંથી ભમરાની જેમ મીઠાશ લઇ લો અને કડવાશ છોડી દો, એટલે તમે સઘળાને મીઠા લાગશો.

૧૨. જે વસ્તુ ઉપર તમારો હક નથી તેના ભોગોપભોગની ચાહના રાખવી તમારી અજ્ઞાનતા છે.

૧૩. જીવવાને માટે પ્રભુના ગુન્હેગાર બનવા કરતાં મરવું સારું છે.

૧૪. વિકાર રહિત બન્યા સિવાય નિર્દોષ થવાતું નથી.

૧૫. પ્રભુને મળવું હોય તો સર્વ પ્રાણી સાથે પ્રેમ કરતાં શીખો.

૧૬. કુદરતે આપેલા ભોગોમાં ફસાઈ જઈને કંગાલ બનશો નહીં.

૧૭. મરીને પાછું અવતરવું છે એ વાતને ધ્યાનમાં રાખશો તો મરતી વખત મૂંઝવણ ઓછી થશે.

૧૮. સુખ જોઇતું હોય તો દુઃખીની પાસેથી ખરીદ કરો. સારામાં સારું મળશે, બીજે નહીં મળે.

૧૯. માણસાઇ મેળવો. કેવળ મનુષ્ય આકૃતિથી કાંઈ પણ વળવાનું નથી.

૨૦. સદ્‌ગુણો ખોઇને ધન ન મેળવશો; કારણ કે સદ્‌ગુણ આગળ ધનની કાંઈ પણ કિંમત નથી; માટે ધન મળે યા ન મળે પણ સદ્‌ગુણને ફેંકી દેશો નહીં.

૨૧. નિરુપયોગી વસ્તુઓનો સંગ્રહ કરી અપરાધી બનશો નહીં.

૨૨. દુઃખ સહન કરતાં શીખો; સુખ સદા રહેવાનું નથી.

૨૩. તમારી પાસે દુઃખની સામગ્રી ઘણી છે. નવી ખરીદશો નહીં.

૨૪. દરેક પ્રવૃત્તિમાં તમે જે ભૂલ કરો તેને લક્ષ્યમાં રાખશો.

૨૫. સુખને ન ખોળો, શાંતિને મળો, એટલે સુખ પોતાની મેળે જ આવી મળશે.

૨૬. સરળતા રાખશો તો દરેક કાર્ય સાધવામાં ઉપયોગી થઇ પડશે.

૨૭. સાચું કહી દો. બોલવામાં શરમ કે દાક્ષિણ્ય ન રાખો. નહીં તો વિશ્વાસઘાતી બનશો.

૨૮. જો બીજો માણસ તમારા ઉપર વિશ્વાસ ન રાખે તો તમે તેને ઠગી શકો જ નહીં.

૨૯. જીવવાનો લોભ ન રાખો. થોડું જીવો પણ સાચી રીતે જીવો.

૩૦. બીજા જીવોને જીવાડીને જીવવાનો લોભ ભલે રાખો.

૩૧. ધન મેળવવામાં ડહાપણ નથી પણ ધનનો ઉપયોગ કરવામાં જ ડહાપણ છે.

૩૨. જો જુવાનીમાં ધન ન મળ્યું તો પછી ઇંદ્રિયોથી ક્ષીણ થયેલી વૃદ્ધાવસ્થામાં ધનને શું કરશો ?

૩૩. તમે પોતાની જાતના મિત્ર બનશો તો જગતના મિત્ર બની શકશો.

૩૪. તમે પોતાનું કલ્યાણ કરવામાં સ્વતંત્ર છો પણ પરનું કલ્યાણ કરવામાં પરતંત્ર છો.

૩૫. સંસારમાં તમે મજૂર થઇને આવ્યા છો, માટે તમારી મજૂરી લઇને રસ્તે પડો. સંસારની કોઇ પણ વસ્તુ ઉપર તમારો હક નથી.

૩૬. આવામાં ભેદ છે પણ જીવવામાં નથી. સારું ખાનારે જીવે છે ને સાદું ખાનારે જીવે છે.

૩૭. ફક્ત જીવવાની જ ઇચ્છા રાખવાથી દુઃખ વેગળું રહે છે.

૩૮. તનથી ને ધનથી જગતનું ભલું ન કરી શકો તો મનથી તો ભલું ઇચ્છો.

૩૯. તમે પૈસાના પૂજારી ન બનશો, પ્રભુના પૂજારી બનશો તો તમારા જીવનની કિંમત અંકાશે.

૪૦. પારકી વસ્તુ મેળવી અભિમાનમાં આવી જશો તો પોતાની વસ્તુ મેળવી શકશો નહીં.

૪૧. હંમેશાં સ્વતંત્ર બનવાની ઇચ્છા રાખશો, સ્વચ્છંદી બનવાની ન રાખશો.

૪૨. આંખ, કાન અને હૃદય વગરના ધનવાન કરતાં આંખ, કાન અને હૃદયવાળો નિર્ધન હજારગણો સારો છે.

૪૩. સુખી અવસ્થા ભલે ભૂલી જાઓ, પણ દુઃખી અવસ્થા ભુલશો નહીં.

૪૪. કોઈ તમારો વાંક કાઢતું હોય તો ખુશી થાઓ, કારણ કે તમારામાંથી વાંકને કાઢે છે પણ નાંખતો નથી; માટે તમને તો લાભ જ છે.

૪૫. સંસારમાં સારા કહેવડાવવું હોય તો દંભ છોડીને સત્કાર્ય કરો.

૪૬. બધા પાસેથી માન જોઇતું હોય તો સહુ કોઈનું સન્માન કરો.

૪૭. તમારે સંસારના સ્વામી બનવું હોય તો સંસારના સેવક બનો.

૪૮. તમારે જેને પગે લગાડવો હોય તેને તમે હાથ જોડો.

૪૯. સહુ કોઇ માનને ઇચ્છે છે માટે કોઈનું પણ અપમાન કરશો નહિ.

૫૦. શોખ ભોગવતાં બીજા જીવોને શોક થાય છે માટે શોખ શોખ નથી પણ શોક જ છે.

૫૧. સઘળા જીવો જીવવાની ઇચ્છાવાળા છે, માટે તુચ્છ વિષયોમાં આસક્ત બનીને કોઇપણ જીવને મારશો નહિ.

૫૨. તમને સંસારના કોઈપણ જીવે હાથ જોડીને પ્રાર્થના કરી નથી કે તમે અમને મારી નાખીને આનંદ ભોગવો.

૫૩. જગતના જીવોનું રક્ષણ કરનાર જ જગતનો પિતા બની શકે છે.

૫૪. સહુ કોઈ સ્વામી બનવું પસંદ કરે છે. સેવક બનવું કોઇને પણ ઇષ્ટ નથી.

૫૫. વચનમાંથી કડવાશ કાઢી નાંખીને વાપરજો, કારણ સહુ કોઇ મધુર વચન ચહાય છે.

૫૬. મનુષ્ય માત્ર સરખા છે, કુદરતી બક્ષીસો જુદી જુદી છે, માટે કોઇપણ બક્ષીસનું અભિમાન કરનાર મૂર્ખ છે, કારણ કે સંપૂર્ણ બક્ષીસવાળો સંસારમાં કોઈ નથી.

૫૭. તમે કાયાથી ખોટું કામ કરતાં દુનિયાનો ભય રાખો છો તો પછી મનથી ખોટું કામ કરતા પ્રભુનો ડર શા માટે રાખતા નથી ?

૫૮. લાખો અર્થતાં જે શોભા મળતી નથી તે શોભા ઉત્તમ પ્રકારના ચારિત્રથી મળે છે.

૫૯. શરીરની કાંતિ વધારવી હોય તો નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળો.

૬૦. શરીરને બળવાન અને ખૂબસુરત બનાવવું હોય તો સર્વ પ્રકારના વિષયોને છોડો.

૬૧. સારાં ઘરેણાં પહેરવાથી કે સુંદર વસ્ત્રો પહેરવાથી શરીર શોભતું નથી, પણ ઉત્તમ પ્રકારના આચારવિચાર અને નીતિથી શોભે છે.

૬૨. પ્રભુએ દયા કરી ઉપકાર બુદ્ધિથી જે કાંઈ કહ્યું છે તેમ કરશો તો સુખી થશો.

૬૩. ધન મળ્યા પછી મનુષ્યત્વહીન બની મનુષ્યપ્રેમ વિસરશો નહિ.

૬૪. તમે પોતાનો ધર્મ રાખવામાં સ્વતંત્ર છો, પણ ધન રાખવામાં નથી.

૬૫. દેહને ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ ન કરો, આત્માને ઉપયોગી વસ્તુઓનો કરો; કારણ કે દેહને બાળીને રાખ કરવામાં આવશે.

૬૬. દેહની સેવામાં જ ઉત્તમ અને અમૂલ્ય જીવનને વેડફી ન નાંખો.

૬૭. અપકારનો બદલો વાળવાનો કોઇ દિવસ પણ વિચાર ન કરશો.

૬૮. નાશવાન દેહ માટે ભાન ભૂલી અપરાધી બનશો નહિ.

૬૯. બીજા જીવોને જીવાડીને જીવનાર જ સાચું જીવે છે. બાકી તો બધા ય જીવતા પણ મરેલા જ છે.

૭૦. તમારે આગળના માટે સારું ભેાથું હોય તો સત્કાર્ય કરી સાચી વસ્તુનો સંગ્રહ કરો.

૭૧. મોતને તમે ભલે ભૂલી જાઓ પણ મોત તમને વિસરવાનું નથી. સમય આવે સામે આવીને ઊભું રહેશે, ત્યારે જ તમને ખબર પડશે કે હું મોતનો ગુલામ છું.

૭૨. તમે આખર સ્થિતિમાં હો અને વૈદ્ય પાંચ સાત વર્ષ જીવવાની ગેરંટીથી સાજો કરવા તૈયાર થાય તો લાખો આપવા તૈયાર થાઓ છો, તો પછી અનંતાકાળ સુધીનું જીવન અર્પણ કરનાર પ્રભુના નામે હજારો ખર્ચતા કેમ મૂંઝાઓ છો. આ મૂંઝવણ જ તમારી પ્રભુ ઉપર કેટલી શ્રદ્ધા છે તે બતાવી આપે છે. પ્રભુશ્રદ્ધા વગર શ્રેય કયાંથી ?

૭૩. તમે દેહના માટે પૈસો વાપરતાં ઉદાર બની જાઓ છો અને પોતાના આત્માને માટે વાપરતાં કંજૂસ બની જાઓ છો, આ તે કેવું ડહાપણ !

૭૪. તમારી પાસે ધર્મ જે કાંઇ વસ્તુ માગે તે તમારી પાસે હોય તો તરત આપી દેજો; પણ કંગાળતા, દીનતા કે અશક્તિ બતાવશો નહિ, કારણ કે તમારી પાસે જે કાંઇ છે તે સઘળું ધર્મના પ્રતાપથી મળેલું છે.

૭૫. અવસરે પરિશ્રમ કરીને ખેતરમાં વાવનારને અનાજ મળ્યે જાય છે, તેમ અવસરે ધર્મક્ષેત્રમાં વાપરનારને સંપત્તિ મળ્યે જાય છે.

૭૬. ખર્ચ કરવાનાં સ્થળો હોવાથી જ ધન કિંમતી વસ્તુ છે. જો ખર્ચવાનું એક પણ સ્થળ ન હોય તો ધન તુચ્છ વસ્તુ છે.

૭૭. પુણ્ય મળ્યું હોય તો થોડું થોડું વાપરજો. જો વધુ વાપરવાની ઇચ્છા હોય તો નવું વધું પેદા કરજો.

૭૮. ભાગ્યાનુસાર ઇચ્છા રાખજો. ભાગ્ય વગરની ઇચ્છા રાખશો તો મળેલું ખોઈ નાંખી દુઃખી થશો.

૭૯. તમે શા કામે આવ્યા છો? વિચારો જુઓ. સવારે નહિ, બપોરે નહિ અને સાંજે પણ જો કરવાનું નહિ કરશો તો પછી સૂર્ય આથમી ગયા પછી શું કરશો?

૮૦. તમને જડની સેવા કરતાં અનંતો કાળ ગયો. શું મળ્યું? જન્મ મરણ કે બીજું કાંઈ?

૮૧. વિચાર કરી જોજો કે જે વસ્તુને તમે પોતાની માનો છો તેને તમે ક્યાંથી લાવ્યા છો?

૮૨. સ્વતંત્રપણે અશાતા-દુઃખ ભોગવી લેશો તો દુઃખ પામશો નહિ.

૮૩. સ્વાર્થના ખાતર બીજાને સારું લગાડવા ખોટી પ્રતિજ્ઞા કરશો તો સ્વાર્થભ્રષ્ટ બનીને પ્રભુના ગુન્હેગાર બનશો.

૮૪. કાયભોગી કરતાં વૃત્તિભોગી કનિષ્ઠતર છે, કાયત્યાગી કરતાં વૃત્તિત્યાગી શ્રેષ્ઠતર છે. કાય અને વૃત્તિ ઉભયનો ત્યાગી શ્રેષ્ઠતમ છે.

૮૫. તમે કોઈ પણ પ્રકારના બદલાની ઇચ્છા રાખ્યા વગર વિશ્વની સેવા કરજો.

૮૬. તમે પારકી સ્ત્રી, પારકું ધન આદિ પારકી વસ્તુઓને ભોગવવાની ઇચ્છા રાખશો તો વસ્તુઓ ભોગવ્યા વગર પણ પ્રભુના ગુન્હેગાર બનશો.

૮૭. તમારે સદા સર્વદા સાચું જ બોલવું, છતાં પોતાની માનસિક નબળાઇને લઇને સ્વાર્થને જતો ન કરી શકો તો નિષ્કારણ જૂઠું બોલશો જ નહીં.

૮૮. જે કામ કરવાથી સજ્જન, ડાહ્યા અને પ્રતિષ્ઠિત પુરુષોમાં અપયશ થાય તે કામ તમે કરશો નહીં.

૮૯. જે કામને હલકા માણસો ઉત્તેજન આપે, વખાણે તેવા કામથી વેગળા રહેશો.

૯૦. તમે કોઈ ગામ જતાં રસ્તો ભૂલી જાઓ તો ભરવાડ તથા ભીલ જેવા મૂર્ખ માણસોને રસ્તો પૂછતાં શરમાતા નથી અને અભિમાન પણ રાખતા નથી; તો પછી જીવનની મુસાફરીમાં રસ્તો ભૂલતાં ડાહ્યા અને બુદ્ધિશાળી માણસોને પૂછતાં શા માટે શરમ અને અભિમાન રાખો છો ?

૯૧. જો તું સુખી હોય તો દુઃખમાં જીવવાની વ્યવસ્થા કરી રાખજે, કારણ કે આવતી કાલે દુઃખ આવીને ઊભું રહેશે. અને જો તું દુઃખી હોય તો બેભાન થવાથી ચેતતો રહેજે; કારણ કે આવતી કાલે સુખનો સમય આવશે.

૯૨. સુખ આવ્યા પછી દુઃખી અવસ્થાની રીતભાત છોડીશ નહિ કારણ કે સુખના દિવસ જતાં વાર નહિ લાગે અને પાછું દુઃખ આવીને ખડું થશે.

૯૩. સંસારમાં બધી વાતે સુખી અને બધી વાતે દુઃખી કોઈ પણ નથી. જે સુખી છે તે દુઃખી પણ છે અને જે દુઃખી છે તે સુખી પણ છે. ધન છે તો પુત્ર નથી, અને પુત્ર છે તો ધન નથી. ધન સ્ત્રી, પુત્ર છે તો પુત્ર નાલાયક છે. ધન, સ્ત્રી, પુત્ર વગેરે સુખનાં સાધન સારાં છે તો શરીરમાં વ્યાધિ અને મનમાં ચિંતા રહે છે; માટે ભાગ્યાનુસાર મળેલી વસ્તુમાં સંતોષ રાખીને ન મળેલી વસ્તુનો શોચ ન કરશો.

૯૪. તમને ખાવાને અન્ન, પહેરવાને વસ્ત્ર, રહેવાને મકાન અને શરીરમાં આરોગ્યતા એટલાં વાનાં મળે તો સંતોષ રાખી સુખી જીવન ગાળશો.

૯૫. પાપ કરીને મેળવેલા ધનથી પાછું પાપ ખરીદશો નહિ પણ સુકૃતમાં ધન વાપરીને પુણ્ય ખરીદશો તો આગળ જતાં તમે સુખી થશો.

૯૬. નબળાં કામ કરનાર પોતાની જાતનો શત્રુ છે અને સારાં કામ કરનાર મિત્ર છે, માટે તમે પોતે જ પોતાની જાતના શત્રુ બનશો નહીં.

૯૭. ધન મેળવતાં આત્મા પાપથી જેટલો ખરડાયો હોય તેટલો ધોઈ નાંખવા ધનમાંથી અમુક ભાગ સુકૃતમાં વાપરવા કાઢશો.

૯૮. દુઃખ વેઠી, અપરાધ કરી મેળવેલા ધનનો પોતે નિરપરાધી બનવા ઉપયોગ ન કરતાં કેવળ દેહસેવામાં જ ઉપયોગ

કરશો તો છેવટે દેહ છૂટી પડશે, અને અપરાધની સજા ભોગવવા દુર્ગતિમાં તમારે જવું પડશે.

૯૯. તમે પોતાના શ્રેય માટે ભલે દુઃખ ભોગવો પણ દેહના મોજશોખ માટે તો જરાય દુઃખ ભોગવશો નહિ.

૧૦૦. જીવનનિર્વાહમાં નિરુપયોગી વસ્તુઓની ચાહના રાખી દુઃખી થશો નહિ.

૧૦૧. બીજાનું ભલું ન કરી શકો, ન કરાવી શકો તો હરકત નહિ પણ મનથી તો જગતનું કલ્યાણ ઇચ્છશો.

૧૦૨. તમને મેલાં કપડાંવાળા ગંદા મવાલીઓને જોઈને ઘૃણા ઉત્પન્ન થાય છે, પણ પ્રભુની દૃષ્ટિમાં તમે મવાલીઓ કરતાં પણ વધારે ગંદા છો; માટે જો તમારે પ્રભુદૃષ્ટિમાં સ્વચ્છ રહેવું હોય તો અનાસક્ત રહીને કર્મથી મેલા થશો નહિ અને પહેલાંનો મેલ ચોંટ્યો હોય તેને શુદ્ધ અધ્યવસાયથી ધોઇ નાંખજો.

૧૦૩. તમે સુતરાઉ અથવા રેશમી નવાં કપડાં પહેર્યાં હોય છે ત્યારે તમને વસ્ત્ર મેલાં થવાનો કે ડાઘ લાગવાનો ઘણો જ ભય રહે છે. ચીકાશથી તો ઘણા જ બચાવતા રહો છો. ધૂળવાળી જગ્યામાં કપડાં ઊંચાં લઈને બેસો છો, પણ તમારો આત્મા કર્મથી મેલો થાય છે, રાગદ્વેષની ચીકાશથી ચીકણો થાય છે તેનો તમને જરાય ભય નથી તેમજ આત્માને મેલો ન થવા દેવાની કાળજી કે ચિંતા પણ નથી.

૧૦૪. આ જગતમાં જે કાંઇ જણાય છે તેમાં સાચું કેટલું છે અને સારું કેટલું છે ? તમને જેટલું સાચું અને સારું લાગે છે તેનાથી તમને કેટલો સંતોષ, કેટલી શાન્તિ અને કેટલું સુખ મળ્યું ?

૧૦૫. તમે જગતની જેટલી વસ્તુઓ વાપરી તેટલીથી સંતોષ તો મળ્યો હશે જ, હવે પાછી તે વસ્તુ વાપરવાની ઇચ્છા પણ નહિ જ થતી હશે.

૧૦૬. જે વાત સર્વને ન કહેવાની હોય તે વાત બીજાના આગળ કહીને ભલામણ કરવી કે 'આ વાત કોઇને કહેશો નહિ' તે ગંભીર ભૂલ ગણાય, કારણ કે બીજાના આગળ કહેલી વાત આગળ ગયા સિવાય રહેતી નથી. જેવી રીતે તમે ન કહેવાની ભલામણ કરીને વાત કહી, તેવી જ રીતે તે પણ બીજા માણસને તમારી કહેલી વાત કહીને ન કહેવાની ભલામણ કરશે. તે વળી ત્રીજાને કહેશે. ત્રીજો વળી ચોથાને. આ પ્રમાણે ચાર કાને ગયેલી વાત સઘળે ફેલાઈ જશે.

૧૦૭. તમે અનેક જન્મોમાં અનેક જીવોને મારીને અપરાધી બની રહ્યા છો અને આ જન્મમાં પણ હમેશાં ઇંદ્રિયોના દાસ બનીને અનેક જીવોને મારી રહ્યા છો માટે જ તમને મોતનો ભય રહ્યા કરે છે. જો તમારે મોતનો ભય ટાળવો હોય તો કોઇ પણ જીવને મારી અપરાધી બનશો નહિ.

૧૦૮. તમે "હું હોંશિયાર છું, હું બુદ્ધિશાળી છું" એવું અભિમાન રાખતા હો તો કાઢી નાંખજો, કારણ કે જ્યાં સુધી તમે તમારા આત્માને જન્મમરણના દુઃખોમાંથી છોડાવતા નથી ત્યાં સુધી તમારામાં અક્કલ કે હોંશિયારી છે જ નહિ.

૧૦૯. તમને કોઈ પાપી કહે છે ત્યારે તમને માઠું લાગે છે તો પછી પાપ શા માટે કરો છો? જેવું કરશો તેવું સહુ કોઇ કહેશે. પાપ ન કરો અને પાપ કરવું હોય તો માઠું ન લગાડો. ચોરી, લુચ્ચાઈ, જીવહિંસા વગેરે પાપાચરણ છોડી

દેા, નહિ તેા તમને દુનિયા ચાર, લુચ્ચેા, પાપી કહ્યા વગર નહિ રહે.

૧૧૦. ઘડીભરની મેાજના ખાતર ચેારી, ઠગાઇ, બદમાશી કરીને જીવનપર્યંતની પ્રામાણિકતા તથા પ્રતિષ્ઠાને ધેાઇ નાંખી દુનિયાની દૃષ્ટિમાં હલકા બનીને શા માટે દુર્ગતિના મહેમાન બનેા છેા ?

૧૧૧. તમારા ભલા માટે હિતબુદ્ધિથી કેાઈ તમને બે શબ્દ કહે તેા તેને ઉપકારી માનજો, પણ શત્રુ માનશેા નહિ.

૧૧૨. અનુભવી ડાહ્યો માણસ કેાઇ વાત કહે અને તમે તમારી અલ્પબુદ્ધિથી તે જ વાતને ખેાટી રીતે સમજી રાખી હેાય તેા કદાગ્રહ છેાડી દઈને ડાહ્યા માણસની વાત સ્વીકારી લેજો.

૧૧૩. કેાઈ પણ પ્રકારનું વ્યસન તેા ન જ હેાવું જોઇએ. ચા, બીડી, પાન, સેાપારી, તંબાકુ વગેરે વસ્તુઓ આર્થિક તેમજ શારીરિક સારી સ્થિતિનેા નાશ કરનારી છે; ધાર્મિક ભાવનાઓને મંદ કરનારી છે અને કેાઈ પ્રસંગે ન મળે તેા ઘણી જ દુર્દશા કરાવનારી છે.

૧૧૪. એવી ટેવ તેા ન જ હેાવી જોઇએ કે અમુક વસ્તુ વગર ન જ ચાલે. બે દિવસ વસ્તુ ન મળે તેા પણ મનમાં મૂંઝવણ ન થવી જોઇએ. છેવટે જીવવાનું સાધન જે અન્ન તેના માટે પણ ચાર દિવસ ન મળે તેા ય ચાલ્યું જાય તેવી ટેવ પાડવી જોઇએ.

૧૧૫. માણસ ભલે કાળું-કૂબડું કે બેડેાળ હેાય, પણ હૃદય તથા જીભમાં મીઠાશ હેાય તેા તે સ્વર્ગના દેવેા કરતાં પણ ઘણું જ સુંદર છે.

૧૧૬. અપરાધની સજા ભોગવવાનો સમય આવે તો ખુશી થશો અને અપરાધી બનવાનો સમય આવે તો દિલગીર થશો.

૧૧૭. ભૂતકાળની ભૂલને સંભારીને આજના સુખી દિવસને દુઃખી ન બનાવો, પણ વર્તમાન કાળે જે સુખનો દિવસ છે તેને આનંદથી ભોગવીને ભાવીમાં ભૂલ ન થવા પામે તે માટે સાવધાન રહો.

૧૧૮. એક સાધારણ માણસની સેવા કરનાર બદલો મેળવી શકે છે. અરે ! ગાય-ભેંસ જેવા પશુની સેવા પણ નિષ્ફળ જતી નથી. બદલામાં દૂધ દહીં મળે છે, તો પછી પ્રભુની સેવાથી બદલો કેમ ન મળે ? કયારે અને શું બદલો મળશે તે માણસ જાણી શકતા નથી માટે જીવનપર્યંત પ્રભુની સેવા છોડવી ન જોઇએ.

૧૧૯. ઉતાવળા ન થાઓ, ધીરજ રાખી સારું કર્યે જાઓ. તમારા માટે બધી સગવડ થઈ રહી છે. તમારી ઉચ્ચ ભાવના અને પ્રવૃત્તિ અનુસાર તમારું શુભ ભાગ્ય ઘડાઈ રહ્યું છે, અને અશુભ ભાગ્ય ક્ષીણ થઈ રહ્યું છે. સમય આવ્યે સારું ફળ મેળવશો માટે આરંભેલાં શુભ કાર્યને ફળ મળતાં સુધી છોડશો નહિ.

૧૨૦. સાચી રીતે જનતાની સાથે વર્તો, દંભથી વર્તશો તો દેખાવમાં સારા લાગશો પણ તમારો આત્મા મલિન થવાથી છેવટે તિરસ્કારનું પાત્ર બની સહુ કોઇને અળખામણા લાગશો.

૧૨૧. તમે પ્રભુના સાચા સેવક બનશો તો, સંસાર તમારું બહુમાન કરશે તમને જનતાનું માન મેળવવા માયા-પ્રપંચ કરી બીજી ખટપટો કરવી પડશે નહિ.

૧૨૨. કોઈના માટે સારો કે નરસો અભિપ્રાય બાંધતાં

પહેલાં સારી રીતે વિચાર કરજો, નહિ તો જગતમાં મિથ્યા-વાદીનું કલંક તમારા માથે ચોંટશે, અને પ્રભુના ગુન્હેગાર બની સજાનું પાત્ર બનશો.

૧૨૩. દુનિયાને ન્યાય આપવાની હોંશ થતી હોય તો પહેલાં ન્યાયમાર્ગે ચાલી, ન્યાયાધીશની યોગ્યતા મેળવી ન્યાયાધીશ બનો. નહિ તો અન્યાય માર્ગે ચાલવાનો અને અનધિકારીપણે ન્યાય આપવાનો આરોપ તમારા માથે આવશે અને બેવડી સજા ભોગવવી પડશે.

૧૨૪. તમને કોઇએ પણ હાથ જોડીને પ્રાર્થના કરી નથી કે તમે અમારા ગુન્હાઓ બીજાઓની આગળ કહીને અમારા માટે સજાઓ ઘડીને બહાર પાડો.

૧૨૫. જે માણસ જેટલા માનને લાયક હોય તેનું તેટલું જ માન જાળવવું તે યોગ્ય ગણાય, પણ તેનાથી વધુ પડતું માન આપવું તે તેનું અપમાન કરવા જેવું છે.

૧૨૬. જેમ વડ, આંબા, ગુલાબ આદિ ઝાડોને કાપી નાંખીને તેની કલમો કરવામાં આવે છે, જેટલી કલમો કરવામાં આવે છે તેટલા જ નવા આંબા વિગરે તૈયાર થાય છે અને કાપી નાંખેલું ઝાડ ખૂબ ફાલેફૂલે છે, તેવી જ રીતે વધારાની ધન-સંપત્તિને કાપી નાંખી ગરીબ માણસોને દરિદ્રતાની ભૂમિમાં કલમ કરવામાં આવે તો સંપત્તિના અનેક નવાં વૃક્ષો તૈયાર થાય છે અને સંપત્તિનું મૂળ વૃક્ષ વિવિધ પ્રકારની સંપત્તિથી ખૂબ ફાલે ફૂલે છે.

૧૨૭. પુણ્ય સંયોગે સંપત્તિ મળ્યા પછી ધનમદમાં આવી જઇને ધનનો દુરુપયોગ કરશો નહિ કારણ કે ધનનો દુરુપયોગ

થવાથી શીઘ્ર ધનનો નાશ થઇ જાય :છે, પુણ્યપ્રકૃતિ જલદી ક્ષીણ થઈ જાય છે. મળેલું ધન ગયા પછી જીવનપર્યંત પાછું મળી શકતું નથી, માટે ભોજશોખમાં ધનનો ઉપયોગ ન કરતાં પુણ્યમાર્ગમાં વ્યય કરશો.

૧૨૮. કોઇના તરફથી કે પોતાની મેળે આપત્તિ-વિપત્તિ કે કોઇપણ પ્રકારનું દુઃખ આવે તો-હું અપરાધી છું-એમ ચિંતવીને ખુશી થજો અને આનંદથી ભોગવી લેજો પણ બીજાને માથે અપરાધનું આળ ચઢાવીને ફરીથી અપરાધી બનશો નહિ.

૧૨૯. તમને પોતાના દોષ જોઇને વીણવાની ઇચ્છા હશે તો વીણી શકશો અને સર્વથા દોષ રહિત બની શકશો, પણ બીજાના દોષ જોયા કરશો તો નિર્દોષ બની શકશો નહિ તેમજ તેની ઇચ્છા વગર તમે તેના દોષોને પણ કાઢી શકશો નહિ.

૧૩૦. બીજાને શાંતિ, સુખ અને આનંદ મેળવવામાં કારણભૂત થશો, પણ દુઃખ તથા અશાન્તિનું કારણ બનશો નહિ.

૧૩૧. દોષના દ્વેષી અને ગુણના રાગી બનવું સારું છે; પણ ગુણના દ્વેષી બનવું સર્વથા નિર્ગુણ બનવા જેવું છે.

૧૩૨. દુનિયાની વસ્તુઓને પોતે પસંદ કરતાં પહેલાં પ્રભુની પસંદગી ધ્યાનમાં રાખશો.

૧૩૩. એટલું ધ્યાનમાં રાખજો કે દરેક બાબતમાં ચીકાશ સારી નથી પણ લૂખાશ સારી છે.

૧૩૪. નિર્ગુણી અછતા ગુણો સાંભળવા ઉત્સાહવાળો રહે છે, ત્યારે ગુણી છતા દોષો સાંભળવા આતુર બન્યો રહે છે.

૧૩૫. કોલસાને ધોળો કહેવા માત્રથી જ જો તે ધોળો થઇ

જતો હોય તો જ નિર્ગુણીને ગુણી કહેવા માત્રથી ગુણવાન બની શકે છે.

૧૩૬. જે દુઃખીને જોઇને દુઃખી થતો નથી તે દુઃખોથી છૂટી શકતો નથી.

૧૩૭. સહુ કોઈ સુખને ચહાય છે એવી દૃઢ શ્રદ્ધાવાળો અપરાધી બની શકતો નથી.

૧૩૮. સંસારના સઘળા જીવો અપરાધના અતિથિ બન્યા છે, માટે જ અપરાધનું સ્વાગત કરવા સહુ કોઇ તૈયાર રહે છે.

૧૩૯. તમે જરૂરિયાતોમાંથી પણ કરકસર કરીને પાંચ પૈસાનો બચાવ કર્યો હોય તો પોતાની ક્ષુદ્ર વાસનાઓમાં ન વાપરતાં અપંગ તથા અનાથ ગરીબ બાળ, સ્ત્રી અને વૃદ્ધની સેવામાં વાપરશો.

૧૪૦. જે માણસને જે વસ્તુની પ્રતિજ્ઞા હોય તે વસ્તુ ખાસ કારણ સિવાય તેને જાણીને આપવામાં આવે, તો આપનાર વિષપાન કરાવનાર કરતાં વધારે અપરાધી છે.

૧૪૧. સેવાને બહાને અપરાધી બનવું યોગ્ય નથી. ધોવાની ઇચ્છાથી કાદવમાં પગ બરડવા કરતાં ન બરડવા જ ઠીક છે.

૧૪૨. ચોરી કરી કે બીજાના પ્રાણહરણ કરીને સેવાની ભાવના રાખવી, મહાન્ અપરાધી બનવા જેવું છે.

૧૪૩. તમે પ્રભુની દૃષ્ટિમાં નિરંતર રહો છો; પણ તમે પોતાની દૃષ્ટિમાં પ્રભુને ક્યારે રાખશો ?

૧૪૪. સર્વ જગત સમાય તેવી વિશાળ દૃષ્ટિ થયા સિવાય પ્રભુને મળી શકાતું નથી.

૧૪૫. મોહનો નશો ઉતર્યા સિવાય બોલશો નહિ કે હું શુદ્ધ છું, નિરંજન છું, અનંત શક્તિવાળો છું, પરમાત્મા-સ્વરૂપ છું.

૧૪૬. અધ્યાત્મીની ઓળખાણ તેની શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની ક્રિયાઓથી થાય છે.

૧૪૭. ક્રિયાનો પક્ષપાત કરવાને બદલે મૂળથી ઉચ્છેદ કરનાર જડાસક્ત-પુદ્ગલાનંદી છે; પણ અધ્યાત્મી નથી.

૧૪૮. વસ્તુનો વાસ્તવિક બોધ કરવા વિચાર કરો પણ વિવાદ ન કરો.

૧૪૯. બુદ્ધિ માત્રથી સિદ્ધ થયેલી વસ્તુ કરતાં પ્રયોગથી સિદ્ધ થયેલી વસ્તુ અત્યંત આદરણીય થાય છે.

૧૫૦. જે વાત તમને ન રુચતી હોય તેને ન સ્વીકારો પણ સાચી વાતને જૂઠી બનાવવા તમારી બુદ્ધિને જૂઠી ન કરો.

૧૫૧. તમારે શું જોઇએ છે, તેનો નિર્ણય કર્યા પછી જ કોઈ પણ કાર્યની દિશામાં પ્રયાણ કરો.

૧૫૨. ઉપકારબુદ્ધિથી અને સેવાબુદ્ધિથી નિઃસ્વાર્થપણે કાંઇ પણ કરશો તો સારો લાભ મેળવશો.

૧૫૩. તમે વિચાર કરવામાં સ્વતંત્ર છો; પણ સત્યાસત્યનો નિર્ણય કરવામાં તો પરતંત્ર જ છો.

૧૫૪. જે વિષયનો તમને સર્વથા અભ્યાસ ન હોય તેવા વિષયમાં કદાપિ માથું મારશો નહિ.

૧૫૫. કોઇપણ કારણને લઇને કોઇ વ્યક્તિ પ્રત્યે તમને ઘણા તિરસ્કાર હોય તો ભલે; પણ તેના સાચા અને સારા હિત-

કારી વક્તવ્ય પ્રત્યે ઘૃણા-તિરસ્કાર ન રાખશો.

૧૫૬. પેટ ન ભરાતું હોય તો ફોડી નાંખજો, પણ કોઇના ઉત્તમ જીવનને અધમ બનાવવા પૈસાને માટે અધમ બનશો નહિ.

૧૫૭. તમે દુનિયાના ગુણ ગાશો તો દુનિયા તમારા ગુણ ગાશે, અને અવગુણ ગાશો તો અવગુણ ગાશે.

૧૫૮. પરમાત્મા જુદા નથી પણ એક જ છે, પરંતુ પરમાત્માને સાચી રીતે ઓળખીને ઉપાસના કરશો તો સાચું ફળ મેળવશો.

૧૫૯. જે કાર્ય કરવામાં પ્રભુના ગુન્હેગાર ન થવાય તે કાર્ય કરતાં કોઇનો પણ ભય કે શંકા રાખવાની જરૂરત નથી.

૧૬૦. તમે સહુ કોઈને ગમતું નહિ કરી શકો. પ્રભુને ગમતું કરો.

૧૬૧. માર્મિક વચનોના પ્રહાર, તલવારના પ્રહાર કરતાં ઘણા જ દુઃખદાયી છે.

૧૬૨. તમારી પાસે કોઈ દુઃખથી બળ્યો-જળ્યો આવે તો તેને મીઠાં વચનોથી આશ્વાસન આપી શાંત પાડો; પણ તેનો તિરસ્કાર કરીને દુઃખની અગ્નિમાં વધારો ન કરો.

૧૬૩. તમને સહુથી વધારે જે પ્રિય લાગતું તે બીજાને આપો.

૧૬૪. સઘળા ય આત્માઓનો ધર્મ એક જ છે, જુદો નથી; પણ તેને પ્રગટ કરવાનાં સાધનો જુદાં જુદાં છે. માટે જે સાધનથી જેનો આત્મા શુદ્ધ થઇને પ્રકાશમય બને તેના માટે તે સાધન ઉપયોગી છે. તેમાં કદાગ્રહની કે વિવાદની જરૂરત નથી.

૧૬૫. ક્રોધ, મદ, લોભ, ઈર્ષ્યા, દંભ, દ્વેષ, વિરોધ અને

વિષય વગેરે આત્માને મેલો બનાવી તેના જ્ઞાનાદિ ધર્મને ઢાંકી દેનારા છે, અને વર્ણ, ગંધ, રસ, શબ્દ અને સ્પર્શ વગેરે જડના ધર્મો ક્રોધાદિને સહાય કરવાવાળા છે; માટે જ્યાં બંને છે ત્યાં ધર્મનો વિકાસ નથી, પણ વિનાશ છે.

૧૬૬. દુનિયામાં સાચું તે સાચું છે અને ખોટું તે ખોટું જ છે; પણ માનવીઓ વિપરીત બુદ્ધિને લઈને સાચાને ખોટું અને ખોટાને સાચું માને છે.

૧૬૭. જડ જગતમાં ભટકતી વૃત્તિઓને રોકો; એટલે તમને શાન્તિ અને વિશ્રાંતિ બંને મળશે.

૧૬૮. શાન્તિ, વિશ્રાન્તિ અને સુખના માટે એક પાઈ પણ ખર્ચવાની જરૂરત નથી. ગરીબમાં ગરીબ માણસ પણ મેળવી શકે છે.

૧૬૯. જે અસંતોષી છે તે ગરીબમાં ગરીબ છે; કારણ કે તે પોતાની પાસે લાખોની સંપત્તિ હોવા છતાં મારી પાસે કાંઇ નથી, એમ માનીને લોભના વશથી ગરીબાઇ ભોગવે છે.

૧૭૦. જે જડની પાસે સુખનો અંશ પણ નથી, એવા સુખ વગરના કંગાળ જડની પાસે સુખની ભીખ માગનારો ભિખારીનો પણ ભિખારી છે.

૧૭૧. ઇંદ્રિયોના વિષયોમાં અનાસક્તિ ધારણ કર્યા વગર વૃત્તિઓ રોકી શકાતી નથી, અને વૃત્તિઓ રોકાયા સિવાય આત્મશુદ્ધિ થઈ શકતી નથી.

૧૭૨. અસહ્ય વેદનાથી પીડાતો જેમ દયાનું પાત્ર છે તેમ ક્રોધના દરદથી પીડાતો પણ દયાનું પાત્ર છે, માટે બંનેના

ઉચિત ઉપચાર કરીને આરામ અને શાન્તિ પમાડવા પ્રયત્ન કરવો મનુષ્યની ફરજ છે.

૧૭૩. ભાન ભૂલીને વિકળ થયા સિવાય ગાળો ભાંડીને કે બીજી રીતે અપમાન કરી શકાતું નથી, માટે તે અપમાન કરનાર દ્વેષનું પાત્ર નથી પણ દયાનું પાત્ર છે; કારણ કે વિકળતા અત્યંત ક્રોધથી અથવા તો ગાંડપણથી થાય છે અર્થાત્ એક ક્રોધથી વિકળ અને બીજો ગાંડપણથી વિકળ–આ પ્રમાણે બન્ને વિકળતામાં સરખા હોવાથી તેમની પ્રવૃત્તિ ઉપર દયા જ કરવી જોઇએ.

૧૭૪. તમારે પોતાની ઓળખાણ કરવી હોય તો વિષયાસક્તિ છોડવી જોઇએ.

૧૭૫. આસક્તિ અને પ્રભુભક્તિને ઘણો જ વિરોધ છે. જ્યાં આસક્તિ છે ત્યાં પ્રભુભક્તિ રહી શકતી જ નથી.

૧૭૬. દુનિયા શું વસ્તુ છે તે સાચી રીતે જાણવું હોય તો દુનિયાનો પક્ષપાત છોડી દઇને મધ્યસ્થપણાનો સ્વીકાર કરો.

૧૭૭. ખોરાક સાદો હોય કે સારો હોય, પરિણામે બાધા પછી બંનેનો મળ જ બને છે, માટે બન્ને પ્રકારના ખોરાકમાં કાંઇપણ ભેદ નથી. તો પછી સારા ખોરાક માટે ચાહના રાખી શા માટે દુઃખી થાઓ છો ? તમારે તો બાતી વખત ક્ષુધાવેદનાની શાન્તિ અને જીવવું આ બે જ વાતો ઉપર ધ્યાન આપવું જોઇએ.

૧૭૮. જરૂરિયાતો ઓછી કરી નાંખશો તો જ ચિંતાઓને ઓછી કરી શકશો.

૧૭૯. ચાર આનામાંયે જીવાય છે અને ચાર રૂપિયામાંયે જીવાય છે, પણ ચાર આનાવાળો જેટલો સુખે જીવી શકે છે

તેટલો ચાર રૂપિયાવાળો સુખે જીવી શકતો નથી; કારણ કે ચાર રૂપિયાના ખોરાકવાળાને ડૉકટરો માટે હજારોની સગવડ કરી રાખવી પડે છે, અને ચાર આનાવાળાને તેમાંની કશીયે જરૂરત પડતી નથી.

૧૮૦. કપાળની આંખોથી જોવા કરતાં હૃદયની આંખોથી જોનાર ઘણું જ સાચું જોઈ શકે છે.

૧૮૧. જે પેટના માટે દુનિયા ચોવીશે કલાક શારીરિક અને માનસિક કષ્ટ વેઠી રહી છે, તે પેટ જો વગર મહેનતે ભરાતું હોય તો પછી આત્મશ્રેય માટે પ્રભુભક્તિમાં લીન કેમ ન થવું જોઇએ? આત્મવિકાસ માટે કેમ ન પ્રયત્ન કરવો જોઇએ?

૧૮૨. ખાધેલું પચાવવા દવા ખાવા કરતાં વગર દવાએ પચી જાય તેટલો જ ખોરાક (ઊણોદરી) લેવો ઠીક છે.

૧૮૩. મન ઉપર વળેલા કષાય અને વિષયના કાટને કાઢી નાંખીને પ્રભુસ્મરણરૂપ પારસમણિનો સંસર્ગ કરવાથી આત્મા સ્વર્ણ બની જાય છે.

૧૮૪. તમારી સદ્‌બુદ્ધિથી ઉત્પન્ન થયેલા તમારા પોતાના જ વિચારોને જનતાનાં કલ્યાણ માટે વાપરશો તો તમે સ્વ–પરનું હિત સાધી શકશો.

૧૮૫. પોતાના મનની મલિનતાને લઇને વૈષયિક સુખોના વિરોધી ઉત્તમ પુરુષોના ઉત્તમ વિચારોને ભૂંસી નાંખવા પામર મનુષ્યોના વિચારોનું પ્રચારકાર્ય કરનારાઓ પોતાના આત્માના પરમ દ્રોહી છે.

૧૮૬. જે વિચારો તમારી બુદ્ધિને મલિન બનાવી તમારા જીવનમાં અધમતાનો વિકાસ કરે તેવા વિચારોનો સંગ્રહ

કરીને બીજાને સંગ્રહ કરાવવા પ્રયત્ન કરવો તે જ સ્વ-પરના નાશની નિશાની છે.

૧૮૭. અન્ન પરિમિત જીવનનું સાધન છે ત્યારે ધર્મ અપરિમિત અને સાચા અનંત જીવનનું પરમ સાધન છે.

૧૮૮. અનીતિ અને અધર્મથી ધન ભેગું કરીને તે જ ધન અનીતિ અને અધર્મમાં વાપરવું ડાહ્યા માણસનું કામ નથી.

૧૮૯. તમને સાચા અને ભલા માણસ બહુ ગમે છે માટે જો તમે સાચા અને ભલા બનશો તો સહુને ગમશો.

૧૯૦. સર્વથા નિર્દોષના વિચારોની ગવેષણા કરજો અને જો તેવા વિચારો મળી જાય તો પોતાના અને પરના વિચારોને કાઢી નાંખીને તેનો સારી રીતે સંગ્રહ કરી તેના પ્રચાર માટે સમગ્ર જીવન અર્પણ કરશો તો તમે પોતાનું કલ્યાણ કરી શકશો.

૧૯૧. તમારી માતા, પુત્રી કે બેન ઉપર કોઇ કુદૃષ્ટિ કરે તો તમને કેટલું દુઃખ થાય છે? અને તમે ક્રોધમાં આવી જઇને તેને નીચ, દુર્જન ગણીને તેના પ્રાણહરણ કરવા તૈયાર થઈ જાઓ છો. તો પછી તમે બીજાની માતા, સ્ત્રી, પુત્રી કે બેન ઉપર કુદૃષ્ટિ કરતાં વિચાર કરજો કે આનું પરિણામ શું આવશે અને હું જગતમાં કેવો ગણાઈશ.

૧૯૨. ધર્મ સિવાય બીજા કોઈ પણ પ્રકારનો દંભ કરી દેહને પોષી તુચ્છ સ્વાર્થ સાધનારાઓ તો દંભ છોડી ધર્મનો આશ્રય લેવાથી છૂટી શકશે; પણ ધર્મનો દંભ કરી, તુચ્છ જડાત્મક સુખમાં મગ્ન રહી ક્ષુદ્ર સ્વાર્થ સાધનારાઓ મહાન અપરાધી હોવાથી ઘણે કાળે ઘોર કષ્ટો વેઠીને પણ છૂટી શકવાના નથી; કારણ કે છૂટવાની વસ્તુને બાંધવાના કામમાં લીધી છે.

૧૯૩. ધન અને જીવનમાં જીવન કિંમતી વસ્તુ છે. તે ધન શા કામનું કે જે જીવનની કિંમત સમજવા દેતું નથી ?

૧૯૪. મહત્વાકાંક્ષી જ મહાપુરુષ બની શકે છે પણ મિથ્યાભિમાની બની શકતો નથી, કારણ કે મહત્વાકાંક્ષી ગુણવાનની ગુણસ્તુતિ સાંભળીને ખુશી થાય છે અને ગુણવાન બનવા પ્રયત્ન કરે છે, ત્યારે મિથ્યાભિમાની અદેખાઈ તથા અસહિષ્ણુતાથી ગુણવાનના અછતા દોષો બતાવી હલકો પાડવા પ્રયત્ન કરે છે.

૧૯૫. દાંભિકતાથી જનતામાં મોટાઈ મેળવનારાઓનાં જીવન અસહિષ્ણુતાને લઇને પરમ દુઃખી હોવાથી અત્યંત દયાજનક હોય છે.

૧૯૬. જેમના જીવનમાં જીવીને અનેક આત્માઓ પરમ સુખી થયા છે તેમનાં જીવન ધન્ય છે, પૂજ્ય છે, કોટિશઃ વંદનીય છે.

૧૯૭. અધમમાં અધમ પણ જેમનાં દર્શન માત્રથી ઉત્તમતા મેળવે છે; સંતાપના તાપથી આકુલવ્યાકુલ થયેલા જેમની વાણી સાંભળવા માત્રથી શાન્તિ પામે છે, જેમની દૃષ્ટિમાં પાપી–અપરાધી જીવોનું પરમહિત સમાયલું છે એવા દુનિયાના દેવમહાપુરુષો પ્રાણી માત્રને પૂજ્ય છે, ઉપાસના કરવા લાયક છે, વંદ્ય છે.

૧૯૮. પોતે વિષયાભિનંદી હોવા છતાં ભોળા, અણસમજુ, અજ્ઞાન માણસોને ભરમાવીને મોટા અને નિર્દોષ ભલે બનો, તેથી કાંઇ તેઓ કોઇને પણ સદોષ કે નિર્દોષ બનાવી શકતા નથી; કારણ કે બુદ્ધિશાળી સમજુ માણસો આવા હલકા માણસોના કહેવા ઉપર ધ્યાન આપતા નથી.

૧૯૯. જેને જે અનુકૂળ હોય તે બરાબ પણ સારું અને પ્રતિકૂળ હોય તે સારું પણ બરાબ લાગવું તે તેની ક્ષુદ્રતાને જણાવે છે.

૨૦૦. પોતાના વિચારો અને સિદ્ધાંતો ખોટા હોવા છતાં બીજાને મનાવવા પ્રયત્ન કરવાથી પણ તે જો ન માને અને

વિરોધ કરે તો તેને જનતામાં હલકો પાડવા પ્રયત્ન કરનાર પામર પ્રાણી છે.

૨૦૧. પોતાના પુન્યબળથી યશ તથા સંપત્તિ મેળવી સુખે જીવનારને પોતાનો આશ્રિત બનાવી પોતાની સત્તા નીચે રાખવા ઉદ્યમ કરવાથી પણ જો ફાવી ન શકે તો જનતામાં તેના છતા અછતા દોષો ગાઇને તેના પ્રત્યેનો જનતાનો પ્રેમ ઓછો કરવા કપટ કેળવનાર અધમતાનો પરમ ઉપાસક છે.

૨૦૨. પોતાના હૃદયને દૂષિત તથા અવગુણી બનાવ્યા સિવાય બીજાના દોષો અને અવગુણો કહી શકાતા જ નથી.

૨૦૩. જગતના જીવોને સુખે જીવતા જોઈને દુઃખી થનાર પ્રભુનો પૂર્ણ અપરાધી છે.

૨૦૪. ધન, બળ, ઐશ્વર્ય, રૂપ અને વિદ્યા આદિના અભિમાનથી મત્ત બનીને બીજાની અવગણના, તિરસ્કાર કરનારને આપત્તિ-વિપત્તિ આવવાની જ અને દીન બનીને પોતાના બચાવની યાચના કરવાનો જ, માટે અભિમાનમાં આંધળો બનેલો પણ દયાનું પાત્ર છે. તેના ઉપર દ્વેષ ન કરતાં દયા કરવી જોઇએ; કારણ કે બિચારો પોતાને ભાવીમાં થનારા અનિષ્ટ પ્રસંગોને જોઈ શકતો નથી.

૨૦૫. બીજાના દુઃખોને ગ્રહણ કરીને તેના બદલામાં સુખ આપવું તે ઉત્તમતા છે.

૨૦૬. પોતે દુઃખ વેઠીને પણ બીજાઓને પરમ સુખ આપવા દુનિયામાં જે અવતરે છે તે અવતારી પુરુષ કહેવાય છે.

૨૦૭. પોતે સત્ત્વહીન અને ગુણહીન હોવા છતાં બીજાના ધનબળથી કે પુન્યબળથી મોટા તરીકે પંકાઇને અભિમાનમાં મદોન્મત્ત બનનાર મૂર્ખાઓનો સરદાર છે.

૨૦૮. પરોપકારમાં અને આત્મશ્રેયમાં ધન ખર્ચનાર કરતાં જીવન ખર્ચનાર અત્યંત શ્રેષ્ઠ છે.

૨૦૯. મળ્યું છે તેના કરતાં પણ અસંખ્યગણું જો માનવ-જીવન લાંબુ હોય તો પણ તેની એકે ક્ષણ નકામી નથી. જેઓ કહે છે અમે નકામા છીએ, ભૂલે છે; આત્મવિકાસનું ખાસ કામ કરવાનું છે તેમાં જીવનની સર્વ ક્ષણો કામે લગાડીને કિંમતી બનાવી શકાય છે.

૨૧૦. જ્યાં સુધી સંપૂર્ણ આત્મવિકાસ ન થાય ત્યાં સુધી મનુષ્ય નકામો નથી.

૨૧૧. ધન-સંપત્તિની વ્યવસ્થા સહુ કોઇ કરે છે, પણ જીવનસંપત્તિની વ્યવસ્થા કરનાર કોઇ વિરલો જ હોય છે.

૨૧૨. વિષ જેવી પ્રાણઘાતક વસ્તુ કેમ ન હોય; પરંતુ માનવી જ્યાં સુધી ગુણકારી અને લાભકારી માને છે ત્યાં સુધી તે વસ્તુને છોડી શકતો નથી.

૨૧૩. જે વસ્તુનો ત્યાગ કરવો હોય તેના પ્રત્યે વિરક્ત થવાની જરૂરત છે. અને તે વિરક્તભાવ વસ્તુના અવગુણ-દોષ જોવાથી ઉત્પન્ન થાય છે. માટે જે વસ્તુને છોડવી હોય તો ગુણની ભ્રમણા છોડી દઇને તેના વાસ્તવિક દોષોને જુઓ.

૨૧૪. સંસાર ખારો છે, છતાં જડાસક્ત જડાત્માઓને સારો લાગે છે-મીઠો લાગે છે.

૨૧૫. આત્મસ્વરૂપને ઓળખી આત્મામાં જ રમનાર સંત-પુરુષ છે અને ગંદકીની ગટરના કીડાની જેમ પાંચે ઇંદ્રિયોના વિષયોમાં જ મગ્ન રહેનાર પામર મનુષ્ય છે.

૨૧૬. આત્મવિકાસના પંથે પ્રયાણ કરીને ઉપયોગી માનવ-

જીવનને ટકાવી રાખવા નિરસ, સાદો, શુદ્ધ અને પરિમિત ખોરાક લેનાર સત્પુરુષ છે, અને વિકાસનો ડોળ કરી વિલાસ માટે દેહનો દાસ બની ઇંદ્રિયોનો પોષક, મનગમતો, સરસ, સ્વાદિષ્ટ અને સદોષ ખોરાક લેનાર ભિખારી છે.

૨૧૭. ઉચ્ચતમ જીવનમાં જીવનારને ખોટી પ્રસિદ્ધિ મેળવવાની ચાહના ન હોવાથી આડંબર કરીને દાંભિક જીવન બનાવવાની સર્વથા આવશ્યકતા હોતી નથી. તેઓ હૃદયની શુદ્ધિ અને સરળતાથી જીવનને વધારે ઉચ્ચ બનાવવાના અર્થી હોય છે.

૨૧૮. સાધુજીવન વ્યતીત કરવાનો ડોળ કરનાર અસાધુતાનો દાસ છે.

૨૧૯. પ્રભુમય જીવન બનાવવાનો અર્થી વિષયાસક્ત પામર જીવોનો આશ્રિત બનતો નથી.

૨૨૦. તમે જેમ જેમ જડના આશ્રિત બનશો તેમ તેમ તમારા સુખની હાનિ અને દુઃખની વૃદ્ધિ થશે અને જડથી સ્વતંત્રતા મેળવશો તો દુઃખની હાનિ અને સુખની વૃદ્ધિ થશે.

૨૨૧. કર્મવિકાસની દિશા બદલાયા સિવાય ધર્મવિકાસ થઈ શકતો નથી.

૨૨૨. પ્રભુ પરિમિત પ્રદેશવાળા વાડામાં ગોંધાઇ રહેલા નથી, પણ સર્વ સ્થળે છે અર્થાત્ અધિકારી મનુષ્ય માત્ર પ્રભુને મેળવી શકે છે.

૨૨૩. જીવ માત્ર ધર્મી છે. જડ વસ્તુઓ પણ ધર્મ વગરની તો નથી જ; પરંતુ ધર્મના વિકાસના માર્ગમાં રહેલા આત્માઓ ઘણા જ થોડા છે.

૨૨૪. જ્યાં વિકાસ છે ત્યાં વિલાસ નથી અને જ્યાં વિલાસ છે ત્યાં વિકાસ નથી.

૨૨૫. જડના ધર્મમાં આસક્તિ ધરાવનાર વિધર્મી છે–અધર્મી છે અને પોતાના ધર્મમાં લીન રહેનાર ધર્મી છે.

૨૨૬. જડના ધર્મોનો ઉપભોગ તે વિલાસ અને આત્મ-ધર્મનો ઉપભોગ તે વિકાસ.

૨૨૭. તમારું અહિત કેમ ન થતું હોય, પણ જે તમને ગમતું બોલે–ગમતું કરે તેને તમે ચાહો છો અને હિતકારી પણ તમને અણગમતું બોલે–અણગમતું કરે તેની તમે ઘૃણા કરો છો એ તમારી મોટી ભૂલ છે.

૨૨૮. ધર્મનો પ્રચાર કર્યો ત્યારે જ કહેવાય, કે જીવો જડાસક્તિ છોડીને આત્મસન્મુખ થાય અને પોતાનું સાચું હિત સાધે.

૨૨૯. પોતાનો ક્ષુદ્ર સ્વાર્થ સાધવા ધર્મવિકાસના સાધનો-માં વિવાદ કરી વૈરવિરોધ ઊભો કરવો તે અધર્મને ઉત્તેજન આપવા જેવું છે.

૨૩૦. ખાનપાન અને માન–સત્કાર મેળવવા ધર્મના નામે સત્યમાર્ગ સંતાડીને અસત્યમાર્ગ બતાવનાર ધર્મનો પૂર્ણ દ્રોહી છે.

૨૩૧. ક્ષમા, દયા, સત્ય આદિ ગુણો ન હોવા છતાં કોઇ ક્ષમાવાન, સત્યવાદી, બાળબ્રહ્મચારી આદિ ગુણોનો આરોપ કરી પ્રશંસા કરે તો ખુશી ન થતાં શરમાઓ; કારણ કે અછતી વસ્તુની પ્રશંસા તે એક પ્રકારની મશ્કરી છે અને ખોટી પ્રશંસા સાંભળી ખુશી થવું તે મૂર્ખતા છે.

૨૩૨. તમને ગમે તેમ ભલે કરો; પણ તેમ કરવા બીજાઓને દોરીને પ્રભુના અપરાધી બનશો નહિ.

૨૩૩. સચેતન અથવા અચેતન કોઈપણ વસ્તુને હૃદયથી ચહાતાં પહેલાં પોતાનું વાસ્તવિક હિતાહિત વિચારી લેજો.

૨૩૪. જે સિદ્ધાંતોને તમે સર્વથા અમલમાં મૂકી શકતા નથી તેનું ભાર દઈને સમર્થન કરતાં વિચાર કરજો.

૨૩૫. પોતાની હલકી પ્રવૃત્તિમાં જનતાનો વિરોધ ટાળવા પ્રભુની સંમતિનું પ્રમાણપત્ર બતાવનાર પ્રભુનો પૂર્ણ દ્રોહી છે.

૨૩૬. દાંભિક માનવજીવનમાં જીવવા કરતાં પશુજીવનમાં જીવવું શ્રેષ્ઠતર છે.

૨૩૭. મનની અને જ્ઞાનની નબળાઇવાળાએ ઉત્તમ પુરુષોની પંક્તિમાં ભળવા સાહસ ખેડવું તે તેના સર્વનાશ માટે છે.

૨૩૮. ઉત્તમતા મેળવ્યા સિવાય દંભ કરીને ઉત્તમ પુરુષપણે પ્રસિદ્ધિ મેળવવી તે ઉત્તમ પુરુષોની ઉત્તમતાને કલંકિત કરી તેમને જનતામાં હલકા પાડવા જેવું છે.

૨૩૯. પોતાના કલ્પિત માર્ગને પ્રભુનો માર્ગ બતાવીને પ્રભુના સાચા માર્ગે ચાલનારાઓને ભૂલો પાડનાર પ્રભુનો ઘોર અપરાધી છે.

૨૪૦. કંગાળ સઘળાને પોતાના જેવા બનવાની ઇચ્છા રાખે છે, પણ ધનવાન પોતાના જેવા થવાની ઇચ્છા રાખતા નથી એ જ તેમની ક્ષુદ્રતા છે.

૨૪૧. કોઇ ભાગ્યશાળીને તન, ધન, કુટુંબ આદિથી સુખી જોઇને તેમની અદેખાઇ કરવાથી કાંઈ મળવાનું નથી; પણ તે

વસ્તુઓ મેળવવા જેટલું પુન્ય ઉપાર્જન કરશો તો ભાગ્યોદયથી તમે પણ તે વસ્તુઓ મેળવી શકશો.

૨૪૨. સ્વાર્થની પણ મર્યાદા હોવી જોઇએ. અમર્યાદિત સ્વાર્થ જનતામાં તિરસ્કારનું પાત્ર બનાવે છે.

૨૪૩. કરવું પડશે, જવું પડશે, આપવું પડશે ઇત્યાદિ ભાવ-શૂન્ય લૌકિક વ્યવહાર એક પ્રકારનો દંભ છે અર્થાત્ ઇચ્છા વગર દાક્ષિણ્યથી, શરમથી કે લોકાપવાદથી બ્હીને કરવામાં આવતો દરેક પ્રકારનો લૌકિક વ્યવહાર, સ્વાર્થ સાધવા માટે સેવાતા દંભને કહેવામાં આવે છે.

૨૪૪. તમને માન ન મળે તો હરકત નહિ પણ અપમાન મળે તેવા કાર્ય, પ્રસંગ, પ્રદેશ અને વર્તનથી વેગળા રહેજો અર્થાત્ અપમાન મેળવશો નહિ.

૨૪૫. પ્રમાણિકતા ખોઇને ધનવાન બનાતું હોય તો પ્રમાણિક બનો, ધનવાન બનવાની કાંઇ પણ જરૂરત નથી; કારણ કે ધનવાન કેવળ અજ્ઞાનીઓને જ પ્રિય અને આદરણીય થાય છે ત્યારે પ્રમાણિક ડાહ્યા માણસોને અને પ્રભુને પણ પ્રિય થાય છે.

૨૪૬. તમે મોજશોખ માટે કરેલા પૈસાના દેવામાંથી તો છૂટી શકશો; પણ અનેક જીવોને દુઃખ આપી તેમનો સંહાર કરી કરેલા તેમના પ્રાણોના દેવામાંથી અનેક જન્મોમાં પ્રાણો આપતાં પણ છૂટી શકવાના નથી.

૨૪૭. અદેખાઇ દુઃખોને આવવાનો સરળમાં સરળ માર્ગ છે.

૨૪૮. જનતામાં દુર્ગણો પ્રગટ કરવાનો ભય બતાવી બીજાની પાસેથી મેળવેલા પૈસાવડે પેટ ભરનારાઓ ગીધપક્ષીઓ કરતાં પણ ઉતરતા દરજ્જાના છે.

૨૪૯. પરાયું ધન, પરાઇ સ્ત્રી આદિ પારકો વૈભવ ભોગવવાની લાલસા રાખવી અધમતાની નિશાની છે.

૨૫૦. કોઈ પણ પ્રકારનું ખોટું કામ કરતાં પ્રભુનો ભય ન રાખો તો તમારી મરજી, પણ તમને મરવું ગમતું નથી માટે મોતનો તો ભય રાખજો.

૨૫૧. ઉદ્યમ કરતાં જે કાંઇ મળે તેમાં સંતોષ રાખી આનંદ મનાવો, કારણ કે અવધિ પૂરી થયે દુઃખ મનાવશો તોયે મરશો અને આનંદ મનાવશો તો પણ મરવાના તો ખરા જ, માટે અંતિમ સરખા પરિણામવાળા ટૂંકા માનવજીવનમાં આનંદ શા માટે ન મનાવવો ?

૨૫૨. છેતરપિંડીથી જગત છેતરાશે પણ પ્રભુ છેતરાવાના નથી, માટે પ્રભુથી કાંઈ પણ મેળવવાની ઇચ્છા હોય તો છેતરપિંડીને છોડી દેજો.

૨૫૩. સંસારમાં પરસ્પર એકબીજાનો એકબીજાનાથી સ્વાર્થ સધાતો હોવાથી જ આપસ આપસમાં એકબીજાની સાથે ગાઢ સંબંધ, મિત્રતા અને સ્નેહ ધરાવે છે.

૨૫૪. તમારા જીવનમાર્ગમાં કૃત્રિમતાના કાંટા વેરશો નહિ.

૨૫૫. જગતને સુધારવાનો ડોળ કરવા કરતાં તમારી જાતને સુધારો.

૨૫૬. જે દુર્ગુણોથી જીવન મલિન બનીને આત્માનો અધઃપાત થતો હોય, તેવા દુર્ગુણોને પોતાનામાંથી અને પરમાંથી કાઢવાનો પ્રયત્ન કરો.

૨૫૭. સ્વ-પરને અહિતકારી કોઇની પ્રવૃત્તિ જોઇને દયા આવતી હોય અને હિતકારી માર્ગ બતાવવા ઇચ્છા થાય તો

હૃદયમાં સ્વાર્થનો અંશ પણ રાખશો નહિ.

૨૫૮. સ્વાર્થ અને સ્પૃહા સાચો માર્ગ બતાવવાના અને સારે માર્ગ ચાલવાના વિરોધી છે.

૨૫૯. જીવનનિર્વાહ સિવાયની જરૂરિયાતો એવી હોવી જોઈએ કે અપરાધ વિના અથવા તો અલ્પ અપરાધે પૂરી પડી શકે.

૨૬૦. તમારા પ્રયાસથી કોઈનું હિત થતું હોય તો કાળજી-પૂર્વક ધ્યાન આપશો, પણ ઉપેક્ષા ન કરશો.

૨૬૧. કોઇ બીજાની સહાયતાથી જ તમે વિપત્તિમાંથી છૂટીને સંપત્તિવાળા બન્યા છો, માટે વિપત્તિગ્રસ્તને સહાય આપી સંપત્તિમાન બનાવવા ભૂલશો નહિ.

૨૬૨. દુઃખ વેઠી સુખી થનાર જ સુખની મધુરતા જાણી શકે છે. વિપત્તિ ભોગવી સંપત્તિ મેળવનાર જ સંપત્તિની કિમત કરી શકે છે. પરિશ્રમ કરી વિશ્રાન્તિ મેળવનાર જ વિશ્રાન્તિની શાંતિને ઓળખી શકે છે. રોગથી પીડા પામીને આરોગ્યતા મેળવનાર જ આરોગ્યતાના આનંદને ચાખી શકે છે અને ભૂખથી પીડા પામેલો જ મિષ્ટાન્નની મીઠાશ મેળવી શકે છે.

૨૬૩. અનુભવશૂન્ય માણસો દુઃખીના દર્દને અને કંગાળતાની કનડગતને કળી શકતા નથી.

૨૬૪. સંસારમાં પ્રાણીઓને બીજા અનુભવ ન પણ થાય, પરંતુ જન્મનો અને મૃત્યુનો અનુભવ તો પ્રાણીમાત્રને અવશ્ય થવાનો જ.

૨૬૫. મૂર્ખમાં મૂર્ખ માણસ પણ જાણે છે કે વાવ્યા સિવાય ફળ મળતાં નથી. એક વખત વાવ્યું હોય તો એક

વખત ફળ મળે છે અને વારંવાર વાવવાથી વારંવાર ફળ મળે છે. તો પછી તમે ડાહ્યા થઈને એક વખત વાવી વારંવાર ફળની ઇચ્છા કેમ રાખો છો. વારંવાર સંપત્તિ જોઇતી હોય તો ખેડૂતની જેમ આવા જેટલું રાખી બાકીનું પુન્યક્ષેત્રમાં વાવી દો.

૨૬૬. તમને કોઇ ગાળ દે, કનડે કે તમારી નિંદા કરે તો તમે તેને નીચ, નિર્દય અને દુર્જન માનો છો. તો પછી તમે બીજાને ગાળ દેતાં, કનડતા કે તેની નિંદા કરતાં પહેલાં વિચાર કરજો કે તમે પોતે કેવા કહેવડાવવું પસંદ કરો છો ?

૨૬૭. જેને બુદ્ધિમત્તાનું મિથ્યા અભિમાન નથી તે જ મધ્યસ્થ બનવાનો અધિકારી છે.

૨૬૮. કોઈને ઉતારી પાડીને ઉત્તમ બનાવી શકાતો નથી.

૨૬૯. જો તમે સાચા અને શુદ્ધ છો તો પછી એકાંત હિતબુદ્ધિથી સાચું બોલીને કે લખીને સંતાઓ છો શા માટે ? અને જો કાંઈ અનિષ્ટ પ્રસંગ ઉપસ્થિત થવાનો ભય લાગતો હોય તો બોલો છો અને લખો છો શા માટે ?

૨૭૦. જે કામ કરવાની તમારી શક્તિ ન હોય અને આવડત પણ ન હોય તો તે કામ કરવાની હોંશ રાખશો નહિ. પહેલાં સારી રીતે અનુભવ મેળવી શક્તિને ખીલવ્યા પછી જ કાર્યને માથે લેશો, નહિ તો હાંસીના પાત્ર બનશો.

૨૭૧. બીજાના વિચારો અને સિદ્ધાંતો તમારા જીવનનું શું શ્રેય કરનારા છે તેનો સાચી રીતે અને સારી રીતે અભ્યાસ કર્યા પછી જ અપનાવજો.

૨૭૨. બીજાના વિચારો જનતાને શું ઉપયોગી છે તે બરાબર સમજ્યા સિવાય જનતાના આગળ રજૂ કરશો નહિ.

૨૭૩. કોઈ તમારી સલાહ લેવા આવે તો તેને તમે સાચી સલાહ આપશો પછી તે તમારો શત્રુ હોય કે મિત્ર હોય, પણ જો તેને ખોટી સલાહ આપશો તો વિશ્વાસઘાતી બનીને જનતામાં તિરસ્કારનું પાત્ર બનશો.

૨૭૪. પુન્યબળથી સંપત્તિ મેળવી સુખ ભોગવનારની બરાબરી કરવા અનીતિનો માર્ગ લેશો તો ઇચ્છા સફળ કરી શકવાના નથી.

૨૭૫. થોડા કષ્ટે મેળવેલા ધનને વાપરતાં તમે ખૂબ વિચાર કરો છો. એક પૈસો વાપરી પાંચ પૈસા જેટલો લાભ મેળવવા ઇચ્છો છો. તો પછી મહાકષ્ટે મેળવેલા અમૂલ્ય માનવજીવનને જેમ તેમ વેડફી નાંખતાં કેમ વિચાર કરતા નથી ?

૨૭૬. તમારા માનવજીવનના પચીસ કે પચાસ વર્ષની ક્ષણો વપરાઇ ગઇ હશે, છતાં તમે કોઈ દિવસ પણ વિચાર કર્યો છે કે આટલી ક્ષણો વાપરી મેં શું લાભ મેળવ્યો ?

૨૭૭. તમે બતાવી શકશો કે મરીને જ્યાં જવું છે ત્યાંના માટે શું વ્યવસ્થા કરી રાખી છે ?

૨૭૮. છે કોઇ જગતમાં છાતી ઠોકીને કહેનારો કે મારે મરીને જવું નથી ?

૨૭૯. તમે ભલે મોતને ભૂલી જાઓ, પણ મોત તમને ભૂલવાનું નથી.

૨૮૦. યાદ રાખજો કે તમે વગડામાં થઇને જતા હશો અને તમારા જીવનનો અંત આવી ગયો હશે તો મોત તમને ત્યાં પણ છોડવાનું નથી. ઘેર જઈ સગાસંબંધીને મળીને બધી વ્યવસ્થા કરવા જેટલો સમય પણ તમને આપવાનું નથી; માટે

હંમેશાં મોતથી ચેતીને ચાલજો. બધા કાર્યોથી પરવારી તૈયાર થઈને રહેજો.

૨૮૧. મરવાથી સહુને અણગમો થાય છે; પણ મરવાનું મૂલ વિષયાસક્તિથી કોઇને પણ અણગમો થતો નથી.

૨૮૨. જેનાથી જેનું કાંઇપણ કાર્ય સિદ્ધ થતું ન હોય અથવા તો કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ પણ ન થતી હોય, તો પછી તે વ્યક્તિ ગમે તેટલી ઉદાર અને ધર્મીષ્ઠ કેમ ન હોય, પરંતુ તેને સ્વાર્થી માણસ કંજૂસ અને ધર્મધૂર્ત્ત જરૂર કહેવાનો જ.

૨૮૩. પોતાની પાછળ મૂકી જવાના હેતુથી ધનાદિનો સંગ્રહ કરવા મરણના છેડા સુધી પોતાનું કલ્યાણ ન કરતાં દુઃખ વેઠ્યા કરવું તે ડાહ્યા પુરુષનું કામ નથી.

૨૮૪. તમે પોતાની જ ફિકર રાખો; કારણ કે સંસારમાં સહુ કોઇ સુખદુઃખ માટે પ્રારબ્ધ સાથે લઇને અવતર્યા છે. તમારું પ્રારબ્ધ કોઇને પણ ઉપયોગમાં આવવાનું નથી.

૨૮૫. સંસાર ઉપર અજ્ઞાનતાથી જે વિરક્ત ભાવ થાય છે તે જો જ્ઞાનપૂર્વક થાય તો જીવાત્માનું કલ્યાણ થઈ જાય અને સર્વ દુઃખોથી છૂટી જાય.

૨૮૬. અજ્ઞાનતાથી થયેલો વૈરાગ્ય થોડો કાળ રહે છે અને જ્ઞાનથી થયેલો વૈરાગ્ય હમેશાં રહે છે.

૨૮૭. બીજાના છતા–અછતા દોષો સાંભળીને દિલગીર થવાને બદલે રાજી થનાર ઉત્તમતા મેળવવાને લાયક નથી.

૨૮૮. કોઈ માણસ તમારા આગળ બીજાની નિંદા કરે તો તરત તેને બોલતાં અટકાવી દેજો; કારણ કે નિંદક માણસનો

એવો સ્વભાવ જ હોય છે કે તમારા આગળ બીજાની અને બીજાના આગળ તમારી નિંદા કરીને ખુશી થવું.

૨૮૯. ક્રોધ, માન, માયા, લોભ અને નિર્દયતા તો આખી દુનિયા કરી જાણે છે; પણ ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ અને દયા કરી જાણે તે જ પુરુષ પૂજ્ય છે, વંદનીય છે.

૨૯૦. પરના કલ્યાણ માટે પ્રાણ આપનાર પુરુષોત્તમ કહેવાય છે.

૨૯૧. ઇચ્છાઓ તેવી અને તેટલી જ રાખવી જોઈએ કે પોતાની આર્થિક અને શારીરિક શક્તિથી સાધી શકાય. અસાધ્ય ઇચ્છાઓ અસાધ્ય રોગ કરતાં પણ વધારે પીડા આપનારી હોય છે.

૨૯૨. કુદરતે કૂદી જવા સાહસ કરનાર વિપત્તિને આધીન બને છે.

૨૯૩. જનતાની પાસેથી સેવાભક્તિની આશા રાખનાર ભિખારી કરતાં પણ વધારે હલકો છે.

૨૯૪. લઘુતા રાખવી સારી છે પણ હલકાઈ રાખવી સારી નથી, કારણ કે લઘુતા ગુણ છે અને હલકાઇ અવગુણ છે.

૨૯૫. ગુણવાન થઇને અભિમાનનો ત્યાગ તે લઘુતા અને ગુણી અથવા તો અવગુણી થઇને અભિમાન કરવું તે હલકાઈ.

૨૯૬. તે ગુણી ગુણવાન જ નથી કે જે અભિમાનનો આદર કરે છે; કારણ કે સઘળા ગુણોને કલંકિત કરનાર અભિમાન જ છે.

૨૯૭. બદલાની આશા રાખ્યા વગર પરોપકાર કરવો તે જ ઉત્તમતા છે.

૨૯૮. જે સંસારના જીવ માત્રનો સેવક બને છે તે જ સંસારનો સ્વામી બનવાનો અધિકારી છે.

૨૯૯. દુઃખીની સાચા દિલથી સેવા કરતાં સંકોચ, ઘૃણા કે કંટાળો રાખશો નહિ.

૩૦૦. કોઇ પણ કાર્યમાં બીજાનો વિશ્વાસ ભલે ન રાખો પણ આત્મવિશ્વાસ તો અવશ્ય રાખશો; કારણ કે આત્મવિશ્વાસ સિવાય કોઇપણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. મુક્ત બની સાચું સુખ મેળવવા તો આત્મશ્રદ્ધાની અત્યંત આવશ્યકતા છે.

૩૦૧. ગમે ત્યાં ફરો ને ગમે ત્યાં ભળો, પણ ઉત્તમ આચાર-વિચારને છોડીને ઉત્તમતા ગુમાવશો નહિ.

૩૦૨. ગમે તેટલા શ્રીમંત કેમ ન થાઓ, પરંતુ સ્વાશ્રયી-પણું છોડશો નહિં; કારણ કે સ્વાશ્રયમાં સુખ છે અને પરા-શ્રયમાં પરમ દુઃખ છે.

૩૦૩. શ્રીમંત બનવાની ઘેલછામાં સુખી જીવનને દુઃખી ન બનાવશો.

૩૦૪. ત્યાગ જ સુખ છે અને ભોગમાં જ દુઃખ છે. ભોગના અંતે પણ ત્યાગથી જ સુખ થાય છે,

૩૦૫. જડ વસ્તુઓમાં લીન બનેલી વૃત્તિઓને ઇચ્છાપૂર્વક વાળી લેવાનું નામ જ ત્યાગ છે, બાકી તો વસ્તુવિયોગરૂપ ત્યાગ તો અનિચ્છાએ પણ નિરંતર થયા જ કરે છે, તેથી કાંઈ આત્માને શાન્તિ, સુખ કે આનંદ મળી શકતાં નથી, ઊલટા દુઃખ, શોક ને દિલગીરી પ્રાપ્ત થાય છે.

૩૦૬. જે શ્રીમંતાઈ પ્રભુના દ્રોહી બનાવી અનેક પ્રાણી-

યેાની આપત્તિ-વિપત્તિનું કારણ બનાવતી હેાય તેવી શ્રીમંતાઈ કરતાં ગરીબાઈ શ્રેષ્ઠતર છે.

૩૦૭. સહનશક્તિની નબળાઈવાળામાં ક્ષમા રહી શકતી જ નથી.

૩૦૮. અદેખાઇ અને અભિમાન ક્ષમાના સંપૂર્ણ વિરોધી છે.

૩૦૯. મનુષ્ય માત્રને ધર્મના અંકુશની બાસ જરૂરત છે, કારણ કે ધર્મ અનીતિથી બચાવી સુસંસ્કારી બનાવે છે.

૩૧૦. માણસને જીવવા માટે ફક્ત અન્નપાણીની જ અત્યંત આવશ્યકતા છે, છતાં મકાન, વસ્ત્રપાત્ર અને જીવનનિર્વાહ પૂરતું ધન મેળવે તેા પણ તે ઉપયેાગી હેાવાથી ભલે મેળવેા, પણ વિષયની તેા સર્વથા આવશ્યકતા નથી. વિષય સેવ્યા વગર ઘણી જ સારી રીતે જીવી શકે છે અને જીવનનિર્વાહમાં કેાઈ પણ પ્રકારની અગવડતા નડતી નથી.

૩૧૧. તમે અનીતિનું કામ કરી ભલે દુનિયાથી છાનું રાખેા પણ પ્રભુથી તેા છાનું રાખી શકવાના નથી અને ઉપરથી નીતિ તથા ધર્મનેા ડેાળ કરી દુનિયા પાસેથી ભલે માન-સત્કાર મેળવેા; પણ પ્રભુની દૃષ્ટિમાં તેા તમે ગુનેગાર હેાવાથી તમારે જરૂર સજા ભેાગવવી પડશે.

૩૧૨. જે કાર્ય કરવામાં બીજાને જાણી જવાનેા અને આપત્તિ-વિપત્તિનેા ભય હેાય તેવા કાર્યથી વેગળા રહેવામાં જ શ્રેય છે.

૩૧૩. સુસંસ્કારી હેા કે કુસંસ્કારી હેા પણ શ્રીમંતનેા પ્રેમ અને પ્રસન્નતાને સહુ કેાઈ ચહાય છે.

૩૧૪. અપરાધી બનતાં પહેલા વિચાર કરી જોજો, કે

જેના માટે તમે અપરાધ કરો છો તે કેટલા કાળ માટે અને આત્મશ્રેય માટે કેટલું ઉપયોગી છે.

૩૧૫. દરેક કાર્યના પરિણામ ઉપર દૃષ્ટિપાત કરી વ્યવસાય કરનાર અનિચ્છિત પ્રસંગોમાં સપડાતો નથી, તેમજ મૂંઝવણથી મુકાઇ જઈને ચિંતાને સ્વાધીન થતો નથી અને સુખે જીવન વ્યતીત કરી સાચી સુખસંપત્તિ મેળવી શકે છે.

૩૧૬. કામ, ક્રોધ, મદ, મોહ, અજ્ઞાન વગેરેનો સમૂળગો નાશ કરનાર પ્રભુને નમસ્કાર.

૩૧૭. નિરંજન-નિરાકાર-નિર્વિકાર-નિર્લેપ-જ્યોતિસ્વરૂપ મહાપ્રભુને નમસ્કાર.

૩૧૮. કામ-ક્રોધાદિને નિર્બળ બનાવી સ્વ-પરને હિતકારી મનવચનકાયાનો વ્યાપાર કરનાર નૈષ્ઠિક બ્રહ્મચારી ભગવાનને નમસ્કાર.

૩૧૯. અબૂઝને બૂઝવી પ્રભુનો સાચો માર્ગ બતાવનાર આત્મજ્ઞાની મહાપુરુષને નમસ્કાર.

૩૨૦. ત્યાગમૂર્ત્તિ, સમભાવી, પરમદયાળુ, ક્ષમા, નમ્રતા, સરળતા, કોમળતા આદિ ગુણોના સાગર, કષાયમુક્ત, વિષય-વિરક્ત સંતપુરુષને નમસ્કાર.

૩૨૧. શાન્તિ આપણા અંદર જ છે, માટે બહાર ભટકવાનું છોડી દઈને આત્મામાં જ શોધવા હમેશાં તત્પર રહેવું જોઇએ.

૩૨૨. સુખનો એક જ ઉપાય છે, ત્યાગ. જે જેટલું વધારેમાં વધારે ત્યાગમય જીવન બનાવી શકશે, તે તેટલો જ વધારે સુખી બની શકશે.

૩૨૩. પોતાને પ્રાણી માત્રનો દાસ સમજનાર પ્રેમ મેળવી શકે છે. જે પોતાને શ્રેષ્ઠ માને છે તે પ્રેમતત્ત્વને સમજી જ શકતો નથી.

૩૨૪. કોઇને પણ નાનો ન સમજનાર મોટો બની શકે છે. ગરીબ અને ધનવાનમાં ભેદ ન રાખવો.

૩૨૫. સર્વમાન્ય એક આત્મા જ છે. આત્મજ્ઞાન થયા પછી જ સર્વમાન્ય, સર્વશ્રેષ્ઠ અને સર્વ અંતર્યામી બની શકે છે.

૩૨૬. જડ સંપ્રદાય અને ચૈતન્ય સંપ્રદાય સિવાય સંસારમાં ત્રીજો કોઈ સંપ્રદાય નથી.

૩૨૭. ચૈતન્ય જાતિ અને જડ જાતિ સિવાય ત્રીજી કોઇ જાતિ નથી.

૩૨૮. ચૈતન્યને ચૈતન્ય સંપ્રદાયની અને જડને જડ સંપ્રદાયની દીક્ષા આપવી તે ધર્મ.

૩૨૯. પ્રભુની કોઇ પણ જાતિ નથી, તેમજ પ્રભુનો કોઇ પણ સંપ્રદાય નથી.

૩૩૦. જાતિ અને સંપ્રદાયનો ભેદ મટયા સિવાય જીવ-શિવનો ભેદ મટતો નથી.

૩૩૧. તમે કોણ અને અમે કોણ તે સારી રીતે ઓળખ્યા પછી જ તમારો ધર્મ ખોટો અને અમારો ધર્મ સાચો કહેવાનું સાહસ કરવું.

૩૩૨. પ્રભુ અને તમારા વચમાં રહેલો મોહ-માયાનો પડદો કાઢી નાંખો પછી તમને પ્રભુ જુદા નહીં જણાય.

૩૩૩. કેટલાક શ્રીમંતો ધનના મદથી ગરીબ માણસોનો

તિરસ્કાર કરે છે અને તેમને હલકા ભવાલી સમજે છે, માટે જ ગરીબવર્ગ ધનવાનોની અદેખાઈ કરી તેમનું ભૂંડું ઇચ્છે છે.

૩૩૪. જો ધનવાન નમ્ર બનીને ચાલતો હોય, દરેક મનુષ્ય સાથે પ્રીતિ રાખી તેમનો ઉચિત આદર કરતો હોય તો તેનું કોઇ પણ ભૂંડું ઇચ્છે નહીં અને જો અવસરે દીનદુઃખીયાનો સાદ સાંભળી કાંઇક ઉદારતા દર્શાવતો હોય તો સંસાર તેનું ભલું ઇચ્છી દાસ બન્યો રહે.

૩૩૫. ધનવાનને ધનની વૃદ્ધિ માટે, ઘણો કાળ ધનને ટકાવી રાખવા અને આરોગ્યતા મેળવી ધનના ઉપભોગ માટે અનેકના આશીર્વાદની આવશ્યકતા રહે છે; માટે જ ધનનો અમુક ભાગ આશીર્વાદ મેળવવા ધનવાનોએ અવશ્ય વ્યય કરવો જોઇએ.

૩૩૬. જો મળેલું ધન પોતાને જ ભોગવવાનું હોય તો ધન હોવા છતાં કેમ મરી જાય છે ? જ્યારે બધું ધન ભોગવાઇ જાય ત્યારે મરવું જોઇએ. લાખોની સંપત્તિ પોતાની પાછળ મૂકી જતા જોવાય છે અને પાછળથી તેનો ઉપભોગ કરનારા બીજા જ હોય છે. તો પછી કેવી રીતે કહી શકાય કે જેને જે કાંઇ મળે છે તે તેના જ ઉપભોગ માટે હોય છે ?

૩૩૭. તમને કરેલાં કર્મોની સજા ભોગવવાનો સમય આવે તો ફરજિયાત ન ભોગવતાં મરજિયાત ભોગવો.

૩૩૮. સજામાંથી છૂટવા માટે ધની, બળી, અધિકારી, વૈદ્ય આદિ અપરાધીઓનો આશ્રય ન લો, પણ સર્વથા નિરપરાધી પ્રભુનો આશ્રય લો.

૩૩૯. અપરાધ કર્યા પછી સજા ઘડાઈ ભોગવવાનો સમય

આવે તે પહેલાં જેના તમે ગુનેગાર બન્યા છો તેની પાસ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગીને સજામાંથી છૂટવા પ્રભુ પાસે અપીલ કરો અને પોતાના ગુના કબૂલી, હવે ફરીથી અપરાધ નહીં કરું એવી પ્રતિજ્ઞા કરી પ્રતીત કરાવો.

૩૪૦. જ્યારે જ્યારે તમે મોહની પ્રેરણાથી પ્રાણિયોના પ્રાણોની ચોરી કરી માનેલા આનંદ તથા સુખ ભોગવો છો ત્યારે ત્યારે તમારા માટે કર્મરાજા તરફથી સજાઓ ઘડાઈ જાય છે.

૩૪૧. અપરાધ કરતી વખત અને સજા ઘડાતી વખત તમને બિલકુલ ભાન હોતું નથી, પણ સજા ભોગવવાનો સમય આવે છે ત્યારે તમને બહુ દુઃખ થાય છે અને અનિચ્છાએ પણ તમારે વિપત્તિઓ ભોગવવી પડે છે.

૩૪૨. સ્વાધીનપણે અથવા તો પરાધીનપણે દુઃખ–સજા ભોગવી અપરાધમાંથી છૂટા થવાય છે, માટે દુઃખ–સજા ભોગવી અપરાધમાંથી છૂટી જવું તે સુખનો હેતુ છે.

૩૪૩. રાજી થાઓ. રડો છો શા માટે? અપરાધની સજા ભોગવી પ્રાણિયો સુખી થાય છે.

૩૪૪. ધન, યૌવન, બળ, રૂપ આદિના મદથી છાકી જઇ ધ્યાન રાખ્યા વગર ચાલતાં પગમાં કાચ કે કાંટો લગાડી બેઠા, તો હવે કઢાવતી વખતે શા માટે દુઃખ મનાવો છો? એ નીકળ્યા સિવાય સુખ થવાનું નથી.

૩૪૫. ખુશીથી અપરાધ કર્યા છે માટે ખુશીથી સજા ભોગવી લો.

૩૪૬. તમે જ્યારે દરિદ્રતા, રોગ, શોક આદિ આપત્તિ-

વિપત્તિથી બહુ જ દુઃખી થાઓ છો ત્યારે પરમાત્માની પાસે હાથ જોડી પ્રાર્થના કરી માફી માગો છો અને કહો છો કે: "હે પ્રભો! મારા અપરાધોને માફ કરો. હું ભૂલી ગયો. હવે ફરીથી આવાં અધમ-નીચ પાપકૃત્યો નહિ કરું." પણ આ પ્રમાણે પ્રભુ આગળ તમે જૂઠું બોલો છો; કારણ કે તમે ભૂલથી ગુનેગાર નથી બન્યા, પણ જાણીબૂઝીને ક્ષણિક સુખ તથા આનંદના માટે પાપ કરીને પ્રભુના ગુનેગાર બન્યા છો. જો તમે ભૂલથી ગુનો કર્યો હોય તો ગુનો કર્યા પછી તરત જ પશ્ચાત્તાપપૂર્વક સખેદ ઉદાસવૃત્તિથી પ્રભુ પાસે માફી માગત; પણ જ્યાં સુધી ગુનાની સજા ભોગવવાનો વખત નોતો આવ્યો ત્યાં સુધી તો તમે ગુના કરીને ખૂબ રાજી થતા હતા, પણ જ્યારે ચારે તરફથી તમને દુઃખે ઘેરી લીધા ત્યારે તમે પ્રભુ પાસે માફી માગો છો, માટે એમ કાંઇ તમારો ગુનો માફ થવાનો નથી; પણ– 'ભૂલથી મેં ગુનો કર્યો છે' એમ જૂઠું બોલવાથી પ્રભુની દૃષ્ટિમાં વધારે અપરાધી થયા માટે તમારે જૂઠું બોલવાની પણ સજા ભોગવવી પડશે.

૩૪૭. જો તમે પ્રભુના કાયદાઓ તોડીને પ્રભુના સામને બંડ ઉઠાવશો તો કુદરત તરફથી દુઃખે ભોગવાય તેવી ધરતીકંપ, કોલેરા, પ્લેગ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અગ્નિપ્રકોપ આદિ ગુપ્ત સજાઓ થયા સિવાય નહિ રહે.

૩૪૮. પોતાના પાપો છાનાં રાખવા માયાનો પડદો જગત ઉપર ભલે નાંખો, પણ પ્રભુ ઉપર નાખી શકવાના નથી.

૩૪૯. સ્વાર્થની પણ હદ જોઇએ, મર્યાદા વગરનો સ્વાર્થ પ્રભુનો ગુનેગાર બનાવે છે.

૩૫૦. સંસારને પોતાનો આશ્રિત બનાવવાની ઘેલછા રાખશો તો નિરાશ્રિત બની તમારે આપત્તિ-વિપત્તિના આશ્રિત બનવું પડશે.

૩૫૧. શું તમને પ્રભુના બતાવેલા સુખના માર્ગની શ્રદ્ધા છે ? જો શ્રદ્ધા હોય તો પછી સુખના માટે અવળે માર્ગે કદાપિ ન જાઓ.

૩૫૨. પ્રભુએ બતાવેલા સુખના માર્ગથી અવળે માર્ગે ચાલી પોતાને સુખી માનનાર પ્રભુને જૂઠા ઠરાવવાનો ગુનો કરે છે.

૩૫૩. સુખ તથા દુઃખ કોઇને આપેલું મળતું નથી, પણ તમારી સમજણથી થતા વિચારોનું પરિણામ છે.

૩૫૪. તમારી ઇચ્છાથી થનારાં સુખ-દુઃખ સાચાં નથી.

૩૫૫. સુખના માટે ઇચ્છા-સ્પૃહાની જરૂરત નથી.

૩૫૬. ઇચ્છા સ્પૃહા છે ત્યાં સાચું સુખ રહી શકતું નથી.

૩૫૭. સાચું સુખ ભેદ વગરનું-એક જ પ્રકારનું છે અને તે સઘળા જીવોમાં સુખરૂપે જ રહે છે અને ઇચ્છાથી થનારું સુખ અનેક પ્રકારનું છે અને તે એકને સુખરૂપ તો બીજાને દુઃખરૂપ થાય છે, માટે જ ઇચ્છા-સ્પૃહા વગરનું સુખ તે જ સાચું સુખ કહી શકાય.

૩૫૮. પારકી મોટાઈ કે ગુણ ગાવા જૂઠું બોલવું પડે તો અપરાધ માનો છો અને પોતાની બડાઇ હાંકવા ફાવે તેટલું જૂઠું બોલી પોતાને નિરપરાધી માની ખુશી થાઓ છો, આ તે કેવી સમજણ ?

૩૫૯. સ્વાર્થ માટે અધમ તથા ક્ષુદ્ર માણસ ઉપર પ્રેમ

રાખી સેવા કરો છો તેટલો પ્રેમ પ્રભુ ઉપર રાખી પરમાર્થ માટે પ્રભુની સેવા કરો તો તમારું કલ્યાણ થઇ જાય.

૩૬૦. બીજાને સુખો જોઇ દુઃખી કે દિલગીર થશો તો તમારી પાસે સુખ આવવાનું નથી અને દુઃખી જોઇ સુખી થશો તો દુઃખ જોઇએ તેટલું મળી રહેશે માટે જેની ઇચ્છા હોય તેનો આદર કરજો.

૩૬૧. પરમેશ્વરને મળવા નીકળ્યા હો તો પ્રાણોની પરવા રાખશો નહિ.

૩૬૨. ત્યાગી-વૈરાગીનો દંભ સેવી કિંમતી સુંદર વસ્ત્રો, ખાનપાન ને માનસન્માન મેળવનાર કરતાં સાદાં ખાનપાન ને વસ્ત્રથી જીવનાર માન વગરનો મજૂર હજાર દરજ્જે સારો છે.

૩૬૩. બીજા અવગુણો કરતાં પરસ્ત્રીલંપટપણાનો અવગુણ સઘળા ગુણોનો નાશ કરે છે, માટે વ્યભિચારથી વેગળા રહેજો.

૩૬૪. પ્રભુકૃપાથી મળેલા માનવજીવન ઉપર પ્રભુનો જ હક છે, માટે પ્રભુને અર્પણ કરવાને બદલે વિષય માટે માનવજીવન વેચનાર તથા ખરીદનાર બંને પ્રભુની મિલકતના ચોર હોવાથી અપરાધી બની સજાનાં પાત્ર બને છે.

૩૬૫. જીવવાને માટે તમારી નોકરી કરનાર નોકરનું ધનમદથી ખોટી રીતે કનડગત કરી દિલ દુખાવશો તો પ્રભુની અવકૃપાના પાત્ર બનશો.

૩૬૬. ખાલી હાથે આવી લાખપતિ કે ક્રોડપતિ બન્યા પછી ક્રોડના લાખ અને લાખના હજાર થતાં દુઃખી શા માટે થાઓ છો અને વિચાર કેમ નથી કરતા કે હું શું લઇને આવ્યો હતો.

૩૬૭. હજારોના સુખને માટે સ્વાર્થ જતો કરનાર પ્રભુને પણ પ્રિય થાય છે.

૩૬૮. લક્ષ્મીનો લાભ એકલા જ ન લેશો, બીજાને પણ લેવા દેજો. જો બીજાના લાભમાં આડા આવશો તો લક્ષ્મી તમને છોડીને ચાલી જશે.

૩૬૯. પોતાની માલિકી રાખી વ્યાજે નાણાં આપનારને તમે નિર્વાહ માટે પૈસા આપો છો; પણ પોતાની માલિકી છોડી દઈ વ્યાપાર વાટે નાણાં આપનારને દુઃખી અવસ્થામાં પણ કાંઈ આપતા નથી, આ તે કેવો ન્યાય!

૩૭૦. કેવળ મનમાં જ ભોગની ઇચ્છા રાખી પારકી વસ્તુ વાપરશો, પ્રભુના ગુનેગાર બની ગુપ્ત સજાનું પાત્ર બનશો અને દેહ તથા જીભથી જો માલિકની આજ્ઞા વગર વાપરશો તો માલિકના પણ ગુનેગાર બની મારપીટની પણ સજા ભોગવશો.

૩૭૧. હજારો માણસોએ પોતાનું ધન આપી તમને શ્રીમંત બનાવ્યા છે માટે હજારો દુઃખી જીવોને સુખી કરવા ધન વાપરશો તો તમારી પાસે લક્ષ્મી બની રહેશે.

૩૭૨. તમે ઇચ્છાઓના દાસ ન બનો પણ ઇચ્છાને તમારી દાસી બનાવો.

૩૭૩. સ્વતંત્ર બનો. ચા, બીડી, પાન-સોપારી, માલ-મિષ્ટાન્ન જોઇએ જ એવી પરાધીનતા છોડી દેશો તો જ સુખી થશો.

૩૭૪. બાગ-બંગલા, નોકર-ચાકર, મોટર, વસ્ત્ર, ઘરેણાં વગેરે જેટલી વસ્તુઓ વધારો છો તેટલા જ વધારે તમે પરાધીન બનો છો અને જેટલા તમે પરાધીન છો તેટલા જ તમે અપરાધી અને દુઃખી પણ છો.

૩૭૫. વપરાશથી વધારાનું ધન મળે તો કુવ્યસનોમાં ન વેરી નાંખતાં અર્થી–દુઃખી માણસોને જીવાડવામાં વાપરશો.

૩૭૬. અપરાધોથી અવળા ચાલ્યા સિવાય દુઃખ તમને છોડવાનું નથી.

૩૭૭. ગુણ વગરના લોકોની મહેરબાનીથી મોટા બની ફૂલનાર પામર પ્રાણી છે.

૩૭૮. શ્રીમંતોની સોડમાં ભરાઇ મોટાઈનો ડોળ કરનારાઓ ભોગીઓ કરતાં પણ ઉતરતા દરજ્જાના છે.

૩૭૯. પ્રભુનો અજ્ઞાંકિત સાચો ભક્ત ધન–સ્ત્રીમાં આસક્ત પામર પ્રાણિયોની પરવા કરતો નથી.

૩૮૦. શ્રીમંતોના માન–સન્માનના ખાતર ધર્મને વેચી નાંખનાર કંગાલોનો દાસ છે.

૩૮૧. દુનિયા ગમે તેમ કરે તમે દિલગીર થઈ દુઃખી શા માટે થાઓ છો ? તમે સાચું અને સારું કરો.

૩૮૨. પ્રભુના દર્શન કરતાં પણ શ્રીમંતોના દર્શનથી વધુ પ્રસન્ન બની પોતાને કૃતાર્થ માનનાર પ્રભુને મેળવી શકતો નથી.

૩૮૪. ખોટી રીતે બીજાની મિલકત પડાવી લેશો તો કુદરત બીજી રીતે તમારું નુકસાન કરશે.

૩૮૪. વગર મહેનતે ધર્મના નામે પારકું ધન ભોગવનાર ધર્મનો દ્રોહી બની ધનવાન કરતાં પણ વધારે અપરાધી થાય છે.

૩૮૫. દુઃખના દબાણ સિવાય દયાની કિંમત સમજી શકાતી નથી.

૩૮૬. પૈસો બધાયે દુઃખો અને દુર્ગુણોને દાબી દે છે.

૩૮૭. દુનિયાની દીવાલ પર તમારાં અનેક ચિત્રો ચિતરાયાં ને ભૂંસાયાં તો યે હું પણાનો મદ છોડી પ્રભુ સાંભરતા નથી ?

૩૮૮. પ્રભુભક્તિ સિવાયના તમારા જીવનના વ્યાપારનો સરવાળો કરી જુઓ, અંતે શૂન્ય જ આવવાનું.

૩૮૯. જે સંતપણે જગતની બત્રીસીયે ચઢયો નથી તે જન્મ્યો જ નથી.

૩૯૦. પ્રભુતા જોઈતી હોય તો પ્રભુના આશ્રિત બનો.

૩૯૧. ક્ષમા, દયા, નમ્રતા, સરળતા આદિ ગુણો કોઇના આપેલા મળતા નથી, પણ કુદરતી બક્ષીસ છે.

૩૯૨. જેને કોઇ પણ ચહાતું નથી તેનો જન્મ નિરર્થક છે.

૩૯૩. માઠા વિચારો અને બીજાના અવગુણોનો કચરો નાખી મગજને ઉકરડો ન બનાવો.

૩૯૪. પેટ માટે ભલે પરતંત્રતા ભોગવો; પણ મોજશોખ માટે બીજાની ગુલામી કરવી તે મૂર્ખતા છે.

૩૯૫. તમને યશ-કીર્તિ ગમે છે, પણ યશ-કીર્તિના કામ કરનાર માણસ ગમતાં નથી. કેટલી અજ્ઞાનતા !

૩૯૬. તમે પોતાના જ સુખને ન જુઓ; પણ દુઃખોથી ઘવાયલા હૃદયોનું પણ ધ્યાન રાખો.

૩૯૭. અનીતિ તથા અધર્મના પૈસાથી મિષ્ટાન્ન જમનાર કરતાં એઠવાડ વીણી ખાનાર ભિખારી હજાર દરજ્જે સારો છે.

૩૯૮. તમે દુઃખનો સંગ્રહ કર્યા સિવાય બીજાને દુઃખ આપી શકતા નથી.

૩૯૯ બીજાને દુઃખ દેવા પોતે દુઃખી થવું તે અધમતા છે.

૪૦૦. બીજાનું સુખ પોતે લઈને બદલામાં દુઃખ આપવું તે ક્ષુદ્રતા અને દુઃખ લઇને સુખ આપવું તે ઉત્તમતા છે.

૪૦૧. પ્રભુને ન મેળવી લો ત્યાં સુધી નચિંતા ને નકામા નથી.

૪૦૨. થોડું બોલનાર અને થોડું ખાનાર જ સત્યવક્તા અને નિરોગી બની શકે છે.

૪૦૩. સદાચારી બનશો તો સંસારની શેરીઓમાં ભટકવાનું મટી જશે.

૪૦૪. શક્તિના પ્રમાણમાં બીજાને દયા, દાન અને ક્ષમા આપશો; કારણ કે આવતી કાલે તમને એ જ વસ્તુઓની બીજાની પાસે માગણી કરવી પડશે.

૪૦૫. સંપત્તિ અને સુખ તમને ગમે છે તો પછી બીજાની પાસે સુખ–સંપત્તિ જોઈને દિલગીર શા માટે થાઓ છો? ખુશી થાઓ.

૪૦૬. નિરાશ્રિતોને આશ્રય આપશો, તો તમને કદાપિ નિરાશ્રિત બનવાનો પ્રસંગ આવશે નહિ.

૪૦૭. તમે તમારો વિચાર જનતાને જણાવી શકો છો, પણ ફરજિયાત કબૂલાવી શકતા નથી.

૪૦૮. નિર્ધન કંગાલ નથી, પણ અસંતોષી માણસ કંગાલ છે.

૪૦૯. ધન, બળ, રૂપ, વિદ્યા અને ઐશ્વર્યતાના મદનો આફરો ચઢેલો હોય તો, પોતાનાથી વધારે ધન, બળ, રૂપ, વિદ્યા અને ઐશ્વર્યતાવાળાને જોશો કે તરત જ તમારો ચઢેલો આફરો ઉતરી જશે.

૪૧૦. શેર પાણી માય તેવું વાસણ કૂવામાં નાંખો કે દરિયામાં નાખો રતિભાર પણ વધારે પાણી નહિં માય, તેવી જ રીતે કલકત્તે જાઓ કે ગામડામાં જાઓ ભાગ્યથી વધારે એક કોડી પણ નહિ મળે.

૪૧૧. સ્વાર્થ માટે તો સહુ કોઈ નાથ થવા તૈયાર થાય છે; પણ નિઃસ્વાર્થી નાથ તો એક પ્રભુ જ છે.

૪૧૨. તમારી પાસે મોટાઇ નથી, માટે જ તમે બીજાની પાસેથી મોટાઈની આશા રાખો છો અને બીજાને મોટાઇ આપી શકતા નથી.

૪૧૩. જેણે તમને મોટાઇ આપી મોટા બનાવ્યા છે, તે મોટો કે તમે મોટા તેનો કદી વિચાર કર્યો છે ?

૪૧૪. તમે નિર્ગુણી પણ ધનવાનની મોટાઇને વધારે પસંદ કરો છો અને ગુણવાન પણ નિર્ધનની મોટાઈથી મોં મરડો છો, આ તે તમારું કેવું ડહાપણ !

૪૧૫. સરળતા રાખી નમીને ચાલનારને તમે હલકો અને નબળો ગણો છો, તે તમારી જ હલકાઇ અને નબળાઇ જાહેર કરે છે.

૪૧૬. પ્રેમ જોઇતો હોય તો ક્ષમા કરતાં શીખો.

૪૧૭. નમીને ચાલનારનું સહુ કોઇ ભલું ઇચ્છે છે.

૪૧૮. ગર્વથી ગાંડા બનેલાને ખુશામદ બહુ ગમે છે.

૪૧૯. સ્વાર્થ માટે સલામ ભરનારથી ગર્વિત થઇ ફૂલનાર મૂર્ખાનો સરદાર છે.

૪૨૦. ખોટી પ્રશંસા સાંભળી શરમાવાને બદલે ખુશી થનાર ક્ષુદ્ર પ્રાણી છે.

૪૨૧. સંસારમાં આત્મવિકાસી જ્ઞાની પુરુષ જ મોટો કહી શકાય, બાકી તો બહુ બોલનાર પોથીનો પંડિત અજ્ઞાની ક્ષુદ્ર કીટ સમાન છે.

૪૨૨. શોભે તેવી યોગ્ય ઉપમાઓ જ ભૂષણરૂપ છે, બાકી તો અણછાજતી ઉપમાઓ દૂષણરૂપ છે.

૪૨૩. વિકાસી આત્માઓની સંગતથી સાચા સુખનો વિકાસ થાય છે અને વિલાસીઓની સંગતથી વિનાશ જ થાય છે.

૪૨૪. પ્રભુના પ્રેમમાં લગારે પોકળતા નથી, પણ પામર પ્રાણિયોનો પ્રેમ નિઃસાર અને પોકળ હોય છે.

૪૨૫. ક્ષુદ્ર વાસનાઓ ભોગ આપ્યા સિવાય ગુણ મળી શકતા નથી.